ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ-૨

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૮ થી ૧૪ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૦ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત ૨૫૪૯ | વિક્રમ સંવત ૨૦૭૯ | ઈ.સ. ૨૦૨૩ |
| --- | --- | --- |

**પ્રકાશન**

જેઠ સુદ-૫, તા. ૨૪-૫-૨૦૨૩
શ્રુતપંચમી તથા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લાનો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશતિ કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર રહસ્ય**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ

યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો

સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ શ્રી વીર નિર્વાણકલ્યાણક દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તરુંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરૂણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઊપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૭ | ૧૨–૧૨–૧૯૭૧ | ગાથા–૮ | ૦૦૩ |
| ૩૮ | ૧૩–૧૨–૧૯૭૧ | ગાથા–૮ | ૦૧૭ |
| ૩૯ | ૧૪–૧૨–૧૯૭૧ | ગાથા–૯–૧૦ | ૦૩૧ |
| ૪૦ | ૧૫–૧૨–૧૯૭૧ | શ્લોક–૯–૧૦, ૧૧ | ૦૪૪ |
| ૪૧ | ૧૬–૧૨–૧૯૭૧ | ગાથા–૧૧ | ૦૫૮ |
| ૪૨ | ૧૭–૧૨–૧૯૭૧ | ગાથા–૧૧ | ૦૭૧ |
| ૪૩ | ૧૮–૧૨–૧૯૭૧ | ગાથા–૧૧ | ૦૮૩ |
| ૪૪ | ૧૯–૧૨–૧૯૭૧ | ગાથા–૧૧, ૧૨ | ૦૯૬ |
| ૪૫ | ૨૦–૧૨–૧૯૭૧ | ગાથા–૧૨ | ૧૧૨ |
| ૪૬ | ૨૧–૧૨–૧૯૭૧ | ગાથા–૧૨ | ૧૨૫ |
| ૪૭ | ૨૨–૧૨–૧૯૭૧ | ગાથા–૧૨ | ૧૩૭ |
| ૪૮ | ૨૩–૧૨–૧૯૭૧ | ગાથા–૧૨ | ૧૫૧ |
| ૪૯ | ૨૪–૧૨–૧૯૭૧ | ગાથા–૧૨, શ્લોક–૪ | ૧૬૪ |
| ૫૦ | ૨૫–૧૨–૧૯૭૧ | શ્લોક–૪ | ૧૭૯ |
| ૫૧ | ૨૬–૧૨–૧૯૭૧ | શ્લોક–૪ | ૧૯૨ |
| ૫૨ | ૨૭–૧૨–૧૯૭૧ | શ્લોક–૫, ૬ | ૨૦૭ |
| ૫૩ | ૨૮–૧૨–૧૯૭૧ | શ્લોક–૬ | ૨૨૨ |
| ૫૪ | ૨૯–૧૨–૧૯૭૧ | શ્લોક–૬, ૭ | ૨૩૪ |
| ૫૫ | ૩૦–૧૨–૧૯૭૧ | ગાથા–૧૩ | ૨૪૯ |
| ૫૬ | ૩૧–૧૨–૧૯૭૧ | ગાથા–૧૩ | ૨૬૨ |
| ૫૭ | ૦૧–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩ | ૨૭૬ |
| ૫૮ | ૦૨–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩ | ૨૯૦ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૫૯ | ૦૩–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩ | ૩૦૪ |
| ૬૦ | ૦૪–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩, શ્લોક–૮ | ૩૧૮ |
| ૬૧ | ૦૫–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩, શ્લોક–૮ | ૩૩૪ |
| ૬૨ | ૦૬–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩ | ૩૪૭ |
| ૬૩ | ૦૭–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩ | ૩૬૦ |
| ૬૪ | ૦૮–૦૧–૧૯૭૨ | ગાથા–૧૩, શ્લોક–૯–૧૦ | ૩૭૪ |
| ૬૫ | ૦૯–૦૧–૧૯૭૨ | શ્લોક–૧૦ | ૩૮૭ |
| ૬૬ | ૧૦–૦૧–૧૯૭૨ | શ્લોક–૧૦, ગાથા–૧૪ | ૩૯૯ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૨)

## ગાથા-૮

तर्हि परमार्थ एवैको वक्तव्य इति चेत् —

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।
तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।
यथा नापि शक्योऽनार्योनार्यभाषां विना तु ग्राहयितुम्।
तथा व्यवहारेण विना परमार्थोपदेशनमशक्यम्।।८।।

यथा खलु म्लेच्छः स्वस्तीत्यभिहितो सति तथाविधवाच्यवाचक-सम्बन्धावबोधबहिष्कृतत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव तदेतद्भाषासम्बन्धैकार्थज्ञेनान्येन तेनैव वा म्लेच्छभाषां समुदाय स्वस्तिपदस्याविनाशो भवतो भवत्वित्यभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दमयाश्रुझलज्झलल्लोचनपात्रस्तत्प्रतिपद्यत एव; तथा किल

लोकोऽप्यात्मेत्यभिहिते सति यथावस्थितात्मस्वरूपपरिज्ञानबहिष्कृततत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव व्यवहारपरमार्थपथ-प्रस्थापितसम्यग्बोधमहारथरथिनान्येन तेनैव वा व्यवहारपथमास्थाय दर्शनज्ञानचारित्राण्यत-तीत्यात्मेत्यात्मपदस्याभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दान्तःसुन्दरबन्धुरबोध-तरङ्गस्तत्प्रतिपद्यत एव। एवं म्लेच्छस्थानीयत्वाज्जगतो व्यवहारनयोऽपि म्लेच्छभाषा-स्थानीयत्वेन परमार्थप्रतिपादकत्वादुपन्यसनीयः। अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः।

---

હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

શ્લોકાર્થ :- [यथा] જેમ [अनार्यः] અનાર્ય (મ્લેચ્છ) જનને [अनार्यभाषां विना तु] અનાર્યભાષા વિના [ग्राहयितुम्] કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા [न अपि शक्यः] કોઈ સમર્થ નથી [तथा] તેમ [व्यवहारेण विना] વ્યવહાર વિના [परमार्थोपदेशनम्] પરમાર્થનો ઉપદેશ કરવા [अशक्यम्] કોઈ સમર્થ નથી.

ટીકા :- જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા-એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે કે 'સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે; એવી રીતે વ્યવહારીજન પણ 'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે' એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત

**આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે. એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી, અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું-એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.**

**ભાવાર્થ :- લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી-પરમાર્થમાં પહોંચાડે છે એમ સમજવું.**

## માગશર વદ -૧૦, રવિવાર, તા. ૧૨-૧૨-૧૯૭૧
## ગાથા-૮, પ્રવચન-૩૭

સમયસાર સિદ્ધાંત છે. કુંદકુંદાચાર્ય મહારાજ સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં થયા છે. દિગંબર મુનિ. કહે છેને 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.' એ કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ હતા. મહા શાસનના પ્રભાવક નાયક એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં ત્યાં ગયા હતા. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમયસાર, પ્રવચનસાર વગેરે. તો આ સમયસાર ચાલે છે. સાત ગાથા પૂરી થઈ. શું કહ્યું? હવે પ્રશ્ન શિષ્યનો છે.

**'હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો?'** શું કહે છે? પ્રશ્ન એમ છે કે આ આત્મા જ્ઞાયકસ્વરૂપ અભેદ ચિદ્‌ઘન આત્મા છે. એમાં ભેદ નથી અને એમાં પુણ્ય-પાપનો ભાવ જે મલિન અશુદ્ધ છે એ પણ એમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા સિદ્ધ સમાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ દેહમાં ભિન્ન અને પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન છે. કેમકે એ તો પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવતત્ત્વ છે અને એમાં ભેદ નથી. કેમકે એક સમયમાં અખંડ અનંત જ્ઞાન, દર્શન, આનંદનું એકરૂપ આત્મા છે. એમાં ભેદ કરીને દેખાડવું એ તો વ્યવહાર છે. સમજાણું

કાંઈ? આહા..હા..!

જેની દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં દૃષ્ટિનો વિષય તો અભેદ જ્ઞાયક અખંડ આનંદ છે. એમાં ભેદ નથી. ભેદ કરવો એ તો અસત્યાર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ભગવાન આત્મામાં પુણ્ય-પાપનો ભાવ તો અસત્યાર્થ છે, જૂઠો છે, એમાં છે નહિ. પણ એમાં એકરૂપ ચીજમાં ભેદ કરીને બતાવવું એ ભેદ પણ અસત્યાર્થ છે. કેમકે અભેદ ચીજમાં અખંડાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ કરતાં ભેદ માલુમ પડતો નથી, અભેદ માલુમ પડે છે. ઝીણો વિષય છે. અનંતકાળથી એણે ચૈતન્યની ચીજ શું અભેદ છે એની સમ્યગ્દર્શન દૃષ્ટિ કદી કરી નથી. એ સિવાય બધું કર્યું, રાગ-દ્વેષ, રાગાદિ, પુણ્ય-પાપાદિ ભાવ. સમજાણું કાંઈ?

તો કહે છે કે ભગવાન આત્મા. છઠ્ઠી ગાથામાં એમ કહ્યું કે એ તો પ્રમત્ત-અપ્રમત્ત નથી, એકરૂપ જ્ઞાયકભાવ છે. કેમકે પ્રમત્ત-અપ્રમત્તનો ભાવ તો રાગ અને યોગના નિમિત્તથી થનારી વિભાવ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા તો પ્રમત્ત-અપ્રમત્ત વિકલ્પથી, ભાવથી ભિન્ન છે. એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ કહેવામાં આવે છે. ધીરૂભાઈ! આહા..હા..! પછી એકરૂપ ભગવાન આત્મા છે એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો મલિનતા કાઢી પહેલી તો, હવે એમાં અભેદ છે એમાં ભેદ નથી. સમજાણું કાંઈ? એવી ચીજ અખંડ આનંદમૂર્તિ અસ્તિ તત્ત્વ સત્તા એમાં એકતામાં ગુણભેદની અનેકતા અને પર્યાયના ભેદની અનેકતા, એકમાં અનેક તે અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? એવી એકરૂપ ચીજ અંદર છે, અંતર્મુખ, એના ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

તો હવે શિષ્ય પ્રશ્ન કરે છે '**કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ...**' (કરવો જોઈએ). ભેદને તો કાઢી નાખે છે. ભેદનો વ્યવહાર તો કાઢી નાખે છે તો '**પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ;...**' એકલો અભેદ ચૈતન્યમૂર્તિ છે, અખંડ આનંદ છે એવી દૃષ્ટિ કરાવવા માટે પરમાર્થનો ઉપદેશ કરવો. '**વ્યવહાર શા માટે કહો છો?**' એમ શિષ્યનો પ્રશ્ન છે. તમે કહો છો કે પુણ્ય-પાપનો વ્યવહાર અસદ્ભૂત વ્યવહાર પણ એમાં નથી અને એમાં ભેદનો સદ્ભૂત વ્યવહાર પણ એમાં નથી. ઝીણી વાત છે. અનંતકાળથી સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અભેદ ધ્રુવ એ ચીજ એને યથાર્થપણે સાંભળવા મળી નથી. આવ્યુંને પહેલાં? શ્રુત પરિચિત અનુભૂતા. સાંભળી નથી. આહા..હા..! નિજ સ્વરૂપની દૃષ્ટિ વિના જે કાંઈ કરવામાં આવે છે એ ધર્મના નામે પુણ્ય હો, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એ પુણ્ય છે. પુણ્ય છે, ધર્મ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... દેહ તો આ જડ, માટી, અજીવ છે એનાથી તો ભિન્ન જ છે, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા,

કામ, ક્રોધ એવી વૃત્તિ ઉઠે છે એ પણ આસ્રવ મલિન તત્ત્વ છે, ઈ આત્મામાં નથી. સમજાણું કાંઈ? અને આત્મા અખંડ આનંદ આદિ ગુણનો પિંડ એકરૂપ ચીજ છે તો એમાં અભેદમાં ભેદ કરીને દેખાડવું તે અસત્યાર્થ છે. ઝીણી વાત ભારે ભાઈ! સમજાણું કાંઈ? તો શા માટે ભેદ વ્યવહાર કહેવો જોઈએ તમારે? પરમાર્થ કહોને. એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ;...'** વ્યવહારના ઉપદેશની જરૂર નથી. કેમકે વ્યવહારનો ઉપદેશ તો અસત્યાર્થ છે. **'વ્યવહાર શા માટે કહો છો?'** એવી જિજ્ઞાસા જેના હૃદયમાં છે તેના ઉત્તરરૂપ ગાથા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલી જવાબદારી સાંભળનારની છે એમ કહે છે. એટલી અંદરમાં જિજ્ઞાસા છે કે ભગવાન આત્મા સિદ્ધ સમાન સ્વરૂપ અભેદ વસ્તુ એમાં ભેદ પાડીને જોવું એ પણ નથી. એ તો વ્યવહાર થયો, તો વ્યવહારનો ઉપદેશ શું કરવા કહો છો? સમજાણું કાંઈ? આ એનો ઉત્તર જિજ્ઞાસા હોય અંતરમાં (તેને આપવામાં આવે છે). આ ચીજ એવી છે કે વ્યવહાર એમાં નથી અને વ્યવહારનો ઉપદેશ કરો છો તો શા માટે કરો છો? આત્મા દર્શન છે, આત્મા જ્ઞાન છે, આત્મા ત્રિકાળમાં આનંદ અને ચારિત્ર છે એવો ભેદરૂપ વ્યવહાર અભેદમાં કરવાથી અસત્યાર્થ કહો છો, તો વ્યવહારનો ઉપદેશ શા માટે કરો છો? નિશ્ચયનો ઉપદેશ કરો. એમ શિષ્યનો પ્રશ્ન છે. એના ઉત્તરરૂપ ગાથા કહે છે. સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ!

ધર્મ ઝીણો છે. કોઈ બાહ્ય ક્રિયાકાંડથી ધર્મ થઈ જાય (એવો નથી), ધર્મ સૂક્ષ્મ ચીજ છે. 'અનંતબૈર મુનિવ્રત ધાર' આવ્યુંને? એ છઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધાર દિગંબર મુનિ થયો, અઠ્યાવીશ મૂળગુણ લીધા, પંચ મહાવ્રત લીધા, પંચ મહાવ્રત પાળ્યા પણ આત્મજ્ઞાન રાગરહિત, વિકલ્પરહિત અખંડ આત્માનું જ્ઞાન અને અનુભવ વિના બધું નિરર્થક ગયું. સમજાણું કાંઈ? એમાં કોઈ ચૈતન્યના લાભનો ભાવ નથી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા) એ તો રાગ છે, વિકલ્પ છે. એમાં તો એમ કહ્યું કે અનંતવાર ગ્રૈવેયક ગયો પણ આતમજ્ઞાન બિન સુખ ન પાયા. એનો અર્થ શું થયો? પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ સુખ નથી, એ તો દુઃખ છે, આસ્રવ છે, રાગ છે. સમજાણું કાંઈ? એ રાગરહિત પોતાની ચીજ સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ, પરમાત્માએ જેવી અંદર ચીજ દેખી એવી ચીજનો અનુભવ અને સમ્યગ્દર્શન વિના તેને સુખનો અનુભવ કદી થતો નથી. એ વિના બધી ક્રિયાકાંડમાં રાગ છે અને રાગ એ દુઃખ છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

એ ઉપદેશ શા માટે કહો છો? વ્યવહાર શું કામ સમજાવો છો? વ્યવહારમાં લાભ નથી તો સમજાવો છો શું કામ? નિશ્ચયમાં લાભ છે તો નિશ્ચયનો ઉપદેશ આપો. એમ શિષ્યનો

પ્રશ્ન છે. એનો ઉત્તર. ૮મી ગાથા. હિન્દી છેને હિન્દી પુસ્તક લીધુંને?

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।**

નીચે હરિગીત છે. ઉપર શ્લોક છે, નીચે હરિગીત છે.

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

મૂળ શ્લોક કુંદકુંદાચાર્ય ભગવાનનો છે. કુંદકુંદાચાર્ય મુનિ એમના શ્લોક છે. નીચે હરિગીત બનાવ્યું છે એનો શબ્દાર્થ લખીને. એની ટીકા. કહે છે કે ભાઈ સાંભળ! વ્યવહાર શા માટે બતાવવો જોઈએ? કે વ્યવહાર નિશ્ચયને બતાવે છે, વ્યવહાર પરમાર્થને બતાવે છે. વ્યવહાર વ્યવહારને બતાવે છે એમ નથી. આહા..હા..! ઈ કહે છે.

'**ટીકા :- જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ...**' કોઈ મ્લેચ્છ-મ્લેચ્છ. મ્લેચ્છની વસ્તી હોય, નગર હોય ત્યાં બ્રાહ્મણ ગયો, મુનિ ગયા. ''**સ્વસ્તિ' એવો શબ્દ કહે છે...**' સ્વસ્તિ. ઓલો મ્લેચ્છ તો સમજે નહિ સ્વસ્તિનો અર્થ. આ શું કહે છે? બ્રાહ્મણ કે કોઈ યતિ-મુનિ. આનંદઘન સ્વરૂપમાં રમનારા, સંત દિગંબર મુનિ કોઈ મ્લેચ્છની વસ્તીમાં ગયા. નમસ્કાર કર્યા. સ્વસ્તિ. ''**સ્વસ્તિ' એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક...**' સંબંધને નહિ જાણતો હોવાથી. આ સ્વસ્તિ શું કહે છે? સ્વસ્તિનો અર્થ છે અવિનાશી, અવિનાશી હો. તારું કલ્યાણ અવિનાશી થાઓ. તો સ્વસ્તિનું વાચ્યવાચક. સ્વસ્તિ શબ્દ વાચક છે અને એનો અર્થ વાચ્ય અવિનાશી તારું કલ્યાણ છે. એવો સ્વસ્તિનો અર્થ થાય છે. એ સંબંધને નહિ જાણતો હોવાથી. શું કહે છે આ? જેમ ગ્રીક લેટીનની ભાષા આવે તો ગુજરાતી સમજે નહિ કાંઈ. શું કહે છે આ? એમ અનાર્ય પ્રાણી મ્લેચ્છ લોકો સ્વસ્તિનો અર્થ નહિ સમજતાં '**કાંઈ પણ ન સમજતાં...**' એમ. કાંઈ પણ સમજે નહિ. આ શું કહે છે?

'**બ્રાહ્મણની સામે મેંઢાની જેમ...**' ઘેટાં ઘેટાં હોય છેને—મેંઢા? આમ ટગટગ ટગટગ '**આંખો ફાડીને ટગટગ...**' આંખો ફાડીને જોવે છે (કે) આ શું કહે છે? એટલી વાત છે કે એ સ્વસ્તિ કહ્યું તોપણ એને ક્લેશ ન થયો, એનો અનાદર ન થયો. આ શું કહે છે? સ્વસ્તિ-સ્વસ્તિ અમે તો કાંઈ સમજતા નથી. '**આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા—એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને...**' બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને. '**તેને સમજાવે છે કે 'સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો છે...**' ઓહો! એમ કહો છો તમે? સ્વસ્તિનો અર્થ એમ કહો છો? મ્લેચ્છની ભાષામાં સમજાવ્યું. તારું અવિનાશી કલ્યાણ થાઓ. સ્વસ્તિનો અર્થ તો અવિનાશી એટલું જ છેને.

..માટે નથી લીધું. સ્વસ્તિ. અહીં અવિનાશી કર્યું છે. સ્વસ્તિનો અર્થ અવિનાશી કર્યો છે. જયચંદ્ર પંડિતે. અવિનાશી એટલું જ. જયચંદ્ર પંડિત. પંડિત શું (જયસેન) આચાર્યમાં. સુ-અસ્તિ—ભલું થાઓ. પેલો સ્વસ્તિનો અર્થ સમજે નહિ. સ્વસ્તિ કહેનારો બીજો પુરુષ મ્લેચ્છને સમજાવે છે કે તારું અવિનાશી કલ્યાણ થાઓ **'ત્યારે તુરત જ ઉત્પન્ન થતા...'** આહા..! મને બહુ જ સારું કહ્યું. તારું કલ્યાણ થાઓ એમ કહ્યું. પહેલાં સ્વસ્તિને સમજ્યો નહિ. તો **'અત્યંત આનંદમય આંસુઓથી જેના નેત્રો ભરાઈ જાય છે...'** આંખમાં હરખના આંસુ આવ્યા મ્લેચ્છને, હરખના આંસુ આવ્યા. ઓહો..હો..! આવી વાત! **'એવો તે મ્લેચ્છ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે;...'** એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત.

**'એવી રીતે વ્યવહારીજન...'** અજ્ઞાની અનાદિનો પ્રાણી મ્લેચ્છની જેમ **''આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં...'** મુનિઓએ કહ્યું કે આત્મા, આત્મા. શું કહે છે આત્મા? આત્મા શું કહો છો એ મને સમજાતું નથી. જુઓ, **''આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી...'** આત્માનો શબ્દ વાચક, એનું વાચ્ય આત્મા એનું જ્ઞાન નહિ હોવાથી **'કાંઈ પણ ન સમજતાં...'** કાંઈ સમજ્યો નહિ. સમજાણું નહિ. **'મેંઢાની જેમ આંખો ફાડીને...'** આંખ આમ ટગટગ. સમજાણું કાંઈ? આત્મા કહે છે, આત્મા કહે છે આ શું કહે છે? **'આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે,...'** બરાબર આમ આંખ ... જોવે છે, આ શું કહે છે? જુઓ એની પાત્રતા! આત્મા સમજવાની પાત્રતાવાળો 'આત્મા' શબ્દ જ્યારે કાને પડ્યો, તો આત્મા શું છે? આ શું કહે છે? એમ વિનયથી આંખો ફાડીને જોવે છે. એમ ન કહ્યું કે આ આત્મા-આત્મા કરે છે પણ મને સમજાય એવું કંઈ કહેતા નથી. અમને સમજાય એવું તો કહેતા નથી અને આત્મા-આત્મા કરે છે. એમ નથી કહ્યું. શું કહે છે આ?

**'ટગટગ જોઈ જ રહે છે,...'** બરાબર સામું જોઈને જોઈ રહે છે કે શું કહે છે આત્મા આત્મા શું ચીજ છે? આહા..હા..! સાંભળનારની યોગ્યતા બતાવે છે. સમજાણું કાંઈ? આત્મા, ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે જે કહ્યો એવા આત્માને સમજનારની યોગ્યતા એવી છે કે આત્મા શબ્દ સમજીને, શબ્દ આવ્યો, પણ અર્થ સમજ્યો નહિ તો બરાબર લક્ષ કરીને શું કહે છે? આ શું કહે છે? એમ વિનયથી તેની સન્મુખ જોઈને, દૃષ્ટિ લગાવીને જોઈ જ રહે છે. એ આવ્યુંને જુઓ, **'જોઈ જ રહે છે,...'** આ તો કાંઈ કહે છે એ અમને સમજાતું નથી, છોડી દ્યો એમ નથી. સમજાણું કાંઈ? કહે છેને કે ધર્મની વાત બહુ સૂક્ષ્મ કરે છે. પણ એ ધર્મની વાત સૂક્ષ્મ જ છે. સાંભળ તો ખરો. આ તો જડ, માટી, ધૂળ છે, અજીવ છે અને અંદરમાં પુણ્ય-પાપના ભાવ શુભ-અશુભ થાય છે એ તો આસ્રવ છે. સમજાણું કાંઈ? આત્મા તો આસ્રવ અને અજીવ તત્ત્વથી ભિન્ન છે. નવ તત્ત્વ છે તો તેથી ભિન્ન છે. ભગવાન

અંદર ચિદાનંદ ચૈતન્યપૂંજ આત્મા એ પુણ્ય-પાપના આસ્રવથી ભિન્ન છે. આ શું કહે છે? આ કહે છે એનો અનાદર નથી કરતો. સમજાણું કાંઈ? એ શું કહે છે એમ સમજવાની એની જિજ્ઞાસા છે. સમજાણું કાંઈ? શબ્દના અર્થને સમજી જાય છે.

'**તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં...**' '**પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનારા સારથી સમાન...**' સંત મળ્યા. જેને નિશ્ચયનું પણ ભાન છે, ઉપદેશ દેનારા મ્લેચ્છને સમજાવનાર એને નિશ્ચયનું પણ ભાન છે, પરમાર્થનું પણ ભાન છે કે ભગવાન આત્મા રાગથી રહિત, ભેદથી રહિત છે એવું પણ ભાન છે અને વ્યવહારમાં સમજાવવા માટે આવે છે. એને સમજાવવું છે તો આવે છે કે જો ભાઈ! તને આત્મા કહ્યો, પણ અમે તને વ્યવહારથી સમજાવીએ છીએ. એમ એ પણ વિકલ્પ આવ્યો છે અને વ્યવહારમાં આવ્યા છે. '**વ્યવહાર-પરમાર્થ માર્ગ પર...**' પહેલો વ્યવહાર શબ્દ લીધો છે. પાઠમાં એમ છેને. વ્યવહાર-પરમાર્થ છેલ્લી છેલ્લી (લીટી). '**व्यवहारपरमार्थपथप्रस्थापितसम्यग्बोधमहारथरथि**' શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! વાસ્તવિક આત્મા ચીજ શું છે એ એણે કદી સાંભળ્યું નથી, સમજ્યો નથી, ભાન કર્યું નથી અને એ ભાન વિના, આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન વિના, આત્માના આનંદના અનુભવ વિના, જે કાંઈ કરવામાં આવે છે એ બધું ધર્મના નામે હોય તો પુણ્ય બંધાય છે, પુણ્ય બંધાય છે. એમાં મોક્ષમાર્ગનો અંશ પણ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે એ પરમાર્થમાં...

મુમુક્ષુ :- અમને સમજાયું નહિ.

ઉત્તર :- એ કહે છે કે અનાદિકાળથી આત્મદર્શન, સમ્યગ્દર્શન વિના આત્મા રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન છે એવા અનુભવ વિના (પરિભ્રમણ કર્યું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ... નહિ.. એ વાત પછી. એ સંયમ-બંયમ સમ્યગ્દર્શન વિના હોતો નથી. સમ્યગ્દર્શન વિના સંયમ ક્યાંથી આવ્યો? સમ્યગ્દર્શન તો ચોથે ગુણસ્થાને થાય છે અને સંયમ તો પાંચમે-છઠ્ઠે થાય છે. હજી સમ્યગ્દર્શનનું ભાન નથી અને સંયમ ક્યાંથી આવ્યો? એ જરી ઝીણી વાત છે. એ વર્તમાન ચાલે છે એનાથી જુદી વાત છે આ. સંયમ એની સાથે. સંયમ-સમ્યક્ પ્રકારે આત્માનુભવ થાય, પછી યમ નામ લીનતા થાય છે એનું નામ સંયમ છે. સમ્યગ્દર્શન વિના સંયમ કેવો? આત્માનું તો ભાન નથી, ક્રિયાકાંડ અને વ્રત, નિયમ પાળે એ સંયમ નથી, એ તો અસંયમ છે અને એને સંયમ માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ચાલે છેને આખી દુનિયામાં અત્યારે, આખો પ્રવાહ જ એ છે. એ માટે અહીં કહે છે પહેલાં. રાગની મંદતા તો પહેલા દર્શન લીધુંને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ તો વ્રત હતા, પણ એ તો રાગ છે. એનું નામ સંયમ. સંયમ કે દિ' થયો? અનંતવાર

પંચ મહાવ્રત લીધા, અનંતવાર અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, નવમી ગ્રૈવેયક ગયો ૩૧ સાગરની સ્થિતિએ, તોપણ મિથ્યાદષ્ટિ રહ્યો. કેમકે એ રાગની ક્રિયાથી ભિન્ન મારી ચીજ છે એવું સમ્યગ્દર્શન થયા વિના, સમ્યગ્જ્ઞાનને અંદર ધારણ કર્યા વિના એ વ્રત ને તપ બધા એકડા... શું કહેવાય છે? એક વિનાની શૂન્ય, શૂન્ય છે. એ તો પહેલાં કહ્યું. આહા..હા..!

અરે..! અને સમ્યગ્દર્શન થયું શ્રેણિક રાજાને. આત્માનો અનુભવ થયો. સંયમ ન લઈ શક્યા, તોપણ તીર્થંકરગોત્ર બાંધીને ભવિષ્યમાં તીર્થંકર થશે. સાંભળ્યું છે કે નહિ? ભાઈ! નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું તો નરકમાં જાવું પડ્યું, પણ સમ્યગ્દર્શન આત્માનો અનુભવ (હતો). દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન ચીજ છે. એ તો આસ્રવ છે. એનાથી ભિન્નનો અનુભવ થયો, ક્ષાયિક સમકિત થયું અને સમવસરણમાં ભગવાનની સમીપમાં શુભ વિકલ્પ આવ્યો તો તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. સમકિતી હતા તો. સમ્યક્ વિના તીર્થંકરગોત્ર બંધાતું નથી. એ નરકમાં ગયા, સંયમ નહોતો, ચારિત્ર નહોતું, પણ નરકમાં ગયા પણ સમ્યગ્દર્શનના પ્રતાપે ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. આગામી ચોવીસીમાં તીર્થંકર થઈને મોક્ષ જશે અને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. સમ્યગ્દર્શન વિના અનુભવ વિના, પંચ મહાવ્રત લીધા તો નવમી ગ્રૈવેયક જઈને સ્વર્ગમાં ગયો, ત્યાંથી નીકળીને મનુષ્ય થયો, ઢોર-પશુ થઈને નરકમાં ગયો. સમજાણું કાંઈ? ચીજ એવી છે. દુનિયાને બાહ્ય ત્યાગનો એટલો મહિમા છે કે જેને આત્મા શું ચીજ છે એની ખબર નથી. ઈ અહીંયાં આચાર્ય કહે છે.

મુમુક્ષુ :- સાંભળવું પણ ગમતું નથી.

ઉત્તર :- ના, ના. રુચતું નથી. એનું કારણ બહારનો ત્યાગ કરે, સંયમ કરે, વ્રત પાળે તો સમકિત થાય, વ્રત પાળે તો સમકિત થાય (એમ મનાવવું છે). વ્રત તો રાગ છે, વ્રત તો છે નહિ.

હજી નિશ્ચયથી આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી અને શરીરથી, અજીવથી તત્ત્વ ભિન્ન છે. એવો તત્ત્વનો અનુભવ થયા વિના, સમ્યગ્દર્શન થયા વિના જન્મ-મરણનો એક પણ આંટો મટતો નથી. લાખ સંયમ પાળે બહારના મિથ્યાત્વસહિત એ સંયમ હતો કે દિ'? સં-યમ છે શબ્દમાં. તો 'સં'નો અર્થ શું? સમ્યગ્દર્શન આત્માના અનુભવસહિત સ્વરૂપમાં લીનતા થવી એનું નામ સંયમ છે. હવે આત્માની તો ખબર નથી, સંયમ ક્યાંથી આવ્યો? કહો, સમજાણું કાંઈ? લોકોમાં અત્યારે એ જ મિથ્યાત્વની જ વાત ચાલી છે આખી. બહાર પ્રવૃત્તિ છોડે, .. બેસે, લૂગડા ફેરવે જાણે થઈ ગયો સંયમ. ધૂળેય સંયમ નથી. હજી સમ્યગ્દર્શનની ખબર નથી શું ચીજ છે? એ કહે છે અહીંયાં.

**'વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં**

**રહીને...**' જુઓ, વ્યવહાર એટલે વિકલ્પ આવ્યો. સમજાવવાનો વિકલ્પ આવ્યો એ વ્યવહાર છે. એ આત્માનો અર્થ સમજતા નથી. શું કહે છે આ? સાંભળ ભાઈ! આત્મા શબ્દનો એ અર્થ કર્યો કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે...**' લ્યો આવ્યું. હવે આ વ્યવહાર. અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણ ભેદને પ્રાપ્ત કરે અભેદ એ આત્મા. આહા..હા..! સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. છ ઢાળામાં બહુ આવે છે. પણ ક્યાં કોઈને વાંચન ન મળે, એના અર્થની ખબર ન મળે અને બહારની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા અને માને કે અમે સંયમી છીએ. એકડા વિનાના મીંડા છે. એકડા વિનાના મીંડા. સમજાય છે કાંઈ? આહા..હા..!

રત્નકરંડ શ્રાવકાચારમાં તો કહ્યું છે કે સમ્યગ્દષ્ટિ હોય ગૃહસ્થી તોપણ મોક્ષમાર્ગમાં છે અને મિથ્યાદષ્ટિ રાગને ધર્મ માનનારા અણગાર મુનિ છે તોપણ તે સંસારી છે. મોહી છે. ગૃહસ્થો મોક્ખમગ્ગો આવે છે કે નહિ? ગૃહસ્થાશ્રમમાં પણ, આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્માના અનુભવની દૃષ્ટિ હોય તોપણ એ ગૃહસ્થાશ્રમમાં રહેનારો મોક્ષમાર્ગી છે, પણ રાગની ક્રિયા મારી છે અને પુણ્યથી મને ધર્મ થશે એમ માનનારા અણગાર પણ મિથ્યાદષ્ટિ મોહી છે. રત્નકરંડ શ્રાવકાચારમાં (આવે છે). આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે આચાર્ય. કુંદકુંદાચાર્ય કહે છે કે વસ્તુ જે આત્મા છે અખંડ આનંદમૂર્તિ એવો આત્મા કહેવાથી એને સમજાણું નહિ. ભેદ પાડીને બતાવવું, બસ, આટલો વ્યવહાર છે. ભેદ પાડીને બતાવવું એ વ્યવહાર છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર વ્યવહારને બતાવે છે એમ નહિ. આ દર્શન છે, જ્ઞાન છે, ઈ હોં! રાગની ક્રિયાથી આત્મા મળે છે એ તો વાત અહીંયાં છે જ નહિ. એવી તત્ત્વની સ્થિતિ છે જ નહિ. પણ એ આત્મા અખંડાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' એ આવે છે.

**ચેતનરૂપ અનૂપ અમૂરતિ,**
**સિદ્ધ સમાન સદા પદ મેરો,**
**મોહ મહાતમ આતમ અંગ,**
**કિયો પરસંગ મહાતમ ઘેરૌ,**

આવે છેને?

**જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,**
**કહૌં ગુન નાટક આગમકેરૌ.**
**જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,**
**વેગિ મિટૈ ભવવાસ બસેરૌ. ૧૧.**

હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન હું છું. મારામાં પુણ્ય નથી, પાપ પણ નથી,

ભેદ પણ નથી, શરીર નથી, કર્મ પણ નથી એવી અંતરમાં અનુભવની દૃષ્ટિ થઈ એનું નામ જ્ઞાનકળા કહેવામાં આવે છે. એકલા શાસ્ત્ર-બાસ્ત્ર ભણે અને જ્ઞાન છે એ જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? એકલી વ્રતાદિ નિયમની ક્રિયા કરે એ પણ સંયમ નથી. એમ એકલા શાસ્ત્ર ભણે એ પણ જ્ઞાન નથી. શાસ્ત્ર ભણીને વાતું (કરે) પણ આત્મા અંદરમાં રાગ અને વિકલ્પથી ભિન્ન છે એવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી કદી થતી નથી. પંડિતજી!

કહે છે '**વ્યવહારમાર્ગમાં રહીને...**' હોં! રહે એટલે વિકલ્પ ઉઠ્યો છે સમજાવવાનો. ''**આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે...**' ભગવાન! સાંભળ કહે છે, અમે આત્મા કોને કહીએ છીએ. રાગનો કર્તા આત્મા, વ્યવહારનો કર્તા આત્મા એમ નથી કહ્યું, ભાઈ! આત્મા એવો નથી. ફક્ત એને સમજાવવું છે, જો ભાઈ! સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એને પ્રાપ્ત હોય તે અભેદ આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? અલૌકિક વાત છે, ભાઈ! અનંતકાળમાં કદી કરી જ નથી. અપૂર્વ ચીજ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન તો ખેવટીયા છે. આવે છેને એ, રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે. વહાણને ચલાવનારો. ખેવટીયા કહે છેને? શું કહે છે? નાવિક-નાવિક. નાવિક છે. સમ્યગ્દર્શન ચીજ આખી નાવિક છે. આખા આત્માને ચલાવે છે. સમજાણું કાંઈ?

જેમ અગ્નિમાં ત્રણ ગુણ મુખ્ય છે. અગ્નિ. આમાં આપ્યું છેને જયસેનાચાર્યમાં સાતમી ગાથામાં. અગ્નિમાં પાચક, દાહક અને પ્રકાશક એવા મુખ્ય ગુણ છે. એમ ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ મુખ્ય છે. તો સમ્યગ્દર્શનનો અર્થ શું? કે સમ્યગ્દર્શન, જેમ અગ્નિમાં પાચક છે, દાણો પાકે છે, અગ્નિથી શેકાયને દાણો. રાંધે છેને. સમ્યગ્દર્શન આખા પૂર્ણાનંદ પ્રભુને પચાવે છે. હું તો પૂર્ણ શુદ્ધ આનંદકંદ છું. વિકલ્પની ક્રિયા પણ મારી નથી, એ આસ્રવતત્ત્વ છે. આહા..હા..! એવા સમ્યગ્દર્શનમાં આત્માને પચાવવાની—પૂર્ણ છે એવી પ્રતીત કરવાની—સમ્યગ્દર્શનમાં તાકાત છે. સમજાણું કાંઈ?

ઈ અહીં કહ્યું જુઓ, તું તો ભગવાન આત્મા છે, ભાઈ! કેવો? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હો એવો. તું રાગને પ્રાપ્ત કરે, પુણ્યને પ્રાપ્ત કરે, દેહની ક્રિયાને પ્રાપ્ત કરે એ તો જડ છે, એની અહીંયા વાત નથી. આહા..હા..! અંતરમાં પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર કહે છે એવો. અજ્ઞાનીઓએ કહ્યો એ આત્મા નહિ. ભગવાન વીતરાગ સિવાય જે આત્માની વાત કરે છે અજ્ઞાનીઓએ, એ આત્મા છે જ નહિ, એની ખબર નથી એને. વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એણે જે આત્મા કહ્યો, અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ. અસંખ્ય પ્રદેશી છે. અનંત ગુણ છે એમાં. એ અનંત ગુણનો અસંખ્યપ્રદેશી એકરૂપ. એકરૂપ બતાવવા માટે આ વ્યવહાર આવે છે. સમજાવવા માટે વ્યવહાર આવે છે. વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય

છે એને માટે વ્યવહાર આવે છે એમ નથી. આહા..હા..! વ્યવહારનો અર્થ સમજાવવું. જો ભાઈ! આ ચીજ છેને અંદર. તારો આત્મા જે મોજૂદ સત્તા છે એ તો દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત અતતી ગચ્છતી છેને? એ આત્મા પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત છે તે આત્મા. એમ ભેદથી સમજાવવામાં આવ્યું છે, પણ ભેદ અનુકરણ કરવાલાયક નથી. ઈ કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય...'** જોયું! હંમેશા પ્રાપ્ત હોય. જેમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એવો આત્મા **'તુરત જ ઉત્પન્ન થતાં...'** આવો આત્મા સાંભળ્યો. પાત્રતા જુઓ સાંભળનારની. આહા..હા..! બિલકુલ પક્ષપાત વિના સાંભળે છે. સર્વજ્ઞ પરમાત્મા આત્મા કોને કહે છે ઈ. ગુરુ કહે છે કે સાંભળ અંદર. શરીરને પ્રાપ્ત હોય અને શરીરની ક્રિયા કરે એ આત્મા ત્રણકાળમાં નથી અને દયા, દાનના, વ્રતના પરિણામને પ્રાપ્ત હોય એ આત્મા? ત્રણકાળમાં નથી. એ તો આસ્રવ છે. આસ્રવને પ્રાપ્ત કરે એ આત્મા? સમજાણું કાંઈ? અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને પ્રાપ્ત હોય એ અભેદ આત્મા. એવું જ્યાં સાંભળ્યું, અનંતકાળમાં આવી વાત અંતરમાં સાંભળવા મળી નહોતી. સાંભળનારો પણ આમ ટગટગ લગાવી સાંભળી છે એમ કહ્યુંને? આમ. બરાબર નજર રાખીને શું કહે છે? શું કહે છે? એના અભિપ્રાય સમજવાનો લક્ષ છે. આહા..હા..!

એવું સાંભળ્યું (ત્યાં) **'તુરત જ ઉત્પન્ન થતા...'** આહા..હા..! ભાષા જુઓ, ભાઈ! ભગવાન! તારી ચીજ અંદરમાં અનંતગુણનો સાગર છે. આહા..હા..! અને એ એકરૂપ ચીજ છે. એ એકને પ્રાપ્ત હો, ત્રણથી એકને પ્રાપ્ત હોય અથવા એ આત્મા ત્રણને પ્રાપ્ત હોય એટલું ભેદથી બતાવ્યું. ભેદથી બતાવ્યું અને જ્યાં સાંભળ્યું એણે ઓહો..! આ આત્મા. એવી આત્મા ઉપર દૃષ્ટિ પડતા, કહે છે કે **'તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદ...'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં આત્માનો અતીન્દ્રિય આનંદ આવે છે. એમ સમ્યગ્દર્શન (એટલે) ભગવાનને માનો કે સાચા છે, સાચા નવ તત્ત્વને માનો, એમ નથી. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ! અંદરમાં લખ્યું છે. એ આત્મા છે, ત્યારે તુરત જ.. એકદમ પાત્ર છે. ઓહો..હો..!

**'ઉત્પન્ન થતા અત્યંત આનંદ...'** જેમ મ્લેચ્છ ભાષામાં સ્વસ્તિ સાંભળીને આંખમાં આનંદના હરખના આંસુ આવ્યા. આ આત્માનો આનંદ આવ્યો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે સાંભળ્યું સંત પાસે. નિશ્ચય અને વ્યવહારમાં રહેલા. નિશ્ચય તો છે આનંદનો અનુભવ, પણ વિકલ્પ આવ્યો અને સમજાવવામાં આવ્યા છે. વ્યવહારમાં આવીને. જુઓ, કેવળી નથી લીધા ભાઈ! છદ્મસ્થ છેને અત્યારે તો. આહા..હા..! કેવળીને તો કાંઈ છે નહિ. કેવળીને તો વિકલ્પ પણ નથી. એ તો પૂર્ણાનંદ છે. એને તો ૐ ધ્વનિ નીકળે છે. કેવળીને કોઈ વ્યવહારમાં આવવું અને વિકલ્પ છે એવું નથી. ૐ ધ્વનિ, દિવ્યધ્વનિ ઇચ્છા

વિના નીકળે છે. તો એની વાત અહીંયા નથી લીધી. અહીંયાં અત્યારે નથી.

અહીંયા તો મુનિ અને ધર્માત્મા આવા છે એ બીજાને સમજાવે છે. આહા..હા..! એમ પણ લીધું કે જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે અને પોતાના નિશ્ચયના અનુભવમાં છે અને એ વિકલ્પમાં આવે છે એમ અહીંયાં લીધું છે. આહા..હા..! એનો અર્થ એ થયો (કે) અજ્ઞાનીનો ઉપદેશ નિમિત્ત હોઈ શકે નહિ. આહા..હા..! ગજબ વાત છેને! જુઓ! કેટલી વાત કહે છે! આ તો દિગંબર સંત છે. કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આ ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત નવસો વર્ષ પહેલાં જંગલમાં વસનારા, આત્માના આનંદમાં ઝૂલનારા છઠ્ઠે સાતમે ગુણસ્થાન. સાચા મુનિ હોય એને તો ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું ગુણસ્થાન આનંદકંદમાં ઝૂલે છે એ તો. આહા..હા..! જેને નિંદ્રા પણ એક સેકન્ડ, પોણી સેકન્ડ આવે છે. એવી દશા સાચા મુનિની હોય છે. એવા આત્મામાં જેને ત્રણ કષાયનો અભાવ થયો એવા મુનિ વિકલ્પમાં આવીને ભેદથી સમજાવે છે. આહા..હા..!

ત્યારે સાંભળનારને 'તુરત જ...' ઓહો..હો..! ભાષા જુઓને. ઓલામાં કીધુંને, પ્રમાણ કરજે. અહીં પણ (કહ્યું) સાંભળીને તત્કાળ. શૈલી જ એવી, દિગંબર સંતોની વાત જ અલૌકિક છે! આવી વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? એક શબ્દમાં કેટલું ભર્યું છે! ... એમ નથી કહ્યું એને કે જો ભાઈ આત્મા કર્મથી બંધાય છે અને જ્ઞાનાવરણીયથી રખડે છે, આમ ને તેમ. એમ નથી. ઈ આત્મા જ નથી. કર્મના સંબંધે જે પરિણામ થાય છે અને એ પરિણામની સાથે નિમિત્ત કર્મનું છે એ કોઈ આત્મા નથી. આહા..હા..!

અહીંયાં તો એણે એટલું સંભળાવ્યું, ભગવાન! તારો આત્મા જે છેને વસ્તુ અંદર એ દર્શન-જ્ઞાનચારિત્રના ભેદથી અભેદને પ્રાપ્ત થાય એ આત્મા. આહા..હા..! એવું જ્યાં સાંભળ્યું, સાંભળીને તદ્દન નિષ્પક્ષ હતો (એટલે) એકદમ અંદરમાં ઊતરી ગયો. સમજાણું કાંઈ? અખંડ આનંદમૂર્તિ પ્રભુ એની અંતરમાં અભેદ દૃષ્ટિ થઈ, ભેદનું લક્ષ છોડીને, એનું અનુકરણ નહિ કરતાં અભેદનું અનુકરણ કર્યું. આહા..હા..! જૈનદર્શનનું સમકિત બાપા! અને બીજે તો છે જ નહિને ક્યાંય. સમજાણું કાંઈ? દિગંબરદર્શન સિવાય ક્યાંય બીજે સત્ય વાત છે જ નહિ, ક્યાંય નથી. જૈનના નામ ધરાવનારા સંપ્રદાય છેને શ્વેતાંબર ને સ્થાનકવાસી એમાં આ ચીજ છે જ નહિ. એ તો બધા કલ્પિત (શાસ્ત્ર) બનાવ્યા છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરની દિવ્યધ્વનીથી પરંપરાથી ચાલ્યા આવતા આ શાસ્ત્રો છે. પરમાગમ થાય છેને, સાંભળ્યુંને ભાઈ! પરમાગમ (મંદિર અહીંયા) થાય છે એ સાંભળ્યુંને? આ બધા શાસ્ત્રો સંગેમરમરમાં કોતરાશે. સંગેમરમર. આ સમયસાર આદિની ટીકા બધી સંગેમરમરમાં લખાશે. સમજાણું કાંઈ? સનાતન જિનવાણી આ છે. વીતરાગે કહેલી આ

જિનવાણી છે. આવી જિનવાણી બીજે છે નહિ. સમજાણું કાંઈ? કહે છે.. ઘણું ઘણું ભર્યું હોં! નિશ્ચયમાં છે, પણ વિકલ્પ સમજાવવા માટે શુભરાગ થયો. આહા..હા..! માને છે ઈ, સમજાવવા માટે (બહાર) આવ્યા છે પણ માને છે કે વિકલ્પ બંધનું કારણ છે, પણ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! સમજાવવાનો વિકલ્પ પણ બંધનું કારણ છે. રાગ છે. વીતરાગ માર્ગમાં રાગની કોઈ મદદ નથી. આહા..હા..!

કહે છે કે જેને તુરત જ જ્યારે સાંભળ્યું ત્યારે. આહા..હા..! '**તુરત જ ઉત્પન્ન થતા...**' અંદરમાં વીજળીનો કરંટ જેમ નીચે ઉતરી જાય છે એમ (સંભળાવનાર) કહે છે, ભાઈ! તારો અંદર આત્મા છેને. સાંભળનારને કહે છે, તારી ચીજ અંતરમાં છે, અંતર્મુખમાં છે, બહિર્મુખ નથી. એક સમયની પર્યાયમાં પણ આખો આત્મા આવતો નથી, તો રાગમાં તો ક્યાંથી આવે? આહા..હા..! આવી વાતને સાંભળે છે અને અંતરમાં ઊતરી ગયો. વીજળીના કરંટની પેઠે ફટ અંદર ગયો. આહા..હા..! ફટને હિન્દીમાં શું કહે છે? તત્કાળ. અમારી ગુજરાતી ભાષા છેને. સમજાણું કાંઈ? તત્કાળ.

અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. પદ્ય. '**प्रतिपाद्यते तदा सद्य**' વચ્ચે છે બીજી લીટી. ૨૧ પાને છે સંસ્કૃત. ૨૧ પાને સંસ્કૃતમાં છે. આ હિન્દીમાં હોં! તમારે ગુજરાતીમાં જુદું હશે. '**सद्य**' એકદમ સાંભળ્યું કે ઓહો..! તારો આત્મા તો નિર્વિકલ્પ અખંડાનંદ છે. ભેદ પાડીને તો તને સમજાવે છે, પણ તને સમજવાનો જે વિકલ્પ છે એ પણ ભેદથી છે. એ વિકલ્પથી તું વિચારે છે કે આ આત્મા આ દર્શન ને જ્ઞાન ને ચારિત્ર (રૂપ છે), એ ભેદનું લક્ષ છોડીને અભેદમાં જાય છે (ત્યારે) તત્કાળ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! અહીં તો સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વને માનો (એટલે) સમ્યક્ (છે). અરે! ભગવાન! એવું સમ્યગ્દર્શન તો અભવિ પણ કરે છે. અનંતવાર કર્યું, એ સમ્યગ્દર્શન નથી. હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી અને સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય શું છે અખંડ ચીજ? આહા..હા..! મૂળ ચીજ છે.

કહે છે કે આવો વ્યવહાર વચ્ચે સમજાવવા આવે છે, પણ વ્યવહાર સમજાવામાં આવ્યો અને લક્ષમાં લીધું તો અભેદમાં ઊતરી ગયો. સાંભળનારની અંતર્મુખ દૃષ્ટિ થઈ તો અંતરમાં આનંદ છે તો બાહ્યમાં પ્રગટ સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને જેટલા ગુણ આત્માના છે સંખ્યાએ અનંત એ બધા ગુણનો અંશ સમ્યગ્દર્શન થતાં પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? અહીંયા આનંદની મુખ્યતા, અનુભવની મુખ્યતા લેવી છેને. સમજાણું કાંઈ? અનાદિથી પુણ્ય-પાપના રાગની એકતામાં મિથ્યાત્વ અને દુઃખ હતું. અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પના રાગની એકતા (અર્થાત્) એ મારો ભાવ છે અને મારું કલ્યાણ થશે, એ મિથ્યાત્વનું તો દુઃખ છે. હવે મિથ્યાત્વમાંથી સમ્યક્ થયો તો શું થયું? એમ કહે છે.

આનંદ થયો. દુઃખનો વ્યય થઈને અંશે અંતર આનંદ સ્વરૂપનો અનુભવ (થયો).

અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.

બનારસીદાસનું (પદ) છે. સમજાણું કાંઈ? આ અનુભવ થયો. આ અનુભવની વ્યાખ્યા. આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદ એને અનુ, અનુસરીને થવું, અનુભવ. આનંદને અનુસરી થવું, ભવ-આનંદની પર્યાયમાં આવવું એનું નામ અનુભવ છે. સમજાણું કાંઈ?

અહીં તો કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય અને દિગંબર સંતોએ તો તત્કાળ વાત લીધી અહીં. પોલી પોલી વાત નહિ, ઢીલી વાત નહિ. સમજાણું કાંઈ? એકદમ કહે છે. આહા..હા..! ભાઈએ લીધું છે નહિ? સોગાનીજીએ. પાત્ર હોય તો એક સાંભળવાથી તરત આનંદનો અનુભવ થાય છે એમ લખ્યું છે. ... વાંચ્યું કે નહિ? યાદ છે કે નહિ? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. એમાં આવ્યું છે. આહા..હા..!

સોગાની. નિહાલચંદ્રભાઈ કલકત્તા. કલકત્તાને? અજમેરના મૂળ તો. સોગાની. એક શબ્દ કાને પડ્યો 'જ્ઞાન અને રાગ ભિન્ન છે ભગવાન' એમ કહ્યું. ઓરડામાં ચાલ્યા ગયા. ઘણા ગૃહસ્થ હતા. કલકત્તામાં દુકાન છે. ઘણા ગૃહસ્થ છે. અંદર ઉતરી ગયા એકદમ. આહા..હા..! પાત્ર હોય તો એક શબ્દ સાંભળવાથી પણ કામ થઈ જાય છે. આહા..હા..! ગજબ વાત છે! દિગંબર સંતોની પરમ સત્યને કહેવાની રીત અને અનુભવની રીત જ જુદી છે. આહા..હા..! ઓલા કહે, અમને માનો, તમને સમકિત થાશે. અમને માનો. અહીં ભગવાન એમ ના પાડે છે. અમને માનો, અમે તો પર છીએ. પરને માનો તો રાગ છે, એ તો વ્યવહાર સમકિત છે એ પણ નિશ્ચય સમકિત હોય તો. સમજાણું કાંઈ? એ એક વીતરાગ પરમાત્મા કહે કે અમે પણ તમારાથી પરદ્રવ્ય ભિન્ન છીએ. અને પરદ્રવ્યનું લક્ષ કરતાં વિકલ્પ ઉઠશે શ્રદ્ધામાં એ રાગ વ્યવહાર સમકિત છે. કોને? કે જેને નિશ્ચય સમ્યગ્દર્શનમાં આનંદ આવ્યો હોય એને. નિશ્ચય વિના વ્યવહાર હોતો નથી. એ કહે છે.

**'તુરત જ...'** પાછો એમ શબ્દ છે. સંસ્કૃતમાં છે. **'तदा सद्य' 'सद्य' 'एव'** છેને આગળ. **'तदा सद्य एव'** આહા..હા..! ટીકા તે ટીકા છેને. અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલમાં વસતા હતા. એમાં આ સંસ્કૃત ટીકા બની ગઈ. જડની પર્યાય છે આ તો. કહે છે અરે! ભગવાન સાંભળ તો ખરો એકવાર. તારા ઘરની ચીજ. આહા..હા..! એ ભજનમાં પણ આવે છે નહિ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' આવે છેને ભાઈ? ભજનમાં આવે છે. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' આપણે ભજન આવ્યું છે એમાં ઓલામાં. 'પરઘર ફિરત અનેક નામ ધરાયે.' હું પુણ્ય કરનારો, હું પાપ કરનારો, એ તો અનેક નામ ધરાવ્યા અજ્ઞાનમાં. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' પોતાના આનંદના ઘરમાં તો કદી આવ્યો

નહિ અને પરઘરમાં વિકલ્પની ક્રિયામાં રોકાઈ ગયો અને ચાર ગતિમાં નામ ભિન્ન-ભિન્ન પામ્યો. ઈન્દ્ર થયો, અહમિન્દ્ર થયો ને ફલાણો થયો, ધૂળ થયો. એ તો બધું પુદ્‌ગલની ક્રિયાનું ફળ છે એટલે રાગની ક્રિયાનું ફળ છે, સ્વભાવ નહિ, સ્વભાવ નહિ. આહા..હા..!

કહે છે, **'તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર...'** મનોહર. બે વાત લીધી છે. આનંદ અને જ્ઞાન ભાઈ! બસ. આહા..હા..! આનંદ મૂળ વસ્તુ આનંદ છેને એની સાથે પછી જ્ઞાન. આનંદવાળું જ્ઞાન. આનંદવાળા જ્ઞાનને અહીંયા જ્ઞાન કહે છે. એકલું જાણવું ને ફાણવું એને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! જુઓ તો વસ્તુની સ્થિતિ. આ આત્મા અખંડ આનંદમૂર્તિ દ્રવ્યસ્વભાવ વસ્તુ (છે) એમ ભેદ કરીને સમજાવ્યું તો અભેદમાં ગયો. અભેદ દૃષ્ટિ થતાં અતીન્દ્રિય આનંદ થયો. અતીન્દ્રિય આનંદનો અંશ, જેવો સિદ્ધનો છે એવો આનંદનો અંશ પ્રગટ થયો. એમાં પ્રતીતિ કરી એનું નામ સમકિત છે. સમજાણું કાંઈ? આ ચીજ આનંદનું વેદન થયું તો આ આખી ચીજ આંનદમય છે. આત્મા એકલો આનંદમય છે એવી પ્રતીતિ નિર્વિકલ્પ થઈ એનું નામ સમ્યગ્દર્શન જૈનદર્શનમાં એમ કહે છે. બીજામાં તો આ છે નહિ. આહા..હા..!

અને **'હૃદયમાં સુંદર...'** મનોહર **'બોધતરંગો...'** આત્માને આનંદ ઉપજાવનારા જ્ઞાનના તરંગ ઉત્પન્ન થયા, જ્ઞાનકળા જાગી. પોતાના ચૈતન્યને સંભાળવાથી અનુભવથી જ્ઞાનકળા જાગી. અહીંયા શાસ્ત્રના જ્ઞાનની વાત નથી. આહા..હા..! અંતર સ્વરૂપ ભગવાન એના બોધતરંગ. આહા..હા..! મનોહર બોધતરંગ—જ્ઞાનના તરંગ ઉઠવા લાગ્યા. જેમ જળમાં તરંગ ઉઠે છે એમ આત્માનું સમ્યગ્દર્શન થતાં આનંદસહિત જ્ઞાનના તરંગ કળા ઉઠે છે. આહા..હા..! એની સાથે અનંતગુણની પર્યાય પ્રગટ થાય છે. **'ઉછળે છે...'** ભગવાન આત્મા પૂર્ણ અભેદ ઉપર દૃષ્ટિનું દબાણ થયું તો જ્ઞાન ફાટ્યું અંદરમાંથી. જ્ઞાન ઊછળે છે. અંદરમાંથી જ્ઞાન આવે છે. જ્ઞાનનો અંકુર અંતરમાંથી ફૂટે છે. જ્ઞાનાનંદ ભગવાન આત્મા એના ઉપર એકાગ્રતા થતા સમકિતીને જ્ઞાનનો અંકુર અંદરથી ઉત્પન્ન થાય છે. એનું નામ જ્ઞાન અને એનું નામ સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? પાંચમું અને છઠ્ઠું તો અલૌકિક વાત છે. એ તો સ્વરૂપમાં આનંદમાં લીન ઝૂલે છે. અંશે વિશેષ શુદ્ધિમાં ઝૂલે છે એ પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક. મુનિ તો આનંદમાં ઝૂલે છે. ક્ષણમાં સાતમું ગુણસ્થાન, ક્ષણમાં છઠ્ઠું એમ આનંદમાં ઝૂલનારા, આનંદના ઝૂલે ઝૂલનારા એ મોક્ષમાર્ગી સંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'એવો તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.'** લ્યો! બરાબર સમજી જાય છે. ઓહો..! આ આત્મા! દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી સમજ્યો, પણ સમજ્યો અભેદ, ભેદનું લક્ષ છોડી દીધું. આહા..હા..! એવી વાત છે ભગવાન! ઝીણી

વાત છે હોં! પ્રભુ! તારી વાત ઝીણી છે. પણ એને કદી સાંભળવા મળે નહિ એટલે એને લાગે કે આ શું કહે છે? શું કહે છે? ભાઈ! તું ભગવાન છો, ત્રિલોકનાથ ચૈતન્ય છે. એની અંતરમાં દૃષ્ટિ થતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ આદિ ઉત્પન્ન થાય છે. ત્યારે તે આત્માને સમજે છે. એ વિના આત્માને સમજતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ -૧૧, સોમવાર, તા. ૧૩-૧૨-૧૯૭૧
## ગાથા-૮, પ્રવચન-૩૮

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર, ગાથા-૮મી ફરીને. કાલે તો હિન્દીમાં આવ્યું હતુંને? પાછા ગુજરાતીમાં રહી જાયને આમાં. શું પ્રશ્ન છે? જુઓ! પરમાર્થનો જ ઉપદેશ કરવો. વ્યવહાર જ્યારે આદરણીય નથી અને વ્યવહાર બરાબર છે નહિ, તો પછી પરમાર્થનો ઉપદેશ કરવો, વ્યવહારનો ઉપદેશ કરવાની શું જરૂર? એમ શિષ્યનો પ્રશ્ન છે. કેમકે તમે કહ્યું કે એ તો ધર્મના નામભેદે કરી અને વ્યપદેશ કથનથી એને ભેદ પાડીને કહેવું કે આ દર્શન છે, આ જ્ઞાન છે, આ ચારિત્ર છે. એ તો બરાબર નથી. તો પછી પરમાર્થનો જ ઉપદેશ દેવો. વ્યવહારના ઉપદેશની જરૂર શું છે? આ એનો ઉત્તર આપવામાં આવે છે. '**વ્યવહાર શા માટે કહો છો?**'

'**ટીકા :- જેમ કોઈ મ્લેચ્છને...**' પાઠમાં અનાર્ય છે અને ટીકામાં મ્લેચ્છ આવ્યું છે. કાળ ફરી ગયોને કાળ ફરી ગયો. કુંદકુંદાચાર્યના વખતમાં અનાર્ય કહેતા, પછી કાળ હલકો આવ્યોને એટલે એને મ્લેચ્છ કહેવા લાગ્યા. મ્લેચ્છ. આહા..હા..! એના પછી કુંદકુંદાચાર્ય પછી તો અનાર્ય કહેવાય. અનાર્ય કહેવાય. ટીકામાં પછી મ્લેચ્છ-મેલને ખાનારા, મેલને ઈચ્છનારા. એવો મ્લેચ્છ શબ્દ જરી કાળ ઉતરતો આવ્યો એટલે શબ્દ પણ હલકો આવ્યો. આહા..હા..! મ્લેચ્છ. પાઠમાં અનાર્ય છે, અહીં મ્લેચ્છ લીધું. કાલે હિન્દી હતુંને. બહુ .. માંડ માંડ સમજતા હતા. .. હોય તો પુણ્યથી ધર્મ થાય. અરે..! પુણ્ય કોને કહેવું? ભારે જગત. ત્રણે ઠગાણા છે. ત્રણેય સંપ્રદાય બહારના ત્યાગને માનીને ઠગાઈ ગયા છે. અરેરે! આવું તત્ત્વ સત્ય પ્રભુ

એનું જ્યાં સુધી શરણ અને એનું ભાન ન થાય ત્યાં સુધી સંયમ એટલે શેમાં ચરવું એ ચીજની તો ખબર નથી, સંયમ કેમાં આવશે? સમજાણું કાંઈ? સં-સમ્યક્ પ્રકારે, યમ. તો સમ્યક્ ચીજ જો જાણી હોય કે આ વસ્તુ જ અંતર્મુખ આનંદકંદ ને જ્ઞાયકભાવ અને ધ્રુવ છે એમ અનુભવીને શ્રદ્ધા કરી હોય તો એમાં ઠરવું એમ આવે. એ વિના ઠરવું એવો સંયમ-ચારિત્ર આવે ક્યાંથી?

અહીં કહે છે, **'જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' એવો શબ્દ કહે છે...'** સ્વસ્તિ એવો શબ્દ કહે છે. **'ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત...'** એટલે? સ્વસ્તિ એ વાચક શબ્દ છે અને એનો અર્થ શું છે વાચ્ય એને એ સમજતો નથી. સમજાણું કાંઈ? **'કાંઈ પણ ન સમજતાં...'** જોયું! **'કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે,...'** ટગટગ વધારાનું છેને? આંખો ફાડીને જોઈ જ રહે છે. આ શું કહે છે આ? આ કહે છે કે સ્વસ્તિ. આમાં ઓલામાં ટગટગ વધારે છે પાંચમામાં. આંખો ફાડીને જોઈ રહે છે ત્યાં. ટગટગ કર્યો. ... કહે છે કે આંખો ફાડીને ઓલો બ્રાહ્મણની વાત અનાદર કર્યા વિના, નહિ સમજતાં છતાં કંટાળો લાવ્યા વિના શું કહે છે આ? સ્વસ્તિ-સ્વસ્તિ શું કહે છે? એમ એને સમજવાની ભાવના છે. શું કહે છે આ? આવું-આવું .. આ ઠેકાણે આવ્યા છીએ. શું કહે છે આ? કહેવા કાંઈક માગે છે. આપણે કાંઈ સમજતા નથી. માટે સમજવા માટે બરાબર આંખો ફાડીને હોં! આંખો મીંચીને નહિ. હજી પછી ઉતારશે અંદરમાં, આ તો બહારમાં છે.

**'પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા—'** મેંઢાની જેમ દાખલો આપ્યો છે હોં! મેંઢા એવા હોય છે ઘેટાં, અનુકરણ કરનારા. એક ઘેટું જાય ત્યાં એની જેમ ચાલ્યા જ કરે. પછી ઓલો કૂવામાં પડે તો એ પણ કૂવામાં પડે. અનુકરણ કરનારા. એમ આ બ્રાહ્મણ શું કહે છે એ સમજનાર અનુકરણ કરે છે (કે) શું કહે છે આ? શું કહે છે? એમ સમજવા માગે છે. ત્યારે કહે છે કે **'જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા—એ બન્નેનો અર્થ જાણનાર...'** મ્લેચ્છને આમ સમજાવાય અને બ્રાહ્મણની ભાષા સ્વસ્તિ આમ છે. એમ જાણનાર **'અન્ય કોઈ પુરુષ...'** બીજો કોઈ પુરુષ. જેણે સ્વસ્તિ કીધું એ સિવાયનો. અને કાં એ સ્વસ્તિ કીધું એ જ બ્રાહ્મણ, બેય. **'મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે...'** મ્લેચ્છ ભાષા બોલીને એને સમજાવે છે. એની ભાષા છેને.

**''સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ'...'** તું કાયમ રહે એમ. એમને એમ રહે. સમજાણું કાંઈ? આ નથી આ હાથ મૂકતા ડોશી? વહુ પરણીને આવેને પછી એના ઉપર હાથ મૂકે. સો વર્ષની ડોશી થાઓ, ઘરડી થઈને છોકરા.. એવું કાંઈક બોલે. ઘણાં છોકરાની મા થાઓ એવું કાંઈક બોલે છે, સાંભળ્યું છે. આ સાંભળેલું ખરું, નાની

ઉંમરની વાત છે. ડોશી હોયને પછી એને પગ અહીં દાબે, હેઠે નહિ. બેટા! સો વર્ષની ડોશી થા. ડોશી થા અને રખડ. સો વર્ષની થા એમ ન કહે ઈ. ઓલી ખુશી થાય કે આપણને સો વર્ષનું જીવન કહે છે અને ઘણા છોકરાની મા થા. આશીર્વાદ આપે. લ્યો, સાંભળ્યું છે કે નહિ? અમે તો ત્યાં નાની ઉંમરમાં સાંભળેલું. આ .. ઉમરાળા .. ત્યાં ક્યાં દુકાનમાં...

કહે છે, એવું અવિનાશી કલ્યાણ થાઓ એવો સ્વસ્તિનો અર્થ છે. '**એવો છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા...**' પાછો વિચાર કરીને થોડો કાળ જોઈને એમ પણ નહિ. એ તો '**તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી...**' હરખના આંસુ આવે છે. ઓહો..! આ જે બ્રાહ્મણે .. જયસેનાચાર્યમાં. .. ઓહો..! આ તમે આશીર્વાદ બહુ સારો આપ્યો. એમ '**આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે;...**'

'**એવી રીતે...**' હવે આપણે સિદ્ધાંત. '**વ્યવહારીજન...**' પાઠમાં '**लोकोऽपि**' લોક પણ, જગતના માણસો પણ. એમ. વ્યવહારીજન એટલે જગતના માણસો પણ. પાઠમાં '**लोकोऽपि**' છે. '**'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં...** ' કહો, સમજાણું? '**आत्मेत्यभिहिते**' આત્મા. '**જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં...**' કાંઈ સમજતો નથી, દેખો! કાંઈ સમજતો નથી એને સમજાવે છે. આત્માના અર્થને પણ સમજતો નથી. મેંઢાની જેમ—ઘેટાંની જેમ અનુસરણ કરે છે. શું કહે છે આ? આત્મા-આત્મા કહે છે તો એમ એને નથી થાતું કે તમને સમજાવતા જ આવડતું નથી. આત્મા-આત્મા શું? એઈ..! આહા..હા..!

એક બ્રાહ્મણ હતો ને આ લગન કરનાર ગોર. પછી એને આવા સંસ્કૃત શ્લોકમાં બોલવા માંડ્યો. ગામનું માણસ હતું. ૨૫-૫૦ ઘરનું. આ નહિ. આ બ્રાહ્મણ નહિ, સંસ્કૃત નહિ. અને એક આવ્યો એવો સજા જાવિયા માવિયા.. આ સરસ વાંચે છે. એ આપણને આશીર્વાદ આપે છે. .. આવે છેને? જાવિયા માવિયા એવું આવતું હશે. ભૂલી ગયા ઘણા વખત થયા. એ કહે આ હુશિયાર હોં! કારણ કે એની ભાષા સમજે એમ કીધુંને. ઓલો તો સમજાવા જેવો હતો. આ તો આત્માનો અર્થ નહિ સમજનારને આત્મા સમજાવનાર વિચિક્ષણ જ્ઞાની છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યારે એ અર્થના જ્ઞાનથી રહિત. આત્માના ભાવનો અર્થ શું એની ખબર નથી. એવો હોવાથી '**કાંઈ પણ ન સમજતાં મેંઢાની જેમ...**' ઘેટાંની જેમ આમ અનુકરણ કરે છે. સમજાણું કાંઈ? એટલે શ્રીમદ્ દિશાએ ગયા હતા. શ્રીમદ્ રાજચંદ્ર જંગલ (ગયા હતા). એમાં બહાર ભરવાડ ઉભા હતા. આમ વૈરાગી દેખાય, ... શાંત આમ. આ શું છે? ભરવાડ હોય એ એની સામે જોઈ રહ્યા. જંગલમાં ગયા.. જંગલ જઈને પાછા આવે છે ત્યારે શ્રીમદ્‌ને એમ થયું, આ કાંઈક ભદ્રિક જેવો છે. સમજ્યાને? ભરવાડ, ગોવાળ

તમારે. અમારે ભરવાડ ... તમારે ગોવાળીયા-ગોવાળીયા. ... બળદનો .. ત્યાં પાઠમાં .. એ .. બરાબર છે. પણ .. બળદ કહેવાય. દોરી.. પાઠમાં. બળદ. ગાય. (ગોરિવ) ગાયની જેમ, બળદની જેમ, મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વભાવ બળદની જેમ ભાર ઉપડાવે છે. ત્યારે આ કહે છે કે અજ્ઞાની એવો છે કાંઈ સમજતો નથી, છે પણ મેંઢા જેવો અનુકરણ કરનારો. આ શું કહે છે? આ શું કહે છે? અનાદર કર્યો નથી, કંટાળો આવ્યો નથી, આને સમજાવતા આવડતું નથી એમ થયું નથી. આપણે સમજતા નથી. શું કહે છે આ? મેંઢાની જેમ એ અનુકરણ થયું. **'આંખો ફાડીને...'** ક્ષયોપશમભાવ છે ત્યાં. આંખો ફાડીને એટલે સમજવાનો ક્ષયોપશમ છે. **'ટગટગ જોઈ જ રહે છે,...'** ... આંખનો આમ ટમકારો મારતો નથી. ભારે શૈલીથી ઉપાડ્યું છેને. **'જોઈ જ રહે છે,...'** સામું જોઈ જ રહે છે. એટલે ક્ષયોપશમ થયો. સમજાણું કાંઈ? અનુકરણ કરવાનો ભાવ પણ (છે), નમ્રતા કષાયની મંદતા પણ છે ત્યાં. વિશુદ્ધિ. સમજાણું કાંઈ?

**'પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર...'** હવે આ દેશના આવે છે. સમજાણું કાંઈ? ક્ષયોપશમભાવ છે, વિશુદ્ધિ કષાયની મંદતા છે. તેથી મેંઢાની જેમ (જોવે છે કે) આ શું કહે છે? અને દેશના ભગવાન, મુનિ તરફથી એને મળે છે. સમજાણું કાંઈ? અને તેમાં રાગની મંદતા થતાં કર્મની સ્થિતિ પણ તે કાળે ઘટતી જાય છે. પ્રાયોગિક. સમજાણું કાંઈ? ક્ષયોપશમ, કષાયની મંદતા, પ્રાયોગ નામ કર્મની સ્થિતિ ઘટતી જાય છે આમ બરાબર જોતા એને. આ દેશના ગુરુની મળે છે. હવે કરણલબ્ધિ એને કરવાની છે. પાંચેય આમાં સમાડી દીધા. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે **'જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર...'** જુઓ, હવે વ્યવહાર લીધો છે. કારણ કે સમજાવવામાં વિકલ્પમાં આવ્યો છે. મુનિ છે તો છઠ્ઠે આવ્યો છે. સમજાય છે? એના રાગના વિકલ્પમાં આવ્યો છે. અનુભવ અને નિષ્ક્રિયતાના આનંદનો સ્વાદ અને વીતરાગતા તો છે. સમજાય છે કાંઈ? કહેનારને વીતરાગતા તો છે એ પરમાર્થ, પણ સમજાવવાનો વિકલ્પ આવ્યો છે એ વ્યવહાર. સમજાણું કાંઈ?

એ **'વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથ...'** રથને બે ચક્ર હોયને. એમ નિશ્ચયજ્ઞાન અને વ્યવહાર વિકલ્પ જ્ઞાન, બેય રથને ચલાવનાર મુનિ છે અથવા ધર્માત્મા છે. **'મહારથને ચલાવનાર સારથી સમાન...'** રથ ઉપર સારથી હોયને તો બે પૈડાથી ચાલેને. એમ નિશ્ચય અને સમજાવવાનો વિકલ્પ વ્યવહાર, **'ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય...'** જેણે આત્મા કીધો એનાથી બીજો કોઈ મળ્યો **'અથવા તો આત્મા શબ્દ કહેનાર...'** સમજાણું? **'तेनैव वा व्यवहारपथमास्थाय'**. **'व्यवहारपथमास्थाय'** છેને? વ્યવહાર માર્ગમાં રહીને. એટલે? ભેદથી સમજાવવું છે એટલે વિકલ્પ આવ્યો છે. વ્યવહારમાર્ગમાં રહીને એટલે કે અંદર વિકલ્પ છે એમ કહે છે. સમજાવવાનો (વિકલ્પ છે). ... કાંઈ સમજતો

નથી તો આને સમજાવવું જોઈએ. જુઓ! આ શરૂઆતની રીત આવી લીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને એ સમજનાર પણ બરાબર સમજવા માટે આંખે ટગટગ જોઈ રહ્યો છે. આહા..હા..! શું કહે છે આ તે! ગજબ ટીકા છે!

મુમુક્ષુ :- એ વખતે ધ્યાનમાં નથી બેઠો.

ઉત્તર :- ધ્યાનમાં એ વખતે થોડો બેસે? કીધું કે આત્મા. સમજાણું કાંઈ? એવી વાત છે. આ તો અમને આવડે છે એટલે હવે આપણે શું સાંભળવું? શરૂઆત કરનારની દશા આવી હોય છે, પછી પણ એની દશા આવી હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? નેમિદાસભાઈ! સમજાય છે આ? શું કહ્યું?

''**આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને...**' એટલે વ્યવહારમાર્ગમાં આવીને. એનો અર્થ કે ખરેખર તો વિકલ્પમાં જ્ઞાની છે જ નહિ, પણ આવ્યો છે એટલે એમાં છે એમ કહેવામાં આવે છે. આવે ખરો, રાગ છેને, વિકલ્પ છે. આહા..હા..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય...**' આ દેશનાલબ્ધિ. આહા..હા..! એને આ મળે છે. ભાઈ! એ આત્મા જે ભગવાન આત્મા છે એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પર્યાયને પ્રાપ્ત થાય તે .. આત્મા છે. આટલો ભેદ પાડીને એણે સમજાવ્યો એ વિકલ્પનો એ વ્યવહાર અને સમજનારને પણ આવો સમજવાનો વ્યવહાર વિકલ્પ આવે છે. એને વ્યવહાર સમજવાનો વિકલ્પ પણ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે હંમેશા પ્રાપ્ત હોય....**' છેને? '**दर्शनज्ञानचारित्राण्यततीत्यात्म** ' પાઠ તો એમ છે સંસ્કૃત. '**दर्शनज्ञानचारित्राण्यततीत्यात्म**' એ આત્મા છે, આત્મા છે ખરોને એટલે શબ્દ કાઢ્યો. '**अततीत्यात्म** ' ગચ્છતિ. શેમાં? દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જાય, ગતિ પામે એને પ્રાપ્ત થાય એને આત્મા કહીએ. આહા..હા..! રાગ અને પુણ્યને વ્યવહારને પ્રાપ્ત થાય તે આત્મા એમ નહિ. હાલે-ચાલે તે આત્મા (એમ નહિ). આહા..હા..! ભારે ભાઈ તત્ત્વ! નેમિદાસભાઈ! તમારે શું વ્યાખ્યા હતી કલકત્તામાં?

મુમુક્ષુ :- હાલે-ચાલે એ આત્મા.

ઉત્તર :- આત્મા બસ, હાલે ચાલે એ આત્મા. ત્યાં એના મંત્રી હતા, અગ્રેસર ત્યાં હતા.

અહીં કહે છે કે '**दर्शनज्ञानचारित्राण्यतती**' પામે. ગચ્છતિ એટલે પામે. આહા..હા..! જે આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રને, દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે, પરિણમે, થાય, ભેદરૂપથી પરિણમે એમ કીધું અહીંયા. સમજાણું કાંઈ? સમજાવવું છેને. તે આત્મા. '**એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે...**' એવો આત્મા શબ્દનો આવો અર્થ જ્ઞાની સમજાવે છે. આહા..હા..! એમ કોઈ નથી કહેતું કે આત્મા એને કહીએ કે પરની દયા પાળે. સમજાણું કાંઈ? કારણ

કે આંખ હોય તો હિંસા અહિંસાની ખબર પડે જીવ અજીવની. નાક હોય તો ખબર પડે સુંઘાય. આમાં સડી ગયું છે માટે દયા પળે એવો આત્મા, એમ નથી કહ્યું અહીંયા. સમજાણું કાંઈ? ઇન્દ્રિય જ નથી અને ઇન્દ્રિયનો વિષય જ નથી. એ તો અતીન્દ્રિય દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એટલો ભેદ છે બસ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત થાય. એટલે એ ચીજ તેને પ્રાપ્ત થાય. ત્રણપણે પરિણમે એટલો વ્યવહાર કહ્યો. લ્યો, આ છેલ્લામાં છેલ્લો વ્યવહાર. હજી એમાંથી કાઢીને એકલો આવશે. એક જ્ઞાન આવશે. ત્રણમાંથી કાઢીને જ્ઞાન તે આત્મા એકલો. આહા..હા..! સમજાણું કાંઈ?

આવી રીતે સાંભળવાની લાયકાત પણ કહે છે કે અનંતકાળમાં કોઈ દિ' કરી નથી. એમ કહે છે. આહા..હા..! શ્રીમદ્ એક ફેરી કહેતા કે જો ભાઈ, અમે આ કહીએ છીએ એ તેં સાંભળ્યું હોય, વાંચ્યું હોય તોપણ આ નવું છે એમ જાણીને સાંભળ. એક પત્રમાં છે, ભાઈ! નહિતર તને સાંભળવાની લાયકાત વિના નહિ બેસે આ વાત. અમને આવડે છે, આ તો અમને આવડે છે. આ તો વાંચતા આવડે છે, અમે તો બીજાને કહીએ છીએ. બહુ સારી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ભીખાભાઈ! આ વ્યવહાર આવ્યો આમાં.

મુમુક્ષુ :- વ્યવહાર કાઢી નાખવા, ભગવાન!

ઉત્તર :- કાઢી નાખવા આવ્યો છે. હા, વાત ઈ. સમજાણું કાંઈ?

કહે છે, '**તુરત જ ઉત્પન્ન થતા...**' (એમ સાંભળતા) એની દૃષ્ટિ ગઈ આત્મા ઉપર સાંભળનારની. જુઓ, ફરી ગઈ, વિકલ્પથી ફરી ગઈ. આહા..હા..! ક્ષયોપશમલબ્ધિ, દેશનાલબ્ધિ, વિશુદ્ધિ નામ કષાયની મંદતાની લબ્ધિ, પ્રાયોગ્યલબ્ધિ—કર્મની સ્થિતિ ઘટાડો, આ દેશના મળી, પાંચેય મળી ત્યાં ફડાક અંદરમાં ઊતરી ગયો. આહા..હા..! એવી જ વાત લીધી છે અહીં તો. સમજાણું કાંઈ? કરણલબ્ધિ તો શુભભાવથી અપેક્ષા છે, પણ અહીં સીધો આત્મામાં આત્માના પરિણામને અંતર સન્મુખ કર્યા. શુદ્ધાત્માભિમુખ પરિણામ. એ પરિણામને એણે શુદ્ધાત્મા તરફ ઢાળ્યા છે. સમજાણું કાંઈ? કહે છે ''**આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ...**' આહા..હા..! એમાં જ કહ્યું છેને. પાંચમામાં એમ કહ્યુંને. કહું તો પ્રમાણ કરજે હોં ભગવાન! આહા..હા..! પ્રભુ! થોડી રાહત તો આપો એને. વિચારવાનો કાળ, વાંચવાનો થોડો કાળ, ક્રમ તો પાડો? ભગવાન! આજ જ પામ એમ કહે છે. આજ જ પામ, આજ જ અનુભવ કર. આહા..હા..! અરે! કહે છે, સાંભળવા ટાણે તો કષાયની મંદતા ને લક્ષ હતું પરમાં પણ સાંભળીને અંતરમાં ઉતર્યો. સમજાણું કાંઈ?

એથી '**તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદ...**' કેમકે મિથ્યાત્વભાવમાં દુઃખનું વેદન હતું. અંતર આત્માના અંતર ઊંડાણમાં ગયો ત્યાં પર્યાયમાં આનંદનું વેદન આવ્યું. કહો, સમજાય છે કાંઈ? અનુભવનું મુખ્ય લક્ષણ જ આનંદ છે. મુખ્ય. સમજાય છે? એ કહે છે કે અત્યંત

ઉત્પન્ન થતા. આનંદ ઉત્પન્ન નહોતો પહેલો. જ્યાં સુધી સાંભળતો હતો ત્યાં સુધી આનંદ ઉત્પન્ન નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ? સાંભળીને અંદરમાં ઉતાર્યું કે આ આમ કહે છે. આ આત્મા અંદર છે. સમજાણું કાંઈ? માર્ગ શાંતિનો, ધીરજનો ઘણો માર્ગ. સમજાય છે? આ બહારના વાદ ને વિવાદ ને તકરાર ને ઝઘડા ને. વાંચન બહુ હોય તો મળે, કષાયની મંદતા બહુ કરે તો મળે એ બધા ઝઘડા આમાં નથી. કષાયની મંદતાથી સાંભળતો હોય એ ફેરવી નાખ્યું લક્ષ. સમજાણું કાંઈ?

**'અત્યંત આનંદથી જેના હૃદયમાં...'** પાછો એકલો આનંદ પણ ન લીધો. ઘણો જ આનંદ આવ્યો અત્યંત કે જે આનંદ ફરે નહિ. એમ. એ દશા ફરે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અપ્રતિહતભાવે આનંદ આવ્યો એમ કહે છે. એ અત્યંત આનંદના ભાવે જ કેવળજ્ઞાન લેવાનો એ. સમજાણું કાંઈ? શૈલી ગજબ છે કુંદકુંદાચાર્યની, અમૃતચંદ્રાચાર્ય સંતોની શૈલી તો...! પરમાત્માને પહોંચવાના છેને. તો પરમાત્માને પહોંચવાની જ વાતું કરે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અણીન્દ્રિય અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એમાં અંતર લક્ષ થતાં કહે છે કે દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જે નિર્મળતા આવી એની સાથે અત્યંત આનંદ આવ્યો. આનંદવાળું જ્ઞાન અને આનંદવાળી પ્રતીતિ. આહા..હા..! સમજાણું કાંઈ? અનંતા ગુણની નિર્મળ પર્યાય તે સમયે પ્રગટી. પણ આનંદની મુખ્યતા (છે). કેમકે સુખી થવું છે એવી જે જિજ્ઞાસા જગતને છે તો એ સુખી થવાનો પંથ તો આ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'અત્યંત આનંદથી જેના હૃદયમાં...'** જ્ઞાનમાં. હૃદય એટલે જ્ઞાન અંદર. **'સુંદર બોધતરંગો ઊછળે છે...'** આનંદસહિત જ્ઞાનની કળા જાગૃત વ્યવસ્થિત થાય છે. આહા..હા..! ... અમંદ આનંદ અત્યંત સુંદર મધુર એમ છેને. બોધતરંગો. બંધરુનો અર્થ ... ઉછળે છે એમ કાઢ્યું. .. શબ્દ છેને અંદર. **'सुन्दरबन्धुर'**. સંસ્કૃતમાં છે. સુંદર મધુર એટલે ઉછળે છે. દરિયામાંથી જેમ પાણી ઉછળીને કાંઠે આવે ભરતી, એમ ભગવાન અંતર આનંદનો નાથ એમાં જ્યાં પર્યાયનું દબાણ થયું, જેમ ફૂવારામાંથી પાણી નીકળે આમ દાબેને. સમજાણું કાંઈ? આહા..હા..! એવો ભગવાન આત્મા પોતાની સન્મુખ ગયો એટલે પર્યાય અંતર વાળી. એમ. ત્યારે એ પર્યાયનું અંતર દબાણ થયું. દ્રવ્ય ઉપર પ્રસરી એટલે પર્યાયમાં પણ અત્યંત આનંદ, અત્યંત આનંદ એમ કહ્યું અને સુંદર જ્ઞાન તરંગો. બોધ તરંગો જ્ઞાનના ઉછળે તેને જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! શાસ્ત્રના ભણતર-ફણતરને પણ જ્ઞાનતરંગો કહેતા નથી. આહા..હા..! અપૂર્વ વાત છે. આ જોયું નથી તમે સમયસારને? મોટા પંડિત છોને. વાત સાચી છે. આહા..હા..!

અરે! ભગવાન! એકવાર તું સાંભળ તો ખરો શું ચીજ છે? પાતાળ કૂવા ફાટ્યા કહે છે. પાણી પાતાળમાંથી નીકળે ત્યારે પાણી ઊછળે પહેલું ખૂબ. પાતાળ ફૂટેને જ્યારે એનું

પાણી ઊછળે ફૂવારાની જેમ એકદમ આવે બહાર પહેલું. વઢવાણની વાત કરે છે. વઢવાણમાં વાવ નથી વાવ. આ નાગરભાઈ ત્યાં મરી ગયા હતાને. નાગર.. ખુશાલભાઈના ભાઈ. એ ત્યાં મરી ગયા. મગજનું ઓલું હતું. તે દિ' વાવમાં પાણી નહોતું આવતું. પછી એક પતિ-પત્ની બેને ગોત્યા, અહીં ચડાવો તો પાણી આવે. ગયા બિચારા અંદર. બીજો દિયર તૈયાર થયો. તો કહે, ના, ના. મારો દિયર ન જાય, અમે જાશું. એવું આવે છે ગાયન મોટું આવે છે. એવું સાંભળ્યું છે. વાંચ્યું છેને. બધી ખબર છે. દેરાણી મારી નાનકડી એને ન મોકલાય ત્યાં. એમ કરીને આવે છે ગાયનમાં. અમે જાશું બે. પણ ત્યાં પાણીમાં મરી જશો. ભલે મરી જઈએ, પણ એકવાર વાવમાં પાણી નથી તે માગે છે ઈ. શું કહેવાય એ? ભોગ. પુરુષનો. ગયા. પાણીમાં જ્યાં અંદર ગયા એવું પાણી કહે છે ફાટ્યું બહાર સુધી ઊછળ્યું. મરી ગયા. એટલું બધું પાણી આવ્યુંને બહાર, મરી ગયા. એના માટે તો ગયા હતા.

અહીં તો કહે છે કે રાગથી મરી જાય જ્યાં અંદર ઉતર્યા ત્યાં. અને જળ ફાટ્યું અંદર ચૈતન્યનું તળાવનું. ઉછળ્યો એની પર્યાયમાં, ભરતી આવી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કર્યા છે આચાર્યોએ તો કામ પણ. સમજાવવાની રીત પણ કોઈ અલૌકિક એની. સમજાણું કાંઈ? કહે છે.. આહા..હા..! **'બોધતરંગો ઊછળે છે...'** ભરતી આવી પર્યાયમાં. ઓટ હતો અનાદિનો. અંદરથી આવ્યું જ્ઞાન. શક્તિ જે જ્ઞાનની (હતી) એમાંથી ફાટીને વ્યક્તતા જ્ઞાનની આવી. પર્યાયો ઉછળી જ્ઞાનની કહે છે. આહા..હા..! એને કોઈ ભણવાથી, શાસ્ત્રના ભણતરથી આવી એમ છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? તુરત જ પણ એ તો સાંભળીને ધડાકા બે, ભેદજ્ઞાન. અંતરમાં ઉતરતા રાગથી ભિન્ન પડીને જ્ઞાનનો પર્યાય ફાટ્યો આમ. આનંદસહિત લેતો. આનું નામ સમ્યગ્દર્શન અને આનું નામ સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેના હૃદયમાં સુંદર બોધતરંગો ઊછળે છે એવો તે વ્યવહારીજન...'** છેને? એ વ્યવહારનું ઉપરની સાથે મેળવ્યું છે હોં! ઓલા લોકમાં કીધું હતુંને. **'लोकोऽपि'**. સમજાણું કાંઈ? એવો વ્યવહારીજન એટલે લોક. એમ. એ **'આત્મા શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.'** એનો પરમાર્થ સુંદર રીતે સમજી જાય છે. અહીં બીજા છ દ્રવ્યની ને ફલાણાની એ વાત ન લીધી... આહા..હા..! કે આવું સમજતાં છ દ્રવ્યનું એને જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? એના તત્ત્વનું જ્ઞાન અંદરથી ફાટ્યું. એમાં એની શક્તિ છે છ દ્રવ્યને જાણવાની. સમજાય છે કાંઈ? આહા..હા..! કહે છે, એ **'આત્મા શબ્દનો અર્થ સુંદર રીતે...'** જેવો એનો ભાવ છે કહેવાનો એ રીતે સમજી ગયો ઈ. આહા..હા..! બસ! આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. સમજાણું કાંઈ? એગં જાણેઈ સવ્વં જાણઈ. આ એકને જાણ્યો એણે બધું જાણ્યું અને એને કેવળજ્ઞાન થશે એટલે બધું પ્રત્યક્ષ જણાશે. આહા..હા..! એકને જાણતા લોકાલોકને

જાણીશ પણ લોકાલોકને જાણતા એકને નહિ જાણી શક. સમજાણું કાંઈ? વ્યવહારના જ્ઞાનથી નિશ્ચય નહિ થાય, પણ નિશ્ચયનું જ્ઞાન છે ત્યાં વ્યવહારનું જ્ઞાન થઈ જશે. આહા..હા..! સમયસાર ભરતક્ષેત્રનો રાજા! જ્ઞાનનો રાજા કેવળજ્ઞાનને પ્રગટ કરાવનાર વાચક શબ્દ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા અર્થને સમજી જાય છે. અહીં સુધી કાલે આવ્યું હતું. નહિ? પાંચેય લબ્ધિ આવી ગઈ. ક્ષયોપશમલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, દેશનાલબ્ધિ, પ્રાયોગલબ્ધિ અને અનુભવની લબ્ધિ. કરણ એટલે કરણલબ્ધિ. કહો, સમજાણું કાંઈ? અંતર્મુખ પરિણામ થયા એ પરિણામને કરણલબ્ધિ (કહે છે). આહા..હા..! નિર્વિકલ્પ થઈ ગયો આનંદમય. આહા..હા..! ભિન્ન પડી ગયો, રાગથી અને વ્યવહારથી અને ઉદયથી ભિન્ન પડી ગયો. આખા સંસારથી ભિન્ન (પડી ગયો). મારા સ્વરૂપમાં સંસાર નથી. મારું સ્વરૂપ તો આનંદમય મુક્તસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'એ રીતે...' હવે એનો ઉપસંહાર કરે છે. 'જગત...' ત્યાં કહ્યું હતુંને લોક, વ્યવહારીજન. વ્યવહારીજન એ જગત આખું. આહા..હા..! **'મ્લેચ્છના સ્થાને હોવાથી,...'** વ્યવહારી લોક મ્લેચ્છના સ્થાને ક્ષેત્ર છે એનું. આહા..હા..! **'અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને...'** છે. મ્લેચ્છની ભાષા છેને જેની એવી આ ભાષા મ્લેચ્છની ભાષાની ઉપમા છે એને. ભેદ વ્યવહાર છેને? વ્યવહાર કરીને કહેવું છેને. વ્યવહારીજનો જગત મ્લેચ્છના ઠેકાણે છે અને વ્યવહારનય મ્લેચ્છભાષાને ઠેકાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદથી સમજાવવું એવો વ્યવહારનય પણ મ્લેચ્છના સ્થાને છે એમ કહે છે. ભાષા. આહા..હા..! ભારે પણ અમૃતચંદ્રાચાર્ય, આવી ટીકા અને આવું. અપૂર્વ વાત! અપૂર્વપણું પ્રગટતા આમ કહે છે કે વ્યવહાર પણ મ્લેચ્છ સ્થાને છે.

**'મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક હોવાથી...'** ત્રિકાળી અભેદને બતાવવાનો ભેદ વિકલ્પ ઉઠ્યો એથી. આ આવો છે એમ વ્યવહાર, એ પરમાર્થનો કહેનાર હોવાથી, પરમાર્થને ઉત્પન્ન કરનારો હોવાથી એમ નહિ. સમજાણું કાંઈ? એને સાંભળવામાં ભેદ તો પહેલો આવે છે એટલે કહે છે પરમાર્થનો કહેનારો હોવાથી. એમ છેને? પ્રતિપાદક છેને? આહા..હા..! **'परमार्थप्रतिपादकत्वा'**. હવે **'दुपन्यसनीयः'** વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે, વ્યવહારનય છે એમ માનવા જેવું છે, સ્થાપન કરવાયોગ્ય છે. છે એટલું હોં! આહા..હા..! ઓલામાં એમ કહે છેને, ... વ્યવહાર છે એમ એટલું. આદરણીય નિશ્ચય છે. વ્યવહાર છે એમ ન માને તો તો વ્યવહાર આખો ઊડી જાય છે. પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માને તો એ વ્યવહાર અને નિશ્ચય બેય ઊડી જાય છે. સમજાણું કાંઈ? ત્યાં વ્યવહારનું કામ તો ભેદથી સમજાવવું એટલું. નિશ્ચયનું કામ ભેદનો આશ્રય લીધા વિના, લક્ષમાં આવ્યું પણ આશ્રય લીધા વિના અભેદને પામે છે. વ્યવહારથી નિશ્ચય પામે આ

આમાંથી કાઢે છે ઘણાં લ્યો. વ્યવહાર ઓલો કહેતો હતો. ચીમનલાલ, ચીમન ચકુ. ૮૭માં ... દેરાસર વખતે ગયેલાને, ... ત્યાં રહ્યા હતા. આ જોબાળિયાના મકાન એની પાસે રહ્યા હતા. ૯૭, ૯૭. આટલા વર્ષ. ૩૧ વર્ષ થયા. અહીં .. કોકને કહે, અહીં તો ન કહે. એને તો ક્યાં શ્રદ્ધા અહીંની હતી? એટલે કીધું કે આત્મા છે? ... લ્યો આમ માની લઈએ. આહા..હા..! ગજબ કરે છેને જગત પણ! દુનિયાની બહારમાં વાતું કરે અને લોકો મોટા ઠરાવે. આહા..હા..!

કહે છે, એ વ્યવહાર પરમાર્થનો કહેનાર હોવાથી. એટલી વાત છે. પરમાર્થનો પ્રગટ કરનાર હોવાથી એમ નથી. વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે, '**दुपन्यसनीयः**' સ્થાપવાયોગ્ય છે. છે એમ. વ્યવહાર અને વ્યવહારનો વિષય છે. ન હોય તો તો નિષેધ કરનાર ચીજ શું? સમજાણું કાંઈ? વ્યવહારનો નિષેધ કરનાર નિશ્ચય, નિષેધવાયોગ્ય વ્યવહાર. આહા..હા..! ભારે કામ ભાઈ! ધર્મની વાતું એવી ઝીણી. લોકોને મળી નથી. ક્યાંકના ક્યાંક ચડી ગયા. એમાંથી આ વિરોધ લાગે કે આ શું છે? આવું ધર્મનું સ્વરૂપ? આવું ધર્મનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? સ્થાપવાયોગ્ય છે. '**સ્થાપન કરવાયોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું——**' સ્થાપન કરવાયોગ્ય એમ કહ્યું, પણ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું.

'**એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.**' વ્યવહારનય કહેનારને અને સાંભળનાર બેયને અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ થયો કે સાંભળનારને પણ આ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એવો ભેદ છે, પણ એનું અનુસરણ કરવા જેવું નથી. એનું અનુકરણ કરીને આત્મા પમાય એમ નથી એમ કહે છે. આહા..હા..! અનુસરણ અને અનુકરણ તો દ્રવ્ય સ્વભાવનું કરવા જેવું છે. એ વ્યવહારમાં ઈ કહ્યું હતું. વ્યવહારે વ્યવહારને કહ્યો નહોતો. વ્યવહારે પરમાર્થને કહ્યો હતો. એ કીધુંને, વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક હોવાથી. વ્યવહાર વ્યવહારને જણાવનારો હોવાથી એમ નથી. કહો, સમજાણું કાંઈ? ભેદ ભેદને જણાવનારો છે એમ નથી કહ્યું, ભેદ અભેદને જણાવે છે એમ કહ્યું છે. આહા..હા..! નહિતર બે પડે જુદાં. અને ભેદ અભેદને પમાડે છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? વાતું આવી છે આ. પૈસામાં જેમ ઓલા પોપટ થઈ જાય એમ આમાં નથી થાય એવું એમ કહે છે. નેમીદાસભાઈ! પૈસામાં મળી જાય અંદરથી. ૭૬ની સાલમાં આવ્યા હતા. કેટલા વર્ષ થયા? ૨૪ ને ૨૮, ૫૨ વર્ષ પહેલાં દામનગર આવ્યા હતા. ૫૨ વર્ષ પહેલાં. તે દિ' ઉંમર તો કેટલી હશે? ૩૪. આ ૮૬મું બેસશે કાલે. ૮૭? ભૂલી ગયા હતા તમે જુઓ. મેં તમને કહ્યું હતું. તો આ કહે કે ના, ના ૮૫. મને તો ખબર છે પાક્કી. લ્યો આવું છે. એ.. ૮૬ કાલે પૂરા થશે. તે દિ' કેટલી ઉંમર હતી ૫૨ પહેલાં લ્યો ૩૪. તે દિ' આમ કહેતા. આહા..હા..! ત્રણ લાખ રૂપિયા! તે દિ' ત્રણ લાખ. આ બધા મિત્રો હતા. દેવીદાસભાઈ ને બધા, નહિ? બધા સાથે હતા ને ભાગીદારમાં. એવું

સાંભળ્યું હતું. જામનગર આવ્યા હતા, જામનગર આવ્યા હતા. ૩૪ વર્ષના જુવાન. નેમીદાસ ખુસાલ શેઠ. ઓહો..હો..! ધૂળમાંય કાંઈ નથી હવે ત્રણ લાખ. આ ત્રણ લાખ છે. દર્શન-જ્ઞાન ને ચારિત્રને પ્રાપ્ત થાય. એય..! એવું લોકો કહેતા. આપણને શું? તમારી પાસે કોણ ગણવા ગયું હતું. ત્રણ લાખ નેમીદાસભાઈ પાસે. આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાન! તારું લક્ષ કરને, જે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તારી મૂડી છે. આહા..હા..! ભગવાન આત્માનું લક્ષ કરતાં, ધ્યેય બનાવીને અનુભવ કરતાં જે પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવે એ તારી પૂંજી અને એ તારી મૂડી છે. આહા..હા..! બાકી ભિખારા છે. આહા..હા..! માગણ-માગણ. આ લાવો... આ લાવો... આ લાવો.. અહીં કહે કે કાંઈ જોઈતું નથી અમારે તો આત્મા છે એ પ્રાપ્ત કરવો છે. એકલો આત્મા જેવો છે એવો પ્રાપ્ત કરવો છે.

'(વ્યવહારનય) **અનુસરવા યોગ્ય નથી.**' '**व्यवहारनयो नानुसर्तव्यः**' વ્યવહારનય છે ખરો, પણ અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! કેવી સંધિ છે પણ! નિશ્ચયનય છે અને નિશ્ચયનય અનુકરણ કરવાલાયક છે. સમજાય છે કાંઈ? એનું જ્ઞાન તો કરવું જોઈએને. બે વસ્તુ છે. આહા..હા..! હવે આ ભૂલી જા. અહીંથી જ ઉપાડ્યું છે. છઠ્ઠેથી જ ઉપાડ્યું છે. વ્યવહાર પ્રમત્ત-અપ્રમત્ત નથી, ભેદ એ એમાં નથી. આઠમામાં ખુલાસો કરી નાખ્યો કે ભાઈ, પરમાર્થનો એકલો ઉપદેશ દેવો. પણ એમાં વ્યવહારનો ઉપદેશ પહેલો આવ્યા વિના રહે નહિ, કેમકે એ પરમાર્થને કહેનાર છે. પોતાને કહેનારને છે એમ નહિ પણ ઓલાને બતાવનાર છે. આવે છે, છે. અનુકરણ કરવાલાયક નથી. સાંભળનારને અનુકરણ કરવાલાયક નથી એમ કહે છે. આહા..હા..! કહેનારને તો ઠીક. સમજાય છે? એને તો ખબર છે. સાંભળનારને એ ભેદ ઉપર લક્ષ રાખવા જેવું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું—**' એમ કહેનારે વ્યવહારમાં એકલું ન રહેવું, નિશ્ચયમાં આવવું. વ્યવહાર આવ્યો છે સમજાવવા એટલે વિકલ્પ આવે છે એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એમ સાંભળનારને પણ વ્યવહાર આવ્યો અંદર કે આ દર્શન, આ જ્ઞાન. એટલું આવ્યું. છે એટલું. અનુકરણ કરવાલાયક નથી. અનુકરણ તો અહીં અભેદ ઉપર કરવાનું છે. પરમાર્થને પકડવાનો છે. વ્યવહારને પકડવા જેવો નથી એમ કહે છે. અરે! આ..

'**ભાવાર્થ :- લોકો શુદ્ધનયને જાણતા નથી...**' લ્યો! લોકો આત્મા.. પછી નાખ્યું. અહીંયા નાખ્યું. લોકો શુદ્ધનયને અભેદ ચિદાનંદ પ્રભુ, મહા આનંદનો બાદશાહ પ્રભુ એવા શુદ્ધનયને તો જાણતા નથી. પર્યાયબુદ્ધિ અનાદિથી છે એમ કહે છે. '**કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ...**' ગુણભેદ વિના '**એકરૂપ...**' એમ. '**અભેદ એકરૂપ વસ્તુ છે;...**' જ્ઞાયક ત્રિકાળ ભાવ એકરૂપ વસ્તુ. એમાં ભેદ પણ શુદ્ધનયના વિષયમાં નથી. '**તેઓ અશુદ્ધનયને**

**જ જાણે છે...'** લોકો તો અશુદ્ધનયને, રાગને કાં વર્તમાન પર્યાયને, ગુણભેદને એના ઉપર એનું લક્ષ છે. ગુણભેદનું લક્ષ એ પર્યાયદૃષ્ટિ છે. '**અશુદ્ધનયને જ જાણે છે...**' જાણે છેને? જાણે છે એનો અર્થ એ અશુદ્ધનયને જ પોતે આવો છે એમ માને છે. માને છે.

'**કેમકે તેનો વિષય ભેદરૂપ...**' ઓલામાં અભેદ હતો. એકરૂપ તો આ અનેકરૂપ. એમ. અશુદ્ધનયનો વિષય ભેદરૂપ, ગુણના ભેદરૂપ, પર્યાયના ભેદરૂપ અને અનેકરૂપ. અનેક ગુણો, અનેક પર્યાયો, અનેક રાગાદિ એવો ભેદનો વિષય અશુદ્ધનો એ છે. '**તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે હોં! એમાંથી આ કાઢે, વ્યવહાર દ્વારા પરમાર્થને પામી શકે છે. હવે આવું કરે છે. .. ગાથા. ઘણાય એમ કહે છે આ. વધારે તો તકરાર બહારની ... પેલા અર્થમાંથી, ભાવાર્થ છેને. અહીં તો કહે છે કે વ્યવહારી જીવો વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે, બીજો કોઈ ઉપાય નથી. આત્મા આત્મા કરે તો ઓલો સમજે નહિ. બીજાથી ભિન્ન પાડવાનું લક્ષણ જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય (તે આત્મા), જડ એને પ્રાપ્ત થતા નથી, એવા ભેદ પાડીને સમજાવવું એ ત્યારે એ પરમાર્થને સમજી શકે છે. લ્યો, આમાં મોટા વાંધા છે આ. વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ નહિ. પણ પરમાર્થનો ઉપદેશ નહિ એમ કીધું છે. વ્યવહાર વિના પરમાર્થ પામી શકાય નહિ (એમ નથી કહ્યું). સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાંધા ભાઈ!

'**આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી...**' કહેનાર જાણી. '**તેનો ઉપદેશ કરવામાં આવે છે.**' તેનો ઉપદેશ કરવામાં આવે છે. બીજો ઉપાય શું તેનો? '**અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...**' જુઓ! આહા..હા..! અહીંયાં વ્યવહારથી પરમાર્થ પમાય છે એમ નથી. વ્યવહારથી ઉપદેશથી પરમાર્થનું જ્ઞાન થાય છે. એ જ્ઞાન વ્યવહારથી એને ઉપદેશ કરવામાં આવે છે. પણ તેથી... એમ ન લેવું કે વ્યવહારનું આલંબન કરાવે છે, ભેદનું આલંબન કરાવે છે. આહા..હા..! લ્યો! સમજાણું કાંઈ? ગુરુથી જ્ઞાન થાય, ગુરુ વિના ન થાય એ કાંઈ આલંબન કરાવતા નથી, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે એમ કહે છે. આહા..હા..! એના ઉપર લક્ષ જતા વિકલ્પ આવે છે. એ વિકલ્પ હોય છે, પણ આલંબન કરાવે છે એમ નથી. આહા..હા..! હજી તો શાસ્ત્રના ભાવ છે એને સમજવાને ... એને આત્માને સમજવાની .. ક્યાંય આઘી રહી ગઈ વળી. આહા..હા..!

'**અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી...**' દેખો! '**પરમાર્થે પહોંચાડે છે...**' વ્યવહારનો ઉપદેશ આવ્યો એને સાંભળે છે, પણ એ આલંબન કરવાલાયક નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે. પાઠમાં છેને જુઓને. વ્યવહાર સ્થાપવાયોગ્ય છે, પણ અનુસરણ કરવાલાયક નથી. સંસ્કૃત ટીકા છે. કેટલી સરસ છે! આહા..હા..! નહિતર બંધ અધિકારમાં કહ્યું કે નિશ્ચયનય આશ્રિત વ્યવહાર

તો પ્રતિષેધ્ય છે, નિશ્ચય પ્રતિષેધક છે. એ વાત શી રીતે રહેસે? સમજાણું કાંઈ? ત્યારે વળી ઈ એમ કહે છે કે એ તો મિથ્યાદષ્ટિને માટે એમ છે, પ્રતિષેધ્ય વ્યવહાર. સમકિતી જ્ઞાનીને માટે નહિ. ભારે પ્રભુ! આ શું કહ્યું તેં? અજ્ઞાનીને નિશ્ચય કેવા? હજી શ્રુતજ્ઞાન થયું નથી, સ્વનો આશ્રય થયો નથી, તેના જ્ઞાનમાં પ્રમાણ અને પછી પ્રમાણનો અવયવ ક્યાંથી આવે?

અહીં તો વ્યવહારનયને સ્થાપવાયોગ્ય કહીને, છે એટલું ખરું, ઉપદેશને વ્યવહારનો ઉપદેશ કહી શકે છે. પરમાર્થને સમજાવવા માટે. એ આ. આવો અર્થ કરવો જયસેનાચાર્યમાં. વ્યવહારને આધારે નિશ્ચય થાય એવું આવે છે. ઓલું છે ખરુંને એટલે એને વ્યવહાર આધાર કહેવામાં આવે છે. વ્યવહાર આધાર. નિશ્ચય છે નહિ. આહા..હા..! ટીકામાં છે હોં ઘણે ઠેકાણે. વ્યવહારરત્નત્રયને આધારે નિશ્ચયરત્નત્રય થાઓ. જુઓ, એવું સંસ્કૃતમાં છે. એય..! એ તો વ્યવહાર છે એનું જ્ઞાન કરાવ્યું છે, વ્યવહાર છે એનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારથી નિશ્ચય થાય એમ ત્યાં કહ્યું નથી. સમજાણું કાંઈ? આ રીતે વ્યવહાર અનુસરણ કરવાલાયક નથી.

‘**હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?**’ તમે સ્થાપિત તો કર્યું. હવે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે-પ્રતિપાદક છે. કઈ રીતે છે? એ વાત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૯-૧૦

કથં વ્યવહારસ્ય પ્રતિપાદકત્વમિતિ ચેત્ —

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।
जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा।।१०।।जुम्मं।।

यो हि श्रुतेनाभिगच्छति आत्मानमिमं तु केवलं शुद्धम्।
तं श्रुतकेवलिनमृषयो भणन्ति लोकप्रदीपकराः।।९।।
यः श्रुतज्ञानं सर्वं जानाति श्रुतकेवलिनं तमाहुर्जिनाः
ज्ञानमात्मा सर्वं यस्माच्छ्रुतकेवली तस्मात् ।।१०।।युग्मम्।

यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति तावत् परमार्थो; यः श्रुतज्ञानं सर्व जानाति स श्रुतकेवलीति तु व्यवहारः। तदत्र सर्वमेव तावत् ज्ञानं निरूप्यमाणं किमात्मा किमनात्मा? न तावदनात्मा, समस्तस्याप्यनात्मनश्चेतनेतरपदार्थपंश्चतयस्य ज्ञानतादात्म्यानुपपत्तेः। ततो गत्यन्तराभावात् ज्ञानमात्मेत्यायाति। अतः श्रुतज्ञानमप्यात्मैव स्यात्। एवं सति यः आत्मानं जानाति स श्रुतकेवलीत्यायाति, स तु परमार्थ एव। एवं ज्ञानज्ञानिनोर्भेदेन व्यपदिशता व्यवहारेणापि परमार्थमात्रमेव प्रतिपाद्यते, न किंश्चिदप्यतिरिक्तम्। अथ च यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति परमार्थस्य प्रतिपादयितुमशक्यत्वाद्यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति व्यवहारः परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति।

---

હવે, પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.
શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

શ્લોકાર્થ :- [यः] જે જીવ [हि] નિશ્ચયથી [श्रुतेन तु] શ્રુતજ્ઞાન વડે [इमं] આ અનુભવગોચર [केवलं शुद्धम्] કેવળ એક શુદ્ધ [आत्मानन्] આત્માને [अभिगच्छति] સન્મુખ થઈ જાણે છે [तं] તેને [लोकप्रदीपकराः] લોકને પ્રગટ જાણનારા [ऋषयः] ઋષીશ્વરો [श्रुतकेवलिनम्] શ્રુતકેવળી [भणन्ति] કહે છે; [यः] જે જીવ [सर्वं] સર્વ [श्रुतज्ञानं] શ્રુતજ્ઞાનને [जानाति] જાણે છે [तम्] તેને [जिनाः] જિનદેવો [श्रुतकेवलिनं] શ્રુતકેવળી [आहुः] કહે છે, [यस्मात्] કારણ કે [ज्ञानम् सर्वं] જ્ઞાન બધું [आत्मा] આત્મા જ છે [तस्मात्] તેથી [श्रुतकेवली] (તે જીવ) શ્રુતકેવળી છે.

ટીકા :- પ્રથમ, 'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' તે તો પરમાર્થ છે; અને 'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' તે વ્યવહાર છે. અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએ :- ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી (કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી). તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. આમ હોવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે. તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી. વળી 'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી, 'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે.

ભાવાર્થ :- જે શાસ્ત્રજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે. વળી જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું.

---

## માગશર વદ -૧૨, મંગળવાર, તા. ૧૪-૧૨-૧૯૭૧
## ગાથા-૯-૧૦, પ્રવચન-૩૯

૯ અને ૧૦ ગાથા. સમયસાર. શિષ્યનો પ્રશ્ન છે. 'પ્રશ્ન ઉત્પન્ન થાય છે...' એમ છેને. 'व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत् —' 'વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી

રીતે છે?' એમ પ્રશ્ન કર્યો છે. 'તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—' એવી જેને અંતર જિજ્ઞાસા છે. વ્યવહાર પરમાર્થને કહેનાર કઈ રીતે છે? વ્યવહાર પરમાર્થને પમાડનાર કઈ રીતે છે એમ નથી કહ્યું. એમ પૂછ્યું નથી. પૂછનારની રીત એ આવી છે. વ્યવહારનય પરમાર્થનો કહેનાર-પ્રતિપાદક કેવી રીતે છે? આ પ્રશ્ન છે. 'તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-'

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।
जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा।।१०।।जुम्मं।।

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

'**ગાથાર્થ :- જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન** વડે...' અંદરના નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન વડે. ભાવશ્રુતજ્ઞાન એટલે કે સ્વસંવેદન. રાગની, ભેદની, વ્યવહારની અપેક્ષા વિના એવી નિર્વિકલ્પ જ્ઞાનરૂપી સમાધિ એ વડે. '**આ અનુભવગોચર**...' આ પ્રત્યક્ષ અનુભવગમ્ય. પ્રત્યક્ષ અનુભવગમ્ય. એવા '**કેવળ એક શુદ્ધ**...' કેવળ એટલે એક શુદ્ધ એવા '**આત્માને**...' '**अभिगच्छति**' '**સન્મુખ થઈ**...' અનુભવે છે. '**જાણે છે**...' એટલે સન્મુખ થઈને નિર્વિકલ્પ આનંદથી અનુભવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો**...' સંતો, મુનિઓ '**શ્રુતકેવળી કહે છે;**...' સમજાણું કાંઈ? જે અંતરમાં પૂર્ણાનંદ, જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ આત્મા એને અંતરમાં નિર્વિકલ્પ ભાવશ્રુત સમાધિ, શાંતિ એ દ્વારા આ આત્મા એમ અનુભવે છે આત્માને, આત્માને અનુભવે છે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાન વડે અનુભવગમ્ય કેવળ એક શુદ્ધ આત્માને અનુભવે છે. એમ લીધુંને? પર્યાયને અનુભવે છે એમ ન લીધું.

એ આત્મા અખંડ જ્ઞાયક ચૈતન્યજ્યોત... આ તો અપૂર્વ વાત છે! એ કાંઈ શબ્દે પાર પડે એવું નથી. એવી વાત છે. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ એકરૂપ શુદ્ધ ચૈતન્ય એને વર્તમાન ભાવશ્રુતજ્ઞાનની સમાધિ અને શાંતિ દ્વારા અનુભવે છે આત્માને એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**આત્માને**...' '**अभिगच्छति**' એના સન્મુખ થઈને એને વેદે છે. વિમુખ થઈને શી રીતે વેદે-જાણે? સમજાણું કાંઈ? નિર્વિકલ્પ એકરૂપ શુદ્ધ આત્મા એને ભાવજ્ઞાનમાં, શ્રુતજ્ઞાનમાં શાંતિ અને સમાધિ દ્વારા આત્માને સ્પર્શીને અનુભવે છે, એને ભગવાન નિશ્ચય,

સત્ય શ્રુતકેવળી કહે છે. સમજાણું કાંઈ?

અને '**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' શ્રુતજ્ઞાનના વિચારમાં વિકલ્પના મંથનમાં છે ભેદમાં, એને આ આત્મા છે, જ્ઞાનમય છે વગેરે વિકલ્પાત્મક, દ્રવ્યશ્રુતનું કહેવાય છે, એમાં એનાથી શ્રુતજ્ઞાનને જાણે છે. જ્ઞાનને જાણે છે. ઓલો આત્માને જાણે છે, આ જ્ઞાનને જાણે છે. આહા..હા..! એ વ્યવહાર છે. કેમ? કે જ્ઞાન વિચારે છે કે આવું છે એવો તે ભેદનો વિચાર થયો. ભેદ છે એ વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ? ભેદ છે એ પરાશ્રય, વ્યવહારનય પરાશ્રય છે. સમજાણું કાંઈ? '**સર્વ શ્રુતજ્ઞાનને...**' ભલે બાર અંગને જાણતો હોય, વિચારતો હોય એ આત્માને પકડવાની યોગ્યતાવાળું જે દ્રવ્યશ્રુત જ્ઞાન એને એ જાણવામાં રોકાયેલો હોય. કહે છેને કે ભાઈ, અંદરમાં સ્વરૂપના ઘોલનમાં વિકલ્પના મંથનમાં વિકલ્પથી તે નજીક થાય છે એમ નથી એમ કહે છે અહીં. આ વિકલ્પ ચાલે કે આ આત્મા જ્ઞાન છે, આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આ અભેદમાં જાઉં છું એવો જે વિકલ્પાત્મક દ્રવ્યશ્રુતજ્ઞાન એ વ્યવહારનો વિષય થયો માટે તેને વ્યવહાર શ્રુતકેવળી કહ્યો. આહા..હા..! એનો વિષય ભેદ થયો, અભેદ ન રહ્યો. સમજાણું કાંઈ?

જ્ઞાન લક્ષણ છે અને આત્મા લક્ષ છે એવા ભેદના વિચારમાં પણ જે છે એનો પણ વ્યવહાર અને પરાશ્રય વિષય થઈ ગયો, ભેદ વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? ભારે ભાઈ! અમે આત્માનો વિચાર કરીએ છીએને. આત્મામાં જઈને અંદર અનુભવે છે ક્યાં? અનુભવ હોય તો તો નિશ્ચય થઈ ગયો. નજીક થાતો નથી એનાથી. એ બતાવે છે કે ફક્ત આ.. આ.. આ.. એટલું. હીરાભાઈ! કહો, સમજાણું કાંઈ? કેમકે આ તો વ્યવહાર શ્રુતકેવળી કહ્યો. વ્યવહાર તો પરાશ્રય છે, વ્યવહાર પરાશ્રય છે, વ્યવહારનો વિષય સ્વ નથી. અભેદ વિષય નથી. સમજાણું કાંઈ? અહીં તો ભાઈ વ્યવહાર-નિશ્ચયના ભેદ કેવા છે એને અહીંયાં સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દયા, દાનના પરિણામ એની તો અહીં વાત જ નથી. ફક્ત જ્ઞાનમાં વિચારે છે કે આ આત્મા આવો છે... આવો છે... આવો છે... ભેદ વડે લક્ષણ દ્વારા આ લક્ષ આત્મા છે એવું આ લક્ષણનું લક્ષ આ છે એમ એના જ્ઞાનની પર્યાયમાં વિચાર ભેદ, સ્વના ભેદના અનુભવમાં આવ્યા વિના. સમજાણું કાંઈ?

એ '**સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' ઓલો આત્માને જાણે છે. આત્માને જાણે છે, અનુભવે છે. આ તો ફક્ત જ્ઞાનને જાણે છે. જ્ઞાનમાં આ આત્મા છે, આવો છે, તેવો છે. જેવું ભગવાને કહ્યું એ પ્રકારે એના જ્ઞાનમાં વિચાર ચાલે છે. એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર આ જ આત્મા છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? પણ એ જ્ઞાનને જાણે છે માટે વ્યવહાર છે. જ્ઞાન ભાવશ્રુતજ્ઞાનમાં એને છોડી, ભાવશ્રુતજ્ઞાન અંતરને પકડે ત્યારે તેને નિશ્ચય કેવળી કહેવામાં આવે છે. નિશ્ચય શ્રુતકેવળી. સમજાણું કાંઈ? ગાથાઓ તો પહેલી એટલી બધી ગહન

છે, ગૂઢ છે, ગજબ વાત છે. અને પછી છેલ્લો એક જ .. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એમ કરતાં હવે જ્ઞાન તે આત્મા... જ્ઞાન તે આત્મા... જ્ઞાનની પર્યાયમાં વિચારમાં ઊભો છે તે આ આત્મા એમ વિચાર કરે ત્યાં સુધી એ દ્રવ્યશ્રુતકેવળી (છે). એનો વિષય ભેદ છે એટલે એનો વિષય પર છે, એનો વિષય અભેદ નિશ્ચય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં ભેદને ન કરવું. આ જ્ઞાન તે આત્મા, લક્ષણ તે આનંદ પણ એના ભેદને અનુસરવું નહિ. આવે ખરો એમ કહે છે. સમજાણું કાંઈ? અનુસરવું તો અભેદને. આ જ્ઞાન છું, આત્મા છે, આ લક્ષણ જ્ઞાન આત્માનું છે અને આ લક્ષણ આ લક્ષનું છે, એવો ભેદ છે એને અહીંયાં શ્રુતજ્ઞાનને, વ્યવહાર શ્રુતજ્ઞાનને જાણે છે તેથી તેને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે પણ એને અનુસરવા યોગ્ય નથી. આહા..હા..! આ આત્મા અખંડાનંદ પ્રભુ એમ જે અભેદને કહે છે ઈ. ભેદ અભેદને બતાવે છે. ભેદ ભેદને બતાવતો નથી, ભેદ ભેદમાં રહીને અભેદને બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ કે અંતર્મુખને પકડ્યો એ નિશ્ચય થયો અને પર્યાયમાં લક્ષમાં હજી અભેદ આવ્યો નથી અનુભવમાં અને વિચારની ધારામાં વર્તે છે એ બધું દ્રવ્યશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' જુઓ, સર્વ આવ્યુંને? ઓલો તો એક આવ્યો હતું. શું કીધું? '**केवलं शुद्धम्**' 'કેવળ એક શુદ્ધ...' એમ હતું. અભેદ આવ્યો. સર્વ.. આવો આત્મા, આવો આત્મા, દ્રવ્ય આવું છે, ગુણ આવો છે, પર્યાય આવી છે. સમજાણું કાંઈ? એટલે એની ધારા તો એની પર્યાયમાં જ્ઞાનની છે, પણ એનો વિષય ભેદ છે અને એ ભેદ ઓલાને બતાવે છે એથી વ્યવહાર વચમાં આવ્યા વિના રહેતો નથી. વ્યવહાર નિશ્ચયનો પ્રતિપાદક છે. એટલે કે એને જણાવનાર છે એટલે કે એને કહેનાર છે એનો અર્થ એ. આ જ્ઞાનલક્ષણ આનું એમ એને જણાવે છે, પણ ભેદને અનુસરવા લાયક નથી. આહા..હા..! હવે એમાં ઓલા દયા, દાન, વ્રતને અનુસરવા લાયક નથી એ તો ક્યાંય ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદમાં અનુભવ કરવા ... એમ. અનુભવ કરવાલાયક છે અભેદનો, ભેદમાં રહેવા જેવું નથી એમ. નિર્વિકલ્પનો અનુભવ કરવા જેવો છે. આ કહ્યુંને આ. નિર્વિકલ્પ અનુભવ, દૃષ્ટિમાં લઈને નિર્વિકલ્પ અનુભવ કરવાલાયક છે. અભેદને એટલે ત્રિકાળ છે એને અનુસરીને અનુભવવા લાયક છે. વ્યવહારને અનુસરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? આ તો નિર્વિકલ્પ નિશ્ચયની વાત છે. સમજાણું કાંઈ? એમાં નિશ્ચયમાં જ્ઞાનને અનુભવે છે એમ નથી લીધું.

અખંડ અભેદ ઉપર દૃષ્ટિ પડતા આખા આત્માને એ અનુભવે છે. એનું નામ અભેદ અને નિશ્ચય શ્રુતકેવળી કહેવામાં આવે છે. આ ભેદને જાણે છે હજી તો. એ તો ભેદ છે અને બતાવે છે આને, પણ હજી ભેદમાં ઉભો છે. જ્ઞાનની પર્યાયમાં ઊભો રહીને વિચાર કરે છે. પર્યાયમાં ઊભો રહીને.

મુમુક્ષુ :- દ્રવ્યમાં નહિ.

ઉત્તર :- નહિ, દ્રવ્યમાં જતો નથી. કહો, સમજાણું કાંઈ? એટલો જ્ઞાનલક્ષણ અને તેનો વિષય દ્રવ્ય એવો ભેદ પણ વિષયમાં વિષયનો ભેદ પડી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? છેલ્લામાં છેલ્લો ટૂંકો વ્યવહાર લીધો છે ત્યાં. છતાં એ વ્યવહાર આદરણીય નથી.

મુમુક્ષુ :- નજીક લઈ જાય?

ઉત્તર :- નજીક બિલકુલ લઈ જનાર નથી. આહા..હા..! વિષય જ ભેદ છે ત્યાં નજીક શી રીતે લઈ જાય? આવ્યા વિના રહેતો નથી. આ વસ્તુ અંતર્મુખ થયે જ્ઞાનલક્ષણવાળી ચીજ છે એટલો ભેદ એ લક્ષમાં લઈ જતો નથી. સમજાણું કાંઈ? પછી જૈનદર્શનના પ્રાણ છે ૧૧મી ગાથા આવશે આના પછી. આહા..હા..! વ્યવહાર એ નહિ. વ્યવહાર આને બતાવે છે સદ્ભુત વ્યવહાર ઈ છે હોં! જ્ઞાન તે આત્મા. જ્ઞાનની જાણવાની દશા તે આત્માની સાથે તાદાત્મ્ય છે, જડની સાથે તાદાત્મ્ય નથી એટલી વિચારધારાને દ્રવ્યશ્રુતરૂપી વ્યવહારને વિષયભેદ છે એમ કહેવામાં આવે છે. વ્યવહાર પરાશ્રય છે કે નહિ? નિશ્ચય સ્વઆશ્રય. એમાં પરાશ્રય... પરાશ્રયપણું નિશ્ચયને બતાવે છેને? એ બતાવે છે એ આ. એને પોતાને પોતે બતાવતો નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ અભેદ એકરૂપ શુદ્ધ ચૈતન્ય છે એને બતાવે છે. એટલે એણે બતાવ્યું આ, પણ ભેદથી બતાવ્યું માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારનો વિષય પરાશ્રિત છે. એમ સિદ્ધાંત તો છે. નિશ્ચયનો વિષય સ્વાશ્રિત છે. લક્ષણ અને લક્ષનો ભેદ પાડવો એ પરાશ્રય છે. (કારણ કે) ત્યાં મન અને રાગના સંબંધ વિના એવો વિષય આવે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રના જ્ઞાનમાં ગમે તેટલા વિચારમાં રોકાય, શાસ્ત્રનું જ્ઞાન અંતરનું હોં! એના વિચારમાં રોકાય પણ એ વિષય તો પર છે. સમજાણું કાંઈ?

'**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' બીજી રીતે કહીએ તો ભલે એ જ્ઞાનની પર્યાયમાં સર્વ શ્રુતજ્ઞાન દ્રવ્યશ્રુત ભલે ન હો, પણ એ જ્ઞાનની પર્યાયમાં આખા આત્મા તરફ વળવાનો વિચાર કરે છે તેથી જ્ઞાનની પર્યાયને પણ સર્વશ્રુત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત! આવો ધર્મ અને આ.. આહા..હા..! વસ્તુ તો આવી છે, પણ વસ્તુ જ એવી છે ત્યાં... ભગવાન એકરૂપ ચીજ જ્યાં પડી છે એના અંતરમાં અનુભવમાં જાય તો એ નિશ્ચય કહેવાય. એને આંગણે ઊભો, પર્યાયમાં ઊભો પર્યાયમાં છે. ઓલો દ્રવ્યમાં ગયો છે. પર્યાયના

વિચાર...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ નજીક આવ્યો નથી. એણે બતાવ્યું છે એટલું આ. એટલો વ્યવહારને સ્થાપવાયોગ્ય છે. છે એમ સ્થાપવાયોગ્ય છે. આશ્રય કરવા અને આદરવા યોગ્ય નથી. આહા..હા..! ભારે વાતું! સમજાણું કાંઈ? એ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એને બતાવનાર વ્યવહાર, એ વ્યવહાર પ્રતિપાદક હો, કહેનાર હો, જણાવનાર હો, પણ જાણનારને અનુસરીને અનુભવ થયો ત્યારે તે નિશ્ચય કહેવામાં આવે છે વ્યવહારને. આહા..!

'**તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે,...**' વ્યવહાર વ્યવહાર. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં ઊભો ઊભો ટકીને 'આ આત્મા છે એ મારું લક્ષણનું લક્ષ છે' એવા વિચારની દશાને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? એમ આત્મા નિત્ય ધ્રુવ છે, એના ઘૂંટણમાં જે વિકલ્પ ઉઠે છે એ પણ જ્ઞાન વ્યવહારુ જ્ઞાન કહેવામાં આવે છે. આવું છે. સમજાણું કાંઈ? છે કે નહિ અંદર સામે પાઠ? '**કારણ કે...**' '**ज्ञानम् सर्वं**' ઈ જ છેને વ્યવહાર. જ્ઞાનની પર્યાય જે પ્રગટી અનેક પ્રકારના શાસ્ત્રજ્ઞાન કર્યા કે આત્મા આવો ને આત્મામાં અનંતગુણ અને અનંત પર્યાય અને આ દ્રવ્ય ને... એ બધું જ્ઞાન, બધું આત્મા જ છે. એટલે કે એ પર્યાય આત્માની છે એમ ભેદ પાડીને બતાવવું છે. '**તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.**' સમજાણું કાંઈ?

હવે ટીકા. '**तावत्**' શબ્દ છેને પહેલો, અંદર છે જુઓ, '**तावत् परमार्थो**' એમ છે. પહેલી લીટી સંસ્કૃતમાં છે. આ તો અમૃતના સાગરમાં પહોંચવું ડૂબકી મારવી એની વાતું છે. આ કાંઈ બહારના ઓલા ચોપડામાં નામા લખવા ને ચક્રવર્તી વ્યાજ કાઢવા ત્યાં એ બધા અજ્ઞાનના થોથા છે. આહા..હા..! રામજીભાઈ નહિ કાઢતા હોય ઓલામાંથી વકીલાતમાંથી? આ છે ને ફલાણું છે ને ઢીંકણું છે. એઈ..! પણ એ બધા થોથા છે કહે છે. અહીં તો શાસ્ત્રજ્ઞાનની વાત છે એમ કહે છે. એને વ્યવહાર કહે છે. ઓલી તો વાત જ ક્યાં છે? એ તો અજ્ઞાન છે. આહા..હા..! આમ જ્ઞાન ભગવાને કહ્યું, સંતોએ કહ્યું, જો આ જ્ઞાનની પર્યાય આ આત્માની છે. એ પર્યાય દ્રવ્યમાં વાળવાની છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં જ્યાં સુધી ઊભો છે એનો હેતુ તો જાવું છે અંદર. એકલો પર્યાયમાં ઊભો હોય તો તો એને દ્રવ્યશ્રુત પણ કહેવાતું નથી, પણ એને લક્ષ તો ત્યાં જાવું છે. એવા શ્રુતજ્ઞાનની પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનીમાં નહિ?

ઉત્તર :- અજ્ઞાનીની વાત પણ નથી અહીં. એ લક્ષ કરીને અજ્ઞાનમાં જાવું એ તો એનું લક્ષણ ક્યાં આવ્યું? જેનું લક્ષણ છે ત્યાં એને જાવું છે. એટલો એમાં ભેદ પડે છે માટે

વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકરૂપ શુદ્ધ જ્ઞાયક એને વિષય બનાવી અને એને વેદે એણે આત્માને જાણ્યો કહેવાય. જાણી છે તો પર્યાય. સમજાણું કાંઈ? આત્માની સ્વસન્મુખની પર્યાયને એણે કાઢી અને વેદી છે, પણ એ આત્માને જાણે છે, અભેદ ઉપર દૃષ્ટિ છે એટલે આત્માને જાણે છે એમ કહેવામાં આવે છે. ભારે આવું! નિશાળના ભણતરમાં આવું આવે નહિ. માવાણી! નહિ ડોક્ટરમાં ન આવે આવું? આહા..હા..!

ભગવાન! કહે છે કે તું પોતે જે અખંડ આનંદમૂર્તિ પ્રભુ છો, વસ્તુ છે એકરૂપ શુદ્ધ એનું નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનમાં સમાધિ શાંતિ દ્વારા એનું આત્માનું વેદન, આત્માને જાણવો એટલે વેદવો, એનું નામ સાચા સત્ય ભૂતાર્થ શ્રુતકેવળી છે, એ સાચો શ્રુતકેવળી છે. હવે અહીં એ આવ્યું લ્યો! ઓલો વ્યવહાર એટલે અભૂતાર્થ. આહા..હા..! ભારે વાત. વ્યવહાર પરાશ્રય, વ્યવહાર અસત્યાર્થ, અભૂતાર્થ. આહા..હા..! ગજબ વાત છે. અને એ અભૂતાર્થ ભૂતાર્થને બતાવે. એટલો ભેદ છેને? એ વ્યવહાર જ્ઞાન 'આ આત્મા છે' એમ બતાવે છે એ અપેક્ષાએ તેને વ્યવહાર, વ્યવહાર તરીકે સત્યાર્થ છે. સમજાણું કાંઈ? નિશ્ચય તરીકે એ વ્યવહાર અસત્યાર્થ છે. વ્યવહાર છેને? ભેદ છેને? પર્યાયમાં ઊભો છેને? આહા..હા..! કહો, પંડિતજી! એવું છે એમાં? આ પંડિત હોય તોપણ લોકો કાંઈ સમજે નહિ કે આ શું ચીજ છે આ? આ કાંઈ કોઈના ઘરની, કલ્પનાની નથી. એ તો એની ચીજ છે. આહા..હા..! માણસને આકરું લાગે, પકડાય નહિને એટલે કે અરે! નહિ.. નહિ.. કરો, વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો... અરે! વ્યવહાર આ શ્રુતજ્ઞાનનો પર્યાય જે છે એ વ્યવહાર પણ આશ્રય કરવાલાયક નથી. અહીં તો ઈ કહે છે. ભલે એ બતાવે છે આ. પણ એ ત્યાંથી ખસીને અંતર જવા માટે બતાવે છે. એમાંને એમાં રહેવા માટે બતાવતું નથી. ત્યારે તો એને વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ આવા.

અરે! જેના અનંત આનંદ અતીન્દ્રિય આહા..હા..! અરે! જેણે અનંત નિગોદના ભવ અનંત કરીને, એક શ્વાસમાં અઢાર ભવ ... અરે! એક શ્વાસમાં અઢાર ભવ. ... એની દૃષ્ટિ પર ઉપર છેને. એકદમ ભવ ફેરવ્યા કરે છે, ભવ ફેરવ્યા કરે છે. આહા..હા..! રાજા, મહારાજાની બાયડ્યું હોયને. સાડલા ઘરે એક ન રાખે. દસ જાતના સાડલા હોય. છેને? ફેરવે. દિશા જવાનો સાડલો બીજો, ... સાથે ઓળો કરવા જાવું હોયને ચાર વાગે શું કહેવાય એ? મો વાળવા. મો વાળવા જાય ત્યારે બીજો, ભાઈની પાસે જાય ત્યારે બીજો. એક ટ્રંકમાં ૧૦-૧૫ જાતના સાડલા હોય. ફલાણી જાતનો ભુપેન્દ્ર મિલનો, એક ફલાણા ઢીકણાનો એ બધા ફેરવ્યા ફેરવ જ કરે. દરબાર એ ગુજરી ગયા તો કેટલા ૧૦૮ તો જોડા નીકળ્યા હતા. કેટલા જોડા? ભાવસિંહજી ગુજરી ગયાને. કેટલા જોડા! એને ફરવા હોય તો .. શું કહેવાય? આ

ચંપલ બીજી જાતના, બહાર નીકળે તો બીજી જાતના, ફળિયામાં જાવું હોય તો બીજી જાતના. દિશાએ શું કહેવાય એ? સંડાસ ત્યાં ગયા હોય તો બીજી જાતના, દીવાનખાનામાં આવવાનું હોય તો બીજી જાતના.

મુમુક્ષુ :- .. હોય તો બીજી જાતના.

ઉત્તર :- ... વળી બીજી જાતના. ગાંધી જેવા .. કરે નહિ. ભાઈ આમ છે અમારે. બીજી જાતના વેશ પહેરે. જુઓને આ અમારે મલૂકચંદભાઈ એ બીજી જાતનો વેશ ત્યાં પહેરે. નહિ મલુપચંદભાઈ! લ્યો! છોકરાના ઓશિયાળા થઈ ગયા. અમે તો માણસ .. છીએ, અમે તો કાઠિયાવાડ પહેરવેશ. નહિ .. પહેરો. એમ જેના ઉપર રુચિ છેને એને ફેરવ્યા જ કરે છે. આહા..હા..! ધર્મીને આનંદની રુચિ છે તો આનંદનો અનુભવ ફેરવ્યા જ કરે છે. અજ્ઞાનીને રાગની અને ભવની રુચિ ભવ ફેરવ્યા જ કરે છે. એક શ્વાસમાં અઢાર ભવ. આહા..હા..! એણે વિચાર્યું છે કે દિ'? દુઃખી... દુઃખી... દુઃખી... એક ભવમાં આ વાણિયાને ઘણાને એક ભવમાં ત્રણ-ચાર ભવ થઈ જાય. નથી થતાં? ઘડીકમાં ગરીબ હોય અને ઘડીકમાં કરોડપતિ હોય. .. છે કે નહિ નેમિદાસભાઈ! તમારે પણ બે-ત્રણ ભવ થઈ ગયા. હા.હા. પહેલા સાધારણ હતા, પાછા વચમાં પૈસા થઈ ગયા હતા, વળી પાછા ૮૭ની સાલમાં બધું કંચન નહોતું અને પેસા પણ નહોતા, પછી વળી કંચન અને પૈસા બેય આવ્યા.

મુમુક્ષુ :- હજી એકલા જ છે.

ઉત્તર :- હવે એકલા થઈ ગયા. પણ હવે તો એકલા જ થાયને ૮૭મું બેઠું તો ક્યાં સુધી? એકલો છે ભાઈ આ તો. આહા..હા..! એને દ્રવ્ય અને પર્યાયમાં બે ભાગમાં ઉભો રહીને. આહા..હા..! એ દ્રવ્યમાં આવ્યા વિના પર્યાયમાં ઊભો રહીને વિચાર કરવો એ વ્યવહારનો વિષય કહે છે. આના જવા માટે હોં. .. વાતો છે નહિ. સમજાણું કાંઈ? દુનિયાને બતાવવા માટે કે અમે જાણીએ છીએ, અમને આવડે છે એ તો વ્યવહાર પણ નથી. એ તો અજ્ઞાન વ્યવહારાભાસ. આહા..હા..! અંદર શુભવિકલ્પ છે એની સાથે. બાર અંગના જ્ઞાનનો વિકલ્પ છેને. એ તો પાઠમાં કહ્યું છેને. .. છે. લક્ષ તારું છેને? આહા..હા..! એથી એને અહીં વ્યવહાર કહ્યો.

મુમુક્ષુ :- અપૂર્વ વસ્તુ નથી.

ઉત્તર :- અપૂર્વ એ તો અપૂર્વ તો આત્માનો આનંદ અનુભવે એ અપૂર્વ છે. જેઠાભાઈ! આહા..હા..! ત્યાં તો ફક્ત બહારના જાણપણાના ઉઘાડ દેખાણા ત્યાં તો એને એમ થઈ જાય કે ઓહો..હો..! અમે તો કેમ થઈ ગયા જ્ઞાનીને આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા મિથ્યાત્વના ચાળા છે.

અહીં તો ભગવાન એમ કહે છે. ગજબ વાત છે. વ્યવહાર પરમાર્થનો કહેનાર હોં! કહેનાર.

.. પોતે પોતાને કહે છે એમ નહિ એ તો આ વસ્તુ ત્રિકાળ અભેદ છે તેનું લક્ષ કરાવવા વ્યવહાર છે આ, પણ એટલો ભેદ પાડીને કહે છે માટે તેનો વિષય પર થઈ ગયો એ ઉપચાર થયો, એ અસત્યાર્થ થયો અને એ આત્માનો આશ્રય કરવાલાયક નથી એમ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે **'પ્રથમ, જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે...'** પહેલી લીટી. **'तावत्'** શબ્દ છેને પહેલી લીટીમાં છેલ્લો. **'तावत् परमार्थो;'** છેને? પહેલી તો મુખ્ય વાત આ છે કે. એમ. જે શ્રુત એટલે ભાવશ્રુત જ્ઞાન. નિર્વિકલ્પ આનંદ એવા સ્વસંવેદન શાંતિ, એવું જે જ્ઞાન એનાથી કેવળ શુદ્ધ, કેવળ શુદ્ધ આત્માને જાણે છે. કેવળ એકલો શુદ્ધને અનુભવે છે. જાણેનો અર્થ અનુભવે છે. એ શ્રુતકેવળી છે, એ તો પરમાર્થ છે. એ શ્રુતકેવળી એને કહ્યો એ તો યથાર્થ છે, સત્યાર્થ છે. સમજાણું કાંઈ? ભૂતાર્થનો અર્થ સત્યાર્થ... વર્ણીજી .. સમયસાર.. ભૂતાર્થ .. એ અત્યારે નીકળી ગયું છે. અભૂતાર્થ એટલે અસત્યાર્થ નહિ, અભૂતાર્થ. પણ અભૂતનો અર્થ તો કર. અ નહિ છતો ભાવ. યથાર્થ ભાવ, છતો પદાર્થ નહિ, એમ આ વ્યવહાર તે અયથાર્થ છે. આહા..હા..! ગજબ વાત છે, પણ એ આશ્રય બતાવે છે ત્રિકાળને. એટલો એનો ઉપકાર ખરો કે નહિ? એમ પૂછતા હતા ભાઈ. વ્યવહારથી કહેવાય એને. સમજાય છે? ખરેખર એ છે નહિ. એમાંથી ખસી જાય ત્યારે નિશ્ચયનો અનુભવ થાય એટલે એનો ઉપકાર કરવામાં, ખરેખર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુખ્ય વાત એ છે કે **'પ્રથમ, જે...'** ભાવશ્રુત જ્ઞાન દ્વારા કેવળ શુદ્ધ આત્માને જાણે. ત્યાં ને ત્યાં અનુભવવો નથી એમ કહે છે. ભાવશ્રુત જ્ઞાનને જાણે એમ પણ નહિ. સમજાણું કાંઈ? **'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે...'** એમ. સમજાણું કાંઈ? ભગવાન પરમાનંદનો નાથ એને બતાવવા વ્યવહાર વચ્ચે આવે છે. એ વ્યવહાર પરમાર્થને કહેનાર છે એટલે વ્યવહાર છે એમ સ્થાપવાલાયક છે, પણ વ્યવહાર અનુકરણ અને અનુસરણીય છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? **'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને...'** એમ કેવળ એટલે. એક શુદ્ધ આત્માને જાણે છે. કારણ કે ઓલાને સર્વ આવે છેને એ અપેક્ષાએ. અર્થમાં એમ કહ્યું છે. અર્થમાં એમ કહ્યું છે. કેવળ એક શુદ્ધ છે. **'केवलं शुद्धम्'** છેને? **'કેવળ એક શુદ્ધ...'** એમ. ઓલા પરની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આ તો ધીમેથી સમજવાની વાત છે. આ કોઈ પંડિતાઈની અને... વ્યાખ્યાન દેતા આવડે છે. એ વાત નથી અહીં. વ્યાખ્યાન દેતા આવડે છે એ માન્યતા જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એવી વાતું છે, ભાઈ!

અહીં તો એ વસ્તુને પકડવાનો જે જ્ઞાનની પર્યાય જે **'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...'** આવ્યુંને? ઓલો એક કેવળ શુદ્ધ એટલે એક શુદ્ધ આત્મા. આ આવ્યોને એક. અનેક પ્રકારના વિચારો ઉભા થાય છે એને. લક્ષણ જ્ઞાનથી લક્ષ આ છે, જ્ઞાન એનો ધર્મ છે અને જ્ઞાન એમાં તાદાત્મ્ય છે, એવી જે પર્યાયમાં આવી વિચારધારા રહે અને એને જાણે એમ. 'જે

**સર્વશ્રુત જ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે, તે વ્યવહાર છે.**' એ વ્યવહાર છે. જુઓ, દેખો આ હજી વ્યવહાર છે. ઓલો તો વળી કહેતો હતો અમારે વ્યવહાર દવા-બવા ન કરવી રોગ આવે તો? લ્યો એમ કહેતો હતો. .. ભાઈ હતાને. ..ના દીકરા. અમદાવાદ. આવતા. અહીં આવે તો આવે ખરા દર્શન કરવા બધાય. ભાવનગર આવે તો આવે. ઓલા મકાનમાં પણ આવતા, અહીં આવ્યા તો આવે. કે મહારાજ આ વ્યવહાર શ્રદ્ધવા જેવો નથી એટલે અમારે રોગ થાય તો દવા કરવી કે નહિ? અરે! પણ એ વ્યવહાર જ ક્યાં છે? એ કરી શકે છે જ ક્યાં? દવા લાવવી અને દવા પીવી એ ક્રિયા આત્માની વ્યવહારે પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયનો વ્યવહાર વિચારના વિકલ્પસહિત છે એને જે જાણે, પણ એનું લક્ષ, એનો હેતુ તો ત્યાંથી જઈને અંતરમાં જવાનો છે. સમજાય છે કાંઈ? એને અંતર બતાવે છે. એથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર છે. તો વ્યવહારનો અર્થ એ થઈ ગયો કે વ્યવહાર પરાશ્રય છે, વ્યવહાર ભેદના વિષયને કરે છે વ્યવહાર, એનો વિષય ભેદ અને પર છે, એનો વિષય અભેદ અને સ્વ નથી. થયું કે નહિ એનો અર્થ?

'**જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે એમ કીધુંને? વ્યવહાર જાણે છે '**તે શ્રુતકેવળી છે...**' વ્યવહાર શ્રુતકેવળી છે. પણ એ વ્યવહાર શ્રુતકેવળી પણ કેમ છે? કે નિશ્ચય આ છે એ શ્રુતજ્ઞાનના વિચારમાં વર્તે છે. આ નિશ્ચય છે એટલો ભેદ વર્તે છે માટે એને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! ..ને કાઢી નાખીએ, વ્યવહાર અભૂતાર્થ ૧૧મીમાં છે. અસત્યાર્થ છે. વ્યવહાર શ્રુતજ્ઞાન છે એ અસત્યાર્થ છે. અરે ભારે ભાઈ! સમજાણું કાંઈ? 'હરિનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ.' સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, અભેદ એને બતાવનારો ભેદ પણ એને વ્યવહાર કહેવામાં આવે છે. બતાવનારો હોં, પમાડનારો એમ નહિ. એને છોડીને અંતરના અનુભવમાં જાય ત્યારે આત્માનું વેદન અને અનુભવ થાય, એણે આત્માને જાણ્યો અને એ નિશ્ચય વસ્તુને એકરૂપ જાણી એટલે શ્રુતકેવળી સાચો શ્રુતકેવળી એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે. એક મૂકીને ઘણાને જાણે છે એમ કહે છે. આહા..હા..! વ્યવહાર તો ભેદ છેને. જ્ઞાનની પર્યાયમાં અનેક પ્રકારની ધારા વિચારની ચાલે આ અભેદ છે એમાં જાવું છે એ એના પર્યાયની સાથે તાદાત્મ્ય છે. સમજાણું? એવી જે ધારા ચાલે છે એને જાણે છે. એ વ્યવહાર શ્રુત કેવળી કહેવામાં આવે છે. અરે! એણે કોઈને શાંતિથી એનો વ્યવહાર શું? નિશ્ચય શું એ પણ સમજ્યો નથી અને બહારના .. મારીને આ વ્યવહાર કરીએ તો આમ થાય, આ કરીએ તો આમ થાય. ધૂળેય ન થાય સાંભળને.

આહા..હા..! ભગવાનની ભક્તિ કરીએ, વ્રત પાળીએ, તપસ્યા કરીએ તો નિશ્ચય પમાય. એ તો વાત પણ જૂઠી છે. સમજાણું કાંઈ?

અહીં તો વ્યવહાર શ્રુતજ્ઞાનનું લક્ષ એને અંતર જાવું છે. એવી વિચારધારા પર્યાયમાં ઊભો રહીને કરે છે એને પણ અસત્યાર્થ અને અભૂતાર્થ કહેવામાં આવે છે. હવે બતાવે છે આને.. ને. એય..! જેઠાભાઈ! આ બધું વર્તમાન સાધુને આકરું પડે હોં! બાપુ! માર્ગ તો એ છે. .. નિશ્ચય. પણ નિશ્ચય સાથે વ્યવહાર કીધોને આ. આહા..હા..! બાપુ! વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. વસ્તુની મર્યાદા જ આવી છે. ભગવાન પૂર્ણાનંદનો અનુભવ સીધો કરે તો આવે એમાં અર્થમાં એવું આવ્યું છે હોં ટીકામાં. દ્રવ્યશ્રુતને આધારે ભાવશ્રુત ઉત્પન્ન થાય માટે .. પમાય. જયસેનાચાર્યમાં. .. આધારે શું? એને આધારે થાતા હશે? આમાં નથી જુઓ. ... અમૃતચંદ્રાચાર્ય.. અરે! ભગવાન! એ તો એણે વિષે જ્ઞાનમાં સમજાવ્યું છે. સમજાણું કાંઈ? ભાવશ્રુત તો દ્રવ્યને આશ્રયે થાય છે, ત્યારે દ્રવ્યશ્રુત નિમિત્ત હતું એથી એને આશ્રયે થયું એવો વ્યવહારનયે, અસત્યાર્થ નયે, જૂઠી નયે એમ કથન કરવામાં આવે છે. આહા..હા..! આવું. .. એમ જ આવે. ભાષા શું આવે? એમ નથી. એમ નથી એટલે એ સત્ય નથી. એમ લેવું. એમ નથી કીધું છેને ઓલામાં? એમ નથીનો અર્થ એ સત્ય નથી એમ. એમ વ્યવહારે કહ્યું એ સત્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે તે વ્યવહાર છે...**' બે ગાથાના અર્થ આવી ગયા. બે ગાથાના બે અર્થ તો આવી ગયા. હવે એને જરી સ્પષ્ટ કરે છે. એને વ્યવહાર કેમ કહેવો. '**અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએ—ઉપર કહેલું સર્વ જ્ઞાન...**' વ્યવહારુ જ્ઞાન હો. એ '**આત્મા છે કે અનાત્મા?**' એ આત્માની પર્યાયમાં વર્તે છે કે પરમાં વર્તે છે? એ જ્ઞાન આત્મા છે કે અનાત્મા? '**જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' એ આત્માનું લક્ષણ છે, એ પરનું લક્ષણ નથી. લક્ષણનું લક્ષ સાથે તાદાત્મ્ય છે. લક્ષણનો બીજા સાથે તાદાત્મ્ય છે નહિ. આહા..હા..! આવી વહેંચણી કોણ કરે? નવરાશ નથી. પા કલાક વાંચે સ્વાધ્યાય કરવાનું. થઈ રહ્યું. ... ભગવાનના દર્શન કરીએ, .. આ કરી, સ્વાધ્યાય કરીએ, બે મિનિટ વાંચે. એક બાઈ આવી બે મિનિટ વાંચે લ્યો સ્વાધ્યાય થઈ ગયો. અરે ભગવાન! આહા..હા..! બાપુ! તારા નિહાલના રસ્તા આ જન્મ-મરણના દુઃખથી છૂટવાના અનંતકાળે જાણ્યો નથી એવો એ માર્ગ છે. સમજાણું કાંઈ? એક શ્વાસમાં અઢાર ભવ! ... અઢાર ભવ બાપા! એક શ્વાસ એના એટલામાં અઢાર ભવ. નિગોદ નિગોદના. નિગોદમાં અઢાર ભવ. આહા..હા..! એવા અનંતા-અનંતાવાર ગયો. પણ પોતે શું ચીજ છે એની એણે કિંમત ટાંકી નથી. આ

વ્યવહારની કિંમત ટાંકે ત્યાં સુધી એ ભાન વિનાનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? પરની કિંમત તો એકકોર રહી. આહા..હા..! અમે આવા શરીરવાળા, આવા અમે રૂપાળા, આવા અમારે પૈસા, આવા અમારે બંગલા, આવી અમારે આબરૂ, આ અમારા દીકરા અને આવી અમારી દીકરીયું. બી.એ. ને એલ.એલ.બી. ભણેલી. એક જણો કહે અમારી દીકરી આમ ભણે. આટલું બધું કેમ ભણી? આ તો તમે બોલતા હતા. .. ભાઈ હતાને . અમારી દીકરી આમ ભણે છે. શું છે પણ આ! આટલી ભણી છે. આહા..હા..! એ તો વ્યામોહના કારણે છે. પણ આ ભગવાન આવો એવો પર્યાયમાં ઉભા રહીને... આહા..હા..! દ્રવ્યને જુદું રાખી પર્યાયમાં ઉભો રહીને આવા વિચાર કરે એને પણ આમાં જવાના હેતુ એ વિચાર કરે છે હોં! તોપણ તે અસત્યાર્થ અને વ્યવહાર.. કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત...**' અનાત્મા આકાશ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, પુદ્‌ગલ પાંચ દ્રવ્યો તેનું જ્ઞાન સાથે તો તાદાત્મ્ય બનતું નથી. પર્યાય.. જ્ઞાનની પર્યાયમાં નથી. છે? આહા..હા..! '(**કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી**).' જ્ઞાનની પર્યાયનું લક્ષણ છે એ એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ? '**તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી જ્ઞાન આત્મા જ છે એમ પક્ષ સિદ્ધ થાય છે.**' વ્યવહાર હોં હજી આ. આ જ્ઞાન તે આત્મા, પર્યાય તે આ દ્રવ્ય. આહા..હા..! જાણવાની પર્યાયમાં આ પર્યાય તે આત્મા. આ પર્યાય તે આની જડની. .., શરીરની એની નહિ. સમજાણું કાંઈ?

'**આત્મા જ છે એમ પક્ષ સિદ્ધ થાય છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.**' વ્યવહાર હોં હજી આ. '**માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.**' જ્ઞાનની પર્યાય એ આત્માની જ છે એવો ભેદ પડ્યો છે. '**આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે'...**' એ નિશ્ચય આવ્યું. સરવાળો એનો લે છે. પહેલું કીધું હતુંને એનું સ્પષ્ટ કરીને એનો સરવાળો લે છે. જે આત્માને અનુભવે. એ શ્રુતકેવળી એ નિશ્ચય છે. '**એમ જ આવે છે;...**' એમ કહે છે. '**અને તે તો પરમાર્થ જ છે.**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનનો પુંજ એને અનુભવે એ તો સાચી વાત છે. તો પરમાર્થ છે, પરમપદાર્થના અનુભવને અનુભવે તે પરમ પરમાર્થ છે. આહા..હા..!

'**આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદોથી...**' વ્યવહાર સિદ્ધ કરે છે. ઓલો નિશ્ચયથી હતું. '**આ રીતે જ્ઞાન અને જ્ઞાની...**' જ્ઞાની એટલે આત્મા. જ્ઞાની જ્ઞાન એટલે એના પર્યાય એના '**ભેદોથી કહેનારો જે વ્યવહાર...**' તે ભેદથી કહેનારો જે વ્યવહાર જોયો. .. ભેદથી કહે છે. ... અભેદથી. પરનો આશ્રય થયો એટલે ભેદમાંથી પરાશ્રય થઈ ગયો. આહા..હા..! '**જ્ઞાન અને જ્ઞાનીના...**' જ્ઞાન પર્યાય અને જ્ઞાની આત્મા એવા બે '**ભેદથી કહેનારો જે**

**વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે.'** તેનાથી પરમાર્થ અભેદ અનુભવ કરવો એ કહેવામાં આવે છે. એનાથી વ્યવહારથી વ્યવહાર કરવો કે વ્યવહારમાં રહેવું એમ કહેવામાં આવતું નથી. આહા..હા..! આવા સાધારણ માણસને તો બધું ગ્રીક-લેટીન જેવું લાગે નહિ? નેમીદાસભાઈ! અને ત્યાં તમે વાંચો તો આમાં શું વાંચે? આ શેઠ વાંચતા હતા ત્યાં કોણ બીજું વાંચે? વ્યાખ્યાન. વ્યાખ્યાન બંધ.. આહા..હા..! વ્યાખ્યાન પણ લક્ષણને બતાવનારા. સમજાણું કાંઈ?

**'જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી...'** આ જ્ઞાનની પર્યાય આ આત્માની છે એમ ભેદથી કહીને **'વ્યવહાર તેનાથી પણ પરમાર્થ કહેવામાં આવે છે.'** પર્યાયને પર્યાયથી કહેવામાં આવી છે એમ નથી. એમ બતાવ્યું નથી. ભારે ચીજ આવી. ... એને એના પૂંછડા એલ.એલ.બી.ના પૂંછડા વળગાડેલા. એ તો બધી .. ઉપાધિ છે. ઉપાધિ છેને? .. સંસ્કૃત પ્રોફેસર.. આહા..હા..! અહીં તો કહે છે એમાં વ્યવહારે કહ્યું હતું. ભલે એનો વિષય પર હતો, પણ એને પાછો આ વિષયને બતાવ્યો છે એણે ભેદ પાડીને. સમજાણું કાંઈ? ભેદ એનો વિષય હતો. છતાં ભેદે આ કહ્યું છે કે જો આ છે એમ ભેદે કરીને. સમજાણું કાંઈ? **'તેનાથી પણ પરમાર્થ કહેવામાં આવે છે.'** આમાંથી એવું કાઢે છે ભાઈ! જુઓ, વ્યવહારમાં પણ પરમાર્થ છે. અરે! એ ક્યાં છે ભગવાન! વ્યવહારમાં પણ પરમાર્થનો અંશ છે. વ્યવહાર એમ કે એણે એ જ કહ્યું છે. પરમાર્થને જ માત્ર કહેવામાં આવે છે, પણ કહેવામાં એટલે એ તો કહે છે કે આ આત્મા એમ કહે છે. કહે છે એમાં પરમાર્થ ક્યાં આવ્યો? આહા..હા..! આવા અર્થ કરે છે અંદરથી હોં!

મુમુક્ષુ :- એ તો માત્ર બતાવે છે.

ઉત્તર :- બતાવે છે કે જો ભાઈ આ. એ ભગવાન પરિપૂર્ણ એક શુદ્ધ. એક શુદ્ધ એને બતાવે છે. પોતે પોતાને બતાવે છે એમ પણ નહિ, પરને બતાવે છે એમ પણ નહિ. સમજાણું કાંઈ?

**'આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર...'** જોયું! કહેનારો વ્યવહાર એમ. એનો વિષય આ. **'તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે.'** તેનાથી પરમાર્થમાત્ર જ. વ્યવહારથી વ્યવહાર નહિ, પર્યાયથી પર્યાય નહિ. આહા..હા..! પરમાર્થ અખંડાનંદ પ્રભુ છે અંદર. એને અનુભવ. એમ એ કહે છે. **'તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.'** એનાથી ભિન્ન અધિક બીજું કાંઈ વ્યવહાર-વ્યવહારને જણાવે, વ્યવહાર નિમિત્તને જણાવે એવું કાંઈ કહેવામાં આવતું નથી કહે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ -૧૩, બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૭૧**
**ગાથા-૯-૧૦, ૧૧, પ્રવચન-૪૦**

આ સમયસાર. ૯મી-૧૦મી ગાથા ચાલે છે. વ્યવહાર પરમાર્થને કહેનારો કેમ છે? એ પૂછ્યું છે. એનો ઉત્તર છેને આ? માથે આવ્યું છેને? '**વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—**' આ તો આવી ગયું છે અહીં સુધી. '**તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.**' ત્યાં સુધી આવી ગયું છે. મૂળ તો એમ કહેવું છે કે જ્ઞાન ભાવજ્ઞાનથી આત્માને અનુભવે એ તો નિશ્ચય વસ્તુ છે. પણ એ કથંચિત્ વચનગોચર છે. સર્વથા એનું સ્વરૂપ ભાવશ્રુતથી આત્મા જાણે એમાં એનું સર્વથા સ્વરૂપ કહી શકાય નહિ. કથંચિત્ વચનગોચર કહેવાય. પણ વ્યવહાર તે આત્મા, જ્ઞાન તે આત્મા અથવા જ્ઞાનની પર્યાયમાં બીજા બધા દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે? કે આત્મા શું છે એવું જે પર્યાયમાં જાણપણું મુખ્ય થાય એ જ્ઞાન આત્માનું છે અને એ જ્ઞાન તે આત્માનું લક્ષણ છે અથવા જ્ઞાન તે આત્મા છે. એમ એને સ્પષ્ટ રીતે વ્યવહારથી, જ્ઞાનથી આત્મા છે એમ કહી શકાય છે. એ વ્યવહાર પરમાર્થનો કહેનાર છે. ઓલા બતાવે છે અભેદને. સર્વથા અભેદનું કથન કરવું એ વચનગમ્ય વિશેષ નથી. ભાવાર્થમાં લેશે આગળ એ. સમજાણું કાંઈ?

'**જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે...**' ત્યાં આવ્યું છે આપણે. ભાવાર્થની ઉપરની ત્રીજી લીટી. જે આત્મજ્ઞાન દ્વારા પાધરો આત્માને જાણે ભાવજ્ઞાન દ્વારા એમાં ભેદની અને પરની અપેક્ષા આવતી નથી. એથી કેવળ આત્મા શ્રુતકેવળી છે. '**એવા...**' એમ. '**એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી,...**' કહ્યું તો ખરું, પણ અંદર આમ સીધું એને પકડવું એ કઠણ પડે અને કથનમાં પણ એનું સીધું કથન જ્ઞાન વેદનથી આત્મા જણાય. આત્મા હોં! જ્ઞાનને જ્ઞાનથી એમ નહિ. એથી એને જ્ઞાનથી આત્મા જણાય, આત્મા જ્ઞાનને જાણે તો એના વડે પછી આત્મા છે એમ જાણે. એનું નામ વ્યવહાર થયો.

મુમુક્ષુ :- પહેલાં જ્ઞાનમાં જાણે.

ઉત્તર :- જ્ઞાનમાં જાણે. સમજાણું કાંઈ? આ જ્ઞાન છે એમ જ્ઞાનમાં ભેદનો વિચાર પરદ્રવ્યનો (કરે કે) સર્વજ્ઞ આમ કહે છે, પરમેશ્વર આમ કહે છે, આગમ આમ કહે છે, એવો જે દ્રવ્યશ્રુતનો વિકલ્પનો ભાવ એ દ્વારા આ જ્ઞાન તે આત્મા સાથે તાદાત્મ્ય છે. આ જ્ઞાન પર સાથે તાદાત્મ્ય

નથી. એટલો ભેદ પાડીને કથન કરવું એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે.

'**જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે...**' એ પરમાર્થ છે, પણ '**એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી,...**' આમ છે. કહ્યું તો થોડું ખરું. સર્વથા અશક્ય હોય તો તો વાણી આગમમાં એનું કોઈ કથન આવી શકે નહિ. આમ તો બધું છેને, આવે છેને. નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી, નિક્ષેપથી એ બધો વ્યવહાર છે. ભેદથી (બતાવે છે). આવે છે, ૪૭ નયમાં આવે છે. અથવા આ વક્તવ્ય છે, અવક્તવ્ય છે એની સપ્તભંગીમાં પણ કથંચિત્ વક્તવ્ય અને કથંચિત્ અવક્તવ્ય છે.

મુમુક્ષુ :- સર્વથા અવક્તવ્ય હોય તો કહી શકાય નહિ.

ઉત્તર :- તો તો કહી શકાય નહિ. સમજાણું? પણ વ્યવહાર દ્વારા કહી શકાય એમ બરાબર છે. એમ ઈ બતાવવું છે. સમજાણું કાંઈ? સીધું આ આત્મા એમ શી રીતે બતાવવું? એટલે ભાષા આવે અમુક, પણ કથંચિત્ કોઈ અપેક્ષાથી જ આવે છે. સર્વથા નિશ્ચયને બતાવનારી શૈલી છે નહિ. વ્યવહાર જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. ભલે એ જ્ઞાન ષટ્ દ્રવ્યના વિચારમાં રોકાણું હોય, સમજાય છે? પણ એ જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે. સમજાણું કાંઈ? એટલો વ્યવહારથી પરમાર્થને બતાવનાર વ્યવહાર છે માટે વ્યવહાર સ્થાપવા લાયક છે. છે ખરો. અનુકરણ નથી.

મુમુક્ષુ :- સ્થાપન કરવાયોગ્ય છે.

ઉત્તર :- સ્થાપન કરે એટલે છે એટલી જ વાત. એ સ્થાપનની વ્યાખ્યા જ એટલી છે. સ્થાપનનો અર્થ બીજો નથી કાંઈ. છે એ સ્થાપવું. એમ. છે એમ છે. પણ એનાથી અનુસરણ કરીને આત્માનું જ્ઞાન થાય એમ નથી. છે એમ કીધું. વ્યવહારમાં ન હોય તો પર્યાય, રાગ, ભેદ બધી વસ્તુ જ નથી. વ્યવહાર છે ખરો, પણ વ્યવહારના આશ્રયથી કહેવું છે નિશ્ચયનું. સમજાણું કાંઈ? આ તો સમયસારની અલૌકિક રીત છે!

'**એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું...**' કહેવું-સમજાવવું એ '**અશક્ય હોવાથી,...**' ભાવાર્થમાં કથંચિત્ લેશે. અહીં તો અશક્ય છે એમ સીધું લીધું છે. ટીકામાં. સમજાણું કાંઈ? '**જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' જુઓ, અહીં શ્રુતજ્ઞાનને જાણે છે. જ્ઞાન તે પર્યાય તે આત્માની છે, તે જ્ઞાન લક્ષણ તે આત્માનું છે એમ જે શ્રુતજ્ઞાનને જાણે છે '**તે શ્રુતકેવળી...**' વ્યવહાર છે. '**એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે.**' પોતાને હોં! છે વ્યવહાર. '**એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી...**' પરમાર્થ એવો ભગવાન જ્ઞાયકભાવ શુદ્ધ એક એને બતાવનારો, કહેનારો હોવાથી એ વ્યવહાર પોતાને. એમ. '**દૃઢપણે સ્થાપિત કરે છે.**' કહો, સમજાણું કાંઈ? એ ટીકા પૂરી થઈ. પણ પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે એમ છેને? આહા..હા..! '**प्रतिष्ठापयति**' '**परमार्थप्रतिपादकत्वेनात्मानं**' એટલે પોતાને એમ. '**आत्मानं**' સંસ્કૃત છેને?

'परमार्थप्रतिपादकत्वेनात्मानं' પોતાને 'प्रतिष्ठापयति' દઢપણે સ્થાપિત કરે છે. 'प्रतिष्ठापयति' પોતાને પ્રતિષ્ઠા કરે કે અમે છીએ વ્યવહાર. સમજાણું કાંઈ? ચેતનજી! આ તો વ્યવહારનું સ્થાપન કર્યું. વ્યવહાર નથી? વ્યવહાર નથી તો આ વ્યવહાર દ્વારા આ સમજાવવું એ રહ્યું નહિ અને એની પર્યાયના ભેદો, ગુણસ્થાનના ભેદો, ભગવાન આમ કહે છે એવો જે વ્યવહાર એ કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

ભાવાર્થ. એ જરી શાસ્ત્રજ્ઞાનથી લીધું છે પણ ખરેખર તો ભાવજ્ઞાન છે. ભાવ આગમ, ભાવ આગમ. કેમ ભાઈ અત્યારે આવ્યા? પ્રવિણભાઈ આવ્યા? ભાવનગરથી મોટર આવી હતી. આ મોટર આવી એમાં? ઠીક. સાંભળવા? ઠીક. કહે છે કે શાસ્ત્રજ્ઞાનથી એટલે ભાવજ્ઞાનથી. શાસ્ત્રજ્ઞાન તો વ્યવહાર છે. પણ ભાવજ્ઞાન એ અંદર સ્વસંવેદનજ્ઞાન શ્રુતજ્ઞાન એના દ્વારા અભેદરૂપ જ્ઞાયકમાત્ર, એકરૂપ ચૈતન્ય જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે. એ તો પરમાર્થ છે. યથાર્થ છે, નિશ્ચય કથન છે અને એનું નિશ્ચય સ્વરૂપ છે. '**વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે...**' શાસ્ત્રની વિચારણામાં હોય, આ જ્ઞાન આમ છે ને આત્મા આમ છે, જ્ઞાન તે આત્માનું લક્ષણ છે એવા જે શાસ્ત્રજ્ઞાનમાં જાણે '**તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જાણ્યો...**' એટલે કે જ્ઞાનને જાણ્યું એ જ્ઞાન આત્માનું છે એમ એણે જાણ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— કાંઈક ઉમેરવું પડે.

ઉત્તર :— ઉમેરવું પડે. શું થાય? વજુભાઈ! કાંઈક નાખવું પડે થોડું. વસ્તુ એવી છે. વચનાતીતને વચનમાં લાવવી એ પણ વચન જડ. આહા..હા..!

કહે છે '**સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે તેણે પણ જ્ઞાનને જાણવાથી...**' જ્ઞાનને જાણવાથી એમ લીધુંને? જ્ઞાનને જાણવાથી આત્માને જાણ્યો. એટલે જ્ઞાન તે આત્મા એમ. '**કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે;...**' પણ એનો અર્થ થયોને તો ભેદ પડ્યો એ. એ જ્ઞાન છે તે આત્મા જ છે. એ જ્ઞાન છે તે આત્મા છે એમ. ભેદ પડ્યોને એટલો? '**તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો..**' એથી જ્ઞાન જાણવું અને જ્ઞાની આત્મા એને ભેદ કહેનારો તેણે પણ પરમાર્થ જ કહ્યો છે. પરમાર્થ કહ્યો. '**અન્ય કાંઈ ન કહ્યું.**' એમ કહ્યું કે વ્યવહાર પોતાને દઢપણે છે એમ સ્થાપે છે. સમજાણું? છે એમ સ્થાપે છે, પણ વ્યવહાર વ્યવહારને જણાવે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આવું બધું મુંબઈમાં ચાલે? ...

'**વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી...**' એમ છેને. ત્યાં અશક્ય હતું. કથંચિત્ છે એનો અર્થ લઈ લેવો. પરમાર્થનો વિષય તો ભગવાન આત્મા તદ્દન નિત્ય અભેદ એક શુદ્ધ સ્વરૂપ એ પરમાર્થનો વિષય છે, સમ્યગ્દર્શનનો એ વિષય છે. સમ્યક્ નિશ્ચયજ્ઞાન શુદ્ધનયનો એ ધ્યેય છે અથવા એ શુદ્ધનય પોતે જ છે. ૧૧મામાં એમ કહે

છેને ભાઈ! સમજાણું કાંઈ? '**કથંચિત્ વચનગોચર પણ નથી...**' કથંચિત્ વચનગમ્ય પણ છે એમ એનો અર્થ થયો કે નહિ? સર્વથા અવક્તવ્ય હોય તો તો પછી શાસ્ત્ર કહે છે એ સમજવું એને એ બધું રહેતું નથી. '**તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું.**' લ્યો! જ્ઞાન ભેદરૂપી જે જ્ઞાન તે આત્મા અને આ લક્ષણ તે આ આત્માનું એમ વ્યવહારમાત્રથી આત્માને પ્રગટપણે કહે છે. લ્યો એ ૯-૧૦ થઈ.

## ગાથા-૧૧

कुतो व्यवहारनयो नानुसर्तव्य इति चेत् —

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।
व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः।
भूतार्थमाश्रितः खलु सम्यग्दृष्टिर्भवति जीवः।।११।।

व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति। तथा हि - यथा प्रबलपंकसंवलनतिरोहितसहजैकाच्छभावस्य पयसोऽनुभवितारः पुरुषाः पंङ्कपयसोर्विवेकमकुर्वन्तो बहवोऽनच्छमेव तदनुभवन्ति, केचित्तु स्वकरविकीर्णकतकनिपातमात्रोपजनितपंङ्कपयोविवेकतया स्वपुरुषकाराविर्भावितसहजैकाच्छभावत्वादच्छमेव तदनुभवन्ति; तथा प्रबलकर्मसंवलन-तिरोहितसहजैकज्ञायकभावस्यात्मनोऽनुभवितारः पुरुषा आत्मकर्मणोर्विवेकमकुर्वन्तो व्यवहारविमोहितहृदयाः प्रद्योतमानभाववैश्वरूप्यं तमनुभवंति; भूतार्थदर्शिनस्तु स्वमतिनिपातितशुद्धनयानुबोधमात्रोपजनितात्मकर्मविवेकतया स्वपुरुषकाराविर्भावितसहजैकज्ञायकभावत्वात् प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवन्ति। तदत्र ये भूतार्थमाश्रयन्ति त एव सम्यक् पश्यन्तः सम्यग्दृष्टयो भवन्ति, न पुनरन्ये, कतकस्थानीयत्वात् शुद्धनयस्य। अतः प्रत्यगात्मदर्शिभिर्व्यवहारनयो नानुसर्तव्यः।

હવે વળી એવો પ્રશ્ન ઉઠે છે કે-પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

શ્લોકાર્થ :- [व्यवहारः] વ્યવહારનય [अभूतार्थः] અભૂતાર્થ છે [तु] અને [शुद्धनयः] શુદ્ધનય [भूतार्थः] ભૂતાર્થ છે એમ [दर्शितः] ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; [जीवः] જે જીવ [भूतार्थ] ભૂતાર્થનો [आश्रितः] આશ્રય કરે છે તે જીવ [खलु] નિશ્ચયથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ [भवति] છે.

ટીકા :- વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :- જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનાર પુરુષો-જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ (નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

ભાવાર્થ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે- ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને તેનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે- 'શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.' એમ આશય જાણવો.

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

હવે આ મૂળ ગાથા જૈનશાસનનો પ્રાણ. તે દિ' ભાઈ હતા. વજુભાઈ હતા કે નહિ? આ ૧૧મી ગાથાનો અર્થ હતો તે દિ'. એ સાંભળતા કહે.. આમાં પણ આવ્યું પાછું આજે. એ સાંભળીને કહે કે આહા..હા..! આવી વસ્તુ! એમ નહિ સમજાતી હોય એમ સમજે લ્યો! ... પહેલાં વર્ષમાં. આવ્યા પછી લ્યો! **'હવે વળી એવો પ્રશ્ન ઉઠે છે કે-પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારનયને અંગીકાર ન કરવો,...'** ૮મામાં તો એમ કહ્યું હતું. **'પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?'** આપે તો કહ્યું 'નાનુસર્તવ્યઃ'. વ્યવહારનયનું અનુસરણ કરવું નહિ. વળી કહો કે વ્યવહાર નિશ્ચયને

સ્થાપે, પરમાર્થને કહે, એવા વ્યવહાર કેમ અંગીકાર ન કરવો? **'એના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—'** લ્યો! જૈનશાસનનો પ્રાણ છે આ. છઠ્ઠી ગાથા એ પણ આથી ઊંચી ચીજ છે, પણ એ કરતાં ૧૧માં તો એકદમ પોતે ત્રિકાળી વસ્તુ તે જ શુદ્ધનય એમ સિદ્ધ કરે છે અહીં તો. સમજાણું કાંઈ? છઠ્ઠીમાં તો પ્રમત્ત-અપ્રમત્ત નથી (એમ કહ્યું). સમજાણું? એકલો જ્ઞાયકભાવ છે. આહા..હા..! જ્ઞાયકભાવ છે એ જાણનાર ભાવ. આ હોં! જ્ઞાયકભાવ તે આત્મા. ભેદભાવ તે આત્મા નહિ. બે ભાવની વચ્ચેની વહેંચણી. અહીં એમ કહેશે કે એ જ્ઞાયકભાવ જે ત્રિકાળ... ત્રિકાળ... એકરૂપભાવ આત્માનો એને અમે શુદ્ધનય કહીએ છીએ. નય અને નયનો વિષય બે ભેદ અધ્યાત્મમાં અંદર લાગુ પડતો નથી. સમજાણું કાંઈ? ત્યાં તો એમ કહ્યું છે શુદ્ધનય, નિશ્ચયનય જ્ઞાયકભાવને બતાવે છે એમ કહ્યું હતુંને?

મુમુક્ષુ :- ૯માં અને ૧૦મામાં એમ કહ્યું

ઉત્તર :- એમ કહ્યું. છઠ્ઠીમાં એમ કહી દીધું કે નિશ્ચયનય જ્ઞાયકભાવને બતાવે છે વ્યવહારનયનો નિષેધ કરીને. પ્રમત્ત-અપ્રમત્ત (નથી). કેમકે ભગવાન જ્ઞાયકભાવ પોતે શુભ અશુભરાગના વિકલ્પપણે જે અચેતન છે, જે જ્ઞાનના સ્વભાવનો એમાં અંશ નથી એ રૂપે તે જ્ઞાયકભાવ થયો નથી તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત લાગુ પડતા નથી. એમ કહ્યું. સમજાણું કાંઈ? એ પછી લેશે શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી. જુઓ, આ જ્ઞાનની પ્રધાનતાથી વાત આવે છે.

**'એવો પ્રશ્ન ઊઠે છે કે—પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ...'** એની સ્થાપના આત્માની અંતર વસ્તુને સ્થાપનાર છે, કહેનાર છે તો એને કેમ અંગીકાર ન કરવો? **'તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—'** લ્યો! **'कुतो व्यवहारनयो नानुसर्तव्य'** એમ છેને માથે?

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।**

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**'ગાથાર્થ :- વ્યવહારનય અભૂતાર્થ છે...'** એમાં તો એ સીધી વાત છે કે અ-ભૂત-અર્થ. છતો ભાવ એ નહિ. અ-નહિ, ભૂત-છતો, અર્થ (એટલે) પદાર્થ નહિ. વિદ્યમાન પદાર્થ નહિ. વ્યવહાર તે અવિદ્યમાન પદાર્થને બતાવે છે. લ્યો ઠીક! **'અભૂતાર્થ છે...'** આમાં વાંધા ઉઠ્યા છે કે અભૂતાર્થ કેમ કહ્યો કુંદકુંદાચાર્યે અને એને અસત્યાર્થ કેમ ન કહ્યો? પણ અભૂતાર્થનો અર્થ જ અસત્યાર્થ છે. એઇ..! પંડિતજી! આ અમારે પંડિતજી રહ્યા. સંસ્કૃતમાં અભૂતાર્થનો અર્થ શું કરવો?

મુમુક્ષુ :- ટીકામાં અર્થ કર્યો છે.

ઉત્તર :- બધે કર્યો છેને એક-એક ઠેકાણે. એ મોટી તકરાર. એ તો આણે પણ કહ્યું. અજમેરનું અજમેરનું. ... અભૂતાર્થનો અર્થ... ભૂતાર્થ એટલે સત્યાર્થ અને અભૂતાર્થ એટલે અસત્યાર્થ. એમાંથી કહ્યું છેને. શબ્દનો અર્થ એવો છે. અ-નહિ, ભૂત-છતો. હયાતીવાળો પદાર્થ નહિ, વિદ્યમાન નહિ. ભૂતાર્થ. ભૂત-અર્થ, છતો પદાર્થ, છતો-શાશ્વત પદાર્થ, હયાતીવાળો પદાર્થ એ ભૂતાર્થ. શબ્દાર્થ કરવાના વાંધા. પોતાની દૃષ્ટિ પ્રમાણે મેળ ન ખાયને. કથંચિત્ ભૂતાર્થ-અભૂતાર્થ એમ કહો. ... કથંચિત્ આમ કરો.

'**વ્યવહારનય...**' જે જ્ઞાનનો અંશ ભેદવાળો છે એ ભેદને જ વ્યવહારનય કહે છે. '**અને શુદ્ધનય ભૂતાર્થ છે...**' શુદ્ધનય પોતે ભૂતાર્થ છે. શુદ્ધનયથી ચ્યુત થવું આવે છેને ઘણીવાર? પોતાના સ્વભાવના આશ્રયથી ચ્યુત થવું. એ શબ્દ નાખ્યો છે. ત્રિકાળી ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ શાશ્વત પદાર્થ, નિત્ય ટંકોત્કીર્ણ સદૃશભાવ અભેદ એક શુદ્ધ એવા સ્વભાવને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. અહીં શુદ્ધનય એને કહેવામાં આવે છે, એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે એમ નથી કહ્યું પહેલું. પછી કહેશે, ભાઈ! પછી કહેશે. '**ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે;...**' ત્યાં સુધી પહેલા પદનું કહ્યું.

હવે. '**જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે...**' લ્યો ત્યાં આવ્યું હવે. એ શુદ્ધનય જે ત્રિકાળી છે એનો આશ્રય કરે છે. જુઓ, આશ્રય આવ્યો કે નહિ? ..ભાઈ એમ કહેતા હતા. આશ્રય આવ્યો. એ આશ્રય વ્યવહાર થઈ ગયો. પણ આશ્રય કર્યો છે કોનો? આશ્રય તો પર્યાયમાં જ આવેને, પર્યાયમાં જ કાર્ય થાય, દ્રવ્યમાં ક્યાં કાર્ય થાતું હતું. સમજાણું કાંઈ? ત્રિકાળી ભૂતાર્થનો આશ્રય, અવલંબન, એને ધ્યેય બનાવીને એનો આશ્રય કરે છે તેની સન્મુખ થાય છે તે જ એણે આશ્રય કર્યો. '**તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.**' તે જીવ સત્યદૃષ્ટિ છે. જે ત્રિકાળ જ્ઞાયક સત્યાર્થ પદાર્થને આશ્રય કરે છે એટલે કે ત્રિકાળી ભૂતાર્થ સ્વભાવ જે શુદ્ધનય છે એ શુદ્ધનય અને વિષય બે એક જ છે, એનો આશ્રય કરે છે, પર્યાય એને અવલંબે છે તેને ખરેખર સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયથી કહેવામાં આવે છે. જુઓ, આ સમ્યગ્દર્શન નિશ્ચયથી આને કહીએ. સમજાણું કાંઈ?

'**આશ્રય કરે છે તે જીવ...**' એમ. '**નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.**' આમાં ક્યાંય એમ નથી કહ્યું કે દર્શનમોહ ખસે કે કર્મ ખસે તો આશ્રય કરે. એઈ..! આ કહેલું હોય (તેનાથી) વિરુદ્ધ કહે બીજે? સમજાણું કાંઈ? પૂર્વાપર વિરોધ થઈ જાય એ તો. વીતરાગની વાણી એવી હોય નહિ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહે, પણ અહીંયાં આશ્રય લેવામાં કર્મ ત્યાં દર્શનમોહ જગ્યા આપે તો ભૂતાર્થનો આશ્રય લે એમ નથી. સમજાણું કાંઈ? એ પોતે જ પુરુષાર્થથી (આશ્રય લ્યે છે). આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ

એને વર્તમાન પુરુષાર્થથી આશ્રય કરે છે. બીજી વાત છે નહિ આમાં. સમજાણું કાંઈ? પુરુષાર્થ પોતાનું વીર્ય શ્રદ્ધા આદિને અંતરમાં વાળે છે. એટલે કે આશ્રય અંદરનો લે છે. એને આત્માની પ્રાપ્તિ થાય છે કે આવો આત્મા છે એને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. એ સમ્યક્ નામ એ સત્ય દષ્ટિવાળો છે. જેણે સત્યાર્થ પદાર્થ ત્રિકાળી એનો આશ્રય લીધો એથી તે જીવને સત્યદષ્ટિ, સાચી દષ્ટિ, નિશ્ચય સાચી દષ્ટિ, નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે આકરું આવું કામ. ઓલા કહે કે સાધન શું? સાધન શું?

હમણાં બે જણા આવ્યા હતા પાલિતાણાથી. એક બારોટ હતા. દાઢી-બાઢી હતી. હતો જુવાન અને એક બીજો, બે આવ્યા હતા. બેઠા. .. મેં કીધું, અહીં તો આત્માની વાત ચાલે છે. અહીં તો માર્ગ આ છે. પણ એનું સાધન? શું કહ્યું? કીધું, આ દેશ સેવા અને બધી વાત અમે જાણીએ છીએ. દેશસેવા અને ફલાણું કરવું જોઈએ. આનું ને આ. એ સાધન-ફાધન છે જ નહિ. એ ઓલું નરસિંહ મહેતાનું કહીએ એટલે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' સાધના અહીં તો ના પાડે છે સાધનાની. એ શ્રીમદ્માં પણ એમ આવે છે. ... 'વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' ખરેખર એ બાહ્ય સાધનની અપેક્ષા નિશ્ચય રાખતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો સીધી વાત, એકરૂપ ભગવાન એનો જે આશ્રય કરે તે જીવ ખલુ.. ખલુ.. નિશ્ચયથી ખરેખર એ સમ્યગ્દષ્ટિ છે. ભવતિ નામ થાય છે એનો અર્થ આ આવું કરે તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? નહિતર સમ્યગ્દષ્ટિ થાય છે. પણ એ થાય છે નહિ, અહીં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા આખા જૈનદર્શનના પ્રાણ છે. વિશ્વદર્શન. આ વિશ્વદર્શન છે. વિશ્વધર્મ કી જય. આ વિશ્વધર્મ. સમજાણું કાંઈ? આહા..હા..! એ એમ કહે છે કે વિશ્વધર્મનો જય કહો તો કેટલાક વિરોધ કરે છે. આહા..હા..! પણ વિશ્વધર્મ એટલે જૈનધર્મ છે એ વિશ્વધર્મ છે એમ કહેવું છે. આહા..હા..! ટીકા. '**भवति**'નો અર્થ છે એમ કર્યું છે. આ છે એમ નહિ કહેતા, છે.

અહીં તો આવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય અવિનાશી છે, છે ને છે. એવું સત્ તત્ત્વ, એનું સત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવભાવ. આ આત્મા જ્ઞાયકભાવ એમ કહેવું છેને. આત્મા જ્ઞાયકભાવ. આત્મા ભેદભાવવાળો નથી. બે ભાવ નહિ અને એક ભાવવાળો છે અને બીજા ભાવવાળો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ જ ટૂંકામાં અને ઘણી સરસ મીઠી મધુરી વાત. ટૂંકું ટચ. ઓલાએ કહ્યું હતુંને? ... શું કીધું હતું? કીધું હતુંને? હેં? પરથી ખસ અને સ્વમાં વસ અને પરથી ખસ એ ટૂંકું ને ટચ. સ્વમાં વસ, પરથી ખસ એ ટૂંકું ને ટચ. સાંભળ્યું છે? ... આપણે આવતાને? આદિસાગર. .. ઉદ્ઘાટન કર્યું હતું તે દિ'

હતા. આ કાળીદાસભાઈએ ઉદ્‌ઘાટન કર્યું તે દિ'નું છે. ... અહીંનો પ્રેમ હતો. માર્ગ તો આ છે કીધું. સ્વમાં વસ, પરથી-ભેદથી-પર્યાયથી-નિમિત્તથી ખસ, એ ટૂંકામાં ટૂંકું ટચ. એ ટૂંકું ટચ. પોપટભાઈ! થોડુંક તો યાદ રહે કે નહિ? આ બધું શું કરો છો? આહા..હા..!

'**ટીકા :- વ્યવહારનય...**' જેટલા પ્રકાર વ્યવહારના છે. અહીં ચાર પ્રકાર લેવા છે વ્યવહારના. અસદ્‌ભૂત ઉપચાર, અનુપચાર (અને) સદ્‌ભૂત ઉપચાર, અનુપચાર. એટલે? એટલે શું? કે જે રાગાદિ ભાવ છે એ અસદ્‌ભૂત છે, આત્મામાં નથી. અસદ્‌ભૂત-ભેદરૂપ વ્યવહાર એને જાણવામાં આવે એને ઉપચાર કહીએ અને ન જાણવામાં આવે એને અનુપચાર કહીએ. સમજાણું કાંઈ? એ તો જ્યારે વ્યાખ્યા કરવી હોય શુદ્ધોપયોગની અને વ્યવહારની ત્યારે એમાં એમ આવે કે જાણવામાં આવે રાગ, ન જાણવામાં આવે અબુદ્ધિપૂર્વક તે અનુપચાર. પણ સમ્યગ્દર્શનમાં તો એ વિકલ્પ અબુદ્ધિપૂર્વક અને બુદ્ધિપૂર્વક બેયથી છૂટી ગયેલો છે. બેયમાં છે જ નહિ. એ તો એના ઉપયોગની વ્યાખ્યા કરવી હોય જ્યારે ત્યારે દ્રવ્યાનુયોગની અપેક્ષાએ અબુદ્ધિપૂર્વક રાગ હોવા છતાં આત્માના તરફના વલણમાં ઉપયોગ પડ્યો છે તેથી તેને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા!

અને બહાર જ્યારે વિકલ્પમાં આવ્યો ત્યારે એને શુભોપયોગવાળો કહેવાય છે. એ તો જ્ઞાનની અપેક્ષાએ જેને રાગ અબુદ્ધિપૂર્વક હોવા છતાં ઉપયોગ અંદરમાં જોડાણો છે તેને શુદ્ધોપયોગ કહીએ. કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ તો બારમેથી થાય છે. ત્યાં તો રાગનો અંશ પણ ન હોય એને ઉપયોગ કહીએ. અહીં તો ઉપયોગમાં બુદ્ધિપૂર્વકથી ખસીને અંતરમાં ગયો છે એટલે અબુદ્ધિપૂર્વક ભલે ઉપયોગ સાધારણ છે એટલે હો, પણ એનો શુદ્ધોપયોગ જ એને કહેવામાં આવે છે. પણ અહીં વ્યવહારનયના પ્રકાર જેટલા છે એ બધા નિશ્ચયની દૃષ્ટિ થતાં છૂટી જાય છે. સમજાણું કાંઈ? એય..! હીરાભાઈ! આપણે આ હીરાભાઈ આ બે પંડિતો ન્યાંના છે મુંબઈના. નહિ? આ હિંમતભાઈને લઈને નવનીતભાઈ અને કુંવરભાઈ આવ્યા છે બધા. ... નવનીતભાઈ! એ તો અહીં આપણા ભાઈએ ન કહ્યું? આ જેઠાભાઈ લ્યોને. એણે પરમ દિ' ન કહ્યું? કે આમના .. અહીંથી .. ત્યાં હતા. .. એને માંડ વખત ન મળે તો. વાત બીજી લાગે છે આ. નહિતર તો આ પાક્કા. શ્વેતાંબરના રામવિજયના પાક્કા ભગત ક્રિયાકાંડી. કહો, સમજાણું આમાં? આહા..હા..!

કહે છે કે '**વ્યવહારનય બધોય અભૂતાર્થ...**' ચારની વ્યાખ્યા ચાલે છે. ખ્યાલમાં છે. પહેલું પાછું સૂત્ર લઈને એની વ્યાખ્યા કરી. કેમકે વ્યવહારનયના ચાર પ્રકાર—એક, રાગ જે છે એ અસદ્‌ભૂત છે એટલે અસદ્‌ભૂત વ્યવહાર થયો. એ બધો અસત્યાર્થ છે. વસ્તુમાં છે નહિ. બીજી વાત. એ રાગને જાણવા, જેના જાણવામાં ખ્યાલમાં આવે એને અસદ્‌ભૂત ઉપચાર કહીએ અને ખ્યાલમાં ન આવે એને અસદ્‌ભૂત અનુપચાર કહીએ. બધોય અસત્યાર્થ છે. આત્માની

દૃષ્ટિ કરવામાં કોઈ રહેતું નથી. આહા..હા..! બીજા બે સદ્ભૂત ઉપચાર અને અનુપચાર. સદ્ભૂત વ્યવહાર એટલે? જ્ઞાન સ્વને અને પરને રાગને જાણે છે એવું જે પ્રમાણજ્ઞાન એ સદ્ભૂત ઉપચાર છે એનો અહીં નિષેધ છે. (છઠ્ઠી ગાથાના) ચોથા પદમાં કહ્યું. '**णादो जो सो दु सो चेव**'. સમજાણું કાંઈ? એ છઠ્ઠી ગાથામાં ત્રણ નયનો નિષેધ આવ્યો છે મુખ્યપણે. એ તો સ્વનો આશ્રય કરતાં પર્યાયનું લક્ષ ગયું છે ભેદનું એટલે સદ્ભૂત અનુપચાર પણ એમાં ગયો છે, પણ સ્પષ્ટ રીતે સાતમામાં કહ્યું. અહીં તો તદ્ન ચોખ્ખી વાત (કરી) કે સદ્ભૂત ઉપચાર—જ્ઞાન પોતાનું છે છતાં એ જ્ઞાન રાગને જાણે એમ કહેવો ઉપચાર એ સદ્ભૂત ઉપચાર છે. એનો પણ નિષેધ છે અહીં. અબુદ્ધિપૂર્વક કે બુદ્ધિપૂર્વક બેયની વાત છે આમાં. એય..! સમજાણું કાંઈ? અને ચોથો બોલ સદ્ભૂત અનુપચાર વ્યવહારનય એટલે કે આ જ્ઞાન તે આત્મા, આ જ્ઞાનની પર્યાય તે આત્મા જે માથે ઉપર ગયું ઈ. સમજાણું કાંઈ? એ સદ્ભૂત અનુઉપચારનો દાખલો છે. સદ્ભૂત અનુપચારનો. જે સાતમામાં હતો એનો અહીં દાખલો આપ્યો છે. સદ્ભૂત અનુપચાર. જ્ઞાન પર્યાય જ્ઞાન એ આત્મા. એ સદ્ભૂત અનુપચાર થયો. એ એનો છે અને એના જ્ઞેય ને એનું લક્ષ એની સાથે સંબંધ કરે છે એ. એથી અનુપચાર વ્યવહારનય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**વ્યવહારનય બધોય...**' નામ આ ચાર. આ ભેદ પાડ્યો એ શુદ્ધ વ્યવહાર છે. સદ્ભૂત. એ અનુપચાર છે. એનો પણ નિષેધ છે અહીં તો. પર્યાયદૃષ્ટિ જ જ્યાં છોડવી છે. પર્યાય પોતે જ ભેદવાળો ભાવ છે. સમજાણું કાંઈ? '**વ્યવહારનય બધોય...**' પાઠ છે હોં. '**सर्व**' એમ શબ્દ છેને? '**व्यवहारनयो हि सर्व**' આ તો અલૌકિક વાત છે. ગણધરના પેટ અને તીર્થંકરની વાણીનું રહસ્ય આ છે. આહા..હા..! ભગવાન આત્મા ભૂતાર્થનો આશ્રય કરે ત્યારે આ ચારેય ભેદનો એમાં નિષેધ થઈ જાય એમ કહે છે. કેમ? કે પાઠમાં '**सर्व**' શબ્દ છે સંસ્કૃતમાં. એનો અર્થ બધોય કર્યો. અભૂતાર્થ છે. '**सर्व**' '**एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति**' એ ટીકામાં આવ્યું જુઓ. એ ભૂતાર્થ હોવાથી. ચારેય તે સાચી વાત નથી. ચારેયમાં ચારેયપણું વિદ્યમાન નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય છેને શુદ્ધ? એ પણ ત્રિકાળમાં વિદ્યમાન નથી. એટલે એને અભૂતાર્થ કહી, અવિદ્યમાન કહી, અસત્યાર્થ કહી દ્રવ્યનો આશ્રય લીધો છે. સમજાણું કાંઈ?

'**અવિદ્યમાન,...**' અભૂતાર્થનો અર્થ કર્યો. એટલે કે એવા ભેદો અભેદમાં છે નહિ. ત્રિકાળી દ્રવ્યમાં એ પર્યાય નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભાઈએ તો એમ કહ્યું છે કે છઠ્ઠી ગાથામાં કઈ પર્યાય બાકી રહી? એમ કીધું. છેને નિહાલભાઈમાં? ગૌણપણે છે. એને અહીં કાઢી નાખી બધી સાતમીમાં. એનો અહીં ખુલાસો કર્યો ચારેયનો. છઠ્ઠીમાં ત્રણ, સાતમીમાં એક એનો દાખલો અહીંયાં એક જ જ્ઞાન તે આત્મા એમ ભેદનો સદ્ભૂત વ્યવહારનો અનુપચારનો

દાખલો આપી અને અહીં હવે કહે છે કે પ્રતિપાદક છેને કહેનાર? કે આ જ્ઞાન તે આત્મા એટલો તો અંદર કાંઈક સંબંધ છેને? અસત્યાર્થ છે. આહા..હા..!

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ બીજી ચીજ તે અસત્યાર્થ અથવા અવસ્તુ છે. સાતમી ગાથામાં આવ્યું હતું. પર્યાયના ભેદો તો આત્માના પર્યાય છે, એ કાંઈ અવસ્તુ નથી. અવસ્તુ નામ એનામાં નથી અને બીજી ચીજ છે એમ નથી. ભાઈ! એ બરાબર છે, તારી વાત સાચી છે એમ કહ્યું હતું. પણ એમાં અમારી અપેક્ષા છે. સમજાણું કાંઈ? કે જ્યારે અભેદને બતાવવું છે એમાં ભેદ દેખાતો નથી. અને ભેદને દેખે તો અભેદ દેખાતો નથી. એથી એને વ્યવહારને અસત્યાર્થ કહી એ પર્યાય દ્રવ્યમાં ભેદરૂપે વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! ઠીક છે આમાં આવી ગયા છે બરાબર. પહેલી ગાથાઓમાં. આહા..હા..!

કાયમ છતો પદાર્થ, વિદ્યમાન પદાર્થ એ તો ભૂતાર્થ ત્રિકાળ તે વિદ્યમાન છે. આ તો નિમિત્ત જેમ નથી, તેમ રાગ પણ નથી, તેમ રાગનું જ્ઞાન પણ નથી, તેમ જ્ઞાનની પર્યાય તે આત્માની છે એમ પણ એમાં નથી. ચારેય આવી ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળીની વાણીમાં દિવ્યધ્વનિમાં આવતું હશે અને ગણધરો એ શાસ્ત્ર રચતા હશે કે આહા..હા..! દરિયા ડોલ્યા છે નકરા! ટૂંકી ભાષામાં કેટલા ભાવો ભર્યા ભગવાનની વાણીમાં અને ગણધરોએ રચ્યા આગમો.

કહે છે કે ભાઈ! વ્યવહાર સર્વ તે અવિદ્યમાન છે. વ્યવહાર છે જ નહિ. કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. જેમ સ્વની અપેક્ષાએ પરવસ્તુ અવિદ્યમાન છે, અવસ્તુ છે. એક દ્રવ્ય છે એ પોતાથી છે અને એની અપેક્ષાએ બીજા દ્રવ્યો તે અદ્રવ્ય છે. એમ આ દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે અવસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એ પર્યાય, રાગ, રાગની અસ્તિ એ આત્મામાં નથી. ઉપચાર, અનુપચાર. રાગનું જ્ઞાન થાય પરલક્ષી રાગને જાણે એ પણ આત્મામાં નથી, આ એકલું જ્ઞાન પોતાની પર્યાયવાળું એ પણ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો.

ઓલું તો ટૂંકું ટચ હતું અમારે હીરાજી મહારાજ કહેતા, અહિંસા સમયં ... ભગવાને, જીવોની દયા પાળવી અહિંસા એ આખા જૈન સિદ્ધાંતનો સાર છે એમ કહેતા. એય..! હીરાજી મહારાજ સંપ્રદાયમાં. બહુ શાંત હોં આમ. .. તમે જોયા નહિ હોય. ૭૪માં ગુજરી ગયા. શાંત, ગંભીર. હીરા એટલે હીર એમ કહેવાતું. એવી એની શૈલી. પણ આ વસ્તુ નહિ. વસ્તુની ખબર નહોતી. કાને પડેલું જ નહોતું. સમજાય છે? હજારો માણસમાં વ્યાખ્યાન વાંચે તો નજર ઊંચી ન કરે. ભગવાને ભાઈ આમ કહ્યું છે એમ કહે. શાંત, કષાય મંદ અને પ્રસિદ્ધ. હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા. એ.. હીરાભાઈ! એમ કહેવાતું અમારે. આ વસ્તુ નહિ. સંપ્રદાયની લાઈન પ્રમાણે એની સ્થિતિ બહુ ઊંચી ગણાતી. પોપટભાઈ!

તમે જોયા નહિ હોય. છેને તમારા વઢવાણમાં. અહીં કહે છે કે આ વાતની ગંધ સાંભળેલી નહિ લ્યો! આહા..હા..! ધીરૂભાઈ! જોયા છેને તમે? તમે તો બધા નાગનેશના... ઓલા હતા. આહા..હા..!

ત્રિકાળી દ્રવ્ય સત્યાર્થ સત્ સ્વરૂપ પ્રભુ એની અપેક્ષાએ એ રાગ વ્યવહારનો રાગ, આ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ... આહા..હા..! એ છે જ નહિ વસ્તુમાં. એ તો નથી, પણ વર્તમાન એક સમયની પર્યાય જે પોતાના અસ્તિત્વમાં છે, વ્યવહારનું જ્ઞાન કરનાર પર્યાય પોતાનું જ્ઞાન કરે છે એવી જે જ્ઞાનની પર્યાય એ પણ અસત્ય છે કહે છે. વિદ્યમાન નથી, ત્રિકાળની અપેક્ષાએ તેની હયાતી નથી. મુખ્યપણું ગણીને, ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પર્યાય નથી એને દ્રવ્યને મુખ્ય કરીને પ્રયોજન સિદ્ધ કરવા એને છે એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. અભાવ કરીને નથી એમ કહેવામાં આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ...ભાઈ! આહા..હા..! અભાવ જો હોય તો તો પછી કાર્ય તો પર્યાયમાં (થાય) છે બધું કે આ હું ધ્રુવ છું, અભેદ છું. એ ક્યાં અભેદમાં છે એ બધી વાત? પર્યાયમાં છે. પણ પર્યાયનું લક્ષ છોડાવવા એ નથી દ્રવ્યમાં એમ કહીને તેને ગૌણ કરીને વ્યવહાર કહેવામાં આવ્યો છે. ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. ગૌણ કરીને એ વિદ્યમાન નથી, એ પર્યાય અસત્ય છે અને અભૂત—એમાં નથી એવા પદાર્થને તે પ્રગટ કરે છે. કહો, સમજાણું કાંઈ? કેટલા સરસ અર્થો પણ કર્યા છે! એ આ પંડિતોને ગોઠે નહિ. મોટી ચર્ચા, અભૂત કેમ કીધું? અસત્ય કેમ ન કહ્યું? અરે! પણ એનો અર્થ... આ રહ્યા મોટા પંડિત. એમ કે એ સંસ્કૃતમાં શબ્દ .. એમ કહે છે ભાઈ! પણ અહીં ગોટો વાળે છે પાછા. આહા..હા..! બાપુ! અભૂત કહો કે અસત્ય કહો, બેય એક જ વાત છે. કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાદિઅનંત ધ્રુવ એનો આશ્રય કરાવવા એને મુખ્ય કરીને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને અસત્ય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**વ્યવહારનય બધોય અભૂતાર્થ...**' અભૂત-અર્થ. તેથી તે '**અવિદ્યમાન,...**' અર્થને, અવિદ્યમાન પદાર્થને, અસત્ય પદાર્થને, અભૂત પદાર્થને '**પ્રગટ કરે છે;...**' નથી એને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? કથંચિત્ અસત્ય છે એમ ન કહેતા અસત્ય જ છે. ગૌણ કરીને અસત્ય છે એમ કીધું છે. અસત્ય છે. ભગવાન આત્માની અપેક્ષાએ બીજા છ દ્રવ્યો તે અદ્રવ્ય છે. આની અપેક્ષાએ દ્રવ્ય હોય તો તો બધું એક થઈ જાય. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યની અપેક્ષાએ તો બીજા બધા સિદ્ધ ભગવાન પણ અદ્રવ્ય છે. પોતાના સ્વક્ષેત્રની અપેક્ષાએ બીજા બધાના ક્ષેત્રો અક્ષેત્ર છે, પોતાના કાળની અપેક્ષાએ બીજા બધા અકાળ છે, આ ભાવની અપેક્ષાએ બીજા અભાવ છે.

મુમુક્ષુ :- બે નય શી રીતે થાય?

ઉત્તર :- એ વિના બેપણું શી રીતે સિદ્ધ થાય? અને બેપણું છેને? હવે એ સ્વ અને પરના બે કેમ કીધા, એમ હવે આત્મામાં બે લીધા હવે. એ બે છેને એમાં? દ્રવ્ય અને પર્યાય. આહા..હા..! દ્રવ્ય અને પર્યાયની વચમાં ભિન્નતા છે તેથી બે એકરૂપ નથી. તેથી ત્રિકાળ દ્રવ્યને જ્યારે સત્યાર્થ કહીએ, વિદ્યમાન કહીએ, છતો પદાર્થ શાશ્વત છે એવો કહીએ ત્યારે એની એક સમયની પર્યાયની નિર્મળતાને પણ નથી એમ કહીએ, ગૌણ કરીને નથી એમ કહીએ. સમજાણું કાંઈ? પેટામાં રાખવા માટે નથી એમ કહીએ. આહા..હા..!

**'અભૂતાર્થ હોવાથી...'** એમ છેને? પાઠમાં એમ છે. **'एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति'** એ જૂઠા અર્થને પ્રગટ કરે છે. ચાંદમલજી હતાને. ...ઈ કહે મહારાજ! સિદ્ધ તો છે, વ્યવહાર તો છે, એને કેમ જૂઠો કહો છો? આત્મા અનિત્ય છે, પર્યાય તો અનિત્ય છે એને કેમ જૂઠો કહ્યો? પણ કઈ અપેક્ષાએ અનિત્યને જૂઠો કહ્યો? સમજાય છે કાંઈ? અનિત્યને જૂઠો કહ્યો એ કઈ અપેક્ષાએ? ત્રિકાળ નિત્યને મુખ્ય ગણીને અનિત્યની પર્યાય હયાતી હોવા છતાં ગૌણ કરીને તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધા મુંઝાણા ખરા. વાત સાંભળે તો એમ લાગે, વાત તો સારી લાગે છે. હવે આમાં વ્યવહાર... એય..! નિત્યાનિત્ય વસ્તુ છે, ભેદાભેદ વસ્તુ છે. હવે વસ્તુ છે ભેદ અને અનિત્યતા એને કેમ વ્યવહાર કહેવો? જૂઠો કહેવો? એ તો નિશ્ચય છે એમ કહે. એ તો પરની અપેક્ષાએ જુદો પાડતા દ્રવ્ય અને પર્યાય નિશ્ચય છે. પણ બેને જુદાં પાડતા પર્યાય તે ગૌણ કરીને તેને અસત્યાર્થ અને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અર્થમાં લેશે. અસત્ય કહ્યું છેને. મુખ્ય-ગૌણ ગણીને. એનો અભાવ ન માની લેવો. અર્થ પોતે કરશે જયચંદ્ર પંડિત.

એ **'વ્યવહારનય બધોય...'** જ્ઞાન અને પર્યાય અને દ્રવ્ય બે. પર્યાય તે આ દ્રવ્યની એવો પણ ભેદ જૂઠો છે, અવિદ્યમાન છે અને અસત્ય ભાવને તે પ્રગટ કરે છે. અર્થ એટલે ભાવ, અર્થ—પદાર્થ, અસત્ય અર્થને એ પ્રગટ કરે છે. **'શુદ્ધનય...'** આ તો શબ્દાર્થ છે આ ગાથાનો. **'શુદ્ધનય એક જ ભૂતાર્થ...'** ઓલો બધો, આ એક. **'એક જ...'** બીજું છે નહિ. એમ. **'शुद्धनय एक एव'** સંસ્કૃતમાં છે. **'शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति।'** **'શુદ્ધનય એક જ...'** સાચી હોવાથી **'ભૂતાર્થ હોવાથી...'** એ નય છતો ભાવ છે એવો હોવાથી એને વિદ્યમાન છે એવા ભાવને, એ સત્ય ભાવને એ **'ભૂત...'** નામ 'છે' એવા ભાવને **'પ્રગટ કરે છે.'** કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આ તો વીતરાગની અધ્યાત્મ વાણી છે. આ કાંઈ કથા-વાર્તા નથી. સમજાણું કાંઈ? આ બધા પરમાગમમાં કોતરાવાના છે. સમજાણું કાંઈ? અંદર કોતરી નાખ એને કોતરાવ્યું બહાર પછી કહેવામાં આવે. આહા..હા..!

**'શુદ્ધનય એક જ...'** એના બે ભેદ નહિ. બીજે ઠેકાણે ભેદ પાડે, જયસેનાચાર્યે પણ

ભેદ પાડ્યા. વ્યવહાર ભૂતાર્થ-અભૂતાર્થ, નિશ્ચય પણ શુદ્ધ-અશુદ્ધ એ તો અપેક્ષાએ જ્ઞાન કરાવવા ભેદ પાડ્યા છે. અહીં તો પરમાર્થે એક જ વસ્તુ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એક જ, એક જ એમાં ભેદ નથી. એવો એક જ ભૂત નામ છતો ભાવ વિદ્યમાન શાશ્વત ભગવાન આત્મા, પર્યાય સમયની પર્યાય વિનાનો. સમજાય છે કાંઈ? એવા એક જ સત્યાર્થને, સત્યાર્થ અર્થને, ભૂતાર્થ અર્થને, વિદ્યમાન અર્થને, સાચા અર્થને, છે એવા અર્થને તે પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? શુદ્ધનય પ્રગટ કરે છે. આહા..હા..! એટલે કે જ્યાં દ્રવ્યનો આશ્રય થાય ત્યાં દ્રવ્ય આવું છે એમ એના જ્ઞાનમાં આવે છે. એથી એમાંથી ઓલું કાઢ્યું બધું. તિરોભાવ અને આવિર્ભાવ. ભાઈ! કહે છેને તિરોભાવ થઈ ગયો, આવિર્ભાવ થયો. એટલે એ પ્રગટ ધ્યાનમાં આવ્યું. આ આશ્રય, આ છે.. આ અત્યારે પ્રગટ કર. આ છે. સમજાણું કાંઈ? એને દૃષ્ટાંતથી (કહેશે).

મુમુક્ષુ :- ત્રિકાળ..

ઉત્તર :- ત્રિકાળ તો છે ઈ છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ -૧૪, ગુરુવાર, તા. ૧૬-૧૨-૧૯૭૧
## ગાથા-૧૧, પ્રવચન-૪૧

ટીકા ફરીને લઈએ. '**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' એટલે શું? કે આ આત્મા જે વસ્તુ છે પદાર્થ (એ) ત્રિકાળ ધ્રુવ પણ છે અને એની એક સમયની પર્યાય પણ છે. એમ થઈને દ્રવ્ય છેને? પ્રમાણનું દ્રવ્ય.

મુમુક્ષુ :- પ્રમાણનું દ્રવ્ય આશ્રય કરવા લાયક છે?

ઉત્તર :- આશ્રય કરવાલાયક નહિ પણ છે કે નહિ એટલી વાત અહીંયાં સિદ્ધ કરવી છે. પછી એમાં નિશ્ચય તારવવાની વાત પછી. એઈ..! ચેતનજી! આશ્રય કરવાયોગ્ય નથી શું એમ જાણ્યા વિના આશ્રય કોનો છોડશે? સમજાણું કાંઈ? વ્યવહાર આ છે એમ જાણ્યા વિના એનાથી દૃષ્ટિ ફેરવશે ક્યાંથી?

કહે છે કે વ્યવહાર ચાર પ્રકારનો વ્યવહાર. અસદ્ભૂત વ્યવહાર, ઉપચાર અસદ્ભૂત, અનુપચાર વ્યવહાર. કાલે આવી ગયું. સદ્ભૂત ઉપચાર વ્યવહાર, સદ્ભૂત અનુપચાર વ્યવહાર. હવે અહીં તો આપણે જરી એટલું લેવું છે આજ તો, ઓલું રાતનું સ્પષ્ટીકરણ કરવું છેને. જે સવારમાં હતું, ભાઈ કહે કે બપોરે લેવું થોડું. તમે તો સાંભળ્યું છે કે નહિ ત્યાં? રાતે હતા.

મુમુક્ષ :- હવે આજ તો બપોર પછી વધારે આવશે.

ઉત્તર :- અહીંયાં આ આત્મા પરથી ભિન્ન અત્યારે એકલો. શરીર, કર્મ આદિથી ચીજ તદ્દન ભિન્ન છે. હવે એનામાં બે અંશ છે. એક ત્રિકાળી અંશ છે અને એક વર્તમાન પર્યાયનો અંશ છે. હવે એ વ્યવહાર એટલે પર્યાય વર્તમાન એ બધોય જૂઠો છે. એ પર્યાય વર્તમાન જે પર્યાય છે એ ત્રિકાળી સત્યાર્થની અપેક્ષાએ એ પર્યાય જૂઠો છે એમ અહીંયાં કહેવું છે. પર્યાય હોં!

મુમુક્ષુ :- .. એમાં કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- ફરીને લઈએ. પર્યાય પર્યાય તરીકે છે. પર્યાય પર્યાય તરીકે સત્યાર્થ છે, સત્ય છે, ભૂતાર્થ છે, અસ્તિ છે. પણ ત્રિકાળ જે સત્યાર્થ ભગવાન ધ્રુવસ્વરૂપ એને મુખ્ય કરવા માટે, કેમકે એને મુખ્ય કર્યા વિના સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ થતું નથી, એને મુખ્ય કરવા માટે એટલે કે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવા માટે, પર્યાય જે છે એ દ્રવ્યમાં નથી એ વાત અત્યારે અહીં છે નહિ, અહીં વિષય નથી.

મુમુક્ષુ :- ... દ્રવ્ય પર્યાય જુદાં છે એના ઉપરથી ધર્મ થાય છે.

ઉત્તર :- ચેતનજી! ... થાયને.

મુમુક્ષુ :- બે તદ્દન જુદાં છે પછી શું?

ઉત્તર :- તદ્દન જુદાં છે એ કઈ અપેક્ષાએ? બે અંશ અપેક્ષાએ.

મુમુક્ષુ :- સર્વથા એટલે બધી અપેક્ષાએ. આપ ઘણીવાર સર્વથા કહો છોને.

ઉત્તર :- બધી અપેક્ષાએ હોય? એ તો બેની અપેક્ષાએ સર્વથા જુદા. પણ હવે એ જુદામાં આશ્રય કોનો કરવો એ માટે શું? એમ અહીં ચાલે છે. સમજાણું કાંઈ? વસ્તુ છે આત્મા અવિનાશી સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ અને એની એક સમયની પર્યાય. પછી એ રાગવાળી હોય કે પર્યાય ગમે તે હોય, અંશ છે એનો. હવે બે વચમાં, ભલે ધ્રુવમાં એ પર્યાય નથી, તેમ પર્યાયમાં ધ્રુવ નથી. એ વાત અત્યારે છે નહિ. સમજાણું કાંઈ? અભૂતાર્થનો અર્થ કે જે પર્યાય વર્તમાન છે, વિશેષ રૂપે છે, એ સામાન્યનું લક્ષ કરાવવા એને ગૌણ કરીને એ નથી, પર્યાય નથી એમ કહેવું છે. વર્તમાન પર્યાય નથી એમ કહેવું છે. દ્રવ્યમાં પર્યાય નથી એ વાત અહીં નથી. સમજાણું કાંઈ? એઈ..! આ તો ... થોડી સવારમાં કરી હતી. હવે આ તો ગાથા ચાલે એટલે આમાંથી લેવું પાછું. એય..! વજુભાઈ!

આ તો ન્યાયથી જુઓ, કે આ આ વસ્તુ શરીર, વાણી, કર્મ એ તો જાણે એની પર્યાયમાં પણ નથી, એની અવસ્થામાં નથી. હવે એની અવસ્થા અને એક અવસ્થાયી ત્રિકાળ—બે અંશો રહ્યા. હવે બે અંશમાં પર્યાય જે વર્તમાન છે તે નથી એમ કહેવું છે. કેમ? કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ છે.. અને સત્ય .. ત્રિકાળી વસ્તુ સમસ્વરૂપ છે અને એની અપેક્ષાએ વર્તમાન પર્યાય એ વિશેષ અવસ્થા છે અને વિશેષ અવસ્થા છે તો વિશેષ અવસ્થાનો આશ્રય લેતા રાગની ઉત્પત્તિ, વિષમતાની ઉત્પત્તિ થાય છે. અહીં સમ્યક્ લેવું છેને? સમ્યક્ સમતા વીતરાગતા ઉત્પન્ન થાય. તો વીતરાગતા ઉત્પન્ન કેમ થાય? કે ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ છે, એ સમરૂપ છે, બીજી રીતે કહીએ તો જે વીતરાગભાવસ્વરૂપ જ છે. એટલે સમસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન સમતા... સમતા... શાંતિ, વીતરાગતાનો અંશ પ્રગટ થાય છે. એ કારણે સામાન્યને સમરૂપભાવને સત્યાર્થ કહીને એના પ્રયોજનને સિદ્ધ કરવા એ પર્યાયને, પર્યાય દ્રવ્યમાં નહિ એની વાત અહીં છે નહિ, એ વર્તમાન પર્યાય જે છે તે જૂઠી છે. એટલે કે તેને ગૌણ કરીને તે નથી એમ કહેવામાં આવ્યું છે. પર્યાય પર્યાયપણે નથી એમ કહેવું છે. પર્યાય દ્રવ્યમાં નથી એની અહીં વાત હવે નહિ. શશીભાઈ! આ ૧૧મી ગાથા ચાલે છે આ. આવ્યા છેને. શાંતિભાઈ આવ્યા છેને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો વસ્તુ જે છે પ્રભુ આત્મા સત્યાર્થ ત્રિકાળ ભૂતાર્થ એકલો વીતરાગભાવ સમભાવ એનો આશ્રય લેતા, એનું પરિણામ સમતાનું સમ્યગ્દર્શનનું, સમ્યક્ આનંદનું એવું પરિણામ એમાંથી ઉત્પન્ન થાય છે, એ ઉત્પન્ન થવાની અપેક્ષાએ પર્યાયની અસ્તિ હોવા છતાં, એ પર્યાયનું સત્ છે, છે, જેવું આ ત્રિકાળી સત્ છે એવું પર્યાય પણ છે, પણ એ પર્યાયનો આશ્રય કરતાં વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. કારણ કે એક અંશ છે. પૂર્ણ વીતરાગ સમભાવ છે નહિ. એટલે એક અંશનો આશ્રય કરતાં વિષમતા ઉત્પન્ન થાય. એથી એ પર્યાય હોવા છતાં એ પર્યાયને ચાલતી ગતિરૂપ હોવા છતાં, એ પર્યાયને ગૌણ કરીને એ પર્યાય નથી એમ કહેવામાં આવે છે. પર્યાય પર્યાયપણે નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? શશીભાઈ! સમજાણું આમાં?

આ એક છે ત્રિકાળ સત્યાર્થ ભગવાન જિનસ્વરૂપ જ એનું, વીતરાગ સ્વરૂપ સમસ્વરૂપ જ છે. એ સમસ્વરૂપનું સત્યાર્થપણું જ્યાં સ્વીકારવા જાય છે ત્યાં તેને સમ્યગ્દર્શન અને શાંતિ આનંદની સમતા, વીતરાગતા ઉત્પન્ન થાય છે. એ કારણે પર્યાયની હયાતી હોવા છતાં પર્યાય તેનો આશ્રય કરતી હોવા છતાં, એ પર્યાયને, અસ્તિપણે હોવા છતાં, વિદ્યમાન હોવા છતાં ગૌણ કરીને, અભાવ કરીને નથી એમ નહિ. પર્યાય હોં! પર્યાયની વાત છે. દ્રવ્યમાં પર્યાય નથી એ વાત અહીં છે જ નહિ. એ તો બે અંશ સિદ્ધ થયા એનો અર્થ થયો કે દ્રવ્યમાં આ પર્યાય નથી. સમજાણું કાંઈ? બે અંશ જ્યારે સામાન્ય અને વિશેષ એમ બે સિદ્ધ કર્યા

ત્યારે એમાં એનો અર્થ થઈ ગયો કે જે ત્રિકાળી જ્ઞાયક દ્રવ્ય છે એમાં આ વિશેષ અવસ્થા છે એ એમાં નથી. હવે એ તો પોતે છે એની વાત ચાલે છે અહીં તો. શાંતિભાઈ!

કહે છે કે '**વ્યવહાર બધોય...**' આ પર્યાય આ દ્રવ્યની, આ પર્યાયનું અસ્તિત્વ આ દ્રવ્યનું એવો જે વ્યવહાર, સદ્ભૂત વ્યવહાર એ પણ જૂઠો છે. સમજાણું કાંઈ? કેમકે એ પર્યાયની હયાતી હોવા છતાં એને ગૌણ કર્યા વિના, વસ્તુની દૃષ્ટિ મુખ્ય કર્યા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? એ પર્યાયનો અભાવ કરીને એમ નહિ. એથી કહે છે કે રાગાદિ તો જૂઠાં છે જ, એ તો અસદ્ભૂત થઈ ગયું પણ સદ્ભૂત એનો પર્યાય એનામાં છે, એનો અંશ છે, અભેદનો એ ભેદ છે, અભેદને જ્યારે નિશ્ચય (કહે)... અને એ આવે છેને ભાઈ ૧૬મી ગાથામાં? નિશ્ચયને જ્યારે નિર્મળ કહીએ ત્યારે (ભેદને) મેચકને મલિન કહીએ. એઈ..! એ પર્યાયમાં એ અશુદ્ધ છે ખરેખર તો. કેમકે ત્રિકાળ શુદ્ધની અપેક્ષાએ એક સમયની પર્યાય અશુદ્ધમાં જાય છે. મલિન ભલે ન હોય એનો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? ભેદરૂપ પડ્યોને? ભેદ પડ્યો. ભેદ છે તે અશુદ્ધ છે અને અભેદ છે તે શુદ્ધ છે. હવે એ અશુદ્ધ કહીને એ નથી પાછું એમ કહેવું છે અહીં તો હવે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે એવો જે પર્યાય અનંતગુણની એક સમયની અવસ્થા એ બધો વ્યવહાર છે. કેમકે અંશ છે. કેમકે ત્રિકાળીનો સામાન્યનો એ વિશેષ છે, અભેદનો એ ભેદ છે, નિર્મળનો એ ભેદરૂપ મલિન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલેથી જ એને પરદ્રવ્ય અને પરભાવ કીધો.

ઉત્તર :- છેને પણ ઈ. ચંદુભાઈ! આવી વાત છે.

'**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' નથી તેને છે એમ કહે છે. જુઓ, ભાષા! સમજાણું કાંઈ? કેમકે વર્તમાન વિશેષની વાત છે હોં! વિશેષપણું હોવા છતાં એ વિશેષનો આશ્રય કરવા જાય છે, એને મુખ્ય બનાવે છે તો વિષમતા ઉત્પન્ન થાય છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. એને મુખ્ય બનાવીને રહેલો છે અનાદિથી. એથી એ પર્યાયને મુખ્યપણે જે માને છે એને અહીંયાં મુખ્યપણું દ્રવ્યને દઈને એ પર્યાયને ગૌણપણે કરીને એ પર્યાય છે જ નહિ (એમ કહે છે). પર્યાય પર્યાયપણે નથી એમ હોં! દ્રવ્યમાં છે નહિ એનો અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દેવજીભાઈ! ઠીક આવી ગયા. દેવજીભાઈ ક્યાંથી આવી ગયા એકલા?

આ ગાથા આવી છે. વિશ્વદર્શનનો પ્રાણ છે. વિશ્વદર્શન નામ વિશ્વના સમભાવી આત્મા ભગવાન બધા સમભાવથી ભિન્ન પડ્યા છે આખા અનંત આત્માઓ. સમજાણું કાંઈ? એનો આ સમભાવી ભૂતાર્થ વસ્તુ (છે). સમભાવ કહો કે જિનસ્વરૂપ કહો કે વીતરાગ સ્વરૂપ કહો.

એનું પ્રયોજન, એનો આશ્રય કરે તો સમતા, વિષમતાનો નાશ થઈ, સમતા, શાંતિ વીતરાગ ધર્મ છે એથી તે વીતરાગનો પર્યાય ત્રિકાળી સમભાવનો આશ્રય લેતાં ઉત્પન્ન થાય. એથી એને મુખ્ય કરીને, પર્યાયની હયાતી હોવા છતાં તેનું લક્ષ છોડાવવા, છે છતાં નથી કહીને એ પર્યાય વિદ્યમાન જ નથી (એમ કહ્યું છે). શશીભાઈ!

પ્રમાણ એનો વિષય—બે ભાગ. .. હવે આપણે તો અહીંયાં આત્માનું કામ છે. તો એ વિશેષ છે એ સામાન્યમાં નથી એ વાત તો બે અંશ કહેતા જ નથી એમ થઈ ગયું. સામાન્ય અને વિશેષ એમ બે ભાગ પાડતા આમાં આ નથી અને આમાં (આ નથી), એ તો એનો અર્થ જ એ આવી ગયો. હવે ઈ વાતનું અહીં કામ નથી. સમજાણું કાંઈ? પણ સામાન્ય એવો ભગવાન વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ 'જિન સોહી હૈ આત્મા.' એવો સમભાવી પ્રભુ, આખો સમભાવી પ્રભુ, પૂર્ણ સમતાનો પિંડ પ્રભુ એવો જે આત્મા એનો આશ્રય કરાવવા, એની દૃષ્ટિ કરાવવા, એને મુખ્ય કહીને એ જ સાચો છે. એ ત્રિકાળી જિનસ્વરૂપ સ્વભાવ એ જ સાચો છે અને એક સમયની પર્યાય એ આમાં નથી એ નહિ, પણ એ પોતે જ ગૌણ કરાવીને એ નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ..ભાઈ! લ્યો આ બધું ઘણું સ્પષ્ટ થાય છે. થોડું થોડું થાય છે. આહા..હા..! વસ્તુ તો એવી છે.

પર્યાય ઉપર તો લક્ષ અનાદિનું છે. અંશ બુદ્ધિ તો છે. એ અંશબુદ્ધિ વિષમતાને ઉત્પન્ન કરે છે. વિશેષ ભાવ એનો આશ્રય કરતાં વિષમતા મિથ્યાત્વ એને ઉત્પન્ન કરે છે. લ્યો! સમજાણું કાંઈ? એથી હવે વિશેષ વિષમતા એટલે મિથ્યાત્વ અહીં લીધું. ત્યારે હવે સમ્યક્ સત્ય દૃષ્ટિ, સાચી દૃષ્ટિનો આશ્રય કોણ? કે ત્રિકાળી ભગવાન સમભાવી વસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દર્શનનો આશ્રય એણે આપ્યો. પાછો એણે સમ્યગ્દર્શને એનો આશ્રય લીધો. એનો આશ્રય લીધો એટલે ચાલતી પર્યાય જે વિદ્યમાન હોવા છતાં લક્ષમાંથી છૂટી જાય છે, માટે તેને નથી એમ કહીને અવિદ્યમાન છે, પર્યાય છે જ નહિ. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયપણે છે નહિ હોં એમ. પર્યાય દ્રવ્યમાં નથી (ઈ અહીં નથી કહેવું). આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. હા. કહો, સમજાણું આમાં?

'વ્યવહારનય બધોય...' આહા..હા..! મહાપ્રભુ ચૈતન્યના સત્યના સાગરનો સ્વભાવ એકલો, એકલું પરમસત્ય ધ્રુવ એ પરમસત્ય છે, પરમ સમભાવી છે, પરમ જેનું રૂપ છે, પરમપારિણામિકભાવ જેની સ્થિતિ છે. એવા પરમપારિણામિક ધ્રુવ ભાવને સત્યાર્થ કહી, સાચું કહી. આહા..હા..! ઓલામાં એમ લીધું છેને? પંચાસ્તિકાય. દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ. દ્રવ્યના સ્વરૂપની હયાતીનો ભાવ તેને પરિણામિક કહીએ. એમ લીધું. લ્યો એ આવ્યું. કહો, સમજાણું કાંઈ? પર્યાય નહિ. પ્રગટ પર્યાય એ નહિ. દ્રવ્યના સ્વરૂપનો દ્રવ્ય આત્મલાભ હેતુ

પરિણામ. એવો પાઠ છે. દ્રવ્યનો એટલે વસ્તુનો, સ્વરૂપ એનો લાભ એટલે છે એમ. સ્વરૂપ એ છે હયાતી. એને પારિણામિકભાવ કહેવામાં આવે છે. એની પર્યાયની હયાતી એને આમાં લેવી નથી. સમજાણું કાંઈ?

હવે અહીં એ જ કહે છે કે પર્યાયની હયાતી હોવા છતાં, વિશેષ દશા હોવા છતાં ત્રિકાળ સત્યાર્થ ભગવાનનો મુખ્યપણાનો આશ્રય કરવા માટે એ પર્યાયની હયાતી તે નથી એમ કહ્યું છે. કારણ કે કામમાં આવે એવી નથી, એને આશ્રયે કામ તો થાતું નથી. સમજાણું કાંઈ? આ તો ઓલા દ્રવ્યમાં પર્યાય નથી નક્કી કરી કરીને અહીં પાછા પર્યાય નથી એમ કાઢી નાખે. ઈ અહીં વાત જ નથી. એય..! શશીભાઈ! હીરાભાઈ! હીરાભાઈએ પણ એમ કીધું છે પહેલું. એ બધું .. છેને એટલે ત્યાં આવી ગયું. કાલે રાતે પૂછ્યું હતું. પૂછ્યું હતું આ પર્યાયમાં લક્ષ ગયું. દ્રવ્યમાં પર્યાય નથી એ નહિ. પર્યાય પર્યાયપણે નથી, કેમકે એનો આશ્રય લેવામાં તો વિષમતા થાય છે, વિકલ્પ થાય છે. એટલે ખરેખર તો એનો આશ્રય લેતા જે સ્વરૂપ નથી એને સ્વરૂપ માની બેસશે. અંશમાં આખું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એને સ્વરૂપ માની લે છે તો મિથ્યાત્વભાવ થાય છે. એની સામે ગુલાંટ ખાઈને હવે સમ્યગ્દર્શનમાં... સમજાણું કાંઈ? એઈ..! ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમ્યક્ થાય છે, અહીં મિથ્યાત્વ થાય છે. વિષમતા થાય છે. વિશેષનો આશ્રય લેતા વિષમતા થાય છે. .. મિથ્યાત્વ છે એ જ વિષમતા છે. અંશબુદ્ધિમાં આખો માનવો એ મિથ્યાત્વ છે અને આખો અંશ જે ત્રિકાળ છે એનો સ્વીકાર કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો કહે છે... એ રાતે ચર્ચા થઈ હતીને. .. સાંભળ્યું ન હોય તો આજ વધારે સ્પષ્ટ (કર્યું). રામજીભાઈ કહે બપોરે કહેવું છે. બોલે નહિ પછી કાંઈક હલવવું તો ખરુંને થોડું. વિચારો કાલે આવેલા બધા, .. આવ્યા છે એમ કાંઈ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન ત્રિલોકનો નાથ નિત્યાનંદ પ્રભુ બસ! એ સત્ય છે, ત્યારે પર્યાય તે અસત્ય છે. કેમકે આશ્રય કરવાલાયક નથી, એને આશ્રયે લાભ નથી એટલે એની હયાતી, ન હયાતીનો અહીં સવાલ રહેતો નથી. આહા..હા..! એઈ..! વ્યવહારનય.. આ બધું આમાં છે હોં! એ બધું. 'બધોય...' એટલે કે રાગનો ભાગ જે છે જાણવામાં આવે એ અસદ્ભૂત ઉપચાર, ન આવે એ અસદ્ભૂત અનુપચાર. એ જૂઠો છે, એ છે જ નહિ. હવે અહીં તો રાગને જાણવાનું જે જ્ઞાન, રાગને જાણે એ જ્ઞાન એ પણ સદ્ભૂત ઉપચાર છે લીધું. એને જાણે એ ઉપચાર કીધું. એ નહિ. હવે જે જ્ઞાનનો પર્યાય રહી ગયો, પોતાને પોતાના જાણવાની પર્યાયનો અંશ એ પણ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ?

વ્યવહારનય એટલે કે ભેદને વિષય કરનારો, પર્યાયને વિષય કરનારો એવો જે નય એ જૂઠો છે, એ બધા જૂઠા પદાર્થને પ્રગટ કરે છે. જે ત્રિકાળમાં નથી, અંશ છે તેને એ પ્રગટ કરે છે. આહા..હા..! ... છેને. કહો, સમજાણું કાંઈ? એ બધોય અભૂતાર્થ છે. ચાર નય થયાને? ચાર પ્રકાર પડ્યા. અસત્ય હોવાથી એટલે અભૂતાર્થ. સીધો શબ્દ છે. અભૂત-છતો નહિ એટલે કે વિદ્યમાન નહિ, એટલે કે અસત્ય છે અને જૂઠા ભાવને તે પ્રગટ કરે છે. પર્યાય ત્રિકાળી વસ્તુ નથી, એક અંશ માત્ર છે એને વ્યવહારનય છે એમ પ્રગટ કરે છે, પણ નિશ્ચયને .. એ વ્યવહાર છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આવી વાત બાપા, જૈનદર્શન સિવાય અને તે દિગંબર સંત સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! પરમ અમૃતના સાગર ઉછાળ્યા છે. ભગવાન મોટો અમૃતથી ભર્યો છેને પ્રભુ! તું ક્યાં ખાલી છો? તું ક્યાં એક અંશમાં આવે છો? એટલે તે ત્રિકાળને આશ્રય લેવામાં એનું મુખ્યપણું બતાવીને પર્યાયની હયાતી હોવા (છતાં), વિશેષપણું હોવા છતાં એ વિશેષ તે નથી એમ ગૌણ કરીને વિશેષ નથી, વિશેષમાં વિશેષ નથી (એમ કહ્યું છે). સમજાણું કાંઈ? દેવજીભાઈ! આવી વાતું છે. આહા..હા..!

'**અવિદ્યમાન,...**' એટલે નથી. '**અસત્ય,...**' એટલે જૂઠું. નથી તેના ભાવને પ્રગટ કરે છે. આહા..હા..! '**શુદ્ધનય...**' ઓલામાં બધો હતો. હવે આ '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્યાર્થ સત્‌સાહેબ એકલો પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવો. ઓલાને વ્યવહારનયને અશુદ્ધ પણ કહેવાય. આને જ્યારે શુદ્ધ કહીએ તો એને અશુદ્ધ કહેવાય, આને જ્યારે અભેદ કહીએ તેને ભેદ કહેવાય, આને દ્રવ્ય કહીએ ત્યારે આને પર્યાય, આને આખા કહીએ ત્યારે એને ખંડ કહેવાય, અંશ કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ અંશપણું, ભેદપણું, અશુદ્ધપણું એ વસ્તુની મુખ્ય દૃષ્ટિ કરતાં, સત્યાર્થનો આશ્રય કરતાં એનો આશ્રય રહેતો નથી, લક્ષ રહેતું નથી, લક્ષ ત્યાં રહેતું નથી એટલે એ નથી એમ કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! પંડિતજી!

પાઠ છેને જુઓ, '**व्यवहारनयो हि**' છેને? '**हि**'નું ક્યાં આવ્યું? નથી કર્યું? નથી કર્યું. હવે આપણે તો અહીં અક્ષરે અક્ષર મળવો જોઈએને પાછો. '**व्यवहारनयो हि**' વ્યવહારનય જ '**सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति**' એ અંત્ય શબ્દ હશે કે જોડી દેવાનું હશે? એવું આવે છે. બેય આવે છે. કોઈ વખતે જુદું એમ પણ આવે છે અને કોઈ વખતે એ સાધારણ મેળવવા માટે આવે છે. બેમાં આમાં શું લેવું? પંડિતજીને શું કરવા રાખ્યા છે? સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' પાઠમાં તો આટલી વાત છે. '**हि**'ના બે અર્થ થાય છે. એક ત્યાં ખરેખર થાય છે અને એક મેળવવા, શબ્દને મેળવવામાં થાય છે. એમાં અહીં (શું થાય છે)? એ તો ખરેખર છેને. એઈ..! વજુભાઈ! પાઠમાં આટલું છે, વ્યવહાર અભૂતાર્થ.

આ જ સત્યાર્થ છે અને આ અસત્યાર્થ છે એમ કહીએ એટલે '**हि**' ભેગું આવી જાય છે. એકલો ભગવાન પૂર્ણાનંદનો નાથ એ સત્યાર્થ છે અને પર્યાયનો અંશ જે છે એ અસત્યાર્થ જ છે, ગૌણ કરીને જૂઠો છે, જૂઠો જ છે. એ જૂઠા અર્થને પ્રગટ કરે છે. અરે! ભારે વાત ભાઈ! લ્યો! આહા..હા..!

ઓલામાં આવે છેને, દ્રવ્યસંગ્રહમાં નહિ? ઓલો શુદ્ધો શુદ્ધનયો.. ગાથા આવે છેને? દ્રવ્યસંગ્રહમાં. અશુદ્ધનય, શુદ્ધનય. એક તો ત્રિકાળ વસ્તુ શુદ્ધ છે, આ બધી.. ૧૬મી ગાથામાં આવી ગયું છે, મેચક છે, મેલ મલિન છે. .. આણે નથી કર્યો. આણે અર્થ કર્યો કે મેચક એટલે વિચિક્ષણ-વિવિધતા, અમેચક એટલે એકતા. એવો અર્થ કર્યો છે કળશટીકાકારે. મેચક એટલે મલિનતા. ઓલામાં પણ લીધું છે. આ શું કહેવાય? અધ્યાત્મ તરંગિણીમાં. એમાં પણ શ્લોક લીધો છે.

आत्मनिश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

છેને શ્લોક? '**आत्मनः – चिदूरूपस्य, मेचकामेचकत्वयोः – एकत्वानेकत्वयो**' એમ. અમેચક એટલે એક, મેચક એટલે અનેક. અમેચક એટલે એકરૂપ અને મેચક એટલે વિવિધતા. વિવિધતા, વિચિત્રતા. પછી એનો અર્થ કર્યો. '**एकत्वानेकत्वयो शुद्धत्वाशुद्धत्वोर्वा**' એમ. ભાઈ! આહા..હા..! સંસ્કૃતમાં છે હોં. એમાં નથી. આ તો સંસ્કૃત એમાં છે. એમ છે કે '**मेचकामेचकत्वयोः – एकत्वानेकत्वया शुद्धत्वाशुद्धत्वोर्वा**'. એ વ્યવહારનય અશુદ્ધ જ છે. એ અશુદ્ધનયનું સ્વરૂપ બારમા ગુણસ્થાન સુધી રહે છે એમ કહ્યું છે એ આ અપેક્ષાએ. ભેદ રહે છેને એટલો જરી.

કહે છે કે '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' આ વેદાંત ન થઈ જાય માટે એને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. વસ્તુનું સ્વરૂપ એવું છે એમ કહે છે. એ તો વેદાંત ન થઈ જાય માટે એમ નહિ. એનામાં પર્યાયધર્મ છે, પર્યાય એનો ધર્મ છે પણ એ પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી વસ્તુને મુખ્ય કરીને, ગૌણ કરીને એ નથી, આ મુખ્ય કરીને આ છે, એમ બેની વાતું કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ થોડું થોડું સ્પષ્ટીકરણ છેને. દ્રવ્યમાં પર્યાય નથી, દ્રવ્યમાં પર્યાય નથી. અહીં પણ અધિકાર છે, પર્યાય એમાં નથી, દ્રવ્યમાં પર્યાય નથી, એમ નથી. આ તો પર્યાય પર્યાયપણે નથી. ગૌણ કરીને હોં! સમજાણું કાંઈ? છોટાભાઈ! '**શુદ્ધનય એક જ...**' એક જ. સાચી હોવાથી એમ થયુંને ત્યારે? ઓલી ખોટી છે. આહા..હા..! વિદ્યમાન છતો પદાર્થ ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... નવનીતભાઈ આમાં આવી ગયા બરાબર વળી. ચાર મહિના સલવાઈ ગયા હતા ત્યાં.. અહીં આવ્યા બે મહિના થઈ ગયા. નહિ? એ પહેલાં બે મહિના બીજા હતા. .. તેરશ થઈ. ...

આહા..હા..! માર્ગ તે માર્ગ છેને. અને સ્પષ્ટ સમજાય એમ છે હોં! એમાં કાંઈ આમ ગડબડ રહે એવું નથી એમાં. અલૌકિક વાત છે. અમારે પંડિતજી ખુશી થાય છે. આવા પંડિત હોય તો તો જરી સત્ય સમજાય .. આ તો પોતાના પંડિતના અભિમાનમાં.. અરે! પ્રભુ! કોના અભિમાન? ભાઈ! આહા..હા..!

અહીં તો ચાર જ્ઞાનની પર્યાય... આહા..હા..! અરે! કેવળજ્ઞાનની પર્યાય સદ્‌ભૂત વ્યવહાર. આહા..હા..! પ્રભુ પ્રભુ! એમ હોવા છતાં એને તો કાંઈ આશ્રય કરવો નથી એટલે એનો પ્રશ્ન નથી, પણ નીચે નયવાળાને કેવળજ્ઞાનનો પર્યાય પણ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય હોવાથી એ પણ અશુદ્ધનયનો વિષય છે. નીચલાવાળાને નય છેને, એને ક્યાં નય છે. કારણ કે જે સાધક છે એની આ વાત છેને. સાધ્ય થઈ ગયું એની અહીં વાત નથી અને સાધ્ય જેને પ્રગટ્યું નથી સાધક એની પણ વાત નથી અહીં. સમજાણું કાંઈ? જેને સાધક પ્રગટ્યું નથી એની પણ અહીં વાત નથી. સમજાણું કાંઈ? એને પ્રગટ્યું છે એ સાધકમાં નય હોય છે. પૂર્ણ થઈ ગયું એને નય કેવી? અજ્ઞાનીને નય કેવી? કેવળીને નય કેવી? સમજાણું કાંઈ? પણ નીચે સાધક છે, જેનું વલણ હજી સ્વ તરફમાં કરી રહ્યો છે એવા નયના આશ્રયવાળો જીવ એ ત્રિકાળનો આશ્રય કરે છે. અને એનો પર્યાય જે વર્તમાન ગમે તેટલો વર્તતો હોય... આહા..હા..! સમજાણું કાંઈ? તે નથી અને શુદ્ધ એક જ સાચો છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, છતાં—હયાતીવાળા સમભાવસ્વરૂપ એને કહે છે એટલે કે એને જાણે છે.

'સત્ય,...' વિદ્યમાન એટલે સત્ય, ભૂતાર્થ એટલે સત્ય, ભૂતાર્થ એટલે ભૂત છતા અર્થને, છતો ભાવ ત્રિકાળી ભગવાન એને એ જણાવે છે. કહો, સમજાણું કાંઈ? આવું ભારે ભાઈ! ઓલા દયા પાળવી, વ્રત પાળવા એ સહેલું સટ હતું લ્યો! ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વરિય.. તસ્સ મિચ્છામી દુક્કડમ જાવ. તસ્સઉતરી કરણેણં.. એમાં આ નીકળ્યું પાછું. એય..! તારી દાદીએ એમ કર્યું હશેને પૂર્વે બધું. હશેને એ. સૌ શીખ્યા હતા લ્યો. અમે પણ શીખ્યા હતા હોં. પાલેજમાં બધાને કરાવતા. કરો પડિક્કમણા, કરો અપવાસ. કરો ભાઈ! .. ખાલી દુકાનમાં ધંધો આખો દિ' કરે અને દુકાને બેસે. મોઢે હોય અપવાસ... કરે છે. મોઢે અપવાસ છે હોં અંદર નહિ. એક બાઈ હતી. એના છોકરાએ આઠ અપવાસ કરેલા. ઓલો છોકરો એને રંજાડતો હતો, પણ મોઢે અપવાસ કરે છેને તું આ શું કરે છે મારી સાથે? મોઢે અપવાસ છે. એમ કે આ મોઢે પાણી લાવીને દેતા નથી. આવા ને આવા. ગાંડાના ગામ જુદા હોય કાંઈ? આહા..હા..! કાંઈ ભાન ન મળે પાગલની જેવી વાતું કરે. જેઠાભાઈ!

'શુદ્ધનય એક જ...' સાચી હોવાથી. ત્રિકાળી વસ્તુને તે જ વિદ્યમાન છે અને તે જ સાચું છે અને તે જ અર્થ ખરો છે એમ શુદ્ધનય પ્રગટ કરે છે. એટલે પર્યાયમાં તેનો અનુભવ દ્રવ્યને આશ્રયે થાય ત્યારે એ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ... આવિર્ભાવ..

આમાંથી અર્થ કાઢ્યો છે. સમજાણું કાંઈ? એ પોણો કલાક ચાલ્યું ભાઈ. ૪૦ મિનિટનું. એ ભાઈએ કીધું હતું સવારમાં. ચાલો .. કાલે પણ ચાલ્યું હતું. રાતે આવ્યું હતું. ભગવાન! ત્રણ લોકનો નાથ ધ્રુવ સ્વરૂપે ભરેલો અનંત આનંદનો સાગર છે જેમાં ખંડ-ભેદ નથી. એને જ આ સાચો કહેવામાં આવે છે. આહા..હા..! ઈ જ સત્ય છે. સત્યસાહેબ તું જ છો. અને એક સમયની પર્યાય ચાહે તો ચાર જ્ઞાનની પર્યાય હો, અરે..! ક્ષાયિકજ્ઞાનની પર્યાય હો. આહા..હા..! સમજાણું કાંઈ? એવી હોવા છતાં એનું લક્ષ કરવું નથી અને જેનું લક્ષ કરવું નથી તેને, જેનું લક્ષ કરવું છે તેને સાચો ગણીને આને જૂઠો ગૌણપણે કહીને જૂઠા ઠરાવ્યા છે. આહા..હા..! એ પર્યાયદૃષ્ટિ કહો, વિશેષ કહો, સમજાય છે? એને ભેદ કહો, એ બધો જૂઠો છે—અસત્ય છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય ધ્રુવ કહો, અભેદ કહો, એકરૂપ કહો, શુદ્ધ કહો, સાચો કહો. કહો, સમજાણું કાંઈ?

'**આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :—**' લ્યો, હવે એને ચોખ્ખી કરે છે વાતને. '**જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે...**' ઓલામાં એમ કહ્યું છે કે વરસાદ ઉપરથી પડે છે ... એ તો નિર્મળ છે. અને ધૂળમાં ભળે ત્યારે મેલો થઈ જાય. એવો અર્થ કર્યો છે. ન્યાય સ્થાપ્યો. અર્થ કર્યો છે. એટલે કાદવવાળો અને ઓલું વરસાદનું પાણી પડે છે એ ચોખ્ખું અને ધૂળમાં પડતા મેલું થઈ જાય છે. પણ એ મેલું જ અનુભવે છે કેટલાક તો. '**જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ...**' કોનો? પાણીનો. પાણી તો સહજ નિર્મળસ્વરૂપ છે. નિર્મળ સ્વરૂપ જ એ જળનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જેનો સ્વભાવિક એક નિર્મળ ભાવ. જોયું! એ તો નિર્મળ એકરૂપ ભાવ છે. એવો '**તિરોભૂત થઈ ગયો છે...**' એટલે કે જળની નિર્મળતા મલિનતાને કારણે પ્રગટ છે નહિ. એ તિરોભાવ થઈ ગયો. મલિનતા જ .. ગયો મોઢા આગળ. '**એવા જળનો અનુભવ કરનાર...**' આ તો દૃષ્ટાંત છે હોં. પાછો સિદ્ધાંત ઉતારશે. '**એવા જળનો અનુભવ કરનાર પુરુષો—**' પુરુષો શબ્દે આત્મા. '**જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...**' જળ અને મલિનતાની ભિન્નતા નહિ કરનારા. એ .. અમે ગયા હતા તો વરસાદ આવ્યો હોય તો ત્યાં પાણી જ એકલું, ત્યાં નદી-બદી નથી. .. છેને, અહીં મૂળી પાસે. મૂળી પાસે. તળાવ એકલું મેલું તે દિ' હું અને રતનચંદજી બેય ગામમાં ગયેલા. ઓલા શતાવધાની. ઉતર્યા હતા બેય જુદા જુદા. એ ઉતારામાં ઉતર્યા હતા. હું કો'કના મકાનમાં ઉતર્યો હતો. એક જ દિવસ. ૮૨માં આવવું હતુંને વઢવાણ ચોમાસામાં ત્યારે. ... વરસાદ આવેલો. નદી-બદી કાંઈ ન મળે. નદી વિના .. કેવા? તળાવ ભરેલું મેલું પાણી. મેલું પાણી મળે પીવાનું. આ શું લાવ્યા પાણી? બે-ચાર કલાક રાખીએ. થોડોક મેલ બેસી જશે. જેને ઉતાવળ હોય તો મેલું પીવે. પણ ત્યાં તો બીજું પાણી હોય નહિ. તળાવ ભરેલું, મેલું.

વરસાદ આવેલો. નહિ કૂવો, નહિ વીરડો. વીરડો ક્યાંથી હોય, નદી હોય તો વીરડો હોયને. નહિ કૂવા, એ પાણી એવું હતું. ૮૨ની વાત છે. જેઠ મહિનો ૮૨. ૪૨ (વર્ષ) કેટલા થયા? ૧૮ અને ૨૮. ૪૬ વર્ષ થયા. એમ કહે છે, પણ પછી ... પાણી તો મેલું છે. તળાવમાંથી લઈ આવ્યા છીએ પણ ... એવા જળનો પણ ઉતાવળા એકદમ તૃષા લાગી હોય તો પીવા માંડે.

મુમુક્ષુ :- ચોમાસામાં તો આમેય તો નદી બદી મેલી હોય.

ઉત્તર :- પણ એ જ પાણી. પણ ત્યાં નદી ક્યાંય દૂર રહે. આહા..હા..!

'**જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...**' એટલે જુદું નહિ પાડનારા. '**ઘણા તો,...**' ઘણા તો એમ. ઝાઝા એવા ઘણા હોય છે. '**તેને (જળને) મલિન જ અનુભવે છે;...**' મેલુ જ અનુભવે. ભાઈ, લાગી છે તૃષા લઈ લો. '**પણ કેટલાક પોતાના હાથથી નાખેલા...**' પાછા કો'કના ભરોસે નહિ. નોકર-બોકર નહિ. કેટલું નાખવું જરીક મેલું.. કતક નિર્મળ ઔષધિની એને ખબર હોય. ઓલાને કહે નાખજે. ઓલો નાખી દે જાજી તો? આ ખીચડીમાં એમ થાય છેને. ખીચડી રાંધી હોય તો ઘણી બે-ચાર બાયું હોય, તો એક જણે મીઠું નાખ્યું હોય ત્યાં બીજી નાખવા આવે સાથે. આમાં નાંખ્યું. ખાય ત્યારે ખારું લાગે. અરે! આમ કેમ? અમે બે જણાએ નાખ્યું. એક બાઈએ નાખ્યું તો બીજી આવે તો એ પણ નાખે. ઊની ઊની હોયને ખીચડી. આણે નાખ્યું. નાખને એક. ખાવા જાય છે ત્યાં મીઠું લાગે. આ એમ નહિ કહે છે. એક હાથે રાંધવાનું હોય એમ કહે છેને. બીજા બે હાથ કરશો નહિ. બે હાથે બગડશે. એક હાથે કરવા દે બધું કામ. એમ કહે છે હોં! એવું સાંભળ્યું છે. આપણે તો સાંભળેલું છેને, અહીં ક્યાં ન્યાં (કરવા ગયા હતા). આહા..હા..!

'**કેટલાક પોતાના હાથથી...**' દેખો! પોતાના હાથથી. દસ શેર પાણી હોય તો કેટલી જોઈએ નિર્મળી ઔષધિ? '**કતકફળ (નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી...**' લ્યો, જ્યાં પડી નિર્મળ ઔષધિ અંદર. '**ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી,...**' પાણી અને મેલ બે જુદાં પડી ગયા. '**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભાવ કરવામાં આવેલા...**' પોતે જાતે પુરુષાર્થ કરીને આ કર્યું એમ કહે છે. ઓલામાં એમ લીધું છે. પોતાનો પુરુષાર્થ આમ દેખાય નિર્મળ પાણીમાં. એવું નિર્મળ પીવે. '**પોતાના પુરુષાર્થ દ્વારા...**' પ્રગટ કરવામાં આવેલા. શું પ્રગટ કરવામાં આવ્યું? '**સહજ એક નિર્મળભાવપણાને લીધે,...**' હતું તો ખરું પણ મેલપણાનો વિવેક થઈ જુદું પાડ્યું, ત્યારે નિર્મળ પાણી હતું એવું પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. '**નિર્મળભાવપણાને લીધે,...**' લ્યો! '**તેને નિર્મળ જ અનુભવે છે;...**' એ દૃષ્ટાંત થયો.

'**એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...**' દેખો! જોરદાર કર્મનો ઉદય હોય કહે છે.

એની સાથે એકમેક મળેલો હોય. પ્રબળ કાદવ કીધોને? એટલે પ્રબળ કર્મ. '**પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...**' આહા..હા..! પર્યાયમાં અનુભવમાં આવ્યો નહિ એથી મલિનતાનો અનુભવ કર્યો, એથી એનો જ્ઞાયકભાવ ત્રિકાળી દૃષ્ટિમાં આવ્યો નહિ એથી તે ઢંકાઈ ગયો છે એમ કહેવામાં આવે છે. જ્ઞાનમાં આવ્યો નહિને? સમજાણું કાંઈ? રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપ, પર્યાયનો આશ્રય લઈને રાગને અનુભવે એને એકલો જ્ઞાયકભાવ ત્રિકાળી છે તે ઢંકાઈ ગયો એને. પર્યાયમાં, જ્ઞાનમાં આવ્યો નહિ એટલે ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ?

'**એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...**' એમ કીધું. એનો અર્થ જ કે એના ખ્યાલમાં ન આવ્યો એટલે એ નથી. એ ઢંકાઈ ગયો છે એના .. રાગના એકત્વબુદ્ધિ એમ કહે છે. રાગની એકત્વબુદ્ધિ. સમજાણું કાંઈ? અબુદ્ધિપૂર્વક રાગ કહો કે બુદ્ધિપૂર્વક. અંદર એકત્વબુદ્ધિ છે. એમાં બેના ભેદ કરતા નથી. રાગની એકત્વબુદ્ધિ છે ત્યાં સ્વભાવની નિર્મળતામાં એકપણું ત્યાં ઢંકાઈ ગયું છે. સમજાણું કાંઈ? '**કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...**' મળવાથીનો અર્થ કે પોતે રાગની એકતામાં પડ્યો છે. એને લઈને એમ. કર્મને લઈને આમ છે એમ નહિ. એ ભાવકર્મ પણ કર્મ છે. એમાં એકતાબુદ્ધિએ પડ્યો છે. આહા..હા..! '**એવા આત્માનો અનુભવ કરનાર...**' એવા આત્માનો અનુભવ કરનાર. આવા આત્માનો પણ એમ. રાગવાળો, પુણ્યવાળો, પાપવાળો, મલિનતા એવી પર્યાયને અનુભવનારો એવો આત્મા '**અનુભવ કરનાર...**' એવા આત્માને છોડીને આત્માનો અનુભવ કરનાર. એમાં આત્માનો જ્ઞાયકભાવ છોડીને આવા આત્માનો અનુભવ કરનાર એમ. ત્રિકાળી જ્ઞાયકભાવ વસ્તુ છે તેનો આશ્રય કર્યા વિના, એનો આદર કર્યા વિના એને છોડી દઈને રાગવાળો, પુણ્યવાળો, વિકલ્પવાળો છે એવો એને અનુભવે છે.

'**આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...**' રાગાદિ જે કર્મ છે, ભગવાન આત્મા નિર્મળાનંદ સહજ છે એ બેનો વિવેક નહિ કરનારા એમ લીધું છે. વિવેક નહિ કરનારા, કર્મને લઈને વિવેક નહિ કરનારા એમ નહિ. સમજાણું કાંઈ? એનો જ અપરાધ છેને. અપરાધ કોનો છે? '**આત્માનો અનુભવ કરનારા એવા પુરુષો—**' એટલે આત્માઓ '**આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...**' એ રાગાદિ કર્મ છે. ભગવાન જ્ઞાયકભાવ ભિન્ન છે. એમ જુદાં નહિ પાડનારા એટલે ભેદજ્ઞાન કીધું, ભેદજ્ઞાન નહિ કરનારા '**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...**' વર્તમાનમાં રાગભાવની વિચિત્રતામાં જેની એકતાબુદ્ધિ અને વિમોહિત પડ્યો છે. આહા..હા..! '**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું...**' દેખો! ઓલો જ્ઞાયકભાવ એકરૂપ છે, ત્યારે રાગની એકતામાં અનેક પ્રકારના રાગ અને મલિનતા ઉત્પન્ન થાય છે. જેમાં ભાવોનું-વિકારી ભાવોનું '**વિશ્વરૂપપણું**

(**અનેકરૂપપણું**) **પ્રગટ છે**...' વિકારી ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન વિકલ્પની ઉત્પત્તિ થાય છે. '**એવો અનુભવે છે;**...' એવા આત્માને અનાદિથી અજ્ઞાની રાગ અને આત્માની ભિન્નતા ન જાણનારા બેને એકપણે અનેકપણાની વિચિત્રતાના રાગને અનુભવે છે. આ રાગમાં જેની એકતા છે, વ્યવહારવાળા એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, એમાં જેની એકતા છે. વિમોહિત બુદ્ધિ છે. એમાં એકતા છે તો મિથ્યાદૃષ્ટિ તેમાં મોહી ગયા છે. આહા..હા..! '**એવો અનુભવે છે;**...' એ અજ્ઞાનીની વાત કરી.

'**પણ ભૂતાર્થદર્શીઓ**...' લ્યો! એટલે '(**શુદ્ધનયને દેખનારાઓ**)...' એમ. શુદ્ધનય એટલે ત્રિકાળ વસ્તુ. ભૂતાર્થદર્શી. ત્રિકાળ સત્ ધ્રુવ વસ્તુ, પરમસત્ય વસ્તુ એવી છતી ચીજને શુદ્ધનયને. અહીં તો ભૂતાર્થને શુદ્ધનય કીધી છેને. .. આહા..હા..! '**ભૂતાર્થદર્શીઓ** (**શુદ્ધનયને દેખનારાઓ**)...' ત્રિકાળ ધ્રુવ સત્ય વસ્તુને જોનારાઓ. '**પોતાની બુદ્ધિથી નાખેલા**...' પોતાની બુદ્ધિથી ભેદજ્ઞાન કર્યું છે એમ કહે છે. '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી**...' દેખો! શુદ્ધનયને અનુસારે જ્ઞાન થયું અંદર. ત્રિકાળ શુદ્ધ વસ્તુ ધ્રુવ એને અનુસરે છે, ત્યાંથી રાગથી ભિન્ન પડી ગયો. સમજાણું કાંઈ? '**પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર**...' પોતાના પુરુષાર્થથી દ્રવ્ય તરફ વળ્યો છે એમ કહે છે. શુદ્ધનયનો આશ્રય પુરુષાર્થથી કર્યો છે, રાગથી ભિન્ન પડીને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુરુષાર્થ ન વાપરતા જ્ઞાન બતાવવામાં બુદ્ધિ શબ્દ શું કરવા વાપર્યો?

ઉત્તર :- નયથી જણાય છેને. શ્રદ્ધાથી ક્યાં જણાય છે? જ્ઞાનથી આ વસ્તુ એમ જણાય છેને. શુદ્ધ વસ્તુ પોતે શુદ્ધનય કીધી. શુદ્ધનયને જાણનારા, ધ્રુવને જાણનારા. જાણનાર શ્રદ્ધાન કરશે જ્ઞાનનું. જ્ઞાનની પ્રધાનતા આપી. આ પહેલી મૂળ ગાથા.

મુમુક્ષુ :- તો તો જ્ઞાન-દર્શનનો ખીચડો થઈ ગયો.

ઉત્તર :- ખીચડો નથી. એય..! આ તો મૂળ ગાથામાં છે. ચેતનજી! શુદ્ધનયથી દેખનારાઓ. શ્રદ્ધાથી દેખનાર (નહિ), પણ વસ્તુને શુદ્ધનય કીધી છે. જ્ઞાયકભાવ છેને ત્રિકાળી એ જ શુદ્ધનય છે એમ કીધું છે. જ્ઞાયકની મુખ્યતા છેને. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... એ શુદ્ધનય. એક બાકી રહી ગયો અશુદ્ધ રાગ. નય છેને આ? સમજાણું કાંઈ? નય પોતે ત્રિકાળી જ્ઞાયકભાવ એ શુદ્ધનય અને રાગાદિ ભાગ રહી ગયો એ અશુદ્ધનય, વ્યવહારનય. નય આખી ચીજને વિષય નથી કરતી. નય તો ત્રિકાળી અંશને વિષય કરે છે. નયનો વિષય અંશ છે. ભલે ત્રિકાળી છે પણ એ અંશ છે. પર્યાયસહિતનો એ ભાગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર**...' એમ કહેવું છેને અહીંયાં? ભેદ પાડ્યો છેને ભેદજ્ઞાન. રાગથી લક્ષ છોડી અને ત્રિકાળી સ્વભાવમાં લક્ષ કર્યું છે. આહા..હા..!

**'શુદ્ધનય અનુસારે બોધ થવામાત્રથી...'** એટલે ત્રિકાળી જ્ઞાયકભાવને અનુસારે જ્ઞાન થવા માત્રથી. એમ. **'આત્મ-કર્મના વિવેકપણાથી,...'** આહા..હા..! હા તે છેને શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી. એટલે શુદ્ધનય એટલે ત્રિકાળ એને અનુસારે જ્ઞાન થવામાત્રથી એમ. ત્રિકાળ જ્ઞાયકભાવ એને અનુસારે જ્ઞાન થવામાત્રથી. ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવ એને અનુસારે જ્ઞાન થવામાત્રથી. એકલો જ્ઞાનભાવ છે ત્રિકાળ એને અનુસારે જ્ઞાન થવામાત્રથી. સમજાણું કાંઈ? **'આત્મ-કર્મના વિવેકપણાથી,...'** લ્યો! રાગ અને સ્વભાવ ધ્રુવ ત્રિકાળ બેને જુદાં પાડીને **'પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...'** એક જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો. એનું જ્ઞાન થયું એટલે આવિર્ભૂત થયો. છે એને નહોતો માન્યો એમ છે એને જાણ્યો એટલે આવિર્ભૂત થયો. હતો તો ખરો. રાગની દૃષ્ટિમાં એ દેખાતો નહોતો. એ જ્ઞાનની દૃષ્ટિએ જ્યારે જોયું ઓહો..હો..! એ જ્ઞાયકભાવ પ્રગટ થયો કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ -૧૫, શુક્રવાર, તા. ૧૭-૧૨-૧૯૭૧
## ગાથા-૧૧, પ્રવચન-૪૨

આ સમયસાર, ૧૧મી ગાથા. અહીં સુધી આવ્યું છે. **'(આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'** શું કહે છે? આત્મામાં ગુણભેદ, પર્યાયભેદ હોવા છતાં એ ભેદને ગૌણ કરીને એટલે તેનું લક્ષ છોડીને અભેદ એક જ્ઞાયકસ્વભાવ અંતર્મુખ ચૈતન્ય એની દૃષ્ટિ કરનાર. એ જ્ઞાયકભાવ હતો એવો પ્રગટ પર્યાયમાં અનુભવાય છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે ચિદાનંદ જ્ઞાયક અભેદ ચીજ એને અવલોકનારા એટલે એને જોનારા એટલે કે એના ઉપર દૃષ્ટિ મૂકનારા. એ આવો **'એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'** એમાં ભેદ અને પર્યાય છે એમ અનુભવતા નથી. સમજાણું કાંઈ? મૂળ આ વસ્તુ

છે. વસ્તુદર્શન આવું છે. શરીર અને કર્મનો સંબંધ હોવા છતાં એ સંબંધ નથી. એ તો પરને અને આને વ્યવહાર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (છે) એટલે એ તો સ્વતંત્ર છે એમ સિદ્ધ થયું. પણ ત્યાં એનામાં છે એવો રાગ અને એનામાં છે એવી પર્યાય. સમજાણું કાંઈ? ઓલા બે તો નિમિત્ત-નૈમિત્તિકનો અર્થ સ્વતંત્ર બેય. હવે એનામાં છે પર્યાય. આ પર્યાય અને આ દ્રવ્ય એવો ભેદ કહે છે કે એ દૃષ્ટિ એમ કરવાથી એને અંશ ઉપરનો એકલો સ્વીકાર થાય છે અને અંશ ઉપર સ્વીકાર થવાથી એને મિથ્યાદૃષ્ટિપણું આવે છે. સમજાણું કાંઈ?

એથી અંશને હોવા છતાં એનું લક્ષ છોડીને એટલે કે એ છે છતાં લક્ષ છોડવું છે એટલે નથી એમ થયું. અભેદમાં એ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ભારે વસ્તુ. અંતર્મુખ સ્વભાવ એકરૂપ જ્ઞાયકભાવ ત્રિકાળ એની દૃષ્ટિ કરતાં એટલે કે એનો અનુભવ કરતાં એકલો જ્ઞાયક જ અનુભવમાં આવે, ભેદ અને એનો રાગ એને અનુભવમાં આવે નહિ. માટે એ અપેક્ષાએ ભેદ અને રાગ એનામાં છે નહિ એટલે કે વસ્તુ જ છે નહિ. ગૌણ કરીને હોં! સમજાણું કાંઈ? આ છે વસ્તુ. કહો, ભોગીભાઈ! સાંભળ્યું નથી? એટલા પડિક્કમણા કર્યા, બધું કર્યું તોપણ સાંભળ્યું નહિ? ભેગા હતાને પંડિતજી એમ. આહા..હા..! આ વસ્તુ (છે).

કહે છે કે કર્મ અને આત્માની જુદાઈપણાથી. કેમકે લક્ષ જ્યાં છૂટ્યું પરનું અને જુદો થયો. અને સ્વદ્રવ્યના લક્ષે આવ્યો એથી એમાં પોતાના પુરુષાર્થ દ્વારા પ્રગટ કરવામાં આવેલો. લ્યો! પ્રગટ કરવામાં. છતો છે તે નહોતો એમ થઈ ગયું હતું. પર્યાયબુદ્ધિમાં અને રાગબુદ્ધિમાં એ વસ્તુ છતી હતી એ નહોતી એમ થઈ હતી. એ રાગ અને પર્યાયબુદ્ધિ છોડી, વિશેષપણાની બુદ્ધિ છોડી અને એક જ્ઞાયકભાવ તરફની દૃષ્ટિ થતાં એ છે તે પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વસ્તુ છે. ધર્મની શરૂઆત તો અહીંથી થાય છે. બાકી બધી વાતું છે. આહા..હા..! જન્મ-મરણના અંત (અહીંથી થાય છે).

પંચાધ્યાયીમાં કહ્યું છેને ભાઈ! વ્યવહારદૃષ્ટિવાળો તો મિથ્યાદૃષ્ટિ છે. એનો અર્થ આ થયોને કે અંશનો અને ભેદનો સ્વીકાર કરે છે એ વસ્તુ નથી તેથી વિષમતા ઉત્પન્ન કરે છે. વિષમતા કહો કે મિથ્યાત્વ કહો. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા રાગ પણ કાઢી નાખો. ... આ તો એનામાં છે સદ્‌ભૂત પર્યાય. એના ઉપર જેની દૃષ્ટિ છે એ એકલો જ જેનો સ્વીકાર છે એ તો એની બુદ્ધિ વિષમ છે. વિષમબુદ્ધિ એટલે મિથ્યાબુદ્ધિ. સમબુદ્ધિ સમ્યક્ બુદ્ધિ નથી. કહો, દેવશીભાઈ! એમાં .. વાત સાંભળવા. એને સપનું આવ્યું હતું કે મહારાજ! ત્યાંથી પ્રકાશ નીકળતો હતો. એ આવ્યું હતું. કાલે આવ્યા હતા. ..માં આવી ગયા આ ગાથામાં હોં.

મુમુક્ષુ :— એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે.

ઉત્તર :— એ જ પ્રકાશમાન છે. આહા..હા..!

અહીંયાં તો પંચાધ્યાયીકારે અને અહીંયાં પણ એમ કહ્યુંને એનો અર્થ. એમાંથી લીધું છે એ કાંઈ ઘરનું ક્યાંયથી કાઢ્યું નથી એણે. જેટલો આત્મા ત્રિકાળ અભેદ છે એનામાં ભેદ પાડવો એ.. સમજાણું? ત્યાં તો .. જીવ તે સત્ છે. ના. ઈ વ્યવહાર થઈ ગયો. વિશેષણ આપ્યું. જીવ સત્ છે એ તો વિશેષણ આપ્યું. એકરૂપ ન રહ્યો. એમ છે નહિ. છે ઈ છે આહા..હા..! જ્ઞાન છે. જ્ઞાન છે તો ઠીક, પણ જીવ કહેતા ઈ જીવે છે જીવનશક્તિથી. ભેદ પડે છે. આહા..હા..! જીવનશક્તિ કીધી છેને એનામાં છેને? ૪૭ શક્તિમાં નથી આવતું? પહેલી (શક્તિ). પણ એ શક્તિ છે એ અપેક્ષાએ એને જીવ કહ્યો એ પણ ભેદ છે. આહા..હા..! એક જ જીવનશક્તિથી જીવે છે જીવ એમ કહેવું. જીવ. જીવ છે એટલે કે એનો અર્થ કે જીવે છે. એટલે કે એના જીવનગુણથી જીવે છે. આહા..હા..! ભારે વાત છે. સમજાણું કાંઈ?

એમ ભેદરૂપ વસ્તુ નથી અને એને ભેદરૂપમાં આશ્રય કરીને, આશ્રય તો આમ તો એમ પણ કહ્યો છેને. અહીં ૧૨મામાં આવશે એવું ત્યાં લીધું. કોઈ વખતે જ્ઞાનીને પણ વ્યવહારનો આશ્રય હોય છે એટલે? શુભભાવ એને આવે છે. આશ્રય એટલે આમ ભાષા એવી છે ત્યાં આશ્રય. એ તો ભાષામાં કહ્યું. જ્ઞાનીને પણ આશ્રય છે એમ જ્ઞાન વ્યવહારભાવમાં વર્તે છે. શુભભાવ આવે છે, શુભભાવ હોય છે, પર્યાય ઉપર લક્ષ જાય છે અને પર્યાય છે. કહો સમજાણું કાંઈ? પણ એ આદરણીય નથી. સમજાણું કાંઈ? પર્યાયનો અંશ છે અનંતગુણના પર્યાય. અનંતગુણનો અંશ એક સમયમાં પર્યાયનો. આશ્રય કરવાલાયક નથી. એ તો અનંતમાં... અનંતમાં... અનંતમાં... અનંતમાં... ભાગની એક સમયની દશા (છે). આ તો મહાપ્રભુ. એકલું અનંતગુણનું એકરૂપ. સમજાણું કાંઈ? એકલો જ્ઞાયકભાવ અભેદ. બીજી રીતે કહીએ તો પરથી લક્ષ છૂટીને અંતર દૃષ્ટિ જાય એટલે એને સામાન્ય જ દૃષ્ટિમાં રહે, હવે આમ છે ને તેવું છે એ રહેતું નથી. આહા..હા..! એનો અર્થ એ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એ સામાન્યમાં વિશેષ નથી હવે. વિશેષ તો સામાન્યનો આશ્રય કરે છે. સમજાણું કાંઈ? અજબ-ગજબની વાત છે! આવી વાત સંતો દિગંબર પરંપરાની રીત જે પામ્યા, પામ્યા અને પૂર્ણ થઈ ગયા એ પરંપરામાં જન્મેલા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું તો એક જ્ઞાયકભાવ છોને. એને એમ કહેવું કે આ જ્ઞાનવાળો છે. જ્ઞાયકભાવ કીધો ત્યાં જ્ઞાયકવાળો એમ ન આવ્યું? કે ના. ના એમ નહિ. એ તો અખંડ અનંત ગુણનો પિંડ એક જ્ઞાયકભાવ છે વસ્તુ. આ ભાવ પર્યાયભાવ પણ એમાં નથી. એટલે નથી આ, એમાં નથી એ નહિ. હવે તો એની દૃષ્ટિમાં આ અભેદ લેતાં પર્યાય પોતે ગૌણ કરી નાખી એથી એ પર્યાય જ નથી. સમજાણું કાંઈ? જેના ઉપર અસ્તિત્વથી લક્ષ હતું એ લક્ષ છૂટ્યું એટલે એનો અર્થ એ થયો કે એ અસ્તિત્વ દૃષ્ટિમાં નથી હવે. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ વાત કરી છે. અનુભવ તો હોય, પણ એની શૈલીની રીત મૂકવી ગજબ વાત છે.

સમજાય છે કાંઈ? આ રીતે મૂકવું આમ બહાર અને તે પણ ટંકોત્કીર્ણ આમ તોળી તોળીને. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષયોપશમ પણ અજબગજબનો છે!

કહે છે, આમ સામાન્ય ભલે વિશેષ ખબર ન હોય, પણ એ અંતર્મુખ ઢળ્યો એટલે એનો અર્થ જ થઈ ગયો કે એને આમ ઢળતાં એને આ આવો છે ને તેવો છે એવું રહેતું નથી. સમજાણું કાંઈ? અને એવો સમભાવરૂપી સામાન્ય. વિશ્વકોષમાંથી નીકળ્યું છે. ખબર છે? તમે હતા? વિશ્વલોચન. ભૂત, સત્ય અને સમ. એક શબ્દ બીજો વાપર્યો છે ભાઈ પંડિતજીને ખબર છે? બીજી ભાષાથી. વદિત કર્યું છે. વદિત શું છે? પછી આપજો. કોષમાં એ શબ્દ છે. સંસ્કૃત તમે જાણનારા મોટા. એવો શબ્દ પડ્યો છે. હિન્દીમાં બીજો અર્થ હશે? કાલે વાંચ્યું હતું પણ શબ્દ સમજાણો નહિ. આ તો બરાબર છે. ભૂત એટલે સત્ય અથવા સમ. આહા..હા..! ભગવાન સમસ્વરૂપ જ છે કહે છે. ભલે એને સમનો અર્થ પછી સામાન્ય કર્યું છે. ઓલી .... એનો અર્થ સમ એ કાંઈ દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ એ કાંઈ જડનું અહીં કામ નથી અત્યારે. એટલે આત્મા ભૂતાર્થ સમ એકલો વીતરાગભાવ તે સમસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરતાં એ છે એવો અનુભવમાં આવી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિદિત તો છે પણ ... વિદિત છે.

મુમુક્ષુ :- હિન્દીમાં વિદિત અર્થ થાય..

ઉત્તર :- એમ વાત છે.

મુમુક્ષુ :- વિદિત શબ્દ છે એમાં હિન્દીમાં વિદિત એવો અર્થ થાય?

કહે છે એક જ્ઞાયકભાવપણાને લીધે એમ. તેને એટલે આત્માને. પાછું જ્ઞાયકભાવપણાને લીધે એવો આત્મા એમ. જ્ઞાયકભાવ એક ભાવ. એવો ભાવવાન આત્માને.

**'જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...'** જેમાં એટલે આત્મામાં એક જ્ઞાયકભાવ, બે ભાવ. એક અંશ ભાવ અને એક ત્રિકાળી જ્ઞાયકભાવ. દ્રવ્યના આ બે ભાવ. પ્રમાણના વિષયના. પ્રમાણના વિષયમાં આ બે ભાવ. હવે એમાયલો આ એક ભાવ એ પ્રસિદ્ધ છે. એ સમ છે, એ ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? આત્માના બે અંશની અંદર ગૌણ મુખ્યતા કરવી છેને. પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. પર તો સ્વતંત્ર છે. શરીરને આત્માનું કહેવું એ કંઈ નય નથી એમ કીધું છે ઓલામાં. નયાભાસ. ..... છેને એટલે. શરીરને અને.. વ્યવહાર છે. જુદું .. નથી. અપેક્ષા .. બધી. આ તો એક જ કહ્યું છે. શુદ્ધ-નિશ્ચયના બે ભેદ પાડે તે સર્વજ્ઞના આગમથી બહાર છે. એમાં એક આવ્યુંને જુઓને. એક આવ્યુંને પહેલું. **'શુદ્ધનય એક...'** એમ કીધું છેને. પાઠ છેને અમૃતચંદ્રાચાર્યનો પોતાનો. એક હોવાથી તે ભૂતાર્થ, પદાર્થ સ્વરૂપ છે તેને એ બતાવે છે. ભૂતાર્થ પોતે જ શુદ્ધનય એક સ્વરૂપે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? આ સાધારણ માણસને ન પકડાયને એટલે પછી આ વાતમાં આઘા ન જાય. ઓલો કહે .. થાય છે. માની લે કે આ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. હવે આમાં તે આ .. પોપટભાઈ! લ્યો! ... આહા..હા..!

કહે છે, અરેરે! **'એક જ્ઞાયકભાવ...'** બીજો જે અંશભાવ છે એ નહિ. સમજાણું કાંઈ? જૈનદર્શનનો પ્રાણ છે એમ તો ભાઈએ લખ્યું હતું કૈલાસચંદજીએ. પણ પાછું આને મુખ્ય રાખીને વાત કરે તો તો બધો અનેક શાસ્ત્રમાં મેળ ખાય. નયના વાક્યો કેવા છે ઈ. પણ આને પાછા ભૂલી જાય અને બીજા શાસ્ત્રનો અર્થ કરવા જાય તો ફેરફાર થઈ જાય. .. થાય નહિ. આહા..હા..! **'તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...'** આહા..હા..! જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન. એમ કીધુંને? પણ જ્ઞાયકભાવ પોતે જ આત્મા છે એમ કહીને મૂક્યું નહિ. જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. પાછું એક જ જ્ઞાયકભાવ ત્રિકાળ પ્રકાશમાન છે. **'એવો અનુભવે છે.'** એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા..! પહેલાં એની સમજણમાં લક્ષમાં તો લે કે વાત આવી છે. આવું જ્યાં લક્ષ પણ ન બાંધે એને તો અંતર્મુખ ઉતરવાનો પ્રયોગ જરૂર છે એ વાત તો બેઠી નહિ. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં એ વાત બેઠી નહિ કે આમ અંદર અંતર્મુખ ઢળવાની જરૂર છે. અને ત્યાં પ્રાપ્ત થાય છે. બીજે પ્રાપ્ત થવાનો બીજો ઉપાય નથી. સમજાણું કાંઈ? દેવજીભાઈ!

કહે છે **'અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે...'** પહેલાં એમાં એમ કહ્યું, શુદ્ધનય તે જ ભૂતાર્થ છે. આહા..હા..! સમજાવવું છેને. એટલે ત્રિકાળ વસ્તુ એકરૂપ વસ્તુ તે જ શુદ્ધનય છે. અને એને પછી... પછી પાડ્યુંને? એનો આશ્રય કરવો. એટલે કે જે ભૂતાર્થ શુદ્ધનય છે એનો આશ્રય કરવો. એ સમ્યગ્દૃષ્ટિ છે. એમ પાઠ છેને. એટલે અહીં પાછું લીધું.

મુમુક્ષુ :- ગાથાને અનુસરીને.

ઉત્તર :- ગાથાને અનુસરીને છે.

**'અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે...'** નિર્મળી ઔષધિ. **'તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...'** જેઓ, જે આત્મા **'શુદ્ધનયનો આશ્રય કરે છે...'** જુઓ, છેને? **'भूदत्थमस्सिदो'** આવ્યુંને પાછું ભાઈ! પહેલાં તો એમ હતું કે ભૂતાર્થ તે શુદ્ધનય કીધી. બીજું પદ. પણ ત્રીજા પદમાં પાછું કહ્યું કે ભૂતાર્થનો આશ્રય કરે પાછો. એ શુદ્ધનય ત્રિકાળી એનો આશ્રય કરે છે. આહા..હા..! **'શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...'** એટલે કે ત્રિકાળી સ્વભાવનું અવલંબન કરે છે. **'તેઓ જ સમ્યક્ અવલોકન...'** ભાષા એમ છે જુઓ. **'एव सम्यक् पश्यन्तः'** છે. **'पश्यन्तः'** છે. શ્રદ્ધે છે એમ ત્યાં નથી લીધું.

મુમુક્ષુ :- બેય અર્થ થાય છે.

ઉત્તર :- થાય છે. પણ અહીં તો '**पश्यन्तः**'નો અર્થ સમ્યક્ અવલોકન કર્યું છે. અવલોકન કહ્યું છે. અને પાઠમાં તો ત્યાં કહ્યું, શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી. ત્રિકાળી વસ્તુના આશ્રયથી એને અનુસરીને જ્ઞાન થવા માત્રથી. એમ આવ્યું હતુંને? .. ઊપજેલા આત્મવિવેક એનાથી બોધ થવા માત્રથી બે ભિન્ન પડી ગયા એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અધ્યાત્મ શાસ્ત્ર એમાં પણ આ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની રીત ને પ્રકાર કથન જેટલા સહેલા શબ્દથી કહેવાય તે રીતે કહેવાણું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શુદ્ધનય કતકફળ—નિર્મળી ઔષધિના સ્થાને હોવાથી. આમ રાગ અને પર્યાયથી ભિન્ન પડીને અભેદનો આશ્રય કરવાથી. '**તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી)...**' '**સમ્યક્ અવલોકન કરતા (હોવાથી)...**' વાસ્તવિક એનો જ્ઞાન પર્યાય ત્રિકાળ વસ્તુને માનવાથી, જાણવાથી, અવલોકવાથી સમ્યગ્દૃષ્ટિ છે. લ્યો, આ ધર્મની પહેલી પર્યાય શરૂઆત થાય.

મુમુક્ષુ :- અવલોકનમાં તો જ્ઞાન આપે બધા.

ઉત્તર :- અવલોકન છે. શ્રદ્ધાના અર્થમાં પણ આવે છે, પણ મૂળ આમ છે. જોવું. ત્રિકાળ જ્ઞાયકભાવ છે તેમ જોવે છે. એમાં પછી પ્રતીત થાય છે. સમજાણું કાંઈ?

'**સમ્યક્ અવલોકન કરતાં (હોવાથી)...**' આ કારણે તેને સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ થાય છે એમ નહિ. આ કારણે એને સમ્યગ્દૃષ્ટિપણું છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા તો ઓલામાં નથી ક્યાંય. શ્વેતાંબરમાં અરિહંત દેવો માને, ગુરુની શ્રદ્ધા કરો લ્યો! કાલે આવ્યું હતું, ન કીધું? ... ચાર પ્રકારના અજીર્ણ. અજીર્ણ આવે છે. હવે એ તો બહારની વાત. અને એમ કીધું છે કે જે તપ કરીને અભિમાન કરે એ તપનું અજીર્ણ છે. જાણપણું કરીને અહંકાર કરે એ જ્ઞાનનું અજીર્ણ છે. ક્રિયા કરીને પરની નિંદા કરે, અમે ક્રિયાવાન છીએ, આવી ક્રિયા કરીએ છીએ. એ ક્રિયાનું અજીર્ણ છે. પણ ખાયને પચે નહિ એ શરીરનું ખોરાકનું અજીર્ણ છે. એમ ચાર લીધા છે. પણ એવું લીધું છે. યશોવિજયે.. એવું આવે છેને. અને આ યશોવિજયે એને વર્ણવ્યું છે વિસ્તારથી. એક-એક બોલને.. નાખ્યું પાછું. ... સ્થાકનવાસીમાં નાખ્યું છે હોં. જૈનપ્રકાશમાં એનો છેલ્લો લેખ છે. સારો લાગ્યોને બહારમાં બધું. આવે છે એ તો.. ત્યારે બધું લીધું ગઢડામાં. ૮૧માં. ચાર પ્રકારના અજીર્ણ. તપસ્યા કરીને ક્રોધ કરે. ક્રોધ છે હોં! તપસ્યા કરે અને પછી ચીપીયા ખખડે. એય..! તપસી! સંભળાય છે? ભૂલી ગયા. શાસ્ત્રમાં એમ આવે છે કે બહુ તપસ્યા કરે અને જો ક્રોધ કરે તો એ તપસ્યાનું અજીર્ણ છે એમ કહે છે. અને જ્ઞાન જાણપણા થયા હોય એનો અહંકાર કરે. બહારની વ્યવહારની વાત છે. અહીં તો એક સમયની પર્યાયનું અભિમાન કરે એ મિથ્યાદૃષ્ટિ છે, લે. એક સમયનો પર્યાય તે હું-અહં, એ મિથ્યાદૃષ્ટિ છે. એટલે ..નો અર્થ છે. આહા..હા..! પર્યાયે દ્રવ્ય સાથે એકતા ન કરી, અંશ સાથે એકતા કરી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એ '**શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ...**' એમ પાછું. તે જ. એમ વિશેષ છેને. '**સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા...**' સમ્યગ્દર્શન નથી એમ છે મૂળ તો પાઠ. જરી અશુદ્ધનો સર્વથા આશ્રય કરે એટલે એકલી અશુદ્ધતાને જ સ્વીકારે છે. એમ. એકલો પર્યાયને જ સ્વીકારે છે એ અશુદ્ધમાં જાય છે. દ્રવ્ય જ્યારે શુદ્ધમાં જાય છે અને પર્યાય આ અપેક્ષાએ અશુદ્ધતામાં (જાય છે). કહેવાણું મેચક-અમેચકમાં. અને પછી .. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારનય તે મેચક-મલિન છે મલિન. એક દ્રવ્યને ત્રણ પ્રકારે પરિણમેલ કહેવો એ પણ વ્યવહાર અને મલિનતા છે. આહા..હા..! એ બધું ખોટું છે, પણ એકમાં બે ભેદ કેમ પાડ્યા? અહીં તો કહે છે, ... પણ જીવ સત્ છે એ નહિ. જીવ સત્ છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો જીવ કહેવો એ. જીવ કહેવો એ તો એક જ ગુણની પ્રધાનતાથી જીવ કહેવો છેને. આહા..હા..! જીવ સત્ છે. એનું લક્ષ-લક્ષણ કોને? જીવ સત્ છે. જીવ લક્ષણ, સત્ લક્ષણ એમ. જીવ સત્ છે એમ. જીવ સત્ છે, જીવ જ્ઞાન છે એમ. આ લક્ષણ છે, આ લક્ષ. એટલું પણ નહિ. આહા..હા..! એવી દૃષ્ટિ રાખે તોપણ અભેદનો અનાદર થાય છે. એટલી એની દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ?

'**(જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી.**' એકલો જ અશુદ્ધ એટલે પર્યાયને જ સ્વીકારે છે, અંશને જ સ્વીકારે છે. '**માટે...**' આ કારણે '**કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ...**' લ્યો, ભાષા ઈ છે. પાઠમાં એમ છેને? '**प्रत्यगात्मदर्शिभिः**' આત્મદર્શી. કર્મથી ભિન્ન ભગવાન આત્મા વસ્તુ તો લોજિકથી આ તો ન્યાયથી સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.**' પર્યાયમાં પર્યાયનું લક્ષ આશ્રય કરવા જેવું નથી. કહો, સમજાણું કાંઈ? ત્યાં પશ્યન્ત કહ્યું હતું, અહીં દેખનાર કહ્યું. શુદ્ધનયને અનુસારે બોધ થવામાત્ર કહ્યું. ઘણાં-ઘણાં ન્યાય છે આમાં.

મુમુક્ષુ :- અબુદ્ધિથી...

ઉત્તર :- અબુદ્ધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વ જીવ જ્ઞાયકમાત્ર.. સંસ્કૃતમાં? હા એ તો લખ્યું છે. '**भूतार्थदर्शिनस्तु स्वमतिनिपातितशुद्धनयानुबोधमात्रोपजनितात्मक**' એ તો ત્યાં પણ કહ્યું છેને ઓલામાં ૧૪૪માં. મતિની બુદ્ધિ અને શ્રુતની બુદ્ધિ એમ કહ્યું છે. નહિ? આમ છેને, વળી તો આમ વાળવું એમ કહ્યું છે. મતિની બુદ્ધિ લીધી છે, શ્રુતની બુદ્ધિ લીધી. આકુળતા ટાળવા સુખબુદ્ધિને

અંતર્મુખ વાળ જ્યાં સ્વરૂપ અખંડ અભેદ છે.

**'ભાવાર્થ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે.'** ગાથામાં આવેલું એનું ચાલતી ભાષામાં સ્પષ્ટીકરણ કરે છે. વ્યવહારનયને જૂઠી અને શુદ્ધનયને સાચી. એમ કહ્યું છેને? હવે એની વ્યાખ્યા. **'જેનો વિષય વિદ્યમાન ન હોય,...'** એટલે કે **'અસત્યાર્થ હોય,...'** એટલે કે જૂઠો હોય, **'તેને અભૂતાર્થ કહે છે.'** એ તો .. ભાષા છે. ખોટો કહો, જૂઠો કહો. **'જેનો વિષય...'** હયાતી ધરાવતો ન હોય, જેનો વિષય જૂઠો હોય. આહા..હા..! એ બંધ અધિકારમાં એ વિષય જ નથી. .. વિષય જ નથી. આવે છે. પરને જીવાડું-બચાવું એ કોઈ વિષય છે જ્ઞાનનો? અજ્ઞાનનો વિષય છે એ માનેલું છે, કલ્પિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! બંધમાં આવે છે એને વિષય... આપણે યાદ આવ્યું. બંધને બંધ? ઓહો..હો..! ગાથા-૨૬૬ બરાબર છે. **'પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાને પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે.'** ભાવાર્થમાં છે. **'જે પોતાની અર્થક્રિયા (પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતો નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે.'** સમજાણું કાંઈ? ભાવાર્થમાં છે. પાઠમાં તો એમ છે કે આકાશના ફૂલને તોડું છું. અરે..! ટીકા તે પણ ગજબ છેને. આવું ચોખ્ખું લખે છે કે અર્થક્રિયા કરી શકતો નથી માટે અકિંચિત્કર છે. એ વાત લીધી. **'परत्राकिञ्चित्करत्वात'** અકિંચિત્કર છે. પછીની. ૨૬૭માં. પરમાં અકિંચિત્કર હોવાથી એમ છે લ્યો. છેને? પરમાં અકિંચિત્કર હોવાથી. આહા..હા..! મિથ્યા છે. અર્થક્રિયા કરનારું નથી માટે મિથ્યા છે. સંસ્કૃતમાં છેને. **'परत्राकिञ्चित्करत्वात'** છેને? સંસ્કૃતમાં છે પંડિતજી! ૪૦૬ પાનું. છેલ્લો શબ્દ. હિન્દી છેને? ૨૬૭ ગાથા લ્યોને. ૨૬૭. ૨૬૭ ગાથા. એની ટીકા. **'परत्राकिञ्चित्करत्वात'** પરને માટે કાંઈ કરી શકે નહિ, બિલકુલ ન કરી શકે. નહિ. નિમિત્ત અકિંચિત્કર નહિ. અરેરે! પણ એણે નાખ્યું છે. જુઓ, અકિંચિત્કર નથી કહ્યું. એ તો વાત કરી છે. છે એટલું જણાવ્યું. અકિંચિત્કર. કરે છેને. આહા..હા..!

**'જેનો વિષય નથી...'** દેખો! અને તે જૂઠો હોય **'તેને અભૂતાર્થ કહે છે.'** અભૂત અર્થ, અ-નહિ છતો અર્થ. અ-નહિ સત્ય અર્થ. સત્ય અર્થ નથી, સાચો અર્થ નથી, ખોટો છે એમ. આહા..હા..! **'વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે—'** હવે એનો ખુલાસો કરે છે. વ્યવહારનયને જૂઠો કહેવાનો આશય એવો છે કે, વ્યવહારનયને જૂઠી, અસત્ય કહેવાનો આશય એવો છે કે **'શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે,...'** લ્યો! એક આ લીધું જુઓ. ઓલો શુદ્ધનયની લીધી હતીને! જ્ઞાયકની પર્યાયસહિત. છઠ્ઠી. ... સમજાણું કાંઈ? વળી એમ લીધું. જ્ઞાયકભાવની પર્યાય છે એ શુદ્ધનય છે. અહીં તો શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાનનો જે નિશ્ચય અંશ એનો વિષય. ભેદ પાડીને વાત કરવી છેને

અહીં તો હજી? પાઠમાં તો એમ હતું કે શુદ્ધનય તે ભૂતાર્થ છે, તે જ ભૂતાર્થ છે. હવે આનો વિષય કરીને સમજાવે છે. કારણ કે નય છે એ વિષયી છે. ત્યારે એનો વિષય, શુદ્ધનય જાણનાર છે ત્યારે એનો જણાવાયોગ્ય વસ્તુ શું છે અંદરમાં? એમ. આહા..હા..!

'**શુદ્ધનયનો વિષય અભેદ...**' છે. એટલે એકલું અભેદ તત્ત્વ એ શુદ્ધનયનો વિષય છે. એમાં પર્યાય પણ આવે નહિ. વર્તમાન પર્યાય હોં! વર્તમાન પર્યાયની વાત છેને. સમજાણું કાંઈ? '**શુદ્ધનયનો વિષય અભેદ...**' બરાબર ન સમજાય એણે રાત્રે પૂછવું. સમજાણું કાંઈ? પૂછવું રાત્રે, એમાં શું છે? શુદ્ધનયનો ધ્યેય-વિષય અભેદ ભગવાન આત્મા '**એકાકારરૂપ...**' એક સ્વરૂપે છે. એકાકાર એ તો એક સ્વરૂપે એનો વિષય છે અને તે નિત્ય છે. '**નિત્ય દ્રવ્ય છે,...**' નિત્ય દ્રવ્ય છે. .. નિત્ય દ્રવ્ય કહેતા એને ભેદ પડી જાય છે. ભાઈ! પણ સમજાવવું છેને. શું થાય? આહા..હા..! દ્રવ્ય નિત્ય, દ્રવ્ય નિત્ય એને ભેદ કીધો. .. અભેદ છે. અહીં તે આ નિત્ય છે એવું જણાવવા માટે. આ વસ્તુ નિત્ય છે, અભેદ છે, એકાકાર છે એમ. '**તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...**' એટલે? અભેદની દૃષ્ટિમાં પર્યાય વર્તમાન છે તે ભેદ એમાં દેખાતો નથી. એમ. સમજાણું કાંઈ? અભેદમાં પર્યાય નથી દેખાતી એમ નહિ. ઓલી પર્યાય અંદર આ પર્યાય નથી એવું નથી દેખાતું એમ નહિ. આ પર્યાય એમાં દેખાતી નથી. અભેદમાં આ પર્યાય ક્યાં દેખાય છે પણ? સમજાણું કાંઈ? કાલે તો આવ્યા હતા તમારા પ્રવિણભાઈને ઈ. તમે નહોતા? ઠીક. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અર્થ કરનારે પણ એને જે ભાવ છે એનું સ્પષ્ટીકરણ ચાલતી ભાષામાં કર્યું છે.

'**તેની દૃષ્ટિમાં...**' એટલે કે અંતર્મુખની દૃષ્ટિ થતાં, અભેદ જોતા, અભેદમાં આ પર્યાય અંદર દેખાતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વર્તમાન ચાલતી પર્યાય પ્રગટરૂપ દશા એ અભેદ દૃષ્ટિમાં દેખાતી નથી. અભેદમાં દેખવા જાય પર્યાય તો તો અભેદ રહેતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ધીમે ધીમે ચાલે છે ભાઈ આ. વિચાર કરતા જાય તો એને વિચારવાનો અવકાશ પણ છે થોડો. બાકી વધારે તો રાત્રે વિચાર કરવો. નવરા થાય ત્યારે. આહા..હા..! '**અભેદ તેની દૃષ્ટિમાં...**' એટલે અંતર્મુખ જ્યાં દૃષ્ટિ પડી. એનો તો અભેદ વિષય છે. અભેદમાં આ પર્યાય, એમાં આ પર્યાય ક્યાં દેખાય? સમજાણું કાંઈ? દૃષ્ટિ તો સામાન્ય અભેદ ઉપર ગઈ. હવે એને અભેદમાં આ પર્યાય વર્તમાન અંશ ભિન્ન છે એ ત્યાં ક્યાં દેખાય છે? સમજાણું કાંઈ? '**અભેદ તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ...**' નથી. એમ. તેની દૃષ્ટિમાં ભેદ જૂઠો છે, અવિદ્યમાન, નથી. અભેદની દૃષ્ટિમાં પર્યાયભેદ નથી. કહો, સમજાણું? ભીખાભાઈ! પાછું તમે વાંચતા હશો કે નહિ ઘરે? વાંચ્યું છે કે નહિ ઘરે કેટલી વાર? પણ આ વિચાર તો થાયને, અહીં તો ભલે એને ઘરે રહ્યું. આહા..હા..!

'**તેની દૃષ્ટિમાં...**' કોની? અભેદ પડી છે, જ્યાં દૃષ્ટિમાં અભેદપણું આવ્યું એની દૃષ્ટિમાં

પર્યાયનો ભેદ દેખવામાં આવતો નથી, પણ દ્રવ્ય દેખવામાં આવે છે, દ્રવ્ય શ્રદ્ધવામાં આવે છે. સમજાણું કાંઈ? **'તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે...'** એમ. અભેદમાં ભેદ દેખાતો નથી, દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાય દેખાતી નથી માટે તે દૃષ્ટિમાં ભેદ નામ પર્યાય નથી. પર્યાય વર્તમાન તે છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણનાર પર્યાય...

ઉત્તર :- જાણનારને માન્યો એમ કીધું છે. જાણનારો કોણ છે એ. જાણનાર ત્રિકાળ છે એને તો જાણતો નથી. એ તો પછી ત્યાં એ સિદ્ધ કરવું છેને. ઘટ-પટ નહિ પણ આ પર્યાય. પણ એ છે કોની? જ્ઞાયકભાવ અભેદની પર્યાય છે. પર્યાયને જોવું નથી અહીં. એ પર્યાય અભેદને દેખે છે ત્યાં એ પર્યાયનો ભેદ ત્યાં અભેદમાં દેખાતો નથી. હવે દેખે છે એમ કહીએ તો એ પર્યાય છે. અભેદને દેખે છે એ પર્યાય છે. આને દેખે છે. પણ એ એમાં દેખાય છે એમાં આ પર્યાય નથી. જે જ્ઞાનનો પર્યાય અભેદને દેખે છે એમાં આ જ્ઞાનનો પર્યાય એમાં ક્યાં છે? વર્તમાન હોં! કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ તો. મોવાળા ચીરવાથી પણ આ તો ઝીણું બહુ.

મુમુક્ષુ :- મોવાળો તો સહેલો લાગે છે.

ઉત્તર :- સહેલો. મોવાળો .. હોય. મોવાળા હોય છેને એને બે ફણગા હોય છે. બે છેડા હોય છે. એક ફેરી જોયું હતું ૭૮માં. મોવાળામાં બે ભાગ છે. મોવાળો તો જરી હાથમાં આવી ગયો. એને છેડે બે ભાગ હતા-ફણગા. એક મોવાળામાં બે ફણગા છેડે. લાગે છે ખરું આમાં કાંઈક. એ ચીરાય નહિ હોં. જુદા ન પડે. આ તો ચીરાઈ જાય એવી છે વાત. પર્યાયથી ભિન્ન પડી અભેદને દેખતાં અભેદમાં વર્તમાન દેખનારી પર્યાય અભેદને દેખે છે એમાં આ પર્યાય એમાં નથી, ભેદ દેખાતો નથી. આહા..હા..!

**'તેની દૃષ્ટિમાં ભેદ...'** જૂઠો છે એટલે છે જ નહિ એમ. અસત્યાર્થ જ કહેવો જોઈએ. એ દૃષ્ટિની અપેક્ષાએ તો એને જૂઠો જ કહેવો જોઈએ. કારણ કે એમાં નથી. અભેદમાં ભેદ પર્યાય નથી. અભેદમાં આ અંશ ચાલતો અંશ એને વિષય કર્યો, એના વિષયમાં આ અંશ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવું ધર્મનું સ્વરૂપ ભારે. સોમચંદભાઈ! નાગનેશમાં તો બધું એય..! પોષા ને પડિક્કમણા કરો, અપવાસ કરો, ઝોલા ખાઈને સામાયિક કરો. મૂળચંદભાઈ! નમોત્થુણં... નમોત્થુણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે. આ ધર્મના લક્ષણ છે? અહીં તો કહે છે કે અભેદમાં પર્યાયમાં દેખાતી નથી ત્યાં જાવાનું છે. આહા..હા..! અપાસરે નહિ? અપાસરે.. આહા..હા..!

કહે છે, **'શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં...'** અભેદમાં નિર્વિકલ્પની દૃષ્ટિ થતાં. અભેદ દેખતાં, અભેદ શ્રદ્ધતા, અભેદ જોતાં **'તેની દૃષ્ટિમાં**

**ભેદ દેખાતો નથી; માટે...**' એમ. અભેદમાં ભેદ દેખાતો નથી માટે. '**તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન,...**' છે. નથી, અવિદ્યમાન છે. '**અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું...**' હવે લે છે. એ તો અભેદમાં ભેદ દેખાતો નથી અને અભેદમાં ભેદ અસત્યાર્થ દૃષ્ટિની અપેક્ષાએ કહેવો જોઈએ તો એમ કહ્યો છે. જયચંદ્ર પંડિતે અર્થ કર્યો છે, પંડિતજી! તમારા ગામના, જયપુર. '**એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.**' પર્યાય છે જ નહિ, ગુણભેદ છે જ નહિ. સમજાણું કાંઈ? એક જ વસ્તુ છે અને એમાં અનંત ગુણો, ગુણભેદ નહિ, પર્યાય નહિ એમ ન સમજવું. કેમ કપુરભાઈ! આ ગુલાબભાઈને તો બધું નવું જ લાગતું હશે. માંડ માંડ આવ્યા છે હવે. પણ કોરે ઓલે આવે એને પકડાય. જૂના આગ્રહે પકડ્યા ન હોયને. આહા..હા..! આ તો એની ઘરની ચીજ છે. આ તો એનું ઘર આવડું છે. આહા..હા..! અનંત ગુણનું એકરૂપ. આટલા દેશ તાબે કર્યા અને આટલા દેશ... કહેતા હતાને? પણ અહીં તો અનંતા એક દ્રવ્યના અનંતા ગુણો એ દ્રવ્યને તાબે કરતાં અનંત ગુણને તાબે થાય. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ ગુણ અને આ ગુણી એવો ભેદ પણ વસ્તુમાં છે નહિ. આહા..હા..! ગુણી અને આ ગુણ એ પણ વ્યવહારનય થઈ ગયો. સમજાણું કાંઈ? હજી તો આ બહારના રાગાદિ દયા, દાનના વ્યવહાર હેય છે એ હજી બેસતું નથી. એને ગુણ-ગુણીનો ભેદ હેય છે અને પર્યાયનો અંશ છે તે હેયબુદ્ધિએ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. એક વસ્તુના અનંત ગુણો એવો ગુણ જ નથી અને એક સમયની પર્યાય જ નથી એમ ન સમજવું.

'**જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી...**' પર્યાય—અવસ્થા ભેદરૂપ છે એને દેખી '**અવસ્તુ માયાસ્વરૂપ કહે છે...**' એ તો અવસ્તુ માયાસ્વરૂપ છે. માયાસ્વરૂપ. પર્યાય, પરિણમવું આ શું? માયા છે. યા-મા એ નથી. માયા. યામા-યા તે નથી. યા તેમાં નથી. યામાં તે નથી. એમ નથી. સમજાણું કાંઈ? માયા આવે છે ઓલામાં કળશટીકામાં ભાઈ! બે ઠેકાણે આવે છે માયાજાળ, ... કળશટીકામાં આવે છે. માયાજાળ નથી આ. સમજાણું કાંઈ? પર્યાય, ગુણભેદ વસ્તુ છે. અભેદની દૃષ્ટિમાં નથી દેખાતો એમાં માટે તેને જૂઠો અને અસત્યાર્થ કહ્યો છે, પણ પર્યાયની અસ્તિમાં પર્યાય નથી, ગુણના ભેદરૂપે એક જ છે અને અનંત ગુણ નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! એમ '**ભેદરૂપ અનિત્યને દેખી...**' પર્યાય માનતા નથી એ લોકો તો. પર્યાય કેવી? કીધું હતુંને એક ફેરી બાવો આવ્યો હતો. જૈનના સાધુ અધ્યાત્મની વાતું કરે છે. એ વેદાંતમાં આપણે હોય. આવું ત્યાં નથી. વેદાંતમાં અધ્યાત્મ. એવી જૈનની છાપ પડી ગઈ છે. અપવાસ કરો, ફલાણું કરો, ઢીંકણું કરો, આ કરો.

કહે છે, '**ભેદરૂપ...**' એટલે ગુણભેદરૂપ અથવા પર્યાયરૂપ '**અનિત્યને દેખી અવસ્તુ...**'

એ વસ્તુ જ નથી, પર્યાય જ નથી. એ તો '**માયાસ્વરૂપ કહે છે...**' પણ માયા છે શું એ? એ કાંઈ છે કે નહિ? સમજાણું કાંઈ? ઘડામાં ખાડો પડ્યો એ કાંઈ વસ્તુ નથી. ખાડો નથી શું છે? ખાડો પડે છેને આમ ... પણ છે કે નહિ ખાડો? ઈ છે કે નહિ? એ ઘડાના સ્વરૂપ તરીકે અભેદમાં એ ખાડો નથી. એ ખાડો ખાડો આમ પડ્યો છે એ વસ્તુ છે કે નહિ? કાંઈક છે કે નહિ? સમજાણું કાંઈ? એમ પર્યાય નથી જ એમ માનનારા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એક કોર ઉડાવ્યું અને વળી સ્થાપ્યું. કોને પકડવું આ? કઈ અપેક્ષાએ ઉડાવ્યું હતું? અંતર દૃષ્ટિ કરાવવા અભેદમાં એ દેખાતું નથી અને ભેદવાળી પર્યાય અભેદને પકડે છે. એટલે એમાં આ પર્યાય એમાં નથી દેખાતી માટે તેને અસત્ય અને અવિદ્યમાન કહેવામાં આવ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અવસ્તુ છે.

'**અને સર્વવ્યાપક એક...**' છે. દેખો! સર્વવ્યાપક એક. એટલે બે નહિ. એમ. ક્ષેત્રથી સર્વવ્યાપક એક, બસ. એટલે બે નહિ. બે આત્મા નહિ, બે દ્રવ્ય નહિ, '**અભેદ...**' ગુણ નહિ. એક અને અભેદ, ગુણભેદ નહિ. ગુણ વળી કેવા? આત્મા અનુભવે, આત્મા.. આ શું? ઈ એમ કહે છે. આત્મા અનુભવે એ તો ભેદ થઈ ગયો. એને અનુભવવું શું? આત્માને અનુભવવું શું? એ તેં નક્કી શેમાં કર્યું? એ તો પર્યાયમાં નક્કી થાય છે. દ્રવ્ય તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? એ વેદાંતવાળા સર્વવ્યાપક એક એટલે દ્રવ્ય ઘણા, અભેદ, ગુણ અનંત નહિ. નિત્ય, પર્યાય નહિ અને શુદ્ધ બ્રહ્મ. અશુદ્ધતા પણ નહિ. '**શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે...**' એવું ઠરે. જો ભેદ અને પર્યાય નથી તો વેદાંત મતવાળા જેવું ઠરે. '**તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો પ્રસંગ આવે.**' સમજાણું કાંઈ? આવું બધું સમજવું! કાંઈ કરવા માંડે નહિ. પણ શું કરે? જે ચીજ છે એને જાણવાની ક્રિયા છે એ તો તને ખબર નથી. કરવું છે શું? અભેદમાં એકાગ્ર થવું એ ક્રિયા છે તારી તો. હવે એની તો કાંઈ ખબર નથી, અભેદ શું ને ભેદ શું ને અવસ્તુ શું ને વસ્તુ શું? ... નહિ? ... નથી. આહા..હા..! એક ફેરી ...

'**સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે.**' સમજાણું? '**માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે,...**' એમાં છે એ પ્રમાણે કહે છે. અભેદ છે એમાં ભેદ નથી, પણ ભેદરૂપે છે એમ જિનવાણી કહે છે. એનો વિસ્તાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૭૧
## ગાથા-૧૧, પ્રવચન-૪૩

આ સમયસાર. ૧૧મી ગાથા એનો ભાવાર્થ ચાલે છે. એમાં એમ કહ્યું કે આ આત્મા વસ્તુ છે એ ધ્રુવ ચૈતન્ય અનંત જ્ઞાયકભાવ એકરૂપ અભેદ છે. મુખ્ય એનો વિષય બનાવીને એ અભેદ વસ્તુ છે એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. એ પૂર્ણ સત્ય છે. અને એનામાં જે રાગાદિ દેખાય એ એક સમયની પર્યાય કે ગુણ-ગુણીનો ભેદ એ બધો વ્યવહાર છે. એ ખરેખર નિશ્ચયની અપેક્ષાએ તે સત્યાર્થ નથી. એથી એવા ભેદને—પર્યાય—અવસ્થાને, રાગને ગૌણ કરીને એ વસ્તુ જ નથી (એમ કહ્યું છે). આહા..હા..! વસ્તુ અભેદ મુખ્ય ચીજ છે એને સત્યાર્થ કહી અને આ ચીજ હોવા છતાં એને ગૌણ કરીને એ નથી. કારણ કે એનું લક્ષ એકાંત વ્યવહારનું લક્ષ કરનાર તો અનાદિનો છે અને એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પંડિતજી!

પુણ્યના પરિણામ ઉપર દૃષ્ટિ આપે તો એ મિથ્યાદૃષ્ટિ છે. એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ આપે તોપણ એ વ્યવહાર અંશ એને માનનારો મિથ્યાદૃષ્ટિ છે. એમ ગુણ-ગુણીનો ભેદ નથી અંદર વસ્તુમાં છતાં ભેદ ઉપર એને માને એ પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. કેમકે સત્ય અભેદ છે એની અપેક્ષાએ આ ભેદ પર્યાયને અસત્યાર્થ ગૌણ કરીને નથી એમ કહેવામાં આવે છે. પણ એ બિલકુલ નથી જ એમ જો માને તો એકાંત મિથ્યાત્વ થઈ જાય છે. એ..ભાઈ! કીધુંને વાત આવી ગઈને? પર્યાય છે, રાગ છે, એકરૂપમાં અનંત ગુણનો ભેદ પણ છે. એને બિલકુલ નથી એ તો લક્ષ કરવાનું નથી માટે તેને નથી કહ્યું. પણ વસ્તુ નથી, એકાંત એમ જ માને કે એ પર્યાય વસ્તુ નથી, ગુણો અનંત ભેદ છે એ વસ્તુ જ નથી (એમ માને એ) મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અહીં એમ સમજવું...**' અહીં કહ્યા છે એમાં એમ જાણવું. એમ. '**કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે,...**' વીતરાગની વાણી સ્યાત્ અપેક્ષાએ કહેનારી છે. બીજી અપેક્ષા રાખીને કહેનારી છે. આ અભેદને કીધું ભેદ નથી, પણ ભેદ છે એવી અપેક્ષા રાખીને અભેદમાં ભેદ નથી એમ કહીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કથંચિત્ થઈ ગયું.

ઉત્તર :- કથંચિત્‌નો અર્થ આમ નહિ. એને ખરેખર તો ગૌણપણું કરીને છે નહિ એમ

કહેવું છે. સમજાણું? કારણ કે લક્ષ પર્યાય ઉપર તો અનાદિનું છે. અનાદિથી અંશની ઉપર દૃષ્ટિ છે. એથી એને કથંચિત્ એ સત્ય છે એમ અહીંયાં નથી. છે એટલું. વસ્તુની દૃષ્ટિ કરવા માટે એ નથી એમ કહેવામાં આવે છે. એ તો અપેક્ષાથી કથન થયું. મુખ્ય-ગૌણ કરવા માટે આ વાત થઈ. પણ એમાં એકલો ભગવાન આત્મા અભેદ જ છે અને ભેદ નથી એમ અહીંયાં તો અવિદ્યમાન છે એમ કહ્યું છે. પર્યાય નથી એમ કીધું છે. કીધુંને? જેનો વિષય નથી એને અહીંયાં અભૂતાર્થ કહે છે. વાત સાચી. ત્રિકાળ સામાન્યસ્વરૂપ ભગવાન આત્મા એટલે કે અંતર્મુખ દૃષ્ટિ કરવામાં અભેદ જ એની દૃષ્ટિમાં (આવે છે). ભલે આ અભેદ છે એમ એને ન હો. આ તો અભેદ છે એ તો વળી ભેદ પડી ગયો પાછો. સમજાણું કાંઈ? આ વસ્તુ છે અને એ અભેદ છે. એ ભેદ પડી ગયો. એમ નહિ. પણ એના અંતર્મુખની દૃષ્ટિ કરતાં અને બહિર્મુખનું લક્ષ પર્યાયનું ભેદનું રહેતું નથી. એથી તેના અંતર્મુખની દૃષ્ટિમાં એકરૂપતા જ તે દૃષ્ટિમાં આવે છે. એકરૂપ છે એમ પણ નહિ, પણ એવું આવે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ફરીને કહીએ.

અંતર્મુખ દૃષ્ટિ કરતાં અને આ એક છે અને પર્યાય વ્યવહાર અનેક છે, એમ છે? એ તો એનું ફળ આવે છે કે અંતર્મુખ જતાં એકરૂપ જ એનો આશ્રય આવે છે. સમજાણું કાંઈ? બહિર્મુખની દૃષ્ટિમાં અનેકપણું લક્ષમાં આવે છે. ગુણભેદ, પર્યાય, રાગ, વિવિધ શુભ-અશુભ વગેરે. તો એ લક્ષ છોડીને અંતર્મુખ જવું છે કેમકે વસ્તુ આખી શું છે એના ઉપર જતાં એની સ્વચ્છતા પૂર્ણ સાબિત થાય છે. તો એ સત્યસ્વરૂપ એકરૂપ છે, અભેદ છે. એટલે કે લક્ષ અહીંથી છૂટીને જ્યાં અંતર ગયું ત્યાં આ અંતર જે ચીજ છે એની દૃષ્ટિમાં આ એક છે અને સામાન્ય એમ નથી, પણ સામાન્ય એક આવી જાય છે. એઈ..! વજુભાઈ! વિકલ્પ નથી અને આ એક છે ભેદ એમ પણ ક્યાં છે ત્યાં? આહા..હા..! અને હું આને અનુભવું છું એમ પણ ક્યાં છે ત્યાં? એ તો ભેદ થઈ ગયો. સમજાણું કાંઈ? પણ સમજાવાની રીત શું આવે? એટલે એ અભેદ છે, એક છે એમ નથી આવતું? ના પાડી ઓલામાં કે એક છે એ પણ નહિ. એક છે એ વિશેષણ ખોટું છે લ્યો. એય..! વાત સાચી છે ઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિનો વિષય એકરૂપ ચીજ છે. સામાન્ય એકરૂપ ધ્રુવ અભેદ. એટલે કે પર્યાયને ગૌણ કરીને અભેદનો આશ્રય લેવા, અભેદ ચીજ છે એ સત્યાર્થ છે અને પર્યાય અને ગુણભેદ આ રીતે જૂઠો છે એમ મુખ્યતા બતાવવા આ વાત કરી છે. છતાં મુખ્યતા બતાવવામાં પણ આ અભેદ છે અને એક છે એમ પણ નથી. એ તો એનું પરિણામ એવું આવે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ બાહ્ય છે એને અંતરમાં વાળતાં, પર્યાય બહાર છે આમ, એને અંતરમાં વાળતાં વસ્તુ એકરૂપ એની દૃષ્ટિમાં આવી જાય છે. આ એક છે એની દૃષ્ટિ

કરું એમ પણ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? ચેતનજી! ભારે આકરું કામ ભાઈ આ તો. જૈનદર્શન શું છે એ લોકોએ સાંભળ્યું નથી. અજૈનને જૈન માનીને બેઠા છે. આહા..હા..! એથી આનો વિરોધ લાગે એવું છે. આવો માર્ગ છે! અરર!

કહે છે કે એ વસ્તુ જ નથી એમ નથી. ત્યારે અભેદ એ વસ્તુ છે અને એ વસ્તુ છે એનો અર્થ? કે ભેદ ઉપરથી લક્ષ છોડીને જ્યાં અંતર્મુખ જાય છે ત્યાં એને અભેદનું જ લક્ષ આવી જાય છે. આ અભેદ છે એમ નહિ, પણ એ અભેદ ઉપર જ દૃષ્ટિ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નય અને નયનો વિષય આમ બે એમાં રહેતા નથી. સમજાણું કાંઈ? એથી કહ્યુંને ભૂતાર્થ તે શુદ્ધનય છે. એ વસ્તુ જે ત્રિકાળ સત્ય એ ચીજ નહિ. એટલે એમાં દૃષ્ટિ જતાં ભૂતાર્થપણું જ એની દૃષ્ટિમાં આ ભૂતાર્થ છે એમ જાણ્યા વિના પણ એની ભૂતાર્થમાં જ દૃષ્ટિ પડે છે. પોપટભાઈ! આવો માર્ગ છે, ભાઈ! શું થાય? કહો, પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં કહેવાય .. આ વાત? .. તો થઈ. ૮૩માં .. તત્ત્વની વાત ક્યાં હોય બીજી? આ લોકોમાં આ છે જ નહિ. ૮૩માં વાત થઈ હતી અમરેલી. .. બપોરે વ્યાખ્યાનમાં. પહેલું ૮૩માં છે. સભામાં હોં બપોરે હજારો માણસો. તે દિ' તો વાત ઉઠી હતીને નારણભાઈને ઘરે? નારણભાઈને અવધિજ્ઞાન થયું છે. ... તે દિ માણસો બહુ આવતા. બપોરે આવે. ૯૦માં ભાદરવા સુદ આઠમ .. છેલ્લે તો ... બહાર અંદરમાં... ૯૮-૯૯ ગાથા વાંચી હતી. જામનગર વાંચી હતી. એ વાત થાય. પણ બહુ સંપ્રદાયથી વિરુદ્ધની વાતમાં તો ઝઘડો થાય. એકે અહીં પ્રશ્ન કર્યો હતો .. કરીને .. જુવાન. ગોરધનદાસ. ગોરધન નાથાભાઈ? એના બાપ. ઓલા લાંબા નહોતા જરી? એણે પ્રશ્ન કર્યો હતો સભામાં. મહારાજ! મૂર્તિ છે કે નહિ? ..માં વ્યાખ્યાન ચાલતું હતું. ભાઈ! આ મૂર્તિની પૂજા અને મૂર્તિનો આશ્રય પણ અનંત વાર કર્યો હતો. એમ કરીને વાત ઉડાડી દીધી. સમજાણું કાંઈ? શું કરે પણ? ત્યાં બેઠા હોય ઓલા સ્થાનકવાસી.

અહીં તો કહે છે... અહીં તો આ ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે. આ જીવન છે જીવન. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ છે આત્મા એ જિનસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ છે, એકરૂપ છે એની દૃષ્ટિ અને અનુભવ થવો એનું નામ જૈનશાસન છે. જૈનશાસન એ કોઈ વસ્તુ નહિ, પણ એને આશ્રયે એકતા પ્રગટ થઈ તે જૈનશાસન છે. આહા..હા..! એ.. હિંમતભાઈ! એય..! બાબુભાઈ! લ્યો આ જૈનશાસન તો પર્યાય આવી. એય..! ચીમનભાઈ! કેવા? ચેતનજી! આ તો પર્યાય આવી જૈનશાસન. પણ દ્રવ્ય ન આવ્યું એ. પર્યાય પોતે નિર્મળ શુદ્ધ ઉપયોગ, શ્રુતજ્ઞાનનો શુદ્ધ ઉપયોગ જ્યાં દ્રવ્યમાં લાગુ પડ્યો એ પોતે શુદ્ધ ઉપયોગ તે જ વીતરાગતા અને તે જ જૈનશાસન છે. ૧૫મી ગાથા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એટલે અહીં

કહે છે એની તો અનાદિની દૃષ્ટિ છે ભેદ અને પર્યાય ઉપર, રાગ ઉપર, પુણ્ય ઉપર, ક્રિયાકાંડ ઉપર. એ દૃષ્ટિને અને એ ભાવને ગૌણ કરી અને હોવા છતાં તેનું લક્ષ છોડાવી, છોડાવવું છે માટે નથી એમ કીધું, રાખવું હોય તો છે એમ કહેવું જોઈએ. છોડાવીને અંતરમાં.. વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપ પોતે તું છો. એનો આશ્રય કર. એ શુદ્ધનય પોતે જ શુદ્ધનય છે. એનો આશ્રય કર પર્યાયથી. આશ્રય તો પર્યાયથી થાય છેને? પર્યાયનો વિષય પૂર્ણ અખંડ અભેદ છે. સમજાણું કાંઈ? એવું સત્યાર્થનું શરણ લેવા માટે પર્યાયને, ગુણભેદને, પુણ્યના પરિણામ છે એને ગૌણ કરીને એ અસત્યાર્થ છે, જૂઠા છે એમ મુખ્યપણું આનું બતાવવા ગૌણ કરીને જૂઠા કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- ગૌણપણામાં...

ઉત્તર :- આ શબ્દ જ એ છે અહીં. નહિતર પાછો વાંધો ઉઠે. એય..! પર્યાય નથી, વસ્તુ નથી, શેમાં નથી? દ્રવ્યમાં નથી. પણ પર્યાય પર્યાયમાં નથી? સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતર તત્ત્વના... આહા..હા..! સંસારના ભવના અંત લાવવાની વાત છે ભાઈ આ તો. અરે! ભવમાં કેટલો દુઃખી થયો! એને કાંઈ... જુઓને આ મારીને કાપી નાખ્યા હતા કહે છે ... આ ..ભાઈ છે. .. કરાવો બધા, સંસારના ... બુદ્ધિવાળા, અમલદાર બધાને ઉભા રાખીને. એવું સાંભળ્યું હતું. આપણે ક્યાં વાંચ્યું નથી કાંઈ. એમ કહેતા હતા ત્યારે. અને પછી ...એ કહે છે કે અરરર! જુઓ આ સંસાર. એય..! પોપટભાઈ! બાપુ! સંસારમાં પરિભ્રમણ એ મૂળ મિથ્યાત્વના કારણે પરિભ્રમણ છે. મિથ્યાત્વ તે સંસાર છે અને સમ્યગ્દર્શન તે મોક્ષસ્વરૂપ એવો ભગવાન એને માને છે માટે એને સંસાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થાય શી રીતે?

ઉત્તર :- પણ આ શું કહેવાય છે? અનંત ગુણ છે, અનંતી પર્યાય છે, રાગ છે અને એકરૂપ સામાન્ય પણ છે. હવે એમાંથી એકરૂપ ચીજ જે છે એના તરફ વળવું. આ એક છે એમ પણ નહિ, આ તો વસ્તુ સમજાવે તો શું સમજાવે? એ તો એક છે એમ નથી. છે તો એકરૂપ. પણ આ એક છે માટે નજર કરું છું ત્યાં. એમ પણ નથી. એ તો પર્યાય ઉભો ઉભો એકપણું કરે છે. એને એકપણું છેને એની દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? માર્ગ એવો છે ભાઈ! વીતરાગનો માર્ગ આ છે, એ સિવાય ક્યાંય માર્ગ બીજે છે જ નહિ ક્યાંય. સર્વજ્ઞ વીતરાગ સિવાય આ માર્ગ ક્યાંય નથી. વાડાવાળાને ખબર નથી તો બીજે તો શેની હોય? આહા..હા..! એય..! પોપટભાઈ!

કહે છે કે '**અહીં એમ સમજવું કે જિનવાણી...**' વીતરાગની વાણી '**સ્યાદ્વાદરૂપ છે,...**' નથી જે કહ્યું પર્યાય અને રાગ એ અપેક્ષાથી કહ્યું છે એમ કહે છે. સ્યાદ્વાદ એટલે

અપેક્ષાથી કહ્યું છે. શું અપેક્ષા? '**પ્રયોજનવશ,...**' જોયું હવે અપેક્ષાની વ્યાખ્યા લ્યે છે. આહા..હા..! અર્થ પણ બહુ સરસ કર્યા છે. બહુ સારો. આહા..હા..! અરેરે! આવી વ્યાખ્યા અમૃતચંદ્રાચાર્યથી જો થઈ ગઈ હોત નિયમસારની ટીકા. તોપણ ટીકા થઈ બહુ સારી. ઘણી ટીકા. ઓહો..! દીવડા તો સૂર્યના જેવા પ્રકાશ.. લ્યો! આ વસ્તુ ભાઈ. ઓહો..! કારણ પરમાત્મા. એકલો એ તો અભેદનો અર્થ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! સમયસાર તો મોક્ષમાર્ગને કહે છે, પણ આ પણ નહિ. આ તો ત્રિકાળી પંથ છે. સત્... સત્... સત્... સત્ એમ કહેતા ભેદ પડી જાય છે એમ કહે છે. એય..! શું થાય? વસ્તુ સત્ છે. સત્ છે એ ભેદ પડી જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ છે... આ છે... ... સમજાવાની શૈલી વ્યવહારથી માટે વ્યવહાર.. આવે છે એમ કહેશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બીજી શી રીતે કહે? શી રીતે કહે? દ્રવ્ય કહે લ્યો દ્રવ્ય કહે. તો એ તો દ્રવ્યના એક ગુણની પ્રધાનતાથી કહે.

મુમુક્ષુ :- એમ કહેવાય કે દ્રવ્ય અપેક્ષાએ તો કોક વખતે સમકિત સ્વરૂપ...

ઉત્તર :- સમકિત સ્વરૂપ એમ નથી. સમકિતસ્વરૂપ નથી. એય..! ચેતનજી! પ્રશ્ન ઉઠાવ્યો.

મુમુક્ષુ :- દ્રવ્ય અપેક્ષાએ એમ છેને.

ઉત્તર :- દ્રવ્ય અપેક્ષાએ સમકિતસ્વરૂપ નથી. દ્રવ્ય અપેક્ષાએ તો પૂર્ણ થઈ ગયું એ છે એ છે. સમકિત તો પર્યાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મારામાં પર્યાય ભરી છે સમકિતની.

ઉત્તર :- પર્યાય ભરી છે એ પણ ભેદ થઈ ગયો. ભરે શું? એય..! એ તો પહેલું કહ્યું. આવી આવી પર્યાયો અનંતી પડી છે એમાં. એ તો ભેદથી સમજાવવું છે અભેદને. સમજાણું કાંઈ? અનંતી પર્યાય છે, અનંતા ગુણ છે, આ ગુણી અને અનંતા ગુણ, આ આત્મા અને અનંતી પર્યાય એમાં ભેદ થઈ ગયો.

મુમુક્ષુ :- તો દ્રવ્ય અપેક્ષાનું કથન કરોને.

ઉત્તર :- પણ દ્રવ્ય અપેક્ષાનું કથન ચાલી શકે જ નહિ. એથી કહ્યુંને પરમાર્થનું કથન વચનગોચર કથંચિત્ નથી. આ તો ... એય..! એવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! તદ્દન વક્તવ્ય ન હોય તો તો કહેવું છે એ બધું જૂઠું ઠરે.

મુમુક્ષુ :- મારે એ જાણવું છે કે પર્યાયદૃષ્ટિ.. દ્રવ્ય અપેક્ષાએ કેમ નથી?

ઉત્તર :- દ્રવ્ય અપેક્ષાએ સમકિતનું સ્વરૂપ નથી. સમકિત તો પર્યાય છે. એનું સ્વરૂપ તો પર્યાય છે. એનો વિષય જે છે એ દ્રવ્ય છે. એમાં પણ આ સમકિતની પર્યાય અને આ એનો વિષય એવું એમાં નથી. આહા..હા..! નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ છે. એવી વાત છે.

'**જિનવાણી સ્યાદ્વાદરૂપ છે,...**' એટલે કે શું કરવા સ્યાદ્વાદરૂપ છે? કે '**પ્રયોજનવશ,...**' આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય અથવા આત્મા જે રીતે છે એનો પર્યાયમાં લાભ થાય, પર્યાયમાં લાભ થાય. ઓલો તો છે ઈ છે. એ તો દ્રવ્ય આત્મલાભ હેતુ. એ તો દ્રવ્યની હયાતી તો છે ઈ છે. એ તો આવી ગયુંને જ્ઞાયકભાવ આવિર્ભાવ હતો, એ જ્ઞાયકભાવ તિરોભૂત હતો એ આવિર્ભાવ થયો. એ તો છે એ છે, આવિર્ભાવ અને તિરોભાવ એમાં ક્યાં હતું? .. શું થાય? એવી શૈલી છે. ભગવાન આત્મા આમ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થાય તે .. શી રીતે.. પર્યાયમાં સ્થિર થાય અને રાગમાં સ્થિર થાય એ પરસમય મિથ્યાદૃષ્ટિ છે. એ રીતે ઉપાડ્યું છે બીજી ગાથાથી. સમજાણું? આ તો ભગવાનના ભેટાની વાતું છે. પરમેશ્વર આત્મા સાક્ષાત્કાર થાય આ એની રીત છે. .. આ અમે કરીએ છીએ એ બધું પરમ આત્માના સાક્ષાત્કાર માટે કરીએ છીએ. આ લોકસેવાવાળા ફલાણાની વાતું સાંભળીને. બધી ખબર છેને. વાંચ્યું છેને બધું ઘણું? એ ..વાળા. આવ્યા હતા અમારી પાસે. નાનાલાલભાઈ .. ત્યાં આવ્યા હતા. આ બધું અમે કરીએ છીએ એ આત્માના સાક્ષાત્કાર માટે છે. અમારો હેતુ એ છે. ધૂળેય નથી, સાંભળને. સમજાય છે કાંઈ? ...

મુમુક્ષુ :- તત્ત્વજ્ઞાની..

ઉત્તર :- માણસ નરમ હતો. .. બહાર ત્યાં ... .... આ તકરાર નહિ, બાપા! અનંત કાળ અનંત શાસ્ત્ર ભણ્યો, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, આ સમજ્યો નહિ, આ ભણ્યો નહિ. ક્રિયાઓ કરી, પંચ મહાવ્રત, અઠ્યાવીશ સાધુના ગુણો અનંત વાર લીધા અને અનંત વાર પાળ્યા, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુદ્દાની ગાથા જૈનદર્શન વિશ્વદર્શન એમાં જે ચૈતન્યદર્શન વિશ્વને પણ દેખનારો એવો ભગવાન. દેખનારો એ પણ એક સમયની પર્યાયમાં કહેવું. પણ એ તો ત્રિકાળ એનું દેખવું એવું કાયમનું સ્વરૂપ જ છે. એવો વિશ્વદર્શી ભગવાન. આહા..હા..! ભૂતાર્થદર્શીઓએ એમ કહ્યું છેને અંદર? ભૂતાર્થદર્શીઓએ- ત્રિકાળ ભાવ છે તેને દેખનારાઓએ અંતર્મુખ જોવું. જ્યાં ભગવાન પૂર્ણ પરમાત્મા તરીકે બિરાજે છે. સમજાણું કાંઈ?

'**પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' આવો આમાં ભાવાર્થ ભર્યો છે લ્યો, હીરાભાઈ! પ્રયોજનને વશ. પ્રયોજનને વશ શું? કે આત્મા વસ્તુ છે એને દૃષ્ટિમાં પ્રાપ્ત કરવા, છે એ લબ્ધિમાં લેવા પ્રયોજનવશ. આ પ્રયોજન છે, બીજું કોઈ પ્રયોજન છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રયોજનવશ નયને...**' એટલે જ્ઞાનના અંશને, નિશ્ચયનયને અને વ્યવહારને '**મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' નિશ્ચયને મુખ્ય કરી, વ્યવહારને ગૌણ કરી, પર્યાયને ગૌણ કરીને સ્યાદ્વાદ જૈનશાસન આમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પ્રયોજન છે ભૂતાર્થનો આશ્રય કરવો ઈ. કારણ કે એના આશ્રય વિના સમ્યગ્દર્શન અને એ

શું ચીજ છે એની પર્યાયમાં પ્રાપ્તિ થતી નથી. પર્યાયમાં પ્રાપ્તિ છેને? વસ્તુ તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવથી પૂર્ણ છે. વસ્તુ છે એનો સ્વભાવ પૂર્ણ છે. અહીં ભાવ લીધો છેને? જ્ઞાયકભાવ. આત્માનો જ્ઞાયકભાવ, એકરૂપ સ્વભાવ, ત્રિકાળભાવ, સદશ્યભાવ, શુદ્ધ એકરૂપ ભાવ એનો આશ્રય, શુદ્ધનય અનુસાર એનો બોધ થવાથી એને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? ત્યારે તે જ્ઞાયકભાવ પ્રકાશમાં આવિર્ભાવમાં આવે છે. આહા..હા..! ભેદ ને રાગ ને પર્યાયની બુદ્ધિની આડમાં એ અભેદ જાણવામાં આવતો નહોતો. એ ભેદબુદ્ધિને, એ ભેદબુદ્ધિનો વિષય અને વ્યવહારનો વિષય હોવા છતાં એને નથી એમ કહ્યું એ ગૌણ કરીને કહ્યું છે, અભાવ કરીને કહ્યું નથી. એ પ્રયોજનને વશ ગૌણ કર્યું છે. કારણ કે ત્રિકાળી ચીજની મુખ્યતા દૃષ્ટિમાં આવ્યા વિના એને સમ્યગ્દર્શન અને આત્મા છે, છે, એવો પર્યાયમાં લબ્ધ—પ્રાપ્ત થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવો ધર્મ. એ કરતાં વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી એ સહેલુંસટ. જિંદગી વઈ જાય અને આત્માને હાથ આવે કાંઈ નહિ. આહા..હા..! કરે છેને રાગની મંદતા. અપવાસ કરે, જાત્રા કરે. છતાં અહીં કહે છે, તારા અપવાસ કરે એ તો તારો વિકલ્પ છે હવે સાંભળને. એ વિકલ્પ તો સ્વરૂપમાં છે જ નહિ અને ત્યાં સુધી તારી દૃષ્ટિ ત્યાં છે ત્યાં સુધી તો તું સ્વભાવનો અનાદર કરનાર જૂઠો છો, સાચો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જેણે આત્માની પ્રાપ્તિ કરવી હોય એની વાત છે. આત્મા તો છે. ભાઈ, છે તો કોણે ના પાડી? એ તો કહ્યું નથી આગળ કે જ્ઞાન આત્મા સાથે તાદાત્મ્ય છે, વળી તમે કહો કે જ્ઞાનની સેવા કરવી. હવે સાંભળને ભાઈ! તાદાત્મ્ય છે, આત્મા ને જ્ઞાન એકરૂપ છે, પણ એકરૂપતાની દૃષ્ટિ ક્યાં કરી છે તેં? તારા ખ્યાલમાં, દૃષ્ટિમાં એ આવ્યો છે ક્યાં? કે આ જ્ઞાન તે આત્મા. એ ભેદથી નહિ પણ આ તે આત્મા એમ. એવી એકરૂપતા દૃષ્ટિમાં આવ્યા વિના જ્ઞાન અને આત્માની તેં સેવા કરી નથી. સમજાણું કાંઈ?

**'પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.'** કોણ? જૈનવાણી. સ્યાદ્વાદરૂપ છે માટે. સ્યાત્—અપેક્ષાએ મુખ્યપણું આનું કરીને, ગૌણપણે એ નથી એમ કહીને પ્રયોજનવશ આ રીતે જિનવાણી કથન કરે છે. પોપટભાઈ! આહા..હા..! ભારે ભાઈ! પૈસા થવામાં કાંઈ એવી મહેનત કરી નથી એણે કોઈ દિ', એ તો એની મેળાએ ઢગલો આવ્યો છે હોં.

મુમુક્ષુ :- ઘણો પરસેવો વળ્યો છે.

ઉત્તર :- અરે! ધૂળેય વળ્યા નથી. એના કરતા બુદ્ધિવાળા કેટલાય પડ્યા છે.

મુમુક્ષુ :- બુદ્ધિનું શું કામ, પરસેવો વળ્યો છે.

ઉત્તર :- પરસેવા વળ્યા. આહા..હા..! એ તો પૂર્વના .. હોય જાય .. શાતાના બાંધેલા

એ સંયોગોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલે આવે. આવે એટલે આમ નજીકમાં દેખાય. દેખાય એટલે ભલે અહીં પાસે ન હોય, પણ એમ કહે કે પાંચ લાખ તમારે ત્યાં લખવામાં આવ્યા. એવું કાને પડ્યું ત્યાં.. આહા..હા..! ભલે મુંબઈ આવ્યા હોય, વિલાયત આવ્યા હોય. પાંચ લાખ એક મહિનામાં લાભ મળ્યો. લ્યો! ... એક મહિનામાં પચાસ લાખ. હોસ્પિટલ છેને રાજકોટમાં. ... એક મહિનામાં પચાસ લાખ, એક મહિનામાં પચાસ લાખ ... રાજકોટ. શેઠ! આટલું લ્યો. લીધું ત્યારે પણ આટલું પાછું વેચાય છે તો આટલું વેચો. ફટ.. ફટ.. કરતાં-કરતાં બે, પાંચ, દસ લાખ એમ કરતાં એક મહિનામાં પચાસ લાખ. .. આપણે તો કોઈ વાત કરે એ સાંભળીએ. આપણે કાંઈ આંકડા ગણવા ગયા છીએ?

મુમુક્ષુ :- એ તો એના ભાઈ કહેતા હતા.

ઉત્તર :- હા, કોઈક કહેતું હતું. ... હવે એમાં ધૂળમાં શું હતું? આત્મા પ્રાપ્ત થયો એમ આવ્યો છે ક્યાંય? સાર આવ્યો? કે આને આત્મા અનુભવમાં આવ્યો, આત્મા અખંડાનંદ પ્રભુ, અનુભવના સ્વાદમાં એ ભગવાન આવ્યો. આહા..હા..! નીકળી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઠીક છે આપણે પંડિતજી નરમ માણસ છે બહુ નરમ. એને હકાર જ આવે છે. ... છેને. આવ્યા ને છોડીને બેઠાને હવે. આવા પંડિત હોય તો કાંઈક લાંબો માર્ગ ચાલે. માર્ગ છે બાપા આ તો.

**'પ્રયોજનવશ નયને મુખ્ય...'** એક નયને મુખ્ય અને એક નયને ગૌણ એમ. અહીં નિશ્ચયને મુખ્ય, વ્યવહારને ગૌણ. આ બે. છે તો નય બે. ત્યારે બેમાં બેને એક .. બે છે. નિશ્ચય પણ છે, વ્યવહાર પણ છે. એને મુખ્ય એકને કરી અને બીજીને ગૌણ કરીને જૈનવાણી સ્યાદ્વાદરૂપે કથન કરે છે. હવે કહે છે કે કેમ? એ નિશ્ચયને મુખ્ય કરી અને વ્યવહારની પર્યાયો વિષય હોવા છતાં એને નથી એમ જે ગૌણ કરીને કહ્યું એનું કારણ શું? **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** પ્રાણીઓને—જીવોને પર્યાયબુદ્ધિ, પુણ્યબુદ્ધિ, ભેદબુદ્ધિ, આ ગુણી આ ગુણ એ બધી ભેદબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ છે એ તો. આહા..હા..! લીધુંને, ત્યાં સુધી લીધુંને. જીવ કહીએ તો? જીવત્વ નામ શક્તિના ગુણથી ભેદ પડી ગયો. એ નહિ. સમજાણું કાંઈ? એટલી ના પાડે છે. જીવત્વથી જીવ જીવે છે. 'જીવો' છેને એને જીવ કહીએ. જીવત્વશક્તિ. એ જીવત્વશક્તિથી જીવ, જીવ કહેતા જીવત્વશક્તિથી એ ભેદ પડી ગયો. એવું પણ એમાં નથી કહે છે. સમજાણું કાંઈ? ત્યાં તો એક બે વખત એવું લીધું કે વ્યવહાર ઉપર દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- વ્યવહાર .. ખોટું છે.

ઉત્તર :- ખોટું છે, જૂઠું છે, મિથ્યાદૃષ્ટિ છે. એય..! એમાં ઉત્કૃષ્ટ કીધું. પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ એમ. પણ સમ્યગ્દૃષ્ટિ થવામાં તો આવું જ હોય. ત્યાં તો એકલો પર્યાયબુદ્ધિ,

વ્યવહારબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ બરાબર છે. એમાં કાંઈ વસ્તુ.. આવી નથી. કાં એકલો પર્યાયને સ્વીકારે, પુણ્યને સ્વીકારે કાં ગુણભેદને સ્વીકારે એ તો વસ્તુ નથી. એવી દૃષ્ટિ એની અનાદિની છે એટલે એમાં કાંઈ એને મુખ્યથી માને છે અને બીજું ગૌણથી અભેદને માને છે, એમાં નથી કાંઈ. એને જ માને છે એ તો એમ છે. સમજાણું કાંઈ? વ્યવહારને મુખ્યથી માને અને નિશ્ચયને ગૌણથી માને એવું ત્યાં નથી કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**પ્રાણીઓને...**' જીવોને તો '**ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો...**' ..માં લખ્યું છે ભાઈએ જયચંદ્ર પંડિતે નહિ? કે જ્ઞાનના પાંચ ભેદ છે મતિ શ્રુત આદિ. પણ એ અજ્ઞાનીને પણ એ ભેદનો એ તો અંશ છે. એ અંશબુદ્ધિ તો અનાદિની છે. એમાં અભેદબુદ્ધિ ક્યાં આવી? સમજાણું કાંઈ? સ્વીકારે છે અંશને એની વાત છે હોં! નથી સ્વીકારતો અંશને અને અંશીને એની વાત પણ નથી. આ તો અસ્તિ છે.. અંશ છે.. અંશ છે... અંશ છે... અંશ... અંશ... અંશ... એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. કારણ કે એમાં આખો એક સ્વરૂપ ભેગું અસ્તિ સત્તા સ્વભાવે છે એવું અસ્તિ પ્રતીતમાં આવ્યું નહિ. અંશ પ્રતીતમાં આવ્યો, એ તો મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? એનો અનંતમાંનો ભાગ અનંત... અનંત... અનંત... અનંતનો ભાગ તે અંશ છે. એ દૃષ્ટિમાં આવ્યો. એ મિથ્યાદૃષ્ટિ છે. એમ ત્યાં કહે છે. આ પણ એમ કહે છે. સમજાણું કાંઈ? ..ભાઈ! આવો માર્ગ છે હોં! હરગોવિંદભાઈ તો સાંભળે છે... આહા..હા..! આવતા હતા પણ પહેલાં.. પહેલાં એકવાર અહીં આવી ગયા. ... ખબર છેને. પણ આ વાત તે દિ' કાંઈ સ્પષ્ટ એટલી બધી હતી નહિ. તે દિ' તો હજી માંડ માંડ... એ તો મૂર્તિ છે કે નહિ એમાં વાંધા ઉઠતા. સ્થાનકવાસી મૂર્તિ માને, અહીંથી નીકળ્યા ત્યારે આ શું થયું? હવે એમાં હજી વાંધા બહારના. ..ભાઈ! અહીં તો આ વસ્તુ (છે).

'**પ્રાણીઓને ભેદરૂપ...**' આમ શબ્દ વાપર્યો છે. પર્યાયરૂપ કે રાગ એમ ન વાપરતા ભેદરૂપમાં બધું ત્રણે આવી જાય. ગુણ ગુણીના ભેદની દૃષ્ટિ છે, પર્યાયદૃષ્ટિ છે, રાગ પુણ્યના ભાવની વ્યવહાર ક્રિયાકાંડનો એ બધો ભેદભાવ છે. ભેદરૂપ વ્યવહારનો પક્ષ એ અનેક .. આ એવો પક્ષ અનાદિ કાળથી છે. આમાં કોઈ કહે, પણ વ્યવહારને મુખ્ય કરે અને નિશ્ચયને ગૌણ તો એ નય.. જ્યાં દૃષ્ટિ જ્યાં નય ઉપર પડી નથી એને મુખ્ય-ગૌણ હોઈ શકે નહિ. એમ નિશ્ચયને મુખ્ય કરો તો વ્યવહારને મુખ્ય કરીએ અને નિશ્ચયને ગૌણ કરીએ તોપણ કોણ નિશ્ચય? શું છે? શું છે એ દૃષ્ટિમાં આવ્યા વિના ગૌણ કોને કરીશ? આ તો વ્યવહાર તો લક્ષમાં આવ્યો છે. અનાદિનો આવે છે એમ કહે છેને. સમજાણું કાંઈ? બધાને છેને. અંશ તો બધાને છેને. અંશ તો કોને નથી? અંશની સત્તા .. સ્વીકાર તો છેને. અસ્તિનો સ્વીકાર ન હોય તો દૃષ્ટિ રહે જ નહિ એની. મિથ્યાદૃષ્ટિપણે છે એમ કાંઈક સ્વીકાર તો છે. અંશપણે છું, ભેદરૂપ છું, એ જ હું છું, એવો વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ

છે. નિગોદથી એકેન્દ્રિય જીવથી નિગોદ. કારણ કે હોવાપણે ચીજ છે ત્રિકાળ તો એનું હોવાપણું ત્રિકાળી દૃષ્ટિમાં આવ્યું નથી તો ક્યાંક હોવાપણું છે એમ તો અનાદિની દૃષ્ટિ પડી છે. એમ કહે છે. પર્યાયબુદ્ધિ તો અનાદિની છે એમ કહે છે. **'पज्जयमूढा हि परसमया'** કીધુંને? એ પહેલી ગાથા પ્રવચનસાર. એમાં ટીકા કરી ... પર્યાય ન માને તો વેદાંત થઈ જાય. ઈ અહીં ક્યાં વાત છે? એકલી પર્યાયને જ સ્વીકારે તે મૂઢ છે એમ કહ્યું છે. આહા..હા..! કામ ભારે આકરા. આહા..હા..! આખો ઉથલપાથલ છે. એ પામ્યા એ તો દેડકા પણ પામ્યા છે. જીવ છેને. .. ન પામે તે ગમે તેમ હો, એની સાથે શું સંબંધ છે? નારકીનું શરીર, સાતમી નરકનું. ઓહો..હો..! એના સંયોગો અને એના શરીર દેખો તો.. એ પણ જીવને પામી જાય છે. જેવો છે તેને લબ્ધમાં લઈ લ્યે છે કે આવો આત્મા છે. સમજાણું કાંઈ?

**'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** અનાદિ કાળનો અર્થ? એકેન્દ્રિય નિગોદ અને વ્યવહાર નિગોદમાં પડ્યા છે અવ્યવહાર રાખી. એને એ છે. અસ્તિત્વ છે કાંઈક છે એ તો ભલે એને ખ્યાલમાં ન હોય, પણ અંદર છે એવી માન્યતા હોય છેને. છે એવું અહીં તો ... છે. તો અહીં છે એવું કાંઈક તો એને હોયને ઊંડે? આહા..હા..! સમજાણું કાંઈ? **'અને એનો ઉપદેશ પણ...'** ત્રણ વાત કરશે. આહા..હા..! **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ...'** પર્યાયનો, ભેદનો, અનેકતાનો એવો **'પક્ષ અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ...'** બહુધા. ઉપદેશ પણ. એટલે આ તો છે એ ઉપરાંત ઉપદેશ કહેનારા પણ ઘણાં એ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો ઉપદેશ પણ.. એનો એટલે? ભેદરૂપ વ્યવહારનો. **'એનો ઉપદેશ પણ બહુધા...'** ઘણાં જનો એ જ ઉપદેશ કરે છે. **'સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** દેખો! એમાં આવ્યું હતુંને ઓલામાં? આચાર્યપણું કરે છે, ચોથામાં. શ્રુત પરિચિત અનુભૂતમાં. .. એ જ ઉપદેશ હોય. આમ હોય. એમ હોય? જુઓ, રાગ પુણ્ય કરતાં-કરતાં ધર્મ થાય. સમજાણું કાંઈ? પહેલી પર્યાય સુધારવી જોઈએ કે નહિ? પર્યાય સુધર્યા વિના દ્રવ્ય ઉપર ક્યાંથી તમે ક્યાંથી કરશો? ચિત્ત શુદ્ધિ જોઈએ પહેલી લ્યો. પાઠ વેદાંતમાં આવે છેને. ચિત્‌શુદ્ધિ વિના અરિસામાં જોવું હોય અને મેલ ત્યાં હોય તો શી રીતે જોશો? પહેલો અરીસો સાફ કરવો પડશે મેલો, પછી એને જોવે કુદૃષ્ટાંત કુયુક્તિ આપી અને સિદ્ધ કરે એ. આવ્યું હતુંને આપણે નિયમસારમાં નહિ? એ દૃષ્ટાંતથી કુનય એવા સંસાર અટવી રખડનારમાંથી નીકળવું બહુ .. દુર્ગમ્ય છે. દુષ્કર છે. દુર્ગમ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયબુદ્ધિ પણ એક આપનારા કુનયવાળા છે. એટલો અંશ પણ સ્વીકારીએ છીએને. ના. ના. પૂર્ણ સ્વીકાર વિના અંશના સ્વીકારનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કારણ કે એક નયને સ્વીકારતા બીજી નયની અપેક્ષા જો ન હોય તો એ નય જ નથી. વ્યવહારને અમે સ્વીકારીએ છીએ કે નહિ? કહે ના. માને છે એને.

પણ એને એટલું યથાર્થ નથી. એનું યથાર્થ જ્ઞાન નથી. દ્રવ્યનું જ્ઞાન હોય તો એનું યથાર્થ જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આવો માર્ગ! ભારે જ્ઞાન પણ એ.

**'એનો ઉપદેશ પણ બહુધા...'** ઘણા માણસો. **'સર્વ પ્રાણીઓ...'** પાછું **'બહુધા સર્વ પ્રાણીઓ...'** એમ. બધાય બધા પ્રાણીઓ એમ નહિ, પણ બહુધા સર્વ પ્રાણીઓ એમ. સમજાણું કાંઈ? **'પરસ્પર કરે છે.'** એકબીજા એકબીજા. વ્યવહાર જોઈએ. વ્યવહાર કરતાં થાય, વ્યવહાર પહેલો હોય, વ્યવહાર વિના નિશ્ચય થઈ જતા હશે? ... નાખ્યુ છે એમાં પંચાધ્યાયની શૈલી છે. વ્યવહાર સાધનથી નિશ્ચય થાય, વ્યવહાર કારણ છે નિશ્ચય કાર્ય છે. એ તો પંચાસ્તિકાયમાં લખ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહારનયના સાધને નિશ્ચય પમાય. અરે! સાંભળને. વ્યવહારને સાધન છોડ તો નિશ્ચયમાં જા. લક્ષ છોડ તો. પમાય ક્યાંથી એનાથી? એનો ઉપદેશ પરસ્પર કરે છે. પરસ્પર કરે એટલે? ઓલો કહે અને ઓલો સાંભળનારો હા પાડે. બરાબર છે એ. એમ જ હોય. આ તો આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા કરીને આખો વ્યવહારનો નાશ કરી દીધો. કહો, સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ છે. એનાથી પમાય અને આનાથી પમાય. એ સ્યાદ્વાદનો અર્થ એવો કરે છે. અહીં સ્યાદ્વાદનો બીજો અર્થ છે. નિમિત્તથી પણ થાય અને પોતાથી પણ થાય. સ્યાદ્વાદ છે. પંચાધ્યાય એમ કહે છે કે પણ એલા નિમિત્ત ચીજ જ ભિન્ન છે. શરીર અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવો એ પણ ખોટું છે. કારણ કે એનું પરિણમન શરીરનું શરીરમાં, આત્માનું આત્મામાં. પોતાને નિમિત્તથી શું કરવું છે? સમજાણું કાંઈ? એ કર્યો હતોને. પાઠમાં છે જાય ક્યાં? પાઠમાં અર્થ તો એવો જ કર્યો છે. પણ પાઠમાં.. શરીરને નિમિત્ત સંબંધ છે કે નહિ? માટે કાંઈક એટલી અસર ખરી કે નહિ? અંદરમાં કાંઈક એનું કાંઈક ખરું કે નહિ? શરીરને કાળે, એની પર્યાયને કાળે શરીર પરિણમે, એના આને કાળે પોતાથી પરિણમે, હવે એમાં એને રહ્યું ક્યાં? કે આનાથી આ થયું અને આનાથી આ. અથવા આ છે તો આ છે એમ છે ક્યાં? સમજાણું કાંઈ? હજી તો પર્યાયની સ્વતંત્રતામાં મોટા ગોટા. આહા..હા..! પર્યાયબુદ્ધિવાળા ત્યાં જ જાય, આઘા જાય. નિમિત્ત ઉપર જ જાય નહિતર જાય ક્યાં એ? સમજાણું કાંઈ?

**'એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** હવે આનું ફળ સંસાર છે એમ કહેશે. આ બે કહ્યા હવે ત્રીજો બોલ આખો છે. **'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...'** દેખો! **'(સહાયક) નિમિત્ત જાણી બહુ કર્યો છે;...'** જિનવાણીમાં એ ઉપદેશ વ્યવહારનો ઘણો છે. ભેદ પાડીને કહેવું એ તો એનું કથન હોય. અભેદ શી રીતે સમજાવું? સમજાણું કાંઈ? આહા..હા..! **'જિનવાણીમાં...'** જિનવાણીમાં. **'વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક)...'** નામ નિમિત્ત દેખીને. સહાયક

નામ સાથે હોય છે એમ જાણીને બહુ કર્યો છે. બહુ કર્યો છે. જિનવાણીએ બહુ કર્યો છે. જિનવાણીએ વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સરસ વાત મૂકી છે. ... એક તો એને ભેદનો જ પક્ષ છે અને ભેદના કહેનારાઓ એને ઘણાં મળે છે એટલે એને રુચિ જાય છે પરસ્પર. લ્યો આ તો આત્મા... આત્મા.. આખો દિ' દર મહિને અને દસ દિ' આત્મા જ કૂટ્યો છે. કેમ ભાઈ? ૯૫માં રાજકોટ. દસ મહિના અને દસ દિ'. એક જણો હતો. વકીલ હતોને. દસ મહિના અને દસ દિ'નું મહારાજે કીધું એ દસ લીટીમાં લખીને આવે એને દસ રૂપિયા આપું. ૯૫ની વાત છે. આહા..હા..! ...

'**જિનવાણીમાં...**' હવે અહીં વજન વધારે છે. એક તો અજ્ઞાનીનો પક્ષ વ્યવહારનો અનાદિનો, ઉપદેશ પણ માંહેમાંહે એ જાતનો, શાસ્ત્રમાં ગોતે તો વ્યવહાર નીકળે ઘણો. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...**' છે. .. હસ્તાવલંબ કરવા.. માં થાય છે. પણ આનો અર્થ કે સ્વ સાથે છે. નિમિત્ત છે કે નહિ? નિમિત્ત નથી? વ્યવહાર નથી? પણ વ્યવહાર છે એ આત્માને આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ...**' જિનવાણીમાં, દિવ્યધ્વનિમાં. એ તો કહેવામાં આવ્યું હતું બે નયને આશ્રિત સર્વસ્વ કથનની પદ્ધતિ છે. બધું. બધું બબ્બે. સમજાણું કાંઈ? '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...**' માણસ જેમ નિસરણી ચડેને તો લાકડુ હોય ને આમ આડું. કઠેડો. ..તો પોતાથી કરે છે.

મુમુક્ષુ :- ન હોય તો?

ઉત્તર :- ન હોય તો શું? છે. ન હોય તો શું? એનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે. શાસ્ત્રના કથનો, વ્યવહારના જ કથનો ઘણા હોય. જ્ઞાનાવરણીએ જ્ઞાન રોક્યું, દર્શનમોહ ટળે તો સમકિત થાય. લ્યો! સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનમાં વ્યવહાર પહેલો અને સાતમામાં નિશ્ચય પછી. જુઓ, આવે છેને શાસ્ત્રમાં આવ્યું છે. એય..! વ્યવહારથી હળવે હળવે શુદ્ધિ થાય સમયે સમયે. જુઓ, પંચાસ્તિકાયમાં. આહા..હા..! જુઓ, આવા ઉપદેશ ઘણાં શાસ્ત્રમાં. નિયતનો હેતુ છે, નિશ્ચયનું વ્યવહાર કારણ છે, નિશ્ચયનું વ્યવહાર સાધન છે. લ્યો! એ જિનવાણીમાં આવો ઉપદેશ ઘણો આવ્યો છે કહે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પણ...**' '**હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે;...**' જોયું! નિમિત્તથી સમજાવાય છે માટે વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. '**પણ એનું ફળ સંસાર જ છે.**' એ ત્રણેનું. ભેદપક્ષનું પણ ફળ સંસાર. સમજાણું? માંહેમાંહે હા પાડે એનું ફળ સંસાર છે. વીતરાગે ભેદથી કહ્યું એનું ફળ સંસાર છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! જયચંદ પંડિત. તમારા ગામના છે

આ. વ્યવહાર જિનવાણીએ ઘણો કર્યો, પણ એનું ફળ સંસાર. આ તો બધું વીતરાગે કહ્યું છેને? વળી પાછું એનું ફળ સંસાર. પણ એ તો ભેદનું કથન આવ્યા વિના સમજાવવું શી રીતે? કોઈપણ રીતે એને આત્મા કહેશે તો એક આત્મા .. ગચ્છતિ. એ સદા નિરંતર રહેનાર. કહો, સમજાણું કાંઈ? પરિણમન નિરંતર પરિણમે તે આત્મા, લ્યો જ્ઞાન-દર્શનને પામે તે આત્મા એ પણ ભેદ થઈ ગયો. એક ગુણથી વાત કરે તો અભેદ થઈ જાય. એવી વાત છે ખરી, પણ બધાનો હેતુ નિશ્ચયને સમજાવવા માટે છે. ભેદમાં રાખવા માટે નથી. એથી એ ભેદનું ફળ તો સંસાર છે. તો ત્યાં ને ત્યાં અટકી ગયો. ભગવાને આમ કીધું છે, ભગવાને આમ કીધું છે. બધું કીધું સાંભળને. પણ એમ નથી એટલે અસત્ય છે એમ. એણે એમ કહ્યું છે. ભાઈએ કીધુંને. મોક્ષમાર્ગપ્રકાશકમાં. એમ નથી. એનો અર્થ અસત્ છે. એમ અસત્માંથી એમ કાઢ્યું. આહા..હા..! સત્યાર્થ છે. એમ નથી. એ તો નિમિત્ત છે એનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. એને ઠેકાણે તું સહાયક માની, મદદગાર માની અને કલ્યાણ કર એમ માન તો એ વ્યવહારનું ફળ સંસાર છે. નરક અને નિગોદ છે વ્યવહારનું ફળ. જિનવાણીએ કહ્યો વ્યવહાર એનું ફળ સંસાર. સંસારમાં શું ગતિ.. નરક અને નિગોદ એમ કહે છે. આહા..હા..! એય..! ... એક વાત. એ એકની કહી વાત અનાદિની.

હવે શુદ્ધનય જે છે એનો '**પક્ષ તો કદી આવ્યો નથી...**' અખંડ અભેદ ચૈતન્ય છું એનું લક્ષ જ રુચિમાં એને અનંતકાળથી બેઠું નથી. સમજાણું કાંઈ? આ બાજુના પક્ષમાં વળતાં જ આત્માને લાભ થાય એ વાતનો પક્ષ એને અનાદિકાળથી આવ્યો નથી. ઓલો અનાદિકાળનું ઓલું છે, આ પક્ષ કોઈ દિ' આવ્યો નથી. સામે સામે નાખ્યું છે. સમજાણું કાંઈ? '**અને એનો ઉપદેશ પણ વિરલ છે—**' ઓલો બહુધા સર્વ પ્રાણીઓ કરતાં વ્યવહારનો ઉપદેશ ભેદનો. આ ઉપદેશ પણ વિરલ છે. 'ક્યાંક ક્યાંક છે.' આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓલો બહુ કહે આ બહુ થોડો.

ઉત્તર :- એ બહુ થોડો. ઉપદેશ પણ વિરલ છે. ઓલું બહુધા છેને. તો આ થોડું છે એમ. ઘણાં કરે છે ત્યારે આ ક્યાંક ક્યાંક ઉપદેશ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૨, રવિવાર, તા. ૧૯-૧૨-૧૯૭૧
## ગાથા-૧૧-૧૨, પ્રવચન-૪૪

હવે સમયસાર. ૧૧મી ગાથાનો ભાવાર્થ. અહીંયાં એક પક્ષની વાત આવી ગઈ. પ્રાણીઓને, જીવોને અનાદિથી ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો એણે અનાદિનો માનેલો છે. કારણ કે વસ્તુ છે એ કાયમ અને પર્યાયનું પરિણમન છે એ વર્તમાન છે અવસ્થા. એથી અવસ્થાની દૃષ્ટિપણે એટલે ભેદપણે વ્યવહારના પક્ષમાં તો એ અનાદિનો છે. અનાદિનો શબ્દ તો નિગોદથી માંડીને કહ્યું. અનાદિ કાળથી ભગવાન આત્મા અસ્તિ તત્ત્વ મહા અભેદ શું છે એની દૃષ્ટિ વિના એનામાં એક અંશનું પ્રગટપણું જે છે એને એણે માન્યું છે. સમજાણું કાંઈ? શું કીધું ઈ?

મુમુક્ષુ :- ભેદરૂપ..

ઉત્તર :- એટલે શું?

મુમુક્ષુ :- પર્યાયબુદ્ધિ..

ઉત્તર :- પર્યાયબુદ્ધિ એટલે શું? વસ્તુ જે છે આત્મા એનો વર્તમાન પર્યાય એટલે પ્રગટ દશા. વસ્તુ છે એ ધ્રુવ છે ત્રિકાળી અને એની અવસ્થા છે વર્તમાન ક્ષણિક પરિણમન બદલવું, અને બદલવાની સ્થિતિ પ્રગટ છે. એટલે એની દૃષ્ટિ ત્યાં બદલવાના ઉપર જ રહેલી છે. સમજાણું કાંઈ? અનાદિનો એ પક્ષ છે અને એનો ઉપદેશ પણ બહુધા, ઘણો ઉપદેશ જગતમાં એનો જ આપે છે. સમજાણું? કોઈ પરમેશ્વર છે એની સામું જુઓ, એનાથી તમને કલ્યાણ થશે. એ બધી પર્યાયબુદ્ધિવાળા, પરલક્ષવાળા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અથવા કાંઈક રાગની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરો એમાંથી કલ્યાણ થશે એમ અજ્ઞાનીઓ અનાદિથી એની ત્રિકાળી ચીજને ભૂલીને, વર્તમાન દશા અને રાગના ઉપર એની દૃષ્ટિ છે. અને એનો ઉપદેશ પણ ઘણાં એ જ આપે છે. ઓલામાં આવ્યુંને 'દ્રવ્યક્રિયા રૂપી જીવડા, ભાવ ધર્મરૂપી હીન.' અને રાગનું .. દેખાય કે .. ભગવાન કહે છે. અમે દયા પાળીએ છીએ, વ્રત કરીએ છીએ, તપ કરી છીએ, ભક્તિ કરીએ છીએ, મંદિર બનાવ્યા, આ શાસ્ત્રો બનાવ્યા. એવી બહારની પ્રવૃત્તિનો ભાવ એને પ્રસિદ્ધપણે કાંઈક કરું છું એવું એને ભાસ્યું છે. સમજાણું કાંઈ? અને એનો ઉપદેશ પણ દેનારા એવા જ એને મળે છે. આહા..હા..! એવી વાત છે જરી ઝીણી છે. અને જિનવાણીમાં પણ એનો ઉપદેશ ઘણો છે. આહા..હા..!

ભેદથી સમજાવાય છે. બીજો કોઈ ઉપાય નથી. એ તો આવી ગયું આઠમી ગાથામાં

કે એ ભેદથી સમજાવે છે, પણ એ ભેદ અનુસરવાલાયક નથી, પણ એ ભેદથી સમજાવે એને જ એ પકડે છે. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિમાં આવે છેને. અજ્ઞાનીને વ્યવહારથી સમજાવે છે ત્યારે વ્યવહાર એ જ બધું છે એમ માની બેસે છે. એ તો ઉપદેશને લાયક નથી એમ કીધું ત્યાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ...**' એટલે કે ભેદનો પર્યાયદૃષ્ટિએ દ્રવ્યને જાણવું, આ રાગ મંદતા છે એને જાણવું અને એ પુણ્યબંધનું કારણ છે અને આગળ જતા એમ પણ કહે એક નયે કે વ્યવહાર તે સાધન છે, નિશ્ચય તે સાધ્ય છે. એવો ઉપદેશ જિનવાણીમાં ઘણો કર્યો છે. બહુ કર્યો, પણ એનું ફળ સંસાર જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપે છે તો અભેદનો. ભેદ દ્વારા સમજાવે છે એને. પણ એ ભેદને જ પકડે છે. આ આત્મા, જો અંદરમાં જાણે છે તે આત્મા. જાણે તે આત્મા એમ ભેદથી સમજાવ્યું. સર્વ.. જાણે છે તે આત્મા. ભેદ કરીને સમજાવ્યું એણે. આવ્યું છેને, ઓલામાં આવ્યું છે. પંચાધ્યાયીમાં આવ્યું નહિ ૮મી ગાથા. '**तत्त्वं सल्लाक्षणिकं सन्मात्रं वा**' '**निर्विकल्पश्च स्वसहायं**' એ વસ્તુ જ પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા. સત્ અને એના ગુણો પણ શાશ્વત છે. એના ઉપર દૃષ્ટિ ન કરતાં અનાદિથી પર્યાયબુદ્ધિવાળા વર્તમાન અંશની બુદ્ધિવાળા એને એ જાતનો ઉપદેશ મળે એવા બુદ્ધિવાળા અને એવી બુદ્ધિથી વર્ણન ભેદથી કર્યું જિનવાણીએ (તો) એને વળગ્યા. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્રની વાત..

ઉત્તર :- શાસ્ત્ર પણ કહે છે શાસ્ત્ર શું કહે છે? તું એકરૂપ અખંડ અભેદ છો. શું પણ અભેદ? ત્યારે એને ભેદ પાડીને કહે છે. નિયમસારમાં જ આવશે કે આ મોક્ષનો માર્ગ તો છે નિશ્ચય એક જ પણ એનો ભેદ પાડીને વ્યવહારથી કહીએ છીએ. સમજાણું કાંઈ? શાસ્ત્રે કેમ કહ્યું? પણ શાસ્ત્રે વ્યવહારે અજ્ઞાનીઓને સમજાવવા વ્યવહારથી ભેદ પાડીને સમજાવે છે. પણ એ ભેદ પાડીને સમજાવ્યું એને જો વળગે, સંસાર ફળશે એમાં તો. સમજાણું કાંઈ? પુણ્ય બાંધે, પણ પુણ્ય બાંધે એનો અર્થ શું? એ તો સંસાર છે. એમાંથી ગતિ ફળે, ચૈતન્યના આનંદના ફળ એમાં ન આવે. સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ ભાઈ. આહા..હા..!

'**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો...**' નિમિત્ત જાણી (ઘણો કર્યો છે). વ્યવહાર છે આ ભેદ પાડીને કહેવું એ બધો વ્યવહાર છે. ભગવાને આમ કહ્યું હતું, જ્ઞાનસ્વરૂપ છો, શ્રદ્ધાસ્વરૂપ છો. લ્યો હવે એ કહેવું એ પણ વ્યવહાર થઈ ગયો. ભેદ છે. ભેદથી સમજાવ્યા વિના બીજો ઉપાય નથી. એટલે વ્યવહાર છે એમ સ્થાપવો જોઈએ. પણ એને જ વળગી જાય (તો એ) મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે. આહા..હા..! પરમાત્મસ્વરૂપ પોતે અખંડાનંદ

પ્રભુ એની દૃષ્ટિ એમાં આવ્યા વિના અને એને સ્પર્શ્યા વિના ત્રણ કાળમાં ક્યાંય સમ્યગ્દર્શન થાય નહિ, મુક્તિ એની થાય નહિ. એવી વાત છે. જગતથી તો ઉંધું છે ભાઈ. આ તો સેવા કરો પરની, લ્યો દેશસેવા, સમાજસેવા. ચાલે છેને ઈ બહુ? હેં? કોણ કરે સેવા? સાંભળને. એના રજકણોની અવસ્થા થવી સ્વતંત્ર જડની છે. આ તો પદાર્થ છે. ચૈતન્ય ભિન્ન તત્ત્વ છે. ભિન્ન તત્ત્વ ભિન્નને કેમ હલાવે? એ તો બે એક થઈ જાય છે. બે એક કોઈ દિ' ત્રણકાળમાં થાય નહિ. સેવા કરો, આ કરો... આ કરો... લ્યો! આમાં આવે તો છોકરાઓની નિશાળ ખોલો, પાઠશાળા ખોલો, શાસ્ત્ર બનાવો. એ બધું તો વ્યવહાર થયો, વિકલ્પ થયો. .. એ વિકલ્પ છે, કોણે ના પાડી? કહેવું એ વિકલ્પ છે. એય..! પણ એને પકડે (તો) સંસાર ફળશે કહે છે. જેઠાભાઈ! બહુ આકરું કામ.

હવે **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** તું અખંડ અભેદ ચિદાનંદ સ્વરૂપ છો, અખંડ એકરૂપ ચિદાનંદ પ્રભુ, અભેદ, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી, એક સમયની પર્યાયનો ભેદ પણ વસ્તુમાં નથી. ભૂતાર્થ કીધોને એને. એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે, વસ્તુ તે ત્રિકાળી ભૂતાર્થ છે. ત્રિકાળીનું શરણ લીધું નહિ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળે પક્ષ .. તો ક્યાંથી પક્ષ કર્યો? એય..! ચેતનજી! શુદ્ધનો પક્ષનો પ્રશ્ન આવ્યો હતો પહેલા ખબર છે. ખબર છે. આવ્યું છેને ખબર છે. આવ્યું હોય તો ખ્યાલમાં તો રહે. એણે આ માન્યું એ તો શુદ્ધનયનો પક્ષ કહેવાય કે નહિ? પ્રશ્ન હતો. એ તો હોય. પક્ષનો અર્થ અખંડ અભેદ છું તે તરફનું એનું વલણ કોઈ દિ' કર્યું જ નથી. એ વિના ક્યાંથી પક્ષ (આવે)? કોનો પક્ષ કરે? પર્યાય છે. .. આમાં છે.

આત્મા જિનસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ સ્વભાવ, સ્વભાવ એનો ત્રિકાળી શું હોય? અકષાય સ્વભાવે બિરાજમાન પ્રભુ પોતે છે વસ્તુ. એ વસ્તુનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય એ વીતરાગતા આવે અને એને અહીં જૈનશાસન કહીએ. વસ્તુના સ્વરૂપનું શાસન. એ જૈનશાસન પર્યાય થઈ. સમજાણું કાંઈ? એ તો પર્યાય થઈ. ... પર્યાયે એમ કહ્યું કે હું દ્રવ્ય છું. પર્યાયે એમ કહ્યું કે હું દ્રવ્ય છું. આવું ભારે! એય..! હું ત્રિકાળ છું. છે અંશ (પણ કહે છે કે) ત્રિકાળ છું. આ તે હું છું. દ્રવ્યનો લાભ, દ્રવ્યની હયાતી પર્યાયે સ્વીકારી. અંતરમાં પરમાત્મસ્વરૂપ ભગવાન પોતે પૂર્ણ આનંદનો નાથ એના ઉપર દૃષ્ટિ પડ્યા વિના અને એનો આશ્રય કર્યા વિના ત્રણકાળમાં કલ્યાણનો અંશ ઉત્પન્ન થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. પણ ચૈતન્યમૂર્તિ અભેદ અખંડ એક છું, એ તરફની રુચિ તો કોઈ દિ' કરી નથી. આહા..હા..! એક વાત.

**'એનો ઉપદેશ પણ વિરલ છે—'** ઓલામાં બહુધા હતોને? બહુધા અને સર્વ પ્રાણી

એમ હતું. આ 'ઉપદેશ પણ વિરલ છે—' અખંડ અભેદ ચૈતન્યસ્વરૂપ છે, અનંત આનંદ અને જ્ઞાનનો ગાંઠડો પ્રભુ છે. એ પ્રભુ આત્મા તો જ્ઞાનનો પૂંજ છે, આનંદનો ઢગલો એકલો છે એ તો. આહા..હા..! એમ કહેવું એ પણ ભેદથી કથન છે. એઈ..! સમજાવાની શૈલી શું કરે? આનંદનો ઢગલો એટલે જાણે કોઈ આનંદ અને ચીજ કાંઈ બીજી જાણે હોય. આહા..હા..! એવો પ્રભુ આત્મા વસ્તુ છેને. અસ્તિ છેને? છેને? છે એવો પદાર્થ છે તો એ પરિપૂર્ણ જ છે. એમાં પર્યાયનો અંશ પણ એની અંદરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું કામ છે, ભાઈ! અનંત પુરુષાર્થ જોઈએ છે એમાં હોં! એ કાંઈ વાતે વળે એવું નથી. આહા..હા..! એનો અંશ એનું લક્ષ બાંધે પણ કાંઈ વળે એવું નથી. સમજાણું કાંઈ?

આમ સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુ છે, એકરૂપ છે, અખંડ છે, અભેદ છે. ભલે એ નિર્ણય પર્યાય કરે છે. સમજાય છે? અવસ્થા. પણ વસ્તુ આ છે એમ પર્યાય નિર્ણય કરે છે. આહા..હા..! ભારે! વિકલ્પથી નિર્ણય થાય એવી વસ્તુ છે? સમજાણું કાંઈ? એ વસ્તુ જ્ઞાનમાં આવે અને નિર્ણય થાય એને યથાર્થ નિર્ણય કહેવામાં આવે છે. ત્યારે વસ્તુ જ્ઞાનમાં ક્યારે આવે? કે જ્ઞાનની પર્યાયમાં આ ચીજ અખંડ એકરૂપ ચૈતન્ય આનંદ વસ્તુ છે એવો અનુભવ આનંદના સ્વાદનો આવે ત્યારે એમાં આ અખંડ વસ્તુ છે એમ પ્રતીત એને આવે. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? આ વસ્તુ આમ છે, ભાઈ! પછી દુનિયા ગમે તે રીતે કલ્પીને ઊંધા મારે એથી કાંઈ વસ્તુ કાંઈ બીજી થઈ જશે નહિ.

શાશ્વત પદાર્થ છે આત્મા. શાશ્વત છે. અણકરાયેલ, અવિનાશી. નાશ ન થાય અને નહિ કરેલું અકૃત એવું તત્ત્વ છે. એવું તત્ત્વ એકરૂપ ચૈતન્ય એના તરફનો પક્ષ-આશ્રય કદી આવ્યો નથી. જૈન સાધુ થયો દિગંબર મુનિ, હજારો રાણીને છોડી, જંગલમાં આવી ઠંડી. આ તો હજી ટાઢ ક્યાં છે. હજી તો પડશેને. એવી ઠંડીમાં ઉઘાડે શરીરે (રહ્યો) પણ અંદરમાં એ વિકલ્પ અને પર્યાયબુદ્ધિ પડી છે એથી એને મિથ્યાત્વનો લાભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંશબુદ્ધિમાં અટક્યો છે. ત્રિકાળી જ્ઞાયકભાવ એના તરફના એના વલણ, એના ઢલણ, એના નમન, એના તરફનું પરિણમન એને છે નહિ. સમજાણું કાંઈ? જયંતિભાઈ! બહુ આવો માર્ગ છે. આહા..હા..! સંપ્રદાયે પણ એવું કરી નાખ્યું છે, આ પૂજા કરો, ભક્તિ કરો, આ કરો, તે કરો, સિદ્ધચક્રની પૂજા કરો, જિનેશ્વરની પ્રતિમાઓ લગાવો હજારો લાખો, દેરાસર બનાવો. કોણ બનાવે સાંભળને, એ તો જડની ચીજ છે, જડને કારણે બનવાની હોય તે બને અને તેના તરફનો ભાવ છે એ પણ પુણ્ય અને શુભરાગ છે. એની જેને દૃષ્ટિ છે ત્યાં પર્યાયબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! બહુ વાત (આકરી). સમજાણું કાંઈ?

**'એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ...'** ઓલામાં એ હતુંને કે જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ

કર્યો છે. એની સામે આ છે, એની સામે આ છે. '**તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ...**' ઓલા વ્યવહારનું ફળ તો સંસાર છે, પણ એકરૂપ ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવી દૃષ્ટિ થવી, જ્ઞાનની વર્તમાન દશામાં દશાને પૂર્ણ વસ્તુમાં પ્રસરાવવી એવો જે અનુભવનો ભાવ એનું ફળ સંસાર નથી, એનું ફળ મુક્તિ છે.

મુમુક્ષુ :- શુદ્ધનયનું ગ્રહણ એટલે?

ઉત્તર :- ગ્રહણ એટલે અનુભવ. જાણવું, ગ્રહણ એટલે જાણવું. એટલે આ વસ્તુ અખંડ છે એમ જાણવું. એ શુદ્ધનયનું ગ્રહણ છે. અહીં તો .. સમજાવ્યું. નહિતર તો ત્રિકાળ વસ્તુ છે એ જ શુદ્ધનય છે. આ ધ્રુવ છે એવી અનુભવમાં પ્રતીત થાય એ અનુભવ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે! ભીખાભાઈ! હખેથી ઊંઘ નથી આવતી કહે છે. એ જ કહે છે. એના .. વિના ચાલે નહિ ત્યાં સુધી એને રખડપાટી છે એને. એમ કહે છે. આહા..હા..! મારા વિના મને ન ચાલે ત્યારે તેની મુક્તિ થાય. હું એક આત્મા વસ્તુ છું. છે તે વસ્તુ શાશ્વત છે. છે તેની શક્તિઓ બધી શાશ્વત છે. શક્તિઓનો ભેદ ન પાડતા એકરૂપ વસ્તુ છે એવી અંતરમાં દૃષ્ટિ કર્યા વિના, પરનો તો આશ્રય નહિ, પણ એક સમયના રાગનો આશ્રય નહિ, પણ એક સમયની પર્યાયનો પણ આશ્રય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે શુદ્ધનયને જાણવી એટલે કે ત્રિકાળીને જાણવો, એટલે કે ત્રિકાળીનો અનુભવ કરવો.

મુમુક્ષુ :- એનું નામ ગ્રહણ?

ઉત્તર :- એનું નામ ગ્રહણ છે. એઈ..! ઓલામાં પણ આવ્યું છેને. વ્યવહારનયને ગ્રહણ કીધું છેને. મોક્ષમાર્ગમાં ન લીધું? એઈ..! વ્યવહારનય છે. ગ્રહણનો અર્થ જાણવું. ગ્રહણનો અર્થ આદરવું એમ નથી ત્યાં. અહીંયાં જાણવું થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. બહુ સારા ખુલાસા છે. આહા..હા..! વ્યવહારનય ગ્રહણ કરવાયોગ્ય કીધું છે. લ્યો! બંને નયનું ગ્રહણ કરવું. બન્નેના ગ્રહણની વ્યાખ્યા શું? વસ્તુ અખંડ અભેદ છે તેનો આશ્રય લઈ, ઉપાદેય લઈને એને જાણવી અને પર્યાયને જાણતાં, રાગને જાણતા ગ્રહવાયોગ્ય નથી, પણ જાણવાયોગ્ય છે. એ ૧૨માં ખુલાસો કરશે. સમજાણું કાંઈ? અરે..! એને ટાણા આવ્યા ત્યારે ભૂલી ગયો. ક્યાંક... ક્યાંક.. ક્યાંક... રોકાઈને ભગવાનને ભૂલ્યો ઈ. પોતે ભગવાન છેને. બીજો ભગવાન એની પાસે રહ્યો. એ ભગવાન ક્યાં દઈ દે એવું છે. કહો, સમજાણું કાંઈ? જે આત્માના સ્વરૂપને પ્રાપ્ત થયા સર્વજ્ઞ આદિ એ તો ભગવાન પોતે એનામાં રહ્યા. એ શું અહીંયાં આપી દે એવું છે? અને આને જે લેવાનું છે એ ત્યાં છે? અહીં છે અંદરમાં છે. આહા..હા..! એને આ વાત અનંત કાળમાં એને નથી ખ્યાલમાં આવી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, શ્રીગુરુએ '**ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું...**' એટલે શુદ્ધનયનો અનુભવ કરવો, વસ્તુનો અનુભવ કરવો, અભેદનો અનુભવ કરવો એનું '**ફળ મોક્ષ જાણીને...**' એનું

ફળ તો મુક્તિ છે. અનંત આનંદરૂપે પરિણમવું એનું નામ મુક્તિ. અનંત આનંદની દશારૂપે થઈ જવું. અતીન્દ્રિય અનંત આનંદ. જેવો અતીન્દ્રિય આનંદ અંતરમાં પડ્યો છે એવું પર્યાયમાં વર્તમાનમાં પરિણમી જવું એનું નામ મુક્તિ છે. મુક્તિ કોઈ બીજી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...**' જોયું! પ્રધાનતાથી દીધો છે. ભૂતાર્થ આત્મા તે જ વસ્તુ, અભૂતાર્થ પર્યાય તે અસત્યાર્થ છે. એમાં મુખ્યતાએ આ કહ્યું છે. સમજાણું કાંઈ?

વસ્તુ હોય એ તો સત્ છે અને સત્ છે એ તો ત્રિકાળી છે અને ત્રિકાળી જે છે એ એકરૂપ અભેદ છે. સમજાણું કાંઈ? અને અભેદ છે એમાં તો અનંત-અનંત શક્તિઓ અનંત શક્તિ (છે). લ્યો વળી ૪૭ શક્તિ યાદ આવી ગઈ. એક એક શક્તિમાં અનંત સામર્થ્ય. એવી અનંતી શક્તિ. છતાં એ શક્તિના ભેદ ઉપર લક્ષ ન કરતાં એ શક્તિ જેની છે તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા એને અભેદનો અનુભવ થાય એનું નામ મુક્તિનો ઉપાય અને એનું ફળ મોક્ષ છે. એનું નામ ગ્રહણ કહેવાય છે. બીજું શું ગ્રહણ કરવું છે? આ છે .. ગ્રહણ કરવું શું? આહા..હા..! ચેતનજી! આહા..હા..!

ભાઈ! તું છો તેને પકડ એટલે અનુભવ કર એમ એનો અર્થ છે. એ પર્યાય અંશરૂપ છે, એ તો ત્રિકાળીરૂપ છે. એ ત્રિકાળીને પકડ, ત્રિકાળી ઉપર દૃષ્ટિ મૂક, વળી એ દૃષ્ટિ અને આ ત્રિકાળી, સમજાવવું (હોય એમાં) શું કરે? અરે! દૃષ્ટિ મૂકી, આ દૃષ્ટિ આમ મૂકવી એમ હશે? એ તો અંતર્મુખ સામાન્ય ઉપર લક્ષ જતાં એ સામાન્ય એટલે? અંતરલક્ષ જતાં સામાન્ય જ લક્ષમાં રહી જાય, પણ આ સામાન્ય છે એવું ત્યાં ક્યાં છે? કથન શું કરે? પંચાધ્યાયીકારે નકાર કરતાં-કરતાં સ્વભાવ ઉપર લીધું છે કે એનો વિષય સામાન્ય છે, ભાઈ! લીધું છેને, શું કરે પણ? નકાર કરતાં-કરતાં કે આ નહિ... આ નહિ.. આ નહિ... એ વખતે કીધું કે એનો વિષય સામાન્ય છે. સમજાણું કાંઈ? સામાન્ય એટલે એકરૂપ. વિશેષ એટલે વિશેષણો સહિત ગુણવાળો, પર્યાયવાળો, ભેદરૂપ એ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! .. બહુ માણસને આવ્યું છે.. એમાં નહિ હોય અનંતકાળમાં? આવી લડાઈમાં અનંત વાર એ હતો. આહા..હા..! કેટલા માર્યા છે બિચારા નાના નાના છોકરાઓને. .. આમ કહેતા હતા. એ કોઈ નવી ચીજ નથી. એ તો અનંત વાર એને અનુભવમાં સ્વીકાર આવી ગયો છે. અવિકારીનો અનુભવ કરવો એ એને કોઈ દિ' આવ્યું નથી. સમજાણું કાંઈ?

અરે! મુનિ થયો 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' પણ એનું લક્ષ રાગની મંદતા એ ધર્મ અને એક સમયનો અંશ તે હું આખો અથવા તે હું એમ. એ પર્યાયદૃષ્ટિએ એનું મિથ્યાપણું ગયું નથી. એ મિથ્યાત્વપણા ગયા વિના એ ત્યાંથી પુણ્ય બાંધ્યા સ્વર્ગમાં જાય, ત્યાંથી પાછો ઢોરમાં મનુષ્યમાં આવે અને ત્યાંથી નરક અને નિગોદે જાય. આહા..હા..! કહો,

શાંતિભાઈ! શું હશે આ? આવું પણ સંપ્રદાયમાં આકરું બહુ પડે. એથી કહેને સોનગઢે આમ કહ્યું, સોનગઢે આમ કહ્યું. સોનગઢે કાંઈ કર્યું નથી, જેમ છે એમ છે સાંભળને. સોનગઢવાળાએ એમ કહે. અરે! ભગવાન! કરે કોણ? પ્રભુ! તારી ચીજ અંતર પરિપૂર્ણ પડી છેને નાથ. આહા..હા..! એનો આશ્રય તેં કોઈ દિ' લીધો નથી. આશ્રય લેવો છે એ જરૂરિયાત છે. એક જ ઉપાય છે એવો પણ એણે નિર્ણય કર્યો નથી. સમજાણું કાંઈ? સ્વલક્ષે. આહા..હા..! બાકી બધું સમજવા જેવું છે. આ જ પહેલી ચીજ છે. પૂર્ણ વસ્તુ છું, એવો જે પૂર્ણનો અનુભવ એનું ફળ તે મુક્તિ છે, કારણ કે અનુભવ તે ધર્મ છે, અનુભવ તે ધર્મ છે, એનું ફળ મુક્તિ છે.

મુમુક્ષુ :- છેલ્લામાં છેલ્લી વાત કઈ?

ઉત્તર :- છેલ્લામાં છેલ્લી આ કીધીને. દ્રવ્યનો અનુભવ કરવો એ છેલ્લામાં છેલ્લી.

મુમુશ્રુ :- તો પહેલી કઈ?

ઉત્તર :- પહેલી આ રાગને મંદ પાડવો, ફલાણું આ કરવું. આ પર્યાયને જાણવી, ગુણને જાણવો. બીજું શું આવે? વ્યવહારથી સમજાવે ત્યાં એ આવે. એય..! નવ તત્ત્વને જાણો એમ કહેવાય લ્યો! નવને જાણો. જાણવાનો એકાદને જુદો પાડો લ્યો, એ બધું આવે. શું થાય પણ? સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં આખો આવતો નથી, આખામાં એક સમયની પર્યાય પ્રવેશ કરી નથી. શું કરે પણ હવે? આહા..હા..! વાણીની વેગે વાતું કરવી. એ ભગવાન તો વચનાતીત, વિકલ્પાતીત છે. સમજાણું કાંઈ?

સ્વસંવેદનનું ફળ '**મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે...**' હોં એમ. પ્રધાનતાથી દીધો છે. ''**શુદ્ધનય ભૂતાર્થ છે,...**'' એમ. શું દીધો છે? શું દીધો કહે છે? '**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' ત્રિકાળી સ્વરૂપ તે '**સત્યાર્થ છે;...**' અવિનાશી ભગવાન અનાદિ-અનંત એવું સ્વરૂપ એનું છે એ સાચું છે. એક સમયની અવસ્થા એ પણ ગૌણ કરીને એને અભૂતાર્થ નામ અસત્ કીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે;...**' લ્યો! ભૂત નામ છતો પદાર્થ, છે એવો પદાર્થ. સત્... સત્... સત્... સત્.. આખો અખંડ સત્ અભેદ સત્ '**એનો આશ્રય કરવાથી...**' લ્યો! એ ત્રિકાળી ભગવાન આત્મા અવિનાશી વસ્તુ છે, ધ્રુવ સ્વભાવ છે. આ તો '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'માં ઉત્પાદવ્યય પણ વ્યવહારમાં ગયો. ઓલો નિશ્ચય આ છે. ઉત્પાદવ્યયને પણ ગૌણ કરીને એ નથી એમ કીધું. ઉત્પાદવ્યય પણ નથી. ભગવાન કોણ છે? એને મુખ્યથી એ જ સાચો છે. ઉત્પાદવ્યય દશા થાય એ એક સમયની આશ્રય કરવાલાયક નથી. તેથી હોવા છતાં લક્ષ છોડાવવા ગૌણ કરીને એ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય કરવાથી લ્યો! '**भूदत्थमस्सिदो**' '**સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે;...**' ભગવાન અખંડ આનંદ પ્રભુ એકરૂપ ચીજ અંતર એનો આશ્રય કરવાથી

સાચી દૃષ્ટિવંત એનું પરિણમન સાચી દૃષ્ટિનું થઈ જાય છે. એમ કહે છે. આહા..હા..! ભાષા બધી ગ્રીક-લેટીન જેવી લાગે અજાણ્યા માણસને. એના ઘર કોઈ દિ' જોયા નથી, ઘરને સાંભળ્યા નથી. આહા..હા..! બહારની બધી વાતું, આ કરો ને તે કરો, ફલાણું કરો ને આમ કરો, હો..હા.. હો..હા... શરીરની ક્રિયાઓ કરો. અહીં તો રાગની પ્રવૃત્તિ પણ એની નથી. આ તો પર્યાયનું પરિણમન પણ અસત્યાર્થ છે એમ કહીને ગૌણ કરીને જૂઠું છે પરિણામ લ્યો! એકરૂપ અપરિણામી સ્વભાવ એ જ સાચો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ ૧૧મી ગાથા તો વીતરાગ દર્શનનો, વિશ્વદર્શનનો પ્રાણ છે. આના વિના એ જીવી શકે નહિ. એના વિના આત્મા જીવન પામી શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? હજી તો આ શરીર મારું, બાયડી મારી, છોકરા મારા, દેશ મારો. આગળ જતાં પુણ્ય મારા ભાવ. એના થયા પૈસા આદિ, અમે પુણ્યવંત છીએ. અરે! ક્યાં ગયો? આગળ જતાં એક સમયની પર્યાય મારી. અહીં સુધી પણ મૂઢતા છે કહે છે. આહા..હા..! એથી પર્યાય હોવા છતાં વસ્તુની દૃષ્ટિનો આશ્રય કરાવવા સત્યાર્થ એને કહીને એક સમયની દશાને જે આશ્રય લેનાર છે એને જ કહે છે નહિ. વાત એવી છે, બાપુ! આ તો અધ્યાત્મની અંતરની મૂળ વાત છે. સમજાણું કાંઈ? 'વાડા બાંધીને બેઠા રે પોતાનો પંથ કરવાને.'

આ વસ્તુ શું છે? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને સત્ ચિદ્ અને આનંદ એવા ત્રણ ભેદે કહેવો એ વ્યવહાર છે કહે છે. આહા..હા..! એવા ભેદને ગૌણ કરીને એ ભેદ જ નથી એમ કહીને ત્રિકાળી ભગવાનનો આશ્રય લેવડાવ્યો છે. ત્યાં જા... ત્યાં જા... ત્યાં જા... ભાઈ! જ્યાં પડ્યો છે પ્રભુ પૂર્ણ ત્યાં જા. સમજાણું કાંઈ? **'એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના...'** દેખો! **'એને જાણ્યા વિના...'** એટલે ભૂતાર્થ ત્રિકાળી સત્યાર્થ વસ્તુ એના જ્ઞાન કર્યા વિના.

મુમુક્ષુ :- જ્ઞાન કર્યા વિના એટલે?

ઉત્તર :- અનુભવ કર્યા વિના.

**'જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** નિશ્ચયનો અનુભવ નથી ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે એમ કહે છે. આહા..હા..! **'જીવ વ્યવહારમાં મગ્ન છે...'** પર્યાયમાં એકત્વબુદ્ધિ, રાગમાં એકત્વબુદ્ધિ. આહા..હા..! બહુ આકરું ભાઈ! અનંતવીર્ય પુરુષાર્થ છેને અને એ જ પુરુષાર્થ સાચો છે. નહિતર પુરુષાર્થ પર્યાય છે. પણ એ પર્યાયને આશ્રય મળે છે ધ્રુવનો. ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય કરતાં સાચી દૃષ્ટિ અને ધર્મ આનંદનો અનુભવ તેને થઈ શકે છે. આ આનંદના અનુભવની દશા પર્યાય હોવા છતાં એ પર્યાય આ આખો આત્મા આનંદમૂર્તિ છે એમ એની પ્રતીતમાં, શ્રદ્ધામાં આવી જાય છે. સમજાણું કાંઈ? આરે..આરે! **'એને જાણ્યા વિના...'** એટલે એને આશ્રય કર્યા વિના, અભેદને અનુભવ્યા વિના. **'જ્યાં**

**સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** નવ તત્ત્વના વિકલ્પો અને એક સમયની પર્યાય એમાં મગ્ન છે **'ત્યાં સુધી આત્મામાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.'** લ્યો!

મુમુક્ષુ :- નિશ્ચય સમકિત..

ઉત્તર :- આવ્યું છેને. જ્ઞાનશ્રદ્ધાન થતું નથી. આત્મામાં જ્ઞાન અને શ્રદ્ધાન, એનું જ્ઞાન અને શ્રદ્ધાન બેય સાથે થાય છે કે નહિ? એને જાણ્યા વિના, એનો અર્થ એ કે એને જાણ્યું નથી એટલે શ્રદ્ધા નથી. અને એને જાણ્યા વિના જ્યાં સુધી પર્યાયમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ. આત્મા આવો છે એવું જે જ્ઞાન અને આત્મા આવો છે એવું જ્ઞાનમાં જાણેલાની પ્રતીત એવું સાચું સમકિત, સાચો થયો નથી, થઈ શકતો નથી. **'એમ આશય જાણવો.'**

મુમુક્ષુ :- જ્ઞાન અને દર્શન.. ખીચડો થઈ ગયો.

ઉત્તર :- ખીચડો ક્યાં હતો? જ્ઞાનશ્રદ્ધાનરૂપ આત્મા એમ કીધું છેને? આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત થતું નથી. એય..! આત્માનું શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત થઈ શકતું નથી એમ કેમ ન કહ્યું? એમ કહે છે. શું કીધું?

**'આત્માનાં શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ...'** પણ આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન બેય એક સમયે થાય છે. બે બોલ લીધા છે. અભેદમાં બે સાથે થાય છે. અભેદની દૃષ્ટિ અને અભેદનું જ્ઞાન થયું ત્યાં પ્રતીત સાથે આવે છે. એટલે આવા વ્યવહારમાં મગ્ન (છે) ત્યાં સુધી અખંડ આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત થઈ શકતું નથી. જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત એમ લીધું છે. જ્ઞાન છે અને શ્રદ્ધા ભેગી છે કે નહિ? એવું નિશ્ચય સમકિત થઈ શકતું નથી. બહુ સરસ લખ્યું છે. ઘણો ગાથાનો ભાવ ઘણો ભર્યો છે. ..ભાઈ! **'એમ આશય જાણવો.'** કહેવાનો ગાથામાં આ સત્યાર્થ અને આ અસત્યાર્થ એનો આ આશય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

## ગાથા-૧૨

अथ च केषांश्चित्कदाचित्सोऽपि प्रयोजनवान्। यतः —

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।

शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः।
व्यवहारदेशिताः पुनर्ये त्वपरमे स्थिता भावे।।१२।।

ये खलु पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयं परमं भावमनुभवन्ति तेषां प्रथम-द्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्तस्वरानुभवस्थानीयापरमभावानुभवनशून्यत्वाच्छुद्धद्रव्यादेशितया समुद्योतितास्खलितैकस्वभावैकभावः शुद्धनय एवोपरितनैकप्रतिवर्णिकास्थानीयत्वात्परि-ज्ञायमानः प्रयोजनवान्; ये तु प्रथमद्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्तस्वरस्थानीयमपरमं भावमनुभवन्ति तेषां पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयपरमभावानुभवनशून्यत्वाद-शुद्धद्रव्यादेशितयोपदर्शितप्रतिविशिष्टैकभावानेकभावो व्यवहारनयो विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्; तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्। उक्तं च —

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''

---

હવે, ''એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે'' એમ કહે છે :-

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

શ્લોકાર્થ :- [परमभावदर्शिभिः] જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા તેમને તો [शुद्धादेशः] શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર [शुद्धः] શુદ્ધનય [ज्ञातव्यः] જાણવાયોગ્ય છે; [पुनः] વળી [ये तु] જે જીવો [अपरमे भावे] અપરમભાવે [स्थिताः] સ્થિત છે તેઓ [व्यवहारदेशिताः] વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

ટીકા :- જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન (વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે

જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.) બીજી જગ્યાએ પણ કહ્યું છે કે :-

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''

(અર્થ :- આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.)

ભાવાર્થ :- લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ-એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્‌ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ, જિનબિંબનાં દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે; અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ

**કરવો ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું-એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.* વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. આ માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે-એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

'**હવે,...**' આ ૧૨મી ગાથાની મોટી તકરાર. વાંધા એના મોટા. આહા..હા..! '**હવે, એ વ્યવહારનય પણ કોઈ કોઈને...**' તે પણ કોઈ વખતે એ જીવને. એમ. '**પ્રયોજનવાન છે,...**' અહીંયાં વાંધા ઉઠે છે મોટા. વ્યવહારનય પણ પ્રયોજનવાન છે. એ તો પછી કાઢવું હોય એને પ્રયોજનવાન છે કે નહિ? વ્યવહારનય પ્રયોજનવાન છે કે નહિ? જરૂરિયાત છે કે નહિ? અહીં તો પ્રયોજન. નિશ્ચયનું જેને અહીં... ઓલામાં તો એકલો અભેદ જ લીધો હતો હવે. અભેદ દૃષ્ટિનો વિષય અખંડ આનંદ પ્રભુ (છે), ત્યારે હવે પર્યાયમાં કાંઈ અપૂર્ણતા, રાગાદિ ભાવ છે કે નહિ? જેને તમે ના પાડી હતી એવી પર્યાયનો અંશ જેને તમે અસત્યાર્થ કહ્યો હતો, ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો હતો એ કાંઈ મુખ્યરૂપે સત્ય અંશ છે કે નહિ? સમજાણું કાંઈ? ૧૧મી ગાથા સાથે સંધિ છે આની. એમાં મોટા ગોટા ઉઠાવે છે. જુઓ, આમ વાત છે, આમ છેને. સોળ વલુ ન મળે અને પંદર વલાનો લાભ છે. લાભનો અર્થ શું? આવે તો એમ જ આવેને. આહા..હા..! એને પંદરવલુ એટલે કે એવું હોય છે એટલી વાત. એવો જ અર્થ છે આમાં. ભગવાન આત્મા પરિપૂર્ણ વસ્તુનો આશ્રય કરીને ધર્મી થયો,

---

*** વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.**

પણ એ ધર્મી થયો એ પર્યાયમાં પૂર્ણતા છે કે અપૂર્ણતા છે એ જાણવું, એ જ વ્યવહારનય છે. એ જાણવાની વાત ત્યાં વ્યવહારને પ્રયોજનવાન કીધો છે. અર્થકારે તો ટીકા બહુ સરસ કરી છે. તે કાળે જાણેલો પ્રયોજનવાન એમ અર્થ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી;...'** એટલે પર્યાય નથી, પહેલી કીધી હતી ત્યાં નથી ગૌણ કરીને એને અહીંયાં અસ્તિ તરીકે સાબિત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે પર્યાય. અવસ્થા વ્યવહારનયનો વિષય એટલે વ્યવહારનય છે. બસ. અપૂર્ણ જ્ઞાન, અપૂર્ણ સ્થિરતા અને રાગાદિ એ પર્યાયને જાણવું એ જ વ્યવહારનય છે. ત્રિકાળને જાણવું એ નિશ્ચય છે અને વર્તમાન પર્યાયને જાણવું એ વ્યવહાર છે. આ બે નયનું પ્રમાણજ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ ચારે કોર આ ગાથા આવે પહેલેથી ઉપાડી લે. ... કપુરભાઈ. .. એ આવ્યા હતા સવારમાં. કે ભાઈ જુઓ આ **'सुद्धो सुद्धादेसो णादव्वो'**. એ બધા આ ગાથાનો આધાર આપે, પછી એના ઓલા લખાણનો આપે આધાર. કઈ અપેક્ષા છે? ભાઈ! એને સમજ્યા વિના.. જેણે વ્યવહારને જૂઠો કરીને સ્થાપ્યો, એનો વ્યવહાર છે એટલું જણાવાનું કામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય, ઓછપ, રાગ એ નથી એમ કીધું હતું. મુખ્ય ઉપદેશ ઓલાનો આશ્રય કરવા માટે. ગૌણ કરીને નથી કહ્યું હતું. હવે જ્યારે ધર્મની દશા થઈ મુખ્યપણાનો આશ્રય લઈને, ત્યારે એની અવસ્થામાં અપૂર્ણતા રાગાદિ છે કે નહિ? એ પર્યાય છે કે નહિ? એ પર્યાય પૂર્ણ દ્રવ્યમાં ગરી ગઈ? સમજાણું કાંઈ? દાસ! ભારે વાતું. બધા આ દાખલા (આપે). નિષેધ કરવાયોગ્ય નથી. પર્યાય નથી? છે એમ જાણવું એનું નામ વ્યવહારનય છે. સમજાણું કાંઈ? આ **'તેથી તેનો ઉપદેશ છે એમ કહે છે.'** પાઠમાં એ છેને. **'अथ च केषांचित्कदाचित्सोऽपि प्रयोजनवान्।'** બસ, એટલું. માથે છે. હવે એનો ઉપદેશ પાઠમાં છેને?

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

નીચે હરિગીત.

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

આ વ્યવહારનો ઉપદેશ એમાં વાંધા. પણ ઉપદેશ છે એટલે શું અર્થ? એ ટીકાકારે બહુ સ્પષ્ટ કરી નાખ્યો છે. બહુ સ્પષ્ટ. ત્યાં વાંચ્યું હતું નહિ આ? ઈંદોરમાં. ત્યારે ઓલો ખુશી થઈ ગયો હતો હોં! કોલ્હાપુરવાળો ફૂલચંદજી. બંસીધરજી એનો ભાઈ ફૂલચંદજી. બંસીધરજી હતા. કોલ્હાપુરના હતાને. એક પંડિત હતા. ફૂલચંદજીના ભાઈ! .. હતા. (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે. .. તે દિ' તો આ રાજકુમારે પણ સરવાળો ઠીક કર્યો હતો. સારું ભાષણ

આપ્યું હતું. પણ આ વાત નહિ. અંદર મૂળ રીતે કઈ રીતે પકડમાં ન આવે ... જેવું થઈ જાય. એ બહુ સારી વાત કરી હતી રાજકુમારે. રાજકુમાર... સર હુકમીચંદના દીકરા. આ બંસીધરજીએ તો ઓહો..હો..! આવી વાત અમે કદી સાંભળી નથી. પોતે તત્ત્વાર્થસારના લખનારા. બંસીધરજી કોલ્હાપુરવાળા. ૨૦૧૩ની સાલ. અને પછી પંડિતો-બંડિતો.. આપણને તો મૂર્ખ ઠરાવે છે. બંસીધરજી હતાને ત્યાં .. ઈંદોરના. ભાઈ! એને વ્યવહારનો ગોટો થોડો ન સમજાણોને. તત્ત્વાર્થસારમાં પાઠ એવો આવ્યો છે થોડો. એટલે એમ થયું કે આ તો વ્યવહાર છે એ.. પ્રયોજન, નિશ્ચયની સાથે પર્યાય છે એવું પ્રમાણજ્ઞાનનું નિરંતર જોવું. બીજો અર્થ આનો કોઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક આવ્યા હતા ત્યાં. નસિયામાં ઉતર્યા હતા. ઈંદોરની છેને નસિયા, શેઠની. ત્યાં ઉતર્યા હતા. ત્યાં આવ્યા, પગે લાગ્યા. કોણ છો તમે કીધું. આમ લાગે ગરીબ જેવું ... એક આંખે આમ. દેખાવ એવો. હું બંસીધર. અમે અભિનંદન દેવા આવ્યા છીએ. ઓહો..! આ વ્યવહારની વ્યાખ્યા! ...

ધર્મી જીવને સ્વ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપનો આશ્રય કરતા જે ધર્મ થાય, થાય તે પર્યાય છે. ઓલું તો એકને જ .. એકને જાણવું એમ કહ્યું હતું શુદ્ધનય. હવે આ છે કે નહિ આ? એને ના પાડી હતી કે નથી. એ ગૌણ કરીને ના પાડી હતી. પ્રયોજન મુખ્યને આશ્રય કરાવવા, બતાવવા. સમજાણું કાંઈ? પર્યાય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી એને વ્યવહાર પર્યાય છે એને જાણવી જોઈએ. બસ, જાણવી જોઈએ એ પ્રયોજનવાન છે. પણ પાછી ટીકા તો એવી જાણેલો તે કાળે. બહુ રહસ્ય છે.

સમય સમયમાં જે સમયમાં જેટલી શુદ્ધિ થઈ અને જેટલી અશુદ્ધિ રહી એ સમયનું તે જ્ઞાન તેટલું કરવું. બીજે સમયે શુદ્ધતા અંશે વધેલી તે સમયે તે જ્ઞાન કરવું. તે તે કાળે તે તે જ્ઞાન કરવાનું પ્રયોજન છે, બસ આટલું. સમજાણું કાંઈ? ઝીણું બહુ પડે પણ ભાઈ! હવે આમાં કલકત્તામાં બધા વેપારમાં મશગુલ થઈ ગયા હોય, એને આ શું કહે છે? આ ધર્મના સાંભળનારા જાણનારને આ .. કહે છે. ભાઈ! બે અંશ છે કે નહિ? નય છેને? તો નય અંશને વિષય કરે, આખીનો વિષય ન કરે. શું કીધું એ? દ્રવ્ય અને પર્યાયનો બેનો વિષય કરે એ નય ન કહેવાય, એ તો પ્રમાણ કહેવાય. આખી ચીજને જાણે એ પ્રમાણ કહેવાય અને નય છે એ પ્રમાણનો અવયવ છે, અંશ છે. ભલે આખી ચીજને પકડી પણ એ એક અંશ છે. એક સમયનો અંશ પર્યાયમાં બાકી રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... કરે એ અંશ છે?

ઉત્તર :- અંશ છે. ભૂતાર્થ, સત્યાર્થ, અભેદ પણ એક અંશ છે. એય..! પંડિતજી! નય છે કે નહિ? નય છે તો અંશને જ વિષય કરે, ભલે અભેદ હો, પણ એક અંશ છે. પર્યાયનો ભેદ છોડીને એ પણ એક અંશ છે. અને ભેદ એક સમયનો પર્યાય એ પણ અંશ છે, ભલે

અનંત ગુણો હો, પણ છે એક અંશ. સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે એક નયે જ્યારે એમ કહ્યું કે આ જ સત્ છે અને પૂર્ણ છે ત્યારે એક અંશ હજી બીજો બાકી રહ્યો. ગૌણ કરીને નથી કહ્યો હતો એ અંશ બાકી રહ્યો એને જાણવો. એ રીતે જાણવો કે નહિ? એમ કહે છે. જે રીતનો તે પર્યાય છે, જે પ્રકારનો છે શુદ્ધ અને અશુદ્ધ, એક એક કરીને અનેક જે રીતે છે તે રીતે તેને જાણવો એ વ્યવહારનય એ અપેક્ષાએ તો સમ્યક્ છે. એ કાંઈ કુનય નથી. આહા..હા..! એય..! સુમનભાઈ! સમજાણું કાંઈ? એનો અર્થ કરીએ લ્યો. ગાથાર્થ લઈએ. છે એમાં.

**'ગાથાર્થ :–'** **'परमभावदर्शिभिः'** જે શુદ્ધનય સુધી પહોંચીને શ્રદ્ધાવાન થયા અને પૂર્ણ જ્ઞાન-ચારિત્રવંત થઈ ગયા તેમને તો શુદ્ધનો ઉપદેશ કરનાર. ઉપદેશ કરવો એટલે શું ત્યાં? કહો. એટલે શુદ્ધનો જ એને અનુભવ છે. આ તો શુદ્ધનો ઉપદેશ કરવો એટલે શું પણ? અનુભવમાં પડ્યા એને શુદ્ધનો ઉપદેશ કરવો એમ છે? આ **'परमभावदर्शिभिः'** લ્યો! જેને શુદ્ધાદેશ. લ્યો! એને આત્માનો આજ્ઞા કરનાર, ઉપદેશ કરનાર, શુદ્ધનય જાણવો. એટલે શું? એટલે શું? કે જે કોઈ ભગવાન આત્મા એકરૂપ અભેદનો અનુભવ કરે છે, નિર્વિકલ્પમાં પડ્યો છે, કાં નિર્વિકલ્પતા પૂર્ણ થઈ ગઈ છે અને કાં વર્તમાનમાં નિર્વિકલ્પના અનુભવમાં પડ્યો છે એને પર્યાયનું લક્ષ છે નહિ. એવો જેને અનુભવ હોય છે એને ઉપદેશ કરવો એટલે આ જાતનો એનો ભાવ છે એમ કહે છે. આહા..હા..! એવું વ્યવહારમાં આવ્યું નીકળશે એમાં. સમજાણું કાંઈ?

શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા. હવે ભાઈ શુદ્ધનય સુધી પહોંચી એટલે શુદ્ધનય તો પહોંચ્યો એ તો સમકિત પહોંચે એ શુદ્ધનયને પહોંચ્યો છે, પણ એની પર્યાયમાં જ્યાં સુધી પૂર્ણ આશ્રય ન થાય, પર્યાય પૂર્ણ આશ્રય ન લે ત્યાં સુધી શુદ્ધનય પહોંચ્યો, પર્યાયમાં એની પર્યાય પૂર્ણ નથી એટલે પહોંચ્યો નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો ૧૭મી વાર વંચાય છે. એકેય શબ્દ જવા ન દેવાય. શુદ્ધનય સુધી પહોંચી એટલે શ્રદ્ધાવાન થયા. એનો અર્થ કે એને હવે આશ્રય કરવાનું રહ્યું નથી. અંદર અનુભવમાં પડ્યો છે, કાં વીતરાગ થઈ ગયો છે. એને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શ્રદ્ધા અને ચારિત્રવાન. શ્રદ્ધાવાન થયા ત્યાં પૂર્ણ શબ્દ વાપર્યો નથી. શુદ્ધનય સુધી પહોંચ્યા.. પૂર્ણ જ્ઞાન અને ચારિત્રવંત થઈ ગયા એમ કીધું. જ્ઞાન પણ પૂર્ણ થઈ ગયું અને ચારિત્ર પણ પૂર્ણ થઈ ગયું. સ્વરૂપની રમણતા પૂરી થઈ તેરમે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યે નિર્વિકલ્પ અનુભવ સાતમે...

**'તેમને તો શુદ્ધનો ઉપદેશ...'** એટલે કે, ઉપદેશ એટલે કે એને શુદ્ધનું વાચ્ય જે અનુભવ એમાં છે. એને કોઈ શુદ્ધનો ઉપદેશ કરવો કે વ્યવહાર જાણવો એવું રહ્યું નથી. સમજાણું કાંઈ? ઝીણું પડે પણ હવે, હવે ૩૭-૩૭ વર્ષ થયા અહીં. અને સાંભળનારાને પણ ઘણા

વખતથી સાંભળે છે કે નહિ? એય..! મોહનભાઈ! પાછળથી ભલે આવ્યા હોય મોહનભાઈ, પહેલાં તો ક્યાં હતા. આહા..હા..! તમે તો બહુ પાછળથી હમણા આવ્યા છો. આહા..હા..! .. સમજનાર પામી જાય કેવો? વાણી સ્વતંત્ર છે ત્યાં ક્યાં આમાં કોઈનો આશ્રય છે? આહા..હા..! અનુમોદન કરવાલાયક છે એમાં શું છે? એમાં કાંઈ હિંસા છે એમાં? આહા..હા..!

કહે છે, જે કોઈ શુદ્ધનય સુધી પહોંચી એટલે કે દ્રવ્યનો આશ્રય કરીને શ્રદ્ધાવાન થયા. હવે દ્રવ્યનો આશ્રય કરીને પૂર્ણ જ્ઞાન થયું અને પૂર્ણ સ્વરૂપની રમણતા થઈ ગઈ. એમને તો શુદ્ધનો ઉપદેશ એટલે શુદ્ધની આજ્ઞા જે હતી અનુભવમાં પૂર્ણ થવું એ અનુભવ થઈ ગયો બસ. એનું નામ આજ્ઞા કહેવામાં આવે છે. એને શુદ્ધનય જાણવાયોગ્ય છે. એટલે કે એ અનુભવમાં પડ્યો છે એને તો શુદ્ધનય જ અનુભવે છે. એને કાંઈ પર્યાય ઉપર લક્ષ છે નહિ, ભેદ ઉપર લક્ષ છે નહિ. સમજાણું કાંઈ?

**'વળી જે જીવો અપરમભાવે...'** શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં. અપરમભાવ એટલે પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા. એટલે કે વર્તમાન પર્યાયમાં પૂર્ણતા જેને પ્રગટ થઈ નથી. નિર્વિકલ્પતા જેને આવી નથી હજી એ સવિકલ્પ અવસ્થામાં વર્તે છે કાં અપૂર્ણ અવસ્થામાં વર્તે છે. **'શ્રદ્ધા ને જ્ઞાન ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા.'** સમજાણું? શ્રદ્ધાને તો પહોંચી ગયો છે, પણ એની સાથે જ્ઞાન અને ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચ્યો એમ પાછું. વળી શ્રદ્ધાને પૂર્ણ તો ક્ષાયિક થતાં શ્રદ્ધા તો પૂર્ણ થઈ જાય છે, પણ એની સાથે... ઓલામાં ફેર પાડ્યો હતો. શ્રદ્ધાવાન થયા અને પૂર્ણ જ્ઞાન-ચારિત્ર થઈ જાય એમ કીધું. અહીં શ્રદ્ધા અને જ્ઞાન ચારિત્રમાં પૂર્ણ ભાવને નથી પામ્યા. એટલે સર્વજ્ઞનું સમકિત પણ પરમ અવગાઢ છે. છે તો એ. સમજાણું કાંઈ? એવી પરમ અવગાઢ શ્રદ્ધા અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ ચારિત્રને પામ્યા નથી, પહોંચી શક્યા નથી, સાધક અવસ્થામાં હજી પૂર્ણને પામવાના સાધકદશામાં સ્વનો આશ્રય લઈને વર્તમાન દશામાં પૂર્ણતા જેને નથી, સાધક અવસ્થામાં સ્થિત છે. **'તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.'** જેમ ઓલાને કીધું કે વ્યવહાર-નિશ્ચયનો ઉપદેશ દેવો એનો અર્થ કે નિશ્ચયનો અનુભવ કરે છે. એમ અહીં ઉપદેશ દેવો એટલે કે જે છે તેને જાણવું. પર્યાય જેટલી હીણી આદિ છે અને શુદ્ધતા પ્રગટી કે અશુદ્ધતા છે એને જાણવું એનું નામ ઉપદેશ દેવો. નહિતર બેયમાં ઉપદેશ ઉપદેશની વ્યાખ્યા છે. ઓલામાં શુદ્ધાદેશ છે. છેને? અહીં વ્યવહારદેશિદા છે. ભાઈ! ત્યાં શુદ્ધાદેશ છે અહીં વ્યવહારદેશિદા છે. બેય અર્થ એ છે. ઓલાને શુદ્ધનો એકલો અનુભવ છે એને અપૂર્ણતા નથી અને અહીં અપૂર્ણતા છે અને જ્ઞાનની દશા હીણી છે શ્રદ્ધા આદિ ચારિત્રની એને ઉપદેશ એટલે તે કાળે તે પ્રકારનું છે એવું જ્ઞાન કરવું, એનું નામ વ્યવહારનો ઉપદેશ કહેવામાં આવે છે. વિશેષ કહેવામાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૩, સોમવાર, તા. ૨૦-૧૨-૧૯૭૧
## ગાથા-૧૨, પ્રવચન-૪૫

આ સમયસાર, ૧૨મી ગાથા. ફરીને એનો ગાથાર્થ. આ મોટો તકરારી છેને. ગાથામાંથી કાઢે છેને બધા? એને માટે ફરીને વધારે (લઈએ છીએ).

'**ગાથાર્થ :-**' '**परमभावदर्शिभिः**' અહીં છેને? '**परमभावदर्शिभिः**' '**परमभावदर्शिभिः**' એટલે કે જેને પૂર્ણ નિર્વિકલ્પતા અને પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું એ પરમભાવદર્શી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની અહીં વાત ક્યાં છે? એ બીજું. પરમભાવ પૂર્ણ થઈ ગયો પર્યાયમાં એ. એ જુદી વસ્તુ. અહીં નહિ. ચેતનજી!

'**परमभावदर्शिभिः**' પર્યાયની વાત છે અહીં. પરમભાવ પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન થઈ ગયું. અમૃતચંદ્રાચાર્યની શૈલીમાં તો કેવળજ્ઞાન છે. એ તો જયસેનાચાર્યમાં... આત્મા પોતાના સ્વભાવનો આશ્રય કરીને એનું પૂર્ણ રૂપ પ્રગટ્યું એને પરમભાવ દેખનાર એ શુદ્ધનયનો અનુભવ કરનાર. તે પછી અર્થમાં લેશે કે શુદ્ધનય સુધી, શુદ્ધનય સુધી. આમ તો શુદ્ધનય દ્રવ્યાર્થિક દ્રવ્ય ત્રિકાળ છે, પણ એનો આશ્રય કરવો જ્યાં બંધ થયો અને પૂર્ણ દશા થઈ ત્યાં શુદ્ધનય પહોંચી ગયો એમ કહેવામાં આવે છે. શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા. શ્રદ્ધાવાન તો થયા. એમ પૂર્ણ જ્ઞાન, ચારિત્રવાન થઈ ગયા. તેમને તો—પરમભાવ દેખનારને તો—અંતરમાં પૂર્ણ અનુભવ થનાર જીવને તો, '**શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર શુદ્ધનય...**' શુદ્ધને જણાવનાર એવી શુદ્ધનય એ '**જાણવાયોગ્ય છે;...**' આમાં વાંધો નથી. વાંધો તો બીજામાં આવે છે. જેઠાભાઈ! એ શુદ્ધ આત્માને શુદ્ધનય, શુદ્ધ આત્માને શુદ્ધનય જાણવાયોગ્ય છે એટલે કે શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદની દશા થઈ ગઈ એને તો પછી કોઈ અધૂરો આશ્રય કરવો બાકી, પર્યાયમાં અપૂર્ણતા એ કાંઈ રહેતી નથી.

'**વળી...**' બીજો નય બતાવે છે. વળી છેને? એક કીધી એક નય. '**જે જીવો અપરમભાવે...**' એટલે કે નીચલી દશામાં છે, પરમભાવમાં નથી, પરમ ઉત્કૃષ્ટ જે અનુભવદશા, પરમ સર્વજ્ઞપદ કેવળજ્ઞાન દશા જ્યાં નથી ત્યાં એ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પૂર્ણભાવને નથી પહોંચી શક્યો. તેની પર્યાયમાં પૂર્ણ ભાવની પ્રાપ્તિ હજી એને નથી. સાધક અવસ્થામાં જ

સ્થિત છે. અપરમભાવ, એ અપરમભાવ એ પર્યાય છે અપૂર્ણ અને અશુદ્ધ. સમજાણું કાંઈ? ઓલી પરમભાવદર્શીમાં શુદ્ધ પૂર્ણ પર્યાય છે. પૂર્ણ થઈ ગયા એને તો શુદ્ધ જ છે એને જાણવું એટલે અનુભવવું એ જ છે ત્યાં. હવે આ ગાથામાં બીજા પદમાં ઘણા વાંધા કાઢે છે. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબરના માણસો આ બીજા બોલમાંથી (વાંધા કાઢે છે). કહો, પંડિતજી!

હવે '**અપરમભાવે...**' પૂર્ણ દશાની પર્યાયની પ્રાપ્તિ જ્યાં નથી એવા સાધક અવસ્થામાં છે. ત્યાં ઓલામાં એમ કહ્યું સાધ્ય પૂર્ણ દશા થઈ ગઈ છે, પૂરી થઈ ગઈ. પહેલી દશા કેવળજ્ઞાન આદિ પૂર્ણ દશા થઈ ગઈ, હવે એને બીજું કાંઈ રહ્યું (નહિ), એ તો જાણવાયોગ્ય જ રહ્યું છે એકલું. હવે જેને '**સાધક અવસ્થામાં સ્થિત છે તેઓ...**' '**व्यवहारदेशिताः**' વ્યવહાર દ્વારા જાણવાયોગ્ય છે, વ્યવહારનય એને જાણવાયોગ્ય છે એમ કહે છે. વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? ઉપદેશ કરવાયોગ્ય છે એ તો આદેશિતાનો અર્થ કર્યો છે, પણ એ તો કથન શબ્દ છે, પણ એનું વાચ્ય? વ્યવહારનયને પર્યાય અપૂર્ણ છે એને વ્યવહારનયે જાણવાલાયક છે. સમજાણું કાંઈ? આદરવાલાયક છે એમ અહીં નથી. જાણવાલાયક પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? જે હોય તે આમાંથી કાઢે. જુઓ, નીચલી દશામાં તો વ્યવહારનો જ ઉપદેશ કરવો. એ તો પૂર્ણ હોય એને આ શુદ્ધનય. પણ એને ઉપદેશ કરવો છે ક્યાં? પૂર્ણ થઈ ગયા પછી તો ખલાસ થઈ ગયો. એ તો વાત કરી, પૂર્ણ થઈ ગયા એ જાણવામાં, અનુભવમાં, આનંદમાં છે. એને કાંઈ પર્યાય અપૂર્ણ છે એ જાણવું છે નહિ. પણ નીચલી દશાવાળા... કારણ કે ૧૧મી ગાથામાં તો એકલો ભૂતાર્થ જ્યાં વર્ણવ્યો, ત્રિકાળ તે સત્ય છે એમ કહ્યું, ત્યારે હવે પર્યાયને ગૌણ કરીને ત્યાં અસત્ય કીધી હતી તો એ છે કે નહિ? સાધકદશામાં પૂર્ણ સાધ્ય પ્રગટ થયું નથી ત્યાં આગળ એની દશામાં ચોથે, પાંચમે, છઠ્ઠે વગેરે પર્યાયમાં અપૂર્ણતા છે અને રાગનો અંશ પણ છે. એ એક-એક શુદ્ધતાનો અંશ અને રાગનો અંશ એને જાણવું એ વ્યવહારનય જાણેલો પ્રયોજવાન છે. વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? નીચલાવાળાને વ્યવહાર આદરવો અને વ્યવહાર કરવો (એમ નથી કહેવું).

મુમુક્ષુ :- વ્યવહાર કરવો એટલે લાભ કરવો.

ઉત્તર :- એમ હોય જ નહિ. કહો, વજુભાઈ! આ મોટી તકરારી ગાથા છે. ગાથા તકરારી છે? વાંધા આમાંથી ઉઠાડે છે પહેલેથી. સ્થાનકવાસી લાવે તો આ ગાથા, દેરાવાસી લાવે તો આ, દિગંબર લાવે તો આ. દેખો! આમાં વ્યવહાર કહ્યો છે. નીચલાવાળાને તો વ્યવહાર જ આદરવાલાયક છે, વ્યવહાર જ પ્રયોજનવાન છે. પણ ઈ અહીં છે જ નહિ. આહા..હા..! નીચલી દરજ્જાવાળાએ આત્માનો આશ્રય લીધો છે, પણ પૂર્ણ આશ્રય થયો નથી અને વર્તમાન પર્યાયમાં અપૂર્ણતા શુદ્ધ ઓછું અને રાગાદિ ભાગ છે એ અશુદ્ધ દ્રવ્યને, એ અશુદ્ધતા થઈ

ગઈ. આની કોર જ્યારે શુદ્ધ પૂર્ણ થઈ ગયું, ત્યારે આ બાજુમાં એને અશુદ્ધ કહેવામાં આવે છે. વર્તમાન પર્યાયમાં અશુદ્ધતાનો ભાગ છે અને શુદ્ધતાના અંશનો ભેદ છે (એ) બેયને અશુદ્ધ કહેવામાં આવે છે. એની સામે. સમજાણું કાંઈ?

એ કહ્યું છે એક ફેરી કે વ્યવહારનયને મલિન કીધી છે. મેચક. અશુદ્ધ કીધી છે. આ અપેક્ષાએ હોં! આમ પોતાના ઘરના અર્થ કરે એ વસ્તુની જે સ્થિતિ છે તેમ એનો ભાવ હોવો જોઈએને. આ સ્થિતિ છે એવું જ વર્ણન આચાર્યે કર્યું છે. સમજાણું કાંઈ? નીચલા દરજ્જાવાળાને ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે એ ઉપાદેય, આદરણીય છે, પણ એની પર્યાયમાં જેટલી ઓછપ છે શુદ્ધતાની અને અશુદ્ધતાનો અંશ જે છે એ એક એક પર્યાયની અનેકતા, આ જ્યારે એકરૂપ છે, શુદ્ધનય એકરૂપ થઈ ગઈ છે એટલે એને એક કહી છે. એનો વિષય એક છે એ વળી જુદું. શુદ્ધનયનો વિષય અભેદ એક છે એ જુદી વાત, પણ અહીં તો શુદ્ધનયનો વિષય પર્યાયમાં પણ એકરૂપતા, અભેદતા તદ્દન શુદ્ધતા થઈ ગઈ છે. આવી ભારે વાત! ચોપડાના નામામાં અમારે મહેનત કાંઈ નહિ અને આ મોટી... એ વસ્તુની સ્થિતિ ન જાણે એને તો બધું આકરું અને .. લાગે, વસ્તુસ્થિતિ જ આવી છે જ્યાં.

એકદમ જ્યાં ભગવાન આત્મા પોતાનું પરમસ્વરૂપ ત્રિકાળી એનો આશ્રય લઈને પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ ગઈ, હવે એને કાંઈ પર્યાયની અપૂર્ણતા (રહી નહિ). પર્યાયમાં અનેકતા, વિવિધતા રહી નહિ, ત્યાં તો એકતા થઈ ગઈ. સમજાણું કાંઈ? હવે જેને નીચે, સ્વરૂપ એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ એનો જ્યાં આશ્રય લીધો છે એથી શુદ્ધતા પ્રગટ થઈ છે, પણ હજી શુદ્ધતા પૂર્ણ થઈ નથી. અપરમભાવે છે. નીચલા ભાવમાં એ વર્તે છે. છેને? '**स्थिताः**' અપરમ પર્યાયમાં સ્થિત છે. ઓલો પરમભાવમાં પરમ પર્યાયમાં સ્થિત થઈ ગયેલ છે. આ અપરમભાવમાં એટલે નીચલા દરજ્જામાં અપૂર્ણ અવસ્થામાં જે સ્થિત છે. સમજાણું કાંઈ? '**તેઓ વ્યવહાર દ્વારા...**' એટલે '**व्यवहारदेशिताः**' એને વ્યવહારનયે જાણવાલાયક છે અથવા વ્યવહારનયે જણાઈ જાય છે. સમજાણું કાંઈ? આ ભારે! આહા..હા..!

માણસને પોતાની વાત માનેલી હોય છેને એ રીતે શાસ્ત્રના પણ અર્થ કરે. શાસ્ત્ર શું કહે છે તે તરફ દૃષ્ટિ રાખીને એનું વલણ કરે તો તો સત્ય હાથ આવે. આ તો આમ અમને લાગે છે, અમને આમ એનો અર્થ છે માટે એની કોર શાસ્ત્રના અર્થ કરવા. સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! આમાં મોટા વાંધા છે આ બીજી ગાથામાં, બીજા પદમાં. ચારે કોરથી. વ્યવહાર આમ કરવો. વર્ણીજીએ એમ લખ્યું છે કે વ્યવહાર કરવાયોગ્ય છે, ત્યાં સુધી વ્યવહાર કરવો. વ્યવહારમાં આમ છે. અરે..! ક્યાં એ વાત છે? એના ઉપદેશમાં જ્યારે કથન બીજું આવે વ્યવહારનયનું જુદું. અહીં એ વાત નથી. સમજાણું કાંઈ? અર્થમાં કાઢશે જરી જયચંદ્ર પંડિત. એક અર્થ આનો લઈ અને પછી બીજો અર્થ સમકિત પહેલાં આમ એમ કાઢશે. એ

આમાં છે નહિ કાંઈ.

અહીં તો જે ભગવાન આત્મા પૂર્ણ દ્રવ્યસ્વભાવ અભેદની દૃષ્ટિ કરી એને ભૂતાર્થપણું અને સત્યાર્થપણું એક જ હાથ લાગ્યું. ત્રિકાળ આ છે એ. હવે એની પર્યાયમાં હજી પૂર્ણતા પ્રગટ થઈ નથી એને શું કરવું? પૂર્ણ થઈ ગઈ એને તો કાંઈ વ્યવહાર છે નહિ. એને ભેદ નથી, અશુદ્ધતા નથી, શુદ્ધતાના એક-એક અંશો વધે એવું પણ અનેકપણું નથી. સમજાણું કાંઈ? ત્યાં તો એકરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ સર્વજ્ઞપદે કેવળજ્ઞાન (થઈ ગયું) ત્યાં તો એકરૂપતા પર્યાયમાં એકરૂપતા, શુદ્ધતા પૂર્ણ થઈ ગઈ, હવે એને વ્યવહાર રહ્યો નહિ. ત્યારે વ્યવહાર છે કોને? સાધકમાં અપરમભાવમાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં રહ્યો નથી, ઉત્કૃષ્ટિ સ્થિતિ જેની થઈ નથી એવા અપરમભાવમાં સ્થિત છે, રહેલ છે એને વ્યવહાર જાણવાલાયક છે. એને વ્યવહારનયથી જાણવાલાયક છે અથવા વ્યવહારનય એનું જે જ્ઞાન છે પરપ્રકાશક, એ નયમાં, એ જ્ઞાનમાં આ શું છે એવું જણાઈ જાય છે. સમજાય છે કાંઈ? ભારે!

આમાંથી કાઢી દઈએ એમ કહે છે. ૧૨મી ગાથામાંથી કાઢી દઈએ. કોણ કહેતું હતું... .. આ ભાઈ ... એટલું. ... એ.. બે ગાથા કરે છે—એક આ. એક 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન'. દેવજીભાઈ એમ કહેતા હતા. આ કાનાતળાવવાળા આવતા હતા ત્યારે. એ સાંભળવા ગયો ત્યાં આ બોલ્યા. ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં. પણ આ અટકે ત્યાગ વૈરાગ્યમાં એ તો પાછો બીજી કડીનો અર્થ લીધો નહિ. કણબી આ નથી? દેવશીભાઈ હુશિયાર છે હોં! અમે આવ્યા હતા. કણબી છે. એ સાંભળવા ગયા તો આ વાત લીધી. પણ આ બીજું પદ છે એની વાત? 'અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.' એ અર્થ ન કર્યો. આહા..હા..! દેવજીભાઈ જેવા કણબી બહુ હુશિયાર માણસ છે. ઘણાં ધર્મમાં એ ઘણાના પરિચય છે. ... .... એને અહીં છેને. પહેલા અહીં .. ૫૦ હજારની ઊપજ છે. .. અને ઘણો નિવૃત્તિવાળો એમ. અમુક વખતે એ કામ (કરે). બાકી વાંચન અને મનન બસ. હવે તો મંદિરમાં ભજન કરે, ભક્તિ કરે. આ વસ્તુ. ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં એ પણ ત્યાગ તો આ કહેવો છે હોં! આમ ત્યાગ કરવો, આ ત્યાગ. એ પણ વાત ક્યાં છે? આ તો ચિત્તમાં ત્યાગ વૈરાગ્યની એની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' છે ત્યાં તો. એને ઠેકાણે આ બાહ્યનો ત્યાગ. આ બાહ્યના ત્યાગ વિના સમ્યગ્દર્શન ન થાય? સમજાણું કાંઈ? એવા અર્થ કરે. ઓલા પણ એમ કહે છેને, રતનચંદજી. બહારનો સંયમ વિના આસ્રવનો અંતરથી ત્યાગ .. કર્યા વિના એને સમ્યગ્જ્ઞાન કહેવાય નહિ. આહા..હા..! શું કરે?

ભાઈ! આ તો વસ્તુ એવી છે કે એક સમયમાં સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવના ભાવથી ભરેલો જ્ઞાયકભાવવાળો પ્રભુ, એને અંતર દૃષ્ટિમાં લેવો ત્યારે તેને પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન

અને ચારિત્રનો અંશ પ્રગટ થાય. એ ચર્ચા ચાલી હતી. કેવળજ્ઞાન ગુણ છે, પર્યાય નહિ. ઓલા કહે, શ્રદ્ધાગુણ કીધો, સમકિત પર્યાય છે અને શ્રદ્ધા ગુણ છે. જુગલકિશોર. યુવાન માણસ છે બહુ, એની છટા બહુ એવી છે ... એટલે એણે લેખ લખ્યો છેને. એની સામે વિરોધ કર્યો છે. .. છેને ઓલો? .... આમ છે ને તેમ છે ને ફલાણું છે. આહા..હા..! વ્યવહારનો વિરોધ કરે છે. અહીંયાં આ કહે છે, ભાઈ! વસ્તુ આ છે બાપુ! એક જે અખંડ અભેદ છે એનો આશ્રય કરતાં એને સમ્યક્તા, સત્યતા સાચું હાથ લાગ્યું માટે એને સાચી દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા..!

હવે એ દૃષ્ટિ થવા છતાં જેવો પૂર્ણ સ્વભાવ છે એવું વળવાનું જ્યાં રહ્યું નથી, પૂર્ણ પર્યાયમાં પણ થઈ ગયું એને વ્યવહાર હોતો નથી. સમજાણું કાંઈ? હવે વ્યવહાર હોય એને શું? કે જે નીચલા દરજ્જામાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની હીણી પર્યાયમાં વર્તે છે... એ આવે છેને? આસ્રવ (અધિકારમાં) નથી આવતું? ૧૭૦ ગાથામાં એ આવે છે. છેને. જઘન્ય ન હોય ... આવે છે. એને અંદરમાં જ્યાં સુધી જઘન્ય એટલે નીચલા દરજ્જાનું જ્ઞાન અને ચારિત્રનું પરિણમન છે એને તે પરિણમન જાણવાલાયક છે. ઓલાને પૂર્ણ જાણવાલાયક થયું ત્યારે આને અપૂર્ણ જાણવાલાયક વ્યવહારનય છે, બસ આટલી વાત. આ સિવાય એમાં બીજો કોઈ અર્થ છે નહિ. સમજાણું કાંઈ?

**'તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.'** એથી આ પંડિત ત્યાં ઓલા નાયવો હતોને નાયવો? એ ઉપરથી જરી પ્રશ્ન ઉઠ્યો હતો. નાયવો આમાં કેમ મેળવ્યો નહિ? પણ એ તો વ્યવહારદેશિદામાં આવ્યું. ઓલામાં તો દેશિદો કહ્યું હતું. આ દેશિદા. વ્યવહાર દ્વારા જણાવાલાયક છે. વ્યવહાર દ્વારા જાણવા લાયક છે. આ મોટા વાંધા જેઠાભાઈ! આહા..હા..! ઉપદેશ કરવાલાયકનો અર્થ આ છે. શાસ્ત્રમાં તો ન આવ્યું બધું પહેલું કે 'બંધ કથા એ તે વિસંવાદી..' લ્યો! બંધકથા વિખવાદ છે. બંધ કથા એ વિખવાદ છે? ભગવાન આત્મા એક સ્વરૂપે એને અબંધ સ્વભાવીને રાગનો સંબંધનો બંધ કહેવો એ વિખવાદ ખડો થાય છે. આમ શબ્દ તો એ છે બંધકથા. એકત્વમાં બંધ કથા તે વિસંવાદ નામ વિપરીત ભાવ ખડો થાય છે. ત્યાં પાઠ તો કથા છે. અહીંયાં દેશિદા છે. એ શબ્દ છે. કથા છે. સમજાણું કાંઈ? પંડિતજી! આવા અર્થ શબ્દના ગોટા ઉઠે છે.

અહીં તો પૂર્ણ પર્યાય પ્રાપ્ત છે એને શુદ્ધનય જાણવા જેવી છે. અપૂર્ણ છે તેને અપૂર્ણપણું બીજું એક પડખું રહી ગયું હતું. ત્યાં તો પૂર્ણ થઈ ગયું. અને ૧૧માં ભૂતાર્થનો આશ્રય કરતાં નિશ્ચય તો હતો. હવે ભૂતાર્થનો આશ્રય કર્યો, પણ પર્યાયમાં અપૂર્ણતા હવે રહી છે કે નહિ? કે ત્યાં પણ પૂરી થઈ ગઈ? ત્રિકાળનો આશ્રય લેતા પર્યાય પૂર્ણ થઈ ગઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એ થઈ નથી એને અહીં બતાવે છે. બસ. સમજાણું કાંઈ? આહા..હા..!

જાણેલો, તે કાળે જાણેલો. તે તે સમયની દશા અને તે તે સમયની વિકલ્પની વૃત્તિ તે તે કાળે તે જ જ્ઞાનની પર્યાયનું એટલું જ અસ્તિત્વ છે કે તેને, સ્વને અને આને જાણે એવો જ એનો પર્યાય સ્વપરપ્રકાશક ઊભો થાય છે. એને આ જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. આટલી વસ્તુની સ્થિતિ તો આ છે. હવે કચરડી-મચરડીને કાઢવું હોય એને (ઊંધું કાઢે). કહો, આ શબ્દાર્થ કર્યા. સમજાણું કાંઈ? ખ્યાલ રહે કે ભાઈ આ ગાથાનો અર્થ બીજો કરે છેને? બીજો કરે એ મેળ નહિ ખાય. સમજાણું કાંઈ? વ્યવહાર કરવાલાયક છે એ અહીં ન હોય. વ્યવહારનયના ગ્રંથમાં આવે, આવે ત્યાં કરવું એમ (આવે). પણ એનો અર્થ તો એ છે કે કરવું એટલે કે હોય છે એને જાણવું. સમજાણું? ઉપદેશ એવો આવે, વ્રત પાળવા, એના અતિચાર પાળવા, અનાચાર ન થવા દેવો, આમ કરવું હવે એ બધો છે રાગ, વિકલ્પની વાતું. પણ એને કેવો પ્રકાર હોય છે અને ક્યાં આગળ વ્યવહારથી કરે, આમ ટાળે, આમ રાખે એમ બધું આવે. સમજાણું કાંઈ? પણ એનો અર્થ તો એ જ છે નિશ્ચયથી તો. વ્યવહારથી એમ કથન કરવામાં આવ્યું છે. પણ નિશ્ચયથી તો એ વ્યવહાર જેવો ત્યાં છે તેને જાણવાલાયક છે એક જ વાત છે. કરવાલાયક છે અને આદરવાલાયક છે અને એ આદરે તો પ્રયોજનવાન વ્યવહારનય થઈ કહેવાય એમ છે નહિ. લ્યો!

'**ટીકા :- જે પુરુષો છેલ્લા પાકથી...**' પહેલા પદનો અર્થ કરે છે. '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**' એની વ્યાખ્યા કરે છે ટીકા. '**જે પુરુષો...**' એટલે આત્મા. એ પુરુષ જ કેવળજ્ઞાનને પામે છેને. કાંઈ સ્ત્રીનો દેહ તો પામતો નથી. અહીં.. '**છેલ્લા પાકથી ઉતરેલા શુદ્ધ સુવર્ણ...**' ઓલાએ વળી એવો અર્થ કર્યો છે. નીચલા પાકવાળાને તાપ દેવો. ઉપલાવાળાને પૂર્ણ થઈ ગયું છે. નીચલાવાળાએ પાક કરવો. ... પુસ્તકમાં છે. દેવાની અહીં વાત જ નથી. અહીં તો સોળવલું જ્યાં સોનું થઈ ગયું, '**છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન (વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે...**' દેખો! ધ્યાન કરતાં-કરતાં ધ્યાનાગ્નીને દ્રવ્યમાં એકાકાર કરતાં જ્યાં ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ થઈ ગયો. '**સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે...**' ઉત્કૃષ્ટ ભાવને એટલે પર્યાયને, પૂર્ણ દશાને અનુભવે એમ. ઉત્કૃષ્ટ ભાવ એટલે આ દ્રવ્ય-ગુણને એમ નહિ. સમજાણું કાંઈ?

કારણ કે '**છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન...**' એકાગ્ર થતાં... થતાં... થતા... છેલ્લી અવસ્થા (આવી). '**(વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન...**' પહેલી એકાગ્રતા સમ્યગ્દર્શનની, પછી ચારિત્રની વગેરે-વગેરે. એવી જે પ્રથમ, દ્વિતિય આદિ અનેક પાક સોનાનો. એવી '**પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન...**' દેખો! અહીં તો ઓલાને શુદ્ધ સુવર્ણ કહ્યું અને આને અશુદ્ધ

કહ્યું, આને શુદ્ધ કહે છે અને ઓલી પર્યાયને અશુદ્ધ કહેશે. સમજાણું કાંઈ? ભેદ છેને? '**પ્રથમ...**' અગ્નિ આપે છે આમ. બીજું આમ.. કરતાં-કરતાં '**અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ...**' એટલે અનુત્કૃષ્ટ એટલે ઉત્કૃષ્ટ ભાવ નથી એમ. ઉત્કૃષ્ટ ભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એનો અર્થ? જઘન્ય ભાવ પણ નથી અને ઉત્કૃષ્ટ ભાવ પણ નથી. જઘન્ય ભાવ તો સમ્યગ્દર્શન થયું ત્યારથી જઘન્ય ભાવ તો આવી ગયો એક જ સમય પહેલા. પછી વધતો જાય છે. સમજાણું કાંઈ?

અશુદ્ધ અનુત્કૃષ્ટ ભાવ એમ લીધુંને? એમ. ઉત્કૃષ્ટ નથી તે જઘન્યભાવને અનુભવે છે એમ નહિ. જઘન્યભાવ તો એક સમયની પર્યાય ત્યાં જઘન્ય થઈ ગઈ હતી પહેલે સમયે. બીજે સમયે મધ્યમ થઈ ગયું. સમજાણું કાંઈ? શું કીધું ઈ? જઘન્ય શું કીધું અહીં? જઘન્ય નથી કીધું એનું કારણ શું? કે એક સમય અખંડ આનંદ સ્વરૂપનો આશ્રય થયો તો પહેલે સમયે જઘન્ય ભાવ તો તે સમયે ઉત્પન્ન થઈ ગયો. હવે એને અસંખ્ય સમય તો ગયા એમાં. હવે એમાં વૃદ્ધિ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? એટલે જેને જઘન્ય અનુભવ નથી, જઘન્યથી આઘો ગયો છે, ઉત્કૃષ્ટ નથી, ઉત્કૃષ્ટ થયો નથી. સમજાણું કાંઈ? મધ્યમ ભાવ તેનો અનુભવ નથી હોતો. એને નીચલી દરજ્જાનું સોનું એને હોતું નથી. તેથી અશુદ્ધ સુવર્ણ સમાન કીધુંને? એમ આત્માને પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ અને જઘન્ય ભાવથી આગળ વધ્યો છે સમયે સમયે શુદ્ધતામાં અને પૂર્ણ ભાવને પ્રાપ્ત થયો નથી એટલે મધ્યમ દશામાં વર્તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા શાસ્ત્રના અર્થ ને આ બધું. ઓલું એ કરતા તો વ્રતને પાળો, અપવાસ કરો જાવ થઈ રહ્યું.

મુમુક્ષુ :- .. બરબાદ થઈ ગયા.

ઉત્તર :- બરબાદ થઈ ગયા? આ બધી મહેનત કરી હતી અત્યાર સુધી શું? આહા..હા..! ભાઈ! તારી જાત જ્યાં ભાનમાં ન આવે ત્યાં સુધી વસ્તુ શું? આહા..હા..! ચૈતન્યપ્રભુ પૂર્ણ આનંદનો નાથ એ સ્પર્શમાં ન આવે... સમજાય છે? ત્યાં સુધી જઘન્ય ધર્મ પણ ત્યાં નથી. સમજાણું કાંઈ? ત્યાં તો ઊલટો અધર્મ છે. આહા..હા..! હવે અહીંયાં શાંતિનો અંશ તો પ્રગટ્યો કહે છે, સ્વનો આશ્રય કરતાં, પહેલે સમયે અને અંતર્મુહૂર્ત રહે છે ત્યાં અસંખ્ય સમય થઈ ગયા. એ અંતર્મુહૂર્ત થયાનો વિકલ્પ ભલે બહાર આવ્યો ત્યાં એ મધ્યમ દશામાં છે એ તો. સમજાણું કાંઈ? ત્યાંથી તે જ્યાં સુધી પૂર્ણ દશા ન થાય એ બધી વચલી દશામાં મધ્યમ દશા છે. સમજાણું કાંઈ?

'**અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ ભાવ...**' તેનો અનુભવ નથી. લ્યો! પાઠમાં તો એ જ છેને. '**स्वरस्थानीयपरमभावानुभवनशून्यत्वाद**' ઈ ને? આહા..હા..! શુદ્ધ દ્રવ્યાદિ

છે. આહા..હા..! '**अपरमभावानुभवनशून्य**' અપરમભાવ પરમભાવથી શૂન્ય છે. કહો, સમજાણું? પરમભાવથી શૂન્ય છે. પૂર્ણ દશા થઈ નથી. એવા '**શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી...**' મધ્યમ ભાવ તેનો શુદ્ધ દ્રવ્ય કહેનારો જેણે '**अद्धद्रव्यादेशितया समुद्योतितास्खलितैक**' .. નથી એટલું છે અંદર. '**તેથી, શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે...**' કહેનારનો અર્થ ત્યાં શું છે? પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ છે. શુદ્ધ દ્રવ્યને કહેવાથી, શુદ્ધ દ્રવ્યની પર્યાય પૂર્ણ હોવાથી. '**જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે...**' એમ છે જોયું! ત્રિકાળની વાત નથી અહીં. '**અચલિત અખંડ એકસ્વભાવરૂપ...**' પૂર્ણ વીતરાગતા, પૂર્ણ નિર્વિકલ્પતા એવો એક અચલિત એક સ્વભાવરૂપ અખંડ એક સ્વભાવરૂપ એક ભાવ. એક ભાવ પ્રગટ કર્યો છે.

'**એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા સમાન હોવાથી,...**' છેલ્લો કહ્યું હતુંને સુવર્ણ પાકમાં. છેલ્લામાં છેલ્લો પાક ઉતરેલો. '**એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા...**' સુવર્ણનો વર્ણ પૂર્ણ થઈ ગયો ત્યાં. પણ આંચ દેતાં દેતાં અંદર પીળાશ ને લાલ, લીલાશ ને લાલ રહે છેને? ત્યાં પૂર્ણ સુવર્ણ થઈ ગયું. એમ એક જેવો '**સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના સમાન) હોવાથી...**' એ નિશ્ચયનય '**જાણેલો, પ્રયોજનવાન છે.**' .. લ્યો! એને તો નય તો નથી એક ન્યાયે, પણ એને એક નયે એને નય કહ્યો. પૂર્ણ પર્યાય પ્રાપ્ત થઈ એટલે એને શુદ્ધનય જાણવાલાયક કહ્યો. કહો, સમજાણું કાંઈ? કથનની શૈલી જુઓ, એક કોર ભૂતાર્થ તે શુદ્ધનય ૧૧મામાં (કહ્યું). અહીં કહે છે કે શુદ્ધનયનું પૂર્ણ પર્યાયરૂપ પરિણમી ગયું એને શુદ્ધનય કીધી. પર્યાયને. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ કે નહિ? આહા..હા..! ભારે ભાઈ આવો માર્ગ. હજી તો સમજવામાં ન આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મામાં તો લાયક છે ભાઈ! ઓહો..હો..! પણ એ દરકાર કરતાં નથી. બીજામાં રોકાય છેને? બીજી દૃષ્ટિ વ્યવહારમાં, બહારમાં રોકાય છે. આ ચીજ શું છે એને સમજવાની દરકાર નથી. આ હો..હા.. હો..હા.. અરેરે! આવા ટાણા આવ્યા .. ક્યાંથી નીકળ્યો, નિગોદથી નીકળ્યો, ભાઈ તને ખબર નથી. ત્યાંથી નીકળીને તું મનુષ્ય થયો. ઓહો..હો..! તારી તો તને ખબર નહોતી, પણ બીજો આત્મા કહે એવી સત્તા રહી નહોતી તને. આહા..હા..! નિગોદ. એકેન્દ્રિય આ કંદમૂળ. આહા..હા..! બીજા એને આત્મા કહે એમ માને એવો યોગ એને નહોતો રહ્યો. આહા..હા..! તેં તો તને ન માન્યો, પણ બીજાઓ કહે કે આ આત્મા છે એવી સ્થિતિ તારી ન રહી. એક શરીરમાં અનંતા જીવ અને નિગોદની કણી, બાપુ તને ખબર નથી, ભાઈ! આહા..હા..! એક રાયની કણી (કંદમૂળની), એમાં અસંખ્ય તો ઔદારિક શરીર, એક શરીરને

અનંત જીવ. કોણ માને એને? સમજાણું કાંઈ? કેમકે એણે પોતે જ આત્માને પૂર્વે આળ આપ્યા હતા બહુ. હું આવો નહિ... હું આવો નહિ... પૂર્વે એમને એમ એની માન્યતા ચાલી આવે છે. એને આળ આપ્યા હતા આત્માને (કે) આવો નહિ, હું આવો નહિ હોં! એક સમયની પર્યાયબુદ્ધિવાળો એણે દ્રવ્યને આળ આપ્યા હતા. સમજાણું કાંઈ? એથી એને પોતાને માન્યતાનો તો પ્રસંગ રહ્યો નહિ, પણ બીજાઓ કહે કે આ જીવ છે (એમ પણ રહ્યું નહિ). આહા..હા..!

ઘણાં વર્ષની વાત છે, ૭૭માં કહ્યું હતું એકવાર. ભાવનગર પહેલાં ગયા ૭૭ની સાલમાં. એક દામોદર વકીલ હતા. વૃદ્ધ હતા બહુ વૃદ્ધ. ઓલા રાયચંદભાઈના વેવાઈ થાય. ૭૭ની વાત છે. ૨૩ ને ૨૮, ૫૧ વર્ષ થયા. એટલે આમ પહેલાંવહેલા ગયેલા. અમારું નામ પ્રસિદ્ધ તો ખરું. રાયચંદ ગાંધી બોટાદના અમારે. એટલે .. વૈષ્ણવ હોં. એ કહે અમારે કામ છે. બધા આવે વ્યાખ્યાનમાં તો સમાય નહિ. ૭૭માં. છાપ તો એટલી સમાય નહિ. અપસરામાં તો સમાય નહિ અંદર. પછી કહે કે મહારાજ! આ અમને જૈન લોકો મિથ્યાદૃષ્ટિ કહે છે. આમ શાંતિથી હોં. ડોસા બહુ .. વકીલ હતા. .. બહુ પ્રેમ. છાપ ઘણી થઈ ગયેલીની અહીંની તો એ વખતે ૭૭માં તો. ...

જુઓ ભાઈ! એમ વાત છે. એને શું કહેવું? કે આ બટાટાની કણી છેને એમાં અનંત જીવ છે. એ તમે માનતા નથીને. એ માટે કહે છે. હવે એને બીજું (શું કહેવું)? બહુ હુશિયાર હતો માણસ હોં. અમે ત્યાં હતાને ત્યાં આવેલા અને એ એમાં ને એમાં ગુજરી ગયા. ... બધા આવ્યા હતા, રાયચંદ ગાંધી ને બધા. શું કહેવાય ખરખરો કહેવાય શું તમારે? કાણે. એમાં ને એમાં ગુજરી ગયા, એમાં ને એમાં ચાલીને આવેલા હોં. અને એમાં ગુજરી ગયા. વૃદ્ધ હતા બહુ. વકીલ હતા. એના દીકરા વેરે આમની દીકરી હતી ગાંધીની. આમ કહે છે. જુઓ ભાઈ એમ છે કે જીવની સંખ્યા અનંત છે અને એ અનંત સંખ્યા પણ બહુ થોડા ક્ષેત્રમાં રહેલા હોય છે એની જેને ખબર નથી એથી એ દૃષ્ટિમાં એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એને શું કહેવું? વૈષ્ણવ માણસ વૃદ્ધ માણસ વકીલ અને તે મધ્યસ્થથી પૂછયું. એમ નહિ કે કાંઈ. આમ છે ભાઈ! અનંત કબૂલે નહિ જૈનમાં પણ હજી વાડામાં એને અનંત જીવ છે એમ માન્યતા ઉપરથી કરે. સમજાણું કાંઈ? આહા..હા..!

જીવની પર્યાયમાં હીણી થતાં-થતાં ક્યાં ગયો અને ક્યાં રહ્યો... આહા..હા..! એની ખબર નથી એને. એનું અસ્તિત્વ આવી સત્તા, ભાઈ! પૂર્ણ સત્તા પ્રગટ થઈ ગઈ, એની સત્તાનો સ્વીકાર પણ મહા અપૂર્વ દૃષ્ટિ હોય છે ત્યાં હોય છે. એમને એમ માનવાની એ વાત નથી. ઓહો..! એક આત્માની કેવળજ્ઞાન દશા. એક સમયની પણ પૂર્ણ, ત્રણકાળ ત્રણલોકને જાણે એથી અનંત ગુણુ હોય તો જાણે એવી પર્યાયની સત્તા મહાપ્રભુની એની કબુલાત, ભાઈ!

આખા દ્રવ્યની દૃષ્ટિ થયા વિના એની કબુલાત આવે નહિ. એવી એવી અનંતી પર્યાયો જેની ખાણમાં પડી છે. એવો જે ભગવાન આત્મા.. અરે..! એ તે કાંઈ વિશ્વાસ અને પ્રતીતિ એટલે શું છે? સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા પૂર્ણ શક્તિસંપન્ન એવી ચીજનું ભાન થતા જે સમ્યગ્દર્શન થાય ત્યારે એને પૂર્ણને માન્યો કહેવાય. સમજાણું કાંઈ? એવા જ બધા આત્મા છે એમ એની શ્રદ્ધામાં આવી જાય. આત્માઓ જેટલા બધા છે એ બધાય આવા છે. પૂર્ણ શક્તિવાન અને પર્યાયે પરિણમે તો પૂર્ણ થઈ શકે છે. આહા..હા..! અરે! આ તે કાંઈ... સમજાણું કાંઈ? ભીખાભાઈ! એ કાંઈ ધારણાનો વિષય નથી આ. વસ્તુ જ એવી કોઈ છે મહાપ્રભુ અનંત સત્ત્વ. આહા..હા..!

અહીં તો કહે છે, એવી મહાસત્તાવંત પ્રભુ એનો આશ્રય કર્યો, આસ્થા બેઠી, પ્રતીત થઈ, જ્ઞાન એનું જ જ્ઞેય કરીને જ્ઞાન થયું. પણ હજી પૂર્ણ દશા પ્રાપ્ત નથી અથવા હવે પૂર્ણ દશા જેને પ્રાપ્ત થઈ એને સોળ વલાની સુવર્ણ સમાન હોવાથી, સોળવલું જેમ સોનું પૂર્ણ થઈ ગયું એને હવે અધૂરું પંદર વલુ, ચૌદ વલુ રહ્યું નથી. તેથી તે સોળવલા સમાન પૂર્ણ દશા પ્રાપ્ત જીવને તે તે પ્રકારનો ભાવ પૂર્ણ થઈ ગયો એ જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન હોં. જાણે છે, પૂર્ણ છે બસ એટલું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરંતુ...**' હવે બીજો ભાગ આવ્યો. '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।**' '**જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે...**' લ્યો! મધ્યમભાવને અનુભવે છે એની વાત છે હવે. અનુભવનારની વાત છે. સમજાણું કાંઈ? '**જે પુરુષો...**' પહેલો પાક, બીજો પાક આદિ અનેક પાકોની પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે મધ્યમ ભાવ તેને અનુભવે છે. '**તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો;...**' આહા..હા..! બરાબર છે? કહો, સમજાણું કાંઈ? જેને ભગવાન આત્મા મહાસત્તા પ્રભુ એનો આશ્રય અને પડખે ચડી ગયો છે. સમજાણું કાંઈ? પણ પૂર્ણ દશા થઈ નથી, વચલી દશામાં છે. આહા..હા..! ગમે એવો હોય તો અંતર્મુહૂર્ત તો વચ્ચે સાધકપણાની દશા રહે. કાંઈ સમ્યક્ થાય અને એ જ સમયે કેવળ થાય એમ હોતું નથી. જઘન્યમાં જઘન્ય પણ અંતર્મુહૂર્ત સમકિત અને એને કેવળજ્ઞાનને પ્રાપ્ત થવામાં આંતરો હોય છે. સમજાણું કાંઈ? વિશેષ હોય તોપણ અસંખ્ય સમય જ હોય છે. પૂર્ણ થવું છેને? અપ્રતિહત ભાવે જ્યાં જશે ત્યાં એ સાધકભાવ લઈને જશે. એને પૂર્ણ કરવાને કદાચિત્ વાર લાગે તો એ વચલા ભાવમાં છે, અનુત્કૃષ્ટ ભાવ જેને અનુભવે છે એટલે એમાં એ છે.

'**તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો;...**' એ ઉત્કૃષ્ટ અનુભવ નથી. '**તેથી,...**' હવે જુઓ અહીંયાં. ઓલામાં એમ હતું

શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી. ઓલું અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી (એમ હતું). ખુલાસો સ્પષ્ટ કર્યો હવે જરી. સમજાણું કાંઈ? **'અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી...'** એનો અર્થ? અશુદ્ધ દ્રવ્યને જાણવાવાળી દશા હોવાથી. એને કહે છે ઉપદેશ, પણ એનો ભાવ એવો ત્યાં છે. અશુદ્ધ દ્રવ્યને કહેનાર એટલે અશુદ્ધ દ્રવ્યને જાણનાર હોવાથી **'જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ...'** ઓલામાં એમ હતું, અચલિત અખંડ એક સ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો હતો પર્યાયમાં. આને અશુદ્ધ દ્રવ્યની દશામાં હોવાથી. આહા..હા..!

**'જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ...'** જોયું! શુદ્ધતાનો અંશ વધ્યો, બીજો વધ્યો, ત્રીજો વધ્યો, અશુદ્ધતાનો ઘટ્યો, એમ જુદા જુદા એક ભાવ. જુદા જુદા એક એક ભાવ. ઓલામાં એક જ ભાવ હતો, હવે આ જુદા જુદા એકભાવ સ્વરૂપ અનેક થઈ ગયા. જુદા જુદા એક એકભાવ સ્વરૂપ અનેક ભાવો. પર્યાયમાં અનંત ગુણની પર્યાયમાં અનંતની વિવિધતા અને રાગની મંદતા. એવા **'અનેક ભાવો દેખાડ્યા છે.'** લ્યો! દેશિદા કહ્યું. એ પણ .... અર્થમાં તો ઓલાની ભેગો અર્થ લઈ લીધો. .. વ્યવહાર દેખાડ્યો, ... દેખાડ્યો એણે વ્યવહાર દેખાડ્યો. સમજાણું કાંઈ? **'એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે...'** અનેક ભાવો જ્યાં જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધનયમાં એક ભાવ દેખાડ્યો હતો, એક ભાવ હોય છે. અશુદ્ધમાં અનેક ભાવ હોય છે પર્યાયમાં એમ કહેવું છે. મધ્યમ ભાવમાં છેને.

**'અશુદ્ધ દ્રવ્યને કહેનાર...'** અહીં તો ભલે શુદ્ધતાનો અંશ પ્રગટ્યો છે, પણ હજી શુદ્ધતા પૂર્ણ નથીને, એથી હજી અશુદ્ધતા જ એને કહેવામાં આવે છે. ખરેખર તો બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધતા કહેવામાં આવે છે. મૂળ વસ્તુ તો અહીં એ લેવી છે. સમજાણું કાંઈ? પૂર્ણ દશા જ્યાં પ્રાપ્ત નથી ત્યાં ચોથા ગુણસ્થાનમાં અનુભવકાળના પછીની પર્યાયથી માંડી એના સમયના જઘન્યના અનુભવથી માંડી, પછીનો છેક પૂર્ણ ન થાય એ બધી વચલી મધ્યમ દશા છે. સમજાણું કાંઈ? આવી ધર્મકથા ભારે ભાઈ! એ કરતાં તો પડિક્કમણા કરવા, સાંજ સવાર મિચ્છામી દુક્કડમ, સામાયિક કરીને બેસવું, .. સામાયિક,.. સામાયિક કોને કહેવી? એ સમયિક અને સામાયિક એનો વાંધો ઉઠાવ્યો હતો. સમયિક કહેવું કે સામાયિક કહેવું? આમાં આવ્યું છે. સમયિક કહેવું સામાયિક નહિ. સામાયિકમાં આમ થાય છે. હવે ભાવને સમજને. ભાવ શું કહેવું છે? ...

મુમુક્ષુ :- વ્યાકરણથી સામાયિક બને છે.

ઉત્તર :- સામાયિક બને છે? આ કહે સામાયિક બને છે. ઠીક છે. આહા..હા..! આ આત્માને આશ્રયે સમતા થાય છે. કહ્યું હતુંને પહેલું નહિ શરૂઆતમાં. ૧૧મી ગાથામાં નહિ? સમભાવ તે ભૂત છે. ભૂત નામ ભૂતાર્થ. ત્રિકાળ ભાવ તે સમ અને તે સામાયિક છે એમ.

સામાન્ય તે સમ છે અને સમ તે ભૂત છે અને ભૂત તે સામાન્ય છે. સમજાણું કાંઈ? કેમકે એને આશ્રયે સમતા પ્રગટ થાય છે. સામાન્યને આશ્રયે સમતા, વીતરાગતા પ્રગટ થાય છે. વિશેષને આશ્રયે વિષમતા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આશ્રય કરવા જાય છે. જાણવાલાયક તો છે એમ તો કહે છે અહીંયાં.

'**જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો...**' એમ. જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક. આહા..હા..! '**ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય,...**' લ્યો! '**વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી,...**' ઓલા સોનાના. તાપ દેને. ભિન્ન... ભિન્ન.. પીળું ને લાલ... પીળું ને લાલ... દેખાયને રંગ? કુરડીમાં રાખીને કરે છેને સોની સોનું નાખીને. શું કહે એને? ફૂંકે એમાં ફુલાવે. આ તો જોયેલું છેને. પાક થતો... થતો... થતો... થતો... પીળું વધતું જાય અને લાલના જે વિચિત્ર વર્ણ છે એ ઘટતા જાય. કહે છે કે '**એવો વ્યવહારનય,...**' આહા..હા..! એવી ટીકા છેને. અમૃતચંદ્રાચાર્ય આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! એમાં ક્યાંય સંદેહ અને કે શંકાને કાંઈ એક બીજીને નયને ભેળવી દેવાનો પણ ક્યાંય સંદેહ રહેતો નથી. બે નય ભિન્ન-ભિન્ન છે તો ભિન્ન એના વિષય છે એમ બતાવવું છે. આહા..હા..! બે નય છે કે નહિ? તો એના વિષય પણ ભિન્ન છે. ભિન્ન ન હોય તો બે નય પડે કેમ? સમજાણું કાંઈ?

શુદ્ધનય એનો વિષય તો ત્રિકાળી પોતે જ છે, પણ એની પૂર્ણતા ન થાય ત્યાં સુધી પર્યાયમાં અપૂર્ણતા એને વ્યવહાર કહીએ અને પૂર્ણતા થઈ એને નિશ્ચય શુદ્ધનય કહીએ એમ કહે છે. આ તો '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી...**' પૂર્ણ શુદ્ધતા પ્રગટી નથી. આહા..હા..! પૂર્ણ અતીન્દ્રિય આનંદની દશા જ્યાં થઈ નથી. એવા '**જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય, વિચિત્ર વર્ણવાળા સમાન હોવાથી,...**' સોનાના વિવિધ પ્રકારના વર્ણ એવો હોવાથી, એમ પર્યાયમાં વિવિધ પ્રકારની શુદ્ધતા અને રાગની મંદતા હોવાથી. સમજાણું કાંઈ? અનંત ગુણની પર્યાય છેને? પર્યાયમાં પણ વિવિધતા છે. આહા..હા..! એમાં પણ વિવિધતા છે. કહે છે, એવી વિચિત્ર અનેક રંગવાળા, વર્ણમાળા કહેવાયને? સોનું અગ્નિથી આમ ... દેખાયને. સોનું તપતું તપતું. સોનાને આંચ લગાવતા લગાવતા અગ્નિથી સોનું શુદ્ધ થતું જાય, અશુદ્ધતા ઘટતી જાય. કથીર આદિનો ભાગ હોય એ બળતો જાય.

એમ અહીંયાં '**વિચિત્ર વર્ણવાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' આ ટીકાનો અર્થ છે. આહા..હા..! આ વાત છે. ઓલાને એમ કીધું હતું કે તે જાણેલો પ્રયોજનવાન છે. પૂર્ણ વર્ણ સમાન જાણેલો પ્રયોજવાન છે. અહીં તે કાળે જાણેલો, તે કાળે પ્રયોજવાન (છે) એટલું વધારે મેળવ્યું. કારણ કે સમય સમયમાં શુદ્ધતા વધતી જાય છે,

એક એક ભાવસ્વરૂપ અનેક અશુદ્ધતા ઘટતી જાય છે. એટલે તે તે કાળે જે સમયે શુદ્ધતાનો અંશ જેવો છે અને તે કાળે અશુદ્ધતાનો અંશ જે છે તે કાળે તે સમયનું તે જ્ઞાન જાણેલું અથવા તે જ્ઞાનમાં તે જણાય જાય છે એ પ્રયોજનવાન છે. બીજે સમયે બીજું અને ત્રીજે સમયે ત્રીજું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।**' એની વ્યાખ્યા કરી આ. હવે આ તો આમ કહેવું છે. અને ઓલા કહે કે વ્યવહારનો ઉપદેશ દેવો કે તમારે વ્યવહાર કરવો, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી, તપસ્યા કરવી એવો ઉપદેશ દેવો એને. લ્યો! અરેરે! ઉપદેશ કરી શકે નહિ ત્યાં પ્રશ્ન ક્યાં છે? સમજાણું કાંઈ? ઓહો..! આવા સમયસારનો વખત અર્થ કરનારને આ ..માં તો આ પહેલોવહેલો લાગે છે. કહો, પહેલાના સંતો, મુનિઓ થઈ ગયા પણ એને તો આત્મધ્યાનમાં વખત ક્યાં હતો? લોકો કહે કે .. આ લોકો હોં! સાંભળ્યું છે. ગુજરાતી.. એક આપણા આટલા સાધુ સંતોએ કર્યું નહિ અને એણે આ એક કર્યું છે. એમ કોઈક કહેતું હતું. ... હું મેળ કરતો હતો. .. ઘણા માણસો આવે અને ઘણા કહે. આ જુઓને હિંમતભાઈ આ બધા ચારના અર્થ ચોખ્ખા કર્યા. એની કાલે વાત હતી. .. સાધુ કહેતા હતા. ગુજરાતીમાં કરીએ છીએ આવું ગુજરાતી આવું. .. એમ કાંઈક બોલતા હતા. છે ખોટું. એક વાત. ... કાલે કહેતા હતા. કોક વાત કરતું હતું. એની વ્યાખ્યા કરતું હતું. કાલ કોક કહેતું હતું. આવા ગુજરાતીના અર્થો કર્યા શાસ્ત્રોના. અને કોઈ આટલા સાધુ થઈને આવું ગુજરાતી કર્યું છે કોઈએ? એમ કહે છે. અહીં હિંમતભાઈએ કર્યું છે. કોઈએ કર્યું નથી એમ કહે છે. આહા..હા..!

અહીં વજન છે અહીં. '**જાણેલો તે કાળે...**' એટલે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન અને અંશે સ્થિરતા થઈ એ મોટી ચર્ચા થઈ હતી. સમ્યગ્દષ્ટિને સ્વરૂપાચરણ ચારિત્ર હોય નહિ. મોક્ષશાસ્ત્રમાં આ લોકો કહે છે કે સમ્યગ્દર્શનને મુખ્ય આ ચારિત્ર હોય. મોક્ષશાસ્ત્ર કહે છે. ટીકા કરી છે. આપણે મોક્ષશાસ્ત્ર છેને. એ લોકો મિથ્યાચારિત્ર કહે છે સ્વસ્વરૂપ.. અને ઓલા ઈષ્ટ-અનિષ્ટની વાત આવીને? ઈષ્ટ-અનિષ્ટ કરે, પછી ઈષ્ટ-અનિષ્ટ માને એ તો મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ ઈષ્ટ-અનિષ્ટ માને છે જ ક્યાં. એ તો વ્યાખ્યા એ કરી મોક્ષશાસ્ત્રમાં. કે ભાઈ આ ઈષ્ટ-અનિષ્ટ માનીને જ આ રાગ-દ્વેષ કરે છે એનું ચારિત્ર મિથ્યાચારિત્ર થાય છે એમ છે ત્યાં. જ્ઞાની ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ નથી કરતો એને તો નબળાઈનો રાગ થાય છે. સમજાણું કાંઈ? આ તો આ મોક્ષશાસ્ત્ર છેને એમાં. એની ટીકા કરી છે. મોક્ષશાસ્ત્ર. આજે આવ્યું છે. .. વિદ્યાનંદજીનું .. દેશની સેવા કરો, દેશનું આ કરો, દેશને માટે બલિદાન ઘો, આમ કરો એ નૈતિક છે. અરે! સાધુને આ ભાઈ! ખૂબ લખાણ લોકોને પસંદ પડે એવું છે હોં!

હવે અહીં કહે કે રાગ કર તો મિથ્યાત્વભાવ છે. અરર! ગજબ છેને. પરનું તો કોણ

કરે? દેશના .. દેશના.. તું તો તારામાં છે. આહા..હા..! અહીં તો અપૂર્ણ અવસ્થાને જાણવી એ પણ વ્યવહારનય છે. આહા..હા..! જાણવી હોં ફક્ત. આદરવાની વાત એ અહીં છે નહિ. સમજાણું કાંઈ? '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' એમ કીધુંને? સમય સમયની શુદ્ધતાના અંશો અને અશુદ્ધતાનો અંશ જે સમય સમયનો છે તે જ પ્રકારનું ત્યાં જ્ઞાન થાય છે અથવા તે પ્રકારના જ્ઞાનની પર્યાયમાં એ જણાય છે. એનું નામ જાણેલો પ્રયોજવાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૪, મંગળવાર, તા. ૨૧-૧૨-૧૯૭૧
## ગાથા-૧૨, પ્રવચન-૪૬

૧૨મી ગાથા. સમયસારની ટીકા ચાલે છે. જુઓ શું કહે છે? ૧૧મી ગાથામાં એમ કહ્યું કે આત્મા ભૂતાર્થ છે એનો જ આશ્રય કરવાલાયક છે. અને ત્રિકાળ વસ્તુ એને સત્યાર્થ અને ભૂતાર્થ કહેવાય છે. એક પર્યાયને વર્તમાન અવસ્થા ઉપર લક્ષ છોડવું છે એથી એ વર્તમાન અવસ્થાને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું. આ એક છે અને આ નથી એમ. એક સમયમાં પૂર્ણ આનંદ અને જ્ઞાયકભાવ, વસ્તુનો સ્વભાવભાવ, વસ્તુનો સ્વભાવભાવ, એવો એકરૂપ ત્રિકાળ ભાવ એ જ સત્યાર્થ છે, એ જ ભૂતાર્થ છે, એ જ યથાર્થ સમસ્વરૂપ છે. એનો આશ્રય કરતાં આત્માને શાંતિ મળે છે. એનો આશ્રય કરતાં જન્મ-મરણનો અંત ત્યાં આવે છે. સમજાણું કાંઈ? એથી ત્યાં પર્યાય વર્તમાન અવસ્થા જે છે એને ત્યાં નથી એમ કીધી હતી, એને અહીંયા જાણવાલાયક છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ છેલ્લે.

પૂર્ણ અનુભવ હોતો નથી. જ્યાં સુધી આત્માનો પૂર્ણ અનુભવ, પર્યાયમાં વર્તમાન દશામાં પૂર્ણ આનંદની જ્ઞાયક કેવળજ્ઞાનની દશા આદિ થઈ નથી એને તો નીચલી દશામાં ધર્મી જીવને સાધક અવસ્થામાં વસ્તુ પૂર્ણ દૃષ્ટિમાં હોવા છતાં પર્યાયમાં અપૂર્ણતા, અશુદ્ધતા, શુદ્ધતાના અંશો અને અશુદ્ધતાનો અંશ, એ બેયને અશુદ્ધનયે વ્યવહારનય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારનય '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક**

**એક ભાવસ્વરૂપ...**' આ તો એક એક શબ્દમાં ઘણી ગંભીરતા છેને. આ કાંઈ કથા નથી. આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ તરીકે, સ્વભાવ તરીકે તો એકરૂપ હોવાથી અને એનો અનુભવ જ્યાં એકરૂપ પૂર્ણ થઈ ગયો, એને તો કાંઈ આ વ્યવહાર જાણવાલાયક એવી અસ્તિ છે જ નહિ એમ. વ્યવહાર જાણવાલાયક એવું અસ્તિત્વ તો એનામાં છે નહિ. સમજાણું કાંઈ? પણ જ્યારે પૂર્ણનો સ્વભાવ આત્મા પૂર્ણ છે એમ આશ્રય લીધો, પડખે ચડ્યો અંતરના ચૈતન્યમાં, છતાં પર્યાયમાં પૂર્ણતાની પ્રાપ્તિ જ્યાં સુધી નથી ત્યાં સુધી એની દશામાં—પર્યાયમાં શુદ્ધતાની અપૂર્ણતા અને અશુદ્ધતાના રાગનો અંશ, બેને કહીને વ્યવહારનય એને કહ્યો છે. કેમકે ભેદ છેને?

એ ભેદ '**એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો...**' ભાવો એટલે પર્યાયો. અનેક પર્યાયો અંદર શુદ્ધ-અશુદ્ધ આદિ '**દેખાડ્યા છે...**' જણાવ્યા છે. '**એવો વ્યવહારનય...**' એમ. અશુદ્ધ દ્રવ્યને જ કહેનાર હોવાથી. એમ. એણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે. વસ્તુ તરીકે એકરૂપ છે, પણ પર્યાયમાં અનેક ભાવ જ્યાં સુધી વર્તે છે '**એવો વ્યવહારનય વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન...**' સોનામાં પૂર્ણ સોળવલું થયું ન હોય ત્યાં સુધી એને ૧૩-૧૪-૧૫ આદિનું દેખાય અંદર. પછી એનો કથીર હોયને જરી ભેગો છેલ્લો લાલ, ત્યાં સુધી એનું સોળ વલું હોતું નથી. એમ જ્યાં સુધી આત્માને પૂર્ણ દશા ન હોય ત્યાં સુધી અંદર અશુદ્ધતા અને શુદ્ધતાના અંશો પ્રગટ હોય છે. એને દેખાડ્યો હોવાથી જાણેલો, લ્યો જણાતો. '**તે કાળે પ્રયોજનવાન છે.**' જાણેલો એને ઠેકાણે ત્યાં જણાતો એમ નાખવું. સમજાણું કાંઈ? જણાતો '**તે કાળે પ્રયોજનવાન છે.**' વ્યવહારનય જણાતો. જુઓને શૈલી! એ પર્યાય જ્ઞાનમાં એવી છે એમ જણાય જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાની ચીજ છે પૂર્ણ એના આશ્રયથી ભાન હોવા છતાં દશામાં પૂર્ણ પરમાત્મદશા, વીતરાગદશા, પૂર્ણ શુદ્ધની દશાનો અનુભવ ન હોય ત્યાં મધ્યમ દશામાં શુદ્ધતાના પ્રકારો અને અશુદ્ધતાના પ્રકારો એવા હોય છે એને જણાતો, એ વ્યવહારનય જણાતો હોવાથી. આહા..હા..! ભેદરૂપ ભાવ જ્ઞાનમાં જણાતો હોવાથી પ્રયોજવાન છે. પ્રયોજવાન એટલે? કે નિશ્ચયનું જ્યાં જ્ઞાન થયું એની સાથે વ્યવહારનું જ્ઞાન પ્રયોજનરૂપ પ્રમાણરૂપ કરવા પ્રયોજનવાન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જણાતો '**તે કાળે પ્રયોજવાન છે.**' તદાત્વે છેને? ઘણી ગૂઢ ભાષા છે. એટલે કે તે તે આત્માનો આનંદ વસ્તુ તરીકે પૂર્ણ સોળ આના અંદર વસ્તુ હોવા છતાં પર્યાયમાં સોળ આના પૂર્ણ પ્રગટ દશા થઈ નથી. તેને વર્તમાનમાં અલ્પ આનંદ છે, કાંઈક દુઃખનો વિકલ્પ પણ છે. આહા..હા..! એને જણાતો હોવાથી એ જ્ઞાન કરવાલાયક છે. કહો, સમજાણું

કાંઈ? અથવા સ્વપરપ્રકાશક જ્ઞાન તે કાળે સ્વને જાણતા જ્ઞાનની પર્યાયમાં જે પ્રકારની પર્યાય અને રાગાદિ વર્તે છે તે જણાતો, એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ્યો એમાં એ જણાતો તે કાળે પ્રમાણજ્ઞાન કરવા માટે પ્રયોજવાન છે. કહો, સમજાણું કાંઈ? એવી વાત છે આ તો. ન્યાયની. ..અંતરના સૂક્ષ્મ ભાવમાં એક પણ ન્યાય ફરે તો તત્ત્વ આખું ફરી જાય. કેમકે વ્યવહારનય આદરણીય છે એમ અહીં કહેવું નથી. આને જ્યાં આદરણીય કીધો, એને હેય કીધો, છતાં હેય પણ જ્ઞેય તરીકે જાણવાલાયક છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટા ઝઘડા આના ઉઠે છેને બારમી ગાથામાં. સ્થાકનવાસી કહે, જુઓ આ વ્યવહાર કરવાનું આવ્યું, દેરાવાસી કહે જુઓ આમાં વ્યવહાર કહ્યો છે કરવાનું, દિગંબર કહે કે જુઓ આમાં આચરણ કરવું, આમ કરવું, આમ કરવું, વ્યવહાર કરવો, વ્રત પાળવા, ફલાણું કરો. અરે! ભાઈ! એમ નથી. એ જો વ્યવહાર ન હોય તો ભેદ જ નથી. પૂર્ણ અભેદ થઈ ગયો પર્યાયમાં. સમજાણું કાંઈ? એથી વ્યવહારનય છે, એનો વિષય પણ છે અને જણાય એવો એનો સ્વભાવ છે. આહા..હા..! ખરેખર તો એ શુદ્ધ-અશુદ્ધ પર્યાયવાળું શુદ્ધતા અને અશુદ્ધતાનો અંશ એ જ્ઞેય તરીકે, જ્ઞેય તરીકે જ્ઞાન અને સ્વને જ્યાં જાણ્યું ત્યારે સ્વપરપ્રકાશકમાં પરપ્રકાશકની પર્યાય પોતાથી પ્રગટી છે એમાં જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. આહા..હા..! કહો, વજુભાઈ! આવો માર્ગ ક્યાં હવે આમાં માથાકૂટ? જય ભગવાન. આહા..હા..! અરેરે! એણે અનંત કાળ આમાં ગુમાવ્યું છે. આહા..હા..!

ધીરેથી, શાંતિથી એના સ્વભાવને શોધવા ગયો નહિ અને શોધવા ગયો અને પર્યાયમાં અપૂર્ણતા છે એને જાણવા રહ્યો નહિ. સમજાણું કાંઈ? એવા વિવિધ વર્ણના રંગ જેવું જેમ સોનું છે, પૂર્ણ સોળવલું ન થાય ત્યાં સુધી. એમ આત્માની પર્યાય દશામાં પૂર્ણ આનંદ અને વીતરાગતા ન થાય ત્યાં સુધી અંદરમાં રાગ અને શુદ્ધતાના અંશો વર્તે છે, તે જણાતો હોવાથી સમયે સમયે તે કાળે જાણેલો પ્રયોજવાન. એમ. બીજે સમયે બીજો સમયનો જે આવે તે કાળે તે જણાતો પ્રયોજનવાન. સમજાણું કાંઈ? તેમ સમય સમયમાં શુદ્ધતાનો એક અંશ રહે છે એમ છે નહિ. બીજે સમયે વધે છે અને સમય સમયમાં રાગનો ભાગ પણ એવો જ બીજે સમયે રહે છે એમ નથી, ઘટતો જાય છે. એટલે તે તે સમયનું તે જણાતો હોવાથી તે જ પ્રકારે જ્ઞાનની પર્યાયમાં તે જ્ઞેય તરીકે જણાતો હોવાથી પ્રયોજનવાન પ્રમાણજ્ઞાન કરવા માટે પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? મોટા ઝઘડા... ... પંથમાં બાકી રહ્યું છે એને જાણવાલાયક એનું અસ્તિત્વ છે એટલી વાત છે. સમજાણું કાંઈ?

'એ રીતે...' બે આવ્યુંને? પહેલામાં શુદ્ધ દ્રવ્યને કહેનારો. એમ. ત્યાં આગળ જાણેલો પ્રયોજવાન હતો, ત્યાં પણ શુદ્ધનય. પૂર્ણ થયું એ રીતે જણાય છે બસ એટલું. એમને એમ જણાય છે, થઈ ગયું. પૂર્ણ છે... પૂર્ણ છે... પૂર્ણ છે... અને અપૂર્ણને કાળે અપૂર્ણ

તે કાળે છે એમ જણાય છે. અરે! આવી પણ આ કઈ જાતની વાત? આ ધર્મની રીત કેવી? ભાઈ! ધર્મ આ છે. વસ્તુસ્થિતિ આવી છે. સમજાણું કાંઈ? '**એ રીતે પોતપોતાના સમયમાં...**' જોયું! પૂર્ણ હોય ત્યારે પૂર્ણના કાળને તે રીતે જાણેલું છે, અપૂર્ણ હોય તો અપૂર્ણપણે જણાય છે. તે તે સમયમાં પોતપોતાના સમયમાં બંને નયો જાણવારૂપ કાર્યકારી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણેલું આવી ગયુંને અંદર પહેલું. .. જાણેલો પ્રયોજવાન છે? સુવર્ણમાં પૂર્ણ સમાન હોવાથી જાણેલો પ્રયોજવાન છે. અહીં સુવર્ણના વર્ણવાળા સમાન હોવાથી તે જણાતો પ્રયોજનવાન છે. એ તો બેય ઠેકાણે જાણીને એમ નાખવાનું છે. કહો, સમજાણું કાંઈ? બેય ઠેકાણે એક જ છે. ત્યાં પણ એમ છે. '**प्रतिवर्णिकास्थानीयत्वात्परिज्ञायमानः**' કાળ નથી ત્યાં. કારણ કે ત્યાં તો એકરૂપ છે. તે કાળે ચીજ જણાય છે, બસ થઈ રહ્યું અને આ તો ભિન્ન-ભિન્ન કાળ છે હવે. સમજાય છે કાંઈ? એ સહેજે જણાય જાય છે જ્ઞાનનો પર્યાય એવો જ પ્રગટ થાય છે. અપૂર્ણ છે તો એ જ્ઞાનની અવસ્થા એવી ઉત્પન્ન થાય છે એમાં એ અપૂર્ણપણું જે છે એ જણાઈ જાય છે. જણાતો હોવાથી એમાં જણાઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**એ રીતે પોતપોતાના...**' કાળમાં. સમયમાં તો આવી ગયો કાળ. તે કાળમાં '**બન્ને નયો કાર્યકારી છે...**' ઓલું તો ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વરિયા હતું લ્યો હવે જાધવજીભાઈ! કાંઈ આવડતું હતું? અર્થ પણ આવડતા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ચાલે જને. પહેલાં જ કીધું જ્યાં .. આપવા માંડ્યું એ લોકોએ ત્યાં .. પહેલાં .. દામનગરથી ... ... ... સ્તુતિ આવે છે ભાઈ! .. બધાને .. કરાવું છું. સૂયગડાંગમાં છઠ્ઠું અધ્યયન છે. ... આવતું હતું કે નહિ? ... એ પહેલો શબ્દ વાપર્યો. મને એમ નહિ બેસે. .. આપણને નહિ બેસે. તમે આનો અર્થ કરો કે આ શું કહે છે? .. એટલે શું? .. કોને પૂછે છે? ... .. કહેવાય છે. સ્થાનકવાસીમાં બહુ પ્રચલિત. બાયું હજારો... કહે છે ... ભગવાને શું કહ્યું? ભગવાને શું માર્ગ કહ્યો? ... એમ પૂછે છે. ભગવાને શું ... પૂછે તમને ભગવાને કહ્યું શું? આમ ભગવાને કહ્યું એમ પછી એનો (અર્થ કરે). સમજાણું કાંઈ? એકલા શબ્દો ગોખે... એનો અર્થ .. શું ગોતવું છે? અર્થ જ ન મળે. જાધવજીભાઈ! અર્થ કર્યા હતા એકેય? ઈચ્છામી પડિક્કમણા .. ના? એય..! દીલીપ! તારા તો ક્યાં કર્યા હતા તેં? એ તો અહીંયાં. તારું નામ દીલીપ છેને? લ્યો આ બેય દીલીપ છે લ્યો! એને બહુ રસ છે, હોં એને. અમારા બોટાદના છે. દીપચંદ ... એનું નામ દીલીપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! એક પણ વાત હોય એનો ભાવ સમજવો જોઈએને. એમને એમ ગોખી નાખે ભાષા એનો અર્થ શું?

અહીં કહે છે કે ભગવાન આત્મા, તારે કલ્યાણ અને જન્મ-મરણના અંત લાવવા હોય, ભવના અંતની અહીં તો વાત છે. જેમાં ભવ મળે એ વસ્તુ શું? એ તો અનાદિથી મળે છે અને એના ભવની પરંપરામાં નરક અને નિગોદ પણ છે. આહા..હા..! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવી જે ચીજ આત્મા, જેમાં ભવ નથી અને ભવનો ભાવ પણ નથી એવું સ્વરૂપ ભગવાન આત્માનું છે. એવા સ્વભાવનો આશ્રય લેતા એને ભવના અભાવનું સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે. આહા..હા..! કારણ કે સમ્યગ્દર્શન એટલે મોક્ષનો ઉપાય છેને. ભવના અભાવનો ઉપાય થયો, ભવનો અભાવ કહો કે મોક્ષનો ઉપાય કહો. આહા..હા..! એ વિના વાતું બધી થોથે થોથા છે. સમજાણું કાંઈ? ૧૦-૧૦ હજારના પગાર હોય, ૨૫-૨૫ હજારની મહિને પેદાશ થતી હોય. મોટી થાતી હશે મલુપચંદને. છોકરાને તમારે. ૧૦-૧૦ હજારની પેદાશ દિવસની લ્યો. પણ શું પેદાશ? શેના ઘરની? ક્યાં? એ તો જડ છે. આવ્યું કોને? મમતા. એ તો દુઃખ છે. કહો, સમજાણું કાંઈ? પૈસા મારા એ મમતા છે, દુઃખ છે. આહા..હા..!

આનંદસ્વરૂપ ભગવાન આત્મા, જેના અતીન્દ્રિય આનંદના એક સમયના સ્વાદ આગળ જેને દુનિયાના ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડ્યા ઉકરડા જેવા લાગે એ ચીજ આત્મા છે. સમજાણું કાંઈ? એ તમારે બાદશાહી જે દેખાય, પાંચ-પાંચ લાખના, ૪૦-૪૦ લાખના બંગલા. ૪૦ લાખનો બંગલો છેને ત્યાં? ગોવામાં. શાંતિલાલ ખુશાલ. ૧૦-૧૦ લાખના બે. હમણા ૪૦ લાખનો છે. સ્થાનકવાસી છે. ૪૦ લાખનો એક બંગલો. અબજ રૂપિયા. ૪૦ કરોડ અબજ ઉપર. આહા..હા..! મારી નાખ્યા જગતને. મારો એ આત્મા છે, મારો એ આ નહિ. સમજાણું કાંઈ? મારો અને હું એ તો અનંત જ્ઞાન, આનંદનો કંદ એ મારો અને એ હું છું. એમ જ્યારે દૃષ્ટિ થાય ત્યારે એનો ભવનો અભાવ એવું સમ્યગ્દર્શન અને જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. ત્યારે એને અપૂર્ણતા રહે છે દશામાં એને જણાતો જણાતો પ્રયોજનવાન જણાય જાય છે. આહા..હા..! એ જ્ઞાનનો પર્યાય એવો પ્રગટ થાય છે કે એ પ્રકારનું જ જ્ઞાન થાય છે. એને આ જાણવું એમ પણ નથી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એવો પર્યાયનો, જ્ઞાનનો સ્વપરપ્રકાશકનો પર્યાય એવો જ પ્રકારનો સ્વતઃ સ્વમાં પોતાને કારણે ઉભો થાય છે, એમાં જણાય જાય છે એટલો વ્યવહારનય કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એ રીતે...**' ઉપર કહ્યું એ પ્રકારે. '**પોતપોતાના સમયમાં...**' પૂર્ણના વખતે પૂર્ણ અને અપૂર્ણના વખતે અપૂર્ણ. બન્ને જાણવાના કારણે કાર્યકારી છે. બન્ને નયો છે એ જાણવું છે બસ. નય એટલે જાણવું. એ જાણવું એ કાર્યકારી છે. કહો, સમજાણું કાંઈ? 'કારણ

કે...' હવે આ. આ પણ વાંધાવાળી વાત. '**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' શું કહે છે? '(**જેનાથી તરાય તે તીર્થ છે;...**' એટલે કે પર્યાયનો મોક્ષમાર્ગ એ તરવાનો માર્ગ છે અને એ વ્યવહાર છે. આવ્યુંને? વ્યવહારનય પ્રયોજવાન છે. એ જાણવાલાયક છે. વચ્ચે પર્યાય આવી ગઈ એ વ્યવહાર થયો અને એનું ફળ સિદ્ધ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? કહે છે, '(**જેનાથી તરાય તે તીર્થ છે;...**' જો વ્યવહાર ન હોય તો ઉપદેશ જ ન હોઈ શકે કે આ સમકિત કહેવાય, આને પાંચમું કહેવાય, આને મુનિ કહેવાય, આને દ્રવ્ય કહેવાય. સમજાણું કાંઈ? તીર્થનો લોપ થઈ જાય. ભેદનો, ગુણસ્થાનના ભેદનો જ અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? એટલે કે તરાય તે તીર્થ અને તીર્થના ફળની એવી વ્યવસ્થિતિ છે. મોક્ષનો ઉપાય એ પર્યાય એ પણ વ્યવહારધર્મ છે. ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર છે ઈ અને એનું ફળ મળે એ પણ પર્યાય છે, સિદ્ધપદ. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ, વ્યવહાર એટલે રાગની ક્રિયા એ વ્યવહાર એમ. અને એ વ્યવહારથી નિશ્ચય થાય. આ બધી ગાથાઓ બધી તકરારી અર્થ ઉભા કરનારી છે. એ તકરારી નથી હોં, ઓલાની દૃષ્ટિમાં ફેર છે માટે. આ કહ્યું છે. આમ ન હોય તો મોક્ષમાર્ગ અને મોક્ષ એ પર્યાય સિદ્ધ નહિ થાય. વ્યવહાર ન હોય તો એ બે છે એનું અસ્તિત્વ સાબિત નહિ થાય. સમજાણું કાંઈ? દેશના આવે કે આ માર્ગ છે, એનું ફળ આ છે, એનાથી વિરુદ્ધ એ માર્ગ નથી, એમ બધું વ્યવહાર જો ન હોય તો આ એટલી કથન કરવાની પદ્ધતિ રહેશે નહિ. જાણવાનો એ પ્રકાર જ એવો નહિ રહે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' એ જ વ્યવસ્થા છે એમ કહે છે. વ્યવસ્થિતિ-વિશેષે અવસ્થિતિ. ભગવાન આત્મા નિશ્ચયમાં તો ત્રિકાળી છે એનું શરણ છે. હવે અહીં વ્યવહાર પર્યાય જો ન હોય, અપૂર્ણ અને પૂર્ણ એવા પર્યાયભેદ ન હોય તો વ્યવહાર ન હોય, તો વ્યવહાર ન હોય તો બે ભેદ જ ચાલ્યા જશે. આહા..હા..! સમજાણું કાંઈ? છે ઈ હોં. એને કરવાલાયક છે એ અત્યારે અહીંયા પ્રશ્ન નથી. ચેતનાનો અંશ છે ભેગો. વ્યવહારનયમાં જાણવાનો. સમજાણું? વ્યવહારમાં તો .. નિશ્ચયની વાત છે એ. કર્તવ્ય લાયક છે એ તો નિશ્ચયની શુદ્ધ પરિણતિની કર્તવ્ય લાયક છે એમ કહ્યું. આ શુદ્ધની વાત છે. આમાં તો શુદ્ધ અને અશુદ્ધ બેય ભેગા છે. જ્યાં સુધી અપૂર્ણ છે ત્યાં બે ભેગા છે. જાણેલો. તે તે સમયે તેને જણાય જાય છે. પૂર્ણમાં તે તે સમયે તે જ પૂર્ણ જણાય છે. બસ આટલી વાત છે. સમજાણું કાંઈ? હવે એ કીધું હતું પૂર્ણ હોય ત્યાં જ વ્યવહારનય ન હોય, વળી આ તીર્થનું ફળ પાછો વ્યવહાર. એય..! પહેલું એમ કહ્યું હતું કે પૂર્ણ છે એને કાર્યકારી જાણવા. બસ. વ્યવહાર હોય નહિ. અહીં વળી એમ કહો કે બે ભેદ પાડતા આ પણ વ્યવહાર અને એ પણ વ્યવહાર, પણ એ તો પર્યાયનું ભિન્ન કરીને સમજાવવું

છે તો બીજું શું થાય? સમજાણું કાંઈ? આહા..હા..! .. અંગ્રેજી ભણતર પણ એ બધા વિલાયતી હોય એવા કેટલી બધી મહેનત કરે છે, લ્યો. થોથા છે. એકલા પાપ બાંધે છે. નહિ? થોથે થોથા છે. દીલીપનો બાપ કહે છે ચાલ ભણવા કલકત્તા. હવે ભણ્યા. એવું ભણતર તો અનંત વાર ભણ્યા, કાંઈ રહ્યું નહિ એ ભણતર. જાધવજીભાઈ! જયંતિભાઈએ કહ્યું ત્યારે. ચોપડામાં નામા શીખો, આમ લખાય. હવે શીખ્યા. આમ ધારધીર કરવું, આમ કરવું, આમ વ્યાજ ઉપજાવવું, શીખો પહેલું. નહિતર પછી રોટલા ક્યાંથી ખાશો? કહો, સુમનભાઈ! અરે! હવે ઈ શીખ્યો અનંત વાર સાંભળને! એમાં રોટલા એને લઈને ક્યાં હતા? એ તો પુણ્ય હોય તો વસ્તુ આવે એને. એ તો જેના રજકણે રજકણ પર નામ છે કે આની પાસે આવા આવે અને આની પાસે ન આવે. છેને? આવે છે કે નહિ? દાણે દાણે ખાનારનું નામ છે. શું નામ છે? હિન્દીમાં શું કહે છે? મહોર છે બસ. દાણે દાણે મહોર મારી છે. જે દાણાનો સ્કંધ-રજકણ જે કાળે જ્યાં આવવાનો હોય એ આવવાનો છે. એ તારા વિકલ્પથી, પ્રયત્નથી, તારા જાણપણાથી આવવાનો નથી. આહા..હા..! એનો અર્થ બધો દાણો કહો કે મકાન કહો કે પૈસા કહો. આહા..હા..! કપડા કહો, જે કાળે બંગલા કહો, જે કાળે જે રજકણો આવવાના અને રહેવાના એ એને કાળે આવશે, તારે કારણે નહિ.

અહીં તો કહે છે, '**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' વ્યવસ્થા છેને એ? એવો નિયમ છે. એ જ રીતની એની પદ્ધતિ છે. તીર્થ તરવાનો ઉપાય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે નહિ? તીર્થમાં નથી આવતું? દ્રવ્ય તો નિષ્ક્રિય નિશ્ચય છે. મોક્ષનો માર્ગ સાધવો એ તો વ્યવહાર છે. પરમાર્થ વચનિકામાં આવે છે. એઈ..! પરમાર્થ વચનિકા વાંચી છે? ક્યાં છે શેમાં? ટોડરમલ, મોક્ષમાર્ગપ્રકાશકમાં. વાત આવી ખરી. એ સાચી વાત છે. ટોડરમલ, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કહો, સમજાણું કાંઈ? પાછળ છેને. એ મોક્ષમાર્ગપ્રકાશક. ભાઈ! નિશ્ચય તો નિષ્ક્રિય દ્રવ્ય છે. આહા..હા..! એ પણ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે. આત્મા તો નિષ્ક્રિય છે. એ તો મોક્ષના માર્ગની પર્યાય અને મોક્ષની પર્યાય અને બંધની પર્યાય વિનાનો છે. આહા..હા..! આ શું પણ માર્ગ છે. વસ્તુ તરીકે ધ્રુવ પરમપરિણામિક જે સવારમાં આવ્યું હતું. એ તો ધ્રુવ ઘન ઘન એકરૂપ એમાં પરિણમવાની ક્રિયા જ જ્યાં નથી. તો મોક્ષમાર્ગ અને મોક્ષ એ પર્યાયમાં છે, દ્રવ્ય એને કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી એ પર્યાયને જાણવી, જણાવવી અને એનું ફળ જણાવવું એ વ્યવહાર છે. એ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ એ જાણવા માટે છે. સમજાણું કાંઈ?

'(**જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે.**' ઓલો વ્યવહારધર્મ એટલે ઓલું નાખે કે આ દયા, દાન, વ્રતાદિનું. અહીં તો પર્યાય છે એ વ્યવહારધર્મ છે. નિર્મળ પર્યાય છે એ વ્યવહારધર્મ છે. પૂર્ણ નિર્મળ પર્યાય એ એનું ફળ છે, બસ. સમજાણું કાંઈ?

આવી વાત છે. ...ભાઈ! ઊભા છે બધા. મુંબઈના બે વાંચનાર છે. કાંતિભાઈએ હવે નિવૃત્તિ લીધી છે. સમજાણું આમાં? શું કહ્યું આમાં? ભીખાભાઈ! વ્યવહાર કોને કહ્યો? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવી એ વ્યવહાર અને એનું ફળ મુક્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ વ્યવહાર છેને. પર્યાય છે તે વ્યવહાર છે. એ તો રાગનો વ્યવહારનો આરોપ રાગને આવે છે એ અપેક્ષાએ પર્યાયને મોક્ષમાર્ગને નિશ્ચય (કહે), માર્ગને નિશ્ચય તરીકે, પણ એ પર્યાય તરીકે જે છે એ દ્રવ્યની અપેક્ષાએ તો પર્યાય છે, વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય એ છે તો વ્યવહાર દ્રવ્યની અપેક્ષાએ, પણ એની સાથે ઓલો રાગ છે એને આનો આરોપ એને અપાય છે (કે) એ પણ મોક્ષમાર્ગ છે. પણ આ હોય તો એને અપાય છે. એટલે એની અપેક્ષાએ ઓલાને નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો. માર્ગની પર્યાયને નિશ્ચય, માર્ગની અપેક્ષાએ નિશ્ચય કહ્યો છે. ત્રિકાળની અપેક્ષાએ તો પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી મગજમારી.. એ તો એના ઘરની વાત છે, પણ હવે એણે કોઈ દિ' અભ્યાસ કર્યો નહિ, વિચાર્યું નહિ અને જાણવાની દરકાર જરૂરિયાત છે એમ કદી માની નહિ. સમજાણું કાંઈ?

'**(જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું...**' આત્મ ઉપલબ્ધિ આવી હતીને? નિયમસારમાં. આત્મ ઉપલબ્ધિ એ ફળ છે, મોક્ષના માર્ગનું ફળ છે. ત્યાં એમ આવ્યું છે. આત્મ ઉપલબ્ધિ માર્ગનું ફળ છે. એમ આવ્યું હતુંને ત્યાં? માર્ગ અને માર્ગનું ફળ એમ વર્ણવતા ત્યાં એમ આવ્યું હતું. અને ઘણે ઠેકાણે એવું આવે છે. આત્માની ઉપલબ્ધિ એ મોક્ષ એટલે કે પર્યાયમાં પૂર્ણતા એનું નામ મોક્ષ. એમ. કહો, સમજાણું કાંઈ? '**અથવા પોતાના સ્વરૂપનું પામવું...**' એટલે કે જે સ્વરૂપ આત્મા છે એની દશાની પૂર્ણતાને પામવું એ વ્યવહાર ધર્મના મોક્ષમાર્ગનું, પર્યાયનું એ ફળ છે. '**બીજી જગ્યાએ પણ કહ્યું છે કે :—**' લ્યો આ તકરારના વાંધા. આમાં વાંધા, બારમામાં વાંધા, આ શ્લોક આવે એના વાંધા.

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''

'**અર્થ :- આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો...**' વીતરાગ માર્ગની પરિણતિને પ્રવર્તાવવા ચાહતા હો. આહા..હા..! '**વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો;...**' પર્યાય છે એ નથી એમ ન કહો. વ્યવહાર પર્યાયના ભેદ છે એ નથી એમ ન કરો, અભેદથી ઉપદેશ નહિ થઈ શકે, ધર્મનો ઉપદેશ નહિ થઈ શકે, ઉપદેશનું વાચ્ય પર્યાય આદિ છે એ પણ અસ્તિપણે સિદ્ધ થઈ શકશે નહિ.

સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં તો એમ લીધું. ઓલા વ્યવહારના આશ્રયનું આવે છેને જ્યાં, ત્યાં એમ કે કોઈ શ્રદ્ધાના ઓલામાં ફેર પડે અન્યમતિની સાથે, તો વ્યવહાર વિનાનો ભેદથી સમજાવાશે નહિ. .. માટે વ્યવહાર .. છે. ..મૂક કહ્યું. .. એ તો બોલ્કો વ્યવહાર છે. ઓલો નિશ્ચય ક્યાં બોલ્કો છે? .. કર્યો હતો. પંચાધ્યાયીમાં એ કર્યો. ... ઈશ્વર એટલે કોણ? કે આત્માની પૂર્ણ પર્યાય પ્રાપ્ત થાય તે. એ ભેદ આવ્યો પાછો. સમજાણું કાંઈ?

શંકા સમાધાનમાં વ્યવહારનો આશ્રય ન હોય તો એ સમજાવી શકાય જ નહિ અને વ્યવહાર જ નિશ્ચયને સમજાવે છે એમ આવે છે કે નહિ? આઠમીમાં આવી ગયું. સમજાણું કાંઈ? એ વ્યવહાર સમજાવે છે એવો વ્યવહાર જ જો ન હોય તો સમજાવી શકાય જ નહિ, ઉપદેશ થઈ શકે નહિ, જ્ઞાનમાં પણ એ જાતનું આમ કહેવું છે એ જ્ઞાન જ એવું નહિ થઈ શકે. સમજાણું કાંઈ? લ્યો! ભગવાન! .. નથી. ઉપદેશની પર્યાયનો ભાવ સમજાવવો છે એ પર્યાયને સાબિત નહિ કરી શકાય જો વ્યવહાર ન હોય તો. સમજાણું કાંઈ? આવું માને, આવું જાણે એને ધર્મી કહીએ. આવું માને એવું ન માને એને અધર્મી કહીએ એ બધો ભેદ વ્યવહારથી છે. સમજાણું કાંઈ? આઠમીમાં આવી ગયું. જ્ઞાન તે આત્મા. ભેદ પાડીને સમજાવવું છે શું? વ્યવહાર ન હોય તો સમજે? આ જ્ઞાન તે આત્મા એ નહિ સમજાવી શકાય. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે.

ભેદરૂપ વ્યવહાર ન હોય કે પર્યાય ન હોય તો આ રીતે સમજાવી શકવાનું અને એને સમજવાનું પણ રહેતું નથી. વ્યવહારથી નિશ્ચયમાં જાવું છે. વ્યવહારને અનુસરવો નથી, પણ વ્યવહાર સમજવાનો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. એથી એમ કહ્યુંને વ્યવહાર પોતાને દઢપણે સ્થાપે છે. છે એમ એટલું હોં! પણ આ કહે વ્યવહાર છે માટે વ્યવહારથી લાભ થાય છે. આ મોટો ફેર છે. આટલી વાત છે. વ્યવહાર ન હોય તો તીર્થનો લોપ થાય. ત્યારે ઓલા કહે જુઓ વ્યવહાર કરવાથી ધર્મ તીર્થ થાય. એમ અહીં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આહા..હા..! ભાઈ! આ તો .. મોક્ષપર્યાયની સાબિતી ભેદ સિદ્ધ જ નહિ થઈ શકે. ભેદ છે પર્યાયનો દ્રવ્યમાં, ગુણસ્થાનભેદ. એક જીવમાં બે ભેદ પાડવા કે આ સંસાર અને સિદ્ધ એ વ્યવહાર ન હોય તો સાબિત થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો. જાણવાલાયક છે. આહા..હા..!

**'જો તમે જિનમતને પ્રવર્તાવવા...'** એટલે વાસ્તવિક વસ્તુ છે દ્રવ્ય અને પર્યાય, અભેદ અને ભેદ. એ રીતે જેને પ્રવર્તાવવું હોય તો **'વ્યવહાર અને નિશ્ચય—એ બન્નેને નયનો ન છોડો;...'** એનો અર્થ એમ કરી નાખે, વ્યવહારને હેય ન માનો. ન છોડોમાં એમ કરી નાખે. એમ નથી અહીં. સમજાણું કાંઈ? વ્યવહાર નથી તો વ્યવહાર છોડ્યો કહેવાય એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારને હેય માન્યો માટે વ્યવહાર છોડ્યો છે એમ નહિ.

જ્ઞેયમાં તો એ છે. પણ હેય છે એમ. પણ હેય પણ છેને? સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! શબ્દે શબ્દે વાંધા. તત્ત્વની વાત એવી છેને.

'**કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...** ' ગુણસ્થાનભેદ સિદ્ધ નહિ થાય, પર્યાય પોતે સાબિત નહિ થાય, પર્યાય વ્યવહાર છે. બે પ્રકારના દ્રવ્ય—નિશ્ચય અને પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં તો ચોખ્ખું કીધું. પર્યાય કહો કે વ્યવહાર કહો કે ઉપચાર કહો. એમ કીધું છે લ્યો! .. આમાં શું કીધું? એમાં તો એમ લીધું છે કે વ્યવહાર ન હોય તો આ તીર્થ નથી, એટલે ક્રિયામાં નથી એમ અર્થ કર્યો છે અને પાછું લખ્યું છે કે નિશ્ચય ન હોય... સમજાણું? વસ્તુ તો એ છે. એમ લખ્યું છે ભાઈએ. વસ્તુ તો એ છે. નિશ્ચયનો અર્થ એ વસ્તુ છે એમ. વસ્તુ તો એ છે. '**નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.**' જુઓ, કહે છેને? '**एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं**' અન્ય જો ન હોય તો તત્ત્વ.. વસ્તુ તો ત્યાં છે. સમજાણું? અહીં એ છે. '**अण्णेण उण**' અનેરી નયનો વિષયને જો કાઢી નાખીશ, વસ્તુ તો ત્યાં છે, વસ્તુ જ ત્યાં છે. પાછું પર્યાયમાં વસ્તુ એમ નહિ. વસ્તુ છે આમ છે એને જાણવાલાયક છે. ઓલી તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

આવે છેને? ૩૨૦ ગાથા. હું અખંડ, અભેદ, અચળ છું. .. છે તો પર્યાય. .... પહેલા .. સંજ્ઞા નથી ત્યાં એવું આવે છેને. .. થઈ ગયું. ધ્યાતા પુરુષ સદૈવ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણં નિજ પરમાત્મદ્રવ્યં સદૈવ અહં ઈતિ. તે હું છું. વસ્તુ આ છે. એમ પર્યાયમાં વિચાર. છેને છેલ્લું? .. અહં એમ. આ તે હું એમ. આ તે હું. વસ્તુ તો એ છે. કહો, ચંદુભાઈ! એમ અહંભાવનું... ભાવે છે તો પર્યાયમાં પણ પર્યાયમાં એમ કહે છે કે આ હું છું. ઓલામાં એમ આવ્યુંને? ભાઈ! પંચાસ્તિકાય. આત્મદ્રવ્યલાભ. દ્રવ્ય આત્મલાભ એમ છે. આત્મદ્રવ્ય નહિ. દ્રવ્ય આત્મલાભ. દ્રવ્યમાં સ્વરૂપની હયાતી... પાછી પર્યાયની હયાતી ત્યાં ન આવી. દ્રવ્યના સ્વરૂપની હયાતી. હું નિજ પરમાત્મદ્રવ્ય સદૈવ અહં. હું તો અખંડ જ્ઞાયકભાવ. સકળ. ધ્યાતા પુરુષ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણં, નિજ પરમાત્મદ્રવ્ય સદૈવ અહં ઈતિ ભાવયતિ ન ખંડજ્ઞાનં ઈતિ ભાવાર્થ. આમાં એમ છે જુઓ! '**अण्णेण उण तच्चं**' એમ લીધું છેને? તો નિશ્ચય કાઢીને આખું તત્ત્વ જ એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ તો એ છે. પર્યાયને સ્વીકાર પણ આનો કરવાનો છે. પર્યાયને પર્યાયનો સ્વીકાર નહિ, એ તો જાણવાલાયક છે. સમજાણું કાંઈ? જો નિશ્ચય જશે તો વસ્તુ જ નહિ રહે અને વ્યવહાર નથી એમ કહો તો પર્યાયની સિદ્ધિ જ નહિ થાય કોઈ રીતે. આહા..હા..!

એમ કહે છે લ્યો. આનો અર્થ ફેરાફર કરી નાખે. શું કીધું? જેઠાભાઈ! શું બરાબર? '**अण्णेण उण तच्चं**'નું શું કીધું? ... એ તત્ત્વ છે એમ કહેવું છે અહીં તો. વસ્તુ જે છે ત્રિકાળ એ જ તત્ત્વ છે, એ જ દ્રવ્ય છે અને એ જ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ... આ ચોથી છે, આ પાંચમી છે, આ છઠ્ઠી છે એ ભેદ માટે વ્યવહાર છે એમ માનવું. માનવો. એ દાખલો પાછો ઓલો ૪૬નો આપે. જો વ્યવહાર ન હોય તો આમ થાશે. પણ એનો અર્થ શું? કે વ્યવહાર છે એમ. વ્યવહાર નથી એમ નહિ. પણ વ્યવહાર જાણેલો કાર્યકારી છે, આદરેલો કાર્યકારી છે એમ નહિ. સવારમાં કહે '**णियमेण य जं कज्जं**' એય..! '**णियमेण य जं कज्जं**' પર્યાય નિયમથી કરવાલાયક છે. પણ કરવાલાયક છે કોને લક્ષે? એનું લક્ષ એનો આશ્રય કરે ત્યાં છે. આશ્રય કર્યો એ જ કરવાલાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..! .. તત્ત્વ તો ત્યાં છે. .. વ્યવહાર ન જાણે તો તીર્થ નહિ રહે, ભેદ નહિ રહે. મોક્ષનો માર્ગ સાબિત કરવો કે મોક્ષમાર્ગ છે એ કોઈ રીતે સિદ્ધ નહિ થાય એટલી વાત ત્યાં લીધી છે અને નિશ્ચયને માનો તો વસ્તુ તો ત્યાં છે. સમજાણું કાંઈ?

એનો બીજો અર્થ શી રીતે થાય કહો? '**अण्णेण उण**' નિશ્ચય રહિત એનું ઊણું કરી કાઢી નાખ તો વસ્તુ જ નહિ રહે. વસ્તુ તો ત્યાં છે નિશ્ચયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બહુ વિરોધ આવ્યાને એટલે વધારે સ્પષ્ટ થાય છે. નહિતર ઓઘે-ઓઘે ચાલતું હતું. બહુ સ્પષ્ટ કરવાની કાંઈ જરૂર પડતી નહોતી. ... આવ્યા છેને. .. નથી ભાઈ! આહા..હા..! નિશ્ચય જો ન માન તો જૈનમાર્ગમાં પ્રવર્તવું હોય તો વસ્તુ નહિ રહે. વ્યવહાર ન માન તો ઉપદેશમાં ભેદની સ્થિતિ બતાવતા ભેદપણું જ નહિ રહે. આહા..હા..! ચૌદ ગુણસ્થાન છે, કેવળજ્ઞાન છે, મતિજ્ઞાન છે, અજ્ઞાન છે, અજ્ઞાન ટળે છે, જ્ઞાન થાય છે, આ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જયંતિભાઈ! સમજાય છે આ? આવો માર્ગ છે આ. જ્યાં હતા ત્યાં નહોતું આ. વસ્તુ નથી, બાપુ શું થાય?

એ માર્ગ જ આવો છે. વીતરાગનો માર્ગ જ આવો છે ભાઈ! તારો માર્ગ આવો છે. વીતરાગ એટલે તારો માર્ગ આવો છે. તું પોતે નિશ્ચયમાં તું રહેતો નથી. વ્યવહાર ન હોય તો મોક્ષના માર્ગની પર્યાય સિદ્ધ થતી નથી. વ્યવહાર આમ છે, ... આમ વાત છે. આહા..હા..! ગજબ કામ કર્યા છે આચાર્યોએ! વાતને, અનુભવને એવી સહેલી શબ્દની શૈલીમાં (મૂકી છે). આ ... છે. ... છે એટલે? ક્ષયોપશમમાં પણ બલિહારી છે. આહા..હા..! વસ્તુને જે રીતે છે એમ નયોને બતાવવાના શબ્દો પણ એવા જ છે, પર્યાયમાં છે કે આમ હું કહીશ. એમ હતુંને ભાઈ! હું આમ કહીશ. વાણી પણ એને અનુસારે જે કહેવાનો ભાવ છેને એ અનુસારે વાણી નીકળે છે. ... ધારા પણ એવી જ રહેશે અને વચનધારા પણ એ જ રીતે અનુસરીને પરિણમશે. પોતાને કારણે હોં સ્વતંત્ર પાછું. આહા..હા..! ધન્ય વાત છે! .. કહે છેને સવારે.

.. આ જગત એટલે આ તો અલૌકિક વાત છે એમ. ઓલી તો બહારના જગતની વાત છે. આહા..હા..!

‘**કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...**’ પર્યાય જ નહિ રહે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મને માનવાની પર્યાય, જ્ઞાનમાં જાણવાની પર્યાય એ પણ નહિ રહે વ્યવહાર ન હોય તો. સમજાણું કાંઈ? ‘**અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.**’ એટલે કે નિશ્ચય છે તે તત્ત્વ છે એમ કહેવું છે. તત્ત્વ તે એનું નામ તત્ત્વ રાખ્યું ‘**अण्णेण**’ એટલે નિશ્ચય ન માનો તો તત્ત્વ જાશે, વ્યવહાર ન માનો તો ભેદ જાશે. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? હે ભવ્ય જીવો! એમ કહેવું છેને. ... નો અર્થ કો'કને કહે છેને. ભાઈ! તું વીતરાગભાવ, વીતરાગમાર્ગ પ્રવર્તાવવા ચાહતો હો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયને ન છોડો. બે નય છે, બે નયના વિષય પણ છે. નય તો જ્ઞાનનો અંશ છે. એનો વિષય છે કે નહિ? છે જ્ઞાનનો કણો, નય છે તે વિષયી છે. એનો સામે ધ્યેય એ એનો વિષય છે. વ્યવહારનયનો વિષય ભેદ છે. નિશ્ચયનો વિષય આખું તત્ત્વ છે, વસ્તુ છે. સમજાણું કાંઈ?

‘**નિશ્ચયનય વિના તત્ત્વનો નાશ થઈ જશે.**’ એટલે કે તત્ત્વ વસ્તુ છે એ જ નહિ રહે દૃષ્ટિમાં. નાશનો અર્થ? નિશ્ચય ન હોય તો વસ્તુ તારી દૃષ્ટિમાં નહિ રહે. વસ્તુ અવસ્તુ થઈ જશે. એમ તો કોઈ દિ' થાતું નથી. આહા..હા..! કારણ કે વસ્તુ ત્યાં છે, નિશ્ચયમાં વસ્તુ છે. એ ન હોય તો વસ્તુ નહિ તારી દૃષ્ટિમાં, તો વસ્તુનો અભાવ થઈ જશે. થઈ રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ વાત થઈ ગઈ આ તો. અમારે હીરાભાઈ ખુશી થયાને. હીરાભાઈ રોકાણા બરાબર ટાણે રોકાણા છે. આ હરખ જમણમાં આવ્યા છે. આહા..હા..!

ભાઈ! બે વાત કરી—કે ભગવાને તીર્થ અને તીર્થનું ફળ એમ બે વાત કરીને પહેલી. એ વ્યવહાર છે. વસ્તુ તો વસ્તુ છે. એમાં ક્યાં તીર્થ અને તીર્થનું ફળ એવો ભેદ પર્યાયનો છે નહિ, એ તો અભેદ છે. જો વ્યવહાર ન માનો તો તીર્થ નામ તરવાના ઉપાયની હયાતી અને એના ફળની હયાતી સિદ્ધ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? અહીં એનો સરવાળો કર્યો કે વ્યવહાર ન માનો તો ભેદ નહિ રહે, તીર્થનો નાશ થઈ જશે. સમ્યગ્દર્શનનો પર્યાય એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? અને જો નિશ્ચય ન માનો તો વસ્તુ તો ત્યાં છે. સમજાણું કાંઈ? ઓલો તો અંશ છે, વસ્તુ તો અહીં છે. આહા..હા..! મુખ્યપણે જ આ છે. નિશ્ચય એ જ વસ્તુ છે એમ અહીં તો સિદ્ધ કરવું છે. ભાઈ! અહીં એ વાત છે. ઓલી વસ્તુ છે પર્યાય એ પર્યાય છે એટલી વાત. ઝીણી વાત. વસ્તુનું સ્વરૂપ આ રીતે છે. સમજાણું કાંઈ?

'વ્યવહારનય વિના...' ત્રસ, સ્થાવરના જીવો, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય પર્યાયના ભેદ જ નહિ રહે. કોઈ નહિ રહે, કેવળજ્ઞાન ન રહે, તીર્થંકરપણું ન રહે, સિદ્ધપણું ન રહે. બધી પર્યાય છે એમ કહે છે. તીર્થ વ્યવહાર માર્ગનો નાશ થઈ જશે. પણ એનો અર્થ એવો કે વ્યવહારથી મોક્ષનો માર્ગ વ્યવહાર છે, એનાથી કર્મની મુક્તિ થાય, એમ નથી. સમજાણું? એ બેય વ્યવહાર છે. તીર્થ અને તીર્થનું ફળ. ભેદો પડે છે એ વ્યવહાર છે એટલું સાબિત કરવું છે. સમજાણું કાંઈ? અને આ શ્લોકમાં એમ કહે કે વ્યવહાર ન માનો તો ભેદ જ પર્યાયનો મોક્ષમાર્ગ અને મોક્ષનું ફળ અને બંધનો અભાવ એ કાંઈ સિદ્ધ નહિ થાય. કાંઈ એનો વિષય જ નહિ રહે. કાંઈ ન રહેને ઉપદેશ શું. દેવ-ગુરુ-ધર્મ નહિ રહે, દેવ-ગુરુ-ધર્મને જાણવા, માનવા એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ઠીક પણ વજન અહીં આવે છે વધારે. એકને જો ઉણો કરી નાખીશ નિશ્ચયને (તો) વસ્તુ નહિ રહે. તત્ત્વ જ નહિ રહે. તત્ત્વ તો ત્યાં છે નિશ્ચયના વિષયમાં. એ કહ્યુંને ઓલામાં સદૈવ અહં ઇતિ. ૩૨૦માં પણ એમ નથી કહ્યું કે પર્યાય તે હું. આ હું. અથવા એ હું. ભલે પર્યાય કહે છે પણ એ પર્યાય એમ કહે કે આ હું. આહા..હા..!

મુમુક્ષુ :- પણ એ પોતાના પર્યાયપણાનો નિષેધ કરીને...

ઉત્તર :- નિષેધનો અર્થ એ કે એ પર્યાય નિષેધ .. આ પર્યાય એમ જાણે છે કે આ હું એમ. આ હું વસ્તુ છું. માટે વ્યવહાર-નિશ્ચય બેય જ્ઞાન કરવા લાયક છે. ઓહો..હો..! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૫, બુધવાર, તા. ૨૨-૧૨-૧૯૭૧
## ગાથા-૧૨, પ્રવચન-૪૭

૧૨મી ગાથા. છેલ્લો કળશ થઈ ગયો. કહ્યુંને કળશનો અર્થ થઈ ગયો. ભાવાર્થ બાકી છે. ફરી વાર કહે છે.

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''

'અર્થ :- આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે...' વીતરાગ મતને, વીતરાગ

અભિપ્રાયને, વીતરાગ માર્ગને '**પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો;...**' હવે એનો અર્થ શું? '**કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...**' વ્યવહાર એટલે જે દ્રવ્યની વર્તમાન પર્યાય ભેદરૂપ પર્યાય છે એ તો વ્યવહાર છે, જો વ્યવહાર ન માને તો ભેદરૂપ પર્યાયનો નાશ થઈ જશે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિની વાત છે.

ઉત્તર :- અહીંયાં તો સમ્યગ્દર્શન સહિત હોય એને પણ વ્યવહાર માનવો જોશે એમ કહે છે. ન માને તો એ પર્યાય રહેશે જ નહિ. અજ્ઞાનીની ક્યાં વાત? સમજાય છે કાંઈ? આત્મા... પર્યાયમાં ભેદરૂપ અવસ્થા છે અને પ્રરૂપણ પણ ભેદથી નિશ્ચયનું કરાય છે. જો વ્યવહાર ન માને તો એની પ્રરૂપણાનો ઉપદેશ જ થઈ શકશે નહિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિની પર્યાયો એ પણ ભેદ અને વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર ન માનો તો તો એ પર્યાય જ રહેશે નહિ.

મુમુક્ષુ :- પર્યાય શું કામની? ત્રિકાળ દ્રવ્યનું કામ છે.

ઉત્તર :- ત્રિકાળનું કામ કોને છે? ત્રિકાળનું કામ કોને છે? પર્યાયને છે. ત્રિકાળનું કામ ત્રિકાળને છે? સમજાણું કાંઈ? આમાં ગોટા વાળે છેને ઘણા. વ્યવહાર માનો, વ્યવહારથી થાય. એ વ્યવહારથી થાય એની અહીં વાત નથી. વ્યવહારનો વિષય છે. નય છેને? એનો વિષય છે.

મુમુક્ષુ :- ચોથે ગુણસ્થાનથી?

ઉત્તર :- ચોથેથી માંડીને બધે એ વ્યવહાર બારમા સુધી છે.

મુમુક્ષુ :- બધાય જીવોને ચોથેથી બારમા સુધી?

ઉત્તર :- બધા જીવોને સાધકની વાત છે અહીં. આત્મા પર્યાયને સ્વને આશ્રયે પામે, પણ સ્વનો આશ્રય પામે ત્યારે પર્યાય ક્યાં પૂર્ણ થઈ ગઈ છે? એ પર્યાયનું જ્ઞાન કરાવવા અને પર્યાયની અસ્તિ સિદ્ધ કરવા વ્યવહારનય પ્રયોજનવાન છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વ્યવહારનયનું શું કામ છે?

ઉત્તર :- આવ્યું નહોતું? વ્યવહારનય પહેલેથી કીધું છે. વ્યવહારનય સ્થાપે છે પોતે. દઢપણે સ્થાપે છે કે હું છું. છું તરીકે હોં એટલું બસ. સમજાણું કાંઈ? જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય એ પણ વ્યવહાર છે, નિશ્ચયની અપેક્ષાએ તો ભેદ છે, વ્યવહાર છે. આહા..હા..! એને તો ખરેખર પરદ્રવ્ય કીધું છે. એ જો ન હોય તો પર્યાયનું કાર્ય જ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અત્યારે આપ બીજી રીતે કહો છો.

ઉત્તર :- રીત એ જ કીધી હતી, પહેલી કીધી હતી. કહો, સમજાણું? આ તો વધારે

સ્પષ્ટ થાય છે. વ્યવહાર પર્યાય છે. પર્યાય નથી? એમ કહ્યું હતું? ભેદ નથી? તીર્થ નથી? તરવાનો ઉપાય આદિ બધો ભેદ વ્યવહાર છે. સમજાણું કાંઈ? જો વ્યવહાર ન માનો તો વ્યવહારમાર્ગનો તીર્થ(નો), વ્યવહાર તીર્થ એટલે વ્યવહારમાર્ગ, એનો નાશ થઈ જશે.

મુમુક્ષુ :- વ્યવહારમાર્ગ એટલે શું?

ઉત્તર :- મોક્ષનો માર્ગ પર્યાય. સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ એ પર્યાય છે, વ્યવહારમાર્ગ છે. નિશ્ચય તો વસ્તુ છે. સમજાણું કાંઈ? અરેરે! અનંતકાળના જન્મ-મરણના દુઃખો મટવાનો તો આ એક જ ઉપાય છે. એ પર્યાય છે તેમ પર્યાયને માનવી, જાણવી અને કથંચિત્ વ્યવહાર તે પૂજ્ય પણ છે. ન હોય તો દેવ-ગુરુ-શાસ્ત્ર પૂજનીક છે એ વાત રહેશે નહિ. સમજાણું કાંઈ? વ્યવહારે વ્યવહાર પૂજનીક છે. એમ ન હોય તો નમો અરિહંતાણં કરવાનો પ્રસંગ નહિ રહે એને. અને ભગવાનની વાણી ઉપદેશ કરે છે, એ વાણીમાં આ છે, ત્રિલોકનાથ પરમાત્માનું અસ્તિત્વ આ છે એ બધું શ્રદ્ધામાં લેવું એ તો વ્યવહાર છે. કહો, સમજાણું કાંઈ? પણ એ વ્યવહાર બતાવે છે કોને? વ્યવહારનો ઉપદેશ અને એ પર્યાય આ છે એ એમ સિદ્ધ કરે છે કે એક વસ્તુ સામી બીજી છે. વસ્તુ આખી હોં! સમજાણું કાંઈ? ઓહો..હો..! ગમે તેટલી કષાયની મંદતાની ક્રિયા કરો, શાસ્ત્ર ભણો, પણ વસ્તુની દૃષ્ટિ વિના પર્યાયની પ્રાપ્તિ શુદ્ધની એને નહિ થાય કોઈ દિ'. સમજાણું કાંઈ? ત્યારે કહે એ વસ્તુની જે દૃષ્ટિ છે એ જ પર્યાય છે, ભેદ છે.

મુમુક્ષુ :- વસ્તુદૃષ્ટિ પોતે પર્યાય છે?

ઉત્તર :- પોતે પર્યાય છે દૃષ્ટિ. એનો વિષય દ્રવ્ય છે. ચેતનજી! સવારે તો એ જ આવ્યું નહિ? જ્ઞાન-દર્શન અને ચારિત્ર મોક્ષનો માર્ગ છે. ભલે ત્યાં આગળ મુખ્ય-ગૌણ ન કહ્યું? પણ એનો અર્થ છે કે જ્યાં આગળ જ્ઞાન આત્માનું કરવું છે એને તો અંતરમાં વળવું છે એટલે બહારની પર્યાયોને ત્યાં ગૌણ કરીને અંતરમાં વળવું છે. પણ ગૌણ કરી એ વસ્તુ છે કે નહિ? સમજાણું કાંઈ? વસ્તુ છે. નિશ્ચય પર્યાય વ્યવહારનો વિકલ્પ એ બધો વ્યવહાર છે. એ વ્યવહાર જો નહિ હોય તો તો થઈ રહ્યું. તું સમજ અને સમજવાનું કામ કર અને સમજણ કર અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માન ને છ દ્રવ્યને માન એ કોઈ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- પણ એનું શું કામ છે?

ઉત્તર :- કામ તો એ જ. કામ કરનાર તો એ છે. શું કામ? આહા..હા..! કર્તવ્ય તો કામ તો ઈ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આશ્રય કરવાલાયક નથી એક જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ? એનું અવલંબન કરવાલાયક એ જુદી વસ્તુ નિશ્ચયથી. પણ વ્યવહારે વ્યવહાર ન હોય તો નિશ્ચય જ હોય નહિ. જે વસ્તુનો ભેદ છે એ ભેદ જ ન હોય તો વસ્તુ ક્યાં રહી અભેદ? કોનો ભેદ? સમજાણું કાંઈ? આવી વસ્તુ છે, ભાઈ! વાદવિવાદ

કરે તો કાંઈ પાર પડે એવું નથી. વસ્તુસ્થિતિ આવી છે. ભગવાન આત્મા... પછી કહેશે નિશ્ચયની વાત તો. અહીં તો તીર્થ જ નહિ રહે. શ્રાવક શ્રાવિકાનો નિર્મળ પર્યાય એ તો વ્યવહાર છે બધો. પરમાર્થ તો ત્રિકાળી ચીજ છે. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ જો પ્રવર્તાવવા માગતા હો તો વ્યવહારને વ્યવહાર તરીકે છે એમ બરાબર માનો. નહિતર એ વ્યવહારની પર્યાયનો લોપ થઈ જશે. સમજાણું કાંઈ? લોપ થતાં નિશ્ચય જેના લક્ષમાં છે એ લક્ષ જ નથી, વસ્તુ જ નથી તો નિશ્ચયનો લોપ થઈ જશે. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! કહો, છોટાભાઈ! આવું સ્વરૂપ છે વસ્તુનું.

આમાં કોઈ પક્ષને અવકાશ જ નથી. સત્યને શું પક્ષ હોય? સત્ય જ આવું છે ત્યાં. એને સમજાવવું કે જ્ઞાન, દર્શન, ચારિત્ર તે આત્મા એ પણ વ્યવહાર થઈ ગયો, ભેદ પડી ગયો. એ ભેદ ન હોય તો સમજાવવાની સ્થિતિ રહેતી નથી. સમજાણું કાંઈ? અને સમજનારને પણ ભેદ, આ જ્ઞાન-દર્શનવાળો આત્મા એવો જો ભેદ ન હોય તો એ પર્યાયને આ દ્રવ્ય છે લક્ષણનો કરનાર એ દ્રવ્ય જ રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! લક્ષણ અને લક્ષ, લક્ષણ એ પોતે જ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. નવનીતભાઈ! આવો માર્ગ બહુ ઝીણો.

અરે! સંસારના બાપુ એણે ક્યાં જોયા છે કંટાળાના દુઃખો. દુઃખ ગયા એને યાદ કરતો નથી. આહા..હા..! બે ઘડી માથુ ફાટતું હોયને અંદરથી. હાય..હાય.. રાડ નાખે. જુઓને ક્યાંક એ માં, ઓ માં કરતી હતી. પણ એલા અમે બેઠા છીએ, આ બહેન ઉભા છે અને આ તમે અત્યારે (રાડો પાડો). એ બિચારા દુઃખ આડે. નેમીદાસ. કંચનબહેન ગુજરી ગયાને. પૈસા સાત, આઠ, દસ લાખ. બાયડી-ભાયડો બે. શું કરે તારી ધૂળ ને પૈસા ને બંગલા, હજીરા? આહા..હા..! અરે! તારી પર્યાય ઉપર લક્ષ છે એ પણ ત્યાં શું કરે? શાંતિ ક્યાં આપે? સમજાણું કાંઈ? જેના ઉપર લક્ષ (આપવું) છે એ વસ્તુ છે કે નહિ? પર્યાય ઉપર, રાગ ઉપર લક્ષ છે એ વસ્તુ છે કે નહિ? એનું નામ વ્યવહાર છે. પણ કોને? જેને વસ્તુનો સ્વીકાર થયો છે એને આ વ્યવહાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવી ભાઈ રાડું પાડતા હતાને. ઓ..મા.. અંદરથી સડી ગયેલુંને બધું. શું કહેવાય આ? કેન્સર થઈ ગયેલું. નેમિદાસભાઈ આજે સાંજે આવવાના છે. બહુ પીડા. નેમિદાસભાઈ જોઈ શકે નહિ. કારણ કે બાયડી-ભાયડો બે જ ઘરમાં. ૩૫-૪૦ વર્ષથી બે જણા. દીકરો-દીકરી થયા નહિ. અને એ કંચન આવી પછી પૈસા થયા દસ લાખ. આમ પૈસા થયા, આમ કંચન બાઈનું નામ કંચન એટલે આમ બેય રીતે ભેગું થઈ ગયું. એ રાડ પાડે તો એનાથી જોવાતું નહોતું. ખાટલા પાસે કહે આમ સામે ઉભા રહો. ભાગી જાય, બહાર ભાગી જાય પછી રોવે. અરેરે...! ભાઈ! એ શું છે એ? એ શરીરની અવસ્થામાં હું છું, આ મને થાય છે એ માન્યતા તેને દુઃખરૂપ

હતી. વસ્તુની સ્થિતિ દુઃખરૂપ નથી. આ તો વસ્તુ જડની અવસ્થા છે આ તો. પણ દૃષ્ટિ જ્યાં આત્મા કોણ છે અંદર? અરે! મારું હોવાપણું, પરથી તો જુદો છું, પણ રાગથી જુદો અને એક સમયમાં પણ હું આવ્યો નથી. મારી પૂંજી તો એક સમયથી બહાર રહી ગયેલી છે. સમજાણું કાંઈ? અરે! એણે હરિના ભજન ન કર્યા, રાગના કર્યા.

હરિ ભગવાન આત્મા. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનાર એવો. આવે છેને ભૂતાર્થ? એ તો ધ્વંસિ છે પરનો. રાગના ભાગનો ધ્વંસિ સ્વભાવ. સ્વભાવ એવો છે એનો ભગવાન! એ ધ્વંસિ છે એ પર્યાય છે, વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈન વીતરાગના નયો સમજવા ભાઈ! આમ લાગે ઈન્દ્રજાળિયા જેવા લાગે. એક કોર એમ કહેવું કે ભગવાન આત્મા એમાં જ્ઞાન ને દર્શન, ચારિત્ર એના છે. હવે એ તો પર્યાય થઈ પાછી. વળી એક કોર કહેવું કે જે પર્યાય છે તે પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે. કઈ અપેક્ષાએ? ભગવાન! એ તો ત્રિકાળી એકરૂપ વસ્તુની અપેક્ષાએ આ સ્વ તો આ પર એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પણ અહીં તો બે એમાં ને એમાં સિદ્ધ કરવા છે કે પર એવો જે ....

મુમુક્ષુ :- એના એ દ્રવ્યમાં છે?

ઉત્તર :- એના દ્રવ્યના અંશમાં જ છે. દ્રવ્યમાં નહિ પણ એના અંશમાં પર્યાયમાં છે. પ્રમાણનું દ્રવ્ય એમાં છે ઈ. આહા..હા..! પરની સાથે શું સંબંધ છે એને? હવે ઈ કહે છે, ધીમે ધીમે સંબંધ ઉડાવે છે, ફલાણું આમ કરે છે. અરે! ભગવાન! સાંભળ ભાઈ! આહા..હા..! એમ કે આ રાગ નિમિત્ત વિના રાગ થાય એમ કહે છે. ભાઈ! એ તો પર્યાયનો સ્વભાવ છે સ્વતંત્ર, પરને લક્ષે વિકાર પરથી નહિ પણ પરને લક્ષે સ્વતંત્ર કરે છે.

મુમુક્ષુ :- પરના આશ્રયે થાય છે.

ઉત્તર :- પરના આશ્રયનો અર્થ કે તું પરનો આશ્રય પોતે કરે છે ત્યારે થાય છેને? એ ક્યાં ત્યાં લક્ષ કરાવે છે અને આશ્રય કરાવે છે? આહા..હા..! અરે! ભાઈ! આહા..હા..! જન્મ-જરા-મરણના, આકુળતાની ભીંસમાં અનંત વાર ભીંસાઈ ગયો એ. ખબર નથી એને. આહા..હા..! એ ઢગલા પૈસાના હોય, આબરૂ સારી હોય, શરીર રૂપાળું હોય, પણ એક ક્ષણે જ્યાં બદલે... આહા..હા..! હાર્ટ ફેઈલ થઈ ગયું, ઢીંકણું થઈ ગયું. અત્યારે તો બહુ સાંભળીએ છીએ. આહા..હા..! આમ થઈ ગયું, હાર્ટફેઈલ એટલે બંધ થઈ ગયું બીજું શું? ગતિ કરતુ હતું. બંધ થવાનો કાળ હોય તો થાય જ તે એમાં શું છે? પણ એની પર્યાયમાં એને હું મરી જાઉં છું એ એનો ભ્રમ છે. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં હું મરી ગયો, મારું બધું ગયું. ક્યાં જાય? ભગવાન! તારી પર્યાય પલટે છે. એ પર્યાય પલટે છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? સંસારમાંથી સિદ્ધ થવું એ વ્યવહાર છે. આહા..હા..! જો વ્યવહાર ન હોય તો મોક્ષનો માર્ગ અને એનું ફળ કોઈ રીતે સાબિત નહિ થાય. સમજાણું કાંઈ? એ

આ વાત છે. એ વ્યવહાર ભેદ છે, પણ એ વ્યવહાર ભેદ ઓલાને બતાવે (છે)—વસ્તુને બતાવે છે. સમજાણું કાંઈ? અને નિશ્ચયનય વિના 'उण' છેને 'उण', **'अण्णेण विणा'** 'उण' એટલે એના વિના. તત્ત્વનો (નાશ થઈ જાય). વસ્તુ તો એ છે. આહા..હા..! ભેદ વિનાની જે વસ્તુ, નિશ્ચય ન હોય તો નિશ્ચયની વસ્તુ જે છે. એ તો તત્ત્વ છે, નિશ્ચય તો તત્ત્વ છે આખું. નિશ્ચય તો ભૂતાર્થ સત્યાર્થ પદાર્થ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ૧૧મી ગાથા આવી?

ઉત્તર :- ૧૧મી ગાથા આવી. એ તો ૧૧ની ૧૨ની સંધિ કરે છેને. બારમાં પર્યાય બતાવે છે ઓલાને રાખીને, ઓલાને રાખીને. સમજાણું કાંઈ? પોતે જો વસ્તુ નિશ્ચય ન હોય તો વસ્તુ તો ત્યાં છે નિશ્ચયમાં. પર્યાયમાં કાંઈ વસ્તુ નથી, એ તો અંશ છે. આહા..હા..! એ તો કેટલામાં ભાગનો અંશ? ઓહો..હો..! અનાદિ સાંત કાળ એથી સાદિઅનંત કાળ એ અનંતગુણો. એવા ત્રણકાળના અનંતમાં ભાગનો એક સમય, એક અંશ એ તો એક છે એટલી વાત છે. વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ?

પરમાત્મા પોતે જ આખો એ જ નિશ્ચય છે. જો તું નિશ્ચયને કાઢી નાખ તો આખા પરમાત્મદ્રવ્યનો જ નાશ થઈ જાય છે. પર્યાય જેનો આશ્રય લે છે એ વસ્તુ છે. જો નિશ્ચય ન હોય તો આશ્રયવાળી વસ્તુ જ આખીનો નાશ થઈ જાય છે. આશ્રય તો એનો લેવાનો છે. પર્યાયે, ભેદે આશ્રય એનો લેવાનો છે. સમજાણું કાંઈ? વસ્તુ અસ્તિ એક તત્ત્વ છે એમ કહે છે અહીં તો. પર્યાયને કાઢી નાખીને ઓલી વસ્તુ આ તત્ત્વ છે એમ કહે છે. આહા..હા..! વસ્તુ જે ધ્રુવ ભગવાન અનાદિ-અનંત છે, સત્ છેને? સત્ છેને? સત્ છે એ કોઈ દિ' અસત્ થાય? એનો અભાવ કોઈ દિ' થાય નહિ. અને સત્ છે એ કોઈ દિ' નવું ઉત્પન્ન થાય નહિ. છે એનો કોઈ દિ' અભાવ થાય નહિ. બસ, છે... છે... છે... એ જ વસ્તુ છે. આહા..હા..! જે લક્ષમાં લેવું છે એ વસ્તુ છે. લક્ષ લેનાર છે એ તો પર્યાય-ભેદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન એની લીલા જ એવી છે. ઓલી ઈશ્વરની લીલા કહે છે એમ નહિ. આ તો તારા ઈશ્વરની દ્રવ્ય અને પર્યાયની લીલા એની વાતું ચાલે છે, ભાઈ! આહા..હા..! ૪, ૬ મહિના, ૮ મહિના જ્યાં લંબાય વ્યાધિ.. અરે! કાયર થઈ જાય શું? છોકરો ૨૦ વર્ષનો જુવાન મરે તો લાંબુ તણાય તો એના મા-બાપને એમ થઈ જાય કે હવે ઝટ ખાટલો ખાલી કરે તો (સારુ). આહા..હા..!

મુમુક્ષુ :- બહુ દુઃખી થાય.

ઉત્તર :- બોલે છે દુઃખી, પોતાને રોકાવું પડે છે એ દુઃખી થાય છે. કારણ કે ક્યારે મરશે એમ પૂછવા આવશે ક્યારે મરી ગયો? એમ કહેવાય કે અમે સૂતા હતાને મરી ગયો. એય..! સુમનભાઈ! તમારા તારાચંદભાઈ કહેતા હતા, જોબાળિયા. ઓલા નહિં સોમચંદનો

દીકરો મગન-મગન. મગન. ઘણા વર્ષ થઈ ગયા હોં! બહુ વર્ષ થયા. એ બિચારો પરણેલો અને મુંબઈનું પાણી લાગેલું. દેહ (છૂટે નહિ), વ્યાધિ વધી જાય, છૂટે નહિ અને એમાં રોકાવું પડે બધાને. મને ખબર છે તારાચંદ આવીને બોલ્યા હતા કે અરે! મગન બહુ દુઃખી થાય છે. હેતુ એ કે આ કેટલા દિ' જાગવું? કોઈ પૂછે જો મરી જશે, આપણે સૂતા (હોય અને) મરી જશે તો ક્યારે મર્યો ત્યારે શું (કહેવું)? તમે આટલું ધ્યાન પણ ન રાખ્યું ઓલા મરનારનું? પોપટભાઈ! આહા..હા..! કહેતા હતા હોં ઈ. આહા..હા..! બહુ દુઃખી થાય છે હવે આથી તો છૂટી જાય તો આપણે દુઃખ જોવું મટે. આહા..હા..! અરે! પ્રભુ! તું શું કરે છે આ? એને ભેગી અગવડતા વેઠવી પડે છે એ એને દુઃખ થાય છે. ઉજાગરા થાય, વારાફરતી સૂવે તોપણ એવા જોવેને પાછા ચાર-ચાર કલાકે જાગનારા. એને સુવાડ્યો એ સૂઈ જાય તો આ પછી મરી ગયો ક્યારે? તો પછી કહેવું શું? આહા..હા..!

અહીં એવું થયું હતું ડોસાને. મરી ગયા તો ક્યારે મરી ગયા ખબર નથી અમને. આહા..હા..! કારણ કે બધા કાયર થઈ ગયા હોય તો સૂતા હોય. એમાં એક કોર પડ્યો હોય ઓલો. ગુજરી ગયા. લીંબડીમાં એક સાધુ હતા. અમે રહેતાને જોડે. ઘણા સમયથી હતા હોં! નવ મહિનાથી. ... પહેલાની વાત છે. ૮૭-૮૮. એક સાધુ ત્યાં હતો લીંબડીનો. કોણ જાણે શરીર સારું. એ રાતે સૂતા સૂતા ક્યારે મરી ગયો કોઈને ખબર નહિ. સવારમાં મને ખબર પડી. મેં કીધું .. કર્યા હતા. પછી તો વ્યાખ્યાન તો બંધ રાખવું પડેને. પડ્યો હતો ..શું થયું ક્યારે? કહે, અમને કોઈને ખબર નથી. માંદા નહોતા કાંઈ, માંદા નહોતા. રાતે કોણ જાણે શું એકદમ થઈ ગયું. ઉંહકારો કાંઈક કર્યો હતો ખરો. કહે ઉંહકારો. પણ ઉંહકારો સૂતા સૂતા કર્યો હશે એમ. ઉડી ગયો. આહા..હા..! પણ તત્ત્વ તે જુદી ચીજ છે. એને ને આને સંબંધ શું છે? પણ માની બેઠો છેને એ. ગળે વળગાડ્યો છે. શરીરને, પૈસાને, આને. આહા..હા..! પોપટભાઈ! એમાં વહાલામાં વ્હાલી બાયડી હોય અર્ધાંગના. અડધું અંગ એ અને અડધું અંગ આ. કાળા કેર કરે છેને. અર્ધાંગના એને કહે. અડધું એ અને અડધું બે થઈને એક. શું કરે છે તું આ? એઈ..! આહા..હા..! એવો પર્યાય જ્ઞાનીને પણ રાગાદિ હોય છે. એને કારણે નહિ. પણ નબળાઈને કારણે રાગ અને રાગનું જ્ઞાન એ બેય વ્યવહાર છે. સમજાણું કાંઈ? અને જો નિશ્ચય ન હોય તો તત્ત્વ તો એ છે. એમ કહે છે જુઓ.

'**નિશ્ચયનય વિના તત્ત્વનો નાશ થઈ જશે.**' એટલે નિશ્ચય ન હોય તો વસ્તુ જ રહેતી નથી. નિશ્ચય તે જ વસ્તુ છે એમ કીધું છે. આહા..હા..! કાયમ રહેનારી ચીજ એમને એમ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ તો નિશ્ચય છે. હવે તું નિશ્ચય ન માન તો વસ્તુનો જ અભાવ થઈ જાય છે. કારણ કે વસ્તુ તો ત્યાં છે. નિશ્ચયને કહેવું છે એ તો એ ચીજને બતાવવી છે. નિશ્ચયને કાંઈ પર્યાય ને રાગ એ બતાવવું નથી. સમજાણું કાંઈ? નિશ્ચય ન

માનો તો તત્ત્વ જ રહેતું નથી. કારણ કે નિશ્ચય એ જ તત્ત્વ છે, નિશ્ચય એ જ પદાર્થ છે. નિશ્ચય એટલે રહેનાર સત્યાર્થ તે જ વસ્તુ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હવે થઈ ગયું? ચેતનજી! અડધો કલાક તો થયો તમારો. આ તો એને જરી. મારા મનમાં પણ હતું હોં! મનમાં હતું એમ કે શ્લોક ફરીને લેવો થોડો.

મુમુક્ષુ :- .. આવ્યું હતું.

ઉત્તર :- આવ્યું હતુંને એક થોડું. '**अण्णेण उण तच्चं**' એના ઊણપમાં તો આખા તત્ત્વનો જ નાશ થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? માટે બે નયને જેમ છે તેમ એને જાણવી અને માનવી જોઈએ. પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એમ વ્યવહાર કહે છે એમ નથી. તેમ વ્યવહારનો જે શુભ ઉપયોગ છે એ કરવાલાયક છે એમ નથી. છે એટલું જાણવાલાયક છે એટલો વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે.**' આ સોનું-સોનું સોળ વલું. સોળ વલું કહે છેને સોનું? અહીં '**સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે...**' ત્રાંબાનો ભાગ, કથીરનો ભાગ જ્યાં સુધી હોય થોડો ત્યાં સુધી એને પંદર વલું, ચૌદ વલું કહેવામાં આવે છે. એની કાલિમાં રહે છે એમાં. '**તેથી અશુદ્ધ કહેવાય છે;...**' એ સોનાને પરસંયોગની અવસ્થાથી અશુદ્ધ કહેવામાં આવે છે. '**અને તાપ દેતાં દેતાં...**' અગ્નિ દે છેને સોનાને, આંચ આપે અગ્નિની. '**તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે...**' એનો છેલ્લો આંચ અગ્નિનો એને પહોંચે '**ત્યારે સોળ વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે.**' છેલ્લો તાપ થાય એટલે એ સોની જ પોતે કુરડીમાંથી આમ સોનું ઢાળી દે. લઈને ઢાળી દે. ... થઈ જાય. સમજાણું કાંઈ? '**તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે.**'

'**જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ...**' એટલે જેને સોનું મળી ગયું સોળ વલું, '**તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી...**' એટલે પ્રયોજન એટલે પંદર વલું છે નહિ એમ. એનો અર્થ એ. સોળ વલું થયું ત્યાં પંદર વલું વયું ગયું એમ કહેવું છે. સમજાણું કાંઈ? સોનાનું જ્ઞાન અને શ્રદ્ધાન તથા પ્રાપ્તિ. ઓલું ચારિત્ર લેવું છેને. છે તો અહીં સોનાની વાત હજી હોં. '**જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન,...**' સોનાના જ્ઞાનની વાત છેને અહીંયાં? આત્માની આવે પછી દાખલો આપશે. સોળ-વલા સોનાનું જ્ઞાન, સોળ વલા સોનાની શ્રદ્ધા અને સોળ વલાની પ્રાપ્તિ થઈ '**તેમને પંદર વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી...**' એટલે પંદર વાલ એને છે નહિ એમ એનો અર્થ. પ્રયોજન નથી એટલે પંદર વલું છે નહિ. આહા..હા..!

'**અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ...**' સોળ-વલું શુદ્ધ સોનું

એની પ્રાપ્તિ નથી થઈ '**ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન** છે.' એટલે પંદર વલુ ત્યાં સુધી છે. એમ. પ્રયોજનવાનનો અર્થ કે પંદર વલું છે એમ એણે જાણવું જોઈએ. કહો, સમજાણું કાંઈ? '**તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન** છે.' પ્રયોજનવાન પાઠ છે ખરોને. પ્રયોજનવાન એટલે જાણેલો પ્રયોજનવાન છે, જાણવામાં એ જરૂર છે, એનું જાણવું થાય છે. એનું પંદર-વલું છે એવું જાણવું થાય છે.

'**એવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. એ તો સોનાનો દૃષ્ટાંત થયો. '**આ જીવ નામનો પદાર્થ છે...**' આ જીવ નામનો પદાર્થ છે. જેમ સોનું છે એમ '**આ જીવ નામનો પદાર્થ છે...**' હવે સોનાને જેમ બીજા પરસંયોગની ચૂરી આદિને કાઢી નાખે એમ. '**તે પુદ્‌ગલના સંયોગથી...**' કર્મના નિમિત્તના સંયોગથી '**અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.**' પુદ્‌ગલના સંયોગથી. એનો સંયોગ કરે છે એનાથી. '**અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.**' કહો, પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રતાદિ ભાવો અનેક પ્રકાર એને હોય છે. '**તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' તેના સર્વ પરદ્રવ્યોથી ભિન્ન '**એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન,...**' એકરૂપ છું. જ્ઞાયકભાવ સ્વભાવ પરિપૂર્ણ છું, એવું માત્ર '**જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધા તથા આચરણરૂપ પ્રાપ્તિ—**' ચારિત્ર. '**એ ત્રણે જેમને થઈ ગયાં...**' જ્ઞાયકપણાનો સ્વભાવ જે ત્રિકાળ છે એનું જ્ઞાન થયું, એની શ્રદ્ધા થઈ અને એનું આચરણ થયું. '**તેમને તો પુદ્‌ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન નથી;...**' એટલે કે એ છે નહિ એમ. .. કથન શું કરે? એને કર્મના સંયોગવાળી દશા છે નહિ. જેને સોળ વલું થઈ ગયું, જાણવું શ્રદ્ધાન ચારિત્રમાં જ્ઞાન આત્મા, એને હેઠલી દશા સાધક છે નહિ. સાધક નથી એટલે જાણવાની પ્રયોજનવાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(કોઈ મતલબનો) નથી;...**' એનો અર્થ કે એને જાણવાની કાંઈ જરૂર નથી, એટલે કે જાણવાનો વિષય જ એને નથી. એમ. વિષય નથી પછી જાણવું કોને? આહા..હા..!

'**પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ થઈ નથી...**' પૂર્ણ શુદ્ધ થયો નથી '**ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે...**' ભેદવાળી પર્યાય છે. એમ. '**તેટલું યથાપદવી...**' તે તે પદવીને યોગ્ય, તે તે અપૂર્ણ શુદ્ધતા અને રાગાદિ પ્રયોજનવાળું એટલે તેને જાણવું છે, તેને જાણવું એ પ્રયોજન છે. સમજાણું કાંઈ? આવું તે ક્યાં...? હજી તો વ્યવહારના ઠેકાણા સમજવાના ન હોય એમાં આ પાછું આવો આત્મા ને આવો આત્મા. આહા..હા..! અહીં તો કહે છે કે જેમ સોળ વલું સોનું જેને પ્રાપ્ત થઈ ગયું એને પંદર, ચૌદ, તેર વલું તો છે નહિ. એટલે એને જાણવું એ કાંઈ રહેતું નથી. પણ જેને સોળ વલું પ્રાપ્ત થયું નથી એને નીચલી દરજ્જામાં એને છે તો સોનું હોં! પણ એની અવસ્થામાં પંદર વલું, તેર વલું છે તો એ છે એમ જાણવું જોઈએ. એ જેમ છે એમ એને જાણવું જોઈએ. તેર-વલાને

સોળ વલું માની લે? એમ. ભગવાન આત્મા એ પદાર્થ છે, વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ છે, એને કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલી અનેક ભેદવાળી દશા છે સમકિતીને પણ. સમજાણું કાંઈ? ધર્માત્મા જીવને પણ. એને પૂર્ણ થયો નથી એટલે એની વર્તમાન દશામાં શુદ્ધતા થોડી છે, અશુદ્ધતાનો અંશ પણ છે. બેયને અશુદ્ધ કહી દેવું અહીં તો. આહા..હા..! શુદ્ધની (પૂર્ણ દશા) થઈ નથી. જેટલું અશુદ્ધનયની વસ્તુ છે. કથન એટલે અશુદ્ધનયનો વિષય, ઉણી અવસ્થા અને રાગાદિ વિષય છે.

'**તેટલું યથાપદવી...**' ચોથા ગુણસ્થાનને યોગ્ય તે શુદ્ધતા અને અશુદ્ધતા. પાંચમાને યોગ્ય શુદ્ધતા-અશુદ્ધતા, છઠ્ઠાને યોગ્ય શુદ્ધતા અને અશુદ્ધતા. છઠ્ઠામાં પણ અથવા પાંચમામાં પણ ઘણો કાળ રહે એમાં શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ જે જે સમયે જેટલો જેમ છે તેમ તેમ જાણવું તે તેનું પ્રયોજન છે. આહા..હા..! આવો ધર્મ કરવો. આવું શું ભાઈ? જેને બુદ્ધિ ન હોય એને શું કરવું? બુદ્ધિ છે. કોણ કહે છે નથી? સંજ્ઞી પંચેન્દ્રિય ક્ષયોપશમ છે જ્ઞાનનો. સંસારના ડહાપણમાં કેમ વાતું મોટી મોટી કરે છે? કહો સમજાણું કાંઈ? એય..! ધીરૂભાઈ! મગની શું કહેવાય તમારી? મગફળી, ફલાણું ઢીંકણું ત્યાં ડહાપણ નહિ કરતા હો? ત્યાં સૌથી મોઢા આગળ કહે એમ આમ નહિ, ફલાણું નહિ, ઢીંકણું નહિ. અહીં. એ અમને જાણપણાનું અમને આવડતું નથી. અમે પહેલું કહીએ છીએ. આ તો વાત છે એક. ઘણાં હોય છેને. એવું જાણપણું બાપુ અમને કાંઈ ખબર પડતી નથી. સંસારના ડહાપણની બધી ખબર પડે કે આ વખતે આવો ટોન હોય ને આવો હોય ને આવો હોય એ બધી વાતું કરે. આવા ભાવ (હોય). વરસાદ ઘણો આવ્યો છે, પાક ઘણો છે, માલ આપણી પાસે છે, ઝટ વેચી નાખો. નહિતર પાછા ભાવ ઘટી જશે. હુકમચંદભાઈને વખાર ભરી હતી મગફળીની. આ વડીયા-વડીયા. પણ એણે એવા ઠેકાણે વેચી કે ઘણા પૈસા પેદા થયા અને બીજાએ રાખી કે હજી થાશે. ત્યારે બીજાને એમ થયું કે ઓય મારું આ શું? આ હુકમચંદભાઈને મહારાજે કાંઈક કીધું હશે? કારણ કે એણે વેચી નાખી પહેલી. વખારું ભરી હતી. મોટો વેપારી છેને એ તો. અને ઘરે ઓલું છે શું કહેવાય? ૫૦-૫૦ હજારના ખટારા. ખટારા છે મોટા. બરાબર એને ભાવ જ્યારે અમુક થયો ત્યારે વેચી નાખી અને બધાને અમને ખબર ન પડી. લ્યો ઠીક!

મુમુક્ષુ :- લાકડીમાં એવું છે.

ઉત્તર :- લાકડીમાં એવું છે લ્યો! આહા..હા..! એવું કર્યું હતું. એ છે વાત. એણે વેચી નાખી અને પછી એકદમ ભાવ ઘટી ગયો. ભાવ ઘટી ગયો ગામમાં વખારું ભરેલી ઘણાની એને ભાવ ઓછો થઈ ગયો. પણ એ તો એ વખતે એ પ્રકારના ભાવનો જેને ખ્યાલ હોય કે આ તો ઘટવા માંડશે. માલ ઘણો ભર્યો છે. વેચાતો નથી. એટલે ખ્યાલ આવે. એ ખ્યાલ

ન આવે એને? ત્યાં બધી ટોન છે ને આ છે ને તે છે. મારો ડાહ્યો કરે ડહાપણ બધું. અહીં જ્યાં આત્માની વાત કરે કે ઈ આપણને કાંઈ સમજાય નહિ. ત્યાં મૂર્ખાઈ કરે છે. ત્યાં મૂર્ખાઈ મોઢા આગળ મૂકે. અરે! ભગવાન! તું તો કેવળજ્ઞાન લેનારની તાકાત(વાળો). ખરેખર તો એ અપૂર્ણ રહે એવો એનો સ્વભાવ નથી. સાધકપણે રહે એવો એનો સ્વભાવ નથી. બાધકપણે રહે એ તો સ્વભાવ નથી. ભાઈ! શું કીધું સમજાણું? એનો સ્વભાવ બાધકપણે, અજ્ઞાનપણે રહે એવો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! અને સાધકપણે રહે એવો એનો સ્વભાવ નથી. પૂર્ણ છું એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એ શુદ્ધ પ્રાપ્તિ ન હોય ત્યાં સુધી એને અશુદ્ધનયનો જેટલો વિષય છે, જે પદવીને ગુણસ્થાનને યોગ્ય, તે તે તેને જાણવું જોઈએ. એમ. **'તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે.'** એટલે કે જાણવાની જરૂર છે. એમ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! સોનાનો દાખલો દઈને તો ઉતાર્યું છે આત્મામાં. હવે એણે સમજવું હોય તો સહેલું પડે એવો દાખલો (છે). દાખલો કાંઈ દાખલા માટે નથી. આહા..હા..! ઓલા રૂપાના ઓલા કરે છેને પાતળા નહિ? જતરડામાંથી કાઢે. તાર કાઢે. જોયા છેને. જોયું છે હોં આ બધું જોયેલું છે. ઝીણા-ઝીણા ઓલા હોયને. રૂપાના તાર કાઢવા હોયને ઝીણા ચાંદીના. જતરડામાંથી. જતરડામાં હોયને બહુ કઠણ પાતળો કરે. આમ કરે સોની.

મુમુક્ષુ :- નાનુ હોય એમાંથી...

ઉત્તર :- નાનું કાણામાંથી હોય જાડો સરિયો પણ હોય ઓલો પોચો ઉનો કર્યો હોય જરી. એમ અનંત વાર જતરડાના દુઃખમાં ગયો છે એ ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? એને કાઢવો હોય તો એણે ધીરજ રાખવી પડશે. આહા..હા..! જુઓને, ઓલો જાડો હોય તો એકદમ ન ખેંચે. હળવે.. હળવે.. ખેંચે તો થાય. ત્યાં ઓલી કોરનો ભાગ જાડો છે અને આની કોરનું કાણું નાનું છે. હળવે... હળવે... હળવે... પાતળું થતું જાય એમાં કાપી લે.

એમ ભગવાન આત્મા પર્યાયમાં રાગની અંદર અસ્થિરતામાં છે ત્યારે તેને તે પ્રકારે જાણવું જોશે અને સ્વભાવનો આશ્રય લઈને એને ટાળવું પડશે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ જતરડો કહે છે. શું કહે છે તમારે? જંતી. રૂપાના તાર કાઢે. સોનાના પણ કાઢે. આપણે રૂપાના જોયા છે. જોયા એ કહીએ ત્યાં સોનાના કોણે (જોય હોય)? નાના ગામડામાં સોનું કોણ વાપરે? ઉમરાળામાં. રૂપાના કાઢે. એમ ભગવાન આત્મા દ્રવ્યનો આશ્રય કરીને નિર્મળ પર્યાયને પરિણમે. એમાં અપૂર્ણતા હોય એને જાણે અને પર્યાય પણ અપૂર્ણ હોય એને જાણે. અશુદ્ધતા હોય એ પણ જાણે. જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો, કરેલો પ્રયોજનવાન છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ સમજાવવા માટે અનેક પ્રકારે આવે,

પણ વસ્તુ તો આ છે.

**'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની...'** બસ, આ ગાથાનો અર્થ અહીં પૂરો થાય છે. શું કીધું? ગાથાનો ભાવાર્થ છે તે અહીં પૂરો થાય છે. ૧૧ની સાથે ૧૨મી સંધિનો અહીં પૂરો થાય છે. હવે આ પોતે જ પોતાથી વાત કાઢે છે. જયચંદ્ર પંડિત. સમજાણું કાંઈ? નહિતર અહીંયાં જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિ થઈ નથી એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? જેને આત્મા અખંડ અભેદ ચિદાનંદ પ્રભુ પોતાનો જેવો હયાતીનો ભાવ જેટલી પૂંજી (છે) તેની તેણે પ્રતીત કરી. સમજાણું કાંઈ? એવી પ્રતીત થઈ, એનું જ્ઞાન થયું, એમાં કાંઈક સ્થિરતાનો અંશ પણ કાંઈક થયો, પણ પૂર્ણ સ્થિરતા થઈ નથી એથી એની દશામાં શુદ્ધતા નબળી છે અને અશુદ્ધતાનો અંશ પણ સાથે છે એ જાણેલો પ્રયોજનવાન છે. એમ બારમી ગાથાનો સાર અહીં આવી ગયો. સમજાણું કાંઈ?

હવે જયચંદ્ર પંડિત થોડો એના પહેલા પણ, સમકિત પામવા પહેલા પણ આવો વ્યવહાર એને હોય છે એને કરે છે એમ કહીને વાત વર્ણવે છે. ઉપદેશ શૈલીમાં શું આવે? સમજાણું કાંઈ? **'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન...'** ભગવાન આત્મા એનું જ્ઞાન અને એની શ્રદ્ધાની **'પ્રાપ્તિરૂપ...'** ભાષા દેખો. એવી રીતે લીધુંને. ઓલામાં પણ એમ લીધું હતુંને. આત્માનું જ્ઞાન, શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત એમ લીધું હતું ત્યાં નિયમસાર. અહીં એ આમાં લીધું છે. અહીં કીધું **'યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ...'** સાથે થાય છેને જ્ઞાન અને શ્રદ્ધા. ભગવાન આત્મા વસ્તુ તરીકે સત્ છે, પદાર્થ છે અને એવો મહાપદાર્થ ચૈતન્ય જ્ઞાન ભાવવાળો એની જ્ઞાન અને એની શ્રદ્ધા એવું જે નિશ્ચય સમકિત. જોયું! **'યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય...'** વ્યવહારની આ વાત નથી. નિશ્ચયનું જ્ઞાન અને શ્રદ્ધાન જ્યાં સુધી ન થયું હોય, વસ્તુનું જ્ઞાન અને શ્રદ્ધાન ન થયું હોય. એમ. **'ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનોનું સાંભળવું,...'** આટલી તો જવાબદારી એને આવે છે. એટલી તો એને પુરુષાર્થની જાગૃતિ જોઈએ. શું? **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનોનું સાંભળવું,...'**

મુમુક્ષુ :- એને ખબર પડ્યા વિના?

ઉત્તર :- એટલું તો એને જોશે એમ કહે છે. સત્યને જોઈતું હોય, સત્યને સાંભળવું હોય, સત્યને પ્રગટ કરવું હોય એને યથાર્થ સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો આટલી તો એને તૈયારી જોઈશે. **'યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનો...'** હોય એમ. જિનવચનમાં પણ યથાર્થ ઉપદેશ આવવો જોઈએ. જિનવચનને નામે ગોટા વાળે (એ ન ચાલે). વીતરાગતાનો ભાવ જ બતાવનારા જિનવચનો હોય. સમજાણું કાંઈ? **'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ**

**મળે...**' હવે એટલું તો એણે નક્કી કરવું પડે. નહિતર તો સાચું શોધનારો પણ ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? જેને સત્ય જોઈતું હોય, આત્મા જોતો હોય, પરમાત્મ સ્વરૂપની પ્રતીત અને જ્ઞાન જેને જોઈતું હોય એણે તો આટલી તો એને શક્તિ હોવી જોઈએ. એમ અહીંથી ઉપાડે છે. '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...**' એવા જિન ગુરુ. '**એવા જિનવચનોનું સાંભળવું,...**' જિનવચન વીતરાગી વચન હોય.

મુમુક્ષુ :- વીતરાગતાને બતાવે.

ઉત્તર :- હા, વીતરાગતાને સ્થાપનારા, વીતરાગતાને બતાવનારા. પણ પ્રયોજન તો એને એ છે કે નહિ? રાગ અને રાગની એકતા તો અનાદિની છે. હવે સત્ શોધક છે, સત્ પામવું છે એને વીતરાગભાવના કહેનારા કોણ છે એણે એને સાંભળવા જોઈએ. આહા..હા..!

'**એવા જિનવચનોનું સાંભળવું,...**' વીતરાગી વાણીમાં વીતરાગતાનું જ સ્થાપન છે. રાગનું જ્ઞાન કરાવવાનું કથન હોય, પણ રાગ કરવા જેવો છે એ કથન જિનવચનમાં હોઈ શકે નહિ. આહા..હા..! અને રાગ કરતાં કરતાં વીતરાગતા આવે એ જિનવચન નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું...**' યથાર્થ ઉપદેશ વીતરાગભાવનો. આત્મા વીતરાગી સ્વરૂપ છે એનો આશ્રય કરવાથી વીતરાતા પ્રગટશે એવા જિનવચનને કહેનારા એને સાંભળવું. એવા જિનવચનનું સાંભળવું. લ્યો! જે કોઈ જિનના વચનને નામે રાગથી લાભ થાય, વ્યવહારથી લાભ થાય એમ કહેનારા એ વચન સાંભળવા નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુસ્થિતિ આવી છે. .. ખોટા બતાવનારાને સાંભળવા? ખોટો તો છે અનાદિનો. હવે એને સાચું થાવું છે. સમજાણું કાંઈ? સત્યાર્થ ભગવાન આત્માના ભેટા જેને કરવા છે એમ કહે છે. સત્યાર્થ એવો જે ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન કરવી છે તો એવા વચનો એવા જ એના હોય. કહો, સમજાણું કાંઈ? એટલી તો એને પરીક્ષા જોશે.

મુમુક્ષુ :- સાંભળવાથી શું થાય? વાંચવામાં આવે.

ઉત્તર :- વાંચવાનું અને ગુરુગમે સાંભળવું જોઈએ. સાંભળ્યા પહેલાં વાંચવાનું ન હોઈ શકે. સમજાણું કાંઈ? એની મેળાએ વાંચે તો કાંઈ નહિ કાઢી શકે. એય..! ભીખાભાઈ! લ્યો આ આવ્યું તમારું. આહા..હા..! ધર્મનો મર્મ સૂક્ષ્મ છે. શ્રીમદ્દે લખ્યું છે કે ધર્મ શાસ્ત્રમાં લખ્યો પણ એનો મર્મ તો ગુરુના જ્ઞાનમાં છે. કઈ અપેક્ષાએ ક્યાં કેમ છે એ સમજવું, એનું આખું તાત્પર્ય વીતરાગપણું બતાવે એનું નામ શાસ્ત્ર. એનું નામ ગુરુ. વીતરાગપણું બતાવે એ ગુરુ. શાસ્ત્રમાં તાત્પર્ય પણ એમ કહ્યું છેને? વીતરાગતા એ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય (છે). કહેનારા પણ વીતરાગપણું બતાવતા હોય એ શાસ્ત્ર, એ વાણી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પહેલે કોળીયે જ નાખી દીધું.

ઉત્તર :- એમ કે પહેલે કોળીયે જ જવાબદારી મોટી આવી એમ કહે છે. આહા..હા..! આ કહે છે જુઓને આમ કરો તો આમ થાશે, આમ કરો તો આમ થાશે, દેશની સેવા કરો તો લાભ થાશે, ઢીંકણું કરો તો આમ થાશે. જેની પાસેથી આહાર-પાણી આદિ જે જમીનમાં રહીને ગયો છો એ જમીનના રહેનારા અને જમીન માટે પક્ષ કરવો જોઈએ. કહો, સમજાણું કાંઈ? એ જિનવચન નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- તમે અમને આહાર આપો છો તેથી અમારે તમને ઉપદેશ...

ઉત્તર :- તમને ઉપદેશ દેવો પડે. આ ભિખારા છેને. આપે કોણ અને કોણ લે? તમે અમને આહાર-પાણી આપો છો એમાં એનો બદલો તો દેવો જોઈએને તમને સંભળાવીને એમ. આહા..હા..! કોને દે અને કોણ લે? અહીં તો વીતરાગતા બતાવે એવા વચનોને સાંભળવા. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જેમાં જન્મ-મરણના આરા આવે એવી વાત ન હોય એ વચન કેવા? આહા..હા..! ભવ તો અનંત કર્યા છે, એ તો કરે છે એમાં શું છે?

મુમુક્ષુ :- એને શીખવવો પડે.

ઉત્તર :- એમાં શીખવાને એ તો કાંઈ શુભભાવ કરે અને સ્વર્ગ મળે ત્યાંથી પાછો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ત્યાંથી ઢોરમાં આઠમાં દેવલોકનો દેવ જીવ પશુમાં જાય. ભાઈ! એને ખબર નથી. એવા શુભભાવ કર્યા હોય કે એથી આઠમા દેવલોકનો દેવ થાય, પશુ પણ આઠમા દેવલોકનો દેવ થાય લ્યો! આહા..હા..! પણ મિથ્યાત્વ તો સાથે છે. જન્મ-મરણનું બીજડું. રાગની એકતાની બુદ્ધિ તો ત્યાં પડી છે. એથી ત્યાંથી નીકળીને પશુ થાય અને પછી સિંહ, વાઘ થઈને મરીને પછી નરકે જાય. બાપુ! એ વાતું એવી છે. આહા..હા..! ભવના પડદા બંધ થાય અને જ્યાં બીજો ભવ થાય. આવા થાય મિથ્યાદૃષ્ટિઓ. સમજાણું કાંઈ? બહારના બધા રાતા-પીળા આ બધા લાગે. બાપુ! આ તો અંધકાર છે બધોય. સંધ્યાના રંગ છે એ તો. સમજાણું કાંઈ? આત્માનો રંગ ન ચડે ત્યાં સુધી આ બધા ખોટે ખોટા રંગ છે. આહા..હા..! આત્માનો રંગ ચડાવવાના વચનો તો જિનવચનો હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ બહુ સારુ લખ્યું છે ભાઈએ. આહા..હા..!

**'સાંભળવું, ધારણ કરવું...'** વીતરાગના વચનો કહ્યા એને ધારવા. આ તો વીતરાગભાવ કહે છે. આત્માનો આશ્રય કરવાનું બતાવે છે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા (કરાવે) એનું નામ વીતરાગતા. વાણીમાં એ આવે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા જે આવે એ જિનવચન કહેવાય. સમજાણું કાંઈ? ગુરુ તીર્થંકર એમ કહે. તમે અમારી સામું જુઓ છો એ કરતા તમારી સામું જુઓ. એ અમારે કહેવાનો સાર છે. આહા..હા..! ભાઈ! આહા..હા..! એનું નામ જિનવચન કહેવાય. ઓલો તો રાગ. રાગ હોય તો એ તો રાગ તો અનંત વાર

કર્યા છે અને એવી પ્રરૂપણા પણ અનંત વાર સાંભળી છે. એમાં એ તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..! રાગ કરવો એનાથી તને લાભ થશે એ તો મિથ્યાશ્રદ્ધાનું પોષક નરક અને નિગોદના બીજડા છે એ બધા. આહા..હા..! સમજાણું કાંઈ?

'એવાં...' એમ કીધુંને? **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...'** યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનો. એટલી તો એને પરીક્ષા જોશે. જાધવજીભાઈ! ક્ષયોપશમ છે. કેમ નથી? ક્ષયોપશમ છે. બહારના કેમ ઝીણા સૂક્ષ્મ-સૂક્ષ્મ વિચાર કરીને એનો નિકાલ લાવે છે. સમજાણું કાંઈ? 'ધારણ કરવું...' એ ભાવને ધારવા. જિનવચન વીતરાગભાવને કહે છે એવી વાતને ધારવી, બીજી રાગથી આમ થાશે અને ફલાણાથી આમ (થશે) એ વાત ધારવી પણ નહિ. સાંભળવી નહિ અને ધારવી પણ નહિ. આહા..હા..! પછી વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૬, ગુરુવાર, તા. ૨૩-૧૨-૧૯૭૧
## ગાથા-૧૨, પ્રવચન-૪૮

આ સમયસાર, ૧૨મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. અહીં સુધી આવ્યું જુઓ. આ અધિકાર શું છે પહેલો આ? કે આ આત્માને જેને સુખી થવું હોય... ભાવાર્થમાં કહ્યું પાછળથી છે, પણ એનો અહીં તો સાર શું છે પહેલો? કે આ આત્મા જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય એટલે કે જેને સુખના રસ્તે આવવું હોય. એ દુઃખને રસ્તે તો અનાદિથી છે. હવે જેને સુખને પંથે આવવું હોય, સુખી થવું (હોય) તો એણે આત્મા અંદર અખંડ અભેદ આનંદકંદ સ્વરૂપ ભૂતાર્થ, સત્યસ્વરૂપ, આનંદસ્વરૂપ એ ત્રિકાળ છે. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરવું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે રાગ અને દ્વેષ ને મિથ્યા ભ્રમણથી તો ચાર ગતિના દુઃખો સહન કરે છે. નરકમાં દુઃખ, સ્વર્ગમાં દુઃખ, ચારેય ગતિમાં દુઃખ. ગતિમાં ક્યાંય સુખ નથી. શેઠિયા હો કે રાંક હોય, રાજા હોય કે દેવ હોય, બધા સ્વરૂપના

ભાન વિનાના પ્રાણી એકલા આકુળતાના અંગારે શેકાઈ રહ્યા છે. કનુભાઈ! બરાબર હશે? તમને પણ કોણ કહે (સુખી) નથી? પોપટભાઈ! અજ્ઞાની ન કહે. વાત સાચી. આહા..હા..!

અરે! જ્યાં ભગવાન અતીન્દ્રિય આનંદના ધામમાં પાતાળ કૂવો એમાં પડ્યો છે, એ તો અનંત આનંદનું જળ ભર્યું છે. એના તરફનો જેને ઝુકાવ અંતર વલણ નથી અને જેનું વલણ બહાર તરફના સંયોગી દ્રવ્યના લક્ષે જેના વલણ છે એ બધા ભાવો દુઃખ અને દાવાનળની અગ્નિ છે એ. 'રાગ આગ દાહ દહે.' છ ઢાળામાં આવે છે છેલ્લે. 'રાગ આગ દહે' રાગરૂપી અગ્નિ બાળે છે એને. ભગવાન આનંદસ્વરૂપ પોતે છે. શાંતિના સ્વભાવનો તો ભંડાર છે. એનોઉ અનાદર કરી અને જે પુણ્ય અને પાપના વિકલ્પથી માંડી પરપદાર્થના સંબંધમાં જાય છે એ બધા 'રાગ આગ દાહ દહે' એને રાગરૂપી અગ્નિ બાળે છે. સમજાણું કાંઈ? એ અનાદિથી બળી રહ્યો છે. એને બળતરાનો નાશ કરવો હોય અને એના સ્થાનમાં સુખની અનાકુળતા દશા પ્રગટ કરવી હોય તો એણે પ્રથમ ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે એનો આશ્રય કરી, એને જ્ઞાનમાં લઈ, એને પ્રતીતમાં પ્રગટ કરી અને એમાં સ્થિરતા થાય એ પ્રથમમાં પ્રથમ એની ધર્મની દશા છે. ભારે આકરું!

અહીં કહે છે કે જ્યારે ત્રિકાળી વસ્તુને સત્યાર્થ કહી, એ ત્રિકાળી વસ્તુ જે સાચી છે. એનામાં ગુણભેદ, પર્યાય, રાગાદિ હોવા છતાં સ્યાદ્વાદની મુખ્ય-ગૌણની દૃષ્ટિ કરાવવા એને ત્રિકાળી તે સત્ય છે અને એક સમયની પર્યાય અને રાગાદિ ભેદ આદિ તે નથી, અસત્ છે એમ સ્યાદ્વાદ શૈલીથી મુખ્ય-ગૌણ કરવા માટે એ વાત લીધી છે. સમજાણું કાંઈ? સ્યાદ્વાદ આવ્યું હતું. જૈનશાસન સ્યાદ્વાદ આવ્યું હતુંને એમાં? ઓલામાં આવ્યું હતું. જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. પહેલી લીટી છે. પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. ૨૫મે પાને પહેલી લીટી છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ભગવાન પોતે જ ઝીણો જ્યાં પુણ્યના વિકલ્પથી પણ જ્યાં જણાય નહિ, પકડાય નહિ એવો પ્રભુ પોતે પરમાત્મસ્વરૂપે બિરાજે છે. આહા..હા..! પરમાત્મસ્વરૂપ અને પ્રગટ પરમાત્મસ્વરૂપ બેમાં ખરેખર વસ્તુ દૃષ્ટિએ ફેર નથી.

એવો જે પરમાત્મસ્વરૂપ પોતાનો ત્રિકાળી નિત્ય આનંદનો કંદ એને સત્યાર્થ કહી એ સાચો છે માટે એનો આશ્રય કર અને એક સમયની પર્યાય અને દયા, દાનના વિકલ્પ તેનું લક્ષ છોડવા જેવું છે. એ અસ્તિત્વ હોવા છતાં એનું લક્ષ છોડવા જેવું છે. એથી અસ્તિત્વ નથી અને ત્રિકાળી સત્યાર્થ વસ્તુ તે જ અસ્તિત્વ છે એમ કરીને મુખ્યપણે સ્યાદ્વાદ શૈલીની દૃષ્ટિએ મુખ્યપણે ત્રિકાળ તે સત્યાર્થ છે અને પર્યાય અને રાગ હોવા છતાં ગૌણપણે તે અસત્યાર્થ કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ત્યારે બારમામાં ખુલાસો કર્યો કે એમાં જે પર્યાયને અસત્ય કીધી હતી લક્ષ છોડાવવા એ કાંઈ વસ્તુ છે કે નહિ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાની આત્મલબ્ધિ સમ્યગ્દર્શન-જ્ઞાન પામ્યો ત્યારે તેની પર્યાયમાં હજી શુદ્ધતા અને અશુદ્ધતાના અંશો વર્તે છે પર્યાયમાં. પૂર્ણ શુદ્ધ થયો નથી, પરમાત્મા થયો નથી, વીતરાગ થયો નથી, અરિહંત થયો નથી. સાધકદશામાં વર્તે છે એને પર્યાયમાં અપૂર્ણતા શુદ્ધની અને અશુદ્ધતાનો અંશ સાથે છે. એને જાણેલો પ્રયોજનવાન છે એમ સિદ્ધ કરવું છે. એણે એને જણાતો હોવાથી. એમ ભાષા. ખરેખર તો જ્ઞાનમાં પર્યાયમાં એ જણાય છે એમ કહે છે. એવો જે જ્ઞાનનો પર્યાય પ્રગટ થાય છે એમાં એ જણાય છે. એ જણાય છે એટલું પ્રયોજનવાન છે બસ. એ વ્યવહાર આદરણીય છે, આશ્રય કરવાલાયક છે એ માટે એને છે એમ કહ્યું એમ નથી. ફક્ત એ છે એ જાણવા જેવું છે માટે એને છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ત્રિકાળીને છે સત્યાર્થ એમ કહ્યું એ આશ્રય કરવા માટે કહ્યું છે મુખ્યપણે અને પર્યાયને નથી એમ જે કહ્યું છે એનું લક્ષ અને એનો આશ્રય છોડાવવા એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. ભારે!

ત્યારે કહે છે, જેને પૂર્ણ દશા પ્રગટ થઈ નથી એને તો વર્તમાનમાં જેટલો પર્યાયનો ભાગ છે એટલો એને જાણવો જોઈએ. તો એનું પ્રમાણજ્ઞાન નિશ્ચય અને વ્યવહાર બે જ્ઞાન સાચું થાય. એ વાત થઈ ગઈ છે. ત્યારે અહીંયાં સુધી આવ્યું કે ભાઈ એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન પામેલા એને પર્યાયનું જ્ઞાન કરવું એમ કહ્યું, પણ જે નથી પામ્યા એને શું કરવું? સમજાણું કાંઈ? '**જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ...**' દેખો! શું કીધું? '**જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન...**' વસ્તુ અખંડ અભેદ સત્ય વસ્તુ જ એ છે એનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન. એવું '**જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન...**' સમજાણું કાંઈ? ભાઈ! તારા માર્ગ કોઈ અલૌકિક છે. એણે અજાણ્યા છે એટલે કોઈ દિ' એના ખ્યાલમાં આવતા નથી. દુઃખને પંથે દોડ્યો છે ઈ. રાગ અને દ્વેષ, સંકલ્પ અને વિકલ્પ ગતિ કરીને દોડ્યો છે મુઠીયું વાળીને. આહા..હા..! પોપટભાઈ!

મુમુક્ષુ :- એવો ધંધો કર્યો છે.

ઉત્તર :- એવો ધંધો કર્યો છે? પૈસા થયા બધા છ છોકરા, મોટા પાઠડા જેવા કેવા ઊંચા જુઓ, એમાં રળાઉ. બાપુ! અમે રળીએ છીએ, તમે .. કરો. કોણ કરે અને કોણ ખાય? આહા..હા..! જગતમાં ભ્રમણા છેને ભાઈ. તારી પર્યાયમાં તને જે રાગ-દ્વેષનો અનુભવ (થાય છે) એ અનુભવમાં તો અનાદિકાળનો રાગ-દ્વેષનો જ અનુભવ કર્યો છે. નથી કર્યું પરનું વેદન, નથી કર્યું સ્વનું વેદન. નવનીતભાઈ! આહા..હા..! ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ એની હયાતી, એની સત્તા એણે નથી કોઈ શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા, દાળ, ભાતને ભોગવ્યા કોઈ દિ'. જડ તો ભોગવાય નહિ, પર તો ભોગવાય નહિ. નથી ભોગવ્યો એણે આત્માનો આનંદ. ભગવાન આનંદનો નાથ પ્રભુ છે. અરેરે! એવા હરિને કોઈ દિ' સંભાર્યા

નહિ તેં, કહે છે. અજ્ઞાન અને વિકારને હરનારો એ સ્વભાવ છે એને અનુભવ્યો નહિ. અનુભવ રહ્યો રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એનું વેદન રહ્યું. એ આકુળતાનું વેદન છે. આહા..હા..! અગ્નિની જ્વાળા સળગે છે કહે છે. બરાબર હશે? એય..! કાંતિભાઈ! બરાબર છે? આહા..હા..!

ત્યારે જેને એ સમ્યગ્જ્ઞાન, આ ચીજ આત્મા છે એવું જેને જ્ઞાન (થયું) અને એ જ્ઞાનમાં શ્રદ્ધા (થઈ) એવી જ્ઞાન શ્રદ્ધાની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, એટલે કે સાચા સત્‌ની શ્રદ્ધા, સાચું સત્ જે ત્રિકાળ છે એને જ્ઞાનમાં આવ્યું નથી અને તેથી શ્રદ્ધા થઈ નથી. એવી ન થઈ હોય એણે ત્યાં સુધી શું કરવું? લ્યો અહીં તો શરૂઆતથી શું કરવું એ ચાલ્યું આવે છે. **'ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** લ્યો! જેનાથી સાચો ઉપદેશ મળે છે એટલે કે.. ત્યારે કહે, અમારે એટલું બધું પાધરું પરીક્ષા કરવી? ભાઈ! એટલું તો ખરું જેને સત્ય જોઈતું હોય, જેને સત્ય જોઈતું હોય એની વાત છેને? સત્ય પ્રાપ્ત નથી, પણ જોવે છે. તો સત્ય જોઈતું હોય એણે શું કરવું? કે એને ખબર નથી કે હું અસત્યના દોષમાં પડ્યો છું? હવે અસત્યનો દોષ મારે જોતો નથી, મારે શોધવું છે સત્ય. તેનો અર્થ એ થયો કે દોષનો નાશ કરવાની વાત અને નિર્દોષ ભાવની વાત જે કરતા હોય એને સાંભળવા. સમજાણું કાંઈ? કહો, એનો બાપ તો એને કહે થોકડા જોજે, ફલાણું જોજે. એ ન સાંભળવું એમ કહે છે અહીં તો. અને અજ્ઞાની એમ કહે કે રાગથી ધર્મ થાય. પણ એ તો હું તો રાગ કરી રહ્યો છું, હવે રાગથી ધર્મ થાય એ વાત શું કરે છે તું? સમજાણું કાંઈ? આહા..હા..! દોષ—રાગ એ તો આગ દોષ છે. હવે એને એમ છે કે ભાઈ મારે તો સત્ય જોઈએ છે. આ દોષ તો છે. હવે દોષ છે એને ટાળવા છે. ત્યારે ટાળવા છે એને સાંભળવું કેવું? કે જેમાં દોષ ટળે અને નિર્દોષતા પ્રાપ્ત થાય એવી વાત હોય એને સાંભળવી.

મુમુક્ષુ :- બહુ બોજો નાખ્યો.

ઉત્તર :- એય..! પંડિતજી! કાલે વીતરાગભાવનું કહ્યું હતું. ..નિર્દોષનું કહ્યું. સાદી ભાષામાં એમ કહે છે ભાઈ એટલું તો ખરુંને. એ જીવને કેમ થાય? કે મારે કાંઈક ધર્મ કરવો છે, અથવા કાંઈક સારું કરવું છે. તો એનો અર્થ એ થયો કે એ સારું એની દશામાં છે નહિ. ન્યાયથી, લોજિકથી સમજવું પડશે કે નહિ? કે મારે કાંઈક ઠીક કરવું છે. એનો અર્થ એ થયો કે એની દશામાં ઠીક, હિત, સારું, શ્રેષ્ઠ, સુખનો ઉપાય એની પર્યાયમાં નથી. ત્યારે એને સારું કરવું હોય, ઠીક કરવું હોય, હિત કરવું હોય, સુખને પંથે જવું હોય, સુખને શોધવું હોય, તો એણે એ વાત સાંભળવી. શું કીધું જુઓ, **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...'** વીતરાગભાવ પ્રાપ્ત થાય એવો ઉપદેશ મળે, નિર્દોષ ભાવ પ્રગટ થાય એવો ઉપદેશ મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેમનાથી યથાર્થ ઉપદેશ...'** યથાર્થ—જેવો છે તેવો. આત્માને વીતરાગતા (પ્રગટ થાય)-

સદોષતા ટળી નિર્દોષતા થાય એટલે કે રાગ ટળી અને અરાગતા પ્રગટ થાય એવો જે ઉપદેશ એને અહીં જિનવચન કહે છે. '**એવાં જિનવચનોનું સાંભળવું,...**' પાછું એમાં એમ કહ્યું નથી કે એવા જિનવચનને વાંચવા. એય..! મૂળચંદભાઈ! ઘરે બેઠા વાંચશું એમ નહિ એમ કહે છે. નહિ સમજી શકે ઈ એમ કહે છે. બરાબર છે? જાધવજીભાઈ! એય..! મહાસુખભાઈ! લ્યો એમનું નામ મહાસુખ છે. આ મહાસુખની તો વાત ચાલે છે આ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તારે જો સુખ જોઈતું હોય. કાંઈક જોવે છે એનો અર્થ એ કે સુખ જોવે છે અને દુઃખ જોતું નથી અને સુખ જોવે છે એનો અર્થ કે એની દશામાં સુખ નથી. સુખ નથી એટલે સુખ જોવે છે. દુઃખ છે એટલે દુઃખને ટાળવા સુખ જોવે છે. આ તો ન્યાયથી પણ એનો સિદ્ધાંત આમ સિદ્ધ થાય છે. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો જેના તાબે, કરોડો અપ્સરાઓ જેને તાબે એવા ઈન્દ્રો સમકિતી, જ્ઞાની શક્રેન્દ્ર અને એની રાણી બે એકાવતારી છે અત્યારે. સૌધર્મ સ્વર્ગમાં. બધું કાંઈ સિદ્ધ ન કરી શકાય. નહિતર એક એક વાત સિદ્ધ કરીને લોજિકથી સિદ્ધ થઈ શકે છે. સમજાણું કાંઈ? અત્યારે સ્વર્ગ સૌધર્મમાં સૌધર્મ દેવલોક છે, એનો ઈન્દ્ર અને એની રાણી બેય એકભવતારી છે, એક ભવે મોક્ષ જનારા છે. એ ત્યાંથી આવા વૈભવ, અસંખ્ય દેવ તો જેના સેવકો અને જેની આયુષ્યની સ્થિતિ બબ્બે સાગરની. એની ... ઈન્દ્રની.. એ પણ એ વૈભવ છોડીને અને સંતોની વાણી સમવસરણમાં સાંભળવા જાય છે. આહા..હા..! એ તો સમ્યગ્દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એ તો જાય.

ઉત્તર :- એ જ કહીએ છીએ કે એ તો જાય, તો આને તો જાવું જ પડે એમ કહે છે. એય..! સધન પણ વધારે મેળવવા માટે જ્યાં જાય છે તો નિર્ધનને તો પહેલેથી સધનતા પ્રાપ્ત થાય ત્યાં જાવું જોઈએ.

મુમુક્ષુ :- એ તો વધારે સુખ પ્રાપ્ત કરવા અર્થે.. પૈસા ભેગા કરવા...

ઉત્તર :- એ પૈસા આ ધૂળમાં ક્યાં હતા? ઓલાને તો અંદર વધારે શાંતિ કેમ મળે એની વાણી શું છે? એનો વધારે પ્રયત્ન સાંભળવા માટે જાય છે. આહા..હા..! એ વીતરાગની વાણી સાંભળવા જાય છે. એને આવા રાગ ઈન્દ્ર એટલે શું? એની વાત સાંભળતા લોકોને.. સમજાય? એના સિંહાસનના પડવાયો હોય નાનો એની અબજોની કિંમત નહિ એટલી ચીજ હોય. એવા તમારા બે-પાંચ કરોડ ને દસ કરોડ ધૂળ તો ક્યાંય રહી ગઈ. એય..! મલૂકચંદભાઈ! એ પણ ઈન્દ્રો જન્મ-મરણના અંત આવ્યા છે એવી ખબર છે એને. પણ પર્યાયમાં નબળાઈ છે એથી એને સાંભળવાનો વિકલ્પ આવે છે. એ કહેશે નીચે. સમજાણું? નીચે કહેશે. કહે છેને પ્રાપ્ત થયું નથી ચારિત્ર પૂર્ણ એને પૂર્વ કથિત કાર્ય પણ આવે. વચમાં આવશે પાંચમી

લીટીમાં. ભારે સરસ વાત ગોઠવી છે હોં! ભાઈ! તારે જો રળવાનું ત્યાં મળતું હોય એ જાય છે કે નહિ ત્યાં? પોરબંદર મૂકી અને બગસરા ફરે. બગસરા પહેરીને.. છે? પણ બગસરા અને પોરબંદર મૂકીને બગસરા જાય. એય..! વિનુભાઈ! આ બીજા બધા છેને મુંબઈ રળવા જાય છે.

મુમુક્ષુ :- .. નજીક છે.

ઉત્તર :- નજીક થઈ ગયું. છ-આઠ દિ'એ તો ઝટ આવી શકે નહિ રળવા જાતો હોય ત્યાં. એને ખાવાનું મળે તો આ મુસલમાન છે તો ખાવાનું મળે નહિ એને. દાળ-ભાત રોટલા મળે એને? સારા ખજુર કાઢી આપે. એ આપે કાંઈ ત્યાં મુસલમાન કાંઈ દાળ-ભાત રોટલા ખાય નહિ ને એ આપે ક્યાંથી? ત્યાં હિન્દુ ક્યાં છે? એ કહેતા હતા, ખજુર ઊંચા હોય મીઠામાં મીઠા, કે એવા ફળ હોય મીઠાં સારા. એ આપે તો એ ખાઈએ. પણ એવું ચીજ ઊંચી હોય. શેઠ નહિ ખાય કહે છે આ. આપો એને ઈ. હવે ત્યાં રખડવા જાય. ઘરે રોટલા મળે, બાયડી છે રાંધે, ધાર્યું થાય એ મૂકીને ત્યાં જાય છે કે નહિ?

મુમુક્ષુ :- લાભ દેખીને ન જાય?

ઉત્તર :- ત્યાં લાભ ક્યાં ધૂળમાં હતો? પણ છતાં... આહા..હા..!

અહીં કહે છે, આ વચન ઉપર વજન છે. જેને આત્મધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત થયું નથી એમણે પહેલું શું આવે એને? શું કરે એ શબ્દ એ આવે છે, પણ એને આવે શું? એમ એનો અર્થ એ છે. આવા ભાવ હોય એને. સમજાણું કાંઈ?

કહો, **'જેમનાથી...'** જેમનાથી એટલે પુરુષ લીધો. જેમનાથી એટલે શાસ્ત્રથી એમ નહિ. સમજાણું કાંઈ? **'જેમનાથી...'** સમજાણું? **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** જેમનાથી એટલે પુસ્તકથી? **'યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...'** ભાષા પાછી જુઓ. જિનવચનમાં વીતરાગતાનો જ ઉપદેશ હોય. નિર્દોષ પર્યાય પ્રગટ થાય સ્વને આશ્રયે પછી, પણ નિર્દોષ પર્યાય પ્રગટ થાય, સદોષ જાય એવો જિનવચનનો ઉપદેશ હોય છે. કહો, ભીખાભાઈ! આહા..હા..! આજ તો આવ્યું છેને. આહા..હા..! **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** ઉપદેશ મળે છે એમ કીધું છેને? કે જેનાથી વાણી મળે છે અને પુસ્તક મળે છે એમ કીધું? ઉપદેશ મળે છે. આહા..હા..! **'એવાં જિનવચનોનું સાંભળવું,...'** કેમકે જિનવચન સંત, જ્ઞાનીપુરુષો જિનવચન કહે છે. એટલે કે વીતરાગ એક ભાવનો ઉપદેશ કરે છે. ધર્માત્મા વીતરાગી ભાવનો ઉપદેશ કરે છે. કારણ કે સરાગી ભાવ તો અનાદિથી કરે જ છે. હવે એને સત્ય જોવું છે, જોવે છે એને તો વીતરાગતાનો ઉપદેશ એ અહીં આપે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! ચાર શાસ્ત્રનું તાત્પર્ય પણ એ જ છે વીતરાગતા. શાસ્ત્રમાં વીતરાગતાનું જ વર્ણન

છે એમ કહે છે. ગમે તેટલા વર્ણન આવે પણ એનો સાર વીતરાગભાવ ઉપર જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગતા એટલે પરમ આનંદની દશા. એવી આનંદની દશા પ્રગટ કેમ થાય? એવો જે જિનવચનનો ઉપદેશ છે એ એણે સાંભળવો. પહેલું એ લીધું. સમજાણું કાંઈ? કેટલું ...! ગૃહસ્થ છે એણે પણ કેટલી શૈલીથી વાત કરી છે લ્યો! સત્ય અને આમ ન્યાયથી. એથી એણે સત્ કાઢ્યું છે.

પહેલું અમને શી ખબર પડે કે આ યથાર્થ ઉપદેશ કહેનાર છે કે નહિ? એટલી બધી જવાબદારી અમને પહેલી? પણ એટલી તને ખબર નથી? કે સદોષતા મારી પાસે છે એટલે શું? કે વિકારીભાવ અને એનું દુઃખ છે. હવે એને ટાળવું છે તો નિર્દોષભાવ, અરાગીભાવ, વીતરાગી ભાવ, આકુળતા વિનાનો ભાવ જે બતાવે એ જિનવચન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...'** આહા..હા..! **'ધારણ કરવું,...'** એ ધારવા એમ કહે છે. બીજા જગતના વચનો એ ધારવા નહિ, એને રાખવા નહિ.

મુમુક્ષુ :- રાગથી લાભ થાય એ છોડી દેવું.

ઉત્તર :- એ વાતને છોડી દેવી. આ ધારણ કર કે ઓહો..! ભગવાનની વાણીમાં સંતો એમ કહે છે કે રાગરહિત આત્માની દશા તે સુખરૂપ છે, રાગસહિત દશા તે દુઃખરૂપ છે. અને તે રાગરહિત દશા કેમ પ્રાપ્ત થાય એ પછી. એ દશા જે રાગવાળી છે એને ટાળવી છે અને રાગ વિનાની દશા પ્રગટ કરવી છે. તો પ્રગટ કરવી છે એ રાગ જાય એમાંથી કાંઈ રાગ વિનાની દશા આવે નહિ. એટલે એનો અર્થ કે રાગ વિનાની દશા દ્રવ્યને આશ્રયે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

... ઈ .. કરશેને. આ ઉભયનય એ આવે છેને. **'उभयनयविरोधध्वंसिनि'** એમાં ન્યાય આપે છે. બે નયનું કથન છે પણ એમાં ભગવાનની વાણીમાં તો આત્મા ઉપાદેય છે એ મુખ્ય ઉપદેશ આવે છે. સમજાણું કાંઈ? અર્થમાં છેને ઈ. ઓલામાં ચોખ્ખું કર્યું છે. જિનવાણીમાં... ૨૮ પાને. પણ અહીં તો એમ કે બે વાણીનો અભ્યાસ કરે છે. પણ એનો અર્થ કે ભગવાનની વાણીમાં... જુઓ, જુઓ એ છેલ્લે આવે છે ભાવાર્થમાં. **'પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...'** છેલ્લી લીટી છે. ઓલામાંથી પાછા કાઢે છેને. નિશ્ચય-વ્યવહાર બે વાણીમાં રમવું. પાઠમાં એમ છેને. પણ એ બેમાં કહ્યું એમાં મુખ્યમાં રમવું એમ છે. એમાંથી કાઢે. કહેને ઘણાં આ વાણીમાં છે. **'जिनवचसि रमन्ते'** શું? ઉભયનયના વચનો જે **'स्यात्पदातसङ्के'** છે એનામાં બેયમાં રમવું. એક તો વચનમાં રમવું એ વાત નથી અને બેમાં રમવું એ પણ વાત નથી આમાં. સમજાણું કાંઈ? પાઠ તો આવો છે **'जिनवचसि रमन्ते'**

મુમુક્ષુ :- એ તો જિનને.

ઉત્તર :- પણ વાણીમાં રમે એમ કીધું. પણ એ વાણીનો અર્થ કે જિનભાવમાં રમે. એમ. સમજાણું કાંઈ? સવળું જોઈતું હોય એ આવા આડા ન કાઢે. રાગમાત્ર છોડવા (જેવો છે), દોષમાત્ર છોડવા જેવો છે એથી તો નિર્દોષ લેવાની જેને ઝંખના છે. નિર્દોષ લેવાની ઝંખનાવાળા નિર્દોષ વચનોને સાંભળે ખરા અને તે સાંભળીને તે ભાવને રાખે, ધારે. સદોષભાવ કોઈ કહેતા હોય તો એને સાંભળે નહિ અને સાંભળે તો એ રાખે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ,...'** એકલા ગુરુ શબ્દ નથી વાપર્યો. જિન-ગુરુની ભક્તિ. વીતરાગી ગુરુ હોય એની ભક્તિ. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, નિર્દોષ શ્રદ્ધા, નિર્દોષ જ્ઞાન, નિર્દોષ ચારિત્ર. એવા જિન-ગુરુની ભક્તિ. સમજાય છે કાંઈ? વીતરાગભાવને સાંભળવો અને વીતરાગભાવવાળાની ભક્તિ કરવી એમ કહે છે. આહા..હા..! એવા ભાવ એને હોય એમ કહે છે. કરવી-કરવી એ તો એક ઉપદેશની શૈલી છે. નીચે ખુલાસો કરશે પછી. એ પછી કરશે છેલ્લું આવશે ત્યારે. સમજાણું કાંઈ? **'જિન-ગુરુની ભક્તિ,...'** વીતરાગી શ્રદ્ધાવંત, વીતરાગી જ્ઞાતા અને વીતરાગી ચારિત્રવંત એની ભક્તિ. છે આ શુભભાવ, પણ પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી (થયું) એને આવો ભાવ આવે છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! એ કરવા જેવો છે અને એનાથી લાભ છે એમ અહીં કહેવું નથી. આહા..હા..! પણ એવો ભાવ એને હોય છે. સમજાણું કાંઈ? જ્યારે ત્રિકાળ જ્ઞાયકની દૃષ્ટિ અને જ્ઞાન નથી ત્યારે એને આવો ભાવ, સત્યને શોધનારાને આવો ભાવ હોય છે. સમજાણું કાંઈ?

અને **'જિનબિંબના દર્શન...'** જુઓ, ભાષા કેવી વાપરી છે! જિનબિંબ. જિનરૂપી જિનબિંબ વીતરાગમૂર્તિ હોય એના દર્શન. જે મૂર્તિમાં વસ્ત્ર ને આંગી ને શું કહેવાય બધું કરે છેને? મુગટ પહેરાવે એ નહિ. જિનવચનનું સાંભળવું, જિન-ગુરુની ભક્તિ અને જિનબિંબના દર્શન ત્રણ વાત જિનની આવી. આહા..હા..! જિનબિંબ એટલે જેવા વીતરાગ પરામાત્મા હતા એવું જ જેનું પ્રતીબિંબ હોય સામે એને માથેથી વસ્ત્ર કે ફલાણું કે ઢીંકણું કે આંગી, ચાંદલા પણ ન હોય. ચાંદલા કે દિ' ભગવાનને હતા? સમજાણું કાંઈ? ભગવાનના શરીર ઉપર ચાંદલો પણ ન હોય પ્રતિમાને. કહો, સમજાણું કાંઈ? કહો, આમાં નીકળું ગયું ઘણું બધું. શ્વેતાંબરની મૂર્તિ ને ફૂરતી બધું કાઢી નાખ્યું. **'જિનબિંબ...'** એમ કીધું છેને? જેવા જિન સામે હોય એવું જ પ્રતિબિંબ સામે. વીતરાગ ભાવે ઢળ્યા છે. આંખ આમ ઢળી ગઈ છે જાણે અંતર્મુખમાં થઈ ગયા છેને. સમજાણું કાંઈ? એવા. છોટાભાઈ! ચાંદલા ને ફાંદલા બધું નીકળી જાય છે. શું કહેવાય આ? ક્ષેત્રપાળ. ક્ષેત્રપાળ ને અંબાજી એ ન હોય બાપા!

ધર્મના સત્યના શોધકને એ ન હોય એમ કહે છે. પામેલાને તો હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કરી છે આ તો હોં. આહા..હા..! એય..!

વીતરાગી વચનો સાંભળવા જેમાંથી વીતરાગભાવની ઉત્પત્તિ થાય. આહા..હા..! જુઓને, એમાં આવ્યું છેને આત્માવલોકન. કે ગુરુ કોને કહીએ? કે મુર્હુ મુર્હુ વીતરાગભાવ કહે. વારંવાર વીતરાગભાવની જ પુષ્ટિ કરે. રાગની પુષ્ટિ કરે એ ગુરુ નહિ. આહા..હા..! કપુરભાઈ! સમજાણું કાંઈ? રાગની પુષ્ટિ તો અનાદિથી કરી રહ્યો છે. એને શું પુષ્ટ કરવું હતું એણે? અપૂર્વ જે રાગરહિત આત્માની વીતરાગતા, પોતે વીતરાગસ્વરૂપ આત્મા છે અને એની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય એની પુષ્ટિના વચન હોય. આહા..હા..! વાણી વીતરાગી સાંભળવી અને વીતરાગી ગુરુની ભક્તિ. જે રાગથી ધર્મ મનાવે, પુણ્યથી ધર્મ મનાવે એ ગુરુ જિન-ગુરુ નહિ. આ તો બધા વ્યવહાર ઉડી જાય છે આ બધો. આહા..હા..! એવી વાત છે, બાપા! શું થાય?

જેને વીતરાગતા જોવે છે એને તો વીતરાગતાના વચનો સાંભળવા અને વીતરાગના વચનો ધારવા, એને ટકાવી રાખવા અને વીતરાગી જિનગુરુની ભક્તિ, બહુમાન આવ્યા વિના રહે નહિ. અને '**જિનબિંબના દર્શન ઈત્યાદિ...**' એટલે પૂજન, ભક્તિ, સ્તવન વગેરે. '**વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે;...**' એટલે કે એને વ્યવહારભાવ આવો આવે છે. એમ. એની શૈલી એમ જાણવું. આવું આવે છે. સમજાણું કાંઈ? એવો એને વ્યવહારભાવ સમકિત પામ્યા પહેલાં આવા જીવને આવો ભાવ હોય છે એટલી વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**માર્ગમાં પ્રવૃત્ત થવું...**' પ્રવૃત્ત એટલે એવા પરિણામ એના હોય છે એમ. એવા પરિણામ એને આવે. સમ્યગ્દર્શન-જ્ઞાન નથી એને આવા પરિણામ આવે, આવા પરિણામ હોય અને એવા પરિણામ કરે એમ પણ વ્યવહારનયથી કહેવાય. અન્યથા કથન શૈલીએ. કહો, સમજાણું કાંઈ? ભારે વાત! કહો, આમાં કાંઈ ત્યાં મળતું હશે.. આવી વાતમાં. લાદીમાં... અને આ બીજું હશે કાંઈક. જમીનની છે નહિ? મહાસુખને કંઈક જમીનનું છે એવું કોક કહેતું હતું. અહીં તો કોક વાતું કરે એ સાંભળીએ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન શાંતરસે ઠરેલું તત્ત્વ છે. એની પ્રાપ્તિ ન હોય એણે શાંતરસે ઠરવાની વાતું કરે એને સાંભળવી અને એ વાતને ધારી રાખવી એણે. સમજાણું કાંઈ? ભૂલી ન જવી. બીજું આવે ત્યારે બીજું અને ત્રીજું આવે ત્યારે ત્રીજું. કાંતિભાઈ! આહા..હા..!

વળી '**જિનબિંબના દર્શન ઈત્યાદિ...**' એને યોગ્ય જે કાંઈ શુભભાવની લાયકાત હોય એવા આવે એમ કહે છે. એમાં '**પ્રવર્ત્ત થવું...**' એટલે એ પરિણમન એનું હોય જ તે. એને જાણવું. ખરેખર તો એ જાણવાની વાત છે. પણ હજી જાણવું એને પ્રગટ્યું નથી યથાર્થપણે એટલે આવા પરિણામ એને હોય છે એમ કહેવામાં આવે છે. '**અને જેમને શ્રદ્ધાન-**

**જ્ઞાન તો થયાં છે...**' જેમને સમ્યગ્દર્શન અને જ્ઞાન તો આત્માનું યથાર્થ થયું છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને અનાકુળ શાંતરસનો કંદ એની અંતરમાં એનું જ્ઞાન કરીને, એનું ભાન કરીને, એનું જ્ઞાન અને શ્રદ્ધા થઈ છે. સમજાણું કાંઈ? '**પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ...**' પણ વીતરાગતા હજી પૂર્ણ થવી જોઈએ એ થઈ નથી. ચારિત્ર હજી પૂર્ણ થયું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**તેમને પૂર્વકથિત કાર્ય,...**' એને પૂર્વકથિત કાર્યપણા હોય છે એમ કહે છે. એ નીચે આવે છે. પૂર્વકથિત કાર્ય આદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું એમ આવે છે છેલ્લી લીટીમાં. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને જ્ઞાન પામેલા પ્રાણીને પણ પૂર્વકથિત કાર્ય એટલે કે વીતરાગ વચનોનું સાંભળવું, એનું ધારવું એવો એને ભાવ હોય છે એમ કહે છે. જ્યાં સુધી વીતરાગ થયો નથી સર્વજ્ઞ ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ આવા ભાવ આવે છે, હોય છે એમ સમજાવવું છેને. સમજાણું? અને એ પણ '**ધારણ કરવું...**' એને પણ વીતરાગ વચનના કહેનારાની ભક્તિનો ભાવ એને આવે છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ. ભક્તિ કીધીને? એને પણ જિનબિંબના દર્શનનો ભાવ હોય છે. સમજાણું કાંઈ? લ્યો! સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ જિનબિંબના દર્શનનો ભાવ હોય છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગયા હતાને ભગવાન પાસે. ભગવાનના દર્શન કરવા ગયા હતા લ્યો. સાંભળવા ગયા હતા. એને આવે એવો વિકલ્પ. ઓહો..હો..! પણ પહેલાં તો વાત કરીને કે ધર્મ નથી પામ્યો એને પણ આવા ભાવ તો આવે. હવે પામેલાને પણ આવા ભાવ હોય એમ અહીં તો વાત કરે છે. કહો, સમજાણું કાંઈ? સમવસરણ (સ્તુતિમાં) નથી આવતું? ઓહો..! છેલ્લી લીટી. 'રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં.' મુનિ છે, ધ્યાની છે, જ્ઞાની છે, ત્રણ કષાયનો અભાવ છે, આચાર્ય છે, ભરતક્ષેત્રના અગ્રેસર છે ધર્મના હોં! આહા..હા..! 'રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં.' અરે! પરમાત્માના વિરહ. મહાવીર પરમાત્માના તો વિરહ, એ તો આ કાળમાં અહીં ન હોય, પણ જ્યાં આ કાળે બિરાજે છે એવા ભગવાનના પણ અમને વિરહ પડ્યા. એ ભગવાન મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા એટલે એની વાત અમારે શી? પણ ભગવાન તો બિરાજે છે પરમાત્મા. સીમંધર પરમાત્મા મહાવિદેહમાં મોજૂદ છે, મોજૂદ છે. અરેરે! અમને ભરતમાં એના આંતરા પડી ગયા, એના અમને વિરહ પડ્યા. એવો વિકલ્પ આવ્યો છે (એટલે) ગયા છે ત્યાં. સમજાણું કાંઈ? હજી કેટલાકને એ મહાવિદેહમાં ગયા કે નહિ એની શંકાઓ લખે છે. એ આમ લખે છે, ઈતિહાસમાં આમ છે ને તેમ છે. અરર!

કહે છે, એવા કાર્યોના ભાવ એને હોય છે એટલું હોં! શ્રદ્ધાન-જ્ઞાન તો થયા છે, પણ સાક્ષાત્ પ્રાપ્તિ થઈ નથી. પૂર્ણાનંદની પર્યાય પ્રગટ થઈ નથી, વીતરાગદશા કેવળદશા તેમને આ બધા કાર્યો જિનબિંબના દર્શન, સ્તવન, પૂજા, આદિનો ભાવ આવે છે. આવો ભાવ

વ્યવહાર એને હોય છે. બસ, એટલી વાત કરી છે. સમજાણું કાંઈ? એ ત્યાં સુધી રહ્યું એ.

હવે વિશેષ એને ... વિશેષ શું હોય એમ કહે છે. આગળ વધ્યા. '**પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ...**' લક્ષ છેને હજી પરદ્રવ્ય ઉપર અવ્રત છે એટલે. વ્રત લેવામાં ચારિત્ર લેવામાં પરદ્રવ્યનું લક્ષ છોડવા અને આમાં સ્થિર થવા, પરદ્રવ્યના સંબંધથી લાભ છે એ દૃષ્ટિ છૂટી ગઈ છે, પણ હજી પરદ્રવ્યના સંબંધનો ભાવ રહી ગયો ચારિત્રદોષનો. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ...**'

મુમુક્ષુ :- પરદ્રવ્યને છોડવારૂપ એમ ન કહ્યું.

ઉત્તર :- ના. ના. આલંબન. પરદ્રવ્ય ક્યાં છોડવું છે? એનું લક્ષ તેથી શબ્દ કહ્યો છેને. સમજાણું કાંઈ? લક્ષ તો દ્રવ્ય ઉપર જ છે છતાં ચારિત્રના દોષને કારણે પરદ્રવ્યના સંબંધમાં લક્ષ જાય છે, એ લક્ષને છોડવારૂપ '**છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ,...**' એવો વિકલ્પ એને હોય છે. જેટલા અણુવ્રત-મહાવ્રત લે છે એટલો પરદ્રવ્યનું તરફનું લક્ષ સંબંધ છૂટી જાય છે અંદર. રાગ રાગ હોં રાગ. સમજાણું કાંઈ? એમાં પણ આવે છે મોક્ષમાર્ગમાં. પાછળ નથી આવતું? મોક્ષમાર્ગમાં આવે છે નહિ? પરદ્રવ્ય છોડવારૂપ ત્યાં પણ આવે છે ભાષા. નવમામાં? ખબર નથી? પાંચમામાં. પાંચમામાં નથી આવતું. આવે છે? આમ છે અહીં. આહા..હા..! ત્યાં છે, એ છે ખરુ. આ બાજુમાં છે. ... ઓલું આવે છે. આ બાજુના પાને છે. કહે છે કે જેને ધર્મ પામેલ નથી એણે તો વીતરાગી ધર્મના વચનો સાંભળવા, ધારવા, એવા ગુરુની સેવા કરવી અને એમાં સેવાનો ભાવ આવે એમ. અને જિનબિંબના દર્શન કરવા.

મુમુક્ષુ :- અણુવ્રત-મહાવ્રત ગ્રહણ કરવા એમ નથી.

ઉત્તર :- એને ક્યાં છે હજી અણુવ્રત? પામ્યો નથી એને અણુવ્રત-મહાવ્રત ક્યાંથી આવ્યા? હવે પામ્યો છે સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ? આની કોરના કાગળમાં છે પાનામાં. બસ હા એ. ખ્યાલ તો હતો ત્યાં પણ. જુઓ, આ છે, આ શબ્દ છે. '**નિશ્ચયથી તો વીતરાગભાવ મોક્ષમાર્ગ છે, તેને જે ન ઓળખે તેને એમ જ કહ્યા કરીએ તો એ સમજે નહિ, ત્યારે તેને સમજાવવા વ્યવહારનયથી, તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક...**' એટલું. '**તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક પરદ્રવ્યનાં નિમિત્ત મટવાની સાપેક્ષતા વડે...**' આ છોડવાની અપેક્ષા લીધી. એમ ... પાઠ. જોયું! '**સમજાવવા વ્યવહારનયથી,...**' એટલી વાત. શું વ્યવહારનયથી? કે '**તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક...**' એ તો નિશ્ચય છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક '**પરદ્રવ્યનાં નિમિત્ત મટવાની સાપેક્ષતા વડે વ્રત, શીલ, સંયમાદિરૂપ વીતરાગભાવના વિશેષ બતાવવામાં આવ્યા ત્યારે તેને વીતરાગભાવની ઓળખાણ થઈ.**' બસ આ. કહો, સમજાણું કાંઈ? ટોડરમલે તો હજારો બોલો એટલા સ્પષ્ટ કર્યા છે, બહુ સ્પષ્ટ કર્યા. અહીંયાં આ છે જુઓ, '**પરદ્રવ્યનાં નિમિત્ત મટવાની સાપેક્ષતા...**' ત્યાંથી ભાઈ! અહીં આલંબન છોડવારૂપ છે.

શબ્દ તો એકને એક.

મુમુક્ષુ :- પરદ્રવ્યને છોડવા માટે નથી.

ઉત્તર :- પરદ્રવ્યને ક્યાં છોડવું છે? એ તો છૂટેલું પડ્યું જ છે. એ ત્યાં લક્ષવાળો છે એને છોડવું છે, એ છોડવું છે. એ તો છૂટેલું જ છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન છે, પણ ચારિત્ર નથી ત્યાં સુધી એને રાગમાં પરદ્રવ્યનું લક્ષ છે, એ લક્ષ છોડાવવા અણુવ્રત અને મહાવ્રતનું ગ્રહણ એવા શુભવિકલ્પો ત્યાં હોય છે. એમ. અશુભ પદાર્થ સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ જે છે એના ઉપર લક્ષવાળો જે રાગ એને છોડવા માટે આવા અણુવ્રત અને મહાવ્રત આવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમિતિ,...**' પાંચ સમિતિ. જોઈને ચાલવું, વિચારીને બોલવું એવા નિર્દોષ આહાર-પાણી લેવા, જોઈને મૂકવું ... એવી સમિતિ એનું પ્રવર્તન આવે છે, એવો વિકલ્પ હોય છે. '**ગુપ્તિ,...**' મન, વચન અને કાયાના અશુભભાવથી ગુપ્ત કરવું એટલે શુભભાવમાં આવવું. એવો ભાવ એને હોય છે. '**પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન,...**' ઠીક! પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન. એવો ભાવ આવે છે. હવે ઓલામાં કીધુંને જુઓ, ઉપાદાન-નિમિત્ત. ધ્યાન આવે છે વચમાં. વ્યવહાર આવે છે. હવે છોડને ધ્યાન, ધ્યાન અને ધારણા. ઉપાદાન-નિમિત્ત લેવું છે. એ લોકો પંડિતોએ પણ બહુ કામ કર્યું છે હોં! ચારે કોરથી વાત બહુ સ્પષ્ટ લીધી. સમજાણું? છોડ ધર્મની ધારણા એમ. ધ્યાનની ધારણા. .. ફેરવી નાખ. ત્યાં અંદરમાં જા, ભગવાન પાસે જા. આહા..હા..! ભગવાન તું ભગવાન બીજો ક્યો છે તારો? આહા..હા..!

'**પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન,...**' દેખો, એમાં પાંચેય પરમેશ્વર આવ્યા. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એની ભક્તિનો, એના વિચારનો, એના ધ્યાનનો વિકલ્પ એને હોય છે. '**એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી...**' સમકિતી અને જ્ઞાનીએ પણ એમ કહે છે. સમજાણું કાંઈ? આવો વ્યવહાર આવે છે. કહો, સમજાણું કાંઈ? નિહાલભાઈના ઓલામાં જોવામાં જાય તો આકરું પડે એવું છે આ બધું. ત્યાં તો વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચયમાં આવવાની વાત છે, પણ અહીં તો જ્યાં નિશ્ચયમાં આવ્યો છે થોડો, વિશેષ આવ્યો નથી, એને આવા ભાવ આવ્યા વિના રહે નહિ. એમ વાત છે. સમજાણું? મેળ આ રીતે પણ છે મેળ. વ્યવહાર છોડવાલાયક તો આ બધું છે એમ તો શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું છે, પણ છોડી શક્યો નથી અસ્થિરતાનો ભાવ, એને આવો શુભભાવ આવે છે. આહા..હા..! વ્યવહાર હોય છે, .. હોય છે. જાણવાલાયક પ્રયોજન છે એમ કીધું એટલે આવું હોય છે એમ કીધુંને.

અને '**એ પ્રમાણે પ્રવર્તનારાઓ...**' સમ્યગ્દષ્ટિ, જ્ઞાન આદિ સ્થિરતાવાળા અને આવા વ્યવહારના વિકલ્પવાળા એમ. એની '**સંગતિ કરવી...**' પરિચય કરવો સત્સમાગમ એમ કહે

છે. **'અને વિશેષ જાણવા માટે...'** હવે પોતે પણ શાસ્ત્રનો અભ્યાસ કરવો એમ કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનો અભ્યાસ પહેલું સાંભળવું કીધું હતું જ્ઞાનીને પણ. હવે એ ઉપરાંત હવે સાંભળ્યું છે એ રીતે હવે શાસ્ત્ર પોતાને જે દૃષ્ટિ પડી છે એ દૃષ્ટિએ વાંચવા. દૃષ્ટિ મળી ન હોય અને વાંચશે તો એનું ઊંધું કાઢશે અને કાંઈનું કાંઈક કાઢશે. સમજાણું કાંઈ? પંડિતજી! એવી વાત છે. આહા..હા..! **'વિશેષ જાણવા માટે શાસ્ત્રનો અભ્યાસ કરવો...'** એટલે કે વિશેષ જાણવાનો એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી એટલું. આમ તો એમ કહે કે ભાઈ! પ્રવચનસારમાં એમ કહ્યું ભાઈ હવે વિશેષ જાણવામાં અમારે સ્થિરતા કરવી છે લ્યો! સ્થિરતા કરવી છે એ તો દૃષ્ટિમાં એમ જ છે. પણ થઈ શકતી જ્યાં નથી ત્યાં આવા અભ્યાસના ભાવ એને આવે છે. આમ વાત કરી. સમજાણું કાંઈ? એમાં એમ આવે નિહાલભાઈમાં, અમારે કાંઈ જ્ઞાનની જરૂર નથી, અમારે તો આનંદના અનુભવની જરૂર છે. આનંદનું વેદન કરવું એ અમારે છે. ગ્રહણપણું ઓછું-વત્તુ એની અમારે સાથે કાંઈ નથી. એનો અર્થ કે સ્થિરતા કરવાની ભાવના તો એ જ છે, પણ એમાં સ્થિર થઈ શકે નહિ તો આવા ભાવ આવ્યા વિના રહે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધાયને આવે આવા ભાવ?

ઉત્તર :- કોઈને થોડા આવે, કોઈને વિશેષ આવે, પણ આવે ખરાને.

મુમુક્ષુ :- તિર્યંચને ક્યાં આવે છે?

ઉત્તર :- તિર્યંચને આવે એ જાતના વિચાર આવે કે નહિ વિકલ્પ આદિ. આવે-આવે એ જાતનો. અંદર વિશેષની વિચારણા એ શું છે? એ શાસ્ત્રનું વાંચન છે. વિશેષ અભેદમાં .. વિશેષની વિચારણા આવે એ બધું એ જ છે. આવે વિશેષ વિચારણા આ પર્યાય શું છે? અશુદ્ધતા શું છે? વાત તો આવે. અવ્યક્તપણે થોડો આવે. સમજાણું કાંઈ? વિકલ્પરહિત થઈ ગયો છે? થઈ ગયો હોય તો તો પછી આ વિકલ્પ આવે એ પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ! સ્યાદ્વાદ, જિનવચન સ્યાદ્વાદ છે. માટે પૂર્ણને સત્યાર્થ કહી અને અપૂર્ણને અસત્યાર્થ કહ્યું હતું. એનો અર્થ એમ ન સમજી લેવો કે પૂર્ણ પર્યાય નથી. આહા..હા..!

**'વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું...'** એટલે વ્યવહારમાર્ગના પરિણામ એવા આવે છે અને બીજાને પણ કહે કે ભાઈ આમ હોય. વ્યવહાર છે તો ખરાને. મુનિઓને પણ વ્યવહાર .. વિકલ્પ આવે એને. **'એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.'** એટલે કે એવો વ્યવહારનો ભાવ આવે એને જાણવાનું પ્રયોજનવાન છે. વ્યવહારનયના અધિકારમાં તો એમ જ આવે ઉપદેશ કરવો. એની વિશેષ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૭, શુક્રવાર, તા. ૨૪-૧૨-૧૯૭૧
## ગાથા-૧૨, શ્લોક-૪, પ્રવચન-૪૯

આ આત્મા જે છે વસ્તુ પદાર્થ છેને—અસ્તિ સત્તા? હોવા વિના હું આ.. હું આ.. કેમ બને? અને એને જાણવાપણાનો ભાવ એ પણ દેખાય છે. વસ્તુ કીધી, હવે જાણવાનો ભાવ એ પણ છે. પણ છે એ ત્રિકાળી ધ્રુવ અવિનાશી છે. એની એને અનાદિથી દૃષ્ટિ નથી. વર્તમાન પ્રગટ અવસ્થા, પ્રગટ પર્યાય હાલત એ ઉપર એની અનાદિથી અજ્ઞાનીની રમતું છે. એથી એને પર્યાયમાં અવસ્થા હોવા છતાં, શુભભાવ આદિ હોવા છતાં એનું લક્ષ ફેરવવા એ વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે. એ નથી કહ્યો છે. એ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ કરવા માટે. સમજાણું કાંઈ? આ ચૈતન્ય મહાસત્તા એની દૃષ્ટિમાં જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી એની સત્તાનો સ્વીકાર ન થાય અને સત્તાનો સ્વીકાર જ્યાં સુધી એવડો, એવો છે એમ ન થાય ત્યાં સુધી એને સાચી દૃષ્ટિ થાય નહિ. સાચી દૃષ્ટિ થયા વિના એને ત્યાં શાંતિ અને આનંદ આવે નહિ. કહો, બરાબર છે? સમજાણું કાંઈ? એથી એની વર્તમાન દશામાં જ્ઞાનનો અંશ ઉઘાડરૂપ છે અને પરિણામ કોઈ શુભ-અશુભ ભાવ હોય, એના ઉપર તો એની દૃષ્ટિ છે એથી એને નવું પ્રયોજન શું સિદ્ધ કર્યું? પ્રયોજન એટલે આત્માને સુખી થવાનો હેતુ જે છે એ સુખી થવાનો હેતુ દ્રવ્યને આશ્રયે દૃષ્ટિ કરે ત્યારે એ પ્રયોજન સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આવી વાતું સંપ્રદાયમાં ચાલે નહિ, વાડામાં બહારમાં ચાલે નહિ. હતી નહિ. ફિલ્મમાં ચાલે નહિ, નાટકમાં ચાલે નહિ, સરઘસમાં ચાલે નહિ. બધા ગપે ગપ નાખતા હોય બધે. આહા..હા..! એ જોયું છેને બધું જોયું છે. ફિલ્મ જોયું છે, સરઘસ જોયું છે, નાટક પણ જોયા છે ઘણા પણ વૈરાગ્યના હોં એ અસલ નાટક. નરસિંહ મહેતા, ભર્તૃહરી એ .. માટે થાય છે. બાઈ હતી બધી વૈરાગ્યની એવી વાત આવે. મોટું નાટક હતું. પાલેજમાં ઘણાં નાટક આવેને. અરે! એમાં વાતું બધી બહારની. દુનિયાની ખુશી કરવા, રાજી કરવા, પૈસા લૂંટવા. સમજાણું?

પણ આ આનું નામ નાટક છે આ. આ નાટક સમયસાર છે. એનું પરિણમન જે છે એ કાયમ ટકતું નથી, બદલતું રહે છે. વસ્તુ પોતે કાયમ રહી અને એની દશાઓ, અવસ્થાઓ, હાલતો પલટ્યા કરે છે. એ નહિ ટકતું નાટક છે. નાટકનો અર્થ નહિ ટકતું. ભાઈએ કહ્યું હતું. .. સમયસારમાં. ... હતાને. .. ... દામનગર. .. મેડીવાળા. આ તો ઘણા વર્ષની વાત.

.. એ તો વાંકાનેરના. આ તો બીજા હતા. ... જોયા છે. નાટક જોયું છે. ડાહ્યાલાલ ત્યાં હતા ૬૫-૬૬માં, ભરૂચ. નાટક આઠ દિ'માં ત્રણ પાડતા. એક એક દિવસમાં પંદરસો. એવું અમે જોયું છે. બધું જોયું છે. ત્યાં તો નજીક હતુંને અમારે પાલેજમાં. પણ આ કાંઈક નામ હતું મોટું. મોટી કંપની હતી. એનો બાપ ત્યાં અરજદાર હતો. તો મારું દીક્ષાનું નામ પડ્યું તો ઘરે બિચારો બહુ માનથી બોલાવે. મેં કીધું આવા નાટક.. એને ખબર હતી આનો છોકરો નાટક પાડે છે. કીધું નાટક કોને કહીએ? ન ટકે તે નાટક. ૬૯. સંવત્ ૬૯ની સાલ. કીધું, આ નહિ. ટકે તે વસ્તુ કહેવાય. પર્યાય આદિ નાટક એ તો બધું ટકતું નથી, આ તો બધું ફેરફાર.. ફેરફાર. અહીં સમયસારને નાટક કહે છે. સમજાણું કાંઈ? જે પર્યાયમાં રાગ-દ્વેષનો પલટો ખાઈને ચોર્યાસીના અવતારમાં રખડે છે એ નાટકને બંધ કરવું હોય તો એણે આત્મા કોણ ચિદાનંદ ભગવાન છે આ એનો એણે ભેટો અને એનો આશ્રય કરવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઘણા વર્ષથી અહીં તો અમારે ચાલે છે. દુકાન ઉપર આનું આ હતું અમારે વાંચન. ૬૪-૬૫-૬૩થી. ૬૩ની સાલથી. ઘણા વર્ષ થઈ ગયા. કેટલા થયા? ૬૫. ૬૫ વર્ષથી ચાલે છે આ બધું. ભાઈ! એને ખબર નથી. સમજાણું કાંઈ?

આ ચીજ પ્રભુ આત્મા અસ્તિ તરીકે છે, તો જે છે એની ઉત્પત્તિ હોય? ક્યે કાળે એની ઉત્પત્તિ? છે એની ઉત્પત્તિ કેવી? અને છે એનો નાશ કેવો? અને છે એ સ્વભાવથી ખાલી હોય? જેમ પોતે કાયમ રહેનાર છે અને એનો સ્વભાવ પણ કાયમ રહેનારો. કારણ કે સ્વભાવ વિનાની વસ્તુ શું? સમજાય છે કાંઈ? ન્યાયથી એણે સમજવું પડશે કે નહિ? તો એનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ ત્રિકાળી છે અને ત્રિકાળનું દ્રવ્ય તે એકરૂપ છે. એની દૃષ્ટિ કર્યા વિના, એવા મહાસત્‌ને સ્વીકાર્યા વિના અલ્પ સત્‌ને સ્વીકારે છે એ દુઃખી છે. સમજાણું કાંઈ? એ દુઃખને ટાળવા માટે એને મહાપ્રભુ પૂર્ણ વસ્તુ છે એની અંદર દૃષ્ટિ કરાવવા એક છે એમ મુખ્ય કહીને પર્યાય અને રાગ નથી એમ કોઈ અપેક્ષાએ ગૌણ કરીને નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે આમાં યાદ કેટલું રાખવું? એની એને ખબર નથી. યાદમાં કાંઈ નથી. વાત તો ઘણી ઓછી છે. સમજ્યા? માલ મોટો છે વાત ઓછી છે. આહા..હા..!

કહે છે કે અહીંયાં જ્યાં સુધી પૂર્ણ દશામાં પૂર્ણ આનંદની દશા પ્રગટ ન થાય એવો દ્રવ્યનો આશ્રય લીધો હોવા છતાં પણ જે સમયે દ્રવ્યનો આશ્રય લીધો એ સમયે કાંઈ દશા પૂર્ણ થઈ જાય છે? સમજાણું કાંઈ? સાધકનો કાળ થોડો રહે છેને અંદર? ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિ અને જ્ઞાન થયા છતાં, હોવા છતાં એની દશામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન નથી ત્યાં સુધી એને અપૂર્ણ જ્ઞાન અને રાગાદિનો ભાવ હોય છે. એને જ્યાં ગૌણ કરીને નથી કહ્યો હતો એને છે કરીને એનો સ્વીકાર કરાવે છે. સમજાણું કાંઈ? અને

અજ્ઞાનીને પણ લીધું અહીં તો. વાત તો આ છે શાસ્ત્રમાં. અજ્ઞાનીને પણ જ્યાં સુધી સત્ય હાથ આવ્યું નથી, આવું પરમ સત્ય વસ્તુ દૃષ્ટિમાં અંદર સ્વીકાર આવ્યો નથી ત્યાં સુધી એણે પણ વીતરાગભાવને સાંભળવો. કારણ કે વીતરાગભાવથી જ શાંતિ અને આનંદ મળે છે. સમજાણું કાંઈ? એણે વીતરાગી ગુરુની ભક્તિ કરવી, વીતરાગી જિનબિંબના દર્શન કરવા એ બધું આવી ગયું છે. અને પોતે પણ કરે એટલે હોય અને બીજાને પણ હોય એમ એને સમજાવે. ભાષા તો એમ છે-કરાવે. એમ છેને? બીજાને પ્રવર્તાવવું. ઉપદેશની શૈલી છેને.

એટલે કહે છે '**વ્યવહારનયને કથંચિત્**...' હવે અહીંયાં આવ્યું છે આપણે. ભગવાન આત્મા પૂર્ણાનંદ અભેદ અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં, તેનો આશ્રય કરાવવા પર્યાયની વર્તમાન દશામાં અલ્પજ્ઞતા અને રાગ હોવા છતાં તેને ગૌણ કરીને, આને મુખ્ય કરીને એક છે એમ કહેવામાં આવે છે. એમાં પર્યાય નથી એમ કહ્યું હતું. કહે છે કે '**વ્યવહારને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે;**...' કથંચિત્ એટલે કે દ્રવ્યની દૃષ્ટિ મુખ્ય કરાવવા પર્યાય અને રાગને ગૌણ કરીને જૂઠો છે એમ કહેવામાં આવ્યું હતું. ભારે! સમજાણું કાંઈ? '**પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે**...' આ તો વ્યવહાર નથી એમ કહ્યું હતું. ગૌણ કરીને, અભાવ કરીને નહિ. સમજાણું કાંઈ?

પ્રભુ આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો દરિયો છે આત્મા. જેમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય સમકિત એટલે શ્રદ્ધા એવા અતીન્દ્રિય ગુણનો એ તો પોતે સાગર છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એથી પ્રથમ એ અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એની દૃષ્ટિ કરાવવા, એનો સ્વીકાર કરાવવા વર્તમાન પર્યાય અને હાલતમાં રાગ અને દ્વેષ હોવા છતાં અને એની અવસ્થા હોવા છતાં, તે નથી એમ જે કહેવામાં આવ્યું હતું તે ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું હતું. પર્યાય નથી જ એમ નથી. આમાં ક્યાં...? સમજાણું કાંઈ? આમાં કાંઈ ઓલા લાદી-બાદીમાં તો આવા વિચાર હોય નહિ કાંઈ. રખડવાના, મરવાના, હેરાન થવાના હોય. ... ભાઈ! આહા..હા..!

તારી ચીજ શું છે? તું ક્યાં છો? કેવો છો? કેવડો છો? એવું અંદરમાં જાણ્યા વિના એને સત્ય હાથ લાગે નહિ અને સત્ય (હાથ) લાગ્યા વિના એને શાંતિ અને આનંદનું વેદન આવે નહિ. દુઃખનું વેદન અનાદિ(થી) છે. સમજાણું કાંઈ? આ બધા શેઠિયા કહેવાય. કહેવાય હોં! શેઠિયા છે નહિ કોઈ. શું કીધું? શેઠિયા કહેવાય, રાજા કહેવાય, દેવ કહેવાય, અબજોપતિ શેઠિયાઓને મોટા કહેવાય, એ બધા ભિખારી દુઃખી છે. માગે છે કે આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ. ધર્મીની દૃષ્ટિમાં આ કાંઈ ન જોઈએ. એક આત્મા જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહ્યું હતુંને? ઘણા વખત પહેલા આવ્યા હતા કૃષ્ણકુમાર. ભાવનગર દરબાર આવ્યા હતા

વ્યાખ્યાનમાં. પછી દરબારને કહ્યું, દરબાર! મહિને જેને પાંચ હજાર જોતા હોય એ નાનો માગણ કહેવાય. માગણ માગે. જેને દસ હજાર, પંદર હજાર મહિને લાખ, બે લાખ જોતા હોય એ મોટો માગણ કહેવાય. એને કરોડનો તાલુકો છેને? થોડું માગે એ નાનો માગણ, ઝાઝું માગે એ મોટો માગણ, કાંઈ ન માગે તે બાદશાહ છે. બહારનું કાંઈ નહિ. પ્રભુ આત્મા આનંદનો ધામ છે. સમજાણું કાંઈ? એની જેને અંદર શ્રદ્ધા અને ભાવના થઈ, એને ઈચ્છા પણ જોઈતી નથી હવે. શુભભાવ થાય એ પણ જોતો નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? એના ફળ તરીકે આવે કાંઈક એ ચીજ એને જોતી નથી. આહા..હા..!

એવો ભગવાન આત્મા અંદર દેહથી ભિન્ન. આ જડ આ તો માટી, માંસના હાડકા છે આ તો. થોથા ઉડીને રાખ થઈને ઉડી જશે. જગતની ચીજ અજીવ છે, એ કાંઈ આત્મા છે નહિ. એથી અહીંયાં એની પર્યાયમાં અવસ્થા પ્રગટરૂપ એક અંશમાં શુભાશુભ રાગ અને એ અંશ એવું હોવા છતાં એને ત્રિકાળી વસ્તુનો સત્ય એક છે, સત્યાર્થ એ જ છે, ભૂતાર્થ એ છે, સમસ્વરૂપ જ એ છે. પર્યાય વિશેષ વિષમ છે અને આ સામાન્ય એને આશ્રયે સમતા પ્રગટ થાય છે. અને એક સમયની અવસ્થાનો વિશેષ એનો આશ્રય કરવા જાય ત્યાં વિષમતા રાગ ઉત્પન્ન થાય છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એ વિશેષનો આશ્રય લેતા અથવા વિશેષનું લક્ષ, રુચિ કરતાં એ તો રુચિ કરતાં એને મિથ્યાત્વ થાય છે. વિષમભાવ થાય, વિષમ એટલે મિથ્યાત્વ. એ મિથ્યાત્વમાં તો મહાદુઃખ છે. એ મિથ્યાત્વમાં તો અનંત નરક-નિગોદ કરવાની તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનંત નરક અને નિગોદની તાકાત મિથ્યાત્વને ટાળવા માટે, ભવનો અભાવ કરવા માટે જેમાં ભવ અને ભવનો ભાવ નથી (તેનું લક્ષ કરાવે છે). આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ધર્મની. ઓલું તો સહેલુંસટ કરી નાખ્યું હતું. દાન આપો ધર્મ થાય, મંદિર કરો ધર્મ થાય, પૂજા કરો ધર્મ થાય, જાત્રા કરો તો ધર્મ થાય. અહીં કહે કે હરામ હોય તો ધર્મ એમાં. એમાં રાગની મંદતા થાય તો પુણ્ય થાય અને એ પણ ધર્મ માને તો મિથ્યાત્વ સાથે લાગે છે. મોટું મીંદડું કાઢતા ઊંટડું પેઠું મોટું. સમજાણું કાંઈ? વસંતલાલજી! ભારે વાત આ. ઓલા લીલા, પીળા કરે છેને. મોટરું લાખ-લાખ, બે-બે લાખની મોટરું લ્યો! એ આમ બેઠા હોય. .. ચાલતી હોય. .. ક્યાં છે ભાઈ ક્યાંક છેને? ઘરે આરસપહારણની .. એમાં લાખ-બે લાખનું શું આવે તમારે? એઈ..! મોટર. છેને એના છોકરાને. ભૂં.. ભૂં.. કરતી હોય. લાલ આવે છેને. શું નામ છે? નામ .. ગયા હતા કે નહિ ત્યાં? .. બાજુમાં. હવે નામ આવ્યું. બેઠા છો કે નહિ એમાં તમારા દીકરાની મોટરમાં? ભલે આપે નહિ તમને મોટર એ. એને બે કરોડ છે તો મોટરમાં બેસાડે, બેસો બેસો બાપુજી જાવ. ખાવ પંદર દિ' તમે રોટલા ખાવ. પછી વયા જાવ તમે. આહા..હા..!

અહીં તો કહે છે કે એમાં ક્યાંય બેઠો હોય એ તો એ મોટર એના કાળજે બેઠી છે કે એ મોટરમાં બેઠો છે એ ક્યાં ખબર છે એને? એ બધાને નભાવવા માટે એને ભીડ પડી છે અંદરમાં. કે આવી મોટરું રાખે, આવા બંગલા હોય એણે કેવી રીતે રહેવું? અને એને કેટલો ખર્ચ હોય એવો માથે બોજો છે અંદરમાં હૃદયમાં. એ ચડી પડી છે મોટર એના કાળજે અને એને ભાન નથી. હું તો મોટરમાં બેઠો છું. બરાબર હશે? આહા..હા..!

ભગવાન ઉપર જ્યાં આરૂઢ નથી થયો, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્, શાશ્વત, જ્ઞાન અને આનંદનો ભંડાર એમાં આરૂઢ થાય એ બેઠો એ સુખી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કારણ કે જ્યાં આરૂઢ થાય છે ત્યાં સુખ છે. એ સુખનો સાગર છે પ્રભુ આત્મા વસ્તુ છેને. વસ્તુ છે તે સહજ સ્વભાવ સુખ અને આનંદરૂપ જ છે. વિકૃત જે દેખાય છે એ તો એની દશામાં, હાલતમાં, પર્યાય વર્તમાન પ્રગટમાં રાગ અને દ્વેષ ને દુઃખ ને વિકાર દેખાય (છે). એના મૂળ સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? જો મૂળ સ્વરૂપમાં ન હોય તો વિકાર કરી શકે નહિ અને પર્યાયમાં વિકાર ન હોય તો એને દુઃખ ન હોય, તો આ રખડવાની દશા ન હોય. એટલે કહે છે કે વસ્તુને ત્રિકાળી ભગવાન આત્માની દૃષ્ટિ કરાવવા, એને સુખ જોઈએ છે તે પ્રયોજન સિદ્ધ કરાવવા ત્રિકાળી ચીજ તે સત્ય છે અને વર્તમાન અવસ્થા તે અસત્ય છે એમ ગૌણ કરીને કહેવામાં આવ્યું હતું. તે કથંચિત્ કહેવામાં આવ્યું હતું એમ કહે છે. હવે ત્યાં એમ કહે છે કે અભૂતાર્થ કહ્યું છે તે કથંચિત્ કહ્યું છે. ત્યાં કથંચિત્ નહિ, એ તો અભૂતાર્થ જ છે ત્રિકાળ આશ્રય કરવાલાયક નથી માટે. એમ છે. એય..! એ ચીજ વ્યવહારનો વિષય છે એને ગૌણ કરીને ત્યાં કહ્યો હતો અસત્યાર્થ એને અહીંયાં ખુલ્લો પાડે છે. પર્યાય છે, રાગાદિ હોય છે, દયા, દાનના પરિણામ પણ હોય છે એ પુણ્યબંધનું કારણ (છે). પણ એવો વ્યવહાર સમકિતીને પણ વર્તમાન દશામાં પૂર્ણ શાંતિ અને આનંદની પ્રાપ્તિના અભાવે આવો ભાવ આવ્યા વિના રહે નહિ. નીચે કર્યો છે અર્થ જુઓ વાંચો. નીચે છેને અર્થ?

‘**વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું...**’ નોટ નીચે. ‘**કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે,...**’ આ શરીરને હલાવી શકે, દેશની સેવા કરી શકે, મંદિરો બનાવી શકે, પુસ્તકો રચી શકે, ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? ભારે વાત! જિનબિંબના દર્શનમાં બધું આવ્યું હતુંને? જિનબિંબ અને મંદિર કરી શકે કે જિનબિંબને ત્યાં સ્થાપી શકે, એ પરદ્રવ્યની ક્રિયા કરી શકે એમ ન માનવું. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવ વસ્તુ સિવાય શરીર, વાણી, મન, કર્મ બીજી ચીજો એ પોતે વસ્તુ છે. એ વસ્તુ છે તેની વર્તમાન દશામાં એના પરિણમન વિનાની એ ચીજ હોય નહિ, તો એ પરિણમવું એ તો એનું કાર્ય છે, એ બીજો એનું પરિણમન કાર્ય કરે એ ત્રણ કાળમાં બનતું નથી. હુશિયાર માણસ હોય એ પ્રોફેસર સંસ્કૃતના છોકરાને

સમજાવી શકે કે નહિ? કોણ કરે? ભગવાન! તને ખબર નથી, ભાઈ! વાણી નીકળે છે એ જડની અવસ્થા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈચ્છા પ્રમાણે નીકળતી જ નથી. અંદર કેટલી વાર કહ્યું. એકદમ કાંઈ બોલતા-બોલતા .. એમ થઈ જાય છે. અંદરથી એ આવે છે. પહેલા.. મહારાજ! શબ્દ એ જ અહીં .. થવાના હોય એ આવી જાય છે. સમજાણું કાંઈ? તારું.. કહો, સમજાણું કાંઈ? અંદર ચાલે .. પ્રભુ! એ શબ્દો કાંઈ ઈચ્છા પ્રમાણે નીકળે છે? શબ્દોની શૈલી તે નીકળવાની હોય પર્યાય ભલે નીકળે, તેનો કર્તા આત્મા નથી. .. આ બધા હુશિયાર માણસ હોય. ધીરુભાઈ! એ ધારે એ પ્રમાણે કરે છે ત્યાં લાદીનું ને ફલાણાનું. છોકરાઓને કહે આમ રાખજો .. શું કહેવાય એ? ભાત-ડિઝાઈન હોય છેને એમાં? જુદી જુદી જાતની ડિઝાઈન હોય છેને. એવી ઘણી ડિઝાઈન જોઈ છે. એ છેને આપણે સ્થાનકવાસી? મોટી ડિઝાઈન કરી દેખાડી દેખો જુઓ આ.. આ.. અમે આવી આવી ડિઝાઈન કરીએ છીએ. ધૂળેય નથી કરતો એમ કહે છે અહીં. નહિ?

મુમુક્ષુ :- બરાબર છે. કોણ કોનું કરે?

ઉત્તર :- આ તારો બાપ કરે, તારો દાદો કરતો હતો આ બધું.

મુમુક્ષુ :- કોઈ કાંઈ નથી કરી શકતું, પ્રભુ! આપે તો કહ્યું છે એમ.

ઉત્તર :- તારા બાપ કરે છે. કેટલા ... કરે છે. ધારધીર કરે છે, પૈસા કરે છે, તને ખવડાવે છે.

મુમુક્ષુ :- એવા ભાવ કરતા હોય તો ભલે.

ઉત્તર :- વાત સાચી. બરાબર છે? ભાવ કરે, રાગ કરે. એમાં રાગ સિવાય આગળ જઈને એની સીમા પોતાની ઓળંગીને પરદ્રવ્યના કાર્ય કરે, ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ. સમજાણું કાંઈ? પણ એમ સમજવું કે વ્યવહાર ઉપદેશથી શુભભાવોને આત્મા વ્યવહારે કહેલો ભગવાને વ્યવહાર કહ્યો છે કે આવો એને સમકિતી ચોથા, પાંચમે, છઠ્ઠાવાળાને એવા શુભભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વ્યવહારે એટલે પરિણમન છે એથી વ્યવહારે કરી શકે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પરિણમે તે કર્તા થાય એમાં આવ્યુંને?

'**વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું...**' પણ આ તો વ્યવહાર કરી શકે છે કે નહિ? કરી શકે છે નહિ, કરી શકતો હોય કે હું કરું એ કર્તાબુદ્ધિ હોય નહિ જેની, પણ એને પરિણમન છે એથી વ્યવહારના ઉપદેશમાં એમ આવે કે વ્યવહારે કરે છે. કારણ કે જે પરિણમે તે કર્તા. એવી વ્યાખ્યા લઈને એને કરે છે એમ કહેવામાં આવ્યું. '**વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું...**' આ બીજી વાત છે. ઓલી કર્તાની વ્યાખ્યા ત્યાં પૂરી થઈ.

સમજાણું કાંઈ? '**કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે,...**' એ બીજી વાત થઈ એ તો. એક તો આત્મા શુભભાવને વ્યવહારના ઉપદેશમાં વ્યવહારનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ખરેખર તો શુભભાવ કરું એવી જેને બુદ્ધિ છે એ તો મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે એ ધર્મી નથી અને ધર્મનું એને ભાન નથી. એમ વાત છે. આહા..હા..! પણ એને વ્યવહારનું પરિણમન હોય છે. પરિણમે તે કર્તા એમ ગણીને નયમાં પણ કર્તા જીવને રાગનો કહેવામાં આવે છે. એક વાત ત્યાં પૂરી થઈ.

'**વળી એ ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભભાવો કરવાથી શુદ્ધતાને પામે છે,...**' એ શુદ્ધ છે અને થાય છે કે કરે છે વ્યવહારથી કીધું. એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરુણા, કોમળતા એવો ભાવ શુભ છે એથી એને ધર્મ થાય છે અને એ ધર્મ એનાથી શુદ્ધતા ધર્મની પ્રગટે છે એમ નથી. સમજાણું કાંઈ? કર્તાના ખુલાસા કર્યા અને એનાથી શુદ્ધતા ન થાય એનો ખુલાસો કરે છે. એનાથી શુદ્ધતા પામે, ધર્મ પામે (એમ નથી). શુદ્ધતા એટલે ધર્મ અને શુભ એટલે કે ધર્મથી વિરુદ્ધ ભાવ. આહા..હા..! ભારે આકરું કામ છે. સમજાણું કાંઈ? બે વિરોધ છે. શુદ્ધતા તે એનો પર્યાય નિશ્ચયનયનો વિષય છે. સમજાણું કાંઈ? અને રાગ છે તે વ્યવહારનય છે. બે વિરુદ્ધ છે. વ્યવહાર કરતાં રાગની મંદતાના ભાવ દયાના, દાનના, સેવાના ભાવ હોં. સેવા કરી શકે એમ નહિ. મંદિર બનાવવાના, શાસ્ત્રો રચવાના એવા ભાવ હોય, એ ભાવ બધો શુભ છે, પણ એ શુભભાવથી એને શુદ્ધતા એટલે ધર્મ થાય એમ નથી. સમજાણું કાંઈ? એ શુભભાવ એ જ ધર્મ માન્યો છે તે તો. અનાદિ અજ્ઞાનથી માન્યું છે. એટલે અહીંયાં વ્યવહાર કરવો અને પ્રવર્તાવવું બધું આવ્યું, એનો અર્થ એવો નથી કે વ્યવહાર કરતાં એને નિશ્ચય ધર્મ શુદ્ધતા પ્રગટે. પણ વ્યવહાર હોય છે તેમ જણાવ્યું છે. પણ એમ સમજવું કે સાધકદશામાં જુઓ!

'**ભૂમિકા અનુસાર શુભભાવો આવ્યા વિના રહેતા નથી.**' આમ ખુલાસો છે. શુભભાવ આવે ખરો. વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ શુભભાવ હો, હોય એમ કહેવું છે. નિશ્ચયની સાથે એને હોય એ પણ વ્યવહાર છે. .. શૈલી જ એવી છે ત્યાં. સમજાણું કાંઈ? એથી અહીં '**વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે...**' કે એ વ્યવહારની ક્રિયા શુભની, દયા, દાનની એ તદ્દન જૂઠી છે એમ કરે તો '**તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે...**' એટલી વ્યાખ્યા લીધી. શુભ પરિણામ છે ઈ છોડે તો તો શુદ્ધમાં તો આવ્યો નથી અને આ છોડે તો અશુભમાં આવશે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવી વ્યાખ્યા! લોકોનો કાગળ આવ્યો છે કે મારો બાપો ત્યાં આવ્યો છે. ભાઈ, અમે કાંઈ ઓળખતા નથી. કાગળ આવ્યો છે મુંબઈથી. ... ૬૦ વર્ષની ઉંમર છે. ફલાણું છે, આમ છે ને તેમ છે. વળી પાછું

એમ કહે કે તમે ત્યાં ન હોય અને તમે જાણો છો. જાણપણું બહુ છેને અહીં. તો ક્યાં ગયા છે એ તમે ચિઠ્ઠી લખી છે એ પ્રમાણે કહીને જાણીને ક્યાં ગયા છે તે બતાવો. ભાઈ! અમને કાંઈ ખબર નથી. .. ભેગો આવ્યો હતો. ... ત્યાં હોય તો અમને જણાવો અને ન હોય તો ક્યાં ગયા છે? આ અમે અહીંયાં જન્મતિથી લખીએ છીએ, ફલાણું લખીએ.. ગોતી કાઢજો. એય..! નવનીતભાઈ! .. અમે તો તમને સાંભળ્યા છે. તમે બહુ પ્રસિદ્ધ છો, આવા છો, આવા છો. પણ બાપા અમે તો આત્મા માટે પ્રસિદ્ધ છીએ. બહારની માટે કાંઈ પ્રસિદ્ધ નથી. બહારનું અમને કાંઈ આવડતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્યોતિષનું જાણતા હોય, અમે જ્યોતિષ-બ્યોતિષ કાંઈ જાણતા નથી. સમજાણું કાંઈ? કાગળ મોટો છેને? આપી દીધો.

**'શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી,...'** શું કહે છે? કહે છે કે શુભભાવ છે એને જો છોડી દે અને શુદ્ધમાં અંતરમાં એકાગ્રતા જોઈએ એ તો થઈ ન હોય અને શુભને છોડે તેથી ઊલટો અશુભોપયોગમાં આવીને ભ્રષ્ટ થશે. સમજાણું કાંઈ? વ્યવહાર છે, આવે છે એટલું એને જાણવું છેને. પણ જો એ શુભોપયોગને છોડી દે, ઉપયોગ અંદર ઠરીને શુદ્ધ તો થયો નથી. તો છોડીને થયું શું? વિકલ્પ શેના આવશે એને? અશુભના આવશે. સમજાણું કાંઈ? ઉપયોગ આવી **'ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે...'** પછી ગમે તેમ પ્રવર્તે, અમારે શું? લ્યો! સમજાણું કાંઈ? **'તો નરકાદિ ગતિ...'** એ નરક પશુ આદિમાં જશે. શુભનું છોડવાયોગ્ય કહ્યું છે એ તો અશુદ્ધને છોડતા એ આવે છે અને એને છોડીને શુદ્ધમાં જવા માટે છોડવા કહ્યું છે. એને છોડીને અશુભમાં આવવું એમ કહ્યું નથી કાંઈ ત્યાં. સમજાણું કાંઈ?

**'નરકાદિ ગતિ...'** નરક આદિ લીધી છેને? પશુમાં જાય, નિગોદમાં જશે. પરંપરા નિગોદને પ્રાપ્ત થાય. બીજી ગતિ જ છે. પશુ આદિમાં જાય, પછી **'પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે.'** ચાર ગતિમાં રખડશે. શુભભાવને છોડી દેશે, શુદ્ધમાં આવ્યો ન હોય અને અશુભમાં આવશે, નરકાદિ ગતિમાં જઈને રખડશે. **'માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા...'** જોયું! શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ એટલે પર્યાય પૂર્ણ થવી તે એમ અહીં કહેવું છે. શુદ્ધનયનો વિષય તો દ્રવ્ય છે સીધો અત્યારે તો. પણ અહીંયાં લેવું છે કે શુદ્ધનયનો જે વિષય સાક્ષાત્ શુદ્ધાત્મા એટલે પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થવી તે, એની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય. સમજાણું કાંઈ? શું કીધું આ વળી? દ્રવ્યની પ્રાપ્તિ થાય તો દ્રવ્યમાં .. ભૂતાર્થ છે એની પ્રાપ્તિ થઈ જશે.

મુમુક્ષુ :- અનુભવ

ઉત્તર :- ના અનુભવ પણ નહિ. આ તો પરિપૂર્ણ પર્યાયમાં થાય, એમ પાછું એની અધૂરી અવસ્થા છે. ત્યાં સુધી જઈ પૂર્ણ કેવળજ્ઞાન ત્યારે.. હવે આનું વળવું રહ્યું નહિ. સમજાણું કાંઈ?

**'શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા...'** સાક્ષાત્ શુદ્ધાત્મા એટલે કે દ્રવ્ય નહિ. એની પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત કેવળજ્ઞાન વીતરાગતા ન થાય, એની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે, એટલે કે વ્યવહાર હોય છે તે જાણેલો પ્રયોજવાન છે. એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? **'એવો સ્યાદ્વાદમતમાં...'** સ્યાત્ કથંચિત્ કહેવું છે. એમ છેને? સ્યાદ્ એટલે કથંચિત્. મુખ્યને સત્ છે એમ કહ્યું, પર્યાયને અસત્ છે એમ કહ્યું. એ તો મુખ્ય-ગૌણની સ્યાદ્વાદની શૈલીથી કહ્યું છે. **'એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૪

(मालिनी)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે :-

શ્લોકાર્થ :- [उभय-नय-विरोध-ध्वंसिनि] **નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું** [स्यात्-पद-अंके] **'સ્યાત્'પદથી ચિહ્નિત** [जिनवचसि] **જે જિન ભગવાનનું વચન** (વાણી) **તેમાં** [ये रमन्ते] **જે પુરુષો રમે છે** (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) [ते] **તે પુરુષો** [स्वयं] **પોતાની મેળે** (અન્ય કારણ વિના) [वान्तमोहाः] **મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને** [उच्चैः परं ज्योतिः समयसारं] **આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને** [सपदि] **તુરત** [ईक्षन्ते एव] **દેખે જ છે. કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા?** [अनवम्] **નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે**

પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? [अनय-पक्ष-अक्षुण्णम्] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

ભાવાર્થ :- જિનવચન (વાણી) સ્યાદ્વાદરૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે-જેમ કે : જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે-ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી સત્-અસત્રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે.-આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે; અન્ય સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે-જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યા દૃષ્ટિ છે. ૪.

---

## શ્લોક-૪ ઉપર પ્રવચન

'એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે :—' પાંચમો શ્લોક. ચોથો શ્લોક. ત્રણ ગયા છેને પહેલાં. એક સાથે ત્રણ ગયા છે. હવે આ ચોથો અત્યારે આવ્યો. ૧૨ ગાથા પૂરી થઈ ત્યારે. આહા..હા..! પહેલા મંગળાચરણમાં ત્રણ આવ્યા હતા. પાછા આવ્યા એ આવ્યા પહેલી ગાથા પહેલાં. હવે આ બાર ગાથામાં આ આવ્યું.

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के<br>
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।<br>
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-<br>
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

એ ઓલા પાને હતું ૨૭. એનો અર્થ ૨૮ પાને છે. '**उभय-नय-विरोध-ध्वंसिनि**' જુઓ અહીં ખુબી જુઓ. '**નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...**' નિશ્ચયનય છે એનો વિષય ત્રિકાળી ધ્રુવ છે અને વ્યવહારનયનો વિષય વર્તમાન પર્યાય અને રાગાદિ છે. બેનો વિષય વિરોધ છે તદ્દન. સમજાણું કાંઈ? પણ વિરોધ ન હોય તો બે પડે કેમ? એનો વિષય ભેદવાળો ન હોય, ભેદ એટલે જુદો. આનો જુદો અને એનો જુદો. એવો ન હોય તો નિશ્ચય અને વ્યવહાર બે પડખાં પડે નહિ. આ મોટા ગોટા ઉઠે છેને એના. આહા..હા..! '**નિશ્ચય અને વ્યવહાર—**' એટલે કે નિશ્ચય એટલે સત્ય પૂર્ણને બતાવનાર એ નિશ્ચય છે. તત્ત્વ વસ્તુ જે છે ધ્રુવ સત્ ભગવાન પૂર્ણ પ્રભુ એને બતાવનાર નિશ્ચય છે એટલે એનો વિષય ધ્રુવ થયો, અને વ્યવહારનો વિષય વર્તમાન પર્યાય ભેદ આદિ હોય એને બતાવનાર એ છે. ગુણભેદ આદિ બતાવનાર. એટલે બેના વિષયમાં ઓલો અભેદ છે, એકરૂપ છે, ત્યારે આ ભેદ છે, અનેકરૂપ પર્યાય અને રાગાદિ એનો વિષય છે. કહો, સમજાણું આમાં? આ વિષય આવો અને આ શું...

નિશ્ચય એટલે એ વસ્તુનો વિષય, નિશ્ચય એટલે જાણવાયોગ્ય ચીજ, નિશ્ચયનું ધ્યેય ધ્રુવ ઉપર છે, વ્યવહારનું ધ્યેય પર્યાયને જાણવા માટે છે. આહા..હા..! ધર્મ કરનારને હવે ભાઈ દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો અને પૂજા કરો. મરી ગયા એ કરીને સાંભળને. એમ તો અનંત વાર રાગની મંદતાનો ભાવ હોય એમાં પુણ્ય બાંધે અને મિથ્યાત્વનું લાકડું સાથે છે મોટું. કારણ કે એની દૃષ્ટિ રાગ ઉપર જ છે. એના સ્વીકારમાં રાગ વિનાની આખી ચીજ છે, મહાપ્રભુનો તો અનાદર થયો છે ત્યાં. સમજાણું કાંઈ?

ત્યારે કહે, અમારે એ કરવા કે નહિ? કીધુંને એ કે આત્માનું ભાન અને સમ્યક્ હોવા છતાં એવો ભાવ પૂર્ણ વીતરાગ થવામાં આવ્યા વિના રહે નહિ. એથી આવે માટે શુદ્ધને મદદ કરનાર છે કે પૂર્ણ મુક્તિને આપનાર છે કે એ આવ્યો ભાવ માટે પરનું કાંઈ કરી શકે છે એમ નથી. સમજાણું કાંઈ? એ દયાનો ભાવ આવ્યો જુઓ. દયાનો ભાવ આવ્યો એથી પરની દયા પાળી શકે છે એમ નથી. તેમ દયાનો ભાવ આવ્યો એ શુદ્ધતાને પ્રગટ કરવા મદદ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ!

નિશ્ચય અને વ્યવહાર. જ્ઞાન ત્રિકાળીને જાણે અને વર્તમાનને જાણે. વસ્તુ છેને? બે અંશ છેને વસ્તુમાં? એક પર્યાયનો વર્તમાન અંશ અને એક ત્રિકાળી ધ્રુવ અંશ. બે થઈને આખી ચીજ છે. સમજાણું કાંઈ? આ આત્મા બે થઈને. હવે બેમાં નિશ્ચયનો વિષય તે ત્રિકાળી છે, વ્યવહારનો વિષય તે વર્તમાન પર્યાય છે. એ બેનો વિષય વિરોધ થઈ ગયો. બે નય જુદા પડ્યા એટલે એનો વિષય, એના લક્ષમાં જે ચીજ આવે એ બેની જુદી પડી ગઈ. છોટાભાઈ! જેમાં કામ કરવું છે એ તો પર્યાય છે અને જે કામ જેને આશ્રયે કરવું છે એ

તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બે ભાવો છે તો એના નય એનો વિષય કરનાર વિષયી, બે ભાવ છે તેનો વિષય કરનાર વિષયી નય બે છે. કીધુંને? એ બે નયોને વિષયના ભેદથી. પણ વિષય છે એ જાણવાયોગ્ય કહ્યો. વિષય કરનાર છે એ નય છે. બે નયોને વિષયના ભેદથી એમ પાડ્યુંને?

નિશ્ચયનો વિષય જ્ઞાન છે ત્રિકાળ.. એ એનો વિષય. અને વિષયી કોણ? નય. અને વર્તમાન પર્યાયનો વિષય એ વ્યવહારનો છે. જાણનાર કોણ છે? વિષયી કોણ છે? કે નય. સમજાણું કાંઈ? લોકોને અત્યારે દ્રવ્ય, ગુણ અને પર્યાય શું વસ્તુ છે એનું જ્ઞાન જ ન હોય. નવરાશ જ મળતી નથી બિચારાને. ઓઘે રળવામાં મજૂરની પેઠે રળતો હોય. બધા મજૂર છે કે નહિ? બે-પાંચ લાખ પેદા કરતા હોય એ બધા મોટા મજૂર છે. એમાં જાય વખત અને એમાં મુંબઈ જેવું હોય, હોળી એકલી સળગે. ગધેડાની જેમ દોડવું. ગધેડાની જેમ ભોંકવું, ઘોડાની જેમ દોડવું, કૂતરાની જેમ ખાવું. આહા..હા..! નહિ? મેં એમ કહ્યું હતું એક ફેરી. મેં કહ્યું આ તો. અમારે પાલેજમાં એક હતા .. એની પેઢી હતી ત્યાં મુંબઈ. તો માલ લેવા જઈએ પાલેજમાં તો આડતિયા તરીકે એના નહિ.. પાલેજવાળા ઓળખીતા ખરાને. ઘણાં વર્ષની વાત. .. ની પેઢી હતી પાલેજમાં. અમે બેઠા હતા. અમે ખાવા બેઠા હતા બધાય. એમાં ખાવા બેઠા અને બહાર ઓલો છોકરો લઈ ગયો એને. ટેલિફોન. ટેલિફોન આમ લાગે ઉઠ્યા એકદમ. ... શું કહે છે કીધું આ શું છે? જેના માટે રળો છો ખાવા માટે એમાં પણ તમને સખ નથી. કહ્યું હતું તે દિ' હોં! એ બાઈ હતી. રસોડામાં .. બાઈ હતી. ખાય તો સખના. જેના માટે તમે રળવા માટે ખાવા માટે તો રળો છો. હવે એના ખાવામાં સખ નથી? ... આ તો ૬૮-૬૯ની વાત છે. સંવત્ ૬૮-૬૯. પણ આમાં સખ નથી તમને? મુંબઈ લેવા ગયા હતા માલ. સાથે આવે એક માણસ. બે કલાક ખાવ તો ખરા સખના. ખાવાના સખ ન મળે. પોપટભાઈ! એવું છે? આહા..હા..!

અરેરે! કહે છે કે એક તો એમાં નવરાશ નહિ અને એમાં આ સાંભળવું સત્ય છે એ સાંભળવાનું મળતું નથી. મળે બધું આ કરો ને આ કરો ને આ કરો, હોળી કરે મિથ્યાત્વની એવું બધું સાંભળવાનું મળે. હવે એને બિચારાને આ વખત ક્યારે મળે? કહો, .. એ બિચારા કહેવાય કે નહિ? આ બધા વકીલો પણ શું બધા તમે ભિખારા જેવા છો. માગો પૈસા લાવો.. પૈસા લાવો... પૈસા લાવો... પૈસા જોઈએ તો ચાલે બધું એમ કહે છે.

મુમુક્ષુ :- તો જ બુદ્ધિ કામ કરે, નહિ તો કામ ન કરે.

ઉત્તર :- ધૂળેય બુદ્ધો કામ કરતો નથી, પૂર્વના પુણ્ય હોય એ પ્રમાણે આવે પૈસા. ત્યાં શું બુદ્ધો કામ કરે છે? .. નથી મોરબીના. બેરિસ્ટર છે ત્યાં મોરબીના. મોરબી નહિ ગોંડલના. ગોંડલ. બેરિસ્ટર. એના બાપે પૈસા મૂક્યા ખાય. રામજીભાઈ એના બાપ કાંઈ મૂકી ગયા

નહોતા. કહો, સમજાણું કાંઈ? અને બધા ઘેર આવે બધા કહેવા ઘેર આવે. રામજીભાઈ આવો.. રામજીભાઈ આવો... અહીં આવતા હતા. ... ... ઘરે આવતા. એ તો પૂર્વના પુણ્યને કારણે છે. ભણ્યા છે માટે આવે છે એમ પણ છે નહિ. કેમ, જવાહરલાલજી! બરાબર છે? .. એમ હશે? આહા..હા..!

અહીં તો કહેવું છે, જુઓ! સિદ્ધાંત કેટલો લીધો છે! કે જ્યારે ૧૧મી ગાથામાં એમ કહ્યું કે ભૂતાર્થનો આશ્રય લેતા, ભગવાન પૂર્ણ સ્વરૂપ એની દૃષ્ટિ કરતાં દૃષ્ટિ એમાં પ્રસરતા સમ્યગ્દર્શન થાય, શાંતિ થાય, આનંદ થાય અને આનંદનો માર્ગ વધવાનો ત્યાં પ્રસંગ છે એને. સમજાણું કાંઈ? સુખની વૃદ્ધિ થવાનો એ ઉપાય છે. માટે તેને ત્રિકાળી વસ્તુનો આશ્રય કર, દૃષ્ટિ કર એમ કહ્યું અને પર્યાય તે નથી, લક્ષ ત્યાં રાખવું નથી એટલે નથી. એમ ગૌણ કરીને કહ્યું. પણ પછી કહ્યું પણ પર્યાય હોય છે. કેમ? કે બે અંશો છે એનામાં. એક ત્રિકાળી ધ્રુવ. ધ્રુવ તો પલટતું નથી. કાર્ય અને બધું તો પર્યાયમાં થાય છે. જો પર્યાયનો સ્વીકાર ન કરે તો આ ધ્રુવ છે એમ માને કોણ? માનનાર તો પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાયનું નામ આવડ્યું ન હોય. આહા..હા..! ઓલો મોટો આવ્યો હતોને, .. શાસ્ત્રી. પર્યાય અહીં સાંભળી. મોટો પંડિત એય..! મહારાષ્ટ્રના. પંડિત થઈને? કે પર્યાય પર્યાય.. આહા..હા..! એ દૃષ્ટિ મિથ્યાત્વ છે તારી. પૂજા કરે ત્યારે જોડે ટબુડી હોય છે, દૂધ નાખે, સેવા કરે, .. ભગવાનની પૂજા. હવે અહીં નથી પૂજા. અહીં તો ભગવાન એક છે. શુભભાવ હોય તો પૂજામાં નિમિત્ત છે એટલી વાત છે. એમાં નાખો દૂધ આમ. અભિષેક (કરે). એય..! છોટાભાઈ! પંચામૃત. આ બધું કૃત્રિમ .. એ જ વાંધા હવે આવી તકરારું હજી વ્યવહારની. આહા..હા..!

અહીં તો કહે છે, ધર્મી જીવને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લીધો હોવા છતાં તેની પર્યાયમાં નબળાઈ અને રાગાદિ હોય છે. એ રાગાદિ અને નબળાઈ એ વ્યવહારનયનો વિષય છે અને પૂર્ણ સબળ અને અખંડ અભેદ તે નિશ્ચયનો વિષય છે. કારણ કે નય છે એ જાણનાર છે, ત્યારે જાણનાર છે તે કો'કને જાણે કે નહિ? નય છે એ જાણનાર છે. અહીં ભેદ પાડીને કથન કર્યું છેને? ૧૧માં એમ આવ્યું કે દ્રવ્ય પોતે શુદ્ધનય છે. એ પોતે શુદ્ધ પૂર્ણ જ્ઞાનનો પિંડ એક શુદ્ધનય છે એમ. અહીં તો બે નયો સિદ્ધ કરવા છેને. તો નિશ્ચયનય છે એટલે જ્ઞાનનો અંશ એ ત્રિકાળી વસ્તુને સ્વીકારે છે. ત્રિકાળી તે જ છે, એ હું છું. વ્યવહારનય એનો વિષય જ્ઞાનનો અંશ છે એ પણ શ્રુતજ્ઞાન પ્રમાણનો ભાગ છે. વ્યવહારનય કાંઈ કુનય નથી. સમજાણું કાંઈ? એ મિથ્યાનય નથી. એ શ્રુતપ્રમાણ સમ્યગ્જ્ઞાનનો એક અંશ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આ કેટલું એણે.. કરવું અને વળી કહે કે જ્ઞાનનો અંશ તે સત્ય છે અને એનો વિષય પણ સત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! તારો સ્વભાવ નિત્ય પણ છે અને પર્યાયમાં અનિત્ય પણ છે. બદલે છે તે

અનિત્ય છે, કાયમ રહે તે નિત્ય છે. એ બે છે તો એને જાણનાર નય પણ બે (છે). તો બે નયનો વિરોધ છે વિષયમાં. એકનો વિષય પૂર્ણ અભેદ અખંડ અને એકનો વિષય ખંડ અંશ અને રાગાદિ. બરાબર છે?

'**નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના...**' એટલે એનું જે લક્ષ છે જે ચીજ એના ભેદથી, લક્ષના ભેદથી '**વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...**' બેયમાં પરસ્પર વિરોધ છે. લ્યો ઠીક! નિશ્ચયથી વ્યવહાર વિરોધ છે અને વ્યવહારથી (નિશ્ચય વિરોધ છે). એકલો નિશ્ચયથી વ્યવહાર વિરોધ એમ નહિ, વ્યવહારથી નિશ્ચય અને નિશ્ચયથી વ્યવહાર પરસ્પર વિરોધ છે. કહો, સમજાણું કાંઈ? એક નય કહે કે ત્રિકાળ તે હું છું. એક નય કહે કે અંશ અને રાગ તે હું છું. એ '**વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...**' એમ કીધું. '**એ બે નયોને...**' એમ કીધુંને? બે જ્ઞાનના અંશોમાં એના '**વિષયના ભેદથી...**' સમજાણું કાંઈ? નિશ્ચયનો વિષય એકરૂપ અભેદ, વ્યવહારનો વિષય અનેકરૂપ પર્યાય અને રાગ. '**એ વિરોધને નાશ કરનારું...**' '**स्यात्-पद-अङ्के**' '**'સ્યાત્'પદથી ચિહ્નિત...**' અંકે છેને ચિહ્નિત. સ્યાત્—કથંચિત્ કહેવું છે એને. કઈ અપેક્ષાએ કહેવું છે એમાં એ એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એવા સ્યાદ્પદથી લક્ષણવાળું. સ્યાદ્ એટલે નિશ્ચયને મુખ્ય કરીને સત્ય કહ્યું, વ્યવહારનો વિષય હોવા છતાં તે ગૌણ કરીને નથી કહ્યું. એવી સ્યાદ્વાદની શૈલી ભગવાનની વાણીમાં આવી છે. સમજાણું કાંઈ?

'**એ વિરોધને નાશ કરનારું સ્યાત્પદથી ચિહ્નિત જે જિન ભગવાનનું વચન...**' છે. વીતરાગદેવની આ વાણી છે. એકને મુખ્ય કરીને એકને સત્ય કહ્યું અને બીજાને અસત્ય કહ્યું એ કથંચિત્ અપેક્ષાએ કહ્યું છે. એમ. સર્વથા નહિ. જિનવચન—વીતરાગના વચન. એનો અર્થ એ કે વાણી તો વાણી છે. એ વાણીમાં રમે તો ધર્મ થાય એમ છે નહિ. તેમ બે વિષયમાં રમે તો ધર્મ થાય એમ પણ નથી. આહા..હા..! શબ્દ તો આ છે. એક તો બે નયો કહેનારું જિનવચન. થયું? હવે એ જિનવચનમાં બે નય ચાલી છે એમાં જે જિનવચનમાં રમે. વચન તો વાણી છે જડ છે એમાં રમે છે? હવે એણે કહેલો નિશ્ચય અને વ્યવહાર વિષય બે. એમાં બેમાં રમે એકસાથે? સમજાણું કાંઈ? પર્યાયમાં તો રમે છે અનાદિથી. હવે એને નિશ્ચય બતાવે છે એમાં શું થાય? સમજાણું કાંઈ? ઓલામાં તો ચોખ્ખો અર્થ કર્યો ભાઈ! ભગવાનની વાણીમાં શુદ્ધ દ્રવ્ય તે ઉપાદેય આવ્યું છે એમ કહ્યું છે. વાત તો એ પણ એમાં અર્થ થયો કે નહિ? વાણીનો કહેવાનો આશય નિશ્ચય-વ્યવહાર, હવે બેમાં રમે એવો અર્થ ઓલા કરે છે. .. એમાં શબ્દ આવે છેને બેમાં રમે. બેમાં શી રીતે રમે પણ?

મુમુક્ષુ :- બેય કરે છે.

ઉત્તર :- બેય શી રીતે કરે છે? બે શી રીતે કરવું? કરે એટલે શું? જ્યાં સ્વનો આશ્રય

લેવા જાય છે ત્યાં પર્યાય ગૌણ થઈ જશે. પર્યાયનો આશ્રય લેવા જાશે ત્યાં દ્રવ્ય નહિ રહે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે ભારે ઝીણી. કેટલાક તો એમ કહે પણ આ સોનગઢ કહે છે એ સાચું? આ સાચું છે જોને હવે ન્યાયથી તો સિદ્ધ થાય છે અહીં વાત. એય..! સાચું એ સાચું છે અને ખોટું ઈ ખોટું છે. આ બધા ધર્મ કરનારા છે. કેટલા મોટા ધર્મ કરનારા બધા. બાવા, જોગી, સન્યાસી, ફકીર. એક કોર સાંઈબાબા, એક કોર આ રજનીશ. એવા બધા કેવા નીકળ્યા છે જુઓને. એક બાઈ નીકળી હતી. ભગવાન. ત્રણ ભગવાન નીકળ્યા હતા. ભગવાન તો આત્મા ભગવાન છે, પણ પર્યાય ભગવાન મનાવે એ જૂઠા છે. સમજાણું કાંઈ? એને તત્ત્વની ખબર નથી, નિશ્ચયની નથી, (નથી) વ્યવહારની. બધા થોથે થોથાં મિથ્યાદૃષ્ટિ છે. એય..! મોટા મોટા માનતા હોય તો? પ્રોફેસરો માને, શેઠિયાઓ માને, કરોડોપતિઓ માને, પણ માનનારા કેવા છે એ તો પહેલાં નક્કી કર. માનનારને ભાન કે દિ' હતું તે એને માને છે માટે સાચા. આહા..હા..!

કહે છે, ભાઈ! વસ્તુ તો આ સ્થિતિ છે. એને ધર્મ કરવો છેને? તો એનો અર્થ એ થયો કે એની વર્તમાન દશામાં ધર્મ નથી. એનો અર્થ થયો કે અધર્મ છે. એટલે કે એનો અર્થ થયો કે એની દશામાં વર્તમાન દુઃખી છે. હવે દશા દુઃખ છે એમ સ્થાપે છે પહેલું જ્ઞાન કરાવે છે કે તારી દશા—અવસ્થામાં દુઃખ છે, ત્રિકાળીમાં દુઃખ નથી. તો એ બે ભાગ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? આ બે નયના બે વિષય છે. એકમાં દુઃખ છે અને એકમાં સુખ છે. અને જે દુઃખ છે એ વ્યવહારનો વિષય પલટતો છે માટે પલટી જાય છે. હવે પલટવું એવું પર્યાયની જ્યાં ખબર નથી એ વાત શું કરે ઈ? આહા..હા..! આવી વાત છે.

કહે છે કે એવા જિન ભગવાનની વાણી છે એમાં **'रमन्ते'** '**(-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે)**' બેનો અર્થ બે વસ્તુ જે બતાવે છે એમાં નિશ્ચયનય પૂર્ણનો આશ્રય કરાવવા બતાવે છે, પૂર્ણમાં જે રમે છે એ '**वान्तमोहाः**' એને મોહનો નાશ થઈ જાય છે. એમ છે વાત. પર્યાયમાં તો રમે છે અનાદિથી. હવે એને વીતરાગે એમ કહ્યું કે મુખ્ય આ ચીજ છે નિશ્ચયનો વિષય. ગૌણ જે કરીને અસત્યાર્થ કહ્યું એ વ્યવહારનો વિષય. હવે એમાં દૃષ્ટિ જ જ્યાં વ્યવહારમાં છે એને ઉપાડીને અહીં મૂકે ત્યારે બે નયનો વિષય વિરોધ થાય. સમજાણું કાંઈ? અને ત્યારે એનો વિરોધ મટે. વ્યવહારના લક્ષને છોડી અને ત્રિકાળીમાં દૃષ્ટિ કરે ત્યારે બે નયના વિષયનો વિરોધ મટે. ત્યારે એને એક નયનો આશ્રય કરતાં બીજો નય જ્ઞાન કરવાલાયક છે એવું એને જ્ઞાન થાય. એને સમ્યગ્દર્શન થઈને આત્મામાં રમે એનો મિથ્યાત્વ નાશ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૮, શનિવાર, તા. ૨૫-૧૨-૧૯૭૧
## શ્લોક-૪, પ્રવચન-૫૦

ચોથો કળશ છે. 'उभय-नय-विरोध-ध्वंसिनि' એનો અર્થ ચાલે છે. એટલે શું કહે છે? **'નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...'** જ્યારે વસ્તુ છે, આત્મા પદાર્થ છે. છે અને એની દશામાં અશુદ્ધતા અને દુઃખ છે. અથવા એની પર્યાય છે, અવસ્થા છે જે બદલતી. બદલતી અવસ્થા ન હોય તો એને ધર્મ સમજવો કે અધર્મ ટાળવો એ રહેતું નથી. એટલે એની વસ્તુમાં ત્રિકાળપણું જે છે એ દ્રવ્ય વિષય નિશ્ચય છે અને એક સમયની પર્યાય છે એ ભેદરૂપ છે, ત્રિકાળી ચીજનો એ અંશ છે એથી તેને પર્યાયનયનો વ્યવહારનયનો વિષય કહેવાય છે. આવું ફળ જિનમાર્ગની અંદર હોય છે. બીજે એ વાત હોતી નથી. કેમકે વસ્તુ એવી છે.

નિશ્ચયનો વિષય અભેદ દ્રવ્ય, વસ્તુ અને વ્યવહારનો વિષય વર્તમાન એનો અંશ, વર્તમાન એની દશા. ચાહે તો કેવળજ્ઞાનની દશા હો પણ છે તો દશાને. પર્યાય છેને? એ રીતે જ વસ્તુ છે. એ વિનાની વસ્તુ કોઈ રીતે સિદ્ધ થાય નહિ. એ રીતે ભગવાન કહે છે. સમજાણું કાંઈ? એવું જૈન પરમેશ્વર સિવાય આવા વસ્તુના સ્વરૂપની સ્થિતિ ક્યાંય બીજે હોઈ શકે નહિ. વાત કરે ભલે કે આ નિર્વિકલ્પ થાઓ, આ કરો. પણ નિર્વિકલ્પ થાઓ એનો અર્થ કે કાંઈ અંદર દશામાં અશુદ્ધતા, મલિનતા છે. એ દશાને હજી પલટતી દશા ન માને તો અશુદ્ધતા ટળીને નિર્વિકલ્પતા કરો એ થતું નથી, રહેતું નથી. સમજાણું કાંઈ?

ધર્મ કરો લ્યો એમ કહે. ભાઈ, તમે દુઃખી છો તો ધર્મ કરો. દુઃખી ક્યાં છે? અને ધર્મ ક્યાં થાય છે? દુઃખી તે એની દશામાં છે. તેથી તે દશા પલટતી છે તો દુઃખની દશા ટાળી અને સુખની દશા પ્રગટ કર. એ પણ દશા છે. જેને વસ્તુ અને વસ્તુની પર્યાય એ માનવામાં આવ્યું નથી એને આ વસ્તુ આ રીતે સાબિત એની દૃષ્ટિમાં હોતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચયનો વિષય અભેદ છે, વ્યવહારનો વિષય પર્યાય છે. બહુ ટૂંકામાં લઈએ તો. દ્રવ્ય અને પર્યાય બે વસ્તુ છે. કારણ કે જ્યારે ધર્મ કરવો છે એમ કોઈ ઉપદેશક કહે તો એનો અર્થ એ થયો કે એની દશામાં અધર્મ છે એ પલટી શકે છે અને એના સ્થાનમાં ધર્મ થઈ શકે છે. તો એ ધર્મ થવો, અધર્મ ટળવો એ તો પર્યાયમાં પરિણતિમાં છે. સમજાણું કાંઈ? એ પર્યાય જ જ્યાં સ્વીકાર નથી અને ધર્મની વાતું કરે. એને પર્યાય વિનાનું આખું

તત્ત્વ છે એ પણ એની એને ખબર હોતી નથી. સમજાણું કાંઈ? બે વાત આવી ગઈ છેને કે ઓલામાં વ્યવહાર અભૂતાર્થ છે. હવે અહીં વળી કીધું કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આ એના કળશ છે અહીં. આહા..હા..!

કહેશે અર્થમાં અંદર. **'જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...'** વસ્તુ છે એ રીતે. ત્રિકાળી દ્રવ્ય છે અને વર્તમાન એની પર્યાય છે અને કરવાનું હોય એ પર્યાયમાં હોય. સમજાણું? અને એ પર્યાય કોઈને આધારે થાય, અદ્ધરથી થાય નહિ. સમજાણું કાંઈ? જે આધાર છે એ દશાનો એ દ્રવ્ય છે, એ નિશ્ચયનો વિષય છે અને જે પલટતી દશા છે એ વર્તમાન જ્ઞાનનો અંશ એને વિષય કરે એ વ્યવહારનયનો વિષય છે. કહો, સમજાણું કાંઈ? જ્યાં આવું નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્ય અને પર્યાય એ વાત જ જ્યાં નથી ત્યાં ગમે તેટલી વાતું કરે એને ધર્મ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને તે પલટતી દશાનું પરિણમન પોતાને કારણે છે પાછું, પરને કારણે નહિ. સમજાણું કાંઈ? પરને કારણે માને તો પલટવું પોતાથી છે એમ સાબિત સિદ્ધ થાતું નથી. કહો, સમજાણું આમાં? કે ભાઈ દેવ, ગુરુ અને શાસ્ત્રની કૃપાથી આત્માને કલ્યાણ થાય. એઈ..!

મુમુક્ષુ :- આમાં લખ્યું છે.

ઉત્તર :- ક્યાં શાસ્ત્રમાં શું લખ્યું છે? એણે કહ્યું એવું કર્યું એમાં આમ હતું એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ?

જ્યારે પર્યાય બદલતી છે તો બદલવું એ તો એનો સ્વભાવ થયો, એ એનો સ્વભાવ પરથી થાય—બદલે? અધર્મ છે અને ધર્મ એની દશામાં થાય છે, એ તો પર્યાય થઈ. હવે પર્યાયનું પોતાનું પલટવું, પૂર્વનું વ્યય થવું, નવાનું ઉત્પન્ન થવું એ તો એનો સ્વભાવ થાય છે. હવે એ પરને લઈને થાય તો એ ઉત્પાદ-વ્યય રહેતા નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાત છે. દ્રવ્ય અને પર્યાય અસ્તિ છે, છે. એ રીતે ન હોય તો તો કોઈ પ્રાણી (કહે) કે ભાઈ, અમારે હવે સારું કરવું છે લ્યો. તો સારું કરવું છે એની વ્યાખ્યા કરો. એની વર્તમાન દશામાં સારું નથી અને સારું હવે નવું કરવું છે. તો નવું કરવું એ દ્રવ્ય નવું થાય? પર્યાય પલટતી દશા એ નવી થાય. સમજાણું કાંઈ? પોપટભાઈ! ન્યાયથી, લોજિકથી, ન્યાયથી સમજવું પડશે કે નહિ એને?

ભાઈ! મારે ભાઈ ધર્મ કરવો છે. હું હેરાન-હેરાન દુઃખી છું. ભલે એણે દુઃખી પ્રતિકૂળ સંયોગને માન્યા હોય. જોકે પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી. આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એ પ્રતિકૂળ છે અને એ દુઃખ છે. સમજાણું કાંઈ? દુઃખ પોતે એની દશામાં છે. દુઃખ પરમાં હોય તો પરને લઈને પલટે ત્યારે આ દુઃખ ટળે. આ તો દુઃખ પોતાની દશામાં છે. એનો

પર્યાય ધર્મ પલટવાનો છે એથી ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ ધ્રુવ છે એનો વિષય કરે, એનો આશ્રય કરે તો અધર્મની પર્યાય પલટીને ત્યાં ધર્મ પર્યાય થાય. દ્રવ્ય અને પર્યાય બે સિદ્ધ થઈ ગયા ત્યાં. સમજાણું કાંઈ?

વસ્તુ જ આ રીતે (છે). કોઈ માણસ, કોઈપણ પ્રાણી, કે ભાઈ અમે ધર્મ કહીએ છીએ, ધર્મની વાત કરીએ (છીએ). પણ ધર્મ કહીએ છીએ એટલે શું? ધર્મ તો શબ્દ થયો વાચક, એનું વાચ્ય શું? જેમ સાકર શબ્દ થયો, પણ એનું વાચ્ય શું? કે સાકર પદાર્થ. એમ ધર્મ કરો ભાઈ! અમારે કાંઈક નવું કરવું છે. અનંત કાળથી કર્યું ન હોય એનાથી નવું (કરવું છે). ત્યારે નવું કરવું છે એની વ્યાખ્યા શું? કે એ જૂની અવસ્થા છે તે પલટી શકે છે તેથી પલટતી પર્યાયમાં જૂનું છે તેને ટાળવું છે અને નવી અવસ્થા પ્રગટ કરવી છે. તો તો પર્યાય સિદ્ધ થઈ ત્યાં. હવે એકલો પર્યાય એકલો માને તો પર્યાય કોને આધારે પલટી? સમજાણું કાંઈ? પાણીના તરંગ ઉઠ્યા. એક તરંગ ગયું અને ઉઠ્યું, તરંગ ગયું ને ઉઠ્યું. કોને આધારે? પણ દળ પડ્યું છે ધ્રુવ એને આધારેને.

એમ નિશ્ચયનો વિષય, સત્ય જ્ઞાનનો વિષય અભેદ છે અને વર્તમાન જ્ઞાનની પર્યાય, એનો વર્તમાન વ્યવહારનયનો વિષય વર્તમાન પર્યાય છે. આવું જ્યાં સ્વરૂપ નથી ત્યાં કોઈ રીતે એને હિતનો પંથ મળે નહિ. સમજાણું કાંઈ? પછી લાખ વાતું કરે કે આમ કરો, ફલાણું કરો, ઢીંકણું કરો, ઉઠ-બેસ કરો, વિકલ્પ છોડો, નિર્વિકલ્પ થાવ. પણ વિકલ્પ છોડો, નિર્વિકલ્પ થાવ શેમાં? પરમાં કે મારામાં? મારામાં તો એ શું થાય વળી વિકલ્પ જાય અને નિર્વિકલ્પ થાય એ શું થાય ઈ? સમજાણું કાંઈ? એટલે વ્યવહારનયનો વિષય ઉત્પાદ અને વ્યય તેને એ જાણે છે. નિશ્ચયનયનો વિષય ઉત્પાદ-વ્યય વિનાની ત્રિકાળી ચીજ તેને જાણે છે. આ રીતે બે નય અને એનો વિષય સિદ્ધ થાય છે અને બે નયનો વિષય વિરોધ છે. વિરોધ છે. સમજાણું કાંઈ? એમાં તો ઘણું ઘણું કહી ગયા છે.

પર્યાય વ્યવહારનયનો વિષય એ પરને લઈને પર્યાય નહિ. સમજાણું? અને નિશ્ચય દ્રવ્ય એનો વિષય એટલે કાયમ ટકતી ચીજ જે છે એ એનો વિષય ધ્યેય છે. હવે આ વિષયમાં અભેદ છે અને આના વિષયમાં ભેદ છે. આ વિષય દ્રવ્ય છે તો આનો વિષય પર્યાય છે. ત્રિકાળનો વિષય શુદ્ધ છે તો વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા (છે). એ તો પર્યાય પોતે અશુદ્ધ કહેવાય છે એ. ભેદ છેને? ભેદ એ જ મલિન કહેવામાં આવે છે. કહો, ભીખાભાઈ! બધું બહુ આવે એમાં ઘણું આવે છે.

જ્યાં દ્રવ્ય અને ગુણ અને પર્યાય એ ત્રણ જ જ્યાં શબ્દો નથી ત્યાં એના વાચ્ય એની પાસે હોય નહિ. કેમકે ત્રણ એ ચીજ સિદ્ધ થાય છે કે એને પલટવું છે, કાંઈક ઠીક કરવું છે એનો અર્થ કે અઠીક છે તેને પલટીને ઠીક કરવું છે એટલે પર્યાય સિદ્ધ થઈ એ

તો. બદલતી પર્યાય સમસ્ત પ્રકારે પરિણમવું બદલવું એ. હવે બદલતી ચીજ થઈ એમાં એને દુઃખ હતું એને સુખ થયું અને સુખ થયું એ સુખ ક્યાંથી આવ્યું? ગઈ દશામાંથી આવ્યું? ગઈમાંથી આવે? ત્રિકાળી સત્ સુખ અને આનંદથી ભરેલો ગુણ છે. એ ગુણનું એકરૂપ, ત્રિકાળી ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. એટલે દ્રવ્ય એકરૂપ છે, ગુણ અનેકરૂપ છે, પર્યાય ભેદરૂપ છે. સમજાણું કાંઈ? આવું સાબિત થયા વિના કોઈ દિ' વસ્તુ એને હાથ લાગે નહિ. અને પલટવું મારાથી છે, પરથી છે એમ માને તો એને હાથ નહિ લાગે. સમજાણું કાંઈ? અને એકલું પલટવું જ માને તો એને હાથ નહિ લાગે. પલટે કોને આધારે? નવી દશા આવે એ કાંઈ સત્‌માંથી આવે? કે અસત્‌માંથી આવે? સમજાણું કાંઈ? એમાં ઘણો સમાવેશ કરી નાખ્યો છે. ૧૧ અને ૧૨નો ખુલાસો કરે છે.

'**નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને...**' બે જ્ઞાનના અંશોને એના '**વિષયના ભેદથી...**' બેયના ધ્યેય, વિષય જુદાં છે. નિશ્ચયનો વિષય જુદો અને વ્યવહારનો વિષય જુદો. બે જુદા વિષય ન હોય તો બે નય સિદ્ધ થાય નહિ. એટલે કે દ્રવ્ય અને પર્યાય સાબિત થાય નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવું બધું ધર્મ કરનારને સમજવું પડે ભારે, એ કરતાં સમજ્યા વિના થાતું હોય કે નહિ? '**એ વિરોધને નાશ કરનારું...**' જુઓ, '**स्यात्-पद-अङ्के**' કઈ અપેક્ષાએ કહેવું છે એ સ્યાત્—કથંચિત્. ત્રિકાળ દ્રવ્ય છે એ નિત્યની અપેક્ષાએ, અવસ્થા છે તે વર્તમાન અનિત્ય અને પર્યાયની અપેક્ષાએ. એ '**स्यात्-पद-अङ्के**' એ '**स्यात्**' કથંચિત્ જેનું ચિહ્ન છે એવું અનેકાંત જેનું સ્વરૂપ છે અને વાણી એની '**स्यात्-पद-अङ्के**' કથંચિત્ કહેવું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય નિત્ય છે તો એ પર્યાય પણ નિત્ય છે એમ છે નહિ. આહા..હા..! પર્યાય અનિત્ય છે તો વસ્તુ પણ અનિત્ય છે એમ નહિ. આહા..હા..! ભારે કામ આવું ભાઈ!

'**स्यात्-पद-अङ्के**' ''**સ્યાત્'પદથી ચિહ્નિત...**' લક્ષણ જેનું છે. જેનો ટ્રેડ માર્ક છે. સ્યાત્‌પદ જેનો ટ્રેડ માર્ક છે. '**જે જિન ભગવાનનું વચન**(વાણી)**...**' લ્યો! એવા જિન ભગવાનની વાણી, જિન ભગવાનની વાણી. એવી જિન ભગવાનની વાણી છે એમ કહે છે. સ્યાત્‌પદના લક્ષણવાળી, અંકવાળી, ચિહ્નવાળી ભગવાનની વાણી. સમજાણું કાંઈ? એટલે કે જેને નિત્ય કહ્યું, તેને જ પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહે. નિત્યને અનિત્ય કહે એમ નહિ. અનિત્ય જેને કહ્યું એને નિત્યની અપેક્ષાએ, દ્રવ્યની અપેક્ષાએ નિત્ય કહે, પણ અનિત્યને કહ્યું તે બીજી અપેક્ષાએ અનિત્ય પણ નિત્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? આ માથાકૂટ કહેવાય. નહિ? આ સમજવાનું ત્યાં વાંચવામાં એકેય વાત પૂછો બપોરે તો કાંઈ આવી વાતું ન હોય લ્યો.

'**તેમાં જે પુરુષો રમે છે...**' એટલે શું? કે જિનવાણી દ્રવ્યાર્થિકને મુખ્ય કરીને તે

સત્ય છે એમ કહે છે. પર્યાયાર્થિકને તે લક્ષ કરવા જેવું નથી તેથી તેને ગૌણ કરીને નથી એમ કહે છે. એવી વાણીના ભાવમાં જે રમે છે. એમ. સમજાણું કાંઈ? વાણીમાં શું જડમાં રમવું છે? અને વાણીમાં દ્રવ્ય અને પર્યાય બે છે, તો બેમાં રમે? સમજાણું કાંઈ? પર્યાયમાં તો રમે જ છે અનાદિથી. હવે બીજો ભાગ આખો છે મોટો એને મુખ્ય કરીને એ જ સત્ય છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરીને એ નથી એમ કહ્યું, એવું પ્રયોજન સિદ્ધ કરવા વીતરાગની વાણી સ્યાદ્વાદથી મુખ્ય-ગૌણ કરે છે. સમજાણું કાંઈ?

અનેક પંથો ચાલ્યા છે જુઓને. ઘણા-ઘણા કો'ક ભગવાન કહેવડાવે, કો'ક વળી ઈશ્વરનો પુત્ર કહેવડાવે. જુઓ ઈસુ એમ કહે છેને? ઈશ્વરનો પુત્ર હતો. આવે છે? આવ્યું છે. .. છે. એ બીજી રીતે છે એ. એ તો સર્વજ્ઞના પુત્ર કઈ અપેક્ષાએ? એય..! ગૌતમસ્વામીને પરમેશ્વરના પુત્ર કીધા છે શાસ્ત્રમાં. એનો અર્થ કે ભગવાને કહેલો પૂર્ણ ભાવ એને સમજીને એની પ્રજા પર્યાય પોતે પ્રગટ કરી, ધર્મપિતા તરીકે કહેવામાં આવ્યા અને ધર્મપુત્ર તરીકે કહેવામાં આવ્યા એને. પણ એનો દીકરો છે (એમ નથી). સમજાય છે કાંઈ? આહા..હા..! કહો, સર્વજ્ઞ ભગવાનના પુત્ર ગૌતમ છે એમ કહે. ધર્મપિતા. લ્યો! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, એની પર્યાય પૂર્ણ છે અને એમણે પોતાના આત્માને આશ્રય માનીને એની પર્યાયને પણ કબુલી, પણ એ પર્યાય હજી અપૂર્ણ છે. એથી એ સર્વજ્ઞના ગણધર તેને પુત્ર કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આ ઈસુ ઈશ્વરનો પુત્ર, આ ગૌતમ ઈશ્વરના પુત્ર. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ કે નહિ? એણે જન્મ આપ્યો છે એના આત્માનો? અને એ આત્માની પર્યાયનો એણે જન્મ આપ્યો છે? પર્યાયનો જન્મ તો પોતે... પર્યાયને ઉત્પાદ કહે છેને? ઉત્પાદને જન્મ કહે છે. ભાઈ આપણે બહુ વાપર્યું પંડિતજીએ. ઉત્પાદને જન્મ... ઉત્પાદ. ઘણા શબ્દો વાપર્યા છે. ઉત્પાદ એટલે જન્મવું. દ્રવ્યમાં નવી અવસ્થાનું જન્મવું, ઊપજવું. કહો, એ નવું ઊપજવું એ પોતાનો પરિણમન પર્યાય ધર્મ છે. એમ સિદ્ધ કર્યા વિના એને પર્યાયની અસ્તિ પણ સ્વતંત્ર છે એમ નહિ કબુલ કરી શકે. આને લઈને. એ તો નિમિત્તનું કથન કર્યું પછી પરમાત્મા પૂર્ણ પરમેશ્વરદશા એનું લક્ષ કરી, પહેલું અરિહંત દ્રવ્ય-ગુણ-પર્યાયનું, પછી અંતરમાં ઉતર્યા, ઉતરીને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની શક્તિ પ્રગટ થઈ એને સર્વજ્ઞના પુત્ર ધર્મપિતા તરીકે કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઈસુ ઈશ્વરનો દીકરો હતો. સ્વામીનારાયણ કહે ભગવાન હતા. આ અત્યારે ત્રણ ભગવાન કહેવાય છે બહાર. એક ઓલો રજનીશ, એક ઓલો સાંઈબાબો. એને જૈન માને છે. આવા અક્કલ વિનાના છેને. ગૃહીત મિથ્યાદષ્ટિ છે ત્રણેય. અગૃહીત તો અનાદિના છે એ છે. સમજાણું કાંઈ? એય..!

કારણ કે વસ્તુ એમ કહેવા માગે કે ધર્મ, તો એ ધર્મ એણે કોઈ દિ' પર્યાય છે, આ પર્યાયનું નિધાન ખાણ ગુણ છે અને ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે, આવી છે વાત કોઈ દિ'?

સમજાણું કાંઈ? પણ એ વિના તો વસ્તુ સિદ્ધ થતી નથી. નવનીતભાઈ! આહા..હા..! લોજિકથી ન્યાયથી તો આ વાત સિદ્ધ થાય છે.

પોતે રહીને બદલે છે. ટકીને બદલે છે. ટકવું એ તત્ત્વ નિશ્ચયનયનો વિષય, બદલવું એ વ્યવહારનયનો વિષય. એમાં ત્રણેય સિદ્ધ થઈ ગયા. પર્યાય. કારણ કે પાછા ગુણ અનેક છે. ગુણનું એકરૂપ તે દ્રવ્ય પણ દ્રવ્ય એક છે તેમ ગુણ એક નથી. કારણ કે દ્રવ્યનો આશ્રય કરતાં સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્શ્રદ્ધા થાય, સમ્યક્ આનંદ થાય, સમ્યક્ વીર્ય એ બધી પર્યાયોમાં પલટતી અવસ્થા થાય છે તો એટલા ત્યાં ગુણ છે અંદર. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં આ રીતે એમ વસ્તુ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને ધર્મ શી રીતે થાય? ધર્મ કાંઈ બહારમાં કરવો છે? ધર્મ કરનારો, કલ્યાણ કરનારો કોણ છે? અને કોણ છે? અને એની દશામાં શું છે? એનું જ્ઞાન થયા વિના કલ્યાણ કોઈ દિ' થાય નહિ. એમાં તો બધા ઉડી ગયા. પર્યાયનું બદલવું મારાથી ટકવું પણ હું પોતે, હવે બેમાંથી એકને મુખ્ય કરીને સમ્યગ્દર્શન દ્રવ્યાર્થિકનયનો વિષય બતાવ્યો છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં તો પર્યાયને લક્ષે પણ સમ્યક્ ન થાય તો પછી દેવ, ગુરુ અને શાસ્ત્રને લક્ષે સમકિત થાય, એની ભક્તિથી થાય એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કાંતિભાઈ! આ ન્યાયથી સિદ્ધ થાય છે કે નહિ? એય..! સુજાનમલજી!

કહે છે, પુરુષો '**ये रमन्ते**' એટલે કે વસ્તુ જે ત્રિકાળી છે તેને સિદ્ધ કરે છે, પ્રયોજન સિદ્ધ કરવા માટે. બે અંશો હોવા છતાં એક દ્રવ્ય અને વસ્તુ અને એક અવસ્થા. બે હોવા છતાં એકને મુખ્ય કરીને સત્ય કહે છે, બીજાને ગૌણ કરીને અસત્ય કહે છે. તો પરનું લક્ષ છોડીને જ્યારે સ્વમાં રમે છે ત્યારે દ્રવ્યાર્થિકનયના વિષયમાં રમે છે એ જિનનું વચન કહેવાનું છે. વીતરાગની વાણીમાં આત્મા ઉપાદેય શુદ્ધ છે એમ કહેવું છે. પર્યાય ઉપાદેય છે એમ કહેવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જણાવે છે. પણ ઉપાદેય એ છે. બે હોય એમાં બે ઉપાદેય કેમ હોઈ શકે? વિષયનો વિરોધ છે. એક ઉપાદેય છે તો એક હેય છે. આહા..હા..! જુઓને ક્યાં સુધી લઈ ગયા છે? પર્યાય છે, શુદ્ધ છે એ પણ પર્યાય છે માટે તેને પરદ્રવ્ય કહી, પરભાવ કહી, આ ભાવરૂપે એ નહિ, આ દ્રવ્યરૂપે એ નહિ, આ ઉપાદેય માટે એ ઉપાદેય નહિ, એમ કરીને એ પર્યાય નિર્મળને પણ ત્યાંથી લક્ષ છોડાવવા આખી ચીજ છે તેમાં મુખ્ય કરીને દૃષ્ટિ લગાડવા ત્યાં રમ (એમ કહે છે). સમજાણું કાંઈ? રમણતા એ પર્યાય છે, પણ અહીં રમ એમ. પર્યાયમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા! આહા..હા..!

એને અંતરમાં જ્ઞાનમાં આ ચીજ આવી હોય એવી બેસે તો પછી લાખ કરોડ જગતના કહેનારા હોય એનાથી વિરોધ એ વાત એને બેસે નહિ. ઈન્દ્ર ઉપરથી ફેરફાર કરવા તો બેસે

નહિ. પણ વસ્તુ આવી છે પછી વળી બેસે નહિ બેસેનો પ્રશ્ન ક્યાં? સમજાણું કાંઈ? લાખ, કરોડ વાતું કરતા હોય જગતના પ્રાણી. સમજાણું કાંઈ? લ્યો! ઓલામાં આવે છે ઉપશમરસ. નથી આવતું? હાથ મૂકે ત્યાં આમ થાય જુઓ એવું આવે છે. ભજનમાં નથી આવતું? શું આવે છે? .. મૂકે આવે છેને કાંઈક ભાષા? ... ઊપજી લબ્ધિ અનંત. લ્યો! તમે ગાવ છો ત્યાં. ભક્તિમાં આવે છે. 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. ભગવાનનો હાથ માથે મૂકે ત્યાં આમ થઈ જાય જાવ. ઓલો કહેતો હતો અહીં. આવ્યો હતોને વાણિયો ડોક્ટર અમદાવાદનો. ... બનેવી. એના ભાઈ આ છે. ડોક્ટર. વકીલ હતાને. ઓલા .. વકીલ હતા એના ભત્રીજા. એ કહે કે અમારે તો ત્યાં .. હાથ મૂકે ત્યાં .. આવા ગાંડા તે કાંઈ પણ. ગાંડાના ગામ જુદા હશે? પાગલ. વાણિયા થઈને પાગલ. અને અમારા .. તો ઉપર દેહ રચે છે. પાક્કો દેહ થશે એકદમ જનનાદ કરતા ઉપરથી ઉતરશે. ગાંડા તે પણ. મોટા મોટા માણસ આવે હોં! એય..! મહેન્દ્રભાઈનો બનેવી. કહેતા હતાને ઓલા શું? બડજાત્યા તારાચંદ. ત્રણ કરોડ રૂપિયા. કેટલા લાખો ત્યાં ખર્ચે. આવ્યો હતો ત્યાં. જ્યાં સર્વજ્ઞની વાત ઉપાડી કીધું એક સમયમાં આમ જ્ઞાન હોય, આમ હોય. ભાગી ગયા. આહા..હા..! કેટલાક સર્વજ્ઞ .. થાય ... તું સમજ તો ખરો, સર્વજ્ઞ તો એની પર્યાયમાં એણે જાણ્યું, એણે જાણ્યું માટે તારે અટક્યું છે એમ છે? આહા..હા..! આવા ને આવા. મારો પર્યાય મારાથી થાય છે. સર્વજ્ઞે જોયું એ પ્રમાણે થાય, પણ સર્વજ્ઞ છે માટે અહીં થાય છે એમ નથી. અહીં થાય છે જે એ તો દ્રવ્યનો આશ્રય લે ત્યારે સમ્યક્જ્ઞાન થાય છે એમ ભગવાને પણ એમ જોયું અને તારામાં પણ આમ થાય છે. આહા..હા..! ભારે વાંધા તે વાંધા.

કહે છે, આવી રીતે પ્રચુર પ્રીતિ કરીને જે કાંઈ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, જેને બે અંશમાં એક અંશમાં રમવાનું ભગવાને કહ્યું, તેનો આશ્રય લેવાનું કહ્યું, એ જે એનો આશ્રય લે એ એમાં રમે. એને પ્રીતિ સહિત અભ્યાસ એટલે અંતરનો અભ્યાસ હોં! વાણીનો અને શાસ્ત્રનો એ અહીં વાત નથી. આહા..હા..! પર્યાયમાં તો અનાદિનો છે જ માનેલી. એટલા અંશ પ્રગટ છે એ તો માને છે. એનું લક્ષ જ્યાંથી છોડાવી અને જેમાં પર્યાય એક અંશ નથી, ત્રિકાળી છે ત્યાં જા, એનો આશ્રય લે એમ જિનવચન હતું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ નથી આવ્યા પ્રવિણભાઈ? ઉજાગરો હતો સાચી વાત. કહો, સમજાણું કાંઈ? જિન ભગવાનનું '**जिनवचसि ये रमन्ते**' એમ કહ્યું છે પાઠમાં તો. વાણીમાં રમે. અને કહેલો ભાવ પણ દ્રવ્ય અને પર્યાય. એનો કહેલો ભાવ એ છે કે મુખ્ય ત્રિકાળીને દ્રવ્ય કહીને, પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. દ્રવ્યનો આશ્રય લે અને એમાં રમ એમ જિનવચનમાં કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન એમ કહે છે કે તું અમારી સામું જોઈને અમારામાં રમ, એનાથી તને કાંઈ લાભ છે નહિ. આહા..હા..! ભારે ભાઈ ભગવાન! આ ભગવાન તો... આહા..હા..! કારણ કે ભગવાન! પૂર્ણ તું છો. ત્યાં સામું (જોઈને) એને વધાવ. સમજાણું કાંઈ? મને વધાવે છે એમાં તો તને વિકલ્પ થાશે. જય ભગવાન! આ પૂજા ને ભક્તિ ને આ. હો, વિકલ્પ. પણ એ કંઈ શરણભૂત નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કરેલા છે. જય હો. જય ભગવાન. ખરેખર તો એવો છે કે સર્વજ્ઞપદ જે પ્રગટેલું છે એમ ટકી રહો એમ શ્રદ્ધાના વિષયવાળો કહે છે. એમ મારો સ્વભાવ ત્રિકાળ ટકતો છે એને આશ્રયે જે હું પ્રગટ પર્યાય કરું એ ટકતી રહે એમ એનો અર્થ છે. જય હો! સાધકભાવ અને સાધ્યનો જય હો. એનો અર્થ કે મારો સાધકભાવ તેમ ટકી રહો, સાધકનું સાધ્ય મને અલ્પ કાળમાં પ્રાપ્ત થાઓ, ઉપાયથી ઉપેય એમ એની ભાવના છે. એવી વાત છે.

મુમુક્ષુ :- મેળવાળી વાત છે.

ઉત્તર :- મેળવાળી આ છે. હે ભગવાન! ભવે ભવે મને ભક્તિ હજો. એનો અર્થ એ કે શુભભાવ હો અને અશુભ ન આવે એનો અર્થ આશ્રય ઉપર જાય શુદ્ધમાં એમ કહેવું છે. સમજાણું કાંઈ? ભવે ભવે પ્રભુ ભક્તિ હજો તમારી. એનો અર્થ ઈ કે મારા શુભભાવમાં પર ઉપર લક્ષ છે, હવે અશુભ ન થાય. તો અશુભ ન થાય કોને? સમજાણું કાંઈ? એ સ્વભાવ સન્મુખ થાય એને. એવી વાત છે, ભાઈ! શું થાય? એવો માર્ગ છે, પણ લોકોએ વીંખી નાખ્યો છે એની દૃષ્ટિમાં હોં! વસ્તુ તો વસ્તુ છે એ. એ કાંઈ એમાં વીખાતો નથી અને પીંખાતો નથી. આહા..હા..!

અહીં તો કહે છે, '**જે પુરુષો...**' જિનવચનમાં મુખ્ય દ્રવ્યનો આશ્રય કરાવે છે એટલે કે દ્રવ્યને ઉપાદેય કહે છે એ વીતરાગદેવના વાક્યનો સાર છે. એવા દ્રવ્યમાં જે રમે છે (એને) મિથ્યાત્વ સહજ નાશ થઈ જાય છે. થઈ જાય છે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને...**' વમન કરે છે. એમ પાછું વમન ફરીને આવે નહિ. એવી વાત છે અહીં તો. આહા..હા..! ભારે પણ આ આકરું કહે છે. પહોંચવું કામ આકરું ભાઈ! આવું પ્રેક્ટિસમાં મૂકવું ભારે છે. ઓલા પ્રેમચંદભાઈનો દીકરો છેને, ..વાળા. કોઈ દિ' પ્રેક્ટિસ કરી છે તે મૂકવું કઠણ પડ્યું તને? આહા..હા..!

આખો ભગવાન દ્રવ્યસ્વરૂપ વસ્તુ, પૂર્ણ વસ્તુ... વસ્તુ.. વસ્તુ... વસ્તુને અંદર વસેલા અનંતા... અનંતા... અનંતા... અનંતા ગુણો છે. એનું કોઈ દિ' સામું જોવાની દરકાર કરી

છે? સામું જોવાની દરકાર કરી નહિ એટલે પ્રયોગમાં મૂકવું કઠણ. એ તો કઠણ જ હોય. પરમાં છે તો અહીં તો આવવું કઠણ જ પડે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો અનંત વાર સાંભળ્યું છે. એ તો સુલભ છે. આ એક સુલભ નથી. ... પરના અભ્યાસે આ સુલભ નથી એમ કહ્યું. પોતાની ચીજ છે. સત્ છે અને સરળ છે અને સર્વત્ર જ્યાં હોય ત્યાં તે પ્રાપ્તિ થાય છે. કોઈ કાંઈ ક્ષેત્ર ને નિમિત્ત કાંઈ નડતા નથી. આહા..હા..! સાતમી નરકનો નારકી જીવ ... આહા..હા..! એને પણ આમ બાંધ્યો હોય એવો. અહીંયાં તો કોઈ બાંધનારા નથી, પણ ત્રીજી નરક સુધી એવા બાંધે લોઢાના સરીયા. એક તો જાણે સોળ રોગ જન્મથી. જન્મે ત્યારથી સોળ રોગ. પીડા સહી ન જાય, અગ્નિમાં ઉત્પન્ન (થાય). એમાં ભાઈ પરમાધામી એને બાંધી, સરીયા બરીયા બાંધી, લોઢાના સરીયાથી આખી ગાંસડી કરે અને એના ઉપર ઘણ મારે. ત્યાં પણ સમકિત પામે નારકી. આહા..હા..! પર્યાયબુદ્ધિ ખસીને જ્યાં દ્રવ્યમાં ગયો, ભલે ગમે તે સ્થિતિ સંયોગની હોય એની સાથે શું સંબંધ છે. આહા..હા..! આવું સીધું શરીર હોય તો જ પામે, આમ બંધાયેલું હોય તો ન પામે, મૂંગો હોય તો ન પામે એમ છે કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આ શેનો અર્થ આવ્યો? કે વીતરાગે ઉપાદેય આત્માને કહ્યો એ જ્યાં ઉપાદેય આદરે ત્યાં એને આનંદ અને સમકિત થયા વિના રહે નહિ. આહા..હા..! ગમે તે સંયોગમાં હો. લોકો (કહે), ભાઈ કાંઈક પૈસા ખાવાના સરખા હોય, આ છોકરા રળે સરખા તો આપણે નિવૃત્તિ લઈને બેસીએ.

મુમુક્ષુ :- છોકરા ન હોય એને?

ઉત્તર :- છોકરા ન હોય એને એમ કહેતા હતા એક ફેરી. કીધુંને પાલેજમાં અમારે હતા. દામોભાઈ હતા. બે બાયડી હતી. છોકરા થયા નહિ. કાંઈ થયું નહિ. તે દિ'ની વાત છે આ તો ૭૪-૭૫ની વાત છે. ગુજરી ગયા અત્યારે તો હોં. આઠ હજાર રૂપિયા રોકડા ચાંદીના. તે દિ' એક જણાનો ખર્ચ પાંચ રૂપિયા. ૭૪-૭૬ની વાત છે. બાયડી ભાયડો બે. પછી મરી ગઈ એક બાયડી. ઉઘરાણી હોય બે-પાંચ હજારની ઉઘરાણી હોય નાખે બહાર. ખાસડા ઢસરડતા-ઢસરડતા ઉઘરાણીએ નીકળે. એય..! દામભાઈ પણ તમે આટલા વર્ષે હવે? પણ બાપુ મારે કાંઈ દીકરો છે? તમારે તો દીકરા કામ કરે. મારે ક્યાં દીકરો એટલે હું ઢસરડા કરું. ગજબ કરે છેને જીવ પણ. તે દિ' ૭૨-૭૩ની વાત છે. આઠ હજાર રોકડા એકલા ચાંદીના હો રૂપિયા.

મુમુક્ષુ :- નોટ નહિ?

ઉત્તર :- નોટ નહિ. નોટ .. તમારા. તે દિ' રોકડા આઠ હજાર. અને પટારામાં નાખ્યા. કુંચી રાખે, કુંચી. મરતા પણ બહુ થાય તો અહીં રાખતા ઓશિકા નીચે. ઘણી ઘણીવાર કોઈક લઈ ગયું નથીને કુંચી? અરે! આહા..હા..! પણ તમારે દીકરા છે, તમારે દીકરા જાય.

મારે કોણ? પણ હવે તમારે કરવું છે શું? ૮૦ વર્ષ થયા. ૮ હજાર પડ્યા છે. બે જણા ખાવ તો મહિને ૨૦ રૂપિયા માંડ જોવે. એમાં કાંઈ ખૂટે એવા નથી. માને નહિ, માને નહિ. એ વખતની વાત છે હોં. અત્યારે તો ૫૦-૫૦, ૬૦ ખર્ચ જોવે, પણ એના પ્રમાણમાં પૈસા વધ્યા છેને. એમાં શું તમારે બાપ ક્યાં રૂપિયા હતા? કહો, સમજાણું કાંઈ? જાધવજીભાઈ! ક્યાં તમારા બાપ પાસે હતા આટલા? એ તો વધ્યું છે પૈસાને બધું. પણ મારાને સખ ન મળે અંદર. આટલું કરું અને આટલું હોય તો થાય. એમ નહિ. આ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો થાય એક જ વાત છે અહીં. સમજાણું કાંઈ? લાખ વાતની વાત. કેમ દિલીપ!

વસ્તુ જે ઉપાદેય ભગવાને કીધી, ત્રિકાળ ચૈતન્ય ભગવાન ઉપાદેય છે, બસ એટલું કર. ગમે તે સંયોગ હો અને ગમે તે નિર્ધનતા હોય કે સધનતા હોય કે નરક હોય કે પશુ હો, આ માણસ હો કે દેવ હો. સમજ્યા? આ શરીરમાં રોગ હોય કે નિરોગ. એની સાથે કાંઈ દૃષ્ટિ કરે અને સંબંધ છે નહિ. પર્યાયનું લક્ષ છોડવું છે ત્યાં વળી આ છે ને તે છે એ ક્યાં હતું? કહે છે. આહા..હા..! માણસ એમ કહે કે કાંઈક ખાવા-પીવાના સાધન તો કરો. બેઠા બેઠા નિરાંતે કરીએ. રળાવ છોકરા હોય તો અમે રહીએ અહીંયાં. હવે તો નિવૃત્તિ થઈ, છોકરા ત્યાં રળે છે. પૈસા છે આપણી પાસે ખબર છે આટલા છે. એ નિવૃત્તિ નહિ. એ ઠીક છે માટે અમે અહીં નિવૃત્તિ લઈને બેઠા એમ પણ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. અહીં તો બીજું કહેવું છે. ઓલો કહે આવું કાંઈક સાધન છે તો હવે નિરાંતે અમારે ધર્મ થાય. એમ વાત જ ખોટી છે. આહા..હા..! એ પોતે જ ભગવાન ત્રિકાળ નિવૃત્તસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એને પર્યાયનો પણ વળગાડ નથી. આહા..હા..! પુણ્ય-પાપની વાત પણ શું કરવી? એક સમયનો અંશ એનો એને વળગાડ નથી એમાં ક્યાં ગરી ગઈ છે અંદર? આહા..હા..! એવો જે વસ્તુ... આહા..હા..! અહીં તો મહા સિદ્ધાંત કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આનંદની રેલું છેલમછેલ કરી છે. આહા..હા..! કહે છે કે તારે તો જરૂરનું આ એક છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદફંદ...' આવે છેને કાંઈક? આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્ય, બસ એ જ ઉપાદેય કરવું એમ ભગવાને કહ્યું. એમ અંદર ઉપાદેય કરી એટલે નજર નાખીને એમાં રમે, એ એનું મિથ્યાત્વ નાશ-વમન થઈ જાય. વમન કીધું એટલે ફરીને વમન લે નહિ. કૂતરા લે, કાંઈ માણસ વમન ન લે ફરીને. થયું એ થયું એમ કહે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! જુઓ પૈસાવાળાને ધર્મમાં કાંઈ અવકાશ ખરો? એય..! ..ભાઈ! ધૂળેય નથી કીધું. કોણ તમને કહે છે? ૮૧ની વાત છે. ૮૧. ૧૯ ને ૨૮. ૪૭ વર્ષ થયા. .. છેને. .. બહાર બેઠા હતા. .. ત્યાં આવ્યા

હતા એ ભાઈ. કેશવલાલ. .. કેશવલાલ નહિ? અત્યારે ઓલા ..માં છેને મોહનભાઈને? આ વચલા એ વચલાથી મોટા. એ આવ્યા હતા. કાંઈક પૈસા-બૈસા ખર્ચ્યા હશે તે દિ' ૨૫-૩૦ હજાર પાઠશાળામાં. એટલે કહે મહારાજ! અમારે પૈસાવાળાનું કાંઈક આમાં..? કીધું, બિલકુલ નહિ. આહા..હા..! પૈસાવાળાનું સ્થાન કોઈ અમે પૈસા ખર્ચીએ. પાઠશાળા થાય, છોકરા ભણે, ઈનામ આપીએ, બહારમાં ધર્મ શોભે. ધૂળેય નથી કીધું. એ વખતે સામું ન બોલે. એમ થાય કે આ મહારાજ બીજી જાતના છે. આ બધા ખેલ એના બીજી જાતના છે. પણ એને ઠીક નહોતું લાગ્યું, એ તો લાગતું હતું. બધા વખાણ કરેને. આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, બાપુ! તું હયાતીવાળો મહાપદાર્થ છોને. બસ, એનો આશ્રય અને એ ઉપાદેય એક જ વાત છે. એમાં બધી જ્યાં પર્યાયને હેય કરવી છે ત્યાં તારા હવે લક્ષ્મી અને ધૂળમાં ક્યાં હતા? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે શાસ્ત્રના ભણતરને પણ હેય કરવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની પણ અંદર જેને ઉપાદેય કરવામાં એની અપેક્ષા નથી. આહા..હા..! આવો પ્રભુ! ભાઈ! તારી પાસે તું પોતે એવડો છો, પણ એવડો અને એવો તને નજરમાં આવતો નથી. આહા..હા..!

કહે છે, આવામાં રમે એ '**वान्तमोहाः**' મિથ્યાત્વકર્મનો ભ્રમણાનો નાશ કરે છે. કર્મ તો એની મેળાએ નાશ થાય છે. ઉપાદેય કરે એટલે ઉત્પાદ સમ્યગ્દર્શનનો થાય, મિથ્યાપર્યાયનો વ્યય થાય, એનું નિમિત્ત પણ કર્મ પણ એને વ્યય થવાનો રજકણ અવસ્થા હતી તે અકર્મરૂપે થઈ જાય. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ તો જુઓ! જૈન પરમેશ્વરે કહેલો સીધો સત્ય માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? જેને કોઈની જરૂર નહિ. ઓલામાં આવે છે, તત્ત્વજ્ઞાન તરંગિણીમાં ભાઈ! શ્લોકોના શ્લોક આવે છે. એમ કે જ્યાં પૈસાની જરૂર નહિ, શરીરની જરૂર નહિ, એવા આવે છે મોટા લખાણ તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. વિકલ્પની જરૂર નથી. હવે આવો આત્મા તારે શું કરવું છે તારે? ધનનો ક્ષય નહિ. ધર્મ પામવામાં ધનનો ક્ષય નથી. એ તો એને કારણે જાય અને આવે એમાં તારે શું? આહા..હા..! ભારે વાત, ભાઈ! ભાઈ! આવા ધર્મ જેને કરવો છે એવી પર્યાયો તો અનંતી જેની ખાણમાં પડી છે. એવા નિધાનને ઉપાદેય ભગવાને કહ્યું છે. હવે એ ઉપાદેય કરવામાં આવા સંયોગ અને આવું હોય ને તેવું હોય, એ કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નથી કહ્યું અલિંગગ્રહણમાં? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! પોતાનો સ્વભાવ જ સ્વભાવથી જણાય. એ તો એનું સ્વરૂપ જ એવું છે કહે છે. પોતાના સ્વભાવથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતાસ્વરૂપ જ છે. એને પરની કોઈ અપેક્ષા નથી. એમ જેને રમે છે એને કર્મનો ઉદય વમી જાય છે.

'**उच्चैः परं ज्योतिः समयसारं**' '**આ અતિશયરૂપ પરમજ્યોતિ...**' '**उच्चैः**'નો અર્થ

એ છે. વિશેષરૂપ પરમજ્યોતિ **'પ્રકાશમાન શુદ્ધ આત્માને...'** આહા..હા..! **'उच्चैः परं ज्योतिः समयसारं'** લ્યો, અહીં સમયસાર શબ્દ આવ્યો લ્યો! ઓલો તો છે પણ આમાં આવ્યું. એનો અર્થ કરતા. ઓલામાં છે અર્થમાં. **'सपदि समयसारं'** લ્યો! પહેલામાં આવ્યું અને આમાં સમયસાર. એમ કે સમયપ્રાભૃત નામ હતું. સમયસાર તો આમ.. આવા ને આવા.

મુમુક્ષુ :- એ તો જુદા જુદા નામ આવે એમાં શું?

ઉત્તર :- આવે છે તો શું છે? અહીં છેને. પહેલામાં આવ્યું હતું. નમઃ સમયસાર. આ પણ પહેલો શ્લોક છે બાર પછીનો. ટીકાનો પહેલો શ્લોક. ત્યાં પણ એમ લીધું લ્યો! એમાં શું છે પણ બાપા! શબ્દના વાંધા શા માટે કરે છો? ભાવ સમજને ભાવ. વાંધા શું કાઢો? સમય પ્રાભૃત કહ્યું છે ત્યાં. પ્રાભૃતનો અર્થ ભેટણું થાય છે.

**'આ અતિશયરૂપ પરમજ્યોતિ...'** કેવો છે ભગવાન આત્મા? **'અતિશય પરમજ્યોતિ...'** ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સાગર. આહા..હા..! **'પ્રકાશમાન શુદ્ધ આત્માને...'** **'सपदि'** 'તુરત...' જ. ધ્રુવનો આશ્રય લેતા તરત જ તે આત્માની પ્રાપ્તિ એને થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રનો આશય લે તો પામે એ ન આવ્યું. પુણ્યનો આશ્રય લે તો પામે એ ન આવ્યું, પર્યાયના આશ્રયે પામે છે એમ ન આવ્યું. ભારે માર્ગ બાપા! વીતરાગ માર્ગ તે કાંઈ... અરે! એણે કોઈ દિ' મનુષ્યપણું પામ્યો પણ એમને એમ ગુમાવ્યા ઘણીવાર. કાંઈકને માને, કાંઈકને બહાને મિથ્યાત્વમાં (કાઢ્યા). આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ છે. આ કોઈ કલ્પેલો, આમ હશે અને તેમ હશે એમ નથી. આમ અર્થ છે. સમજાણું કાંઈ? એની હા તો પાડ. હા પાડતા હાલત થશે, ના પાડ તો નરકે જશે. આહા..હા..!

કહે છે, એ 'તુરત...' **'ईक्षन्ते'** **'ईक्षन्ते'** એટલે તરત જ અનુભવશે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માને પ્રત્યક્ષ તરત જ અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'દેખે જ છે.' એટલે જ્યાં આમ પર્યાયને અને રાગને દેખતો (હતો હવે) આને દેખે છે એમ પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું છે. આહા..હા..! જ્ઞાનની દશામાં અનુભવમાં 'આ આત્મા' એમ અનુભવમાં અનુભવે છે એને દેખે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આહા..હા..! આના સાંભળનારા પણ થોડા હોય. સમજનારા તો વળી થોડા, અનુભવ કરનારા તો બહુ થોડા હોય. આહા..હા..! એવી વાત છે.

મુમુક્ષુ :- બતાવનારા પણ ઓછા હોય.

ઉત્તર :- એ તો આપણે આવી ગયું છે. ઉપદેશ પણ વિરલ છે. ૧૧મી ગાથામાં વિરલ ઉપદેશ છે. ઓલો તો બહુધા ઉપદેશ બધો એ છે. આ કરો ને આ કરો તો આમ થાશે, આ કરો તો આમ થાશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ભગવાન છે એની પ્રાપ્તિ કરશે

એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં એ આવ્યું. એ તો ૧૧-૧૨ની સંધિ કરીને વાત કરે છેને આ. વ્યવહાર અભૂતાર્થ કહ્યો હતો, નિશ્ચય સાચો કહ્યો હતો. એ જિનવાણીમાં એમ કહ્યું હતું. મુખ્ય કરીને કહીએ છીએ. એને મુખ્યમાં જે રમે, ત્યાં જે દૃષ્ટિ લગાવે, ત્યાં જે શ્રદ્ધાને પસરાવે તે જ ક્ષણે તેને અનુભવ (થાય), આનંદનો અનુભવ થાય અનુભવે આત્માને. આહા..હા..! અરેરે! અનાદિથી દુઃખને અનુભવે છે એને ખબર નથી. આકુળતા... આકુળતા... આકુળતા... એ શુભરાગ પણ આકુળતા અને ભઠ્ઠી છે. 'રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેવીએ.' સમામૃત. વસ્તુ સ્વભાવ છે સમામૃતથી ભરેલો છે. એનો આશ્રય કરતા સમામૃતમાં પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! આવું એનું સ્વરૂપ છે. અનંત ભગવંતોએ આ રીતે ફરમાવ્યું છે. સમજાણું કાંઈ?

**'ईक्षन्ते'** **'ईक्षन्ते'** 'દેખે જ છે.' જોવે છે, અનુભવે છે. '**કેવો છે એ સમયસાર?**' '**કેવો છે એ સમયસારરૂપ શુદ્ધ આત્મા?**' અનુભવમાં આવ્યો એ. નવીન ઉત્પન્ન થયો નથી. એ તો હતો. હતો એ અનુભવમાં આવ્યો. સમજાણું કાંઈ? ત્રિકાળ વસ્તુ હતી. તેં નજર કરી નહોતી માટે નહોતી ચીજ એમ નહિ. હતી તે દેખવામાં આવી છે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિમાં દેખાતી નહોતી. એ તો અંશ દેખાતો હતો. ... રાગમાં એકતા તે પરસમય છે. સ્વભાવમાં એકતા તે સ્વસમય આત્મા છે. આવો આત્મા નવીન નથી ઉત્પન્ન થયો. વસ્તુ શું (ઉત્પન્ન) થાય? વસ્તુ તો એમને એમ છે. **'अनवम्'** એમ છેને? '**પહેલાં કર્મથી આચ્છાદિત હતો...**' એમ. કર્મના નિમિત્તમાં લક્ષ હોવાથી ચૈતન્યના ધ્રુવ સ્વરૂપને જાણ્યો નહોતો, ઢંકાયેલો હતો. રાગબુદ્ધિમાં, પર્યાયબુદ્ધિમાં એ વ્યક્ત નહોતો, તિરોભૂત હતો. આહા..હા..! '**કર્મથી આચ્છાદિત હતો...**' લ્યો! ઠીક! એમ કીધું. એનો અર્થ શું? કર્મના નિમિત્તે થતો મિથ્યાત્વભાવ એમાં એ આચ્છાદિત-ઢંકાઈ ગયેલો હતો. આહા..હા..!

ધુમાડાથી લાપસી ઢંકાઈ ગઈ. ચૂલામાં લાપસી કરેને ચૂલા ઉપર તપેલામાં. તાપ્યા હોય લાકડા, લીલા હોય લાકડા એટલે તપેલામાં લાપસી પડી હોય એ તો ન દેખાય, તપેલું ન દેખાય આખું. ચૂલામાં નાખે લીલા લાકડે ધુમાડો દેખાયને. અંદર ઓલી લાપસી પડી, મોટું તપેલું છે. થોડું ઊનું થાય પછી હલાવવા માટે રાખ્યું છે. દેખાય નહિ એને ધુમાડા આડે. લાપસી આમ આમ કરતાને. હવે તો બધું ફેરફાર થઈ ગયો છે. લાપસી થોડી ઊની થાય એટલે વેલણ હલાવે. આપણે જોયેલું આપણે ક્યાં કરીએ છીએ? ઓલા લોંદા ન થાય ઓલા. ગાંઠીયા ન પડે. અંદર હોય કાચું અને ઉપર ચડી જાય એવું ન થાય. એટલે સરખુ એવું કરે.

એમ અહીં કહે છે કે ત્યાં ધુમાડા આડે ઓલું અંદર શું છે એની ખબર નથી. એમ ભ્રમણા આડે અંદર કોણ ભગવાન છે એની ભગવાનની ખબર નથી. આહા..હા..! સમજાણું

કાંઈ? રાગની એકતા આડે રાગ એ અંધારું છે. પર્યાયબુદ્ધિ અંદર અંશબુદ્ધિમાં અટક્યો છેને પર્યાયમાં. આહા..હા..! એ અંધારા આડે એને દ્રવ્યનું ભાન હોતું નથી.

‘**કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે.**’ લ્યો! વ્યક્તરૂપ થઈ ગયો. દ્રવ્ય તો દ્રવ્ય છે, પર્યાયમાં પ્રગટ થયો એટલે વ્યક્તિરૂપ છે એમ કહેવામાં આવે છે. એનાથી ખ્યાલ આવ્યોને કે આ. સમજાણું કાંઈ? ‘**વળી કેવો છે?**’ ‘**अनय-पक्ष-अक्षुण्णम्**’ કુનયના પક્ષથી ખંડિત ન થાય એવો છે. અજ્ઞાનીઓએ કુનય વડે કરીને આત્માને એકાંત પર્યાય છે એમ માને, એકાંત દ્રવ્ય જ છે માને, ભેદ જ છે એમ માને, અભેદ જ છે એકાંત માને એવા કુનયથી એ વસ્તુ ખંડિત થતી નથી. એવો નિર્બાધ આત્મા પ્રગટ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૯, રવિવાર, તા. ૨૬-૧૨-૧૯૭૧
## શ્લોક-૪, પ્રવચન-૫૧

આ સમયસાર. ચોથા કળશનો ભાવાર્થ છે. કળશ થઈ ગયો. હવે એમાં પણ આવશે. ‘**જિનવચન** (વાણી) **સ્યાદ્વાદરૂપ** છે.’ આ વાત આવી પહેલી લ્યો! વીતરાગદેવના વચનોમાં સ્યાત્ નામ અપેક્ષાએ કથન હોય છે. આ ૧૧-૧૨ની સંધિની વાત છે આ બધી. ૧૧મી ગાથામાં એમ કહ્યું કે આ આત્મા વસ્તુ જેને ધર્મ સમજવો અને પામવો હોય એની વાત છે. અનાદિની જે દશા છે એને પલટાવવાના ભાવ એવું કથન વીતરાગના વાંચનમાં હોય છે. એટલે? વીતરાગની વાણી એવી આવે છે. સ્યાદ્વાદ એટલે કથંચિત્ કહેવું. એટલે? કોઈ અપેક્ષાએ કહેવું. એટલે કે આત્મામાં બે અંશો હોવા છતાં વસ્તુ એક ત્રિકાળ પણ ધ્રુવ છે અને વર્તમાન બદલતા પરિણામ, પર્યાય, પર્યાય અવસ્થા પણ છે. હવે બેમાં વીતરાગની વાણી સ્યાદ્વાદ કહે છે. એટલે કે વસ્તુને મુખ્ય કરી, મુખ્ય પ્રયોજન સિદ્ધ થવા ત્રિકાળી ચીજ ભંડાર આનંદનો સાગર ભગવાન ધ્રુવ એને મુખ્ય કરીને એ નિશ્ચય અને એ સત્ય

છે. અને પર્યાયમાં—અવસ્થામાં વિકાસ જ્ઞાનનો હોવા છતાં અને પુણ્ય-પાપના વિકલ્પ હોવા છતાં છે તો ખરા એ. એના અંશમાં છે. પણ વીતરાગની વાણીમાં તેને હોવા છતાં તેનું લક્ષ છોડાવવા તેને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એટલે? કે જેને આત્મા જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છેને. એટલે ધ્રુવનું અવલંબન લેતા એનું પરિણમન સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિરૂપ થાય છે. એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કોને? પર્યાયને?

ઉત્તર :- પરિણમન સહિતને. મૂળ તો એમ છે. સમજાણું કાંઈ? પાઠમાં તો એમ લીધું હતું કે ભૂતાર્થ તે શુદ્ધનય છે, પણ એના પરિણમનમાં ભાન વિના આ છે ભૂતાર્થ કોને પ્રતીત બેસે? જે વસ્તુ જ્ઞેયરૂપે જ્ઞાનમાં આવી નથી. જ્ઞાનની વર્તમાન દશા એને આખી ચીજ એ જ્ઞેયરૂપે જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી આ છે એમ કહેનાર કોણ? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, બાપા! આ તો અપૂર્વ વાતું છે. ચંદુભાઈ! આ દુનિયાથી બધી જુદી જાતની છે. તમારા પંપના.. એથી બીજી જાતની વાત છે. આહા..હા..! અરે! પ્રભુ! તારી પ્રભુતા તો મહા છે કહે છે. અને પર્યાયમાં પામરતા, અલ્પતા અને રાગ છે એ પણ છે તારામાં. હવે એને અનાદિથી એક સમયની અવસ્થા અને પુણ્ય-પાપના વિકલ્પ જે પ્રગટરૂપ છે એના ઉપર તો એની દૃષ્ટિ છે પરિણમનની. અસ્તિ છે આ એટલું. એ તો સંસાર છે, દુઃખરૂપ છે અને નરક અને નિગોદની દશાના કારણરૂપ મિથ્યાત્વ સેવન છે એ. સમજાણું કાંઈ?

'**જિનવચન** (વાણી)...' સ્યાદ્ અપેક્ષાએ કહે છે. જે ત્રિકાળી ચીજ છે એ સત્ય છે અને પર્યાય આદિ તે અસત્ય છે. સમજાણું કાંઈ? એને મુખ્ય-ગૌણ કરીને સ્યાદ્વાદથી કથન કર્યું છે. '**જિનવચન સ્યાદ્વાદરૂપ છે.**' એનો અર્થ? અનેકાંત જે ચીજ છે તેને અપેક્ષાથી કહે છે. પાછું અનેકાંત એટલે? વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય ધ્રુવ સત્ અનાદિઅનંત એ છે અને વર્તમાન અવસ્થા એ એમાં નથી. અવસ્થામાં અવસ્થા છે, ત્રિકાળમાં નથી. એવું અનેકાંત એનું સ્વરૂપ છે. એ અનેકાંતની દૃષ્ટિ થાય, દૃષ્ટિ પરિણમન થાય ત્યારે એને અનેકાંતનો લાભ થયો કહેવાય. એથી અમૃત આવે છેને પ્રવચનસાર નહિ? અનેકાંત અમૃતસ્વરૂપ છે. ભાઈ! ગાથામાં આવે છે આ બાજુ. અનેકાંત.

એનો અર્થ આ છે કે વસ્તુ ભગવાન પૂર્ણ વસ્તુ અને એક સમયની અવસ્થા, બે છે. હવે આ બે ધર્મો છે, બે પ્રકાર છે, બે એનામાં ભાવ છે. એક ત્રિકાળી ભાવ છે અને એક વર્તમાન ભાવ છે. હવે એ ત્રિકાળી ભાવનો આશ્રય લેતા એમાં પર્યાય આવતી નથી. કારણ કે પર્યાય આશ્રય લેનાર છે. પછી પરિણમન જે થયું એ પર્યાયનું નિર્મળ એ સહિત આને અહીં શુદ્ધનય ગણવામાં આવ્યો છે. વિષય કર્યો ધ્રુવનો, પણ વિષય કર્યો ત્યારે પરિણમન

થયું ત્યારે વિષય કર્યોને? આવી વાત છે. અરે! કોઈ દિ' રસ્તા ભાળ્યા નહિ, જોયા નહિ.

ઓલામાં કહે છે ધવલમાં, ... ધર્મીએ માર્ગ દીઠો છે એટલે અંદર જાય છે. સમજાણું કાંઈ? અંતરમાં જવાની રીતનો માર્ગ ધર્મીએ જોયો છે. અંતરમાં આમ જવાય છે. એ માર્ગે એ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ચીજ જે આ છે એ તો બધી પર છે. એ કાંઈ આત્મામાં છે નહિ, આત્માની નથી. આત્મામાં નથી, આત્માની નથી. આત્મા તે ચીજમાં નથી. નહિતર બે ચીજ સિદ્ધ જ નહિ થાય. સમજાણું કાંઈ?

હવે અહીંયાં તો આત્મામાં બે ભાગ જે છે એને જિનવચન સ્યાદ્વાદથી... એ નીચે ખુલાસો કરશે. દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક બે નયો છે અને બેના વિષય પણ છે. પણ પ્રયોજનવશ શુદ્ધ દ્રવ્યાર્થિકને મુખ્ય કરે છે. નીચે લીટી છે. આહા..હા..! એવી જિનવચનની વ્યાખ્યા છે. વીતરાગતા પ્રગટ કરવા અને રાગની એકતા તોડવા એ ઝીણી વાત છે, ભગવાન! એ વાત સાંભળવી મુશ્કેલ પડે છે. કોઈ દિ' લીધા જ નથીને પંથ એણે. આ શું કહે છે? ગ્રીક-લેટિન જેવું લાગે અજાણ્યા માણસને. બાપુ! એમ નથી. ભાઈ! તારા પંથના રસ્તા જ આ છે. મહાપ્રભુ શુદ્ધ ધ્રુવ એને મુખ્ય કરી અને એનો આશ્રય કરતાં આત્માને પરિણતિમાં શાંતિ અને આનંદ આવે છે. માટે જિનવચને તે એક ભાગને સ્યાદ્ અપેક્ષાએ એક છે અને પર્યાય નથી એમ કહેવામાં આવે છે. એ નથી એટલે? એના પરિણમનમાં એ નથી એમ. પરિણમનમાં દ્રવ્યનું જ પરિણમન છે, આ પર્યાય એમાં જતી નથી પેસતી નથી. અને પર્યાયનું લક્ષ દ્રવ્યના લક્ષ જતાં પર્યાયનું લક્ષ રહેતું નથી, માટે એને છે છતાં નથી કહીને અને આખો ભાગ અત્યારે દૃષ્ટિમાં નથી, એને દૃષ્ટિમાં લેવા માટે આ જ છે અને પર્યાય નથી. પર્યાય પર્યાયમાં નથી હોં અત્યારે. ઓલામાં નથી એમ અહીં કહેવું નથી. એ તો અનેકાંતની વ્યાખ્યા કરતાં દ્રવ્ય વસ્તુમાં વસ્તુ છે અને એક સમયની પર્યાય નથી. એ અહીં અત્યારે વ્યાખ્યા ૧૧મી ગાથાની થઈ એ નથી. સમજાણું કાંઈ?

પર્યાય પર્યાયમાં નથી એમ અહીં તો કહેવું છે. આહા..હા..! કેમ? કે જેમાં એનું લક્ષ છે એ અસ્તિત્વ તો છે, પણ હવે એ લક્ષ જ્યારે છોડાવવું છે અને આને જ્યારે લક્ષ આમાં દેવું છે ત્યારે એમ જ એને કહેવાય અને એમ જ એનું પરિણમન થાય. આ હું છું એમ પરિણમન થાય અને આ પર્યાય ગૌણપણે જે છે એનું જ્ઞાન થાય. એ જ વાત છે. મૂળ તો આ લે છે. કેટલાક આ લે છે. ગાથા છે વ્યવહાર પહેલાં '**प्राक पदव्यां**' (કલશ-૫) હવેની. એમાં કેટલાક અજ્ઞાનીઓ માટે વાત લખે છે. આ તો ખરેખર તો સવિકલ્પ દશાવાળાને જ્ઞાનનો પર્યાય આમ જાણે છે. નિર્વિકલ્પમાં .. એટલો. વાત તો એમ છે ખરી, પણ કોઈ ઠેકાણે એમ લીધું છે. ફૂલચંદજીએ તો એમ જ લીધું. સવિકલ્પ દશા ૧૧-૧૨ની અપેક્ષાએ. પોતાનો સ્વભાવ, પોતાનો નિત્ય છે એવો નિર્વિકલ્પપણે અનુભવમાં આવતા

નિર્વિકલ્પ દશા વખતે પર્યાયનો ખ્યાલ નથી એટલે પર્યાયનું ગૌણપણું કર્યું હતું એની અસ્તિ હોવા છતાં ખ્યાલ નથી એટલે એને હવે વ્યવહારની જરૂર નથી. વ્યવહાર જાણવો એને કાંઈ કામ નથી હવે. પણ જ્યારે અનુભવથી બહાર નીકળે છે, વિકલ્પદશામાં આવે છે ત્યારે એ વસ્તુ તો દૃષ્ટિમાં રહી જ છે, પણ પર્યાય અવસ્થામાં ઓછી શુદ્ધતા અને કાંઈક અશુદ્ધતા એવો જે ભાગ છે એને જાણવો અથવા જણાય જાય છે એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે વાતું આ. સાધારણ માણસને તો બિચારાને કાંઈક હાથ પણ લાગે નહિ. પણ સાધારણ માણસ જ નથી અહીં. આખો આત્મા છે. તું માણસ પણ નથી કે ઢોર પણ નથી, દેવ પણ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, વાણિયો નથી અને લુહાર પણ નથી અને કંદોઈ આ શું કહેવાય ભંગ્યો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગતિ જ ક્યાં છે એની.

ઉત્તર :- એ ક્યાં હતો? પોતે વસ્તુ, વસ્તુ તરીકે તો ત્રિકાળી સત્ અવિનાશી છે અને એનું બદલવું એક અંશનું વર્તમાન પરિણતિમાં છે. આટલી ચીજ છે એમાં. હવે એ ચીજ એવી હોવા છતાં એની દૃષ્ટિ તો ધ્રુવ ઉપર તો ગઈ નથી, એનું પરિણમન તો કોઈ દિ' સુધર્યું નથી, કર્યું નથી, થયું નથી. આ... આ... આ... એના ઉપરનું અસ્તિત્વ જે માન્યું છે એને વીતરાગ વચન છોડાવે છે. એને ગૌણ કરીને, નથી કરીને, લક્ષ છોડાવીને એનું હોવાપણું છે એટલે તો લક્ષ જ્યાં કરવું નથી એટલે હોવાપણું છે કે નથી એનું કાંઈ નહિ. સમજાણું કાંઈ? વસંતિલાલજી!

કહ્યું હતુંને રાતે કે પર્યાયમાં વાળતાં કર્તા થઈ જાય છેને? ભાઈ! રાત્રે પ્રશ્ન થયો હતોને. આ પર્યાય છે અને આમાં વાળું છું એમ નથી ત્યાં. પર્યાયમાં ઊભો રહીને એમ વિકલ્પ કરે કે આ દ્રવ્ય છે. એ અહીં વાત નથી. આહા..હા..! એ તો વર્તમાન દશા અંદર દ્રવ્યનો આશ્રય લઈને પ્રસરે છે એટલે પર્યાય દ્રવ્યની સાથે રાગથી એકતા હતી એ તૂટીને અહીં એકતા કરે છે. પોતાનું અસ્તિત્વ રાખીને. આહા..હા..! ચંદુભાઈ! આવો માર્ગ છે. અરેરે! રખડતા પ્રાણી બિચારા જુઓને. આહા..હા..! કેટલા સમાચાર આવે છે વૈરાગ્યના. સાંભળતા અંદર... આહા..હા..! જુવાન-જુવાન માણસ આમ કચડાઈ જાય. લ્યોને આપણો આ પૂનમચંદ, ફોટોગ્રાફી. કેવો બિચારો પ્રેમ હતો ત્યાં મુંબઈ. ભાઈ! પૂનમચંદ. તે દિ' આપણે આવ્યો હતો. તમારા બધા ફોટા લીધા. અમે ગયા પ્લેન ઉપર ત્યાં દેવા આવ્યો. શું કહેવાય આપણે? ભાઈ હતાને. આલબમ્બ દેવા આવ્યો હતો એ. એક મિનિટમાં કચરાઈ ગયા. એ તો સ્થિતિ એવી છે ભાઈ! એ કોઈ અકસ્માત નથી, એ અકસ્માત નથી. લોકોને ખ્યાલમાં નહોતું એટલે એને અકસ્માત કહે, પણ એના ક્રમમાં એ જ સ્થિતિ હતી. સમજાણું કાંઈ? આહા..હા..! જાવ. બૈરાને કહે કે હું દસ વાગ્યા પછી આવીશ. છોકરાને તાવ હતો તે. સવારના નીકળ્યા.

.. ખલાસ થઈ ગયા. દસ પછી આવીશ. ત્યાં દસ પછી સમાચાર આવ્યા કે ગુજરી ગયા. બાઈ બિચારી એવી થઈ ગઈ. માસ્તર છે નહિ? ચારસોનો પગાર. .. એમ કહે અત્યારે. એ અમને બહુ કહેતા એ હોં. એની મા એમ કહેતી કે અમને બહુ કહેતો હોં! એ બા! તમે એકવાર તો આવો. સોનગઢ સાંભળ તો ખરી, વાતને સાંભળ. અરેરે! આવા ક્ષણભંગુર નાશવાન પદાર્થ એની પ્રીતિ, એની રુચિ તો અનંત કાળથી કરી છે, ભગવાન! તારા પર્યાયમાં વર્તમાન દશાનો ઉઘાડ છે, ક્ષયોપશમ છે, વિકાસ છે, વીર્યનો વિકાસ છે એને પણ તેં અનંત વાર સ્વીકાર્યો છે અને એ તો પરબુદ્ધિ છે. એ સ્વબુદ્ધિ નથી. દ્રવ્યથી ભિન્ન એ પર્યાય ભિન્ન ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પર્યાય અને દ્રવ્ય અવસ્થા અને અવસ્થાયી. પરિણામ અને પરિણામ સ્વરૂપ ત્રિકાળ સ્વભાવ, એવા બે હોવા છતાં એની દૃષ્ટિને ત્યાંથી ઉઠાવવા જિનવચન એમ કહે કે આ વસ્તુ તે સત્ય છે એની દૃષ્ટિ કર, તને પરિણમન સત્યનું થશે. સમજાણું કાંઈ? દૃષ્ટિ કરવી એટલે? એનું .. તો પરિણમન થયું. સમજાણું કાંઈ? તને સમ્યક્‌જ્ઞાનનું પરિણમન થશે, તને જન્મ-મરણના અંત આવ્યા એવા ભણકાર વાગશે તને. આહા..હા..! ભાઈ! તને થશે ત્યારે ઓહો..! આ ચીજ આવી પરિપૂર્ણ? લોકાલોકને જાણવાની શક્તિવાળી, લોકાલોકને પોતાની માને એવી નહિ. આવી ચીજ! એકલો જ્ઞાનનો ગોળો ચૈતન્યબિંબ પ્રભુ, એ જ છે એમ કહીને સ્યાત્ અપેક્ષાએ એને મુખ્ય કહીને એનો આશ્રય કરાવે છે. અને પર્યાય—અવસ્થા હોવા છતાં એને ગૌણ રાખીને, અભાવ કરીને નહિ, એ નથી એમ કહેવામાં આવે છે.

જુઓ, '**જિનવચન સ્યાદ્વાદરૂપ છે.**' આહા..હા..! સ્યાત્ એટલે કથંચિત્, વાદ એટલે કહેવું. પણ એ કથંચિત્ કહેવું એ વસ્તુમાં એમ છે. મુખ્યપણું કહેવું છે અને પર્યાયનું ગૌણપણું એને કરાવવું છે. સમજાણું કાંઈ? પર્યાય વર્તમાન છે એ નથી એમ કહેવું છે અહીં. દ્રવ્યમાં પર્યાય નથી એ અહીં વાત નથી. એય..!

મુમુક્ષુ :- એ તો ત્રણે કાળે નથી.

ઉત્તર :- એ તો ત્રણે કાળ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્યાં બે નયોને...**' બે જ્ઞાનના અંશોને એના '**વિષયનો વિરોધ છે—**' એના વિષયનો, એનું જ્યાં લક્ષ છે, એવા વિષયનો બેમાં વિરોધ છે. '**જેમ કે :**' હવે દાખલો આપે છે. '**જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય,...**' છે એ નથી. આ શું? છે. વસ્તુ એ સત્‌રૂપ (છે) એ જ વસ્તુ અસત્‌રૂપ (છે). હવે આ શું? છે અને નથી... છે અને નથી. સમજાણું કાંઈ? '**જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય,...**' એમ અજ્ઞાનીને લાગે. છે એ પોતે નથી એમ કેમ હોય? છે.. છે.. વળી છે એ પોતે નથી? બાપુ! કઈ અપેક્ષા છે એ જુઓ. સત્‌રૂપ હોય એટલે કે પોતાપણે છે એ જ અસત્‌રૂપ એટલે પરપણે નથી.

છે તે નથી. આ બે આંગળી. આ આંગળી છે લ્યો! આ છે. હા. આ નથી? હા. લ્યો! આની અપેક્ષાએ આ નથી. એની અપેક્ષાએ છે અને આની અપેક્ષાએ નથી. કારણ કે આનું એમાં નથી અને આનું આમાં નથી. આ છે એ નથી. એમ આત્મા છે એ પોતાથી છે. નથી એ પરથી નથી. સમજાણું કાંઈ? એમ દ્રવ્ય અને પર્યાય છે, પણ દ્રવ્યની દૃષ્ટિ કરાવવા પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ જેને જન્મ-મરણના પરિભ્રમણ કરતાં-કરતાં થાક લાગ્યો હોય એની વાત છે, ભાઈ! અરેરે! એણે અવતાર કર્યા છે.

મુમુક્ષુ :- એને જ આ વાત બેસે.

ઉત્તર :- એને વાત બેસે. એને ગરજ હોય તો બેસે. પૂછનારને કહ્યું છેને. કેવો શુદ્ધ હોય? એમ પ્રશ્ન કર્યો છે ત્યારે. વ્યવહારનય કેમ અંગીકાર કરવાલાયક નથી? એને આ કહ્યું છેને? આહા..હા..! અરેરે! એક નરકની પીડા દસ હજાર વર્ષની સ્થિતિ. સાંભળો! હજારો વીંછી કરડે એની વેદના, એના કરતાં અનંતગુણી વેદના નરકના પહેલે પાસડે છે. એને અસ્તિની ખબર ક્યાં છે? હું ક્યારનો છું? ક્યાં છું? ક્યારનો છું તો રહ્યો ક્યાં? પોપટભાઈ! આ છ-છ છોકરા અને આ લાદીના ધંધા એમાં રહ્યો છે અનાદિથી? અત્યારે ક્યાં છે એમાં ઈ? આ બહારનું દેખે આહા..હા..! ભાઈ! એ તું નરકમાં છો. તને પ્રતિકૂળ સંયોગની એવી વેદના હતી, ભાઈ! એ ભગવાન જાણે, બીજા સાંભળે ખરા, પણ વેદનારો વેદે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દસ હજારની સ્થિતિએ હોં! થોડામાં થોડી દસ હજાર વર્ષની. અરેરે! એવા તો એણે સાગરોપમના કાળ ગાળ્યા છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ થાય. દિલીપ!

મુમુક્ષુ :- પાછુ અનંત કાળની સામે શું?

ઉત્તર :- એમ છે એ કહેવારવું હતું. એ અનંત કાળની પાસે કાંઈ નથી. કહો, સમજાણું કાંઈ? અનંત-અનંત કાળ બાપુ! ક્યારે તું નહોતો? આમ ભૂતકાળ જો. ક્યારે તું નહોતો? ક્યારે તું નહોતો? છે, છે ને છે. સમજાણું કાંઈ? એવી શાસ્ત્ર તો કહે છે, દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતા ભવ કર્યા છે. એની એક સમયની વધારે સ્થિતિએ પાછા અનંત ભવ કર્યા, બે સમયની સ્થિતિએ અનંત ભવ કર્યા, એમ અસંખ્ય સમય જતાં... જતાં... જતાં... જતાં... જતાં... એમને એમ સમય વધારતા એક પલ્યોપમ સુધી જાય એમાં દરેક સમયની સ્થિતિએ અનંતા ભવ નરકના કર્યા છે એણે. આદિ વિનાનો કાળ બાપુ તેં ક્યાં જોયો છે? ભૂતકાળમાં રહેલો તું છો. ભૂતકાળમાં નહોતો એમ થાય કોઈ દિ'? આહા..હા..!

કહે છે, અરે! જે ચીજ હોય એને ન હોય એમ કહેવી એ વીતરાગ માર્ગ એને અપેક્ષાએ બેનો વિરોધ તો આવી ગયો છે. સમજાણું કાંઈ? એ પોતાની અપેક્ષાએ છે, એ પરની અપેક્ષાએ પણ જો હોય તો બે એક થઈ જાય. પરથી નથી અસત્. કીધું હતું એક ફેરી,

નહિ? આ તો તમારો પંડિત હતોને. ચંદ્રકાંત. ગુરુકુળમાં. ૯૨માં. એક ફેરી આવ્યા હતા. ત્યાં ગયા હતા. ચૈત્ર સુદ તેરશને દિ' રસ્તામાં કીધું પંડિતજી! જડ છે કે નહિ જગતમાં? કે જૈનદર્શન એમ કહે છે કે માનો તો છે અને ન માનો તો નથી. અનેકાંત. હીરાભાઈના મકાનમાં જાતા હતાને ખૂણો છેને, ... ૯૨ની વાત છે. ચૈત્ર સુદ તેરશ. ૯૨ની સાલ. ૩૬ વર્ષ થયા. એમ કે એ જાણે કે હું મહારાજને અનુકૂળ થાઉં. જૈનદર્શન છેને એવું. જડ છે પણ ખરું અને જડ નથી પણ ખરું. મેં કીધું શું નથી અને છે? કઈ રીતે? કે માનીએ તો છે, ન માનીએ તો નહિ. એમ નથી કીધું જડ. જડ જડપણે છે અને જડ આત્માપણે નથી. એમ એ પણે નથી અને એ પણે છે એમ બે વાત હોય? નવનીતભાઈ! એ તો બિચારા ભોળા હતા. ગુજરી ગયા બિચારા નાની ઉંમરમાં હોં. ગુરુકુળમાં આચાર્ય હતા. આપણે રતિભાઈ હતાને એને ઠેકાણે. આહા..હા..! એ એમ ન હોય. શું કહો છો તમે આ? કે જૈન એમ કહે છેને કે અસ્તિ પહેલે સમયે સ્યાત અસ્તિ, બીજે સમયે સ્યાત નાસ્તિ. ભાઈ, એણે ઓલું વાંચેલું ખરુંને. સ્યાત અસ્તિ.. પણ શું કહે છે સ્યાત્ અસ્તિ?

એ આ કહે છે કે સ્યાત્ અસ્તિ એટલે પોતાપણે છે અને કથંચિત્ પરપણે નથી. નથી કેમ? કે પરપણે નથી, છે કેમ? કે પોતાપણે છે. એમ સ્યાત્ અસ્તિ અને નાસ્તિ છે. પણ પોતે છે અને પોતે નથી. પોતાની અપેક્ષાએ પોતે છે અને પોતાની અપેક્ષાએ પોતે નથી. આ તો વિરોધ થયો. એમ ન હોય. આ તો ન્યાય-લોજિકથી સમજે તો આ ચીજ એના ખ્યાલમાં આવે એમ છે. પણ ક્યાં દરકાર, મારી નાખ્યા જગતને. આહા..હા..! શરીર ને વિષય ને ભોગ ને આબરૂ ને કીર્તિ, પૈસા ને ધાન ધમાહા. આગળથી કાંઈ બીજા કરતા વધ્યા પાપમાં. ધૂળ પાપની કરી અને પાપમાં વધ્યા. ઓલો કહે, બે રૂપિયાભાર ઝેર ખાવ, ઓલો કહે હું અઢીભાર ખાવ. બહુ સારી વાત છે. વહેલો મરીશ તરત. એમ આ હોડું માંડી. ઓલો કહે આટલું રળું, ઓલો કહે વધારે રળું, ઓલો કહે હું નાનો વેપાર કરું, ઓલો કહે હું મોટો કરું. ખેલો શું કહે છે? મુંબઈમાં ખેલા કરે છેને ભાઈ! એક હાથ કરે. ધંધો એક હાથ. એવો ધંધો એક હાથ કરે. મરી જાય કેટલાક પછી .. વધારે થઈ જાય તો પોરમાં આવી જાય. આહા..હા..! અરેરે! ભગવાન! તારો ભાવ ક્યો? તારો ભાવ કાયમ રહે એકરૂપ એ ક્યો? આહા..હા..! એ ત્રિકાળ રહે એ અપેક્ષાએ સત્ છે અને એ જ વસ્તુ પર્યાયની અપેક્ષાએ અસત્ છે અને એ જ વસ્તુ પરની અપેક્ષાએ પણ અસત્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાષાની વાત નથી આ. મારાપણે છું એવી જ્યાં દૃષ્ટિનું પરિણમન થયું, ત્યારે પરપણે પરિણમન એનું નથી. અમથું પણ નહોતું, પણ માન્યું હતું. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! ઓલાને ઘાણીએ પીલતા હોય. આહા..હા..! માથા નાખે તલને ઠેકાણે, માથુ નાખીને પીલે ઘાણીમાં. એવા મરણ અનંત વાર થયા છે. અરે!

પીલાઈ ગયો રાગમાં. એ ત્યાં પીલાણો નથી એ તો જડ પીલાય છે ત્યાં. આહા..હા..! પણ દૃષ્ટિ પર ઉપર છેને. હાય.. હાય.. મરી ગયો હું. કોણ મરે? ભાઈ! જીવતો જીવ એ મરે? મરે તો જાય ક્યાં? શૂન્ય થઈ જાય? આહા..હા..! એ તો કહે છે કે દેહ બદલે છે એને મરણ કહેવામાં આવે છે. એ પર્યાય બદલે છે એને મરણ કહેવામાં આવે છે, પણ પર્યાય બદલતી છતાં વસ્તુ બદલતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પ્રવચનસારમાં લીધુંને મનુષ્ય અને દેવ થાય. પંચાસ્તિકાયમાં નહિ? છતાં જીવ તો એનો એ છે ભાઈ! જીવ તો છે ઈ છે. મનુષ્યપણે થયો, દેવપણે થયો, તિર્યંચપણે થયો, નારકીપણે થયો એ તો પર્યાયો છે. વસ્તુ તો ત્રિકાળ છે. ત્રિકાળની અપેક્ષાએ સત્ છે અને બદલવાની અપેક્ષાએ તે અસત્ છે. કહો, સમજાણું કાંઈ? અથવા સ્વપણે અસ્તિ છે, સત્ છે, પરપણે તે નાસ્તિ અસત્ છે. જે સત્ તે અસત્ ન હોય, પણ આ રીતે જિનની વાણી બેનો સંબંધ વિરોધ ટાળે છે અને બે સંબંધ હોય એમ સિદ્ધ કરે છે. એક હોય તે અનેક ન હોય. આ મુખ્ય વસ્તુ સત્ છે એ ધ્રુવ છે. અસત્ છે એ પર્યાય છે. અથવા પરની નાસ્તિ છે. એક હોય તે અનેક ન હોય. વસ્તુ એક કહીએ એને વળી અનેક કહેવી. ભાઈ! કઈ અપેક્ષા છે? વસ્તુ તરીકે પ્રભુ એક છે અને એની શક્તિઓ અને એની દશા અનેક છે. એ બેય વસ્તુ છે. પણ જે અપેક્ષાએ એક છે, એ અપેક્ષાએ અનેક નથી. સમજાણું કાંઈ? જે અપેક્ષાએ એક છે એ અપેક્ષાએ તો એક જ છે. ગુણના ભેદે અને પર્યાય અવસ્થા ભેદ અનેક છે એ અપેક્ષાએ અનેક છે. બેનો વિરોધ જિનવચન ટાળે છે ઈ કહેશે.

‘**નિત્ય હોય તે અનિત્ય ન હોય,...**’ લ્યો! આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે. નિત્ય હોય તે અનિત્ય કેમ કહેવાય? એ વાત સાચી છે. નિત્ય હોય તે અનિત્ય ન હોય, પણ નિત્ય જે કાયમ રહેનારું તત્ત્વ એ નિત્ય, પણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. ક્ષણે ક્ષણે બદલે તે અપેક્ષાએ અનિત્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ‘**ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય,...**’ લ્યો! પર્યાયનો ભેદ છે, અંશ ભેદ છે. ભેદ હોય એ અભેદ કેમ હોય? કે એમ જ હોય. ત્રિકાળની અપેક્ષાએ અભેદ છે, પર્યાયની અપેક્ષાએ ભેદ છે. એ વિરોધ ટાળે છે. બેની અપેક્ષાના વિષયો જુદા છે એમ કરીને નિશ્ચયનય અને વ્યવહારનયનો વિરોધ વિષયનો વિરોધ હોવા છતાં તે વિરોધ ટાળે છે. સમજાણું કાંઈ? ‘**શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય...**’ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધ છે. પરમાત્મા પોતાનું સ્વરૂપ ત્રિકાળી જે છે એ તો શુદ્ધ છે, પણ શુદ્ધ હોય તે અશુદ્ધ કેમ હોય? વાત એમ જ છે. જે શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય, પણ ત્રિકાળની અપેક્ષાએ શુદ્ધ છે અને પર્યાયની અપેક્ષાએ અશુદ્ધ છે. આમ બેની અપેક્ષાઓ સમજાવીને વિરોધ વિષયનો ટાળે છે.

‘**ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે—**’ જોયું! ઈત્યાદિ નયો એટલે જ્ઞાનના નય

છે તે વિષયી છે અને સામે જે એનો વિષય છે ધ્યેય તે એનો વિષય તે જ્ઞેય કહેવામાં આવે છે. એ '**ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી...**' જુઓ, કથંચિત્ પોતે ત્રિકાળની અપેક્ષાએ સત્ છે, પર્યાયની અપેક્ષાએ અસત્ છે અથવા પરની અપેક્ષાએ અસત્ છે. '**એક-અનેકરૂપ,...**' વસ્તુ તરીકે એક છે, ગુણભેદ તરીકે અનેક છે. '**નિત્ય-અનિત્યરૂપ,...**' ત્રિકાળ અપેક્ષાએ નિત્ય છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. કથંચિત્ એમ. જે અપેક્ષાએ નિત્ય છે તે અપેક્ષાએ અનિત્ય નહિ. એમ કથંચિત્ ન હોય કે દ્રવ્ય ત્રિકાળી દ્રવ્યાર્થિક દ્રવ્યથી નિત્ય પણ છે અને દ્રવ્યથી અનિત્ય છે. તો તો વિરોધ આવે. સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન ધ્રુવ તરીકે સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... એમ રહેવા તરીકે ધ્રુવ છે, નિત્ય છે અને એની પર્યાયમાં કુંડળ, કડા વગેરે બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. બદલવાની અપેક્ષાએ વળી અનિત્ય છે અને ટકવાની અપેક્ષાએ પણ અનિત્ય છે, તો તો વિરોધ આવે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ ગામડાના માણસ બધા ક્યાં આવું સમજવા જાય. એ કરતા સામાયિક ને પોષા ને પડિક્કમણા કરો. હવે આ બધા સુધરેલ નામ ધરાવતા હોય. એ આપણે સેવાઓ કરવી કોકની મોઢા આગળ માન મેળવવા. અમે આ મંડળના નાયક છીએ. જીવદયા મંડળીના, ઢીંકણાના અને ફીકણાના. બધા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવો છે. સમજાય છે કાંઈ? પોતે કોણ છે અને કેમ નથી? પોતે નિત્ય કેમ છે અને અનિત્ય કેમ છે એની ખબર વિના કો'કની માંડી. એ અજ્ઞાનમાં એવા જ એણે અનંત કાળથી કામ કર્યા છે. આહા..હા..!

'**વિરોધ મટાડી દે છે...**' શું કહે છે? '**વિદ્યમાન વસ્તુ છે...**' '**શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે...**' જોયું! જે રીતે. કાયમની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, ત્રિકાળની અપેક્ષાએ અભેદ છે, પર્યાય અપેક્ષાએ ભેદ છે. જેવી શુદ્ધ-અશુદ્ધરૂપ છેને? '**કથંચિત્ વિવક્ષાથી સત્-અસત્રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન...**' ભાષા અહીં વજન છે. જે રીતે એ છે '**તે રીતે કહીને વિરોધ મટાડી દે છે,...**' ભાઈ! વસ્તુ તરીકે તો તું ત્રિકાળ છો. ત્રિકાળને ઊપજવું હોય? સત્‌ને ઊપજવું હોય? સત્‌નો નાશ હોય? માટે એ અપેક્ષાએ ત્રિકાળ છો, પણ વર્તમાન વિચાર આદિના પરિણમનને જોઈને તો અનિત્ય છો. અનિત્ય જો ન હોય તો આ અનિત્ય ઉપર દૃષ્ટિ છે એ ફેરવીને નિત્ય ઉપર કરવી એવું પરિણમન સિદ્ધ થશે નહિ. સમજાણું કાંઈ?

'**જૂઠી કલ્પના કરતું નથી.**' '**જે રીતે વિદ્યમાન વસ્તુ છે...**' એમાં વજન છે. '**તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી.**' અહીં વજન છે. સમજાણું કાંઈ? કલ્પના કરી કરીને વાતું (કરે છે) એમ નથી. એમાં જેમ છે, એમાં છે એ

રીતે કથન કરે છે. સમજાણું કાંઈ?

હવે કહે છે જુઓ, '**તે જિનવચન દ્રવ્યાર્થિક...**' એટલે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ ભગવાન એવા જે નયનું પ્રયોજન છે જ્ઞાનનું, એને દ્રવ્યાર્થિક કહીએ. '**પર્યાયાર્થિક...**' અવસ્થામાં જેનું પ્રયોજન છે તે નયને પર્યાયાર્થિક કહીએ. '**બે નયોમાં પ્રયોજનવશ...**' દેખો! જરૂરિયાતને કારણે, પોતાનું હિત સધાય એને કારણે '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...**' એ જ સત્ છે એમ કહે છે. એમ. એ જ નિશ્ચય એટલે સત્ છે. ત્રિકાળી શુદ્ધ વસ્તુ ધ્રુવ એને મુખ્ય કરીને, મુખ્ય કરીને હોં! આ લાવ્યા ૧૧-૧૨ની (સંધિ). ઓલા એમ કહે જુઓ, આમાં તો એમ કહ્યું છે નિશ્ચય અને વ્યવહાર બે નયમાં રમવું એમાં મુક્તિ થાય. પણ બે નયમાં રમાય શી રીતે? વિરોધ છે. આ બધા એમ કહે છે. રતનચંદજી.. શું થાય ભાઈ! એની રીત જ તને ખ્યાલમાં નથી. આ વસ્તુ મુખ્ય છે એને દ્રવ્યાર્થિક કરીને નિશ્ચય, નિશ્ચય એટલે સત્ય કહે છે.

'**અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' ભાષા જુઓ, પર્યાયમાં—અવસ્થામાં વિકાર છે. વિકાર છે એ પર્યાયભેદ જ ખરેખર તે અશુદ્ધદ્રવ્યાર્થિક છે. આવ્યું છેને? ૧૪મી ગાથામાં નહિ? વ્યવહાર તે મેચક છે, નિશ્ચય તે અમેચક છે. મેચક એટલે મલિન છે. '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને...**' મુખ્ય કરીને તેને હોં! મુખ્ય કરી તેને છે એમ કહીને નિશ્ચય કહે છે. '**અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' તે જ દ્રવ્યમાં પર્યાયપણે પરિણમન છે વિકારી આદિ એ અશુદ્ધ દ્રવ્યસ્વરૂપ. ભાષા એમ લીધી જોયું! દ્રવ્યનું પરિણમન થવું, પર્યાયરૂપ થવું, રાગરૂપ થવું એવી જે '**અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક...**' એટલે પર્યાય છે એ. ત્રણ બોલ લેશે. એ નયને '**ગૌણ કરી...**' જોયું! પર્યાય હોવા છતાં તેના લક્ષને છોડાવવા અસ્તિ છતાં એ નથી એમ કહીને. આ તો એકદમ પરમ સત્યનો નીચોડ છે. સમજાણું કાંઈ? આ વાત બીજે ક્યાંય વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. બધા વાતું કરનારા મોટા ભાષણો આપે લાખો માણસમાં. સમજાણું કાંઈ? આ વસ્તુ નથી ત્યાં. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ પ્રકાર. આહા..હા..!

એવા પર્યાયને ગૌણ કરીને. દ્રવ્યમાં પર્યાય નથી એમ નહિ. પર્યાય પર્યાય તરીકે છે એને ગૌણ કરીને. '**તેને વ્યવહાર કહે છે—**' આમાં આખો સિદ્ધાંત છે. આહા..હા..! ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય છે, વસ્તુ છે, શુદ્ધ છે, અભેદ છે, એક છે, એની દૃષ્ટિ કરાવવા એને મુખ્ય કરીને તે જ છે એમ કહેવામાં આવ્યું છે. નિશ્ચય એટલે તે જ છે એમ. ઓલામાં આવ્યું હતુંને ભાઈ! '**अण्णेण उण तच्चं**' વસ્તુ તો ત્યાં છે. એમ કીધું ત્યાં.

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।'

ભેદ નથી, પર્યાય નથી, તો દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વસ્તુ નહિ રહે. અને જો નિશ્ચય નથી તો વસ્તુ તો ત્યાં છે. એના 'ઉણ' એટલે એના વિના તો તત્ત્વનો નાશ થશે. તત્ત્વ તો એ બતાવનાર છે. આહા..હા..! ગાથા આવે છેને? .. સમજાણું કાંઈ? એના 'ઉણ' તો તત્ત્વ જ નહિ રહે કહે છે. વ્યવહારની ઊણપે ભેદ નહિ રહે, તીર્થ નહિ રહે. આની ઊણપે તો વસ્તુ તો એ બતાવનાર છે. આખી ચીજ પૂર્ણ, એ ચીજને મુખ્ય કરીને ભગવાને એ જ છે એમ કહ્યું છે. પર્યાયને ગૌણ કરીને પ્રયોજન સિદ્ધ કરવા (તેને નથી એમ કહ્યું છે). કેમકે દ્રવ્યનો આશ્રયનું પરિણમન કરે તો તો એને શાંતિ અને આનંદ મળે. સુખનું એને પ્રયોજન છેને? સુખી થવાનું પ્રયોજન છેને? તો સુખી ક્યાં થાય? એ ત્રિકાળી આનંદકંદનો આશ્રય લે તો સુખી થાય. પરના આશ્રયમાં ક્યાંય સુખ છે નહિ. આહા..હા..! પરાધીન શું કહે છે? સમજાણું? સપને સુખ નહિ. પરાધીન સપને સુખ નહિ. નથી કહેતા? કહે છે ખરા પણ કાંઈ સમજે નહિ, ધૂળધાણી.

મુમુક્ષુ :- એ પણ જુદું પરાધીન છે.

ઉત્તર :- એ આ બહારની પરાધીનતા છે. શેઠને (ત્યાં) તાબે રહેવું એ પરાધીન. એ પરાધીનની વાત કે દિ' હતી, સાંભળને. અહીં તો રાગને આધીન થવું પરાધીન એ દુઃખ છે. આહા..હા..! આવે છેને એ પરાધીન સપને સુખ નહિ. એમ કે નોકરી કરવી, પરને તાબે રહેવું આપણે ગુલામ તરીકે. સમજ્યાને? આહા..હા..! એટલે અનંતભાઈ કહેતા. અનંતરાય છેને. દીવાન હતાને. ભાવનગરના ભાઈ પ્રભાશંકરના પુત્ર છેને? દીકરા હતાને એના? હા એ કહેતા હતા. અમે તો ત્યાં નોકર દીવાન છીએ. રાતના બાર વાગે બોલાવે તો ઉઠવું પડે. દમનો રોગ હતો. અનંતરાય હતાને. આપણે અહીં આવ્યા હતાને. એ કહે, અમે તો નોકર કહેવાઈએ દિવાન પણ. રાતના બાર વાગે ઉઠાડે દરબાર કે જાવ ... સૂતા હોય સોડ તાણીને અને ઉઠીને લૂગડા-બૂગડા પહેરીને જાવું પડે. નોકરી તો નોકરી છે, દીવાન પણ નોકરી છે એમ કહેતા હતા. એ નહિ અહીં.

અહીં તો જાગતી જ્યોત ભગવાન એને તાબે ન થતાં... આહા..હા..! એક સમયના પર્યાય અને રાગાદિમાં એકતાબુદ્ધિ એ પરાધીન. એ પરાધીન. એ જ પર છે. રાગાદિ વિકાર વિકલ્પ એ જ પર છે. એને આધીન સપને સુખ નહિ. ત્યાં સુખ નહિ પણ એકલું દુઃખ. ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ એની સન્મુખ જતાં, અંતર્મુખ થતાં, જ્યાં છે ત્યાં જતાં એને શાંતિ વળે એથી એ મુખ્યને કહીને એ સાચું છે, એ નિશ્ચય છે, એ જ છે એમ જિનવચનમાં કહેવામાં આવ્યું છે. કહો, ભીખાભાઈ! આહા..હા..!

'**વ્યવહાર કહે છે—આવા જિનવચનમાં...**' આવા જિનવચન જોયું! ઓલા કહે કે બેમાં (રમવું). એમ નહિ મુખ્યમાં જાવું અને ગૌણને છોડવું લક્ષમાંથી. એવા '**જિનવચનમાં**

**જે પુરુષ રમણ કરે છે...'** આહા..હા..! એ તો વીતરાગભાવ થયો એ તો. સીધી વાત પણ કોણ ભાઈ, બિચારા શું થાય? અરે! આવું મળતું નથી. સાંભળવા મળતું નથી. ભગવાન છે એ દુઃખી થવાનું કારણ તો નથી, પણ એને ભાન નથી એટલે દુઃખી થાય છે, અનંત કાળથી થાય છે. આહા..હા..! **'આવા જિનવચનમાં...'** આવા એટલે? ત્રિકાળી દ્રવ્યસ્વરૂપને મુખ્ય કરીને તે જ છે એમ કહેવું અને પર્યાયને ગૌણ કરીને તે નથી એમ કહેવું, એવી રીતે નથી એમ લક્ષ કરીને, છોડી દઈને, એ નથી એમ લક્ષ છોડી દઈને, આ છે એમ લક્ષ કરીને એમાં રમે છે. આહા..હા..! રમે એટલે પરિણમન કરે છે. **'તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...'** એના પરિણમનમાં આવો આત્મા છે એમ પામે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'જે પુરુષ...'** પુરુષ એટલે આત્મા. જે કોઈ આત્મા આવા જિનવચનમાં પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઓલાનો અવાજ તો ભણકાર વાગે ભાઈ હોં! આ નેમિદાસની વહુ નહિ? આહા..હા..! ગયા હતાને પોરબંદર. પછી એ .. પહેલાં ત્યાં જઈ આવ્યા હતા. ચોથે દિ' ... હતા. ત્રણ દિ' પહેલાં ત્યાં ગયા હતા. ઉપરાઉપર જાવું પડ્યું. પણ એની પીડા. સાત-આઠ-દસ લાખ રૂપિયા. સાત લાખના ત્રણ બંગલા. પૈસા પણ ૪૦ લાખ, ૧૦ લાખના દાગીના હશે. ગૃહસ્થ માણસને. બાયડી-ભાયડો બે. .. રોતી નહોતી પણ રાડ પાડે. આહા..હા..! કોઈ કહે કે મહારાજ આવ્યા છે. .. પણ પીડા. ઓ માં.. ઓ માં કરતી જાય. રજપુતની દીકરી હતી. પણ કેન્સર થયેલુંને. ૫૮ વર્ષની ઉંમર. અહીં કેન્સર હતું કે આમ .. થઈ ગયું. શું હશે આપણે ક્યાં જાણીએ તમારી વાત. અહીં કેન્સર હતું તો અહીં ને અહીં આ બધે થઈ ગયું. ફેલાઈ ગયું. સડી ગયું. પણ રાડ પાડે ભાઈ! અહીં આવતી હતી તો વાઘણ જેવી હતી હોં! અને .. ભગવાન પાસે નાચતી. મંદિર એણે કરાવ્યું છેને? નેમિદાસભાઈએ. આખું મંદિર ૫૦ હજારનું. ભાઈ! એણે પોતે કરાવ્યું છે. ... હમણાં લાખ આપી ગયાને. એક લાખ મંદિરમાં. એમાં એક લાખ રૂપિયા. મંદિરમાં એક લાખ રૂપિયા કંચનના નામે. ધ્રુવ ફંડ તરીકે મંદિરમાં. પણ એ રાડ પાડે. આહા..હા..! આમ બેઠા છે .... ટાંગા .. ઓ માં.. ઓ માં.. એમ કરતી હતી. અમે ગયા પછી પા કલાક પછી ઓલું થયું એમ કહે છે. તમે હતા? તમે નહોતા. વાત કરી હતી. વાત કરી હતી. ઓહો..હો..! એ બંગલામાં રહે, શાતાશીળિયા કરીને, બાયડી-ભાયડો બે. આહા..હા..! ધાર્યા ખાધેલા, ધાર્યા પીધેલા, ધાર્યા રહેલા. ધાર્યા પણ એ વખતે બધા હીરા પહેરેલા. એ તો વળી અમારે ચંદુભાઈએ વાત કરી એટલે નહિતર મારી નજર તો .. હીરા હતા. હાય.. હાય.. ઓલો ચૈતન્ય હીરો ચાલ્યો. આહા..હા..! ધણી રોવે હોં! નેમિદાસ જેવો રોવે. ... બેયને ... પ્રેમ ખરોને. આહા..હા..! અરેરે! આ તો મરણને ટાણે એને આવા દુઃખ લાગે

ત્યારે એમ લાગે કે હાય.. હાય.. આ સંસાર ખોટો. પણ ખોટો ક્યાં તને લાગ્યો હતો? એ તો સ્મશાન વૈરાગ્ય છે.

આ તો રાગ થાય એ જ ખોટો. સમજાણું કાંઈ? આહા..હા..! અને સાચો વીતરાગ ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાન સ્વભાવ એ સાચો કહીને જિનવચન, રાગને ખોટો કહીને જિનવચન એને ગૌણ કરી દ્યે છે. એવી રીતે જે કોઈ મુખ્ય કરીને રમે છે, દ્રવ્યને મુખ્ય કરીને પરિણમે છે, આનંદની લહેરમાં નિર્વિકલ્પ પરિણતિએ પરિણમે છે... આહા..હા..! '**તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...**' આ શુદ્ધ આત્મા છે. આનંદનું પરિણમન થયું એટલે આ શુદ્ધ આત્મા છે એમ પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! '**તે આ શુદ્ધ આત્માને...**' તે આ શુદ્ધ આત્માને. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે એનું પરિણમન થતાં આ શુદ્ધ આત્માને પામે છે.

'**અન્ય સર્વથા-એકાન્તી...**' એક પક્ષને, એક જ પક્ષને માનનારા કે આ નિત્ય જ છે, અનિત્ય જ છે, શુદ્ધ જ છે, અશુદ્ધ જ છે, અશુદ્ધ જ છે. '**સર્વથા-એકાન્તી...**' કથંચિત્ એકાંત જુદી વાત છે. એમાં તો અનેકાંત થઈ ગયું. દ્રવ્યપણે દ્રવ્ય છે, પર્યાયપણે પર્યાય નથી. પર્યાયપણે પર્યાય છે. એમ '**સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી,...**' એટલે આત્મા એની દૃષ્ટિમાં આવતો નથી, પરિણમન એને થતું નથી. '**કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી...**' એમ છે. વસ્તુ એવી છે ભગવાન આત્મા જડ આ બધું ભલે હો, એ એના સ્થાને, પણ પ્રભુ પોતે આત્મા જે અંદર અસ્તિ, સત્તા હોવાવાળો પદાર્થ એ '**સર્વથા એકાંત પક્ષનો વિષય નથી...**' સમજાણું કાંઈ? એકલો સત્ જ છે એવો વિષય નથી. પરની અપેક્ષાએ અસત્ પણ છે. એક જ છે એમ નથી. ગુણભેદે અનેક પણ છે. એકમાં અનેક નથી, પણ અનેકમાં અનેક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સાંખ્ય આદિ, વેદાંત આદિ બધા લેવા, વૈશેષિક આદિ.

'**વસ્તુ એકાંત પક્ષનો વિષય નથી તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી...**' એક જ પ્રકારને ગ્રહણ કરી, બસ નિત્ય જ છે. નિત્ય છે એનો નિર્ણય કોણે કર્યો? અનિત્યે. સમજાણું કાંઈ? આ નિત્ય છે, ત્રિકાળ હું છું કોણે નિર્ણય કર્યો? અનિત્ય જ નિર્ણય કરે છે. '**એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે—**' અનિત્ય નથી જ. એમ. પર્યાય નથી. ..માં આવી ગયું. એકાંતી સર્વથા નિત્ય એક સર્વવ્યાપક એક, અભેદ માનવું એ વસ્તુ એમ નથી. માયા છે એમ કરીને કાઢી નાખે છેને. આ બદલવું, બદલવું એ બધી માયા છે. વસ્તુ નિત્ય ધ્રુવ છે. એકાંત છે. નિત્ય ધ્રુવને પરમાં અજ્ઞાનપણે રહે છે એ સિદ્ધ થતું નથી અને અજ્ઞાનપણું ટળીને સમ્યગ્જ્ઞાન પર્યાયમાં થાય એ પણ સાબિત થતું નથી.

'**એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે**—' ઓલામાં હતુંને? જૂઠી કલ્પના કરતું નથી. એની સામે છે એ બધું. જે રીતે વિદ્યમાન વસ્તુ તે રીતે કહીને વિરોધ મટાડે છે. જૂઠી કલ્પના કરતું નથી. એને આ '**એકાંત પક્ષનો વિષય નથી તોપણ તે એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે**—' નિત્ય જ છે, અનિત્ય જ છે, એક જ છે. આત્માની અપેક્ષાએ એક હોં! બધા થઈને એક નહિ અહીંયાં. બધા થઈને એક એની અહીં વાત જ છે નહિ. હું એક જ સ્વરૂપે છું. પણ એક જ સ્વરૂપે છો એ નિર્ણય કરે કોણ? એ તો પર્યાય (કરે છે), પર્યાય તો અનિત્ય છે. સમજાણું કાંઈ? બાધા સહિત જૂઠી વાત છે અને બાધા એટલે વિરોધ સહિત છે. વિઘ્નવાળી છે દૃષ્ટિ, સત્ય એમાં સિદ્ધ થશે નહિ. મિથ્યાદૃષ્ટિ છે.

'**આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા (ભૂમિકા) છે.**' લ્યો! અમૃતચંદ્રાચાર્યની ગાથા પ્રમાણે બાર ગાથા પીઠિકા છે. જયસેનાચાર્યની ટીકામાં ... બે ગાથા બીજી નાખી.

'**હવે...**' એ ટીકા એટલો ઓટલો બાંધ્યો. ઓટલો સમજો છો? ઓટલો નથી સમજતા? અહીં તો ગુજરાતી ભાષા છે. આમ લીંબડો મોટું મકાન હોય તો ઝાડ નીચે ઓટલો કરેને મોટો? એમ આ ઝાડને ઊગીને ફાલવા માટે ઓટલો કર્યો. માર્ગ આ છે, વસ્તુ આ છે. હવે એનો વિસ્તાર પછી કરશે. '**હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી...**' શુદ્ધનયને પ્રધાન કરી '**નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે.**' લ્યો! ૧૩મી ગાથા લેવી છેને? એની ભૂમિકા છે. આ ઓલા ૧૨માના હતા ... '**હવે આચાર્ય...**' ભગવાન કુંદકુંદાચાર્ય અથવા અમૃતચંદ્રાચાર્ય. કુંદકુંદાચાર્ય ૧૩મી કહેશે. આ પોતે અમૃતચંદ્રાચાર્ય કળશ કહેશે. '**શુદ્ધનયને પ્રધાન કરી...**' એટલે કે ત્રિકાળી દ્રવ્ય વસ્તુ છે એ મુખ્ય કરી. જુઓ! એ હતું એમાં મુખ્ય કર્યું. આહા..હા..!

હવે જુઓ આમાં શુદ્ધનયમાં પરિણમન સહિત કર્યું તો પછી પર્યાય ક્યાં રહી? પણ પર્યાય રહી બીજી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો શુદ્ધનય ત્રિકાળી છે એનું જે પરિણમન થયું એના સહિતનો લીધો. ખરેખર વિષય તો દ્રવ્ય જ છે, પણ પરિણમ્યો—આ દ્રવ્ય આમ થયું એમ પરિણમ્યો—એને લઈને આ શુદ્ધનય કીધો. પણ બીજો ભાગ રહી જાય છેને? બીજો ભાગ ક્યાં રહ્યો? પર્યાય તો નિર્મળ થઈ ગઈ, હવે પર્યાય અને (દ્રવ્ય) બે એક થઈ ગયા. એમ નથી થયું. હજી બીજી અશુદ્ધ પર્યાય રહી છે, બીજી પર્યાય અપૂર્ણ છે. એ પણ એક વિષય છે. જ્યારે એને જાણે ત્યારે પ્રમાણજ્ઞાન યથાર્થ થાય. વિષય તો દ્રવ્ય જ છે, પણ દ્રવ્ય વસ્તુ વિષય છે એમ જેણે જાણ્યું એને ભેગું લઈને વાત કરી છે. સમજાણું કાંઈ? ત્યારે કહે, એને બાકી શું રહ્યું વળી હવે? શુદ્ધ પર્યાય એની જે અમુક શ્રદ્ધા-જ્ઞાન આવ્યું, બાકી બધી પર્યાયો હજી બાકી છે. એને જાણવું એ પ્રયોજનવાન છે. કરવું એ પ્રયોજવાન છે એ અહીં પ્રશ્ન છે નહિ, પણ હવે જરી ભારે આકરું પડે છે. '**આચાર્ય શુદ્ધનયને પ્રધાન**

કરી...' મુખ્ય કરી. એનો એ વિષય તો રાખે છે. '**નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે.**' હવે એ શ્લોક કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૫

(मालिनी)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા (ભૂમિકા) છે.

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે; તેમાં પહેલા શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :-

શ્લોકાર્થ :- [व्यवहरण-नयः] જે વ્યવહારનય છે તે [यद्यपि] જોકે [इह प्राक्-पदव्यां] આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) [निहित-पदानां] જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, [हन्त] અરેરે! [हस्तावलम्बः स्यात्] હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, [तद्-अपि] તોપણ [चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां] જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર,

પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને [एषः] એ વ્યવહારનય [किञ्चित् न] કાંઈ પણ પ્રયોજનવાન નથી.

ભાવાર્થ :- શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી. ૫.

---

**પોષ સુદ-૧૦, સોમવાર, તા. ૨૭-૧૨-૧૯૭૧**
**શ્લોક-૫-૬, પ્રવચન-૫૨**

'આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા (ભૂમિકા) છે.' ૧૨માં. હવે ૧૩મી ગાથાનો ઉપોદ્ઘાત કરે છે. એટલે કે એમાં કહેવામાં શું કહેશે એ વાતને અહીંયાં થોડી .. છે. '**આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી...**' એટલે શું? કે આ આત્મા પૂર્ણસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ (છે) એવા સ્વરૂપને મુખ્ય કરીને એનું ભાન કરે એને નિશ્ચય સમકિત કહ્યું છે. '**સ્વરૂપ કહે છે.**' નિશ્ચય સમ્યક્ એટલે જેમ છે તેમ સત્યની દૃષ્ટિ કરીને અનુભવ કરવો. સત્ય વસ્તુ ત્રિકાળી... એ વાંધા ઉઠાડે છે આમાં. સામે લીધું છેને ઓલું જયસેનાચાર્યમાં આવે છેને, જયચંદ્ર પંડિતમાં. એમાં અસત્ તો કહ્યું છે એ. એણે કહ્યું કે બીજે ઠેકાણે સત્ કહ્યું છેને. કથંચિત્ પર્યાય વ્યવહાર છે નહિ એ કોણે કહ્યું? વ્યવહારનો વિષય નથી? ફક્ત ત્રિકાળી ચીજનો આશ્રય કરીને સમ્યગ્દર્શન અને આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય છે એથી એને ત્રિકાળી ચીજને સત્ય કહીને, પર્યાયને ગૌણ કરીને અસત્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! હવે આ બધા જાગ્યા ભૂતાર્થ, અભૂતાર્થની તકરારમાં. એના એ શબ્દો આપણે આમાં છે પદ્મનંદિ પંચવિંશતિ. આખા નિશ્ચય અધિકારમાં આ જ શબ્દો છે. '**ववहारोऽभूदत्थो**' એમ છે. એમ '**भूदत्थमस्सिदो खलु**' ... આત્મામાં .. મુક્તિને પામે છે. એ રીતે બધા શબ્દો એ જ છે. શ્રુત પરિચિતના પણ છે. બધાય એ છે. નિશ્ચય અધિકાર છેને પદ્મનંદિ. એમાં એ જ છે. બધા સંતો, આચાર્યોની પદ્ધતિ એક જ છે. આહા..હા..! સમજાણું?

ત્યાં એમ નથી કીધું કથંચિત્. એ તો પછી સત્યના ત્રિકાળીને જ્યારે વસ્તુ પરમ સ્વરૂપ ભગવાન આત્મા પરમ બ્રહ્મ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે એથી એને સત્ય છે

એમ કહીને પર્યાયને ગૌણ કરીને એને નથી એમ કહેવામાં આવ્યું છે. છે એને નથી એમ કહ્યું છે કે નથી એને નથી કહ્યું છે? આહા..હા..! શું થાય? જગતને વાત આમ મળતી નથીને કેટલાકને તો આ ખટકે છે અંદર. પ્રકાર આ થાય છે એ જોતા નથી. અહીંયાં જુઓ શું છે બાપા ભાઈ! આવો અવસર મળ્યો ભાઈ! આહા..હા..!

કહે છે આચાર્ય કુંદકુંદાચાર્ય ભગવાન શુદ્ધનયને મુખ્ય કરી, શુદ્ધનય એટલે ત્રિકાળી વસ્તુનો આશ્રય લેવા, તે જ વસ્તુ સત્ય છે એમ મુખ્ય કરીને એનો અનુભવ કરવો એનું નામ નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. એ સાચું સમકિત છે. જેમાં આનંદનો અનુભવ આવે અને સંસારના દુઃખનો અંત આવે. આમ છે. સમજાણું કાંઈ? અરે..! પણ એને સંસારના દુઃખ લાગતા નથી એને શું કરવું? રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ ઝળહળતી ભઠ્ઠી છે. આત્માના આનંદ સ્વભાવથી વિરુદ્ધ ભાવ એ દુઃખરૂપ છે, આકુળતા છે, ઝેર છે. માટે તેના ઉપર દૃષ્ટિ છોડી જે દૃષ્ટિમાં અનંતકાળમાં લીધો નથી કોઈ દિ'... આહા..હા..! એવી ત્રિકાળી વસ્તુ, નિત્યાનંદ ધ્રુવ વસ્તુ એને મુખ્ય કરી અને એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ?

'**અશુદ્ધનયની પ્રધાનતામાં...**' વ્યવહારનય એની મુખ્યતામાં '**જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે...**' નવ તત્ત્વના ભેદવાળા ભાવને વ્યવહાર સમકિત કહ્યું છે. '**તો અહીં તે જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે.**' ૧૩મીમાં કહેશે. એ નવમાંથી એક તારવી લેવો જીવને. ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ એને તારવીને એનો અનુભવ કરવો એને સમકિત કહેશે. '**એમ કહે છે.**' વિશેષ ખુલાસા આવશે. '**જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી...**' એનો અર્થ કે એક જ જ્ઞાયકભાવને જાણવાથી. એમ. નવમાં એક જ્યાં ત્યાં જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક જ છે. અગ્નિનો દાખલો આપ્યો છે.

'**ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે;...**' ૧૩મી ગાથા કહેશે એના પહેલાં ત્રણ સૂચનારૂપે ત્રણ કહેશે. '**તેમાં પહેલા શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો...**' એટલે શું? કે પૂર્ણ સ્વરૂપનું અંતરમાં ભાન અને અનુભવ થયો પણ હજી પર્યાયમાં પૂર્ણતા, વીતરાગતા, સર્વજ્ઞતા આવી નથી ત્યાં સુધી તો એને એ પર્યાયની અપૂર્ણતા જાણવા જેવી છે. એ જાણવા માટે પ્રયોજનવાન છે એમ કહ્યું હતું. '**તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :—**' એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ આ માર્ગ એવા છે તો. સાધારણ જનતાને કાને પડ્યું નથી અને પડે તો એને એવું લાગે આ સાધારણ માણસને વિરોધ (લાગે), આ એકાંત છે. અરે! ભાઈ! સમ્યક્ એકાંતમાં જ સમ્યગ્દર્શન છે સાંભળને. સમ્યક્ એકાંત એકલો જીવસ્વભાવ.

નવમાંથી તારવીને જ્યાં ત્યાં આત્મા... આત્મા... આત્મા... આત્મા... એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપ, એની અંતરમાં દૃષ્ટિ કરીને, એને અનુભવવો, એને અહીંયાં સાચું સમકિત એટલે સાચો થયેલો કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- પંડિતોને એ બેસવું જોઈએ.

ઉત્તર :- બેસતું નથી શું કરે પંડિત? પંડિત એટલે શું પણ? ભણ્યા એટલે કાંઈ પંડિત થઈ ગયા? થાય અમુક બેસે નહિ. આવી વાત એવી છે કે રહસ્યમય વાત છે. જાણવામાં ન આવે ત્યાં આવી. એની મહત્તા ભાસે નહિ ત્યાં સુધી શું કરે એ? એ એમ જ કહે અને એમ જ કરે. સમજાણું કાંઈ?

કહે છે, વ્યવહારનય કથંચિત્ કહ્યો જાણવા માટે પ્રયોજન, પણ એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! વસ્તુ તો ત્રિકાળી જ્ઞાયકભાવને જાણવી એ ચીજ છે. આહા..હા..! ભારે કામ, ભાઈ! ધર્મ મોંઘો ભાઈ! પૂજામાં, ભક્તિમાં, તપસ્યામાં, અપવાસ-બપવાસમાં ધર્મ થતો હોયને તો આ બધી માથાકૂટ મૂકી દઈએ. ભગવાન તેં અનંત વાર કર્યું છેને. એ તો પરલક્ષી રાગ છે શુભ, પણ એ તો ત્યાં દૃષ્ટિ છે એ તો સત્યના વિરોધની દૃષ્ટિ છે. અસત્ય કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. સમજાણું કાંઈ? એ વાત કહે છે હવે. પાંચમો શ્લોકને? પાંચમો શ્લોક.

(मालिनी)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-<br>
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।<br>
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं<br>
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

એનો અર્થ. વ્યવહારનય છે એટલે કે વર્તમાનમાં પર્યાયમાં અપૂર્ણતા અને અશુદ્ધતા છે એને જાણનારો '**જે વ્યવહારનય છે તે જોકે પહેલી પદવીમાં (જ્યાં સુધી...**' સવિકલ્પ દશા અને અપૂર્ણ દશા છે ત્યાં સુધીમાં. અહીં તો એ કહેવું છે હોં!

મુમુક્ષુ :- ૧૨મી ગાથાનું અનુસંધાન છે.

ઉત્તર :- એની અનુસંધાનની વાત છે અહીં. પછી ભલે વાત કરે કે ભાઈ! અજ્ઞાનીઓને પહેલાં આ. એ તો પછી ગૌણ કરી દેશે. ચીજ તો આ છે. એની સાથે શું? ... ગાથા કળશ છે આ.

'**વ્યવહારનય છે તે...**' એટલે? કે આત્મા જે ત્રિકાળી આનંદનો ધામ પ્રભુ, એની પર્યાયમાં રાગાદિ ભાવ છે અને પર્યાયનો અંશ અપૂર્ણ છે. એ છે '**જોકે પહેલી પદવીમાં (જ્યાં સુધી...**' પૂર્ણ દશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી '**સ્વરૂપની પ્રાપ્તિ થઈ ન હોય...**' પૂર્ણ સ્વરૂપની એમ. 'निहित-पदानां' '**જેમણે પોતાનો પગ માંડેલો છે...**' એટલે કે

અધૂરી પર્યાયમાં જે રહેલો છે. વીતરાગ થયો નથી. એને (પૂર્ણતા) થઈ ન હોય ત્યાં સુધી પગ માંડ્યો એટલે ત્યાં સુધી છે એમ. ગતિ કરતાં કરતાં અપૂર્ણ પર્યાયમાં પગ છે એટલે પર્યાયની ત્યાં ગતિ છે. આહા..હા..! **'એવા પુરુષોને, એરેરે!'** આચાર્ય તો એમ કહે છે. **'અરેરે!'** **'हस्तावलम्बः स्यात्'** **'હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...'** મંદિરે ચડવું હોય આમ. કઠોડો હોયને લાકડાનો? પછી આમ હાથ મૂકતો જાય એટલું નિમિત્તપણે કહ્યું છે, પણ એ કાંઈ એને આધારે ચડતો નથી. સમજાણું કાંઈ? પંડિતજી! દાદરાના પગથિયા હોય છેને. ચાલે છેને. ત્યાં તો દોરડું હતું પહેલા દોરડું. એ નિમિત્ત છે. આમ દોરડું જાલીને ચાલે છેને આમ? ચાલવાની ગતિ દોરડું આપતું નથી. ગતિ તો આમ કરે છે ત્યારે દોરડું એને નિમિત્તરૂપે હસ્તાવલંબ હાથને આલંબનરૂપે-નિમિત્તરૂપે છે. સમજાણું કાંઈ?

**'એવા પુરુષોને, અરેરે!'** હાથને નિમિત્તરૂપે તુલ્ય કહ્યો છે. આહા..હા..! **'તોપણ...'** આમ કહ્યું છે તોપણ. પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ ગુણોના ભાવથી ભરેલો પ્રભુ એવો જેણે અનુભવ કરીને ઠરી ગયો છે એને આ કાંઈ અધૂરી દશા હોતી નથી. એને વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન એને રહેતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તોપણ...'** **'चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां'** ચિત્ચમત્કાર માત્ર વસ્તુ અંદર ચમત્કાર. જ્ઞાનથી ભરેલી ચમત્કાર વસ્તુ. અંતર્મુખ ચીજ ચૈતન્યનો ચમત્કાર છે. જેમાંથી કેવળજ્ઞાન આવે, જેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય આવે એવો મહા ચૈતન્યચમત્કાર ધ્રુવસ્વરૂપ ભગવાન (છે). એવા ચિત્ચમત્કારમાત્ર જ્ઞાનચમત્કાર માત્ર. લ્યો આ ચમત્કાર. આહા..હા..! **'જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર,...'** એ અસ્તિ કીધી. **'पर-विरहितं'** **'પરદ્રવ્યભાવોથી રહિત...'** આહા..હા..! પર્યાય ભેદ અને રાગાદિનો ભેદ જેને ટળી ગયો છે.

**'(શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને...'** એમ છેને? **'पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां'** પૂર્ણસ્વરૂપ ભગવાન અંતર નિર્વિકલ્પ આનંદમાં જ્યાં વેદનમાં—અનુભવમાં પડ્યો છે, નિર્વિકલ્પતા જેને પૂર્ણ થઈ ગઈ છે એવા **'પરમ 'અર્થ'ને...'** શુદ્ધનયનો વિષય પરમ અર્થ છે—પરમપદાર્થ છે. ત્રિકાળી પરમપદાર્થ એનો વિષય કરીને પર્યાયમાં પૂર્ણ દશા થઈ ગઈ છે એમ કહે છે. **'પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે,...'** **'पश्यतां'** આહા..હા..! અરેરે! એ તો કોઈ ચીજ છેને શું છે? એ સાધારણ કાયરોના કામ નથી એ. સમજાણું કાંઈ? આ **'अन्तः पश्यतां'** છેને? જેને બહાર પડવું છે એવા જીવને માટે તો બહિરાત્મબુદ્ધિ છે એને તો. આહા..હા..! બહાર દેખાવ કરવો છે એ તો બહિરબુદ્ધિ છે, બહિરાત્મા છે.

કહે છે, આવો ચમત્કારમાત્ર અંતરંગમાં અવલોકે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એટલે કે **'તેની શ્રદ્ધા કરે છે...'** એમ લે છેને? **'पश्यतां'** છેને? એટલે અવલોકે છે એમ

લીધું. પણ એનો અર્થ કે ખરી ચીજ છે એને દેખે છે. એટલે પર્યાયમાં પૂર્ણતા થઈ ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેની શ્રદ્ધા...**' જ્ઞાનમાં વસ્તુ પૂર્ણ પ્રભુ અસ્તિ છે એને જ્ઞેય તરીકે દૃષ્ટિમાં લીધો છે, પણ પર્યાયમાં જ્યાં સુધી અપૂર્ણતા છે ત્યાં સુધી જાણવાયોગ્ય અસ્તિ એવું છે. પણ આવો મોટો પ્રભુ એને જાણતા અધૂરી રહી એને જાણવું એ પ્રયોજન વ્યવહારથી કહેવામાં આવે છે. પણ એ પર્યાય પૂરી થઈ ગઈ, સોળ વલું સોનું થઈ ગયું, પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મામાં પર્યાયમાં અપૂર્ણતા ન રહી અને પૂર્ણ આનંદ સમાધિમાં લીન થઈ ગયો. આ '**તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને...**' કીધુંને? જ્ઞાન, શ્રદ્ધા અને સ્વરૂપની રમણતા પણ થઈ ગઈ એને. '**ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે.**'

પૂર્ણસ્વરૂપ આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન કર્યા છે, પછી સ્વરૂપમાં લીન થઈને ચારિત્રવંત બની ગયો છે વીતરાગભાવ. એમ. આહા..હા..! '**તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.**' એટેલ કે એને પર્યાયની અપૂર્ણતાનો વિષય રહ્યો નથી. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે, બાપુ! માર્ગ તો. આહા..હા..! વાદવિવાદનું આમાં કામ ક્યાં છે? આહા..હા..! તું પોતે મહાપ્રભુ છો, ભાઈ! તારી પ્રભુતા તે દૃષ્ટિમાં, અનુભવમાં લીધી છતાં પર્યાય—દશામાં પૂર્ણતા ન થાય એ અપૂર્ણને જાણવું એક વાત છે, પણ એ જાણવું ક્યાં સુધી? પૂર્ણ ન થાય ત્યાં સુધી અધૂરી, જ્યાં પૂર્ણ થઈ પછી એ કાંઈ રહેતું નથી. અપૂર્ણતા રહેતી નથી એટલે જાણવામાં વ્યવહારનય પ્રયોજનવાન એને રહેતો નથી. વાત તો આમ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

પૂર્ણ પ્રભુ ભગવાન આત્મા વસ્તુ, એની અંતર અનુભવ કરીને પ્રતીત એ તો વસ્તુની પૂર્ણતા થઈ. પણ પર્યાયમાં પૂર્ણતા જ્યાં સુધી ન હોય ત્યાં સુધી જ્ઞાન કરાવ્યું છે. પણ પૂર્ણતા જ્યાં થઈ ગઈ, સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું કાં નિર્વિકલ્પ અનુભવમાં ગયો, પછી ત્યાં અંદર જોવે છે અનુભવને આનંદને વેદે છે. એને અપૂર્ણતા જોવાનો પર્યાય રહ્યો નથી એથી એને વ્યવહારનય કાંઈ પ્રયોજનવાન નથી. શાંતિભાઈ! ભારે માર્ગ આવો. અરે! પ્રભુ! આવા કાળ ગયા પ્રભુ તને. આહા..હા..! અરે! દુનિયાને ન જો. દુનિયા શું કહે છે? કેમ માને છે એનું શું પણ તારે છે? તારો પ્રભુ તું છો. એનો સ્વામી તું છો. આહા..હા..! જે ધર્મી રાગનો સ્વામી થતો નથી, પણ હજી રાગ છે ત્યાં સુધી જાણવું એમ પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. આહા..હા..! અને જ્યાં પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ અંતર્મુખ, અપૂર્ણતા રહી નહિ પછી કોને જાણે? એ તો એક અપેક્ષાએ સમજાવ્યું છે. એને પછી વ્યવહારે કાંઈ જરૂર નથી, પણ એને છે જ નહિને. સમજાણું કાંઈ? પંડિતજી! એવો અર્થ છે એમાં. આહા..હા..! પંડિતજી જેવા માણસો બે, પાંચ, દસ, પચ્ચીસ પાકેને તો... ..વૃદ્ધિનું કારણ થાય. સત્ય છે એને

સત્યને કબુલે આમાં. આ તો સત્ય છે ભાઈ! આહા..હા..!

પ્રભુ! તારો આનંદનો નાથ આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ છે એવું ભાન તો થયું, પણ પૂર્ણ આનંદ જ્યાં સુધી દશામાં ન પ્રગટે ત્યાં સુધી એને તે દશાનું અસ્તિત્વ છે એને જાણવું જોઈએ. બસ એટલી વાત છે. પણ એ અસ્તિત્વ અપૂર્ણ રહ્યું નહિ, પૂર્ણ થઈ ગયો, પછી એને અપૂર્ણતા રહી નહિ, એટલે વ્યવહારનય એને કાંઈ છે નહિ. નથી એને પ્રયોજનવાન છે નહિ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘણી વાત સીધી અને સાદી છે. આહા..હા..! પણ એ અંદર ગરજાવ થાય એની વાત છે. આહા..હા..! બોણી. ગરજાવની વાત છે. એવી વાત બાપા આ તો.

અરેરે! ચોર્યાસીના અવતારમાં ભાઈ! તેં એવા .. દુઃખ સહ્યા છે. જોનારને આંસુ આવે એવા દુઃખ સહન કર્યા છે તેં ભાઈ! તને ખબર નથી. ભૂલી ગયો તું ભૂલી ગયો. આહા..હા..! એને એ દુઃખને, આકુળતાને ટાળવાનો આ એક ઉપાય છે કે જેમાં ભવ અને ભવનો ભાવ નથી, પણ ભવના અભાવસ્વભાવરૂપી પરિપૂર્ણ પ્રભુ પોતે છે. આહા..હા..! એનો આશ્રય લીધો, અનુભવ થયો, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અંશ પણ પ્રગટ્યો, પણ પૂર્ણ ચારિત્ર અને વીતરાગતા જ્યાં સુધી નથી ત્યાં સુધી એને અંતરનો આશ્રય લેવો પડશે. આશ્રય લઈને જ્યાં પૂર્ણ દશા થઈ ગઈ એને એ વ્યવહાર રહેતો નથી. આમ છે. આહા..હા..! ભાઈ! તારા ઘરની દયાની વાત છે, ભાઈ! આહા..હા..! પણ એને ઓલો વ્યવહાર. હાય.. હાય.. અમારા વ્યવહાર. ભાઈ! વ્યવહાર તારો કેવો? રાગાદિ પર્યાયમાં અપૂર્ણતા જરી છે. એ તો કહ્યું. એ તો છે તે શું છે? બારમાં સુધી અપૂર્ણતા છે તો વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! પણ અંદરમાં જ્યાં સ્થિર થઈ જાય છે... કારણ કે સ્થિર થવા માટે તો પ્રતીતમાં એ આવ્યું છે કે આ સ્વરૂપમાં સ્થિર થયે અશુદ્ધતા અને અપૂર્ણતા ટળશે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ચીજ. આ શ્રીમદ્‌માં આવે છેને. 'ગુપ્ત ચમત્કારનું લક્ષ નથી.' ભાઈ! ગુપ્ત ચમત્કાર તારો ચૈતન્ય ભગવાન એ ગુપ્ત ચમત્કાર છે. એક ક્ષણમાં જ્ઞાન મિથ્યાત્વનું ટાળીને સમયાંતર કરીને સમ્યગ્જ્ઞાન થાય અને આનંદની દશા પ્રગટ થાય એવો ચૈતન્યચમત્કાર તું છો, ભાઈ! અને એવો ચમત્કાર કે જેનો પૂર્ણ આશ્રય થઈ જાય (એટલે) કેવળજ્ઞાન થઈ જાય છે. નથી તારી દશામાં એવી દશા આવે. એવો ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા છે, પણ એની મોટપ કેમ બેસે? અહીં જરી એક રાગનો કણ આવ્યો ત્યાં ખુશી થઈ જાય. એક બાયડી સારી આવે ત્યાં આહા..હા..! .. આ બધું થઈ જાય, આ મારી ઘરવાળી છે, ઓલી કહે કે મારો આ ઘરવાળો છે. અરે! ઘરવાળી-ઘરવાળો ક્યાં આવ્યા બાપા? આહા..હા..!

મુમુક્ષુ :- ઘર ત્યાં ક્યાં છે?

ઉત્તર :- ત્યાં ક્યાં ઘર હતું, ભાઈ! એ તો પરદ્રવ્ય વસ્તુ છે. એને કારણે એ આવ્યા

અને એને કારણે પલટીને રહ્યા છે. તારે કારણે આવ્યા નથી અને તારે કારણે ત્યાં પલટતા પણ નથી. આહા..હા..! તારે કારણે તું રહ્યો અને તારે કારણે તું પલટી રહ્યો છો. સમજાણું કાંઈ? અરેરે! જન્મ-જરા-મરણના ઊંડા કૂવામાંથી નીકળવાની વાત છે આ તો ભાઈ! આહા..હા..! ધણી મરે ત્યારે બાયું રોવે છે. અરેરે! ઊંડા કૂવામાં શું કાંઈક કહે છે? એવું સાંભળ્યું છે હોં! દોરડા ઉતરીને કાપ્યા રે. એવું રોવે. અમારે તો આ ૫૭ની સાલની વાત છે. ૫૭માં ૧૧ વર્ષની ઉંમર હતી. અમારે મોટા ભાઈ હતાને સૌથી. દીપચંદભાઈ તે દિ' ગુજરી ગયેલા. છોકરો હતો નાનો. જયંતિ. પછી એની મા રોવે. ઊંડે કૂવે ઉતારીને દોર કાપ્યા. એય..! પોપટભાઈ! આહા..હા..! કૂવો-કૂવો હોય, દોરડું હોયને, નાખીને પછી અહીંથી કાપ્યું એટલે જાય નીચે. હેઠે કૂવામાં જાય. અરે! ભગવાન! તેં તારા આત્માને મિથ્યાત્વના ઊંડા કૂવામાં નાખી, સત્યના દોરડા તેં કાપ્યા છે, ભાઈ! એ તને ખબર નથી. આહા..હા..! આવો ભગવાન પરમાનંદનો નાથ એને ભૂલી અને ભ્રમણા કૂવામાં જઈ પટક્યો છે તેં આત્માને. હવે એને કાપવાની વાત તો આ છે.

અંદર સ્વરૂપ ભગવાન પૂર્ણ છે, અસ્તિ છે, સત્તા છે, હોવાવાળી ચમત્કારિક ચીજ છે. આહા..હા..! જેના સ્વભાવમાં અપરિમિતતા ભરી છે. એવો ચૈતન્યચમત્કાર ભગવાન એક સમયમાં શક્તિથી પણ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી શક્તિ રાખે છે. એ ચમત્કાર બીજે ક્યાં હોય? કહો. સમજાણું કાંઈ? અરેરે! દુનિયાના બહારના ઉત્સાહ અને બહારના દેખાવમાં ભગવાનને દેખવો ભૂલી ગયો ઈ. સમજાણું કાંઈ? અને ભગવાનને દેખ્યો ત્યારે કહે હવે વ્યવહાર છેને? છેને ભાઈ! પૂર્ણ દશા હજી એમાં થઈ નથી ત્યાં સુધી છે. જાણે છે. એથી વ્યવહાર કરવા જેવો છે અને વ્યવહાર છે તો નિશ્ચયને મદદ કરે છે એમ નથી. આહા..હા..! પરસ્પર વિરોધ છે. એ તો વિરોધધ્વંસિની (આવી ગયું). પણ આ રીતે જ વસ્તુ હોય, બીજી રીતે વસ્તુ હોઈ શકે કેમ? ભગવાને એમ કહ્યું એ તો જેમ છે અને રહ્યું છે એમ કહ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે... આહા..હા..! કળશો પણ એક એક કેવા છે જુઓને! જે કોઈ પરમપદાર્થને અંતરંગમાં અવલોકે છે. અવલોકનારને અવલોકે છે. જોનાર તો આત્મા છેને. આ છે ને આ છે ને આ છે ને આ છે. એ તો જોનાર તો આત્મા છે. હવે જોનારને જે જોવે છે એ તો આ જોવે છે. આ છે.. આ છે... આ છે... એ જોનાર ભગવાન અવલોકવા લાયક છે એને અવલોકે છે, એને શ્રદ્ધે છે અને '**તદ્રૂપ લીન થઈ ચારિત્ર...**' '**પરમ અર્થને અંતરંગમાં અવલોકે છે,...**' એટલે ત્યાં જાણવું મુખ્ય ભાઈ! એમ '**તેની શ્રદ્ધા કરે છે...**' એમ છે. પછી ચારિત્રનું ત્યાં મૂક્યું છે. વાત સાચી છે. એને આમ જોવે છે કે ક્યાંય ... જ્ઞાન સ્વરૂપ જે વસ્તુ છે એ પ્રમેય છે. એનામાં પ્રમેય નામનો ગુણ છે, તો પર્યાયનો, જ્ઞાનની

પર્યાયનો વિષય થયા વિના રહે નહિ. પણ એ જ્ઞાનની પર્યાયે પોતાનો વિષય ન કરતાં પરને વિષય બનાવ્યો એ તો નકામી વસ્તુ છે. જેનો વિષય કરવો જોઈએ જે પર્યાયે એનો ન કરતાં એ પર્યાય પોતાની અને કર્યો વિષય પરનો. આ રાગ છે ને આ બાયડી છે ને આ છોકરા છે ને આ દેવ છેને. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જેનો પર્યાય છે તેનો જેણે વિષય કર્યો, એની શ્રદ્ધા કરી અને ઠર્યો, બસ. પૂરું થઈ ગયું. નિશ્ચયનો આશ્રય લીધો હતો અને વ્યવહાર કાંઈક અધૂરો હતો .. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'એ વ્યવહારનય...'** **'किञ्चित् न'** એટલે કે જરીએ છે નહિ. એમ. પ્રયોજવાન કીધું હતું. એને વ્યવહાર જરીએ નથી, એને પૂર્ણ થઈ ગયો નિશ્ચય. પરમ સમાધિ આનંદ, એકલા આનંદમાં જ્યાં પૂર્ણ વેદન થઈ ગયું. થઈ રહ્યું એને હવે વ્યવહારની પર્યાય અસ્તિ જ નથી એટલે જાણવું એને રહેતું નથી. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો! ઓલા તો કહે ભાઈ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રાઓ કરવી ગીરનારની, શિખરજીની. શેત્રુંજયની જાત્રા છે. ભગવાન પોતે રાગ અને અજ્ઞાનને જીતનાર છે એ શત્રુ છે એ તો. એનો જીતનાર એ ભગવાન પોતે છે એટલે એ જિનસ્વરૂપ જ છે. એનો આશ્રય કરીને જેને સુખના પંથે દોરાઈ ગયો, જે અનાદિથી દુઃખને પંથે દોડીને દોરાઈ ગયો છે ઈ. હોંશે હોંશે દોરાઈ ગયો છે. સમજાણું કાંઈ? એ જ્યાં પોતાના પંથે—અંતરના સ્વભાવના પંથે આવે છે ત્યારે તેને નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. પણ જ્યારે ઠરી જાય છે એમાં પૂરો ત્યારે એને પૂર્ણ ચારિત્ર થતાં વ્યવહાર જાણવો રહેતો નથી. આહા..હા..! આમ છે. વજુભાઈ! ભારે માર્ગ! આવો માર્ગ! અપાસરામાં સાંભળવા મળે નહિ અને દેરાસરમાં સાંભળવા મળે નહિ, જાત્રામાં સાંભળવા મળે નહિ આહા..હા..! અરે..! જ્યાં હોય ત્યાં મળેને. જ્યાં તું છો ત્યાંથી મળે એવું છે, બહારથી કાંઈ મળે એવું નથી. આહા..હા..! **'एषःकिञ्चित् न'** એને વ્યવહાર જરીએ નથી. લ્યો શબ્દો તો આમ છે ભાઈ! જરીએ વ્યવહાર રહેતો નથી એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પહેલો કહ્યો હતોને.

ઉત્તર :- હતોને.

**'ભાવાર્થ :-'** સંતોએ તો ઘણો સરળ માર્ગ કરી નાખ્યો છે. સમજાણું કાંઈ? **'શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન,...'** જુઓ, ત્રણ બોલ લીધા. **'पश्यतां'** હતુંને. અવલોકે છે. અવલોકનનો અર્થ જ શ્રદ્ધા કરે છે. અવલોકે છે અને તેની શ્રદ્ધા કરે છે એમ લીધું છેને. બીજો બોલ લીધો છે. બીજો બોલ થયો શ્રદ્ધાનો. સમજાણું કાંઈ? શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્માનું પવિત્ર સ્વરૂપ ત્રિકાળ. એને જે જાણે છે અને એને શ્રદ્ધે છે અને એમાં **'આચરણ થયા બાદ...'** આચરણ એટલે ચારિત્ર થઈ ગયું એની પછી **'અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી.'** અશુદ્ધતા રહેતી નથી એટલે જાણવું રહેતું નથી. એમ છે.

## શ્લોક-૬

(मालिनी)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-

શ્લોકાર્થ :- [अस्य आत्मनः] આ આત્માને [यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम्] અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) [एतत् एव नियमात् सम्यग्दर्शनम्] તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? [व्याप्तुः] પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? [शुद्धनयतः एकत्वे नियतस्य] શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? [पूर्ण-ज्ञान-घनस्य] પૂર્ણજ્ઞાનઘન છે. [च] વળી [तावान् अयं आत्मा] જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. [तत्] તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે ''[इमाम् नव-तत्त्व-सन्ततिं मुक्त्वा] આ નવતત્ત્વની પરિપાટીને છોડી, [अयम् आत्मा एकः अस्तु नः] આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.''

ભાવાર્થ :- સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો, તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે, નિયમ રહેતો નથી. શુદ્ધનયની હદે પહોંચતાં વ્યભિચાર રહેતો નથી તેથી નિયમરૂપ છે. કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? પૂર્ણજ્ઞાનઘન છે-સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. તે કાંઈ જુદો પદાર્થ

નથી-આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે. માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.

અહીં એટલું વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા, આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી. તેથી આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ? તેનું સમાધાનઃ- ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું. ૬.

## શ્લોક-૬ ઉપર પ્રવચન

'હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :—' લ્યો! છઠ્ઠો. આ ત્રણ બોલનો વિરોધ અહીંથી બહુ ચાલે છે એને કે તમે પુણ્યને વિષ્ટા કહો છો. અરે! ભગવાન! ભાઈ! આત્માના અમૃતમાંથી નીકળતા રાગ ઉભો થાય એ તો ઝેર છેને. વિષ્ટા તો હજી એનાથી હળવી કહેવાય. આહા..હા..! અને એને એ કહ્યું હતું નહિ? આ બધો ભોગ સામગ્રી એને સમ્યગ્દષ્ટિ કાગડાની વિષ્ટા જેમ માને છે. આહા..હા..! કાગડાની વિષ્ટા. કૌઆ-કૌઆની

વિષ્ટા હોય છેને. 'ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ કાગ વીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' ધર્મી જીવ જેને આનંદનું ધામ, જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં, વેદનમાં આવ્યો છે, એવા ધર્મી ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય, તોપણ એ ચક્રવર્તીની સંપદા અને ઇન્દ્રના ભોગ એ કાગની વિષ્ટા જેવા લાગે. માણસની વિષ્ટા તો હજી ભૂંડ પણ ખાય, કાગડાની વિષ્ટા એટલે કઠણ થઈને નીકળે એ તો. સમજાણું કાંઈ? એ ખાતરમાં પણ કામ ન આવે. કાગડાની વિષ્ટા ખાતરમાં પણ કામ ન આવે. બગાડે ઉલટું. કૌઆ-કૌઆ હોય છેને? માણસની વિષ્ટા તો હજી એમાં નાખે ખેતરમાં. મૂળ તો માંસ નાખે પછી માછલાને.. નાખે. .. નાખે. એમાં કાંઈ આ ન નાખે. કાગડાના હોય એ ન નાખે. કાગડા ઘણા બેઠા હોય માથે ૧૦૦-૨૦૦ નીચે ચરક પડી હોય બહુ. મોટું વડ હોય તો કાગડા બહુ આવે. એ કાંઈ ભેગી કરીને નાખતા હશે? આહા..હા..!

ધર્મી જીવ તો એ બહારના ભોગો, સામગ્રી એ બધા વિષ્ટાના ઢગલા છે, કાગડાની વિષ્ટા જેવા છે કહે છે. આહા..હા..! આવું તો બનારસીદાસે નાખ્યું. અને આ સ્ત્રીનો વિષય અને ભગવાનની વાણી એ પરવિષય તરીકે બે એક થયા એમ કહ્યું છે. અને તે પદ્મનંદિમાં તો ચોખ્ખું કહ્યું છે કે શાસ્ત્રમાં.. ઓલાની સાથે વાત થઈ ગઈ હતી ઉજ્જૈનવાળા સત્યેનધર. સત્યેનધર આવ્યો હતાને કે આમ કહે છેને. પણ આ છેને જુઓને. આ ગાથા જુઓ આમાં શું કહે છે? બુદ્ધિ છે પોતાની અને એ બુદ્ધિ શાસ્ત્ર પરદ્રવ્ય ભમે (એ) વ્યભિચારિણી છે. હવે એ વચનો દિગંબર સંતોના કે આચાર્યોના પણ એને ગોઠતા નથી. એ સોનગઢને નામે કરીને એ સોનગઢે કહ્યું. ભગવાન! તું શું કરે છે? ભાઈ! રાજમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- સોગનઢે એનો પ્રકાશ કર્યો એટલે સોનગઢથી છે.

ઉત્તર :- પણ એ તો સત્ય વાત છે એમ કહ્યુંને. આચાર્યોના કથન છે અને આ શું કીધું આ? સમ્યગ્જ્ઞાન દીપિકા. એમાં આપણે કાઢ્યું હતું એક ફેરી. આ નવું છપાણું છેને ભાવનગરથી. એમાં એણે નાખ્યું છે કે જુઓ, આવા ને આવા સાહિત્ય સોનગઢવાળા બહાર પાડે છે. અરે! ભગવાન! એમ કે ત્યાં દૃષ્ટાંત છે. પંડિતજી! ૧૩૭ પાને છે. એ ત્યાં ભાવનગરથી છપાણું છે. કોના તરફથી છપાણું છે? મંડળ તરફથી. હીરાલાલ હીરાભાઈ. આ પુસ્તક છેને. હમણા કાઢ્યા છે. ઓલું આવ્યું તો કહે લાવો ભાઈ જોઈએ. હવે આ પુસ્તક તો સમ્યગ્જ્ઞાન દીપિકા છે. એ અહીંનું નથી.

મુમુક્ષુ :- અહીં છપાયું એ દોષ થયો.

ઉત્તર :- છપાણું એમાં શું પણ? ૧૦૫, ૧૧૫? ઓલામાં ૩૭ એ સાચી વાત. આ છે જુઓ, આ બ્રહ્મચારી ક્ષુલ્લક ધર્મદાસજી એનું લખેલ પુસ્તક છે. સંવત્ ૪૮માં થયા. એનું આ લખાણ (છે). ફક્ત અહીંથી બહાર પડ્યું સોનગઢને નામે. ત્યાં તો કહેવાનો આશય એવો

છે, ભગવાન! શાંતિથી સાંભળને ભાઈ! કહે છે '**જેમ જે સ્ત્રીના માથે ભરથાર છે,...**' એનો સિદ્ધાંત સિદ્ધ કરવો. એને ઠેકાણે એકલો વ્યભિચાર કરો તોપણ દોષ નથી એમ કહે છે સોનગઢવાળા. અરેરે..! અહીં તો રાગ, શુભરાગને પણ દોષ ને પાપ ને અધર્મ છે.

મુમુક્ષુ :- .. પાપને ધર્મ કહે?

ઉત્તર :- પાપને કહે છે. અરરર! શું કરે છે તું ભાઈ? જુઓ, અહીં પાઠ છે.

'**જેમ જે સ્ત્રીના માથે ભરથાર છે, કદાચિત્ તે સ્ત્રી પરપુરુષના નિમિત્તથી ગર્ભ ધારણ કરે...**' એમાં સિદ્ધાંત સિદ્ધ કરવો છે. '**તોપણ તેને દોષ લગાડી શકાતો નથી,...**' આ તો એનું વાક્ય છે સમ્યગ્જ્ઞાન દીપિકાનું. આ તો ઘણાં વર્ષ પહેલાં આની ચર્ચા થઈ ગયેલી છે. અને ભીંડમાં વિદ્યાનંદજીએ આ કહ્યું હશે, જુઓ! આ સોનગઢનું સાહિત્ય છે, પણ સોનગઢનું છે કે તમારા ઘરનું શ્રાવકનું કહેલું તો આ છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન દીપિકા છે કે નહિ? લીધું છે કે નહિ? સમ્યગ્જ્ઞાન દીપિકા નથી? વાંચ્યું છે. હિન્દી છે? ઠીક. '**પરપુરુષના નિમિત્તથી ગર્ભ ધારણ કરે તોપણ તેને દોષ લગાડી શકાતો નથી, એ જ પ્રમાણે...**' એ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. '**કોઈ પુરુષના મસ્તકથી તન્મયરૂપ મસ્તક ઉપર સ્વસમ્યગ્જ્ઞાનમય પરમબ્રહ્મપરમાત્મા છે...**' શુદ્ધ આનંદકંદની જેની દૃષ્ટિ થઈ છે. તન્મય જ્ઞાન સ્વભાવ સાથે પર્યાય તન્મય થઈ છે. '**તે પુરુષ કદાચિત્ કર્મવશ દોષ પણ ધારણ કરે...**' કોઈ રાગાદિ દોષ, ચારિત્રદોષ એને હોય '**તો તે પુરુષને દોષ લાગતો નથી,...**' આ તો સમ્યગ્જ્ઞાન દીપિકા શ્લોકનું કથન છે. '**મહાન (પુરુષના) શરણનું એ જ ફળ છે.**' સમજાણું કાંઈ? જુઓ, ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ૧૧૫ પાને એ છે. હવે એ કહે છે કે સોનગઢનું છે. અરે! પ્રભુ! શું કરે છે તું આ? અરેરે! એવું હોય? .. ન હોય, લોગે લડવાનું હોય. માણસ હોય એ લોગે લડે. કલોગે ન લડે. કલોગે સમજાય છે? બીજી રીતે આડી રીતે ન લડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો દૃષ્ટાંત છે. પણ એ તો એની પછી બીજી વાત છે. એ નહિ, બીજી વાત છે અહીં તો. કે જેને માથે પતિ છે તો એનો કોઈ એવો દોષ લાગી ગયો તોપણ એનો બહાર પડે નહિ. એમ.

મુમુક્ષુ :- લોકમાં વાત જ ન થાય.

ઉત્તર :- એની લોકમાં વાત ન થાય, બીજાને ખબર ન પડે કે આ દીકરો કોનો છે. એમ જેને સમ્યગ્જ્ઞાનમાં તન્મયતા થઈ છે, ભગવાન પરમાત્મા પોતાના નિજ સ્વરૂપમાં એકાકાર છે, એવું જેને માથે ધણીપતું પડ્યું છે એને કોઈ રાગાદિનો દોષ હોય તો એથી કરીને એને દોષવાળો છે એમ બહાર નહિ પડે. અજ્ઞાની નહિ થઈ જાય, મિથ્યાદૃષ્ટિ નહિ થઈ જાય

એમ કહેવું છે. હવે એ કો'કના તમારા શ્રાવકના લખાણ એના પણ ખોટા પાડવા. અરે! પ્રભુ! શું કરે છે? એ તો દાખલો છે, ભગવાન! અરે! આનંદના નાથને એવી વાત હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ક્યાં અતીન્દ્રિય આનંદનો નાથ, એને જ્યાં શુભભાવ પણ જ્યાં વ્યભિચાર તરીકે જાણે છે. અરે! એને આવો ભાવ અશુભ હોંશથી, હરખથી કરે અને એ રાજી થાય એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નબળાઈને લઈને આવે એની વાત છે. દંસણ ભટ્ઠા ન સિઝંતી, ચરિત્તભટ્ઠા સિઝંતી. એમ વાત સિદ્ધ કરવી છે ત્યાં. આહા..હા..! અરે..રે..! શું આશય છે? શું પ્રયોજન છે? કઈ પદ્ધતિથી આ કથન છે એને ન જાણ્યા અને એકદમ (વિરોધ કરે). કહો, સમજાણું કાંઈ? દીપચંદજી! એવો પાઠ છે. લ્યો! સમ્યગ્જ્ઞાન દીપિકા છેને? વાંચી છેને? છે તમારી પાસે? હિન્દી. ઠીક. હિન્દી ન હોય તો અહીંથી લઈ લેજો. આહા..હા..! આ તો પહેલાના ક્ષુલ્લક બ્રહ્મચારીએ (બનાવેલું છે). હિન્દીમાં છેને? હિન્દીમાં છે. આપણે ગુજરાતીમાં છે. ગુજરાતીમાં ૧૩૭ પાને છે. આમાં ૧૧૫ પાને છે. કહો, સમજાણું કાંઈ?

આ સોનગઢનું સાહિત્ય અને એનું વાંચન લોકોને વિશેષ થઈ જાય છે એ ગોઠતું નથી. અને એ બાબુભાઈ ને એ બધા પ્રચાર કરે છેને. ફતેપુરમાં જુઓને એ શિબિર કાઢે છેને. એ તો શિબિર-શિબિર ધર્મને નામે કાઢે છે. કાનજી પંથ નથી. એમ. ભાઈ! કોઈના પંથ નથી. ભગવાન! એવું છે. આમાં લખે છે. ચેતો, ચેતો નહિતર બધાને ભરમાવી નાખશે. વસંતીલાલજી! કેમકે આ વૈસાખ સુદ ત્રીજનું ત્યાં થવાનું છે ફતેપુર અને એમાં પંદર દિ' રાખ્યા છે. સાત દિ' શિબિર અને આઠ દિ' ઓલા. બધા ભેગા ન થશો, મારી નાખશે તમને. અરેરે! અહીં ક્યાં ગુપ્ત છે? આ તો શાસ્ત્રના આધારે પણ વાત છે. કહો, સમજાણું કાંઈ? આ કાંઈ અહીંથી બહાર પડી છે એમ છે? પહેલેથી પડેલી જ છે એ વાત તો અંદરથી.

'**હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :—**' લ્યો!

(मालिनी)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

મૂલાચારમાં કુંદકુંદાચાર્યે કહ્યું છે લ્યો. એવો શ્લોક છે મૂલાચારમાં. એવો શ્લોક છે કે અરે! જીવ! તું ખોટી મિથ્યાદૃષ્ટિવાળાનો સંગ કરીશ નહિ. એવા કુતર્ક અને કુયુક્તિ નાખશે, તને મોટું શલ્ય નાખશે. તને એકલો ન રહી શકતો હો, પણ એવા કુગુરુના સંગમાં અને પટમાં જઈશ નહિ હોં. એમ કરતા તારે ન રહેવાતું હોય એકલો તો બાયડી પરણજે. એમ

લખ્યું છે. સાંભળ્યું છે? લ્યો સાંભળ્યું જ નથી. કહો. આપણે છે .. ગાથા. આ જુઓને ભાઈ આ પંડિતજી ... આ તો શાસ્ત્રમાં બધું લખ્યું છે. કુંદકુંદાચાર્ય. કદાચિત્ એકલો તને ન ગોઠે તો અને એવા કુશ્રદ્ધા અને કુલિંગીઓ અને કુપાખંડીઓનો પરિચય કરીશ નહિ. મિથ્યાશલ્ય ખોસી નાખશે. અનંતે ભવે આરા નહિ આવે તારા. આહા..હા..!

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ નહિ.

ઉત્તર :- એ ચારિત્રનો દોષ એ કરતા બાયડી પરણજે એમ કીધું છે ત્યાં. એકના બે થાજે. એ દોષ છે ચારિત્રનો પણ એવડો દોષ નથી. મિથ્યાત્વનો દોષ એ મહાદોષ અનંત નિગોદમાં ખોસી ઘાલે એવા છે. એ માટે આ વાત કરી છે, લ્યો! સમજાણું કાંઈ? હવે ત્યાં એને કહે કે શું કરવા તમે આમ લખ્યું? એનું નામ ન લઈ શકાય. કહો. ગાથા છે ૯૬ (સમયસારાધિકાર)

वरं गणपवेसादो विवाहस्स पवेसणं।
विवाहे रागउप्पत्ति गणो दोसाणागरो।।९६।।

'**અર્થ :— યતિ અંત સમય મેં યદિ ગણ મેં પ્રવેશ કરેંગે તો શિષ્યાદિકોં મેં મોહ ઉત્પન્ન હોગા તથા મુનિકુલમેં મોહ ઉત્પન્ન હોને કે લિયે કારણભૂત ઐસે પાર્શ્વસ્થાદિક...**' પાર્શ્વસ્થાદિક હતાને? '**પાંચ મુનિઓં મેં સંપર્ક હોગા. ઉનકે સંપર્ક કી અપેક્ષા સે વિવાહ મેં પ્રવેશ કરના અર્થાત્ ગૃહ મેં પ્રવેશ કરના અધિક અચ્છા હૈ..**' કારણ કે ત્યાં શ્રદ્ધાભ્રષ્ટ થઈશ. અને અહીં તો રાગથી ફક્ત દોષ લાગશે ચારિત્રદોષ. કહો, આ કુંદકુંદાચાર્ય આમ કહે છે. સમજાણું? કેમ? '**ક્યોંકિ વિવાહ મેં સ્ત્રી પરિગ્રહોં કા ગ્રહણ હોતા હૈ ઔર ઉસસે રાગોત્પત્તિ હોતી હૈ. પરંતુ ગણ તો સર્વ દોષોં કા આકર હૈ...**' ખોટા પાખંડીના સાધુના ટોળામાં જઈશ નહિ. '**ઉસમેં મિથ્યાત્વ, અસંયમ, કષાય, રાગદ્વેષાદિક ઉત્પન્ન હોતે હૈં. વિવાહ મેં મિથ્યાત્વ નહીં હોગા ફક્ત રાગોત્પત્તિ હોતી હૈ પરંતુ ગણપ્રવેશ મેં તો સબ દોષ ઉત્પન્ન હોતે હૈં...**' છેને '**दोसाणागरो**' દોષનું તો ઘર છે કહે છે. ૯૬ ગાથા છે, મૂલાચાર. ૪૯૨ પાને. કહો, સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે?

મુનિ એમ કહે કે તું પરણજે, એમ કહે? કઈ અપેક્ષા છે? મોટો દોષ મિથ્યાત્વનો તોડવા આટલો દોષ હોય તો મોટો દોષ નહિ લાગવા માટે આ કહે છે. એવી અપેક્ષા છે ત્યાં. સમજાણું કાંઈ? પોતે નવ કોટીનું બ્રહ્મચર્ય પાળનારા, મુનિ દિગંબર સંત, પંચ મહાવ્રતધારી એ બીજાને કહે કે એલા તું પરણજે? કઈ અપેક્ષા છે ત્યાં? સમજાણું કાંઈ? મોટા દોષથી બચવા આવો નાનો દોષ છે એટલું સમજાવવા એણે એ વાત કરી છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! અરે! સમકિતીને એ રાગનો રસ છે? પરણવાનો રસ રાગ છે એ તો ઝેર

છે. આહા..હા..! કાળો નાગ દેખે છે. આહા..હા..! શુભરાગ પણ જ્યાં શાંતિને છેદીને ઉત્પન્ન થાય એને અશુભ રાગનો રસ કેમ હોય? અને અશુભરાગનો રસ હોય તો તો એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ફક્ત બે દોષની તારવણીમાં આ દોષ નાનો છે અને ઓલો મોટો છે એમ બતાવવા એ વાત કરી છે. આહા..હા..!

એમાં નથી કહ્યું પહેલા? જ્ઞાની નામ ધરાવીને આચરણ કરે છે એમ આમ વિષય ને વાસના આદિ તો તું જ્ઞાની કેવો? પ્રેમથી કરે છેને આ બધા આચરણ ખોટા? સમજાણું કાંઈ? આહા..હા..! દાખલો આપ્યોને સમયસારમાં. ના પાડી છે. અમારે તો વાંધો નહિ, કારણ કે અમે તો જ્ઞાની છીએ. રુચિથી કરે છે, રસથી કરે છે કે રુચિ વિના? રુચિ તો છે. રુચિ છે ત્યાં ક્યાં તું ગયો? રાગની રુચિ છે, રાગનો રસ છે ત્યાં મિથ્યાદષ્ટિ છે. તારી વાત અહીં છે જ ક્યાં? સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

અર્થ. '**હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.**'

'**શ્લોકાર્થ :—**' '**अस्य आत्मनः**' '**આ આત્માને...**' આ ભગવાન આત્માને. આ આત્માને કીધું પાધરું. પ્રત્યક્ષપણું. આહા..હા..! જેમ આ શરીર, વાણી, મન આ છે આ.. આ.. આ છે. એમ આ આત્માને, આ છે આત્મા, પ્રત્યક્ષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**अस्य आत्मनः**' '**यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम्**' એને '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો)...**' લ્યો! સમજાણું કાંઈ? '**अस्य आत्मनः**' ત્યાં દશ્ય એટલે દેખવું એટલે શ્રદ્ધવું. પાધરુ ઉપાડ્યું છેને. ભગવાન આત્માને '**इह द्रव्यान्तरेभ्यः पृथक्**' એ છ ઢાળામાં પણ આવે છે નહિ? ભલું છે. પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્મામાં રુચિ ભલી જાણે, ભાઈ! છ ઢાળામાં આવે છે. કહે છે કે '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો)...**' રાગના વિકલ્પથી, અરે! એક સમયની પર્યાયથી. આહા..હા..! એ પણ ખરેખર તો અન્ય દ્રવ્ય છે લ્યો! આહા..હા..! એને જુદો એકલો ભગવાન પૂર્ણ સ્વરૂપ એને શ્રદ્ધવો. '**एतत् एव नियमात् सम्यग्दर्शनम्**' દેખો! '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' એ પર્યાય એ સમ્યગ્દર્શન છે એમ કહે છે. એ આત્મા છે. જુઓ, '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' '**एव नियमात् सम्यग्दर्शनम्**' એ સમ્યગ્દર્શનની પર્યાય એ પૂર્ણ ભગવાન આત્માને અંદર માનવો, અનુભવવો, શ્રદ્ધવો એ સમ્યગ્દર્શનની પર્યાય છે. કહો, આ તો પર્યાય છે. સમજાણું કાંઈ?

'**કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.**' કેવો છે ભગવાન? કે ત્રિકાળી ગુણ અને એની પર્યાય નિર્મળ કે મલિન ભલે, એમાં એ વ્યાપનારો છે. .. વસ્તુની સ્થિતિ બતાવે છે. '**પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.**' એ ક્યાંય બીજે રાગમાં શરીરમાં કે કર્મમાં રહ્યો નથી. એ વસ્તુ પોતે એના જે અનંત ગુણો અને એની વર્તમાન

પર્યાય એટલામાં વ્યાપેલો છે, એટલામાં રહેલો છે. હવે સમ્યગ્દર્શન શું એ પછી કહેશે. આ તો એક આત્માની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? તું ક્યાં છો? કેમ છો? કેવડો છો? કે હું એવડો છું કે મારી ચીજ, મારા ગુણ એટલે શક્તિઓ અને એની દશામાં રહેલો છું. એવો આત્મા (છું).

હવે એમાંથી '**शुद्धनयतः एकत्वे नियतस्य**' એમાંથી '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' આવો હોવા છતાં. સમજાણું કાંઈ? શુદ્ધનયથી એકત્વ કરવામાં આવ્યો. રાગમાં વ્યાપ્યો છે, પર્યાયમાં વ્યાપ્યો છતાં એકરૂપ હું ત્રિકાળ છું. '**એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' લ્યો! એકરૂપ છું ત્રિકાળ એમ નિર્ણય કરવામાં આવ્યો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પોતાની પર્યાય .. એની મર્યાદા છોડીને કાંઈ પરમાં ગયો છે? કર્મના ઉદયમાં ગયો છે? શરીરમાં ગયો છે? આહા..હા..! એ તો પોતાનું દ્રવ્ય વસ્તુ એની શક્તિ એટલે ગુણો અને એનું પરિણમન, બસ એટલામાં છે. એમાંથી તારવ્યો શુદ્ધનય. સમજાણું કાંઈ? એને '**शुद्धनयतः एकत्वे नियतस्य**' બસ એકમાં. એકરૂપ ત્રિકાળ છું એવી દૃષ્ટિનો વિષય ભગવાન એકપણામાં નિશ્ચિત કર્યો. લ્યો! આ એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૧, મંગળવાર, તા. ૨૮-૧૨-૧૯૭૧
## શ્લોક-૬, પ્રવચન-૫૩

સમયસાર. જીવ-અજીવ અધિકારનો છઠ્ઠો કળશ છે. નિશ્ચય સમકિતનું સ્વરૂપ. એટલે કે જેવો આત્મા છે વસ્તુ તરીકે એનું પ્રતીતમાં, અનુભવમાં આવવું એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. જેવો આત્મા વસ્તુ અખંડ અભેદ નવ તત્ત્વમાં વ્યાપેલો હોવા છતાં એ પર્યાયમાં જુઓ તો એકલો જ્ઞાયકભાવ જ છે. પરિપૂર્ણ જ્ઞાનભાવ સ્વભાવરૂપ એની અંતરમાં, એનું જ્ઞાન થઈ અને પ્રતીતિ થવી એ પ્રથમ ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ?

'**આ આત્માને...**' '**यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम्**' '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો)...**' '**एतत् एव नियमात् सम्यग्दर्शनम्**' '**તે જ નિયમથી સમ્યગ્દર્શન**

છે.' કહો, સમ્યગ્દર્શન છે (એ) આનંદસહિતની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ એ આખું તત્ત્વ પૂર્ણ વસ્તુ એની સન્મુખ થઈને, પર્યાય અને ભેદથી વિમુખ થઈને એની શ્રદ્ધા અનુભવમાં આવે એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'व्याप्तुः'** **'કેવો છે આત્મા?'** કે આત્મા તો આવો છે કે **'પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપનારો છે.'** વસ્તુ જે છે વસ્તુ ભગવાન આત્મા, વસ્તુ છે એની શક્તિઓ છે, શક્તિ એટલે ગુણો સ્વભાવ. એ પોતાના ગુણમાં અને એની અવસ્થા, પર્યાય, હાલત એમાં એ વ્યાપનારો છે. સમજાણું કાંઈ? **'પોતાના ગુણ-પર્યાયોમાં...'** પોતાના ગુણ-પર્યાય એમ છેને? વ્યાપવું છે. પોતાના ગુણ એટલે જ્ઞાન-દર્શન આદિ કાયમ રહેનારા ભાવો અને એની વર્તમાન થતી અંશ, દશા, પર્યાય એમાં એ વ્યાપે છે, એમાં એ રહેલો છે. કહો, સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન શું એ પછી વાત કરશે. અહીં તો આત્મા આ રીતે છે. એ પોતાના વસ્તુ જે આત્મા પદાર્થ ભલે હો અરૂપી પણ વસ્તુ છેને. એ વસ્તુ પોતાની શક્તિઓ અને એની દશાઓ એમાં રહેલ છે. એ આત્મા નથી કર્મમાં રહેલ, નથી શરીરમાં, નથી પરદેશમાં, સ્ત્રીમાં, કુટુંબ, પરિવારમાં એમાં એ કાંઈ રહેલો નથી આત્મા, એમાં એ વ્યાપ્તો નથી. સમજાણું કાંઈ? **'व्याप्तुः'** એટલો શબ્દ છે. પછી એનો અર્થ કર્યો છે. **'व्याप्तुः'** એટલે શું? **'પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.'** રહેનારો છે.

હવે **'વળી કેવો છે?'** એમાંથી કહે છે કે શુદ્ધનયનો વિષય કેવો છે? એમ. **'शुद्धनयतः एकत्वे नियतस्य'** **'શુદ્ધનયથી...'** અંતર્મુખની દૃષ્ટિથી એને જોતાં. આહા..હા..! અંતર્મુખના જ્ઞાનના શુદ્ધનયથી એને જોતા એ **'એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** એકરૂપે છે. વસ્તુ વસ્તુ સત્ ચૈતન્ય સ્વરૂપ એકરૂપ છે, શુદ્ધનયથી જોઈએ તો. આખો આત્મા જોઈએ તો એ રાગાદિમાં વ્યાપેલ છે, પર્યાયમાં વ્યાપેલ છે. સમજાણું કાંઈ? પણ એને અંતર નયથી જોઈએ તો એ એકરૂપ ચૈતન્ય છે. ભેદરૂપે નથી અને રાગરૂપે પણ નથી. આહા..હા..! આવું કોને આવી.. ... અરે પણ ભાઈ! તું કોણ છો એની તને ખબર વિના તને શાંતિ ક્યાં વળશે? આહા..હા..! જેમાં એ નથી ત્યાં નજરું કરીને એકત્વબુદ્ધિથી તો હેરાન થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે હેરાન થવાની પર્યાયમાં પણ વ્યાપ્યો છે એ, રહેલો છે એ. એ કાંઈ કર્મને લઈને વ્યાપેલો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એને અંતરમાં.. કહે છે કે એ ભલે ગુણ પર્યાયમાં રહેલો હોવા છતાં એને અંતર્મુખની દૃષ્ટિએ જોતાં તે ચૈતન્ય સ્વરૂપ એકપણામાં નિશ્ચય કરવામાં (આવે છે), એ એકરૂપ અભેદ છે એમ નિર્ણય અનુભવમાં કરવામાં આવે છે. આહા..હા..! આવું છે ભારે! સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. નહિ?

**'વળી કેવો છે?'** **'पूर्ण-ज्ञान-घनस्य'** **'પૂર્ણજ્ઞાનઘન છે.'** પૂર્ણજ્ઞાનઘન. ચૈતન્ય સ્વભાવ,

જ્ઞાનભાવ પૂર્ણ જ્ઞાનઘન (છે). ઘન નામ પિંડ છે. સમજાણું કાંઈ? જેમાં શરીરાદિ, વાણી આદિ કર્મનો તો પ્રવેશ નથી અને જેમાં વિકલ્પ દયા, દાન, વ્રતાદિનો પણ પ્રવેશ નથી. એ તો નથી, પણ જેમાં એક સમયની પર્યાયનો પણ પ્રવેશ અંદરમાં નથી. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યું હતું કે વ્યવહાર અસત્યાર્થ છે. અને દ્રવ્યમાં પર્યાય નથી માટે અસત્યાર્થ છે એમ નહિ. બીજી વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ જે છે અને એમાં ગુણો છે, શક્તિ. વસ્તુ છે એ તો સ્વભાવવાન તત્ત્વ કહ્યું. પણ એનો કોઈ સ્વભાવ કાયમી, કાયમી નિત્ય હોય કે નહિ? એ કાયમી સ્વભાવને અહીં ગુણ કહે છે અને તેનું વર્તમાન પરિણમવું એને અહીંયાં પર્યાય અવસ્થા કહે છે. સમજાણું કાંઈ?

૧૧મામાં જે કહ્યું હતું ત્યાં તો એ અવસ્થા જે એનામાં છે એ ત્રિકાળી સત્યના આશ્રયમાં જતાં એ લક્ષમાં એ ભેદ રહેતો નથી. પર્યાય છે એ હોં! આમાં નથી એમ નહિ. એથી એને એમ કહ્યું હતું. વસ્તુ જે સત્ય ત્રિકાળી છે એની અપેક્ષાએ તેમાં લક્ષ કરવા માટે પોતાની ચીજને પ્રાપ્ત કરવા માટે દ્રવ્ય તે સત્યાર્થ છે અને પર્યાય તે અસત્યાર્થ છે. કારણ કે તેનું અસ્તિત્વ હોવા છતાં તેનું લક્ષ કરવા જેવું નથી. લક્ષ તો છે એમાં અનાદિથી. આહા..! એથી એની વર્તમાન દશા જે છે એને ગૌણ કરીને પર્યાય પર્યાય પોતે નથી, આ ગૌણ કરીને સ્વના મુખ્યપણાને કારણે. અહીં બીજી વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો પૂર્ણ જ્ઞાનઘન છે. પોતે પૂર્ણ જ્ઞાનનો પિંડ છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાનઘન. શિયાળાનું ઘી હોયને. અત્યારે તો ઘીમાં પણ ઓલા થઈ ગયા છે, શું કહેવાય? વેજીટેબલ. આવા બધા કંઈક થયા. પહેલાના જે હતા ઘી શિયાળામાં, આંગળી પેસે નહિ અંદર. તાવેથો તો માંડ માંડ પેસે. તાવેથો સમજો છો? ખુરપો. ખુરપો હોય છેને લોઢાનો. એવું ઘી. એમાં તાવેથાનો પ્રવેશ ન હોય, આંગળીનો તો ન હોય પણ તાવેથાનો પ્રવેશ ન હોય. વળી જાય એકવાર તો ભાઈ. એવું એ ઘન છે. એમ આ જ્ઞાનઘન પ્રભુ છે. વસ્તુ છેને જ્ઞાનભાવરૂપ, સ્વભાવભાવરૂપ ઘન, જેમાં રાગ ને પુણ્ય ને સંસારનો પ્રવેશ નથી, પણ એની વર્તમાન દશાનો પણ જેમાં પ્રવેશ નથી. સમજાણું કાંઈ? આવી વાત ક્યાં હતી? ઓલો તો એમ કહે, દેશસેવા કરવી, જુઓ ભાઈ આમ કરવું. ઝટ સમજાય. રાત્રે તો કીધુંને દાખલો પ્રવચનસારનો આપ્યો હતો. ... પણ એનો સાર શું? બાપુ! એ વાતું કરે છે. એ કાંઈ વસ્તુસ્થિતિ છે એ જ્યાં સુધી હાથ ન આવે અને એની વાતમાં એને રુચિ ન થાય ત્યાં સુધી એ રખડ્યા કરે છે. શાસ્ત્ર જાણપણા કર્યા હોય તોપણ શું? જગતને સમજાવતા આવડ્યું તોપણ શું? એની સાથે શું સંબંધ છે? આહા..હા..!

કહે છે, એ '**પૂર્ણજ્ઞાનઘન છે.**' ઘન નામ પિંડ છે. છેને? '**पूर्ण-ज्ञान-घनस्य**' શબ્દ છે. ઘન-ઘન નિવડ. સમજાણું કાંઈ? આ કાળા પથરા હોયને કાળમીંઢ એમાં કુંચી ન ગરે.

૫૦-૫૦ હાથના ... ત્યાં ચુંક નાખે ચુંક. કાળા પત્થર હોય એમાં ચુંક પણ ન ગરે. એવી રજકણની એકતાનું દળ એવું છે. આ તો જુદાં જુદાં રજકણ છતાં એવું દળ. આ તો એક જ વસ્તુ ભગવાન પોતે ચૈતન્યઘન વજ્રબિંબ જેવી ચીજ છે. એમાં કહે છે કે સંસાર-રાગાદિ પરનો પ્રવેશ છે નહિ.

'વળી...' 'तावान् अयं आत्मा' '**જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' લ્યો, આ તો પર્યાય આવી. '**જેટલું સમ્યગ્દર્શન...**' આખી ચીજ છે એનું જ્ઞાન કરીને પ્રતીત થઈ એ આખા પરિણામ એ જીવના-આત્માના છે. એનો પરિણામ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. આહા..હા..! શું છે આ તે? સમજાણું કાંઈ? જુઓ! આ સુંવાળી છે કે નહિ? એ આખામાં વ્યાપી છે કે નહિ? આ તો અવસ્થા છે ધોળી, સુંવાળી. ભલે ટકતી એક સમયવાળી. સમ્યગ્દર્શન પર્યાયનો કાળ એક સમય, કાળ એક સમય પણ વ્યાપક આખા આત્મા ઉપર. પ્રસર્યો આખા આત્મામાં આમ છે. સમજાણું કાંઈ? વસ્તુ છે આખી ઘન એવી એનું ભાન થઈને પ્રતીત (થાય), અનુભવ થઈને પ્રતીત થઈ એ પ્રતીત એ સમ્યગ્દર્શન આનંદ આદિ અનંત ગુણની પર્યાયને અંકુરા ફૂટતા આ પર્યાય પ્રગટ થઈ. એ પર્યાયનો કાળ એક સમય છે, પણ એનું ક્ષેત્ર આખા આત્મામાં વ્યાપેલું રહેલું છે. સમજાણું કાંઈ? અને જે ગુણ છે એના ત્રિકાળી, એ તો એના આખા ક્ષેત્રમાં વ્યાપ્યા છે અને આખા ત્રણે કાળ વ્યાપેલા છે એ તો. કહો, સમજાણું કાંઈ? કોને પણ..? આ ભારે ઝીણું પડે લ્યો! એ કરતા ભાઈ આ સેવા કરવી, દાન કરવું લ્યો! એક કરોડ રૂપિયા હોય તો પાંચ લાખ, દસ લાખ દઈ દેવા. એટલા બધા દે નહિ, પણ કદાચ કોઈ એવો પ્રસંગ આવે તો દઈ દે. પાપ બહુ કર્યા છે અને પુણ્ય મારા બળી ગયા છે થોડા હવે (આપી દઈએ). એ તો ઝટ સમજાય લ્યો! પણ શું એમાં સમજવું હતું? એમાં રાગ મંદતા હોય તો પુણ્ય થાય. એ કાંઈ પૈસા દીધા-લીધા લેવાય નહિ, દઈ શકાય નહિ, લઈ શકાય નહિ. એ તો તારી માન્યતા (કે) મારા પૈસા હું આપું, એ તો મિથ્યા ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન છે આ. પરિપૂર્ણ ભગવાન હું છું. વસ્તુ હોય એ અપૂર્ણ કેમ હોય? વસ્તુ હોય એ વિકારી, વિપરીત કેમ હોય? અને વસ્તુ હોય એ એક સમયમાં રહે એમ કેમ હોય? સમજાણું કાંઈ? એવી ચીજની અંતરમાં નિર્વિકલ્પ, રાગની બુદ્ધિ એકતાની તોડી એ તુટી જાય. આમ એકતા થાય એટલે ઓલી બુદ્ધિ તુટી જાય. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં એકત્વ થતા જે સમ્યગ્દર્શન પ્રગટ થાય એ '**જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' લ્યો, આ તો આમ કહ્યું. ક્ષેત્રથી આખો એટલો છે ઈ. પરિણામ અને પરિણામી કાંઈ જુદા નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની પર્યાય સુખની, શાંતિની, શ્રદ્ધાની પ્રગટી, એ પ્રગટી એ આખા આત્મા

ઉપર છે કે નહિ? એ કાંઈ અડધામાં છે અને પામાં છે અને એક સમયની છે માટે આખામાં નથી એમ છે? કહો, પંડિતજી! આહા..હા..! કહે છે કે એ પર્યાય જેટલો જ આત્મા છે. કારણ કે એના પરિણામ એના છે. સમજાણું કાંઈ? આવી વાત.

**'આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે'** **'इमाम् नव-तत्त्व-सन्ततिं मुक्त्वा'** **'આ નવ તત્ત્વની પરિપાટીને છોડી,...'** નવ તત્ત્વની સંતતિ, એની પરિપાટી. આ જીવ છે અને આ અજીવ છે અને આ સંવર છે, આ આસ્રવ છે એવો પ્રકાર, એના ભેદને છોડી દઈને. **'अयम् आत्मा एकः अस्तु नः'** અરે! આ આત્મા. **'अयम्'** છેને? આ. **'આ આત્મા...'** વસ્તુ અખંડ અભેદ એ આત્મા **'એક જ અમને...'** **'एकः अस्तु नः'** એટલે અમને. **'नः'** **'અમને...'** અમને આ એક આત્મા હો. સમજાણું કાંઈ? અમારે નવ સંતતિની પરિપાટીની જરૂર નથી. એ પર્યાયને ગૌણ કરીને આ અમને એક હો, એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વના પર્યાય જોવે તો નવે નવ પ્રકાર છે. પણ એના ભેદને છોડી દઈને એકરૂપ અમને આત્મા પ્રાપ્ત થાઓ. ઉપદેશના વાક્ય છેને. એકરૂપ પ્રાપ્ત છે જ. સમજાણું કાંઈ?

**'આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.'** જુદા જુદા નવ ભેદરૂપ અમારે એનું કામ નથી. (ઈ) છે ખરું, પણ અમારો આત્મા એક .. છે એ અમને એમને એમ પ્રાપ્ત હો. પ્રાપ્ત નામ પૂર્ણપણે પ્રાપ્ત હો. એકરૂપ પર્યાયના ભેદથી ભિન્ન આત્માની પ્રાર્થના કરી. સમજાણું? નીચે કહેશે, એકલો નિશ્ચયનયનો વિષય જ પ્રાપ્ત કર્યો તો પર્યાય રહી જાય છેને? એનું લક્ષ છોડીને કર્યું છે, પણ લક્ષમાં છે પેલું ખ્યાલમાં કે નવ ભેદ છે. એ નવ ભેદ જ નથી અને એકલો જ આત્મા (છે એમ માને તો) એકાંત મિથ્યાત્વ થઈ જાય છે. સમજાણું કાંઈ? નીચે કહેશે. વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી. એક નયનો એ પક્ષ નથી. અભેદ સ્વરૂપ મારું છે એ રીતે અમને પ્રાપ્ત હો વીતરાગ. ભાવાર્થ. આ તો અધ્યાત્મની વાત છે, બાપુ! .. કાંઈ નથી. ..ને આ રીતે સમજ્યા વિના બીજો કોઈ પ્રકાર જ નથી.

મુમુક્ષુ :- એટલે?

ઉત્તર :- એટલે કે બીજું આ કરવું, આ કરો તો થાય એવી રીત આમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કે ભાઈ આમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, ભક્તિ કરો, જાત્રા કરો, વ્રત પાળો, અપવાસ કરો તો એમાંથી આવું જ્ઞાન થાય. એની રીત છે નહિ. અહીં તો એના નવ ભેદમાંથી નીકળી જાવું છે ત્યાં વળી આ ક્યાં રહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભાવાર્થ :- સર્વ સ્વાભાવિક અને નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો...'** વ્યાખ્યા કરી. પહેલી કીધી હતીને. ભગવાન આત્મા પોતાના સ્વભાવિક ગુણો

અને સ્વભાવિક પર્યાય. અસ્તિ આદિની સ્વભાવિક પર્યાય છેને? અને '**નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ...**' જેમાં સર્વનું નિમિત્ત છે અને આત્મામાં થતી પુણ્ય-પાપની વિકારી અવસ્થા એને નૈમિત્તિક કહેવામાં આવે છે. નિમિત્તના સંબંધમાં થતી તેને નૈમિત્તિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સર્વ સ્વભાવિક...**' ગુણ અને પર્યાય '**અને નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો આ આત્મા...**' એટલી વ્યાખ્યા કરી, ભાઈ! એનું હોવાપણું એના ત્રિકાળી સ્વભાવિક ગુણો એટલે કાયમના રહેનારા ભાવો અને વર્તમાન અવસ્થા સ્વભાવિક કે વિભાવિક, કર્મના સંગથી થયેલો ઉપાધિભાવ એમાં એ આત્મા છે. બસ, એનું અસ્તિત્વ એટલામાં છે. એની સીમા, એની મર્યાદા એટલામાં છે. સમજાણું કાંઈ?

'**આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો—**' આવો હોવા છતાં ત્રિકાળી એકરૂપ વસ્તુને દૃષ્ટિ દ્વારા, શુદ્ધનય દ્વારા એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો, નિર્ણય કરવામાં (આવ્યો કે) આ એકરૂપ વસ્તુ તે હું છું. ભેદો પર્યાયના અને વિકારના કે આ ગુણીના ગુણ એવા ભેદોને દૃષ્ટિમાંથી છોડી દઈ એકરૂપ નિશ્ચિત કરવામાં આવ્યો. લ્યો, આ સમ્યગ્દર્શન પ્રાપ્તિની વિધિ અને રીત. સમજાણું કાંઈ? '**આ આત્મા શુદ્ધનયથી...**' એટલે ત્રિકાળી એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી '**એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો— શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' ખુલાસો કરે છે. અંતર જ્ઞાનના... જે જ્ઞાનનો ભાગ પૂર્ણને પકડે છે એવા શુદ્ધનયથી એકલા જ્ઞાયકમાત્ર. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... ચૈતન્યસૂર્ય એવો '**જ્ઞાયકમાત્ર એક-આકાર...**' ભેદ પણ નહિ. જ્ઞાયકમાત્ર એકસ્વરૂપ આકાર એટલે. સમજાણું કાંઈ? '**જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' એટલે કે કહેવામાં આવ્યો કે આ આત્મા.

'**તેને...**' એવા આત્માનો વિશ્વાસ અને પ્રતીત કરનારને આવો આત્મા પૂર્ણ એકરૂપ છે એને સ્વીકાર કરનારને શું થાય? કે '**સર્વ અન્યદ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો,...**' કર્મ, શરીર આદિથી જુદો અને કર્મના નિમિત્તે થતા વિકાર આદિ ભાવથી પણ જુદો. અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવથી તો જુદો, પણ એ વિકારભાવ પણ અન્ય ભાવે એક ન્યાયે છે. '**અન્ય દ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો,...**' એટલે કે '**શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે.**' આવા પૂર્ણાનંદ પ્રભુ સત્ સાહેબને સ્વીકારનાર એ સાચો થયો છે. સમજાય છે કાંઈ? આવો સ્વીકાર નહોતો ત્યાં સુધી જૂઠો હતો. હું બાયડી-છોકરાવાળો છું, હું કર્મવાળો છું ને રાગવાળો છું. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય જેટલો છે. એ ત્યાં સુધી એ જૂઠો હતો. જૂઠાનો સ્વીકાર કરનાર હતો. સમજાણું કાંઈ? એ એકરૂપે એને શ્રદ્ધવો પરથી ભિન્ન તે નિશ્ચયથી. નિયમથી એટલે નિશ્ચયથી ચોક્કસ-યથાર્થ તે સમ્યગ્દર્શન છે. એનું નામ સમ્યક્ નામ પ્રશંસનીય દર્શન છે, પ્રશંસનીય શ્રદ્ધા કહેવામાં આવે છે. આહા..હા..!

આ સૂઝ પડે નહિ અને પછી બહારમાં સૂઝ પડે તો દોરાઈ જાય એમાં. સૂઝ પડવા જેવી ચીજ એની સૂઝ પડે નહિ. આહા..હા..!

'વ્યવહારનય...' હવે એનાથી વિરુદ્ધ **'આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...'** આત્માને રાગવાળો, પર્યાયવાળો, ભેદવાળો એમ કહી, ભેદરૂપ કહી, ઓલાને એકરૂપ અભેદ છે, આને ભેદરૂપ કહી **'સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...'** દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા કરવી વગેરે વગેરેને વ્યવહારનય એને સમ્યગ્દર્શન કહે છે. **'ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે,...'** ત્યાં સમ્યગ્દર્શન હોતું નથી, થતું નથી યથાર્થ. આહા..હા..! એવા... શું કીધું? **'વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી...'** એને સમ્યગ્દર્શન કહે છે. **'સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...'** એમ. સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે. આ માનવું ને આ માનવું ને આ માનવું ને આ માનવું. એ તો કહે છે દોષ આવે છે એમાં. એકરૂપતાની નિર્દોષ દશા થતી નથી. સમજાણું કાંઈ?

**'નિયમ રહેતો નથી.'** નિશ્ચય યથાર્થ જે જોઈએ તે એમાં આવતું નથી. સમજાણું કાંઈ? આ જ સમ્યગ્દર્શન નિયમથી એવું વ્યવહારમાં આવતું નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધો તો સમકિત, નવ તત્ત્વોને ભેદવાળા શ્રદ્ધો તો સમકિત, છ દ્રવ્યને માનો તો સમકિત. પંડિતજી! એ સમકિત નથી. સમજાણું કાંઈ? એ તો રાગ છે. રાગને સમકિત માનવું એ તો વ્યભિચાર છે. આહા..હા..! **'નિયમ રહેતો નથી.'** નિયમ એટલે? એકરૂપ નિશ્ચય છે એ ત્યાં રહેતું નથી. અનેક ભેદે કરીને અનેક નિશ્ચય સમ્યગ્દર્શન બતાવે છે. આહા..હા..! **'શુદ્ધનયની હદે પહોંચતા...'** પણ ભગવાન પૂર્ણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિએ જતાં એને સમ્યગ્દર્શન થાય ત્યાં વ્યભિચાર રહેતો નથી. પરની સાથે સંબંધ રહેતો નથી. ભેદનો, રાગનો, નિમિત્તનો ત્યાં સંબંધ રહેતો નથી અને નિમિત્ત અને ભેદનો સંબંધ રહે અને એને સમકિત માનવું એ વ્યભિચાર છે. આહા..હા..! શું કહે છે?

એકરૂપ સ્વભાવને અંતરમાં જાણવો, માનવો એ નિયમથી સમ્યગ્દર્શન છે અને એકરૂપમાંથી ખસીને અનેકને ભેદરૂપે માનવો અને ભેદરૂપે અને એને સમ્યગ્દર્શન કહેવું એ બધો વ્યભિચાર છે. .. ફરે એવો વિચાર છે તો આ વ્યભિચાર આવ્યો. બુદ્ધિ શાસ્ત્રમાં ફરે શાસ્ત્રમાં એ બુદ્ધિને વ્યભિચારિણી કીધી છે. પરદ્રવ્યની સાથે સંબંધ કરે છેને. સમજાણું કાંઈ? અહીં કહે છે કે અનેકપણાને માનવું અને સમ્યગ્દર્શનના અનેક ભેદો કહેવા. આવે છેને આજ્ઞારૂપી ફલાણા ફલાણા એ બધો દોષ આવે છે. કારણ કે એમાં વાસ્તવિકતા હોતી નથી.

**'તેથી નિયમરૂપ છે.'** યથાર્થરૂપ તે નિશ્ચય છે. વસ્તુ ભગવાન પૂર્ણ સ્વરૂપ આનંદનું દળ, ચૈતન્યનો પિંડ એના ઉપર જઈને દૃષ્ટિ કરતાં, સમ્યગ્દર્શનનો નિયમ છે, એ નિશ્ચયથી સમ્યગ્દર્શન એ છે, ત્યાં વ્યભિચાર ને વિપરીતતા અને પરનો સંબંધ રહેતો નથી. સંબંધ

પરનો થાય તે વ્યભિચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એમાંથી એમ કાઢે છે કે ... ઊંચો ન લેવો. એટલે અમે આ વાત લઈએ છીએ એમ. પણ તને બેઠું છે કે નહિ પહેલું એ તો કહે? આહા..હા..!

અહીં તો કહે છે કે '**કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા?**' જુઓ! અહીં તો નય અને વિષય બે જુદા પાડ્યા છેને? સમજાવવું છેને નયથી. શુદ્ધનયનો વિષય ધ્યેય આત્મા '**પૂર્ણજ્ઞાનઘન છે—સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે**' શું કીધું? હરિભાઈ! ક્યાં ગયા હરિભાઈ? લોકાલોકને જાણનાર પહેલો તો જાણે લોકાલોકને. ભાઈ! એને ખબર છે. એના પિતાજી એમ કહેતા કે પહેલું સમ્યગ્દર્શન થાય તો લોકાલોકનું જ્ઞાન પહેલું થઈ જાય. આ શબ્દ છે ખરોને એટલે ત્યાંથી પકડે. અહીં તો એનો સ્વભાવ લોકાલોકને જાણનારો ત્રિકાળ છે એમ વાત કરવી છે. લોકાલોકને જાણીને એકવાર અને પછી એને સમ્યગ્દર્શન થાય એમ વાત અહીં ક્યાં છે? લોકાલોકને જાણનારનો સ્વભાવ પોતાનો છે આત્માનો. એનો અનુભવ પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય. પહેલા લોકાલોકનું જ્ઞાન થઈ જાય અંદરમાં પર્યાયમાં. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. એમ નથી આ. સમજાણું કાંઈ? આહા..હા..! અનેક પ્રકાર છેને જગતના જીવોને. વાસ્તવિક તત્ત્વથી ખસીને ભેદમાં ઊભું રહેવું એવા અનેક ભેદભંગના કથન છે. આહા..હા..!

આ વસ્તુ, કહે છે '**પૂર્ણજ્ઞાનઘન છે—સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.**' ક્યું? ત્રિકાળી. એકલો જ્ઞાન લોકાલોકને જાણવું એવો એનો સ્વભાવ છે. કોઈનું કરવું અને કોઈથી લેવું અને કોઈને દેવું એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! એમ કહે છે આ કહ્યું ત્યારે. લોકાલોક છે ત્રણકાળ, ત્રણલોક, ક્ષેત્ર અને કાળ જાણે છે. એનું સ્વરૂપ જ એને જાણવાનું છે. ઓલા કહેને ભાઈ આ દુનિયાને કરી ઈશ્વરે અને પછી સર્વજ્ઞ થયા. એમ નથી. એ તો લોકાલોકને જાણવાનો, લોકાલોક પણ છે અને આત્મામાં એને જાણવાનો સ્વભાવ પણ છે. એવડું જ્ઞાન છે એમ સિદ્ધ કરે છે અહીં.

'**પૂર્ણજ્ઞાનઘન છે—સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.**' સર્વ લોક-અલોકને જાણનાર. લોક એટલે ચૌદ બ્રહ્માંડ આ અને અજગત. આ જગત અને અજગત એટલે અલોક. આહા..હા..! એવા લોક અને અલોક, જેમાં લોક્યંતિ છ દ્રવ્ય છે એવા ક્ષેત્રને લોક કહીએ, જે ખાલી આકાશ છે એને (અલોક કહીએ). બેયને જાણનારો સ્વભાવ છે. ત્રિકાળી એનું સ્વરૂપ છે એ તો. સમજાણું કાંઈ? '**એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.**' લ્યો! પૂર્ણ જ્ઞાનઘનની વ્યાખ્યા કરી લીટી કરીને. પૂર્ણ જ્ઞાનઘન એટલે શું? એમ. કે સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ એમ. '**એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.**' આવો આત્મા લોકાલોકને જાણનાર જ્ઞાનઘન એને માનવો, એના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.

'**તે કાંઈ જુદો પદાર્થ નથી—**' હવે પર્યાય અને દ્રવ્ય એક ઠરાવે છે. સમ્યગ્દર્શનના પરિણામ જુદા અને આત્મા જુદો એમ છે નહિ. '**તે કાંઈ જુદો પદાર્થ નથી—આત્માના જ પરિણામ છે,...**' લ્યો, આ તો આત્માના પરિણામ કહ્યા સમ્યગ્દર્શનને. ગુણ છેને ગુણ. સમ્યગ્દર્શન ગુણ છે. આ વાંધા જગતના. એ '**આત્માના જ પરિણામ છે,...**' પરિણામ છે. સમ્યગ્દર્શન પરિણામ છે. પરિણામ એટલે? છોકરા ભણે અને પરિણામ આવે ઈ? પરિણામ એટલે વર્તમાન દશા. ત્રિકાળી ભગવાન આત્માની વર્તમાન દશા એ એના પરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! પરિણામ કહો કે પર્યાય કહો. '**તેથી આત્મા જ છે.**' લ્યો! એ આત્માના જ પરિણામ છે, આત્માના જ પરિણામ છે. લ્યો હવે તો. એ આત્માની જ પર્યાય છે. ઠીક! હવે એ પર્યાય અને દ્રવ્ય જુદાં. એ કઈ અપેક્ષાએ વાત? આ કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ પરિણામ આત્માના છે. '**તેથી આત્મા જ છે.**' કહો, આત્માના જ પરિણામ છે. પર્યાય એની છે, કાંઈ પરની નથી.

'**આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે.**' એમ. આત્માના સમ્યગ્દર્શન પર્યાય એની હોવાથી તે આત્મા છે. '**માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે,...**' માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે '**અન્ય નથી.**' કહો, હીરાભાઈ! આ દ્રવ્યમાં પર્યાય નથી, દ્રવ્યમાં.. પર્યાયનું નામ ન લેવું. ચેતનજી! ઓલું બહારથી તો ... કીધું એમાંથી ગમે તે એક ... પણ છે એમ સમજવું જોઈએને. સમજાણું? એ તો પર્યાયનું સ્વરૂપનું અસ્તિત્વ ભિન્ન છે અને આનું અસ્તિત્વ ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે. અહીં તો એ પરિણામ એના છે. દ્રવ્યના પરિણામ છે, બીજા દ્રવ્યના અને બીજા પદાર્થના નથી એમ કહેવું છે.

પંચાસ્તિકાયમાં પણ એમ આવે છેને. પર્યાય વિજુત્તં દ્રવ્યમ્. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાની પર્યાય ન હોય, લ્યો! પરથી જુદું પાડીને એના પરિણામ એના છે એમ સિદ્ધ કરવું હોય ત્યારે શું થાય? સમજાણું કાંઈ? પર્યાય વિજુત્તં દ્રવ્યમ્. પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ એકલું. વિશેષ વિનાનું સામાન્ય એકલું હોય નહિ અને સામાન્ય વિશેષ વિનાનું નહિ અને વિશેષ સામાન્ય વિનાનું નહિ. એ સામાન્યના જ પરિણામ વિશેષ છે. આત્મા ... સમજાણું કાંઈ? જે અપેક્ષાએ કહ્યું છે એ અપેક્ષાએ એને જાણવું જોઈએને. સમજાણું કાંઈ? '**માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.**' એ પરિણામ કાંઈ અન્યના, અનેરામાં, અન્યમાં રહ્યા છે એમ નથી.

'**અહીં વિશેષ એટલું જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' જાણવાની વાત .. '**અહીં વિશેષ એટલું જાણવું...**' એટલે શું કહે છે? કે આત્મા વસ્તુ છે આખી અને એની પર્યાય છે—અવસ્થા, એનું જ્ઞાન આખાનું કરે એને શ્રુતપ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. શું કીધું? '**કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' હવે શ્રુતપ્રમાણ એટલે શું? આત્મા

ધ્રુવ વસ્તુ અને એની પર્યાય, અવસ્થા બેને જાણવાનું જે જ્ઞાન એને અહીં પ્રમાણજ્ઞાન, શ્રુતપ્રમાણ પાછું. પ્રમાણ તો બીજું પણ છે. અહીં તો નય લેવી છેને એટલે શ્રુતપ્રમાણનો અંશ છે એમ. કેવળજ્ઞાન અને મતિજ્ઞાનની અહીં વાત છે નહિ. હોય નહિ. સમજાણું કાંઈ? **'અહીં વિશેષ એટલું જાણવું કે...'** નય એટલે જ્ઞાનનો જે અંશ છે એ અંશી એવું શ્રુતપ્રમાણજ્ઞાન, દ્રવ્ય એટલે કાયમી ચીજ અને પર્યાય એટલે વર્તમાન દશા, બેને એક સાથે જાણતું જ્ઞાન એને પ્રમાણજ્ઞાન, શ્રુતપ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. અર્થ પ્રમાણ ન લીધું, શ્રુતપ્રમાણ લીધું અહીં. એનો અંશ નય છેને. ભારે વાતું ભાઈ! સ્પષ્ટ કરે છે. હેતુ બીજો છે અંદર. હજી પૂર્ણ જાણ્યું નથી. પૂર્ણ તો નીચે જાણવામાં આવે નહિ પ્રત્યક્ષ. છતાં એને શ્રદ્ધવું પૂર્ણને એ સમ્યગ્દર્શનને શી રીતે એ સિદ્ધ કરવા માટે આ વાત છે. સમજાણું કાંઈ?

**'અહીં વિશેષ એટલું જાણવું કે...'** શુદ્ધનય પણ એક અંશ છે અને પર્યાયને જાણનારો વ્યવહારનય પણ એક અંશ છે. એ અંશ કોનો? કે બેને જાણનારું એવું જે સમ્યક્ શ્રુતજ્ઞાન એનો એ ભાગ છે. આહા..હા..! **'તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.'** શુદ્ધનય કહેવી છેને, અહીંયાં હવે સિદ્ધ કરવી છે. **'તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.'** કારણ કે નય અંશને વિષય કરે. નય આખાનો વિષય કરે તો એ પ્રમાણ થઈ જાય છે. ભલે ત્રિકાળી ધ્રુવ પણ છે એક અંશ. સમજાણું કાંઈ? પર્યાયનો અંશ છે અને આ ત્રિકાળી અંશ છે. બેય પણ અંશ છે. નયનો વિષય જ અંશ છે. ચાહે તો શુદ્ધ નિશ્ચય હો, નિશ્ચયનય હો. સમજાણું કાંઈ? **'શુદ્ધનય પણ...'** એમ. જ્યારે સમુચ્ચય કહ્યું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તો પછી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે...'** શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે. કારણ કે તેમાં પ્રત્યક્ષ જણાતા નથી. વેદવામાં આવે અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષ એ જુદી વાત છે. શ્રુતજ્ઞાનમાં આખો આત્મા અસંખ્ય પ્રદેશ, અનંત ગુણ પ્રત્યક્ષ થતો નથી. પંડિતજી! આહા..હા..! **'શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...'** જુઓ! કેમ કે આત્મા પૂર્ણ અનંત ગુણ અને અનંતી પર્યાય અને જ્ઞાનઘન અને એ બધું સર્વજ્ઞે આગમના વચનથી ખ્યાલમાં આવી છે. એ તો નિમિત્તથી છે, પણ એને ખ્યાલમાં એમ આવી છે. આ ચીજ છે એમ પ્રત્યક્ષ ક્યાં થઈ છે એને? સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાનને સ્વના અનુભવકાળમાં જે પ્રત્યક્ષ કહ્યું છે એ તો પ્રત્યક્ષ વેદનની અપેક્ષાએ કહ્યું છે. અહીં તો જાણવાની અપેક્ષાએ એ પરોક્ષ છે. પંડિતજી! ભાઈ! આ તો સ્વાધ્યાય અને અભ્યાસ જોઈએ. એમ અભ્યાસ વિના ઝટ પકડાય એવું નથી. એણે અનંતકાળમાં એ અભ્યાસ વાસ્તવિક તત્ત્વનો કર્યો નથીને એટલે આ બધી જાણે ઓહો..હો..! આવું બધું ક્યારે

કરવું? જિંદગી ચાલી જાય છે ... અમારે તો આ કરવું કે આ કરવું? શું કરવું છે તારે? સાચું કરવું હોય તો આ સમજવું પડશે. ખોટું તો કરી રહ્યો છે, વિકલ્પ ને રાગ ને દ્વેષ. સમજાણું કાંઈ?

**'વસ્તુને સર્વજ્ઞનાં...'** વસ્તુને કીધી છે અહીં. આખો આત્મા જે છે પૂર્ણ એને તો **'સર્વજ્ઞનાં આગમનાં વચનથી...'** સર્વજ્ઞે પ્રત્યક્ષ જોયો છે આત્મા એના વાણીથી તે આ જાણે છે. જાણે છે પોતાના જ્ઞાનથી, પણ એમાં વાણીનું નિમિત્ત છે. **'તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...'** સર્વ દ્રવ્યથી, સર્વ બીજી ચીજથી જુદા **'આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...'** આત્માની બધી પર્યાયોમાં રહેલો. **'પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ—'** કહો, સમજાણું? પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ. એનો અર્થ કર્યો, માથે કર્યો હતો એમ. **'સર્વ લોકાલોકને જાણનાર,...'** સ્વભાવ એનો હોં. સમજાણું કાંઈ? **'સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યદ્રવ્યને પરોક્ષ દેખાડે છે.'** અસાધારણ એક જ ચૈતન્યભાવ છે કે જેવો એ ભાવ બીજો છે નહિ એવો અસાધારણ. સાધારણ એટલે વહેંચાયેલો નહિ, બીજો પણ એવો છે એમ નહિ. એ અસાધારણ જ્ઞાન ચૈતન્ય ધર્મ, ચૈતન્ય ગુણ. એવા **'ચૈતન્યદ્રવ્યને પરોક્ષ દેખાડે છે.'** નીચે શુદ્ધનયમાં આ આત્મા પૂર્ણ છે એમ પરોક્ષ પ્રતીતમાં આવે છે. આ તો ઘણા ઘણા પ્રશ્ન ઉઠ્યા આમાં તો. એક કોર મતિ-શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહેવું, એક કોર મતિ-શ્રુતને પરોક્ષ કહેવું, એને ને એને પરોક્ષ કહેવું એ કઈ અપેક્ષાથી છે? જ્ઞાન પોતાનો અનુભવ કરે મતિ-શ્રુત ત્યારે એને રાગ અને નિમિત્તની અપેક્ષા નથી. એ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહ્યું. પણ એ આખી ચીજ આ છે અસંખ્ય પ્રદેશી, અનંત ગુણ અને આ જ્ઞાન.. આ જ્ઞાન... આ જ્ઞાન... પૂર્ણ એમાં એ દેખવામાં આવતું નથી. ભગવાને કહેલું છે એથી એના જ્ઞાનમાં એ વાત બેઠી. ઓહો..! આ આત્મા પૂર્ણજ્ઞાનઘન છે.

**'પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ...'** દેખો! **'આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી,...'** સર્વજ્ઞ પરમાત્મા છે અને એમની વાણી છે એ આગમ છે. આટલું તો એણે પહેલું નક્કી કરવું જોઈએ. આહા..હા..! કારણ કે જ્ઞાનસ્વભાવ છે તો એનો પૂર્ણ સ્વભાવ જેને પ્રગટ થયો છે અને એણે જે જોયું અને જે વાણી આવી એ આગમને અનુસારે છદ્મસ્થ જ્યાં સુધી અંતરમાં પહોંચ્યો નથી ત્યાં સુધી એ જાણે છે. **'આ વ્યવહારી છદ્મસ્થ જીવ...'** છદ્મસ્થ એટલે જે આવરણમાં સ્થ—જ્યાં સુધી આવરણમાં રહેલો આત્મા છે એવો વ્યવહારી છદ્મસ્થ. એમ. આગમને, સર્વજ્ઞ ભગવાનના કહેલા આગમોને પ્રમાણ કરી **'શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે...'** છે. આમ તો શુદ્ધનય ત્યારે કહેવાય કે એ અનુભવ અને પરિણતિ કરે ત્યારે. પણ એણે દેખાડ્યું છેને? એમ કહેવું છેને એટલે. **'શુદ્ધનયે દર્શાવેલા...'** એટલે જે જ્ઞાનના અંશે આખો આત્મા દેખાડ્યો એવા

**'પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે.'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, જાવ તમારે સમ્યગ્દર્શન. હવે વ્રત લ્યો, ચારિત્ર લ્યો બસ જાવ. સમજાણું કાંઈ? બધા ધર્મ સરખા, બધા દેવ-ગુરુ-શાસ્ત્ર સરખા, એને માનો એ તમારો સમભાવ અને એ સમભાવ એ સમકિત. એમ નથી.

સર્વજ્ઞે જોયેલો જાણેલો આત્મા અને એમણે કહેલા આગમો એને અનુસારે પોતાનું થતું જ્ઞાન અને એ જ્ઞાનમાં પૂર્ણ આત્મા છે એમ શુદ્ધનયને અનુસારે માનીને તેને શ્રદ્ધાન કરે છે. સમજાણું કાંઈ? **'તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે.'** લ્યો! આહા..હા..! ઓલામાં આવે છેને? બારમા ગુણસ્થાન સુધી શ્રુતજ્ઞાનનું આલંબન છે. ત્યાં આવે છે. ઈ આ અપેક્ષાએ. જોયું નથીને પ્રત્યક્ષ એટલે એને પરોક્ષ છે અને એ પરોક્ષ આ આવો આખો છે આગમના જ્ઞાનથી એ આગમથી જાણ્યું એ પોતાથી પછી અંદર જાણ્યું એમ. આગમે એમ કહ્યું કે તું પૂર્ણ અખંડ પ્રત્યક્ષ છો. સમજાણું? અને અખંડ અનંત ગુણનો પિંડ છો. એવું જે કહ્યું એવું જાણીને અંદરમાં વળ્યો ત્યારે એને પરોક્ષ આત્મા જણાય છે. આ અસંખ્ય પ્રદેશી છે એમાં અનંત ગુણ આ રહ્યા છે એવું એને પ્રત્યક્ષપણું નથી. સમજાણું કાંઈ? એવા આત્માનું શ્રદ્ધાન. ભગવાને કહેલો અને ભગવાને જાણેલો. પૂર્ણ જાણનાર ભગવાને જાણેલો એને આગમ દ્વારા કહ્યું, વાણી દ્વારા, એને અનુસરીને આ આત્મા પૂર્ણ છે એમ પ્રત્યક્ષ થયું નથી એટલે એને અનુસરીને એમ કહ્યું. સમજાણું કાંઈ?

**'તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી.'** સમજાણું કાંઈ? **'જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત...'** એકલો ભેદ જીવાદિ નવ એનું શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન (નથી). લ્યો! કળશમાં તો એમ લીધું છે કે નવ તત્ત્વનો અનુભવ તે મિથ્યાદર્શન છે. ભેદની છેને એની વાત? આહા..હા..! એમ કહે છે. ત્યાં સુધી નિશ્ચય નથી. એ માટે કેવળ વ્યવહારનો વિષય હોં! એમ. નિશ્ચયનો વિષય થયો અને પછી જાણે. એ બરાબર છે. છે એમ જાણે, પણ એકલા વ્યવહારનયના વિષયમાં નવ તત્ત્વને સમ્યગ્દર્શન માને એ સમ્યગ્દર્શન નથી. એ ધર્મની દશા નથી એમ કહે છે. **'તેથી આચાર્ય કહે છે...'** હવે એનો અર્થ બાકી રહ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ-૧૨, બુધવાર, તા. ૨૯-૧૨-૧૯૭૧**
**શ્લોક-૬, ૭ પ્રવચન-૫૪**

છે નીચે? અમેરિકામાં આવું બધું ન હોય એટલે ઝીણું પડશે અહીંયાં થોડું. મુંબઈમાં પણ ક્યાં છે? ધૂળધાણી બધે છે. નીચે છે ચોથી લીટી છે. ૩૦ પાને. '**તેથી આચાર્ય કહે છે કે...**' છે? '**નવ તત્ત્વોની સંતતિને છોડી...**' એટલે શું કહે છે? કે જેને સુખી થવું છે એને ધ્યાનથી ધર્મ પ્રગટે છે. સમજાણું કાંઈ? ધ્યાન કોનું? કે ધ્રુવનું. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે એને ધ્યેય બનાવીને ધ્યાન કરતાં ધર્મ થાય છે અને એ ધર્મ સુખરૂપ દશા છે. સમજાણું કાંઈ? બધું ગ્રીક-લેટિન જેવું લાગે અજાણ્યા માણસને તો આ. અભ્યાસ ન મળેને. કહે છે કે '**નવ તત્ત્વોની સંતતિને છોડી...**' એટલે આત્મા એક વસ્તુ છે અંદર ચૈતન્યમૂર્તિ એની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં નવ તત્ત્વનું એને એક સમયમાં એક સાથે પરિણમન છે. આ શું સમજવું આમાં? એક સાથે નવનું પરિણમન છે. સમજાણું કાંઈ?

જેને ધર્મ એટલે સુખી થવાનો રસ્તો જેને લેવો હોય,.. આ બધા દુઃખી છે, એને કહે છે કે અમને તો પર્યાય એટલે અવસ્થા, હાલતમાં નવ પ્રકારના પરિણમન હો પણ અમારે એ છોડી દઈને '**શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો;...**' અમારે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ એ શુદ્ધનયનો વિષય છે, જે સમ્યક્ સાચા જ્ઞાનનું જે ધ્યેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે કે કોઈ દેવ-ગુરુની શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શન છે એમ નહિ. તેમાં નવ તત્ત્વનું એક સમયમાં થાય છે જીવ પરિણમન, એ પણ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? તેથી કહે છે કે '**નવ તત્ત્વોની સંતતિને છોડી...**' પર્યાયમાં નવ પ્રકારનું જે પરિણમન દેખાય છે અવસ્થામાં એને છોડી '**શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા...**' ઓલા અનેક છે. સમજાણું કાંઈ? આ તો અંતરની અનંત કાળથી એણે વાત સાંભળી નથી. ધૂળધાણીના રસ્તા લઈ હેરાન થઈને ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધનયનો વિષય...**' ઓલો વ્યવહારનયનો વિષય થયો નવ. વ્યવહાર એટલે વર્તમાન જ્ઞાન જેને વર્તમાનપણે નવ પ્રકાર પરિણમ્યો છે એને જાણે તે વ્યવહાર છે. અને એકલા નવ તત્ત્વના પરિણમનમાં રહે, અનુભવે એ મિથ્યાત્વ છે. પણ એ નવ તત્ત્વનું જીવ પર્યાયરૂપ છે, અજીવ છે, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવી પર્યાયોના અનેક પ્રકાર એક સમયમાં (છે) હોં! એવા હોવા છતાં તેને છોડી દઉં છું. પર્યાય એટલે અવસ્થામાં આખો

આત્મા આવતો નથી. અને આખો આત્મા દૃષ્ટિમાં આવ્યા વિના સત્યનો સ્વીકાર કર્યો કહેવાય નહિ અને સત્યનો સ્વીકાર થયા વિના એને સમ્યગ્દર્શન અને સુખની પંથની રીત એને હાથ આવે નહિ. આહા..હા..! આ તો તમારા ડૉક્ટર કરતા બીજી જાત છે, બધી વાત જ બીજી છે. એય..! અમેરિકન! ત્યાં રૂપિયા છે. આહા..હા..! કો'ક કહેતું હતું બહુ પગાર છે. ૪૦ હજારનો પગાર છે મહિને. ... ના ભાઈ કહેતા હતા. લાખ-કરોડનો હોય તો પણ શું? એ તો પાપ છે એમાં. એ અજીવ છે. અજીવ તરફનો વિકલ્પ અને અજીવ અને એના તરફનું જ્ઞાન બધી પર્યાયબુદ્ધિનો અનુભવ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- રૂપિયા તો મળે છેને.

ઉત્તર :- કોને મળે છે? ધૂળમાંય મળતા નથી. કોને મળે છે? છે? એની સાથે લાવ્યા છો? સાથે આવે છે? રૂપિયા રૂપિયામાં રહ્યા છે કે આત્માની દશામાં આવ્યા છે? ન્યાયથી પકડવું પડશે કે નહિ? આત્મા વસ્તુ છે અંદર તો એની ત્રિકાળી વસ્તુમાં તો એ ન આવે, પણ એની વર્તમાન હાલત પર્યાય જે છે વિચાર આદિની એમાં એ ચીજ આવી છે? એ ચીજ તો ભિન્ન રહી ગઈ છે. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! બધા સુખી કહે છે તમને લ્યો! તમને સુખી કહે છે. ત્યાં પૈસાવાળા તમે બધા મોટા વેપારી. આહા..હા..!

ભાઈ! તને સુખની જો ગંધ પણ એક અંશની આવી હોય એને જન્મ-મરણ રહે નહિ. સમજાણું કાંઈ? એ તો નવ તત્ત્વ જીવ શું પર્યાયરૂપ. આ પર્યાય ઉપર દૃષ્ટિ છેને એની? આ અજીવ છે, એક સમયમાં પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે. એક સમયે હોં! એક સમયે અટકે એ બંધ છે. સમયે સમયે કંઈક પૂર્વના કર્મો ખરે છે એ નિર્જરા છે, એકદેશ ખરે છે એટલે બંધ એટલો ઓછો છે. એને નિર્જરા, બંધ અને મોક્ષ કહ્યો છે. સમજાણું કાંઈ? આમાં કેટલુંક યાદ રાખવું? એય..! કિરણભાઈ! વાત તમારે ચાલે છે ત્યાં? પંપમાં ચાલે નહિ આ વાત. પાવર હાઉસ લ્યો! આહા..હા..! ભગવાન! તારું કારખાનુ પર્યાયમાં નવપણે પરિણમ્યું છે. સમજાણું કાંઈ? એને કહે છે છોડીને. અવસ્થાના અંશમાં નવ પ્રકારનું જે અવસ્થારૂપ દેખાય છે અનેકરૂપ એનું, અનેકરૂપને માનવું અને અનેકરૂપમાં એકાંત કરીને અનુભવવું એનું નામ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

એને '**છોડી શુદ્ધનયનો વિષય...**' ભગવાન પૂર્ણ દ્રવ્યસ્વરૂપ જે ધ્યાનનો વિષય, ધ્યાન તે શુદ્ધનય એનો વિષય '**એક આત્મા જ...**' સમજાણું કાંઈ? એક સ્વરૂપ. ઓલું અનેકરૂપ હતું, પુણ્ય ને પાપ ને આસ્રવ ને બંધ ને સંવર, નિર્જરા. સંવર-નિર્જરા સાચા સંવર-નિર્જરા નહિ હોં. તે તે ભૂમિકામાં કાંઈ એટલી પ્રકૃતિ ન આવે એ અપેક્ષાએ એને સંવર કહ્યો. નિર્જરા સાચી નિર્જરા નહિ. પણ પૂર્વના કર્મ સમયે સમયે ખરે તો છે એને નિર્જરા કીધી. અને બંધનો એટલો અભાવ સમયે સમયે છેને જેટલી પ્રકૃતિ ન આવે એનો. એને અહીંયાં મોક્ષ

અંશે વ્યવહારે કહ્યો. સમજાણું કાંઈ? આ ગાથા ઝીણી છે. એકને પૂછ્યું હતું કે આ નવ તત્ત્વ એ ૧૩મી ગાથા શેની છે? કે એ વ્યવહારસમકિતની છે. ઠીક! માસ્તરે કીધું. ઓલાએ મૂક્યું છે આ જુઓ કર્માનંદ. આ ૧૩મી ગાથા વ્યવહારસમકિતની ગાથા છે. લખ્યું છે એમાં. એ તો ... પણ કઈ અપેક્ષા છે? ગાથા તો નિશ્ચયને સ્થાપે છે. વ્યવહાર ભેદ જણાવી, અભેદ ઉપર લઈ જાય હવે એમ આની ગાથા છે આ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ મુદ્દાની ગાથા છે.

ઉત્તર :- મુદ્દાની જ ગાથા એક એક છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એકરૂપ ચીજ વસ્તુ છેને અસ્તિ. જાણનાર એ ભાવ અસ્તિ છે કે નહિ? કે નથી? છે. તો એકરૂપ જેનું સ્વરૂપ છે એના પર્યાય એટલે અવસ્થામાં નવ પ્રકારની સંતતિ પ્રવાહ એ તો બંધનું કારણ છે. જ્ઞાન થયા પછી નવને જાણે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? પણ સમ્યગ્જ્ઞાન વિના એકલા નવનો અનુભવ—ભેદનો અનુભવ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે, અમને તો '**શુદ્ધનયના વિષયભૂત...**' આ સમ્યગ્દર્શન આને કહીએ. '**એક આત્મા જ અમને પ્રાપ્ત હો;...**' આહા..હા..! એણે કોઈ દિ' સાંભળ્યું નથી, કોઈ દિ' કાને પડી નથી વાત. અને બહારની આ માથાકૂટ. કરો આ, વ્રત પાળો, તપ કરો ને આ કરો. એકલા રાગની માથાકૂટ છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એકરૂપ એની દૃષ્ટિ થયા વિના એને સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત ત્રણ કાળમાં થતી નથી. સમજાણું કાંઈ? '**આચાર્ય કહે છે કે નવ તત્ત્વોની સંતતિને (પરિપાટીને)...**' ભેદ છેને અનેકરૂપ? એને છોડી. અમને તો ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં ધ્યાન કરવાલાયક જે ત્રિકાળ... સમજાણું કાંઈ? આ તો હજી સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચોથા ગુણસ્થાનની. આહા..હા..! આ તો ભાન ન મળે અને થઈ ગયા શ્રાવક, થઈ ગયા સમકિતી અને થઈ ગયા સાધુ. એ તો અનાદિમાં એવું માન્યું છે અને ચોર્યાસીમાં રખડી રહ્યો છે. કહે છે કે અમને તો શુદ્ધનયનો વિષય (પ્રાપ્ત હો). ઓલો વ્યવહારનયનો વિષય થયો.

'**વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો;...**' અમે તો ધ્રુવમાં ધ્રુવને પકડીને એકરૂપને જાણીએ અને અનુભવીએ એ અમને હો. '**બીજું કાંઈ ચાહતા નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? '**આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...**' શું કહેવા માગે છે? કે એકલો નયનો જ વિષય આ એક જ છે અને બીજો વિષય નથી એમ કોઈને થઈ જાય તો એમ તો એકાંત થઈ જશે. આ તો અંતરમાં એકાગ્ર થવા વીતરાગભાવની ભાવના છે. એથી એક નય તરફ ઢળે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**કોઈ નયપક્ષ નથી.**' ઓલો નિશ્ચયનો એકલો પક્ષ નથી એમ કહે છે, ભાઈ! વ્યવહારનો છે એ ખ્યાલમાં છે એને. સમજાણું કાંઈ? અને આ પક્ષ સ્વભાવનો આશ્રય લેતાં જ સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી

ત્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? વ્રત કરે ને પૂજા કરે ને ભક્તિ કરે ને દાન કરે ને દયા કરે એ બધી રાગની ક્રિયાઓ છે. અને એમાં ધર્મ માને તો એ મિથ્યાદષ્ટિ છે. એ જૈન નથી. એને જૈનની આજ્ઞાની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

'**આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...**' ઓલો એક નય તરફ ઢળ્યો છેને એટલે. અમને તો વીતરાગતા હો. '**કોઈ નયપક્ષ નથી.**' એકલો નિશ્ચયનો પક્ષ છે એમ નથી. આ તો વીતરાગતા થવા માટે અમને ધ્રુવ તરફ એકલું ઢળો એ અમને રહો એમ. '**જો સર્વથા નયોનો પક્ષપાત થયા કરે...**' પર્યાય નથી જ, વ્યવહાર નથી જ અને એકલો નયનો પક્ષ રહ્યા કરે '**તો મિથ્યાત્વ જ છે.**' સમજાણું કાંઈ? વિપરીત બુદ્ધિ છે. લ્યો એ ત્રણ લીટીનો અર્થ થયો હજી.

'**અહીં કોઈ પ્રશ્ન કરે કે—**' આ બાજુ. '**આત્મા ચૈતન્ય છે...**' જાણનાર છે આત્મા. '**એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?**' એણે આટલો પ્રશ્ન કર્યો ભાઈ! નવ તત્ત્વની શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શન છે કે નહિ? દેવ-ગુરુની શ્રદ્ધા કરે એ સમ્યગ્દર્શન છે કે નહિ? એ પ્રશ્ન કાઢી નાખ્યો અહીં. અહીં સુધી આવ્યો. ચૈતન્ય છે... ચૈતન્ય છે... ચૈતન્ય છે... એવી શ્રદ્ધા કરે તો એ સાચો ધર્મી કહેવાય કે નહિ? સમ્યગ્દષ્ટિ, સાચી દષ્ટિ કહેવાય કે નહિ? '**સમ્યગ્દર્શન છે કે નહિ? તેનું સમાધાન :**' આ પ્રશ્ન સમજાણો પહેલો? પ્રશ્નકાર એમ કહે છે કે આ આવું લાંબી લાંબી વાતું, નવ અને એમાંથી છોડીને એકરૂપ રહેવું, એક ચૈતન્ય આત્મા લ્યો! એટલી શ્રદ્ધા કરે તો એ સાચો થયો કહેવાય કે નહિ? સમ્યગ્દષ્ટિ અને ધર્મી થયો કહેવાય કે નહિ?

'**ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે;...**' જોયું! અહીં લીધું છે ફક્ત. ચૈતન્ય આ જાણનાર છે એ આત્મા, જાણનાર... જાણનાર... એટલું માત્ર તો '**નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે;...**' એ તો બધાય માને છે. એમ નહિ. '**જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે.**' તો બધા ધર્મી સાચા થશે. એમ છે નહિ. આહા..હા..! '**તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' દેખો! અરિહંત વીતરાગ જેના કેવળજ્ઞાનમાં, જેવું આ આત્માનું સ્વરૂપ ભગવાને કહ્યું ... સર્વજ્ઞની વાણીમાં. જાણવામાં તો આવ્યું, તો હવે બહાર આવ્યું તો વાણીમાં આવેને? '**જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' પૂર્ણ અનંત ગુણનો પિંડ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. એમાં અનંત ગુણના પિંડ પ્રભુ એનું એકરૂપ એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. '**તેવું શ્રદ્ધાન થવાથી જ...**' એનો અંતર અનુભવ થવાથી જ '**નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું.**' ત્યારે સમકિત સાચો થાય છે ચોથે ગુણસ્થાને હજી તો. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે

આત્માને જોયો. કહ્યું હતુંને ઘણી વાર આવે છેને ઓલામાં? 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ...' ભગવાને જોયો અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ એવો જે ભગવાને જોયો એવો અંદરમાં શ્રદ્ધા અને અનુભવ કરે તો એને સમ્યગ્દૃષ્ટિ હજી તો ચોથે ગુણસ્થાનની દશા શ્રાવક અને મુનિ થવા પહેલાની (કહેવાય). આવું જેને ન હોય એ શ્રાવક અને મુનિ થાય એ બધા એકડા વિનાના રણમાં પોક મૂકવા જેવા છે. સમજાણું કાંઈ? જેમાં ઠરવું છે એ ચીજ કેવી છે? એવી ચીજને જ્યાં દૃષ્ટિમાં અને શ્રદ્ધા, જ્ઞાનમાં આવી નથી તો ઠરવું એમાં એ ચારિત્ર છે. તો હજી ચીજ જ દૃષ્ટિમાં આવી નથી એ ઠરે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્ર ખલુ ધમ્મો. લ્યો ચારિત્ર ધર્મ અને ચારિત્ર મોક્ષનું કારણ. ધર્મ એનું ધ્યેય દૃષ્ટિમાં પહેલું સમ્યગ્દર્શન આવ્યું છે ત્રિકાળી વસ્તુ આ શુદ્ધ ચૈતન્યઘન છે. આનંદનો ઘન છે શુદ્ધ સ્વરૂપ એવી દૃષ્ટિ થઈ, એમાં એવી શ્રદ્ધા થઈ કે આમાં ઠરવાથી કર્મનો નાશ થશે. કોઈ ક્રિયાકાંડથી કર્મનો નાશ થશે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ૧૭-૧૮માં આવશે. કહો, સમજાણું આમાં?

આ આત્મા જાણનાર છે... જાણનાર છે. જાણનાર-જાણનાર છે એ તો બધા નાસ્તિક મત સિવાય બધાય કહે છે. બધાય સમકિતી થશે. આહા..હા..! સમકિત હોઈ શકે જ નહિ પણ ક્યાંથી થાય? આહા..હા..! ક્યાંથી થાય? વસ્તુની સ્થિતિ જે છે અસંખ્ય પ્રદેશ પહોળો અનંત ગુણ એ વાણીમાં, સર્વજ્ઞની વાણીમાં જ આવ્યો છે. એ સિવાય અજ્ઞાનીઓએ જે કાંઈ આત્માને કહ્યો છે વીતરાગ સિવાય એ બધો આત્મા કલ્પિત કહ્યો છે બધાએ. સમજાણું કાંઈ? આહા..હા..! વાડામાં જન્મ્યા એને ખબર નથી હજી આત્મા કેવો અને ક્યાં છે? કેમ છે? આત્મા કેવો? કે આ પરની દયા પાળે એવો, વ્રત પાળે એવો, પૂજા, ભક્તિ કરે એવો. એ આત્માની વ્યાખ્યાને સમજતા નથી. કહો, સમજાણું કાંઈ? કહો, દીપચંદજી! ભારે આવી વાત! માર્ગ તો આવો ભગવાન છે હોં. એને ખ્યાલમાં ન આવે અને ઉંધે રસ્તે જાય એને ધર્મ થઈ જાય એમ થાય? આહા..હા..!

**'સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું...'** ભાષા શું છે? પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ ઈદં. જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી એકરૂપ પૂર્ણ છે આત્મા. **'તેવું શ્રદ્ધાન થવાથી જ...'** કહો, સમજાણું કાંઈ? અહીં તો દેવ-ગુરુની શ્રદ્ધા થવાથી સમકિત થાય એ વાત જૂઠી. એક સમયની પર્યાયમાં નવની શ્રદ્ધા કરે તો એ વાત જૂઠી. આહા..હા..! અને ગુણી અને ગુણના ભેદની એકલી શ્રદ્ધા કરે તો એ પણ જૂઠી. આહા..હા..! પૂર્ણ.. છેને? **'આત્માનું સ્વરૂપ કહ્યું છે...'** ભગવાને. ક્યાં પણ ભગવાને શું કહ્યું એ સાંભળ્યું ન હોય. ગડિયા હાંકીને બેસે. તસ્સઉતરી કરણેણં પ્રાયશ્ચિ કરેણણં વોસરે. જાવ. અપ્પાણં વોસરે. આખો આત્મા વોસરાવે. ખબર નથી તને આત્મા કોને કહેવું, વોસરવું શું કહેવાય? સમજાણું કાંઈ?

પાઠ બાઠ કર્યા છે કે નહિ? પહેલા કર્યા નહિ હોય તમે? એય..! અમેરિકન! કર્યા હતા પહેલા? આહા..હા..! અર્થની ખબર ન મળે શું કહે છે. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. એટલે શું બોલ્યો તું? એ આપણે કાંઈ જીવને માર્યો હોય તો મિચ્છામી દુક્કડમ. લ્યો! પણ ક્યો જીવ મારે કેમ? કોણ મારે એની કાંઈ ખબર છે? તારો આત્મા જ આનંદઘન પૂર્ણાનંદ સ્વરૂપ છે, એને એટલો ન માનવો અને એને અલ્પ જ્ઞાનવાળો, રાગવાળો માનવો એનું નામ ... આવો જીવ ન માનવો એને હિંસા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' પ્રભુએ સર્વજ્ઞપણે એક સમયની દશામાં પૂર્ણપણું જેને જાણવું પ્રગટ્યું, એવા એવા તો અનંતા પર્યાયો જેની વસ્તુમાં છે એવું પૂર્ણ વસ્તુ, પૂર્ણ વસ્તુ સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ, અનંત આનંદમય વસ્તુ, એવી ચીજને સ્વરૂપ કહ્યું છે. '**તેવું શ્રદ્ધાન...**' એ અંતર્મુખથી ધ્યેયને બનાવીને ધ્યાનનો વિષય ધ્રુવ છે એવા ધ્રુવનું ધ્યાન કરતાં એ પૂર્ણ સ્વરૂપ દૃષ્ટિમાં આવે એને સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે ધર્મી થયો એમ કહેવામાં આવે છે. એટલે કે દુઃખને નાશ કરવા તૈયાર થયો છે અને સુખની ઉત્પત્તિ કરવાનો પ્રયત્નવાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**એમ સમજવું.**' .. સારો વિસ્તાર કર્યો છે ભાઈએ. જયચંદ્ર પંડિતે બહુ વિસ્તાર કર્યો છે.

## શ્લોક-૭

(अनुष्टुभ्)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

**હવે, 'ત્યાર પછી શુદ્ધનયને આધીન, સર્વ દ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે' એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [अतः] ત્યાર બાદ [शुद्धनय-आयत्तं] શુદ્ધનયને આધીન [प्रत्यग्ज्योतिः] જે ભિન્ન આત્મજ્યોતિ છે [तत्] તે [चकास्ति] પ્રગટ થાય છે [यद्] કે જે [नव-तत्त्व-गतत्वे अपि] નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં [एकत्वं] પોતાના એકપણાને [न मुञ्चति] છોડતી નથી.**

**ભાવાર્થ :- નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી. ૭.**

## શ્લોક-૭ ઉપર પ્રવચન

'**હવે, ત્યાર પછી શુદ્ધનયને આધીન,...**' શું કહે છે? શુદ્ધનયને આધીન. ધ્રુવ ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ, ભગવાને કહ્યો એવો એનો આશ્રય કરીને '**શુદ્ધનયને આધીન,...**' સમ્યગ્જ્ઞાનની પર્યાયને આધીન આત્મા થાય અને તે '**સર્વ દ્રવ્યોથી ભિન્ન,...**' શરીર, વાણી, કર્મ, પુણ્ય અને પાપના વિકલ્પો, દયા, દાનના વિકલ્પો એ બધું પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એનાથી ભિન્ન '**આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે...**' કહે છે કે એ તો વસ્તુ જે ત્રિકાળ પરમાત્મા પોતે, પરમેશ્વર પોતે જ છે આત્મા એવું પરમેશ્વર વીતરાગે કહ્યું છે. એવા પરમેશ્વરને જે જ્ઞાનની પર્યાય આધીન થઈને એને '**સર્વ દ્રવ્યોથી ભિન્ન,...**' પરથી લક્ષ છોડી '**આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે...**' એને આત્મા ઝળહળ જ્યોતિ જ્ઞાતા-દૃષ્ટા ભગવાન સમ્યગ્દૃષ્ટિને, સ્વને આધીન થઈને એ દશા પ્રગટ થાય છે. આવો આવો ..ભાઈ! આહા..હા..! ... શરીર .. નહોતું .. છે. એના ઉપર આ ચામડી છે ઈ પટ્ટો છે. ગુમડા ઉપર બાંધેને. ભગવાન અંતર આનંદનો કંદ પ્રભુ છે. સમજાણું કાંઈ? એક પક્ષનો ઘાત થવો જોઈએ અહીં કહે છે. એક સમયની પર્યાયમાં નવ (ભેદ) છે એનો ઘાત થવો જોઈએ ત્યારે આત્માનો પક્ષ થાય એને. આહા..હા..! શું થાય?

કહે છે, એ '**શુદ્ધનયને આધીન,...**' દેખો! પુણ્યને આધીન અને પર્યાયને આધીન એમ નહિ. એ શુદ્ધ જ્ઞાનનો જે પર્યાય જેને અંતરમાં વળે છે એને આધીન '**સર્વ દ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે :—**' છે અંદર? ૩૦મે પાને ૭મો કળશ. ઓલી કોર છે ૩૦ પાને. આ તો બધું ગ્રીક-લેટીન જેવું લાગે એવું છે આ. ત્યાં આખો દિ' હોળી સળગતી હોય. પૈસા આ લેવા ને દેવા હોળી સળગે છે આખો દિ'. સમજાય છે કાંઈ? કષાય અગ્નિથી બળી રહ્યા છે. સવારમાં આવ્યું હતુંને. આહા..હા..! ભાઈ! તને ખબર નથી તારી ચીજની. પરમેશ્વર કહે છે તે. આ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એ બધા પરિણામ કષાયની અગ્નિની ભઠ્ઠી છે. એ ભઠ્ઠીમાં સળગી રહ્યો છે એ. આહા..હા..!

એની એને ખબર જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે...

(अनुष्टुभ्)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

ઝીણી વાત તો છે, ભાઈ! મૂળ અનંત કાળથી એણે સાચું જ્ઞાન જ કર્યું નથી. એ વિના બધા હાંકા ગાડા જોડી દીધા. સમજાણું કાંઈ? એકડા વિનાના મીંડા નીકળ્યા. સરવાળે ચોર્યાસીના અવતારમાં ધોકા ખાધા એણે. આહા..હા..! સમજાણું કાંઈ?

'ત્યાર બાદ...' એમ કહ્યુંને? 'अतः' **'શુદ્ધનયને આધીન...'** એટલે કે ધ્રુવ તરફ ઢળતી દશાને આધીન છે એ. આહા..હા..! એક કોર એમ કહે કે ભૂતાર્થ તે શુદ્ધનય છે પોતે. અહીં જરી ભેદથી સમજાવવું છેને. **'શુદ્ધનયને આધીન...'** એટલે વ્યવહારનયને આધીન નવ પ્રકાર છે એને છોડીને એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધનય એટલે જ્ઞાતાસ્વરૂપ પરમેશ્વરે કહ્યું એવું, એ તરફ ઝુકાવની જે જ્ઞાનની પર્યાય છે એને આધીન એ આત્મા છે. એને આધીન પ્રગટ થાય છે. કોઈ વિકલ્પ ને દયા, દાન, વ્રત, પૂજાના પરિણામથી તે પ્રગટ થાય આત્મા એમ છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! આ **'શુદ્ધનયને આધીન...'** **'प्रत्यग्ज्योतिः'** **'જે ભિન્ન આત્મજ્યોતિ છે...'** બિરાજમાન. ચૈતન્ય સ્વભાવે બિરાજમાન ઝળહળ જ્યોતિ જ્ઞાનસ્વભાવથી ભરપૂર એવો ભગવાન આત્મા **'તે પ્રગટ થાય છે...'** આહા..હા..! એ પર્યાયમાં એની પ્રાપ્તિ થાય છે. પર્યાય અવસ્થામાં નવ ભેદની પ્રાપ્તિ હતી, હવે અહીંયાં એકરૂપે અંદર દૃષ્ટિ કરતાં પર્યાયમાં આત્મા પ્રાપ્ત થાય છે. પર્યાય શું અને એ પ્રાપ્ત થાય શું? સમજાણું કાંઈ? આહા..હા..!

અરેરે! ચોર્યાસીના અવતારમાં મુનિપણું એણે અનંત વાર લીધું છે, પણ એ ક્રિયાકાંડ દયા, દાન અને વ્રત પાળે એ તો વિકાર અને દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું કામ આકરું ભારે. વીતરાગે કહ્યો જે આત્મા આનંદની મૂર્તિ અંદર, અતીન્દ્રિય આનંદનો ગાંસડો. આહા..હા..! એવો અંતરની દૃષ્ટિને કરતાં એને આધીન જ એ આત્મા પ્રગટ થાય છે. કોઈ બીજા વિકલ્પથી, નિમિત્તથી, ગુરુથી, શાસ્ત્રથી પ્રગટ થાય એવું આત્માનું સ્વરૂપ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ભારે! આહા..હા..! પર્યાયને આધીન પ્રગટ થાય એમ પણ નથી. એક સમયની પર્યાય છેને પ્રગટ જ્ઞાનનો અંશ, એને આધીન થાય એમાં આ આત્મા જણાય એવો નથી. સમજાણું કાંઈ?

'કે જે...' એમ. **'પ્રગટ થાય છે કે જે...'** **'नव-तत्त्व-गतत्वे अपि'** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા એક સમયે નવમાં પરિણમી રહેલો છે પર્યાયમાં. **'नव-तत्त्व-गतत्वे अपि'** નવમાં છે ઈ. એકરૂપ છોડીને એ નવ પણે

પરિણમેલો છે અનાદિનો. આહા..હા..! એક સમયે. સમય એક જ હોયને. દરેક સમયે. એક સમય કીધો પછી પરિણમન બદલે છે દરેક સમયે. એક સમય કીધો નવ એટલે પછી પ્રશ્ન રહ્યો નહિ કાંઈ. બીજે સમયે એ, ત્રીજે સમયે એ. એ પ્રમાણે જ છે એને. કહો, વજુભાઈ!

મુમુક્ષુ :- મોક્ષ..

ઉત્તર :- મોક્ષ ક્યો? ખુલાસો કર્યો છેને. રાગની અંશે ઘટતા નિર્જરા જે થાય છે પૂર્વના બાંધેલા, એને નિર્જરા ગણતા એકદેશના બંધનો અભાવ ગણીને એને મોક્ષ વ્યવહારે કહ્યો છે. વ્યવહારનયનો એ મોક્ષ. ઝીણી વાત છે, ભગવાન! શું થાય? સંપ્રદાયમાં તો એ વાત છે નહિ. એટલે આ વાત સાંભળતા જ માણસને હજી શું કહે છે એ ગ્રાહ્ય થાવું કઠણ (પડે છે). આહા..હા..!

ભાઈ! કહે છે કે તું વસ્તુ છો. આત્મા પદાર્થ છે, જગતની ચીજ છે. એ મહાપ્રભુ એની પર્યાય એટલે હાલતમાં નવપણે અર્પાઈ ગયો છે. **'नव-तत्त्व-गतत्वे अपि'** સમજાણું કાંઈ? એ તો ખુલાસો કર્યો હતોને. પહેલા વાત થઈ હતી. એક સમયની પર્યાયને જીવ માન્યો, અજીવનું જ્ઞાન થયું તો અજીવને જીવ માન્યો, એક સમયનો પુણ્ય-પાપના પરિણામ (થાય છે), સમયે-સમયે પુણ્ય-પાપના પરિણામ છે. શુભ વખતે પણ અશુભભાવ તો અશુભ તો ભાવ છે જ, એ પુણ્ય અને પાપ બે થઈને આસ્રવ છે, એ અટક્યો છે એ બંધ છે અને અંશે પૂર્વના કર્મો આવે એ ખરી જાય છે એને વ્યવહારનયે કથનમાત્ર કરીને એને નિર્જરા કહેવામાં આવે છે. અને સંવર. એ ભૂમિકામાં જે પ્રકૃતિનું આવવું અટકેલું છે એને એ અપેક્ષાએ વ્યવહારનયે એને સંવર કહ્યો છે. ઓલો સાચો સંવર નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એના ઘરની એને ખબર ન મળે અને પરઘરમાં ક્યાં ગયો છું એની એને ખબર ન મળે. આહા..હા..! અને વાતું કરે પછી મોટી ધર્મની. આમ છે ને ધર્મ આમ છે. બાપા! તને ખબર શી પડે ધર્મ કેમ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'નવ તત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં...'** એમ છેને? પરિણમન છેને એનું. પરિણમન છેને. પરિણમન છે એનું. લ્યો ઓલામાં નહોતું આવ્યું? .. એકત્વ ગચ્છતિ. લ્યો એય..! .. વ્યાકરણ... કહો, સમજાણું કાંઈ? એકત્વગચ્છ નથી આવતું? એકત્વગચ્છ. ભગવાન આત્મા એકપણામાં પ્રાપ્ત. એ પરથી વિભક્ત એક રાગનો કણ પણ છે એનાથી તે બંધ... એક સમયની અવસ્થાથી પણ તે ભિન્ન છે. એક સમયની અવસ્થા એ વ્યવહાર જીવ કહેવાય, અભૂતાર્થ જીવ કહેવાય, જૂઠો જીવ કહેવાય. નવનીતભાઈ! આત્મા એક સમયમાં આમ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વસ્તુ છે. જેમાં ગુણી અને ગુણનો ભેદ નહિ એવી જે ચીજ એ નવ તત્ત્વમાં પર્યાયમાં નવપણે પરિણમ્યો, થયો હોવા છતાં પોતાના એકપણાને છોડતો નથી. ચૈતન્ય જ્યોત તો એકપણે રહેલી છે, વસ્તુ તરીકે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ કેવો હશે આ? વીતરાગનો

ધર્મ હશે આ? વીતરાગનો તો એમ હોય કે કંદમૂળ ન ખાવા, લીલોતરી ન ખાવી, ચોવિહાર કરવો, પૂજા કરવી, ભગવાનની ભક્તિ, દેરાસર કરવા. આવી વાત તો ક્યાંય આવી નહિ આમાં. સાંભળને હવે. એ કહ્યું જ નથી ભગવાને. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ આ તો. દુનિયાથી ઉથલપાથલની વાતું છે. એ તો બધા શુભરાગની ક્રિયા છે. એ રૂપે પરિણમ્યો છે એ તો અનાદિથી છે કહે છે. એમ. નિગોદમાં પણ શુભભાવ તો અનાદિથી થયો છે. નિગોદ છેને આ બટાટા, શક્કરકંદના જીવ. ત્યાં પણ પુણ્ય તો છે અનાદિથી. ક્ષણમાં પુણ્ય, ક્ષણમાં પાપ, ક્ષણમાં પુણ્ય અને ક્ષણમાં પાપ. નિગોદના જીવને છે, ત્યાં ક્યાં સાધુ ને મંદિર હતું ત્યાં? સાંભળને હવે. તારા પરિણામમાં રાગની મંદતાના ભાવને પુણ્યભાવ કહે છે. એ તો નિગોદ એકેન્દ્રિયને પણ હોય છે. એ કાંઈ નવી અને અપૂર્વ ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો ભગવાન જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... નટ ગમે એટલા સ્વાંગ ધારણ કરે પણ એનું માણસપણું એમાં વયું જાય છે? આવ્યો છેને દાખલો ભાઈ આપણે? ૪૭ નયમાં. નયમાં નહિ? શેમાં આવ્યું છે? દ્રવ્ય-પર્યાય? દ્રવ્ય નહિ, પર્યાય નહિ. ક્યાંક આવે છે પ્રવચનસારમાં. વિકલ્પનયે, અવિકલ્પનયે. ક્યાંક આવે છે ખરું. નિત્યનય ભાઈ એમ આવ્યું. ૧૮મો બોલ છે. '**આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે.**' અનેક પ્રકારની પર્યાયો ધારણ (કરે છે). જાણવાનું કહે ... જ્ઞાનપ્રધાન (કથન છે). સમજાણું કાંઈ? છતાં એ નટ નટ જ છે. અનેક ભેખ કરે રાણાના ને રાણીના. સમજ્યાને? પણ કાંઈ નટ ફીટીને કાંઈ રાણી થઈ જતો નથી. સમજાણું કાંઈ? '**(અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય ટકનારો છે, જેમ રામ-રાવણનું અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ.)**' સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા નવ તત્ત્વમાં નટની અવસ્થાઓ જેમ ઓલો ધારણ કરે. ઘડીકમાં બાયડી થઈને આવે, ઘડીકમાં રાણી થઈને આવે, ઘડીકમાં રાજા થઈને આવે. જુઓ. એટલે એ તો માણસ છે એ માણસ છે. એ કાંઈ ભેખ ક્ષણિક આવ્યા એ રૂપ થઈ ગયો છે ઈ? આહા..હા..! '**નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં...**' આહા..હા..! ભગવાન એકરૂપે ત્રિકાળ છે ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ એ નવમાં ભેદરૂપે પરિણમવા છતાં '**એકપણાને છોડતી નથી.**' આત્મજ્યોતિ એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? ચૈતન્યજ્યોત અંદર ઝળહળ જ્ઞાનની જ્યોત પ્રભુ છે. એવી આત્મજ્યોતિ નવપણાના પ્રકારમાં આવ્યા છતાં પોતાનું જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવા જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવને કોઈ દિ' છોડતી નથી. આવો ધર્મ કેવો પણ આ? કહો, કપુરભાઈ! કલકત્તે તો મળે નહિ, મુંબઈ મળે નહિ. અપાસરા અને દેરાસરે જાય તોપણ મળે નહિ. આ શું કહે છે? હોળી મળે ત્યાં તો, આ કરો ને

આ કરો. વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો. હવે એ તો બધો વિકલ્પ છે. કરવું એ માનવું એ જ મિથ્યાત્વ છે હજી તો. આહા..હા..! એ શુભરાગની વૃત્તિ ઉઠે છે એને હું કરું છું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની જૈનની નથી. એ જૈનને માનતો નથી. સમજાણું કાંઈ? સમજાય છે આ? વચેટ છોને તમે? ઓલા સૌથી મોટા, આ નાના. પણ આ સમજાય છે વચલું? આહા..હા..!

મહાપ્રભુ અંદર છે. એક સમયમાં ધ્રુવ તત્ત્વ એકરૂપ છે કહે છે. એવી ચીજ કોઈ દિ' નવ પ્રકારે ખરેખર અનેકપણે થવા છતાં એકરૂપને છોડ્યું નથી. આહા..હા..! એવો જે દ્રવ્યસ્વભાવ,... દ્રવ્ય એટલે શું હશે આ પૈસા હશે? છેને ક્યાંક આપણે? આ દ્રવ્યદૃષ્ટિ જુઓ છે. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. એ પહેલો અહીં હતો ચાકળો. પછી એક જણો આવ્યો, થાનમાં માણેકચંદભાઈ છે, પોટરીવાળા. (એ કહે), મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. પૈસાવાળા અહીં બહુ આવે છે માટે એ સમ્યગ્દૃષ્ટિ થઈ ગયા? જૈનમાં જન્મ્યા આ દેરાવાસી હોં! પોટરીનો થાનમાં ધંધો છે. દ્રવ્યદૃષ્ટિ છેને આ. દ્રવ્ય એટલે પૈસો, એની દૃષ્ટિ કરે એ સમ્યગ્દૃષ્ટિ. અરે! તમે શું કીધું? કાંઈ સમજતા નથી. આહા..હા..! આ તો દ્રવ્યદૃષ્ટિ એટલે આ. ધ્રુવપણું જે દ્રવ્યનું ત્રિકાળપણું છે તેની દૃષ્ટિ તેનું નામ સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ નવરા કે દિ' થાય સાંભળવા સમજવા? આવ્યા હોય એક દિ', બે દિ' ઝટ જાવું થાય. કહો, જયંતિભાઈ! ઝટ નીકળો. એ તો બાએ કાગળ લખ્યો કે ભાઈ આવો તમે બધા. આવવું પડે છે ડોશી બેઠા છે એટલે. વખત મળતો નથી. બહુ સારી વાત છે. ધૂળ માટે વખત મળે. આહા..હા..!

અરે! પ્રભુ! તું કોણ છો ભાઈ તને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે અંદર આત્માના બે અંશોમાં એક પર્યાય અંશ છે અને એક ધ્રુવ અંશ છે ત્રિકાળી. એક પલટતો ભાવ છે અને એક એકરૂપ રહેતો ભાવ છે. એ પલટતા અંશમાં નવ પ્રકારનું પરિણમન દેખાય છે. છતાં તે ધ્રુવમાં જુઓ તો તેણે એકપણું કોઈ દિ' છોડ્યું નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? કહો, જ્ઞાનચંદભાઈ! આમાં કાંઈ સમજાય શું? બે.. આવવું અને સાંભળવું એટલું. સમજે નહિ કાંઈ. કેમકે ત્યાં તો કામ ઘણા હોયને બહુ. ઘણા માખણ ચોપડવાના હોય એને તો. કો'ક આવે તો આમ બેસાડવા, મોઢા આગળ આમ કરવું, આમ કરજો, એ બધું કામ નથી? મોઢા આગળ સૌની સાથે રહેવું, પાટલો સરખો મૂકે. મોટો માણસ આવ્યો હોય તો એની સાથે સોબત કરવી, તો જરીક કાંઈક મોટપ રહે બહારમાં આબરૂની. મારી નાખ્યા જગતને. આહા..હા..! મોટો તો પ્રભુ અંદર છે આત્મા. એનો સંગ અને પરિચય કરે તો એની પર્યાયમાં મોટપ આવે. સમજાણું કાંઈ? બાકી તો રાંકાઈ આવે એવી વાત છે. ભિખારી થઈને ફરે છે, મને પુણ્ય હજો, પુણ્યના ફળ હજો.

એક વળી આજે એવું આવ્યું હતું મગજમાં બપોરે કાંઈક. મરણ વિના કાંઈ સ્વર્ગ મળે? એમ નથી કહેતા કાંઈક? આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય. એમ કે ભાઈ સ્વર્ગે જાવું છે મારે, મરવું નથી. મરવું નથી અને સ્વર્ગે જાવું છે. કોણ જાય? તું જાય કે બીજો જાય? આહા..હા..! એમ એકવાર નવ તત્ત્વની સંતતિના પર્યાયને મારી નાખ કે એ હું નહિ. એ અંદર પહોંચશે. બીજો પહોંચી શકશે નહિ. એમ કહે છે. આ બપોરે યાદ આવ્યું હતું .. લોકો કહે છેને. આપ મુઆ વિના સ્વર્ગે ન જાય. આ શું કહે છે? દેહને છોડે તો સ્વર્ગે જવાય કે દેહ રાખીને સ્વર્ગમાં જવાતું હશે? ઓલા અરવિંદ ઘોષ નથી કહેતા? સ્વર્ગ ઉતારવું છે ઉપરથી. આ દશા મરી ગયા કરતાં-કરતાં. ધૂળમાંય સ્વર્ગ નથી હવે સાંભળને. સ્વર્ગ દેવ ગતિ ઝળહળ જ્યોતિ અગ્નિથી બળે છે એ પણ. દેવના જીવો પણ કષાયની અગ્નિથી, અંગારાથી સળગે છે, શેકાય છે. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ એને જે પહોંચ્યો એને એ કષાયનો દાવાનળ ઠર્યો. એ વિના કષાયની દાવાનળ અગ્નિને ઠારવાની કોઈ રીત અને ઉપાય નથી. પણ કામ ભારે આકરું હોં. કહો, ગુલાબભાઈ! આ બધા તમને પૈસાવાળાને સુખી કહે લ્યો. ગાંડા ભેગા થાયને. બલુભાઈ ગજરથ .. એક એક પાસે પાંચ-પાંચ, છ-છ, સાત-સાત લાખ. એમ વાતું લોકો કરે. હોય એ તો તમારી પાસે તમને ખબર પડે. પણ ઓલા બહારમાં વાતું કરે છે હોં! ભેગું કરીને... મોટી નામાંકિત શું કહેવાય ઈ? કંપની? શું કહેવાય? ફર્મ ફર્મ. આહા..હા..! નામાંકિત તો ભગવાન અહીં છે અંદર. આહા..હા..! એની પેઢીમાં જા તો તને નવ તત્ત્વના ભેદરૂપ ભાવ રહેશે નહિ. નિર્વિકલ્પ સમાધિની વાત કરે છે. મૂળ તો સમ્યગ્દર્શનની છે વાત એ. સમ્યગ્દર્શન એ ધ્યાન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એક ધ્યાન છે. ધ્યાન વિના ધર્મ નહિ, ધર્મ વિના સુખ નહિ, સુખ વિના મુક્તિ નહિ. સમજાણું કાંઈ? અને ધ્યાનના ધ્યેય ધ્રુવ વિના ધ્યાન નહિ. સમજાણું કાંઈ? આરે.. ભારે વાતું! પર્યાયને કબુલ રાખીને એકલો આવ્યો છો હોં એમ કહે છે. વચમાં છે ભેદ જ્ઞાનમાં. પણ આદરણીયમાં એકલો અંદરમાં ગયો છે. કિરણભાઈ! આવી વાત છે. આહા..હા..!

આ શું આટલા શબ્દોમાં આટલું બધું ભર્યું હશે! **'નવતત્ત્વમાં પ્રાપ્ત...'** **'गतत्वे अपि'** એકત્વગત નથી થયો. નવમાં ગત થઈ ગયો. જીવ અને અજીવ, પુણ્ય અને પાપ એના ભાવમાં પરિણમી ગયો. આહા..હા..! એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યજ્યોત એ નવમાં પરિણમવા છતાં કાંઈ વસ્તુનું એકપણું છૂટી નથી ગયું ક્યાંય. એકેન્દ્રિયમાં હો, બે ઈન્દ્રિયમાં, ત્રણ ઈન્દ્રિયમાં હો, બધે જ્ઞાયકપણું તો કાયમ રહ્યું છે. આહા..હા..! આવો ધર્મ છે ભાઈ! પૈસાવાળાને દાનથી ધર્મ મનાવવો હોય, શરીરના જોરવાળાને તપસ્યા કરીને ધર્મ મનાવવો, બુદ્ધિવાળાને વાતું શાસ્ત્રની કરીને ધર્મ મનાવવો. આવા ત્રણ ભાગ નહિ હોય? પ્રાણભાઈ! શું કીધું? પૈસાવાળાને દાનથી ધર્મ મનાવવો અને શરીરના

બળજોરવાળા એને અપવાસ કરીને ધર્મ મનાવવો અને બુદ્ધિના બળિયા હોય એને વાતું શાસ્ત્રની કરીને ધર્મ મનાવવો. ત્રણે ખોટા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**છોડતી નથી.**' શું? ભિન્ન આત્મજ્યોતિ '**પોતાના એકપણાને છોડતી નથી.**' આહા..હા..! શું કહે છે આ? નવ તત્ત્વને છોડી શકે છે, પણ એકપણું છૂટતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નવ તત્ત્વમાં...**' થોડોક વિસ્તાર થાય છે, આ નવા છેને એટલે થોડું. આ બધા ત્યાં અમેરિકામાં સાંભળ્યું ન હોય. રૂપિયા ને છોકરા, આબરૂ ને કીર્તિ. ઘાણીમાં પીલાય છે ત્યાં. બરાબર હશે આ?

મુમુક્ષુ :- ખાવાનું ન મળે એ કરતાં તો સુખી છે.

ઉત્તર :- ખાવાનું એટલે શું? ધૂળ મળે આ રોટલા એ તો ધૂળ છે. ધૂળ મળે એમાં સુખી કહેવાય? અમૃતનો ઓડકાર અને ખાવા ના મળે એ સુખી કહેવાય. એ શાહુકાર અને તવંગર છે. સમજાણું કાંઈ? આવી વાત છે હોં! સાધારણ માણસને બિચારાને એવું લાગે કે આવો ક્યાંથી ધર્મ કાઢ્યો હશે નવો? અરે! ભગવાન! તને ખબર નથી, ભાઈ! આ અનાદિનો વીતરાગનો ધર્મ જ આ છે. સમજાણું કાંઈ? લોકો એને ભૂલીને બીજે રસ્તે દોરી ગયા છે. એથી કાંઈ ધર્મ પ્રગટ થાય નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે;...**' હોં! પર્યાયમાં તો અનેકરૂપ છેને. રાગ છે, પુણ્ય છે, આસ્રવ નથી એટલો સંવર. સાચા સંવરની વાત નથી હોં. '**અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે...**' એને જુદો તારવવામાં આવે અંદરમાં. આહા..હા..! '**ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્યચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.**' ચૈતન્યજ્યોત જ્ઞાનનો રસકંદ એવો આત્મા જ્ઞાનના સ્વભાવને કોઈ દિ' એણે છોડ્યો નથી. આહા..હા..! '**એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું...**' માથે આવ્યુંને એ આવ્યુંને? એ મથાળું આવ્યું. એ મથાળું આમાં ... એ પછી આવી ગયુંને માથે? કળશમાં જ આવ્યું. કળશ જ છે. મથાળું એ કળશનું. '**એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું...**' ત્રિકાળી ભગવાન આત્મા પૂર્ણાનંદ છે એમ અંદર જાણવું, અનુભવવું, પ્રતીતમાં લેવું '**તે સમ્યક્ત્વ છે...**' એને સમકિતી અને જૈન કહેવામાં આવે છે. બાકી બીજા જૈન નહિ પણ બધા અજૈન છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે...**' તે સાચાપણું છે, તે સાચાનો હવે દાસ થયો, સાચાનો સેવક થયો. અનાદિથી રાગનો સેવક હતો એ સાચાનો સેવક થયો હવે. આહા..હા..! '**એમ સૂત્રકાર ગાથામાં કહે છે :—**' લ્યો! ભગવાન કુંદકુંદાચાર્યની કાથા કહેશે અને એનો અર્થ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૩

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।
भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यपापं च।
आस्त्रवसंवरनिर्जरा बन्धो मोक्षश्च सम्यक्त्वम्।।१३।।

अमूनि हि जीवादीनि नवतत्त्वानि भूतार्थेनाभिगतानि सम्यग्दर्शनं सम्पद्यन्त एव, अमीषु तीर्थप्रवृत्तिनिमित्तमभूतार्थनयेन व्यपदिश्यमानेषु जीवाजीवपुण्यपापास्त्रवसंवरनिर्जरा-बन्धमोक्षलक्षणेषु नवतत्त्वेष्वेकत्वद्योतिना भूतार्थनयेनैकत्वमुपानीय शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्नोऽनुभूतेरात्मख्यातिलक्षणायाः सम्पद्यमानत्वात्। तत्र विकार्यविकारकोभयं पुण्यं तथा पापम्, आस्त्राव्यास्त्रावकोभयमास्त्रवः, संवार्यसंवारकोभयं संवरः, निर्जर्यनिर्जरकोभयं निर्जरा, बन्ध्यबन्धकोभयं बन्धः, मोच्यमोचकोभयं मोक्षः, स्वयमेकस्य पुण्यपापास्त्रसंवरनिर्जराबन्धमोक्षानुपपत्तेः। तदुभयं च जीवाजीवाविति। बहिर्दृष्टया नवतत्त्वान्यमूनि जीवपुद्गलयोरनादिबन्धपर्यायमुपेत्यैकत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ चैकजीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीषु नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। तथान्तर्दृष्टया ज्ञायको भावो जीवो, जीवस्य विकारहेतुरजीवः। केवलजीवविकाराश्च पुण्यपापास्त्रसंवरनिर्जराबन्धमोक्षलक्षणाः, केवलाजीवविकारहेतवः पुण्यपापास्त्रवसंवरनिर्जराबन्धमोक्षा इति। नवतत्त्वान्यमून्यपि जीवद्रव्यस्वभावमपोह्य स्वपरप्रत्ययैकद्रव्यपर्यायत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ च सकलकालमेवास्खलन्तमेकं जीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीष्वपि नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। एवमसावेकत्वेन द्योतमानः शुद्धनयत्वेनानूभूयत एव। या त्वनुभूतिः सात्मखातिरेवात्मख्यातिस्तु समग्दर्शनमेव। इति समस्तमेव निरवद्यम्।

એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :-

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

શ્લોકાર્થ :- [भूतार्थेन अभिगताः] ભૂતાર્થ નયથી જાણેલ [जीवाजीवौ] જીવ, અજીવ [च] વળી [पुण्यपापं] પુણ્ય, પાપ [च] તથા [आस्रवसंवरनिर्जराः] આસ્રવ, સંવર, નિર્જરા, [बन्धः] બંધ [च] અને [मोक्षः] મોક્ષ [सम्यक्त्वम्] - એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ટીકા :- આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર)નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો-જેમના લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે-તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)-એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર-એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :- જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર્દૃષ્ટિથી જોઈએ તો :- જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર,

નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે.

ભાવાર્થ :- આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ તો, જીવ જ એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી. જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે. જીવ-પુદ્‌ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે; પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદ્‌ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિદ્ધ થઈ શકતી નથી. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.

---

**પોષ સુદ-૧૪, ગુરુવાર, તા. ૩૦-૧૨-૧૯૭૧**
**ગાથા-૧૩, પ્રવચન-૫૫**

... એવા જીવને માન્યે એના ભવભ્રમણ ટળે. ભવભ્રમણ જે કરી રહ્યો છે ચોર્યાસીના અવતારમાં એ આ જીવ છે એ કહો કે આત્મા કહો, તો કેવા આત્માને જાણ્યે એના ભવભ્રમણ

ટળે? અને મુક્તિ એટલે આનંદની પ્રાપ્તિ થાય? એવી વાત છે. ૧૩મી ગાથા છેને?

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।**
**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

ગાથાર્થ પહેલો લઈએ જુઓ, '**ભૂતાર્થ નયથી જાણેલ...**' એટલે કે વાસ્તવિક શુદ્ધનયનો વિષય જે આત્મા એને જાણતા. અહીંથી જાણેલ એને આ '**જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...**' એ વ્યવહારે સમકિતના નિમિત્ત છે એનામાંથી જુદો પાડીને એકલો આત્માને જાણનાર... જાણનાર... જાણનાર... નવના ભેદમાં એકલો જાણનાર છે એમ અંદરમાં તારવવો, અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યે સમકિત થાતું નથી. આ નવ તત્ત્વને માન્યે સમકિત થાતું નથી ભેદરૂપમાં એમ કહે છે. એ વસ્તુ જે ચૈતન્ય જ્ઞાયકભાવ એને નવ પ્રકારના જે તત્ત્વોમાં અનેકરૂપ થઈને પરિણમે છે એમાંથી એકલો જુદો તારવવો. સમજાણું કાંઈ? એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. ભારે ભાઈ!

એની ટીકા. આ તો શાંતિથી સમજે એની વાત છે. આ કાંઈ એવો માર્ગ નથી કે બહારથી કાંઈ મળી જાય. અહીં તો ત્યાં સુધી કહે છે કે જે વ્યવહાર નવ તત્ત્વના ભેદ છે પર્યાયમાં એનાથી પણ સમ્યગ્દર્શન ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ છે એને ભેદમાંથી જુદો પાડીને એકલો અભેદ ચૈતન્ય સ્વરૂપને અનુભવમાં લેવો એને સાચું સમકિત કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કેટલાક કહે કે સમકિત બહુ મોંઘુ કરી દીધું. મોંઘું કે સોંઘુ, આ છે માર્ગ ભાઈ! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યે સમકિત નથી, પણ નવ પર્યાયના ભેદને માન્યે સમકિત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેદોથી દૃષ્ટિ ઉઠાવી અંતર્મુખ વસ્તુ ઉપર દૃષ્ટિ કરતાં અભેદનો અનુભવ થતાં એમાં પ્રતીત થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આ માર્ગ છે. આ શું હશે આવું? કહો, સમજાણું કાંઈ? શું કીધું આ?

મુમુક્ષુ :- હજી નવ તત્ત્વો અમે સમજતા નથી. .. સમજતા ન હોય અને આપ કહો આમ કર ને આમ કર.

ઉત્તર :- નવ કહીએ લ્યો કહો. એક સમયની પર્યાય જીવની અવસ્થા છેને એને નવ તત્ત્વમાં વ્યવહાર જીવ કહેવામાં આવે છે. વાત એવી છે, ભગવાન! શું થાય? એ વ્યવહાર છે એ વાસ્તવિક જીવ નહિ. એમ અજીવ છે આ જડ, શરીર, વાણી એને જાણતાં એ તો પર્યાયમાં ભેદ પડી જાય છે. એમ પુણ્ય અને પાપના ભાવ એ પણ આસ્રવ વિકાર

છે એની દશામાં. એ અટક્યો છે એ બંધ છે. એમાંથી છૂટો પડીને સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય કહેવાય એનાથી છૂટો જ્ઞાયકભાવ છે એકલો એમ કહે છે. સંવર, નિર્જરા અને મોક્ષને પણ એકલો જાણનારો-જાણનારો છે. સમજાણું કાંઈ? આ તો જેને જન્મ-મરણના દુઃખ લાગતા હોય એણે આ અંતરને ખોજવું પડશે.

અરે! પ્રભુ કહે છે કે '**આ જીવાદિ નવતત્ત્વો...**' હવે નામ પડ્યા નવ. જીવનો વર્તમાન અંશ, અજીવ, પુણ્ય, પાપના ભાવ એ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ એકલા વ્યવહારે લઈએ તો એ પરમાં જાય છે. આ અશુદ્ધતા, સંવર, નિર્જરા, મોક્ષ નહિ. સમજાણું કાંઈ? અને સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય છે એ અપેક્ષાએ પણ એ ભેદમાં જાય છે. સંવર, નિર્જરા અને મોક્ષ પણ બહિરતત્ત્વ કહેવામાં આવ્યા છે. આહા..હા..! નવનીતભાઈ! આહા..હા..! ભારે માર્ગ આવો ભાઈ! લોકોને તે એવું લાગે કે આવો માર્ગ આ ક્યાં હશે?

કહે છે, ભાઈ! વસ્તુ છેને તારી ચીજ. એ ચીજ છે એ કાયમની જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એવી એકરૂપપણે રહેલી છે. આવ્યું હતું માથે નહિ ઓલામાં? ચૈતન્ય ચમત્કાર જ્યોતિને છોડતો નથી. જાણનાર... જાણનાર... જાણનાર... જ્ઞાયકભાવ ત્રિકાળ. ભલે નવ તત્ત્વ હો પર્યાયમાં, પણ એણે ચૈતન્યની જાત જ્ઞાયકભાવની કોઈ દિ' છોડી નથી. આહા..હા..! એક સમયની પર્યાયમાં એ જ્ઞાયકભાવ આવ્યો નથી એમ કહે છે. આ ભારે જ્ઞાન ભાઈ આકરું આવું. અરેરે! આ અવતાર ચોર્યાસીના એણે કર્યા. ભગવાન જાણે અને એણે દુઃખ વેઠ્યા છે ભાઈ! પણ અત્યારે જરી માણસપણું મળ્યું અને કાંઈક જાણપણાનો ક્ષયોપશમ અને કાંઈક આ પૈસા પુણ્યના કારણે હોય ત્યાં તો થઈ રહ્યું. સલવાઈ ગયો ત્યાં.

મુમુક્ષુ :- સલવાઈ ગયો કે મજા કરે છે?

ઉત્તર :- ધૂળેય મજા નથી. મૂઢ છે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! પૈસામાં સલવાઈ ગયો હશે? આ એમ કહે છે. આહા..હા..!

એની એક અવસ્થાના ભેદો પર્યાયના અને એક ત્રિકાળી જ્ઞાયક આ બેની વાત છે આમાં. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની પરમસત્ય વાત છે. એ તો જરી દુર્લભ પુરુષાર્થે મળે એવી છે. આહા..હા..! ભગવાન ત્વમેવ ... ભગવાન કહે એ સાચું છે એ સમકિત. એ સમકિત નહિ. કહો, સમજાણું કાંઈ? આમાં આવ્યું હતું નહિ? નિઃસંદેહનું આવ્યું હતું, ક્યાંક આવ્યું હતું. એ નિયમસારમાં આવ્યું હતું નિયમસારમાં. નિઃસંદેહ છે નિયમસારમાં આવ્યું હતું. દાખલો આપ્યો છે. ન્યૂન, અધિક, વિપરીતથી એકરૂપ ભગવાને જે કહ્યું આગમમાં એવું જે આત્માનું જ્ઞાન, અંતર્મુખ થઈને જે જ્ઞાન પ્રગટ થાય એમાં જ્ઞાન અને આશ્રયમાં એકરૂપ ચીજ છે. એના નવ પ્રકારના ભેદો પણ એના આશ્રયમાં નથી. હજી તો નવની ખબર ન મળે. આહા..હા..!

હમણા ઓલું દેવચંદજીનું હતું એમાં આવી ગયું છે ક્યાંક કે હે ભગવાન! આપની ભક્તિથી તો અમને આસ્રવ ટળે અને સંવર વધે. દેવચંદમાં આવ્યું. મારે તો ઓલું કહેવું છે. તાર પ્રભુ એવું આવે છેને? આમાં છેલ્લી? .. છોકરા હતા. જુઓ કીધું આમાં શું કહે છે આ? 'તાર હો તાર પ્રભુ મુજ સેવક .. એટલું જગતમાં સુજસ લીયે' એટલો તો સુયશ લ્યો તારવાનો. આહા..હા..! એ બધી વ્યવહારની વાતું. ભક્તિનો ભાવ છે. હે પ્રભુ! આપ તિન્નાણં તારયાણં છો. તર્યાને તારનાર છો. તર્યા છો અને તર્યાને તારનાર છો. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**જીવાદિ નવતત્ત્વો...**' એટલે કે આ જીવની એક સમયની પર્યાય. નિયમસારમાં તો એમ પણ આવી ગયું છે કે આખું દ્રવ્ય અંતઃતત્ત્વ અને સાત આ બાહ્ય તત્ત્વ એ બેની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિત છે. એય..! વ્યવહાર સમકિત શું ને આ બધું? એ વ્યવહારે સાચો છે, નિશ્ચયથી સાચો નથી. આહા..હા..! લૌકિક દૃષ્ટિએ એને સાચો કહેવાય, લોકોત્તર દૃષ્ટિથી સાચો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આ નવ તત્ત્વની શ્રદ્ધા એમ નહિ. નવ તત્ત્વના ભેદમાંથી એકલો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ત્રિકાળ એવા નવ—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા પર્યાયપણે, અવસ્થાપણે, અનેકપણે એની દશામાં છે. એ અનેકપણામાંથી એકપણે આવવું. એમાંથી આવવું એટલે? એનાથી ખસીને. અંતર્મુખ જેના સ્વભાવમાં પૂર્ણાનંદ પૂર્ણ પડ્યો છે અંતરમાં. વસ્તુ છેને, મહાપ્રભુ છેને ચૈતન્ય. સમજાણું કાંઈ? એણે આત્માની ઉપરની અવસ્થામાં જ એણે શોધ ને રોકાઈને કાળ આખો ગાળ્યો છે. શું કીધું એ જુઓ. આહા..હા..!

આત્મા ત્રિકાળ એક વસ્તુ છે ધ્રુવ અને એક અંશ વર્તમાન પર્યાયનો પરિણમનનો કાર્યરૂપે વર્તમાન એ અનાદિથી પર્યાયમાં જ રહેલો છે. કારણ કે એની દૃષ્ટિ અંતર્મુખ ચીજ શું છે? મારા આત્મામાં અંતરમાં શું છે? અંતર પેટમાં અંદર શું છે? આહા..હા..! એને કોઈ દિ' જોવા નવરો થયો નથી. આહા..હા..! શાસ્ત્રને જોયા, વાંચ્યા, ભણ્યો. સમજાણું કાંઈ? બીજાને ઉપદેશ દેવામાં પાવરધો થયો, પણ એ પોતે અંતરમાં અંતરમાં ચીજ ધ્રુવ શું છે? નિત્યાનંદ સ્વભાવ જેનો જ્ઞાયકભાવ એ તરફનું એને લક્ષ અને આશ્રય ગયો નથી, આશ્રય થયો નથી. સમજાણું કાંઈ? આવું સાંભળવા મળતું નથી ભાઈ! એમ તમારા ચિરંજીવી કહેતા હતા કાલે. વાત સાચી હોં! એટલું સવળું લે છે સવળું. નહિ ભાઈ? કે આવું.. બધા માખણ ચોપડે. પૈસાવાળા, ફલાણાવાળા, ઢીંકણાવાળા. આવો આવો તમે તો આવા. ધૂળેય નથી હવે સાંભળને. ભિખારા છે. આહા..હા..! પૈસા જોવે, રાગ જોવે, બાયડી જોવે, છોકરા જોવે, દેશ જોવે, નાત જોવે, કુટુંબ જોવે, નાક મોટું જસનું નાક મોટું જોવે લાંબુ. ભિખારી છે. એય..! પ્રાણભાઈ!

બાદશાહ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદનો નાથ એક સમયમાં વસ્તુ છે આખી, વસ્તુ છેને અસ્તિ તરીકે? એને આ નવના ભેદમાંથી ખસીને એક વસ્તુ તરફ, જ્ઞાયકભાવ ઉપર આવવું એને સાચી દૃષ્ટિ થઈ અને એણે સાચો આત્માને પકડ્યો. સમજાણું કાંઈ? કહો, વસંતીલાલજી! ... નહિતર દુઃખથી નહિ છૂટે હોં એ. બહારના કાંઈક કાલાવાલા કરવા જાય તો કાંઈ દુઃખથી છૂટશે? ભગવાન તમને માન્યા હતાને. અમે તમને માન્યા હતા, તમારા સિવાય બીજાને માનતા નહોતા. અમારે રખડવું? એ તો પહેલું કહ્યું નહિ? દેવચંદજીનું. 'સહાય હોય સહાયક પ્રભુ મુજ સેવક ભણી એટલું જગતમાં સુજસ લીજીએ.' એ તો ઉપમામાં આપે સુજસ. 'દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો.' એમ છે એ. પહેલું પદ છે. એય..! સમજાણું? ચોવીસી છેને? આહા..હા..!

પ્રભુ તો કહે છે કે તું તારા દ્રવ્યનો દાસ થા. પર્યાયનો દાસ જે અનાદિથી વર્તે છો એ તને રખડવાનો ધંધો છે. આહા..હા..! દુઃખની ખાણમાં ડૂબવાના માર્ગ છે, પ્રભુ! સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ! પણ પૈસા-બૈસાની સરખાય હોય, રળી લઈએ પછી છોકરા કામ કરે અને પછી નિવૃત્તિથી ધર્મ થઈ શકે એટલી મદદ કરે કે નહિ પૈસા? આ તો એકલા અહીંયાં રહો, લ્યો છ છોકરા ત્યાં રળે છે, એ બધું કરે છે. રળવાનો કરે છે ભાવ. એથી નવરા થયા હોય તો કરી શકો. પૈસા ન હોય અને ગરીબ માણસ શી રીતે અહીં આવી શકે? કહો. પણ ગરીબ કહેવો કોને? તવંગર કહેવો કોને? એ તો બહારની ચીજના માપથી કહેવાની વાત છે. દીન અને ગરીબ તો એ છે કે જે એકલી એક સમયની પર્યાયને અને રાગને માને તે દીન-ભિખારી છે. આહા..હા..! પોતાના એક અંશને પણ સ્વીકારે તો એ દીન અને ભિખારી છે. તેથી એની દૃષ્ટિ પર ઉપર જઈને આ જોવે... આ જોવે... આ જોવે... એમ અનાદિથી રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? એના ઘરની ચીજ છેને? ક્યાં એ બહાર ગઈ છે? અંતરમાં એકરૂપ સ્વભાવ છે. જાણગ શક્તિનો પિંડ પ્રભુ. કહે છે, ભાઈ! એ નવ એક સમયની પર્યાય અવસ્થામાં નવ ભેદરૂપે ભેદ પડ્યો એનો એકલો અનુભવ કરવો એ તો મિથ્યાદૃષ્ટિ પણ કરે છે. એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, 'આ...' જુઓ, આ કરીને નવ છે. નવ તત્ત્વ કોઈ સસલાના શિંગડા છે એમ નથી. નવ તત્ત્વ છે. વ્યવહારનયે તે ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? આવો ભારે માર્ગ ભાઈ! વ્યવહારનયે ભૂતાર્થ છે. એનો અર્થ એ કે એક સમયની પર્યાયનું અસ્તિત્વ છે, નથી એમ નહિ. સમજાણું કાંઈ? આવું ભણતર તો ત્યાં અમેરિકામાં નહિ આવતું હોય, નહિ? રખડવાના રસ્તા હોય ત્યાં. આહા..હા..! કેમ રખડવું? અને કેમ મોટરમાં આમ...?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. માંડ્યા. એ તો થાક્યા છેને એટલે હવે .. કરવાની ના પાડે છે. મુંડાવીને બેસે. ઓલા બાવા ભેગા કરે હરિકૃષ્ણ... હરિકૃષ્ણ... આ સાધારણ માણસ.. આવા રૂપાળા-

ધોળા. ચામડી તો હોય એને .. જેવી હોં! સુંવાળી ન હોય એની. એટલે આવા એમ કે હરેકૃષ્ણ... એ મુંબઈમાં પણ હતું. આવ્યા છેને ખબર છે. અહીં તો વાતું બધી આવેને. એને હરિકૃષ્ણ કોને કહેવા? આત્મા કોને કહેવો ભાન કેવું એને? એ તો થાક્યા ઓલા બહુ પૈસા, પણ ક્યાંય શાંતિ વળે નહિ તો કહે હવે આપણે ધર્મને નામે આવો, ધર્મને નામે આવો. ધર્મ શું છે એનું ક્યાં ભાન છે એને? આહા..હા..! અહીં તો કહે છે કે હરે કૃષ્ણ... હરે કૃષ્ણ ને... પણ આ તો સાક્ષાત્ વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ કહે તોપણ એ પુણ્યબંધનું કારણ છે અને બંધનથી એ ચાર ગતિમાં રઝળવાનો છે. એમ છે અહીં તો વાત.

'**આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે...**' નિશ્ચયનયથી જાણ્યે, શુદ્ધનયથી જાણ્યે. એમ. નવમાંથી એકરૂપ તારવીને જાણવો. એ જાણ્યે '**સમ્યગ્દર્શન જ છે...**' લ્યો! એનું નામ સમ્યગ્દર્શન નામ અનંતા ગુણોનો જ્યાં સ્વીકાર થયો આત્મા આવો પૂર્ણ અખંડ જેટલા ગુણો છે સંખ્યાએ શક્તિ એનો વ્યક્તરૂપ અંશ અનંતા ગુણનો, આનંદનો, શાંતિનો, સ્થિરતાનો, ચારિત્રનો વગેરે અંશો અનંત ગુણના અંશો પ્રગટ થાય એને સમકિત કહે છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? '**આ જીવાદિ નવતત્ત્વો...**' '**આ**' કીધું એટલે છે તો ખરા, પણ એમાંથી '**ભૂતાર્થનયથી જાણ્યે...**' એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા કહે. અહીં હતાને એક ખોજા એક હતા, બાવળાના નહિ? હીરાભાઈ નામ હતું? હીરાભાઈ હતા, આવતા. શ્રીમદ્‌ના ભક્ત. આપણે તો શ્રીમદ્‌ને પકડ્યા છે હવે મોક્ષ કરવો એ એને આધીન છે. આપણે કાંઈ કરવું નથી. એમ કહેતા. એક કાસમભાઈ હતો નાનો. એ અહીં શાકભાજી વેચતો. પછી નીકળી ગયો. અહીં તો કહે છે, ગુરુ શું ત્રણ લોકનો નાથ જેને સમીપમાં આવે અને એને માને અને એને ઓળખે વ્યવહારથી તોપણ એનું કલ્યાણ એ કારણે નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તે વિકારવૃત્તિ છે. આહા..હા..! ભારે કામ!

'**આ જીવાદિ નવતત્ત્વો...**' નવપણે પર્યાયપણે છે એમ તો આ કીધું, પણ હવે એમાંથી '**ભૂતાર્થનયથી જાણ્યે...**' શુદ્ધનયથી જાણ્યે. ભૂતાર્થ કહો, સત્ય કહો, નિશ્ચય કહો. ભગવાન આત્મા ત્રિકાળી એકરૂપ છે એવી અંતર દૃષ્ટિ કરતા એને '**સમ્યગ્દર્શન જ છે...**' એને સમ્યગ્દર્શન કહેવાય છે. એને ચોથું ગુણસ્થાન કહેવાય છે. શ્રાવક અને સાધુ તો ક્યાંય રહી ગયા ઈ. સમજાણું કાંઈ? આવું જ્યાં એને ભાન નથી એ બધા વ્રત અને તપ કરે એ બધા બાળવ્રત અને બાળતપમાં જાય છે. આહા..હા..! '(**–એ નિયમ કહ્યો**);...' એ વસ્તુની સ્થિતિ કહી કહે છે. આ નિયમ જ છે. નવમાંથી જુદો તારવીને શુદ્ધનયથી આત્માને જાણવો એનું નામ સમ્યગ્દર્શન, એનામાં આત્માના સ્વાદનો અંશ આવે એને પ્રતીતિ થાય કે આ આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે. શુદ્ધ પૂર્ણ છે એમ અંદર જ્ઞાનમાં જ્ઞેય આત્મા આવીને પ્રતીત થવી એને

સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક વખત આમ ત્યાં પાલેજમાં દુકાન હતી ત્યાં બહાર જતા હતા. દુકાન છે .. વોરા. એનો એક માણસ હતો તે પાંજરામાં.. ઓલું અનાજ બહુ હોયને તો પાંજરામાં ઉંદર બહુ આવેલા. પાંજરુ મૂકેને. એ ધગધગતું પાણી પાંજરામાં નાખતો હતો માથે ઉંદર ઉપર. મરી જાય પછી ફરીને ક્યાં આવે. આહા..હા..! અરે! આ શું કરે છે તું? કીધું. પણ એ તો .. મુસલમાન. ... મોટા ... હતા ... વડોદરાના લોટિયા વોરા. .. એનું પાણી ... આહા..હા..! એ તો સંયોગથી દુનિયા ભાળે છે. સમજાણું કાંઈ? પણ આત્માના આનંદથી ઊલટી શ્રદ્ધા અને રાગમાં પડ્યો છે (એ) દાવાનળ સળગે છે, એને અંદર અગ્નિના અંગારા છે, ભાઈ! એ દુઃખ છે એ કોની સાથે મેળવે? આત્મા આનંદ છે એવું ભાન નથી, તો આનંદ હોય એની સાથે મેળવે કે આ દુઃખ છે. એ દુઃખને જ સુખ કરીને માનીને રખડે છે. સમજાણું કાંઈ?

'કારણ...' કહે છે કે આ નવ કેમ કહ્યા? કહ્યું હતું પાછું તારવવાનું એકને. શુદ્ધનયથી ભગવાન આત્મા સત્યાર્થ પ્રભુ ત્રિકાળ ભૂતાર્થ એનો અનુભવ, એનું જાણવું... જાણવાનો અર્થ એનો અનુભવ. સમજાય છે? એની અનુભૂતિ પ્રગટ કરવી. આહા..હા..! અનુભૂતિમાં પ્રતીત પ્રગટ કરવી એનું નામ ધર્મને પહેલા પાયે આવ્યો એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. ત્યારે નિજ નિધાનનો સ્વામી થાય છે. સમજાણું કાંઈ? અનાદિથી નવ પર્યાયનો સ્વામી થતો એ મટીને એકરૂપ આત્મા એનો સ્વામી ત્યારે થાય છે. નિધાન આખું જેણે કબજે લઈ લીધું હવે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે...**' ભેદ છેને એ તીર્થ. સમ્યગ્દર્શન, શ્રાવક, મુનિ આદિ ભેદ છે એ બધો વ્યવહાર છે અને એ '**તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે...**' એમ કહે કે વ્યવહારધર્મ કરવાને માટે એમ નથી. ફક્ત ભેદરૂપ વ્યવહારમાં અહીં પડ્યો છે એને સમજાવવું છે કે પ્રવૃત્તિ અર્થે '**અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો—**' આહા..હા..! ભારે ઝીણું!

કહે છે, પ્રભુ આત્મા ઝળહળ જ્યોતિ જ્ઞાન ભગવાન આત્મા વસ્તુ અનાદિ-અનંત છે. એને માનતા, એને અનુભવ કરતાં સમ્યગ્દર્શન હોય છે. ત્યારે કહે આ નવ ભેદ પાડ્યાને? તમે, નવ છે એમ તો કહ્યું. એ તીર્થની વ્યવહારધર્મની પ્રવૃત્તિ અર્થે ભેદરૂપ છે એ બતાવવા માટે અભૂતાર્થનયથી કહેવામાં આવે છે. સાચી દૃષ્ટિથી નહિ પણ ઉપચાર દૃષ્ટિથી નવ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અભૂતાર્થ નયથી કહેવામાં આવે છે...**' કહેવામાં આવે છે હોં! સમજાણું કાંઈ? ગુણસ્થાનભેદ છે, સમકિત છે, જ્ઞાન છે, ચારિત્ર છે, શુદ્ધિ વધે છે, અશુદ્ધિ ઘટે છે એ બધો તીર્થ વ્યવહારભાવ છે. સમજાણું કાંઈ?

એને જણાવવા આવા નવ તત્ત્વો કહેવામાં આવે છે. શું કીધું?

'(વ્યવહારધર્મની) **પ્રવૃત્તિ અર્થે...**' ભેદમાં રહ્યો છે તેને જણાવવા અર્થે. ઓલો તો પછી વ્યવહાર કરે એમ કહે. પણ એ ભેદમાં પડ્યો છે એને જણાવવા માટે જૂઠી દૃષ્ટિથી એ નવના ભેદ કહેવામાં આવે છે. '**એવાં આ નવ તત્ત્વો...**' એવા આ નવ તત્ત્વો '**જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-—**' નવ નામ આપ્યા. આસ્રવને જુદો પાડી પુણ્ય-પાપને પણ જુદા પાડ્યા. '**જીવ, અજીવ,...**' પુદ્‌ગલ આદિ અજીવ. '**પુણ્ય,...**' આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય. '**પાપ,...**' આ હિંસા, જૂઠું, કમાવું, કમાવાના ભાવ, પૈસાના વ્યાજ ઉપજાવવાના ભાવ એ બધા પાપ (ભાવ). આખો દિ' પાપ જ કરતો હશે? આહા..હા..! કહે છે કે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, ક્રોધ, માન, માયા, લોભ આદિ ભાવ તે પાપ છે. '**આસ્રવ,...**' એ પુણ્ય-પાપના બે ભાવ થઈને આસ્રવ કહેવાય એને એકમાં નાખ્યા પાછા. '**સંવર,...**' આસ્રવનો ભાવ થોડો અટક્યો હોય એને અહીં સવંર કહેવામાં આવે છે. '**નિર્જરા,...**' કર્મનું ખરવું. '**બંધ,...**' રાગમાં અટકવું અને રાગથી છૂટું પડવું એ મોક્ષપર્યાય.

'**તેમનામાં...**' આવા નવમાં. ખુલાસો હવે કરે છે. '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર...**' આહા..હા..! અસત્યાર્થનયથી, અભૂતાર્થનયથી નવ છે એમ સિદ્ધ કર્યા છે. કેમકે તીર્થની પ્રવૃત્તિ વ્યવહારવાળી જ હોય છે. વ્યવહાર એટલે ભેદવાળી. સમજાણું કાંઈ? ભેદને આશ્રયે ધર્મ થાય છે એ અહીં વાત નથી, પણ ભેદ છે એ જણાવવા અર્થે નવની વાત કરી. પણ એમાંથી '**એકપણું પ્રગટ કરનાર...**' ચૈતન્યજ્યોતિ જ્ઞાયકભાવ જાણનાર... જાણનાર... જાણનાર... આ સંવર થયો તોપણ જાણનાર, મોક્ષ થયો તોપણ જાણનાર, બંધ થયો તોપણ જાણનાર અને નિર્જરા થઈ તોપણ જાણનાર. કરનાર નહિ. આહા..હા..! હજી તો વાત જ અજાણી એટલે શું કહે છે એને પકડવામાં જ જ્યાં મુશ્કેલ પડે એ પ્રગટ કરવાનો પ્રયત્ન કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? એકપણું પ્રાપ્ત કરી... પર્યાયોમાં અનેકપણું નવનું છે એનાથી એકપણું ભિન્ન પાડીને એકપણું પ્રગટ કરવું, પ્રાપ્ત કરવો એકરૂપ ત્રિકાળી સ્વભાવ છે એમ પ્રાપ્ત કરવું. એકપણું પ્રગટ કરી, પ્રાપ્ત કરી '**શુદ્ધનયપણે સ્થપાયેલા...**' '**ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' ત્રિકાળ સ્વભાવથી દૃષ્ટિથી એને એકપણું પ્રાપ્ત કરી. આહા..હા..! ગાથા જરી ઝીણી છે. અભ્યાસ જ ન મળે ત્યાં એને એવું લાગે કે આ શું હશે આ? અભૂતાર્થથી નવ કહ્યા છે એમાંથી યથાર્થ ભૂતાર્થનયે તેમાંથી એકલો તારવવો જુદો. આહા..હા..! એક અંશ ઉપર દૃષ્ટિ છે ત્યાં નવ પ્રકાર છે. પર્યાય છે કે નહિ? છેને. ગુણસ્થાન છે કે નહિ? અસ્તિ છેકે નહિ? કે સસલાના શિંગડા છે એ? એ નવમાંથી ભૂતાર્થદૃષ્ટિએ અંતર એકરૂપને પકડવો. '**ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા...**' જુઓ,

ત્યાં ભૂતાર્થ કીધો અને શુદ્ધનય બધું એકની એક વાત છે.

**'આત્માની અનુભૂતિ—'** એ આત્માનો અનુભવ. અંતર્મુખ દૃષ્ટિ કરતાં આત્માનો અનુભવ થાય એને અનુભૂતિ કહે છે. જેમાં આનંદનો સ્વાદ આવે, અનંત ગુણના અંશો જેમાં પ્રગટ થાય એને અહીંયાં અનુભૂતિ કહે છે. આહા..હા..! **'આત્માની અનુભૂતિ—'** છેને? **'શુદ્ધનયપણે સ્થપાયેલા...'** શુદ્ધનયપણે જ રહેલો છે આત્મા. એને એકપણું પ્રગટ કરી **'આત્માની અનુભૂતિ—કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે—'** આ ટીકાનું નામ છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મા પ્રસિદ્ધ થયો, ખ્યાતિમાં આવ્યો પ્રસિદ્ધમાં. એ નવ પ્રકારની પર્યાયની આડમાં નહોતો દેખાતો. આખી ચીજ એને નવ પ્રકારના પર્યાયભેદથી ખસી ત્રિકાળ વસ્તુની દૃષ્ટિમાં જ્યાં આવ્યો તો કહે છે એ આત્મખ્યાતિ છે. એ આત્મા પ્રસિદ્ધ થયો. હતો તો ખરો, પર્યાયમાં એને એકરૂપનો અનુભવ થયો ત્યારે આ આત્મા છે એમ પ્રસિદ્ધમાં આવ્યો. આવું છે.

**'આત્માની અનુભૂતિ—કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે—તેની પ્રાપ્તિ હોય છે.'** સમજાણું કાંઈ? એની વર્તમાન દશામાં નવ તત્ત્વરૂપ અનેકરૂપપણું હોવા છતાં ભૂતાર્થનયથી એને એકરૂપપણાને જો પ્રાપ્ત કરે તો નવ ભેદ એની દૃષ્ટિમાં રહેતા નથી. સમજાણું કાંઈ? દુર્લભ કોણ આમાં? અપવાસ કરવા એ દુર્લભ હશે કે આ અનુભૂતિ કરવી એ દુર્લભ હશે? ભાઈ! સુકાવું શરીરને કાંઈ ઓછી વાત છે? અપવાસ આઠ-આઠ કરે, આ બાયડ્યું કરે વર્ષીતપ. સમજાણું કાંઈ? એ પાછળ કાંઈક પાંચ-પચ્ચીસ હજાર પૈસાના પ્રમાણમાં ખર્ચે. નહિતર લાંઘણું કહેવાય એને. ઉજવણું કરે. અરે! ઉજવણા તારા છે. કોલસાના ઉજવણા છે. લાંઘણું કરી છે તેં તો, સાંભળને! ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદનું સ્વરૂપ એને તેં પ્રતીતમાં, જ્ઞાનની અનુભૂતિમાં લીધો નથી (તો) તારું બધું નિરર્થક છે. આહા..હા..! માવાણી! બાયું વર્ષીતપ બહુ કરે છે. સાંભળ્યું છે? ઘરે કર્યું નથીને કોઈ દિ'? ઠીક. એ તો બહાર પરદેશમાં રહ્યા હોય એટલે ન કરે. અહીં દેશમાં તો કરે. ... આવક કરીએ અને વળી ઉજવણું થાય અને બહાર પડશું આપણે. બહાર જ પડ્યો છે બહિરાત્મા. આહા..હા..! નવમાં ઘૂંચાઈ ગયો છે કહે છે. આહા..હા..! મહાનિધાન પ્રભુ એ અંતર્મુખની દૃષ્ટિ કરતાં અનુભૂતિ એક સ્વરૂપની થઈ એને આત્મખ્યાતિ કહેવામાં આવે છે. કહો.

**'(શુદ્ધનયથી નવ તત્ત્વને જાણવાથી...'** જાણવાથીનો અર્થ એ અનુભવવાથી **'આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.)'** હળવે-હળવે તો કહેવાય છે, ભાઈ! આ કાંઈ બહુ ઉતાવળથી ચાલતું નથી. નહિ? નવનીતભાઈ! પ્રોફેસર હોય કોલેજના તો એકદમ હાંકે રાખે એક કલાક. ત્યાં એને રસ હોય કે આપણે ભણશુંને તો પછી કાંઈક સારી નોકરી મળશે, પૈસા મળશે, કુટુંબ સારા થશે. આહા..હા..! અહીં તો સારો તું તને પ્રાપ્ત કરે ત્યારે

સારો તું થા એમ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ રળાવ થાય ત્યારે માણસો નથી કહેતા? અમારા કુળમાં કર્મી જાગ્યો. એમ કહે છેને? કે ધર્મી જાગ્યો એમ કહે છે? કર્મનો કરનારો જાગ્યો છે એક. મહિનાના બબ્બે લાખની પેદાશું અને પાંચ કરોડની મૂડી, આ છે ને ધૂળ છે. વાતું કરે માણસો. બાયડી નવરી હોયને ત્યારે. ઓહો..હો..! ભાઈ! આ નહોતા ને સાંપડ્યા. આપણા બાપ પાસે ક્યાં હતા? આ છોકરો રળાવ થયો તો બે પૈસા ભેગા થયા. અરે! ભગવાન! ક્યાં ભેગા થયા? તારી પાસે ક્યાં છે? એ તો જડના છે. સમજાણું કાંઈ? આ આત્માનો પુત્ર-પ્રજા-પર્યાય એ દ્રવ્યને પકડે ત્યારે એ સારો થાય. ત્યારે એને આ આત્મા છે એમ પ્રસિદ્ધિમાં, પ્રતીતમાં આવે. ત્યારે એને સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે નવની વ્યાખ્યા કરે છે. '**ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...**' એટલે શું કહ્યું? કે આ આત્મામાં શુભભાવ થાય શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભ પુણ્ય-ભાવ એ પુણ્ય. એ '**વિકારી થવા યોગ્ય...**' એ પર્યાયમાં એ ભાવ થવા યોગ્ય હતો તે ભાવ થયો. જીવની પર્યાયમાં પુણ્ય થવાને યોગ્ય એટલે યોગ્યતા. વિકારી થવાને યોગ્ય પર્યાય છે તે. આહા..હા..! '**અને વિકાર કરનાર—**' એટલે કે વિકારી થવા યોગ્ય એવો જે ભાવ. એમાં પૂર્વનો ઉદય નિમિત્ત છે. તેને વિકાર કરનાર એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભેદ પડે છે એ નિમિત્તથી પડે છે એમ સિદ્ધ કરવું છે. એકલામાં ભેદ નથી. પરસન્મુખનું નિમિત્તપણું અને આત્માની પર્યાયમાં એની નૈમિત્તિક દશા. એકલો આત્મા છે એમાં નવ પડે નહિ. સમજાણું કાંઈ? ગાથા ઝીણી છે ભાઈ. આહા..હા..! સંસારના અભ્યાસ માટે કેટલા વર્ષ ગાળે છે નહિ? હેરાન-હેરાન. ૨૫-૨૫ વર્ષ સુધી ભણે અને અમેરિકામાં જાય અને કેટલાક તો ત્યાં બાયડી પરણે અને ત્યાં રહે. અહીંની પરણેલી મૂકી દે. એ બધું ઘણું સાંભળ્યું છે. ... ઓહો..હો..! કેટલા વર્ષ સુધી રહે પાછો ત્યાં.

મુમુક્ષુ :- એ તો પછી ત્યાંનો વતની થઈ જાય.

ઉત્તર :- ત્યાંનો વતની થઈ જાય. આફ્રિકામાં એમ છેને ભાઈ! કે એને રહેવું હોય તો આમાં વતની થાવ. લખી દ્યો. આહા..હા..! અરે! ભગવાન! કોનો વતની થાય ભાઈ?

કહે છે '**વિકારી થવા યોગ્ય...**' એ પર્યાયમાં પુણ્યભાવ થવા યોગ્ય '**અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...**' જરી ઝીણું છે હોં! કહે છે કે આત્માએ શુભભાવ કર્યો એ વિકાર થવાને યોગ્ય હતો. એમાં પૂર્વનો ઉદય એને પણ દ્રવ્ય પુણ્ય કહેવામાં આવે છે. નિમિત્ત છેને આમાં? સમજાણું કાંઈ? અહીંયાં ભલે ઉદય અમુક જાતનો હોય, પણ એ અમુક જાતની યોગ્યતા હોય ત્યાં અમુક જાતનો ઉદય ત્યાં હોય. આહા..હા..! ઝીણું છે હોં થોડું.

થોડું ઝીણું છે. પણ એવું નથી. એના ઘરની વાત છે એટલે એને કેમ ન કહે કે એવી રિસાવ થઈને રિસાણો છેને. પોતાની ચીજથી રીસાણો થઈ ગયો. આહા..હા..! કહે છે કે નવ કેમ ઊભા થયા? વસ્તુ તો એકરૂપ છે ચીજ દ્રવ્યસ્વભાવે અને પર્યાયમાં નવ કેમ ઊભા થયા? કે જે અભૂતાર્થનયથી જાણવામાં આવે છે. છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે, પણ ત્રિકાળની અપેક્ષાએ તે અભૂતાર્થ છે. લ્યો! આવ્યું કે નહિ ભૂતાર્થ અને અભૂતાર્થ?

મુમુક્ષુ :- પોતે જ ભૂતાર્થ અને પોતે જ અભૂતાર્થ.

ઉત્તર :- હા એની પર્યાય છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે અને ત્રિકાળની અપેક્ષાએ તે અભૂતાર્થ છે. કાયમ રહેતી ચીજ નથી.

'**વિકારી થવા યોગ્ય...**' એટલે જીવના ભાવમાં ભાવપુણ્ય, ભાવપુણ્ય. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ. એ વિકારી થવા યોગ્ય ભાવ એની લાયકાત. પર્યાયની લાયકાત એ હતી. અને '**વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...**' એ પૂર્વનો ઉદય છે, અહીં ભાવપુણ્ય થયું એમાં પૂર્વનો ઉદય છે એને પણ દ્રવ્યપુણ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું ભાઈ! આવું બધું ત્યાં મુંબઈમાં વાંચવા બેસે તો આ બધું શું કહેવા માંડ્યું? કહેશે. આહા..હા..! અરેરે! એના આત્માની દરકાર એણે કરી નહિ. અરે! હું દુઃખી છું... હું દુઃખી છું. એ દુઃખની દશાને યોગ્ય છે માટે દુઃખી છે એમ કહે છે. અને ત્યારે પૂર્વનું કર્મ એને દુઃખમાં નિમિત્ત માટે એ કર્મ પણ દુઃખ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘાતિના ઉદયને પુણ્ય કહેવાય.

ઉત્તર :- હા, .. ઉદય પુણ્ય કહેવાય. એ વાત થઈ ગઈ. પહેલી થઈ ગઈ. ઘાતિના ઉદયને પુણ્ય કહેવાય. ભાવ આમાં જે નિમિત્ત છે એને દ્રવ્યપુણ્ય કહેવાય, આ ભાવ છે. શું પૂછ્યું પંડિતજીએ? એમ કે પુણ્ય તો અઘાતિ ભાવને હોય, અઘાતિમાં પુણ્ય-પાપના ભેદ છે. ઘાતિમાં ક્યાં પુણ્યનો ભેદ છે? અહીં તો પુણ્યના ભાવ જે જીવમાં થયા એની યોગ્યતા જીવની પર્યાયમાં હતી. ત્યારે દ્રવ્યપુણ્ય જે જડ છે એના ઉદયને ભલે ઘાતિ હો, પણ વિકાર છેને, વિકારનું નિમિત્ત ઘાતિ છે, અઘાતિ નથી. એ તો બહારના ફળ આપવામાં અઘાતિ કર્મ છે. સંયોગમાં છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવું. હીરાચંદભાઈ! આહા..હા..!

કહે છે કે એકવાર અસ્તિ છે તારું તત્ત્વ એકરૂપ ત્રિકાળ. એમાં પર્યાયમાં નવ ભેદ કેમ પડ્યા? છે ખરા, પણ ત્રિકાળમાં એકપણાની અપેક્ષાએ તેને જૂઠા કહેવામાં આવે છે. પણ એ જૂઠા છે એ એનાથી છે. જૂઠો પણ રૂપિયો છેને. ખોટો પણ રૂપિયો તો રૂપિયો છેને? સમજાણું કાંઈ? આહા..હા..! '**બન્ને પુણ્ય છે,...**' બન્ને પુણ્ય કોને કહ્યા? એક, ભાવ રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ ભાવપુણ્ય અને પૂર્વનો ઘાતિ કર્મનો ઉદય

એને દ્રવ્યપુણ્ય કહ્યું. આવા એકલાને આવા બે ભેદ ન ઉત્પન્ન થાય એમ બતાવવું છે. સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગ બાપા ઝીણો છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર જેના ઈન્દ્રો દાસાનુદાસ, લોકના સ્વામી પણ દાસાનુદાસ. બાપુ! એ માર્ગ કોઈ જુદી જાતનો છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, હજી તો અહીં નવને સિદ્ધ કરે છે. એકલા પુણ્યભાવ નિમિત્તના આશ્રય વિના ન થાય. આત્માને આશ્રયે પુણ્યભાવ ન થાય. સમજાણું કાંઈ?

હવે આ તો ૧૭મી વાર ચાલે છે ભાઈ આ. ૧૬ વાર પૂરું થઈ ગયું. આ ૧૭મી વાર ચાલે છે. સમયસાર સભામાં હોં! આપણે ૯૮-૯૯ ગાથા ચાલી હતીને ભાઈ ત્યાં રાજકોટમાં. કઈ સાલ? ૯૦. ૯૦ની સાલમાં શરૂ કર્યું હતું ત્યાં. પહેલું .. ૯૯ ગાથા થઈ હતી. પછી ત્યાંથી થોડી ત્યાં થઈ હતી જામનગર, પછી અહીંયાં આવીને પૂરું કર્યું. ઓલું ઝટ દઈને સમજાવવું હતુંને. ઓલું છપાતું હતું ખરુંને એટલે ત્યાં .. શુભભાવ... છ મહિનામાં વંચાઈ ગયું હતું. પહેલું છ મહિનામાં આખું સમયસાર. છપાતું હતુંને ૯૭માં. એ .. ત્યાં. રાજકોટ મૂક્યો હતો એક ભાઈ નહિ? અમૃતલાલ ઝાટકિયાને. પછી એક ફેરી આંસુ આવી ગયા હતા. કીધું, બરાબર જુઓ. આડુઅવળું કરવું નહિ આપણે. કીધું હતું. .. છાપ નવી થઈ. .. જયસેનાચાર્યની શૈલી છે આ તો જયચંદ્ર પંડિતે કર્યું છે. એના ભાવને જાળવીને અર્થ કરવો, અનુવાદ કરવો. ૯૫માં. ૯૭માં છપાઈ ગયું. આહા..હા..!

કહે છે કે '**એ બન્ને પુણ્ય છે,...**' બન્ને એટલે જે ભાવ છે એ પુણ્ય છે ભાવ, અને પૂર્વના કર્મનો ઉદય એ પણ એક પુણ્ય છે, પુણ્યનું નિમિત્ત એને પુણ્ય કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેમ જ એ બન્ને પાપ છે,...**' પરિણામમાં હિંસા, જૂઠું, ચોરી, ભોગવાસના પ્રગટ થઈ, રળવાનો ભાવ, કમાવાનો ભાવ, એ ભાવ બધો પાપ છે. એ ભાવપાપ છે. ત્યારે પૂર્વનું કર્મ ઉદય એને નિમિત્ત છે એને દ્રવ્યપાપ કહે છે. અહીં તો એક આત્માના ત્રિકાળી સ્વભાવને નિમિત્તના આધીન થયા વિના આના નવ પ્રકાર પડે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને તેથી બે સિદ્ધ કરે છે એને છોડીને એકલો જ્ઞાયકભાવનો આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે એ સુખને પંથે પડ્યો છે. નહિતર તો દુઃખને પંથે છે. દુઃખમાં દોરાઈને દોડીને દુઃખમાં કૂદે છે. પ્રવિણભાઈ! દુઃખમાં કૂદે છે. આહા..હા..!

એક રાજા હતોને. નહોતો આવતો નીચે એવો નહિ? એક પહેલો પરણ્યો તો એક રાતમાં કરોડ રૂપિયા ખર્ચ્યા. સુહાગરાત પહેલી કહેવાયને? કોણ એક રાજા નહિ ઓલો? છાપામાં આવ્યું હતું. એક રાતમાં કરોડ રૂપિયા ખર્ચ્યા. પરણ્યો એના પહેલે દિ'એ. શું કહેવાય આ દારૂ ને .. સુહાગરાત પહેલી રાત. મૂર્ખા છે. છાપામાં આવ્યું છે. આપણે ક્યાં જોવા ગયા હતા. કો'ક કહેતું હતું. સમજાણું કાંઈ? કહે છે કે એવા પાપના ભાવ અંદર થયા એની પોતાની

યોગ્યતાથી થયા છે. એમાં નિમિત્ત પૂર્વના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. બેને લઈને એ નવ ભેદ પડે છે એમ કહે છે. વિકારી હેતુ નિમિત્ત છે, વિકારની યોગ્યતા જીવમાં પોતાને કારણે છે. સમજાણું કાંઈ? વિકાર કરનાર શબ્દ વાપર્યો છે. વિકારી થવાયોગ્ય અને વિકાર કરનાર. કરનારનો અર્થ નિમિત્તને કરનાર કહેવામાં આવે છે. આવશેને આગળ આવશે. વિકાર હેતુ કહ્યો.

'**બન્ને પાપ છે,...**' બન્ને કોણ? પરિણામમાં જે ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, જૂઠું, ભોગ આદિ ભાવ થયા એ પાપ છે. જીવની પર્યાયમાં પાપ છે અને એ પાપનું નિમિત્ત પૂર્વના કર્મનો ઉદય એ નિમિત્ત એને પણ દ્રવ્યપાપ કહેવાય છે. સમજાણું કાંઈ? કેટલું સમજવું આમાં? નવને પણ વ્યવહારે શ્રદ્ધવા જોઈએ, પર્યાયના ભેદ છે એમ જાણવા જોઈએને એણે? છેને? આ રીતે નવથી ઊભો થયેલો અનાદિથી રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમ જ એ બન્ને પાપ છે,...**' ભાવપાપ અને એમાં નિમિત્ત જે ઉદય છે એ દ્રવ્યપાપ. ઉદય શું ને આ શું? વિકાર કાંઈ આત્માને આશ્રયે થાય? નિમિત્તને આશ્રયે કરે પોતે પણ આશ્રય પરનો હોય એમાં. નિમિત્તનું લક્ષ થઈને એ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં બે ઉતાર્યા ભાઈ! વિકાર થવાયોગ્ય પણ પોતે અને વિકારના પરમાણુ બાંધે એનો કરનારો પણ પોતે. એ એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :- આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ઓલો વિકાર કરનારો પરનો કરે અને પોતે પણ થવાને લાયક અને પરને વિકાર કરે? એ વાત અહીં છે નહિ. એનો અર્થ કર્યો છે એણે. સમજાણું કાંઈ?

અહીં તો એકરૂપ ચૈતન્ય ભગવાનનો આશ્રય કરતાં એકરૂપની શ્રદ્ધા થાય તેને સમકિત અને સાચો કહેવામાં આવે. ત્યારે નવમાંથી તારવવો છે ત્યારે નવ છે શું એ? કે નવ છે એ થવાને લાયક તો પોતાનો ભાવ છે, પણ એમાં એક બીજી ચીજ નિમિત્ત છે. સમજાણું કાંઈ? '**આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—**' હવે બેને ભેગા કર્યા. શુભ અને અશુભભાવ એ આસ્રવ છે. આસ્રવ થવાને લાયક જીવની પર્યાય છે. છેને? '**આસ્રવ થવા યોગ્ય...**' યોગ્યતા એની છે. પરે આસ્રવ કરાવ્યો એમ નથી. પુણ્યના ભાવ પણ,... ઓલા કહેને જેવો કર્મનો ઉદય આવે એવા પુણ્યભાવ થાય, જેવો કર્મનો ઉદય આવે એવા પાપભાવ થાય. એમ નથી. તારી લાયકાતથી પર્યાયમાં પાપ અને પુણ્યના ભાવ થાય છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મામાં એ પુણ્ય અને પાપ શુભ-અશુભભાવ એ તો ભાવઆસ્રવ છે, ભાવઆસ્રવ છે અને એના કર્મનો ઉદય જે એ કાળે છે એને દ્રવ્યઆસ્રવ કહેવાય છે. એ આમાં પણ આવે છે. ભાઈએ એમ કહ્યું છે. સિદ્ધાંત પ્રવેશિકામાં એને કર્મના ઉદયને

પણ આસ્રવ કહ્યો છે. કર્મનો ઉદય છે એ આસ્રવ છે. હવે તો આમાં પણ આવે છે. પણ આ તો એણે પ્રવેશિકામાં કહ્યું. ગોપાળદાસ બરૈયા. છોકરાને શીખવે છેને એમાં પણ આવ્યું હતું કે પૂર્વનો ઉદય છે ઈ આસ્રવ કહેવાય. કારણ કે ભાવઆસ્રવને નિમિત્ત છે માટે એનો પણ આસ્રવ કહેવાય. નવા રજકણ આવે તો જ (તેને જ) આસ્રવ કહેવાય એમ નહિ. સમજાણું કાંઈ? પર્યાયનું અને દ્રવ્યનું સ્વરૂપ શું છે એમ એણે જાણવું તો જોઈએને. પછી એમાંથી ખસીને દ્રવ્ય ઉપર આવે ત્યારે એ સાચો સમકિતી અને ધર્મી થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આસ્રવ થવા યોગ્ય...'** જીવની દશા. પુણ્ય-પાપને લાયક એની દશા, એના લાયકાતને લઈને થાય એમ કહે છે, કર્મને લઈને નહિ. **'અને આસ્રવ કરનાર—'** એટલે આસ્રવ થાય તેનું નિમિત્તપણું એ આસ્રવ કરનાર કહેવાય. કારણ કે અહીંયાં વસ્તુસ્થિતિ એવી છે કે સ્વભાવમાં એ છે નહિ. પર્યાયમાં જે ભેદ પડ્યો એ નિમિત્તને આધીન ભેદ પડે છે. નિમિત્તને પણ આસ્રવ કહેવામાં આવે છે. એમાંથી જુદો પાડીને એકલો આત્માને અનુભવવો જોઈએ. એનું નામ સમકિતદર્શન અને ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૫, શુક્રવાર, તા. ૩૧-૧૨-૧૯૭૧
## ગાથા-૧૩ પ્રવચન-૫૬

આ સમયસારની જીવ અધિકારની ૧૩મી ગાથા. એમ શ્લોક છે અહીંયાં જરી ઝીણી વાત તો છે. અનંત કાળનો અભ્યાસ નહિ, સાંભળ્યું ન હોય કાંઈ. આ રખડવાના ભાવ અનંત વાર કર્યા અને ચોર્યાસીમાં રખડે છે લ્યો. આ કાલે ગયા હતા. છોકરાને રજા પાડી. ભાઈ ગુજરી ગયોને તમારે .. સવારે. રજા રાખી હતી. ક્યાં હવે આ મરીને ક્યાં ગયા હશે? છે કાંઈ મેળ? ધર્મ-બર્મની તો કાંઈ ખબર નહોતી. આ શોધવું અને આ શોધવું. આ આત્મા જે છે દેહમાં ભિન્ન એમાં બે પ્રકાર છે એમાં આત્મામાં. એક તો વર્તમાન પર્યાય—અવસ્થામાં કર્મનું નિમિત્ત છે અને એનો અભાવ એમ કરીને એક પર્યાયમાં નવ ભેદ પડે છે. પર્યાય

શું હશે વળી? એ સમજવું પડશે એને? પર્યાય તો સમજાય છે કે નહિ? જયંતિભાઈ!

મુમુક્ષુ :- વર્તમાન હાલત.

ઉત્તર :- વર્તમાન અવસ્થા. કહો, સમજાણું કાંઈ?

આ વસ્તુ છે. આ તો જડ છે, આ તો માટી છે, વાણી જડ છે. હવે જે આત્મા છે અંદર એ આત્મા એના એક સમયમાં ત્રિકાળ રહેવાનો સ્વભાવ પણ છે અને એક સમયની અવસ્થા થવાનો પણ એનામાં સ્વભાવ છે. બદલે છેને? બદલવા વિના એણે સમજણ કરવી અણસમજણ ટાળવી, સત્યમાં આવવું, અસત્યને ટાળવું એ હોઈ શકે નહિ. એટલે બદલવાનો પણ એનો સ્વભાવ છે અને એકરૂપ ત્રિકાળ રહેવાનો પણ એનો સ્વભાવ છે. હવે અહીંયાં કહે છે એ બે પ્રકારમાં આ બે નવ પડ્યા કેમ? એક વસ્તુ છે આખી એમાં એક સમયની પર્યાયમાં નવ પ્રકારના ભાગ-ભેદ કેમ પડ્યા? કે જે વ્યવહારનયનો વિષય છે કે જે ધર્મી જીવને અંતર દૃષ્ટિ કરવામાં એ હેય છે. આવો વિષય છે ઝીણો બહુ. વજુભાઈ! સમજાણું કાંઈ?

'**આ જીવાદિ નવતત્ત્વો**...' પહેલી લીટીથી લઈએ ફરીને. '**જીવાદિ નવતત્ત્વો**...' એટલે કે આ જીવ આત્મા છે વસ્તુ અને એની પર્યાયમાં નવ ભેદ પડે છે. એમાંથી એકરૂપી તારવવો જુદો પાડીને એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે**...' એટલે કે એ નવના ભેદ તરફનું લક્ષ છોડી એનો અંતર્મુખ જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ એને પકડીને યથાર્થ દૃષ્ટિથી જે સમ્યગ્દર્શન થાય એને ધર્મની પહેલી દશા કહેવામાં આવે છે. આહા..હા..! બાકી દુઃખને પંથે છે ઈ. સમજાણું કાંઈ? કેમકે આત્મામાં આનંદ છે. ત્રિકાળી સચ્ચિદાનંદ સ્વરૂપ છે ઈ. એવા આનંદમૂર્તિને આ નવ પ્રકારના ભેદમાંથી લક્ષ છોડીને એકલો સત્યાર્થ ત્રિકાળી સ્વભાવ એવી અંતર દૃષ્ટિ કરતાં બહિરના નવ ભેદમાંથી છૂટીને અંતરમાં એકરૂપમાં અભેદ થતાં એને સમ્યગ્દર્શન નામ ધર્મની પહેલી શરૂઆત થાય છે. કહો, સમજાણું કાંઈ? આમાં કાંઈ અમેરિકામાં સમજાય નહિ. આવ્યું હતું આ? કોઈ દિ' વાંચ્યું છે આ? નથી આવતું લ્યો. પણ ચોપડી-બોપડી લઈ જતા હશો કે નહિ ત્યાં કાંઈ વાંચવાની?

મુમુક્ષુ :- સમયસારજી છે.

ઉત્તર :- સમયસાર. પણ એમાં સમજાય નહિ શું તમને આ? આહા..હા..! બાપુ! તારા માર્ગ એવા ઝીણા છે, ભાઈ! તને પ્રાપ્ત કરવામાં, તું છો એવું થવામાં માર્ગ ઝીણા છે, સૂક્ષ્મ છે. અનંત-અનંત કાળ થયો. આહા..હા..! એણે વિચાર્યું નથી. અરે! હું તે વર્તમાનમાં દુઃખી છું કે દુઃખના પંથે પડ્યો છું? શું છે આ? એવો એણે કોઈ દિ' વિચાર કર્યો નથી. આ શરીર, વાણી અને આ હું, આ હું, આ હું. એની વ્યવસ્થામાં રહેવું અને એને સરખા

રાખું એમ ને એમ મિથ્યાદષ્ટિએ અનંતકાળ ગુમાવ્યો રખડવામાં છે. સમજાણું કાંઈ?

કહે છે, '**આ જીવાદિ...**' એટલે જીવ, આ જડ શરીર, પુણ્યના દયા, દાનના ભાવ પુણ્ય, હિંસા, જૂઠા, રળવાના પાપ એ બે થઈને આસ્રવ અને એમાંથી આસ્રવ અટકીને કાંઈક સંવર થાય, શુદ્ધતા આવે અને શુદ્ધતાની વૃદ્ધિ થાય એ સંવર, નિર્જરા અને શુદ્ધતાની પૂર્ણતા થાય એ મોક્ષ. કહો, હવે આમાં સમજાય છે આમાં કાંઈ? આત્મા વસ્તુ છેને, કીધીને વસ્તુ પદાર્થ છેને. તો એ વસ્તુ છે તો અનાદિ-અનંત છે. છે, છે ને છે. ગયા કાળમાં ક્યાંય નહોતી એમ હોય? નહોતી તો આવે ક્યાંથી? થઈ ક્યાંથી? અને છે એ ભવિષ્યમાં ક્યાંય નહિ રહે એમ છે? છે એ ક્યાં જાય? એવું અનાદિ-અનંત એનું તત્ત્વ જે સત્ત્વ એની વર્તમાન દશામાં નવ પ્રકારના ભેદ પડી ગયા છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયની હાલત એટલું એ જીવતત્ત્વ, અજીવને જાણનારું એ જ હું (અજીવ) તત્ત્વ એમ પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા. પુણ્ય અને પાપ બે થઈને આસ્રવ છે અને એનું અટકવું એમાં એ બંધ છે. અને એમાંથી નિમિત્તનો આશ્રય છોડતાં જે કાંઈ અંદર સંવર, નિર્જરા અને મોક્ષ. કાંઈક શુદ્ધતા છે એવી શુદ્ધતા અંશે પ્રગટે એને સંવર કહેવામાં આવે છે અને એ શુદ્ધતાની વૃદ્ધિ થાય એને નિર્જરા કહેવામાં આવે છે. ખરી ગઈ અશુદ્ધતા કાંઈક. અને પૂર્ણ શુદ્ધતા થાય એને મુક્તિ કહેવામાં આવે છે. પણ એ બધા પર્યાયના ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ '**નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે...**' એનો અર્થ કે નવમાંથી એકલો આત્મા અભેદ દૃષ્ટિથી જોતાં એને '**સમ્યગ્દર્શન જ છે...**' એનું નામ સમ્યગ્દર્શન. સુખની કળા એને હાથ આવી. કહો, સમજાણું કાંઈ? ભંડારમાં માલ તો પડ્યો હતો પણ કુંચી નહોતી એટલે ઉઘડતું નહોતું. એમ આત્મામાં આનંદ તો ભરપૂર ભર્યો છે, પણ અંદર સ્વભાવની એકતાની કુંચી નહોતી એટલે આનંદ ખીલ્યો અને ખુલ્યો નહોતો. ...ભાઈ! આહા..હા..! અરે! ભાઈ! માણસ આ બહારની લાલચ એવી મારી નાખે છે. આહા..હા..! એમાં પાંચ-પચાસ હજારની પેદાશ હોય મહિને કે બે મહિને કે વર્ષે. અરે! પ્રભુ પણ તું ક્યાં ત્યાં છો? તું ક્યાં ત્યાં છો કે તને એમાંથી સુખ મળે? સમજાણું કાંઈ? એ હું છું અને એની વ્યવસ્થા કરવામાં રોકાય એ બધો અધર્મભાવ છે. દુઃખમાં ઘેરાઈ ગયેલો છે ઈ. આહા..હા..! અહીં આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે અંદર. એ આનંદસ્વરૂપ એકરૂપ અને આ નવ ભેદ અનેકરૂપ એ અનેકમાંથી ભૂતાર્થનયે એટલે છતો ત્રિકાળ છે એને આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એનું નામ ધર્મ છે. કહો, સમજાય છે કે નહિ? લલિતભાઈ! થોડું થોડું સમજાય છે. શું કરે? શબ્દો ન મળે આ, બહારને આડે નવરાશ ન મળેને ભાઈ! આ તો વળી ભાઈએ બોલાવ્યા તો આવો કે ચાલો ભાઈ ત્રણે જણા. આહા..હા..!

અરે! ભગવાન! આ નિયમ કહ્યો. 'કારણ કે **તીર્થની...**' ધર્મ છે, ધર્મના ફળ છે.

સમજાણું કાંઈ? અધર્મ છે, અધર્મનો અભાવ થાય છે. એવી વાત '**તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ**(વ્યવહાર) **નયથી કહેવામાં આવે છે...**' પર્યાયમાં અધર્મ છે એ ટળે છે અને એમાં ધર્મની દશા થાય છે એ બધું તીર્થ કહેવાય છે એને. સમજાણું કાંઈ? એ બધો વ્યવહાર છે. '**તીર્થની પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થનયથી...**' એટલે કે વ્યવહારનયથી, ત્રિકાળ સત્ય છે તો વર્તમાન પર્યાયના ભેદો એને અસત્યાર્થ નયથી એ નવ કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવાં આ નવ તત્ત્વો—જેમનાં** લક્ષણ જીવ,...' નવના લક્ષણ કહે છે હવે. '**જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે—તેમનામાં...**' એવા નવમાં, વર્તમાન દશાના ભેદમાં જે નવ પ્રકાર દેખાય છે '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતાં, અભેદપણાને પ્રાપ્ત કરી, '**શુદ્ધનયપણે સ્થપાયેલા...**' એટલે કે જે જ્ઞાનનો અંશ ત્રિકાળને આશ્રયે જાય છે, ત્રિકાળને કબુલે છે તેથી શુદ્ધનયથી રહેલા, સ્થપાયેલા '**આત્માની અનુભૂતિ—**' નવનો ભેદવાળો અનુભવ, એકલો નવનો ભેદવાળો અનુભવ એ મિથ્યાત્વ છે. હવે અહીં તો સંવર, નિર્જરા, મોક્ષ શુદ્ધ લઈએ તોપણ પર્યાયના ભેદ ઉપર જો દૃષ્ટિ રહ્યા કરે તો એનું અભેદપણું પ્રગટ થાય નહિ. આહા..હા..!

એક જણો આવ્યો હતો એ કહેતો હતો બહુ કે ધર્મ એવો હોય.. હમણા આવ્યો હતો. ઓલા રતિલાલ મોદી નથી કાંપના? એનો દીકરો અમેરિકા રહે છે. આવ્યો હતો. ... ધર્મ તો એવો હોય કે સરળ. કીધું, તમે ધર્મ સમજો છો? ધર્મ કેવો હોય? શેની માંડી છે? તમે અમેરિકા રહો એટલે જાણે ઓહો..હો..! સાધારણ ધોળા જેવો હતો. બધા આવ્યા હતા. ઓલા રતિભાઈ નથી વઢવાણના? આ મણિબેન હતાને આપણે એની બા. મણિબહેનને બહુ પ્રેમ હતો. આ શાંતાબેન ટોળિયા. એ રતિભાઈના .. દીકરો. ધર્મ તો એવો સાદો (હોય). પણ સાદો અને સરળ ધર્મ કહેવો કોને? તમારે એમ કે આ બહારની ક્રિયા જેમ અમને પકડાય એવો ધર્મ? તમારે શું કહેવું છે? આવા ને આવા બધા બિચારા બડથોલ જેવા. અમેરિકા એટલે શું પણ? બિચારા .. ધર્મ સમજ્યો હોય કે ધર્મ સમજવાની દરકાર હોય એને ધર્મ કેવો હોય એ કહેનારા કહી શકે. આવા શબ્દમાં ધર્મ હોય તો ત્યાં અમારે અમેરિકામાં કામ આવે અને તો અમે બીજાને સમજાવીએ. પણ તમે હજી સમજ્યા નથી અને સમજાવશો શું ધૂળને? મનોજભાઈ! અમે ત્યાં સમજાવીએ. પણ હજી તું તો સમજ પહેલો. અને પાછા સમજાવવું જાણે ઓહો..હો..! ઉતર્યા કાઠિયાવાડમાંથી ધર્મ સમજીને, લ્યો તમને સમજાવીએ.

પછી ફોટો આપ્યો હતો બહેનનો. મેં કીધું.. અમેરિકા ગયો. પછી ખુશી થયો હોં. ત્યાં હું એને રાખીશ, આમ કરીશ. તમારું પુસ્તક આપ્યું. શ્રીમદ્ રાજચંદ્ર. વાંચીશ. વાંચો બાપા!

આ એમને એમ તમે રળવામાં ૨૫-૨૫ વર્ષ કાઢો છો ભણવામાં અને આના માટે એકદમ તમને અંતર્મુહૂર્તમાં આમ થઈ જાય એવું અમને બતાવો. આ હજામત કરવામાં આટલા વર્ષ ગાળો છો ત્યાં રળવામાં અને ભોગમાં. હજામતું છે ન્યાં એકલી. સાચી વાત છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે પાતળા-જાડા કોણ પણ? પાધરું થાતું હશે કાંઈ? પણ એ તો જડ છે. અને આ તો આત્માની વાત છે. હવે આત્માને પાતળો-જાડો કરવો એની ખબર ક્યાં? થાય જ નહિ. શરીર પણ એને થવું હોય તો થાય. ઘણા મરી જાય છે ત્યાં સારું કરવા જાય અમેરિકા. ઓપરેશન કરવા ગયા અને મરી ગયા છે ત્યાં. કહો, એક તો નહિ બિચારો ઓલો સનાવદવાળો. એ જ કહું છું. જુવાન છોકરો હતો. રૂપાળો આમ જુઓ તો રાજકુમાર જેવો. સનાવદ નહિ? એનો બાપ પછી.. એને વાલનું દર્દ હતું વાલ. છાતીમાં છેને? એટલે ત્યાં મોકલ્યો. મોકલ્યો ત્યાં દવા ચાલતી હતી. મરી ગયો. આહા..હા..! ત્યાં ક્યાં અમેરિકામાં હતી ધૂળમાં? કોણ જાણે ત્યાં ધોળા ઓલા ચામડા અને લાલ ટોપા લગાડે તો ઓહો..! શું છે પણ હવે? ભૂતડા છે બધાય. મલૂકચંદભાઈ! આહા..હા..! અરે! તારું સ્વરૂપ પ્રભુ તને ખબર નથી.

કહે છે, એ નવપણાના ભેદમાં એ ભેદપણું તો અનંત વાર કર્યું છે એક સમ્યગ્દર્શન વિના. એ વળી સંવર, નિર્જરા, મોક્ષ અને બીજા તત્ત્વો. અહીં તો નવ ભેદ એક પર્યાયમાં નિમિત્ત આધીન પડે એની દૃષ્ટિ છોડીને આત્માનો આશ્રય કરવો એમ વાત છે. સમજાણું કાંઈ? '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની...**' ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ ધ્રુવ આનંદની મૂર્તિ છે, અસ્તિ છે, સામાન્ય એકરૂપ જેનો સ્વભાવ છે. એવા એકરૂપ ઉપર દૃષ્ટિ આપતા આત્માની અનુભૂતિ થાય છે. એને આત્માના આનંદનો સ્વાદ અને અનુભૂતિ થાય છે. સમજાણું કાંઈ? કહો, વસંતીલાલજી! આહા..હા..!

'**કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે—**' આત્મા નવના ભેદમાં અનાદિથી રોકાયેલો એને ટાળીને અથવા વર્તમાન પર્યાયને વ્યવહાર ભેદની દૃષ્ટિ છોડીને અંતર્મુખ ચીજ આખી પરિપૂર્ણ ચૈતન્ય આત્મા એનો આશ્રય કરતા જે અનુભૂતિ થાય એને આત્મખ્યાતિ કહેવામાં આવે છે. એ આત્મા પ્રસિદ્ધ થયો. જે પુણ્ય ને પાપ ને આસ્રવ ને બંધને નામે પ્રસિદ્ધ હતો, વિકારથી પ્રસિદ્ધ હતો એ નિર્વિકારી સ્વભાવથી પ્રસિદ્ધ થયો કે હું નિર્વિકારી આત્મા છું. આ તો ભાષા તો સાદી છે આમાં. જયંતિભાઈ! આહા..હા..! આ શરીર આદિ એક કોર રાખો, અંદર આત્મા વસ્તુ છે કે નહિ? અસ્તિ છેને? કે નાસ્તિ છે? અસ્તિ છે. તો અસ્તિપણું એટલે છે. છેપણું એ કાયમનું છે અને એક છેપણું એ એની વર્તમાન દશાનું છે. ભાઈએ

હાલત કીધુંને હાલત. હવે હાલતમાં ભેદ પડે છે. પુણ્ય અને પાપ અને આસ્રવ અને બંધ વગેરે. એ ભેદ છે એ વ્યવહાર છે. હવે એમાંથી છૂટીને. કારણ કે ભેદમાં કાંઈ અંતરના આનંદનો અનુભવ આવે નહિ. ભેદનો આશ્રય લેવા જાય તો એને રાગ અને આકુળતાની જ ઉત્પત્તિ થાય. એ અનાદિથી કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ આખી આડમાં રહી ગઈ છે. આગળ કહેશે નવ તત્ત્વ છિન્નં. નવ તત્ત્વથી ઢંકાઈ ગઈ છે. આહા..હા..! વસ્તુ અંદર ચૈતન્ય ઝળક સ્ફટિક રત્ન જેવો હીરો એવો જે ભગવાન આત્મા એને અંતર્મુખ દૃષ્ટિમાં વાળીને. બહિર્મુખ તો નવ ભેદ હતા. હવે અંતર્મુખ વાળીને એકપણાનો અનુભવ થવો એનું નામ અનુભૂતિ અને આત્માની પ્રસિદ્ધિ છે. આત્મા આનંદસ્વરૂપ છે, આત્મા શુદ્ધ છે એમ વેદનમાં આવતા આત્માની પ્રસિદ્ધિ થાય કે આ આત્મા છે. કહો, પોપટભાઈ! આહા..હા..! અરેરે! કોઈ દિ' એવી દરકાર કરી જ નથી એણે હોં. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહા..હા..! ધર્મને નામે પણ વિકલ્પો વ્રતના, તપના, પૂજાના, ભક્તિના, એ વિકલ્પો છે એને ધર્મ માન્યો છે એણે. સમજાણું કાંઈ? પણ વિકલ્પના રાગ વિનાની ત્રિકાળી ચીજ છે એના અનુમાનથી પણ વિશ્વાસને પહેલો લીધા વિના અંતર્મુખ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છેને? બધું સમજાણું ક્યાં કહેવાય છે. આહા..હા..!

**'તેમનામાં એકપણું...'** અનુભૂતિ **'તેની પ્રાપ્તિ હોય છે.'** અહીં સુધી આપણે આવ્યું હતું. હવે થોડું ઓલું લઈએ જુઓ. **'(શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી...'** એનો અર્થ કે નવ તત્ત્વને એટલે નવમાંથી એકપણાને જાણવાથી એમ. એ આ વર્ણીજીએ તો એવો અર્થ કર્યો છે. શુદ્ધનયે નવને જાણવાથી એમ. પાઠ આવો છેને એટલે એવો અર્થ કર્યો છે.

મુમુક્ષુ :- નવમાં ..

ઉત્તર :- એ જુદું. આ તો નવને જાણવું છે એ. ઓલા મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે ખરુંને એ. નવ તત્ત્વની.. અહીં તો ભેદવાળી વાત છે થોડી. ત્યાં તો એકરૂપનું જ્ઞાન થતાં બીજાનું થઈ જાય છે એમ બતાવ્યું ત્યાં. આહા..હા..!

હવે નવની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. ત્રિકાળની સ્વતંત્રતા એમાં દખલ કરનારા ભેદ છે. એ ભેદ પણ સ્વતંત્ર છે એમ પહેલા પર્યાયમાં સિદ્ધ કરે છે અને એ નવના બે ભેદો. એનો આશ્રય છોડી અંતર્મુખની દૃષ્ટિ કરવી, જ્યાં પ્રભુ ચૈતન્ય પૂર્ણાનંદ છે. આહા..હા..! ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આત્માનો સાક્ષાત્કાર અને આત્મખ્યાતિ એટલે અનુભવ થાય છે. આ ધર્મની પહેલી દશા છે. આ તો તમારી મેળાએ ત્યાં વાંચો તો સમજાય એવું નથી કાંઈ, મનોજભાઈ! ત્યાં ભલે ડહાપણ કરતા હોય ઓલામાં. ત્યાં તો ડહાપણ બહુ કરો ત્યાં. છે નરમ માણસ. એ ભાવ કરે, બાપા! ત્યાં કાંઈ બહારમાં કરી શકતો નથી. ત્યાં

તમારું .. શોધવું, ઢીંકણું કરવું. એ તો બધી ક્રિયા જડની છે, પણ વિકલ્પ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હવે પહેલાં નવ ભેદરૂપ શું છે, કેમ છે એ તો જાણવું જોઈએને? જાણીને એમાંથી દૃષ્ટિ છોડીને અંતરમાં આવવું. પણ હજી નવ શું છે એ અસ્તિની ખબર નથી, તો એના જ્ઞાન વિના એને છોડીને અંતરમાં આવવું એ વાત પ્રતીતમાં આવે નહિ. હવે '**વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...**' શું કહે છે હવે? પહેલાં પુણ્યને સિદ્ધ કરે છે કે આત્મામાં જે દયા, દાન, ભક્તિ આદિ શુભભાવ છેને? એ શુભભાવ છે એ વિકારી થવા યોગ્ય. એટલે? જીવની વર્તમાન દશા તે સમયની પુણ્ય થવાને લાયક હતા તો એને ભાવ થયો છે. અહીં તો એની હજી સ્વતંત્રતા છે. સમજાણું?

મુમુક્ષુ :- ફરીને.

ઉત્તર :- ફરીને કહીએ છીએ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. હવે એની પર્યાયમાં, આ પણ જેમ સ્વયંસિદ્ધ છે એમ અંદર પર્યાયમાં પુણ્યભાવ થાય દયા, દાન, ભક્તિ, પૂજા, નામ સ્મરણ વગેરે શુભભાવ, એ શુભભાવ થવાને જીવની પર્યાય લાયકાત છે માટે થયા છે. કોઈ કર્મને લઈને થયા છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પુણ્યનો ભાવ થયો એમ નથી?

ઉત્તર :- એમ તો છે જ પ્રશ્ન ક્યાં? આ દુઃખી છે માટે એ તો પ્રશ્ન જ નથી. એ તો નોકર્મથી વળી માંડી. અહીં તો કર્મ જે છે માટે અહીં શુભભાવ થાય છે... પંડિતજી! એમ નથી. આહા..હા..! શું કીધું જુઓ.

'**વિકારી થવા યોગ્ય...**' આ યોગ્યતા સિદ્ધ કરી ત્યાં. એ કાળે જ એને એ ભાવ થવાની લાયકાતવાળો ભાવ થયો છે. છે વિકાર. દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવ છે વિકાર, છે દુઃખ. આહા..હા..! પણ એ થવાને યોગ્ય જ તે સમય હતો એનો. એથી તે જીવની દશા વિકાર થવાને, પુણ્ય થવાને યોગ્ય હતો તેથી પુણ્ય થયું. એ પુણ્ય કોઈ કર્મના નિમિત્તમાં મંદપણું આવ્યું માટે પુણ્ય થયું એમ નથી. કર્મ કાંઈક મંદ પડ્યું માટે અહીં પુણ્યનો ભાવ થયો એવી અપેક્ષા વર્તમાન શુભભાવને છે નહિ એમ કહે છે. કહો, સમજાણું? ત્યાં વાંધા છે બધા હજી તો. આહા..હા..! કર્મ એવું આવે કે આપણને શુભભાવ થાય. મોક્ષમાર્ગ પ્રકાશકમાં એવું લખ્યું. ભાઈ! જ્યારે કર્મનું નિમિત્તપણું હોય ત્યારે કરી લઈએ .... આહા..હા..! તારું લક્ષ રાગની મંદતાનું જો હોય તો તને સમજવાની યોગ્યતા રહેશે, પણ પાપ ઉપર એકલી દૃષ્ટિ હોય ત્યાં એને સમજવાનું, સાંભળવાનું લક્ષ રહેશે નહિ. પછી કરશું... પછી કરશું... પછી કરશું... હમણા રળી લ્યો. ૫૦-૨૫ વર્ષ, ૬૦ વર્ષે. પછી મરશું ત્યારે. મરશું તો એમ નહિ પણ પછી કરશું એમ કહે લ્યોને. આહા..હા..! પછીનું પહેલું થાય નહિ અને

એને કોઈ દિ' ધર્મ થાય નહિ. પછીમાં ને પછીમાં મરી જશે એમને એમ. સમજાણું કાંઈ? આહા..હા..! એય..! ગુલાબભાઈ! સાચી વાત હશે આ? આહા..હા..!

કહે છે કે એ અહીં અત્યારે નથી. અત્યારે તો પુણ્યભાવની વાત પહેલી ચાલે છે અને ઉપાડ્યું છે પુણ્યથી ભાઈ પહેલું. ત્યાંથી જ ઉપાડ્યું છે. ભાઈ! તારી દશામાં જેટલો રાગની મંદતાનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા(ના ભાવ થાય) એ સમયે એ જ ભાવને લાયક યોગ્ય જ છે એ જીવ. પર્યાયમાં હોં! વસ્તુમાં નથી, અવસ્થામાં છે તેથી તે દુઃખી છે. તેથી તેની દૃષ્ટિ પલટાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે કે જ્યાં આનંદ છે. આહા..હા..! એક તો એ કે વિકારી થવાયોગ્ય. જુઓ, કેટલી ભાષા સીધી! આ પણ હજી વ્યવહાર સિદ્ધ કરે છે નવને. ત્યાં પણ થવાયોગ્યનો પર્યાય સ્વતંત્ર છે એમ કહે છે. આહા..હા..! પણ ઓલું લાકડું નિમિત્ત-નૈમિત્તિકનું સંબંધનું એટલે ઓલો આવે ત્યારે અહીં થાય અને આ આવે તો અહીં થાય. સમજાણું કાંઈ? અરે! જેની પર્યાય એટલે હાલતમાં શુભભાવ થાય એ પણ સ્વતંત્ર છે, એને કર્મ હોય તો થાય એવી અપેક્ષા નથી. પર્યાયમાં જેને અપેક્ષા નથી તો દ્રવ્યની અપેક્ષામાં તો કાંઈ છે જ નહિ. આહા..હા..! નવના ભેદ હોય તો એનું જ્ઞાન સાચું હોય તો અભેદમાં જવાય એમ પણ નથી અહીં તો કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી.

મુમુક્ષુ :- અભેદમાં જાય ત્યારે ઓલાને સાચું કહેવાય છે.

ઉત્તર :- ત્યારે ઓલાને કહેવાય છે કે આ છે. આહા..હા..!

કહે છે, '**વિકારી થવા યોગ્ય...**' આત્મા ત્રિકાળી આનંદમૂર્તિ તો શુદ્ધ છે. સચ્ચિદાનંદ પ્રભુ છે, પરમેશ્વર છે પોતે સ્વરૂપે, પણ એની હાલતમાં શુભભાવ થવાને લાયક છે ત્યારે એને થાય છે. સમજાણું કાંઈ? આ દાન આપ્યું કે ભગવાનના દર્શન કર્યા માટે શુભભાવ થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનના દર્શન કરે તો શુભભાવ થાય. આહા..હા..! એની સાથે સંબંધ શું છે? બાપુ! તારી પર્યાય એટલે હાલતમાં વિકાર થવાને શુભભાવને યોગ્ય હતી દશા તો થઈ છે. આહા..હા..! ભારે વાત! નવના ભેદમાં પણ તું સ્વતંત્ર છો તે તે પર્યાયમાં એમ કહે છે. સમજાણું કાંઈ? એટલું જેને વ્યવહારુ ભાવનું સ્વતંત્રતાપણું ન બેસે એને ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ આનંદ છે એ વાત કોઈ રીતે ન બેસે. કહો, સમજાણું કાંઈ?

'**વિકારી થવા યોગ્ય...**' અહીં તો શુભભાવમાંથી ઉપાડ્યું પાછું. જગતને પુણ્યભાવ એવો મીઠો વળગ્યો છે. પણ પુણ્યભાવને લઈને જુઓને આ. તમારી પાસે હતા? તમારા બાપ પાસે પૈસા હતા? આ છોકરાઓ. છ છોકરાઓ છ પાસે એક એક પાસે મોટરું, મોટા બંગલા, એના બાપ સુખી કહેવાય કે નહિ? એ કહે છે, સુખી કહેવાય તો અહીંયા આવીએ

શું કરવા? એમ કહે છે. ધૂળમાંય સુખ નથી, દુઃખી છે. આહા..હા..! એ દુઃખ શેનું? પરનું લક્ષ કરીને ભાવ ઉત્પન્ન કરે છે એ સ્વતંત્ર કરનાર છે કહે છે. ઈ છે માટે નહિ. સમજાણું કાંઈ? એ તો વળી પાપમાં આવશે. અહીં તો અત્યારે પુણ્યમાં છેને. આ પૈસા દીધા આટલા માટે મને શુભભાવ થયો, આ મંદિર બનાવ્યું માટે મને શુભભાવ થયો, કર્મમાં એવો જ કોઈ ઉદય આવ્યો મંદ એટલે મને શુભભાવ થયો એ વાત તદ્દન ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? એક સમયની શુભભાવની દયા પુણ્યના ભાવ એ યોગ્યતાને કારણે તે પર્યાય થઈ છે.

**'અને વિકાર કરનાર—'** અહીં કેમ સિદ્ધ કર્યું છે આમ? કે વસ્તુ જે છે એ તો થવાને લાયક છે, પણ થવાનો સ્વભાવ નથી. એટલે યોગ્યતા ગણી અને એને કર્મનું નિમિત્ત છે, એ વિકારમાં નિમિત્ત છે, એને કરનાર નિમિત્ત છે. ભેદ પડવામાં નિમિત્તનું લક્ષ છે એટલે ભેદ પડે છે. અભેદનું લક્ષ કરે તો ભેદ પડે નહિ. એટલે એને કરનાર, નિમિત્તને કરનાર સિદ્ધ કરાવ્યો છે, પણ વિકાર કરાવે છે એમ નહિ. સમજાણું કાંઈ? થવાને લાયક તો કહ્યું પહેલું. પણ કર્મનો ઉદય આવ્યો એવો માટે થવાને લાયક છે એમ નહિ. પણ એમાં નિમિત્તપણું છે. થવાયોગ્ય એનો જીવનો ભાવ અને વિકાર કરનાર એટલે નિમિત્ત, પૂર્વનું કર્મ જે ઘાતિકર્મ છે. ઘાતિકર્મ હોં આઠમાં. એમાં એક મોહ, એક મોહ. એમાં મોહનો જે ઉદય છે અંદરનો, અહીં ભાવપુણ્ય જ્યારે કહ્યું ત્યારે ઓલા ઉદયને એનું કરનાર કહીને એને દ્રવ્યપુણ્ય કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૩મી ગાથા જરી ઝીણી છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાલ કરતા આજ વધારે છે.

ઉત્તર :- પછી તો હળવે હળવે આવેને. આહા..હા..!

ભાઈ! તું આત્મા છો. શાશ્વત અવિનાશી તું તત્ત્વ છો. પણ છતાં તને તારી પર્યાયમાં નાશવાન દશાઓ પણ ઉત્પન્ન થાય છે. એ નાશવાન દશામાં પણ તને જે પુણ્યનો ભાવ થાય એ થવાને લાયક હતો તો થયો છે. કોઈ ઈશ્વરે કરાવ્યો છે કે ભાઈ ભગવાન કરે એ થાય, આપણે તો એના દોર્યા દોરાઈએ. એ બધા જૂઠા છે. તને ખબર નથી. સમજાણું કાંઈ? તારી અવસ્થામાં પુણ્યભાવનો પરિણમવાને તું લાયક હતો તે પુણ્ય પરિણમ્યું છે. આહા..હા..! ત્યારે તે પુણ્યભાવમાં જે નિમિત્ત હતું, અસ્તિ તરીકે અહીંયાં નિમિત્ત છે. સંવર નિર્જરામાં નાસ્તિ તરીકે હતું. એને દ્રવ્યપુણ્ય કહ્યું. આ ભાવપુણ્ય તો એને દ્રવ્યપુણ્ય કહ્યું. પછી ઘાતિકર્મનો ઉદય જે જાતનો હો ભલે હો, પણ અહીં ભાવપુણ્ય છે તો તેને દ્રવ્યપુણ્ય કહેવામાં આવે છે. નવું દ્રવ્યપુણ્ય બંધાય એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? કે ભાઈ શુભભાવ થયો તો પુણ્ય બંધાય એ અહીં પ્રશ્ન નથી. અહીં તો ભેદ સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...'** વ્યવહાર પુણ્ય અને નિમિત્તરૂપ કર્મનો ઉદય તે કાળનો તે દ્રવ્યપુણ્ય. બેયને પુણ્ય કહેવામાં આવે છે. અહીં જ્યારે ભાવપુણ્ય (થાય) ત્યારે ઓલાને દ્રવ્યપુણ્ય (કહીએ). દ્રવ્યપુણ્યે ભાવપુણ્ય કરાવ્યું છે એમ નહિ. (દ્રવ્ય પુણ્ય અહીં કરાવે) તો એને થવાને લાયકાત પોતાની પર્યાય છે સ્વતંત્ર એ રહેતી નથી. સમજાણું કાંઈ? પણ ભેદ પડ્યો છે એ નિમિત્તને આધીન પડ્યો છે એમ બતાવવા એને કરનાર કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! આવું સમજવું કેટલી વાત! નવા માણસ તો કહે આમાં અમને કાંઈ સમજાતું નથી. ઓલો બહુ કહેતો હતો પેલો ધર્મ સરળ ભાષામાં હોય, બધાને સમજાય એવો હોય. પણ હવે ધર્મ કોને કહેવો? એકદમ જાણે અમેરિકાથી ઉતર્યા હોયને જાણે એવા લાગે કે જાણે અમે ક્યાંયથી ઉતર્યા છીએ ઉપરથી આકાશમાંથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું? વસ્તુ જે છે આત્મા એ તો પુણ્યના ભાવ વિનાની ત્રિકાળી ચીજ છે. એને પકડાવવા પહેલા ભેદની વ્યાખ્યા કરીને છોડ. એ વ્યવહાર છોડવા જેવો છે. પણ છોડવા જેવો જાણે તો છોડે કે જાણ્યા વિના છોડે? કોને છોડવું? સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં તો આવવું જોઈએને કે શુભભાવ એ મારી પર્યાયની—અવસ્થાની યોગ્યતા (છે), એમાં કર્મનું નિમિત્ત, એ નિમિત્ત હતું એને દ્રવ્યપુણ્ય કહીએ, બેયને પુણ્ય કહેવામાં આવે છે. નવું પુણ્ય બંધાય એને દ્રવ્યપુણ્ય કહીએ અને ભાવ થાય એને ભાવપુણ્ય કહીએ એ અહીં વાત નથી, અહીં તો ભેદ પડવાની વાત, વર્તમાનમાં છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? જેમ ત્રિકાળી વર્તમાન ધ્રુવ છે ત્રિકાળી, એમ આ વર્તમાન સ્વતંત્ર પર્યાય છે એના ભેદમાં નિમિત્ત છે એટલું બતાવવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! ઓલો તો સહેલોસટ ધર્મ હતો, દયા પાળો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ભગવાનના દર્શન કરો જાવ મંદિરે. એ તો રાગની મંદતા હોય તો કંઈક પુણ્ય બંધાય, એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ બન્ને પુણ્ય છે, તેમજ એ બન્ને પાપ છે,...'** એટલે? વિકાર થવાને યોગ્ય પણ પાપના પરિણામ અશુભ અહીં થવાને લાયક હતા તો થયા. વિકાર થવાને યોગ્ય કીધું હતુંને પહેલું? એમ અહીં પાપમાં લેવું. અશુભભાવ હિંસાનો, જૂઠાનો, ચોરીનો, વિષયનો, રાગનો, ક્રોધ, માન, માયા, લોભનો એ જે કાળે જે પ્રકાર થવાનો વિકાર. આમાં ક્રમબદ્ધ પણ સિદ્ધ કર્યું છે. આહા..હા..! આચાર્યની શૈલી તો ઘણી ગંભીર ગૂઢ છે. તે જ સમયે તે પરિણામ થવાને લાયક છે, પાપને. આહા..હા..! તે વિકારી થવાયોગ્ય, તેમ વિકાર કરનાર બન્ને પાપ છે એમ લેવું. પહેલા શબ્દ છેને? એક એક શબ્દ પડ્યો છે એમાં હેતુસર હોય છેને. કાંઈ કથા નથી કે એમાં હાંકે રાખે. આ તો ભાવ બતાવવાના શબ્દો છે. આહા..હા..!

કહે છે, ભગવાન! ભગવાન તરીકે જ બોલાવે છે અહીં આત્માને હોં! જયંતિભાઈ! ભગવાન આત્મા એમ. ભગવાન થવાને લાયક છે કે નહિ? આહા..હા..! ભગ-ભગ એટલે? જ્ઞાન અને આનંદની ભગ-લક્ષ્મી કહેવાય છે. જ્ઞાન અને આનંદ અને દર્શનની લક્ષ્મીનો વાન એટલે વાળો. એવી આનંદની લક્ષ્મીવાળો એવો આત્મા માટે ભગવાન કહેવાય છે. સમજાણું કાંઈ? આ તમારી ધૂળની લક્ષ્મીવાળો નહિ. આહા..હા..! મનોજભાઈ! ૨૪૦૦ ડોલરનો મહિને પગાર છે. ૨૪૦૦ ડોલર. સાડા સાત રૂપિયાનો ચાલતો ભાવ હોય. કાળાબજારના બીજા ભાવ હશે નહિ? ૧૫. ૨૦ હજાર થયા. ૧૮ હજાર થયા. નહિ? મહિને ૧૮ હજારનો પગાર છે અમેરિકામાં. પણ હેરાન-હેરાન હોં દુઃખી. આહા..હા..! કહે છે, એ પાપના પરિણામ થવાને લાયકનો કાળ હતો માટે થયો છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ સિદ્ધાંત બધે લાગુ પડે?

ઉત્તર :- બધે લાગુ પડે. ત્રિલોકનાથે વર્ણવ્યું એને કુંદકુંદાચાર્યે બહુ ટૂંકી શૈલીમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. પ્રભુ! તને જે સમયના પાપના ભાવ થાય, તે પાપના ભાવને તારો જીવ વિકાર થવાને પાપને યોગ્ય જ હતો. પર્યાયમાં હોં! પ્રાણભાઈ!

મુમુક્ષુ :- આઘા-પાછા નહિ?

ઉત્તર :- આઘા-પાછા પ્રશ્ન જ ક્યાં? આઘો-પાછો કહેવો કોને? આ ત્યાં આમ થાય અને આ ત્યાં આમ થાય એનો અર્થ શું? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે વિકારી થવાયોગ્ય પાપના ભાવ તે સમયના તેના. આમાં પણ ઊંધું ઘણું કરે એ. જુઓ, વિકાર કરનાર એ છે તો વિકાર થયો. ન હોત તો થાત? એનો પ્રશ્ન જ નથી ત્યાં. થાય છે પોતાને કારણે તે સમયની યોગ્યતાના પરિણામ પાપના. અહીં તો મિથ્યાત્વનો ભાવ એ એનો પાપનો તે કાળે થવાને લાયક છે એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કોઈપણ પાપના ક્રોધના, માનના, માયાના, લોભના, વિષયની વાસનાના, કલુષિત પરિણામ પાપના તે તે જીવ તેની દશામાં એ વિકારી થવાને લાયકાતને કારણે એ પાપભાવ થયા. આમાં તો સીધી વાત છે, આમાં કાંઈ કોઈ આડી અવળી વાત નથી. સમજાય છે, લ્યો ભાઈ કહે છે. આહા..હા..! ભગવાન! તારા ઘરની તો વાત ચાલે છે, પ્રભુ! તારી પર્યાયમાં શું થાય છે? અને એ ભેદને છોડીને અભેદ દૃષ્ટિ કરવા માટે આ જણાવે છે. સમજાણું કાંઈ?

**'વિકારી થવા યોગ્ય...'** પુણ્ય અને પાપ એમ આવ્યુંને બેય? **'અને વિકાર કરનાર-'** એ પણ જે પાપના ભાવ થયા તે કાળે જે કર્મનું નિમિત્ત હતું એને દ્રવ્યપાપ કહેવાય, અને આ ભાવને પાપભાવ કહેવાય. નવા કર્મ બંધાય એને આ નિમિત્તથી એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? આવી વાર્તા આ ધર્મકથા. નવનીતભાઈ! નવનીતભાઈ કહે છે ઘણીવાર,

કે સમકિતનો વિષય સાંભળવો હોય તો અહીં છે. બીજે ક્યાંય ચાલતો નથી. એ કહે છે ઘણીવાર. બાપા! ભગવાન! માર્ગ તો આ છે હોં! એ કોઈ છેતરાવશે તો છેતરાઈ જઈશ, બાપા! આહા..હા..!

એની પર્યાયની સ્વતંત્રતા જુઓ તો કેવી સિદ્ધ કરે છે! અને આ દ્રવ્ય તો સ્વતંત્ર છે જ. જે અણકરાયેલું, નહિ બદલતું એવી ત્રિકાળી ચીજ એ તો સ્વયંસિદ્ધ છે. પણ નવી થાય એ પર્યાય સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શું કરવા જણાવવા છે? કે એને છોડ એમ કહેવું છે. એ બેનો સંબંધ થાય છે એ ભાવને છોડ અને અંતર દૃષ્ટિમાં આવ તો તને ધર્મ થાય અને શાંતિ મળે. બીજે ક્યાંય શાંતિ મળે એવું નથી. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ કરે તો નહિ શાંતિ મળે એમ કહે છે. સવારમાં મૂક્યું હતુંને કોણે ભાઈએ? અમેરિકાના છે. આ તમારે સવારમાં ભાઈએ મૂક્યું હતું, પ્રવિણભાઈએ. આહાર ત્યાં કરવા ગયાને. હું તો અહીં હતો. મારે ક્યાં ત્યાં જાવું હતું. જીવરાજજીને જોવે. મારી નવી મોટર છે તો બેસો. હરે કૃષ્ણ વગાડ્યું અંદર. ત્યાં ચાલતું હોય છેને મુંબઈમાં ઓલા ... હરે કૃષ્ણ... હરે કૃષ્ણ.. ધૂળેય નથી હરે કૃષ્ણ મરી જાય તોપણ. એમાં ધર્મ નથી. મેં ભૂલી જાવું એવું આવ્યું હતું એમાં. મૈં કહું... નહિ ભાઈ? અપને કો ખો જાના. બસ, અસ્તિત્વ પોતાનું છે એ ભગવાનને નામે ખોઈ જાવું. ગાંડા છેને. ધર્મને નામે પાગલ છે બધા. સમજાણું કાંઈ? એમ આવ્યું હતું. ગાતા હશેને. ઉતારી લીધું હશે, મોઢા આગળ મૂક્યું હતું. એકલા ગાંડા લાગે. આના જોનારા અને આના કબુલ કરનારા પણ પાગલ છે બધા. આહા..હા..! ધર્મને નામે પણ, ભગવાનને નામે ભજન કરતાં-કરતાં પોતાને ખોઈ જાવું એમ. પોતાનો અહંકાર છોડી દેવો, હું છું એને છોડી દેવું. ગજબ છેને! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નવ ભેદ છે એ છોડી દઈને અંતરમાં આવવાનું છે. એને ઠેકાણે ઈશ્વરને નામે બધું છોડ, ઈશ્વર કરે એમ થાય. આપણે ભૂલી જાવ. મરી જઈશ, ભૂલીને તું મરી જઈશ. આહા..હા..! કહો, મનોજભાઈ! ત્યાં છે ત્યાં અમેરિકામાં ભજન-બજન કરનારા? હરે કૃષ્ણ હમણા .. થાય છે. કોક કહેતું હતું. મુંબઈમાં બહુ સાંભળ્યું છે. ચામડી ઓલી હોય, લૂગડા ઓલા હોય. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... અન્યમતિ જેવા વેશના કપડા પહેર્યા હોય સાદા. આહા..હા..! ભારે ભક્તિ. ભગવા કપડા હોય, ચામડી કાંઈક રૂપાળી હોય. મુંડાવેલા જ છે બધા. આહા..હા..! કહે છે કે હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... એ તો ઠીક. પણ આ ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... તીર્થંકર સાચા હતા, કેવળી હતા, પરમેશ્વર હતા. આ એને ભજ તોપણ રાગ છે, પુણ્ય છે. ધર્મ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- તું તને ભજ.

ઉત્તર :- તને ભજ બાપા! સર્વં તજ્ઞં સ્વને ભજ. સર્વ તજ અને સ્વને ભજ. ભગવાન પોતે નાથ ચૈતન્યમૂર્તિ છેને. અભેદને ભજ અને ભેદ અને ભેદ આદિ બધાને ત્યજ. આહા..હા..!

'**એ બન્ને પાપ છે,...**' બન્ને સમજાણું? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, જે કાળે જે પરિણામના પરિણામ જે જાતના થયા પાપના એ જાતની યોગ્યતાથી તેને પાપ પરિણામ, વિકારી થવાને પાપને યોગ્ય હતા તો થયા છે. આહા..હા..! એને સ્વયંસિદ્ધ નવને વિકારને સિદ્ધ કરવા પણ સ્વયંસિદ્ધ છે. બન્ને પાપ. પરિણામ થયા એ ભાવપાપ અને એમાં કર્મનો જે ઉદય છે નિમિત્ત એને દ્રવ્યપાપ કહીએ. પાપ થયા માટે નવા પાપકર્મ આવે એને દ્રવ્યપાપ કહીએ એ અહીં નથી વાત. અહીં કામ જ નથી એનું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્તપણું અઘાતિનું લેવું કે ઘાતિનું?

ઉત્તર :- ઘાતિ. એ તો કહ્યું હતું, પાપમાં કહ્યું હતું. ભાઈએ પ્રશ્ન કર્યો હતોને. પુણ્ય અને પાપ તો બેય વિકારીભાવ છે. વિકારીમાં નિમિત્ત તો ઘાતિકર્મ છે. અઘાતિકર્મ તો બહારમાં સંયોગોનું નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાપ છે લ્યો. બે થયા.

'**આસ્રવ થવા યોગ્ય...**' હવે જે સમયે જે પરિણામના પુણ્ય-પાપનો યોગ્ય ભાવ બેનું થઈને અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે. આસ્રવ. આ નામ મર્યાદાએ સ્રવવું. વિકાર થવાને યોગ્ય થવું. અંદરમાં નહોતા આસ્રવ પુણ્ય અને પાપના ભાવ એને યોગ્ય લાયકાત પ્રમાણે એનો આસ્રવભાવ પ્રગટ થાય છે. એ સ્વતંત્ર આસ્રવભાવની યોગ્યતાને કારણે થાય છે. આહા..હા..! હજી જેના વ્યવહાર થવામાં પણ સ્વતંત્રતા નથી. પંડિતજી! એના ઠેકાણા પણ ન મળે, એને નિશ્ચય ક્યાંથી આવતો હતો? આહા..હા..! ભગવાન તારી દેશે. ભગવાનની ભક્તિ કરશું તો તરી જશું. ભગવાન પોતે ના પાડે છે કે મારી ભક્તિમાં તને જે ભાવ થાય એ તારી યોગ્યતાને કારણે થાય છે અને એ આસ્રવ છે. નવા આવરણનું કારણ છે. અનાવરણ થવાનું કારણ નથી. આહા..હા..! દીપચંદજી! ભારે કામ ભાઈ! અરેરે! દુનિયા ધર્મને નામે ઠગાઈ છેને. એ બાહ્યના ત્યાગ નામે ઠગાય. કાંઈક બાયડી-છોકરા ફેરવે, લૂગડા ફેરવ્યા, બાવો થઈ ગયો, જય મહારાજ. માવાણી! અને બહારમાં રહેનારા હોય તો કોક એવું મળે જય મહારાજ કરે. જય મહારાજ. ત્યાં એડનમાં તો શું કરે? સારા તો કોઈ સાધુ આવતા ન હોય. જે કોઈ જતડા-બતડા હોય. જય નારાયણ. ચાલો ભાઈ. ગયો હતોને એક જતિ ગયો હતો ત્યાં આફ્રિકા નહિ? એક જતિ આફ્રિકા ગયો હતોને. બે લાખ રૂપિયા લઈ આવ્યો. લઈ આવ્યો અને પછી પરણ્યો. દુનિયા ઠગાય છે. આહા..હા..! લૂગડા જરી સાદા દેખાય, ધોળા લૂગડા. ભગવાનના દર્શન કરતો હોય, ઓલું કરતો હોય. આ ત્યાગી લાગે છે. ધૂળેય ધર્મ નથી, પાપ છે. આહા..હા..!

કહે છે, '**આસ્રવ થવા યોગ્ય...**' એની યોગ્યતા સિદ્ધ કરી લ્યો. જે જાતનો એને

આસ્રવનો ભાવ (થાય)... આસ્રવ એટલે? નવા આવરણનું નિમિત્ત. તો અહીં આવરણનું નિમિત્ત એટલે નવા લાવે માટે આસ્રવ છે એમ નથી કહેવું. નવા આવરણ લાવે માટે આસ્રવ કરનાર છે આ એમ નહિ. એ તો થવાને લાયક છે માટે આસ્રવ થાય બસ એટલી વાત.

**'અને આસ્રવ કરનાર—'** જૂનું ઘાતિકર્મ. એને અહીંયાં ભાવઆસ્રવ થયો તો ઓલાને દ્રવ્યઆસ્રવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કોથળી તો એની એ હોય કહે છે, પણ સાકર નાખે તો સાકરની કોથળી કહેવાય, ગોળ નાખે તો ગોળની કહેવાય, જીરું ભરે તો જીરાની કોથળી કહેવાય. એ તો છે ઈ છે. એમ અહીં ભાવ થયો એને નિમિત્ત પડે, એને નિમિત્ત આસ્રવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કે નહિ? એમ કહેવાય છે અહીં તો હજી. આવો ભારે ધર્મ ભાઈ! એ **'આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર——એ બન્ને આસ્રવ છે,...'** એક ભાવઆસ્રવ અને એક દ્રવ્યઆસ્રવ. બેયને આસ્રવ કહેવામાં આવે છે. દ્રવ્યઆસ્રવનો અર્થ નવા આવરણ આવે એ અહીં નહિ. જૂના કર્મના ઉદયને દ્રવ્યઆસ્રવ કહેવામાં આવે છે.

**'સંવરરૂપ થવા યોગ્ય...'** આહા..હા..! ભારે! આત્માની પર્યાય શુદ્ધતાને થવાયોગ્ય એ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? ઓલો હતો પુણ્ય, પાપ અને આસ્રવ. હવે કહે છે સંવર એટલે ધર્મની પર્યાય, શુદ્ધતાનો અંશ, શુદ્ધતાનો અંશ. એ સંવર થવાને લાયક પર્યાય હતી તેથી તેને થઈ છે. પણ છે પર્યાય એટલે એ દૃષ્ટિ છોડવા જેવી છે. થયેલાને પણ એ દૃષ્ટિ છોડવા જેવી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્યાં કાંતિભાઈ અને હીરાભાઈ ને બધા, હિંમતભાઈ ક્યાં ગયા? બસ, બધા છેને આ. મુંબઈના પંડિત કહેવાય એ બધા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા, પરમેશ્વરે કહેલા તત્ત્વો ઘણા ગૂઢ અને ગંભીર છે. ઓલામાં આવે છેને ભાઈ નહિ? શ્રીમદ્‌માં. આપે કહેલ દયાને... આવે છેને એવું કાંઈક? આપે કહેલી દયાને વૈરાગ્યને ઓળખ્યા નહિ. ઓળખ્યા નહિ એમ કહ્યું. શ્રીમદ્. આપે કહેલા તત્ત્વોને મેં જાણ્યા નહિ. સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન, એવા પરમેશ્વરે કહેલા તત્ત્વોને જાણ્યા નહિ મેં. એણે કહેલી દયા, દાન ને તપ પણ જાણ્યા નહિ. કઈ દયા ને દાન એણે કીધી એની ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં '(સંવાર્ય)' છેને? **'સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય)...'** આહા..હા..! એ જ સમયે ધર્મની પર્યાય પુણ્ય-પાપના પરિણામ વિનાની શુદ્ધતાની પ્રગટ દશા એ થવાને લાયક તે પર્યાય છે તેથી તેને સંવાર્ય કહેવામાં આવે છે. એ પર્યાય—દશાને સંવાર્ય કહેવામાં આવે છે. દ્રવ્ય અને ગુણમાં ક્યાં સંવાર્ય હતું? સમજાણું કાંઈ? થોડું થોડું યાદ રાખવું. બહુ યાદ ન રહે એમ ... આહા..હા..! સાર સાર તો યાદ રાખો એમ કહું છું. **'સંવરરૂપ થવા યોગ્ય...'**

ભાષા જુઓને! આહા..હા..! પર્યાયમાં ભેદ બતાવવો છેને. એક સમયે પર્યાયમાં સંવર થવાને લાયક એની પર્યાય છે એથી થાય છે. એ સંવાર્ય કહેવાય છે. સંવર થવાને લાયક. સમજાણું કાંઈ? **'અને સંવર કરનાર...'** એટલે? તે સમયે જે જે રજકણો ટળવાના ટળ્યા, અટક્યા આવવાના એ તો નહોતા આવવાના, પણ એ અટક્યા તો એને નિમિત્તને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. પુણ્યભાવને દ્રવ્યસંવર અને નિર્મળને ભાવસંવર એમ અહીં નથી. સમજાણું કાંઈ? શું કીધું વળી એ? પુણ્યભાવ દ્રવ્યસંવર અને ધર્મની પર્યાય ભાવસંવર એ અહીં નથી. એ એમાં આવે છે બહુ, અનુયોગ દ્વારમાં. કહો, સમજાણું? શ્વેતાંબરમાં.

અહીં કહે છે સંવારક. જે સંવાર્ય દશા થઈ એમાં જે કર્મના રજકણો અટક્યા આવવાના એ એ જ લાયકાતવાળા એના રજકણો હતા કે અટક્યા, નહોતા આવવાના એને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. પણ બે ભેદ પડ્યો આમ માટે વ્યવહારનયનો વિષય છે. એને છોડીને આત્માના અંતરમાં આવવું ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧, શનિવાર, તા. ૦૧-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩, પ્રવચન-૫૭

સમયસાર ચાલે છે. જીવ-અજીવ અધિકાર. એમાં એ ચાલે છે કે આ આત્મા છે વસ્તુ, પદાર્થ છેને આત્મા અસ્તિ? અસ્તિ સત્તાવાળી, હોવાવાળી ચીજ છે. તો એ ચીજ ત્રિકાળરૂપે તો દ્રવ્ય અને ધ્રુવ છે પણ એની પર્યાય એટલે અવસ્થાઓ (થાય છે) એમાં બીજી ચીજના નિમિત્ત આધીન સાત પ્રકાર પડે છે. કેમકે જ્યારે એમ કહેવું હોય કે ભાઈ, તું આત્મા છે આ સમજ. તો એનો અર્થ એ થાય છે કે એની દશામાં સમજણ સાચી નથી અને સમજ એમ કહેતા એની દશા સાચી નથી એ દશા પલટીને સાચી દશા થાય છે. સમજાણું કાંઈ? વસ્તુ કાયમ રહે છે પણ એની અવસ્થાઓમાં આ જાતનો બદલો એનો સ્વભાવ છે પર્યાયનો.

હવે અહીં કહે છે કે એક વસ્તુ ભગવાન આત્મા એનો આશ્રય કરે તો એને શાંતિ, સુખ અને ધર્મ થાય. તો એ જન્મ-મરણની આંટી-ઘાટીમાંથી નીકળે. સમજાણું કાંઈ? એથી

એ જીવમાં આ પર્યાય એટલે અવસ્થામાં નિમિત્તને આધીન જે ભેદો પડે છે એ છે ખરા, પણ એનું લક્ષ છોડવા જેવું છે. સમજાણું કાંઈ? ભારે વાતું. આવો ધર્મ. પંડિતજી! અનાદિ કાળનો ચોર્યાસીની ઘાણીમાં પીલાય છે એ. ખબર નથી, એને ભાન નથી. સમજાણું કાંઈ? જ્યાં જ્યાં ચાર ગતિમાં અવતર્યો ત્યાં ત્યાં રાગ અને દ્વેષના મલિન કલુષિત ભાવથી પીડાયેલો છે ઈ, દુઃખી છે. એ દુઃખ છે એ વિકૃતભાવ છે, એ એનો વાસ્તવિક સ્વભાવ નથી અને તેથી વિકૃતમાં એનો સંબંધ પર સાથે જાય છે. વિકૃતદશાનો સંબંધ સ્વ સાથે આવતો નથી. સમજાણું કાંઈ?

એ વિકૃતદશામાં જૂના એક કર્મ છે બીજી ચીજ. જો બીજી ચીજ ન હોય તો એનો સંબંધ લક્ષ કરવું અને ભેદ પડવો એ બની શકે નહિ. એકની એક ચીજમાં ભેદ શી રીતે પડે? વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે ધ્રુવ તરીકે, પણ એની દશાઓમાં ભેદ છે. નિમિત્તને લક્ષે અથવા એને આધીન એના નિમિત્તના કારણે નહિ, પણ પોતાને કારણે પરમાં એની ભેદ અવસ્થા થઈ ગઈ છે. સમજાણું કાંઈ? એ ભેદ અવસ્થાને સાબિત કરે છે કે જેથી એનું લક્ષ છોડી અને અંતર જ્ઞાનાનંદ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરે તો તેની ભેદ દૃષ્ટિ ટળે, અભેદ દૃષ્ટિ થાય તો તેને શાંતિ અને સુખ મળે, તો આ જન્મ-મરણના દુઃખની ઘાણીમાંથી બચે. ભારે વાત. પંડિતજી! અહીં આવ્યું છે આપણે જુઓ, ફરીને લઈએ છીએ હોં થોડું.

‘**ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે તેમ જ એ બન્ને પાપ છે,...**’ છેને? એથી શું થયું સાબિત? અસ્તિ છે, ભેદ. વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિ છે, પણ એની દશામાં, હાલતમાં, પર્યાયમાં વર્તમાનમાં એ પુણ્યભાવ જે કરે છે, શુભભાવ દયા, દાન, વ્રત, વિકલ્પનો શુભભાવ એ ભાવપુણ્ય છે અને એ ભાવપુણ્યનું નિમિત્ત જે જૂનું કર્મ છે એને દ્રવ્યપુણ્ય કહેવામાં આવે છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! જયંતિભાઈ! કઠણ પડે એવું છે. વાત સાચી છે. વાત સાચી છે. કોઈ દિ’ અભ્યાસ નથી. અનંત કાળમાં એણે કોઈ દિ’ આ ચીજમાં ભેદ શું છે અને અભેદ શું છે? દુઃખી કેમ છું અને દુઃખને ટાળવું કેમ? એનું સાધન શું? એની એને ખબર જ નથી. આહા..હા..! એક જ ચીજ હોય તો એમાં પછી બીજાનો સંબંધ ન હોય તો દુઃખ અને સુખ એ બધું કાંઈ હોઈ શકે નહિ.

એટલે અહીં કહે છે, ભગવાન આત્મા વસ્તુ તરીકે સચ્ચિદાનંદ પ્રભુ અનાદિ-અનંત નિત્ય છે, પણ એની દશામાં શુભભાવ થવાની લાયકાતથી એમાં શુભભાવ પુણ્ય થાય છે. સમજાણું કાંઈ? એ શુભભાવ એ વિકાર છે, એ દુઃખ છે અને એ વિકારનું નિમિત્ત અંદર જૂનું કર્મ છે એના ઉપર લક્ષ જતા એ શુભભાવ કરે છે. પોતાથી કરે છે એમ સિદ્ધ કરવું છે. આવું છે આ. સમજાણું કાંઈ? એ અને દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય કીધું. વિકારી થવાને લાયક,

શુભભાવ થવાને લાયક વર્તમાન દશા તેને ભાવપુણ્ય કહીએ કે જેનાથી શાતા આદિ કર્મ બંધાય. એ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો એનો ભાવ આ છે એ ભાવપુણ્ય કહેવાય અને જૂના કર્મનું એમાં નિમિત્ત છે એ નિમિત્ત ગમે તે પ્રકારનું હોય ઘાતિનું એને દ્રવ્યપુણ્ય કહેવાય.

એમ જીવમાં પાપના ભાવ થાય. હિંસાના, જૂઠાના, ચોરીના, ભોગના, વિકારના, વાસનાના, ક્રોધ, માન, માયા, લોભ એ પાપને યોગ્ય ભાવ એની પોતાની પર્યાય છે. આહા..હા..! પાપભાવ તે કાળે થવાને તે લાયક છે અવસ્થામાં. એવા પાપભાવને અહીંયાં ભાવપાપ કહે છે અને જૂનું કર્મ નિમિત્ત છે એમાં એને દ્રવ્યપાપ કહે છે. આવો બે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ સંબંધ વ્યવહાર છે. એની દૃષ્ટિ છોડાવીને ત્રિકાળ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ કરાવવા ભેદને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ!

હજી તો ધર્મ નથી ત્યાં શું છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? પછી ધર્મ થાય તો શું છે એ પણ બતાવે છે. આહા..હા..! કારણ કે જો એની દશામાં ધર્મ હોય તો તો આનંદ અતીન્દ્રિય આનંદ હોય. કારણ કે પોતે વસ્તુ છે એ તો આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ એ તો છે. હવે જ્યારે જો એની પર્યાયમાં વિકાર ન હોય, દુઃખ ન હોય તો તો આનંદ હોવો જોઈએ. એ તો પહેલું કહે છે કે એની પર્યાયમાં, અવસ્થામાં પાપના યોગ્ય ભાવ પણ છે, પુણ્યના યોગ્ય ભાવ પણ છે. અને એ પાપયોગ્યની યોગ્યતાવાળા જીવને તે પ્રકારે એ પોતાને કારણે પાપ થાય છે. કોઈ કર્મ છે માટે પાપ કરે છે એમ છે નહિ. આહા..હા..! એ પાપભાવને ભાવપાપ કહીએ અને જૂના કર્મનું નિમિત્ત એને દ્રવ્યપાપ કહીએ. એ બે વાત આવી ગઈ છે, ત્રીજી પણ આવી ગઈ છે, ચાર આવી ગયા છે.

**'આસ્રવ થવા યોગ્ય...'** એ જીવ આત્માની અવસ્થામાં શુભ અને અશુભ બે ભાવ થવાને લાયક જે પર્યાય એને અહીંયાં આસ્રવ કહે છે, બેને એક કરીને એને આસ્રવ કહે છે. પંડિતજી! આ તમારા સંસ્કૃત પ્રોફેસરમાં આવ્યું નહિ હોય ત્યાં? સંસ્કૃતના પ્રોફેસર છે. આહા..હા..! અરે! ભગવાન! વાત સાચી. શું કરીએ? કેમ કહેવું? એને કેમ કહેવું? એ માટે શબ્દો આ તો આચાર્યે આ જાતના ગોઠવ્યા છે. આહા..હા..! ભાઈ! તું આત્મા છોને પ્રભુ! તારું એકરૂપ હોવું જોઈએ એને ઠેકાણે આ ભેદના ભાવો શું છે આ તને? સમજાણું કાંઈ? અને એ ભાવ ન હોય તો અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવો જોઈએ. એટલે એક ભાવ છે એમાં જાય ત્યારે બીજો ભાવ થાય છે. બેય પર્યાયમાં છે, એની દશામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આસ્રવ થવા યોગ્ય...'** આત્માની વર્તમાન દશામાં શુભ અને અશુભભાવરૂપી આસ્રવ.

આ નામ મર્યાદિ સ્રવવું, જે ભાવને કારણે નવા આવરણો આવે એ ભાવને અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે. પણ નવા આવરણ આવે એ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો એના પરિણામમાં શુભાશુભભાવથી ભાવઆસ્રવ છે અને જૂના કર્મ નિમિત્ત છે એને દ્રવ્યઆસ્રવ એવો બેનો સંબંધ થાય છે.

જોકે અહીં તો વાત એવી છે કે અહીં શુભ-અશુભભાવ છે માટે ત્યાં નિમિત્ત છે એમ પણ નથી. એક પર્યાયના અસ્તિત્વને કારણે બીજાના અસ્તિત્વનો પર્યાય છે એમ નથી. એથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અહીં તો કીધું. સમજાણું કાંઈ? અને કર્મનું જડ કર્મ એનો ઉદય આવે એટલે એની અવસ્થા છે માટે અહીંયાં ભાવઆસ્રવ થાય છે એમ નથી. કારણ કે બેનું અસ્તિત્વ જ ભિન્ન-ભિન્ન (છે). જેમ ત્રિકાળી અસ્તિત્વ ચૈતન્યનું ભિન્ન છે એમ એની વર્તમાન પર્યાયનું અસ્તિત્વ છે. આ પણ છે અને આ પણ છે. પણ આ છે તો આ છે અને આ છે તો આ છે એમ નથી. સમજાણું? વજુભાઈ! ભારે માર્ગ ભાઈ આવો. આહા..હા..!

અરે! એણે કોઈ દિ' દુઃખના પંથને કેમ પહોંચ્યો છું દોડીને અને કેમ પાછું વળવું એની એણે કોઈ દિ' ગરજ જ કરી નથી. મારી નાખ્યો છે આત્માને. નવનીતભાઈ! મારી નાખ્યો એટલે? આહા..હા..! જે રીતે એનું હોવાપણું ત્રિકાળી શુદ્ધ અને આનંદ છે અને જે રીતે એની વર્તમાન અવસ્થામાં પોતાની લાયકાતને કારણે જે ભાવ અસ્તિરૂપે થાય છે એને એ રીતે ન માન્યો તો જીવનું અસ્તિત્વ જ એ રીતે સ્વીકાર્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પર્યાયનું અસ્તિત્વ સ્વીકાર્યું છે એને નિમિત્ત સંબંધ છે એ સ્વીકાર પણ છોડી દે હવે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, ભાઈ! શું થાય? ચોર્યાસીના અવતારમાં અને ઝઘડા ધર્મને નામે. આહા..હા..! કેટલા તોફાન, કે જે વાસ્તવિક તત્ત્વથી ..વાળા બધા છે. સમજાણું કાંઈ?

કહે છે, **'આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—'** એટલે નિમિત્ત. જૂનું કર્મ જે ચીજ છે બીજી. એક ચીજને, એક ચીજની દશામાં પોતાની મેળાએ આવા ભેદો ન હોઈ શકે, બીજી ચીજનું લક્ષ હોય અથવા એનો અભાવ થાય, સદ્ભાવ હોય અને એનો અભાવ થાય ત્યારે અહીં ભેદ પડે. ભેદ પડે પોતાને કારણે, પાછું એને કારણે નહિ. કહે છે, **'આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—એ બન્ને આસ્રવ છે,...'** એટલે એક ભાવઆસ્રવ, એક દ્રવ્યઆસ્રવ. હવે અહીં સંવર બંને. સંવાર્ય સંવરરૂપ થવા યોગ્ય. હવે ધર્મ પર્યાય આવી. જ્યારે વિકારી પર્યાય છે એનો અભાવ થાય છે ત્યારે એના સ્થાનમાં શુદ્ધતાનો અંશ પ્રગટે છે. શુદ્ધતાનો અંશ પ્રગટે છે એને અહીંયાં સંવર કહેવામાં આવે છે. એને અશુદ્ધતા અટકી ગઈ એટલે એને સંવર શુદ્ધતાના અંશને સંવર કહે છે. સમજાણું આમાં?

**'સંવરરૂપ થવા યોગ્ય...'** પણ પોતાની પર્યાય તે સમયે, ક્ષણે અશુદ્ધતાને અટકાવે

અને શુદ્ધતાનો અંશ પ્રગટે, અશુદ્ધતાને અટકાવે અને શુદ્ધનો અંશ પ્રગટે, એવી જ એની એક સમયની યોગ્યતા છે. સમજાણું કાંઈ? **'સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર...'** અને પૂર્વનું કર્મ જે રીતે અટક્યું એવું નિમિત્ત એને સંવારક કહેવામાં આવે છે. નવા આવરણ આવ્યા, અટક્યા એ વાત નથી અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું ભારે ભાઈ! આવો ધર્મ! આ ગ્રીક-લેટીન જેવું લાગે બીજા સાધારણને. કોઈ દિ' સાંભળ્યું ન હોય. શું તત્ત્વ છે અને તત્ત્વની સ્થિતિની મર્યાદા શું છે? વસ્તુ તરીકે મર્યાદા અને દશાની મર્યાદા, હાલતની મર્યાદા. સમજાણું કાંઈ? અહીં તો હાલતની મર્યાદા સમજાવી અને એની દૃષ્ટિ છોડાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવી ગયું છે આપણે કાલે.

**'સંવરરૂપ થવા યોગ્ય...'** આત્માને આશ્રયે જે ધર્મની પર્યાય... પ્રગટે તો દશાને? દશા જે પ્રગટી એ શુદ્ધતા છે. આનંદનો અંશ આવ્યો, શાંતિનો અંશ આવ્યો, પણ કહે છે કે એ પણ દશા છે, એ કાંઈ કાયમની ચીજ નથી. એવો દશાનો ભેદ એને ભાવસંવર કહીએ અને જૂના કર્મના નિમિત્તનો તેટલો અભાવ થયો. આમ સામે ન રહ્યું એને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. નવા અટકવાની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું સમજવું આમાં? આવી ભાષા અને આ કેવું! કહો, કિરણભાઈ! આવું છે ત્યાં તમારે પંપમાં? ગપે ગપ્પ છે, પંપમાં ગપ્પ.

મુમુક્ષુ :- પાવરહાઉસમાં છે.

ઉત્તર :- પાવરહાઉસ લ્યોને આપણે શું. અહીં પાવર ચડી ગયા છે. એક જણા કહેતા હતા કે પૈસા થાય તો પાવર ચડી જાય પૈસાવાળાને. બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ.

મુમુક્ષુ :- ત્યારે લાકડી નહોતી નીકળી ગઈ?

ઉત્તર :- નીકળી ગઈ હતી, સાચી વાત છે. એક હતો. ..ભાઈ! કરોડ રૂપિયા હતા. તો લાકડી છૂટી ગઈ.

મુમુક્ષુ :- એ તો તે દિ' કરોડ હતા, આજ તો કેટલા હશે.

ઉત્તર :- તે દિ' એક કરોડ રૂપિયા, સિંગાપુરમાં. ઘણા વર્ષની વાત છે હોં. ૪૦ વર્ષ પહેલાંની વાત છે. મોટો ધંધો ચોખાનો હતો. સિંગાપુરના ચોખા થાય છે. ઓલા પટ્ટાવાળો નથી આવતો? વચ્ચે પટ્ટો લાલ. લીલો-લીલો.. ચોખા ઓસાવે. એની પાસે કરોડ રૂપિયા. તે દિ' કરોડ એટલે અત્યારે તો ૨૦, ૨૫, ૩૦ કરોડ જેટલું. પણ જ્યાં પૈસા ગયા, લાકડી હાથમાં લઈ લીધી. આ તો ત્રણ વાર એમ બન્યું હતું. પહેલાં લાકડી હતી નહોતું ત્યારે. થયું ત્યારે લાકડી ગઈ, પછી નહોતું ત્યારે લાકડી રહી. અપાસરાની જોડે નીકળતા. બહાર નીકળેને, દેરાસર જાયને દર્શન કરવા. નીકળે. એક માણસ સાથે હોય. મેં કીધું, આ પહેલાં

લાકડી નહોતીને આ કેમ? ... ગયા. પૈસાની હૂંફ ગઈ. આહા..હા..! પછી તો .. પછી .. એ તો પૂર્વના પુણ્ય પાપના યોગે બધું છે. એ કાંઈ પુરુષાર્થ કરે માટે પૈસા રહે અને પેદા થાય, કિરણભાઈ! એમ નહિ? .. ગામડામાં હતા તો કાંઈ હતું? આ મોહનભાઈને આ આવ્યું, આ બધુ ધ્યાન રાખ્યું વ્યવસ્થા કરીને.

મુમુક્ષુ :- નાનુ કારખાનું હતું એમાંથી આટલા બધા કારખાના બનાવ્યા.

ઉત્તર :- કોણ બનાવે? ભગવાન! જગતના અસ્તિત્વ તત્ત્વનું છે એને કોણ રચે? છે એને રચે કોણ? નથી એને રચે કોણ?

અહીં તો કહે છે, પ્રભુ! એ તારી હુશિયારીને લઈને આ પૈસા પેદા થાય (એમ વસ્તુસ્થિતિ નથી). એ તો અજીવ તત્ત્વ છે રજકણ તો ધૂળ. એ જગતનું અસ્તિતત્ત્વ છે, અજીવ પણ છે તત્ત્વ. સત્ છેને? દશ્યમાન છે કે નહિ? કે અદશ્ય છે? તો એ અસ્તિત્વ પૈસા એ જડ તત્ત્વ છે, એ તારા પ્રયત્નના પરિણામને લઈને જડ આવે? જડનું અસ્તિત્વ શું તારા પરિણામને તાબે છે? હીરાભાઈ! આહા..હા..! અહીં તો કહે છે કે તારો ભાવ તારી પાસે. સમજાણું? પુણ્યનો, પાપનો, આસ્રવનો. હવે સંવરનો ભાવ પણ તારી પાસે તારે લઈને છે યોગ્યતાને લઈને. ધર્મદશાની પર્યાય તારી યોગ્યતાને લઈને પ્રગટ થાય છે. શાંતિ આત્મામાં આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંતરમાં આવે એ તો દશામાં આવે, વસ્તુમાં તો ત્રિકાળ હતું. પણ દશામાં જે આનંદનો અંશ આવે એને અહીંયાં અશુદ્ધતાને, દુઃખને રોક્યું અને સુખની શાંતિનો અંશ આવ્યો એને અહીંયાં સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાવસંવર. અરે..અરે..! વળી સંવર શું? ભાવસંવર. એને જૂના કર્મનો એટલો અભાવ (થયો) એને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આ બધા ભેદો પડ્યા કેમ? એકલું દ્રવ્ય હોય એને એકમાં આવા ભેદ ન પડે. સમજાણું કાંઈ?

ઘડો છેને એક ઘડો? ઘડામાં ઘોબો પડે એ એકલો એકલો ઘોબો પડે? ઘોબો પડવાની લાયકાત એની, પણ બીજી ચીજ હોય તો એ ઘોબાનું અસ્તિત્વ પોતાને કારણે છે એમાં એ બીજી ચીજ છે એટલું એ સિદ્ધ કરે છે. માવાણી! આહા..હા..! એમ ભગવાન આત્મામાં કાંઈક વિકૃત છે અને વિકૃત ટળીને પાછી દશા અવિકૃત થાય છે. સમજાણું કાંઈ? એ દશામાં કાંઈક બીજી ચીજ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એવો નથી કે એને લઈને અહીં છે અને આ થવાનું છે માટે નિમિત્તને ત્યાં રહેવું પડે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? અરે! એની દયા એને નથી હોં! અરે! હું આ રખડું છું ચોર્યાસીમાં. મોટો માંધાતા હોય અબજોપતિ, આંખ મીંચીને જાય નરકમાં અને નિગોદમાં. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ બધા પડદા. સંધ્યાના રંગ ઘડીકમાં ખીલે. એક-બે ઘડી થાય ત્યાં અંધારા. અંધારા પછી.. એમ પૂર્વના કોઈ પુણ્યના કારણે આ સંયોગોમાં એવું સંધ્યાના રંગ જેવું દેખાય, શરીર રૂપાળું

દેખાય, બાયડી સારી દેખાય, છોકરા સારા દેખાય, પૈસા ધૂળ (દેખાય એ) બધા સંધ્યાના રંગ છે. એ રંગ જ્યા ગયો ત્યાં અંધારા પટ. આહા..હા..! અને પાપના બાંધેલા ઉદય જ્યાં આવે એ નરકમાં અને નિગોદમાં જાય. આહા..હા..! નરકગતિ છે હોં! ... નથી. આહા..હા..! અહીંયા પાપના ભાવ કરે, સમજાણું? ત્યારે એને ભાવની મુખ્યતા એવી હોય કે એ ભાવના પ્રમાણમાં જ્યાં દુઃખનું કામ હોય ત્યાં જાય ત્યારે એ ભાવનું ફળ એને નિમિત્ત તરીકે મળ્યું કહેવાય. તો એ ભાવ એવા આકરા ત્યાં હોય. મનુષ્યનો સંહાર એની દશામાં. એક નહિ પણ મને પ્રતિકૂળતામાં જે સંખ્યા આવે માણસની એ બધાનો સંહાર કરું. ભાવ તો એવો હોયને એને? તો એ ભાવની ઉગ્રતાનું ફળ કેટલું? ઈ એક માણસને માર્યો, તો એવા લાખોને માર્યા. મારવાનો ભાવ. મારવાની ક્રિયા તો કરી શકે છે ક્યાં? સમજાણું કાંઈ? તો એ ભાવના ફળ તરીકે અહીં શું છે? રાજા શું કરે? એકવાર એકને માર્યો. સિદ્ધ થાય તો ફાંસી આપે. પણ એ કબુલે કે મેં હજારને ફલાણાને આમ માર્યા હતા, આને બંદુકે-તોપે ઉડાડ્યા હતા. શું કરે રાજા? ત્યારે એ તીવ્રતાના પરિણામનું ફળ જ્યારે અહીં રાજમાં નથી, તો કુદરતમાં ક્યાંય નથી એનું? એવા તીવ્રતાના પરિણામનું ફળ જ્યાં સ્થાનમાં એ જ પ્રકારના દુઃખો વેદવાનું હોય એને અહીંયાં નરકની ગતિ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એણે ક્યાં જોયું છે કોઈ દિ'? અરે! હું ક્યાં રહ્યો છું? અને શું થઈ રહ્યું છે? અને હું મૂળ કેવો છું? સમજાણું કાંઈ?

કહે છે, સંવર થવાને લાયક. જુઓ, આત્માનું જ્ઞાન કર્યું અને સંવર દશા નવી થઈ એમ કહે છે. નવી થઈ અવસ્થા. કાંઈ ધર્મદશા અનાદિની નહોતી. અનાદિની હોય તો તો આનંદમય હોય. એને દુઃખને ટાળવું ને કાંઈ સમજવું અને ધર્મ કરવો અને અધર્મ ટાળવો એ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ? કહે છે, સંવર થવાને લાયક. ભારે ગજબ વાતું કરી છે હોં! ધર્મની પર્યાય પણ તે કાળે થવાને લાયક છે એમ કીધું ભાઈ! આચાર્યની શૈલી એ પણ ગજબ શૈલી છે! વસ્તુને સિદ્ધ કરવાને શબ્દો એટલા સહેલા છે. કહે છે કે ભગવાન આત્મા જ્યારે પુણ્ય-પાપ આસ્રવ અને વિકાર એની દૃષ્ટિ છોડી અને એના સ્થાનમાં સ્વભાવી ત્રિકાળી આનંદ પ્રભુ એનો આશ્રય કરીને જે પર્યાયમાં ધર્મદશા થઈ એ કાયમની ચીજ નહોતી, કાયમ તો ધ્રુવ છે. એ નવી થઈ ધર્મદશા નવી થઈ. એ નવી દશાને સંવર કહે છે, અશુદ્ધતા અટકી એને સંવર કહે છે, ભાવસંવર. જૂનું કર્મનું નિમિત્ત એટલું નથી એને ત્યાં દ્રવ્યસંવર કહે છે. આવી ભાષા જ કે દિ' સાંભળી છે? ઓલું તો (કહે), ભાઈ! દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, આંખો મીંચીને બેસો, દેશ સેવા કરો. ધૂળેય કરતો નથી હવે સાંભળને. આહા..હા..!

કહે છે, '**સંવર થવા યોગ્ય અને સંવર કરનાર—એ બન્ને સંવર છે,...**' એ આવ્યું

હતું કાલે. હવે આજે નવું. '**નિર્જરવા યોગ્ય...**' એટલે શું કહે છે? કે ભગવાન આત્મામાં ત્રિકાળી શુદ્ધતા અને આનંદ છે, પણ એની દશામાં જે અશુદ્ધતા છે એ અશુદ્ધતા ટળવાને લાયકમાં એની પર્યાયમાં ફળવાને લાયક દશા થઈ એ પોતાને કારણે થઈ. સમજાણું કાંઈ? આ તો ભાઈ બીજી જાત છે આ તો. આહા..હા..! દુનિયામાં શું ચાલે છે અને કેમ છે એની બધી ખબર છે કે નહિ? બધી ખબર છે. આહા..હા..! માર્ગ તો આ છે.

'**નિર્જરવા યોગ્ય...**' ખરવાને યોગ્ય, ટળવાને યોગ્ય, ઝરવાને યોગ્ય. આત્માની પર્યાયમાં અશુદ્ધતા ટળવાને યોગ્ય, એવી શુદ્ધતા થવાને યોગ્ય એને નિર્જરા કહેવામાં આવે છે. એનું નામ ભાવનિર્જરા. શુદ્ધ ઉપયોગને ભાવનિર્જરા કીધી છેને ભાઈ! એ વાત છે મૂળ તો. ઓલું પુણ્ય-પાપના શુભ-અશુભભાવ હતા, આસ્રવમાં પણ શુભ-અશુભભાવ હતા. આમાં શુદ્ધભાવ. એ વસ્તુ છે ત્રિકાળી શુદ્ધ આનંદકંદ પ્રભુ, એનો આશ્રય થઈને જે શુદ્ધતા પ્રગટી એ શુદ્ધ ઉપયોગ છે, એ શુદ્ધ ઉપયોગ થવાને લાયક તે પર્યાય હતી. જેઠાભાઈ! આહા..હા..! બીજા કહે છે, મહારાજ જે કહે છે ઈ બરાબર બરાબર જ કહે છે, કોઈ ના પાડતું નથી. એ ના પાડે છે. આહા..હા..! અરે! ભગવાન! શું તું કહે છે ભાઈ? એ ના પાડનાર નથી કહે છે આમાં. પણ ભાઈ! સત્યનું સ્વરૂપ આવું છે એમાં તું શું ના પાડે? આહા..હા..! ન્યાયથી તો એ સિદ્ધ થાય છે, લોજિકથી પણ આ જ વાત સાબિત થાય છે. બીજી રીતે કોઈ વસ્તુ સાબિત થતી નથી. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ ત્રિકાળી હોવા છતાં એની પર્યાય એટલે હાલતમાં જે અશુદ્ધતા હતી, પુણ્ય-પાપના મલિન ભાવો એને ટળવાને લાયક થઈ પર્યાય એને શુદ્ધભાવ, એને નિર્જરવાયોગ્ય ભાવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? '**નિર્જરવા યોગ્ય...**' ભાષા કેવી છે! ગજબ કામ કર્યા છે હોં! આહા..હા..! પલટીને, અશુદ્ધતા પલટીને શુદ્ધતા આવી. એ શુદ્ધતાનો ભાવ, આનંદનો ભાવ, પવિત્રતાનો ભાવ. સંવરમાં શુદ્ધતા હતી, પણ આ નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ થઈ. સમજાણું કાંઈ? એ શુદ્ધિની વૃદ્ધિ થવાને લાયક જ તે પર્યાય હતી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો વિસામાનું વાક્ય છે. વ્યક્તિગત હોયને વાક્ય. આહા..હા..! અરેરે! એણે કોઈ દિ' પોતાની જાત શું છે અને ભૂલ શું છે અને ટળે કેમ એ દશાનું એણે જ્ઞાન જ કર્યું નથી. આહા..હા..!

કહે છે, '**નિર્જરવા યોગ્ય...**' શબ્દ તો આટલા જ છે, પણ એનો ભાવ ઘણો ઊંચો છે. ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ વસ્તુ એનો આશ્રય લઈને જે શુદ્ધતા પ્રગટી એ તો નવી થઈ. તો તે કાળે શુદ્ધતા થવાને લાયક જ પર્યાયની યોગ્યતા આવી છે. સમજાણું કાંઈ? '**નિર્જરવા યોગ્ય અને નિર્જરા—**' અને કર્મનું ખરવું, જડનું ખરવું, જડનું ટળવું એ નિમિત્ત નિર્જરા. એ વ્યવહારની દ્રવ્યનિર્જરા અને શુદ્ધતા પ્રગટી તે ભાવનિર્જરા. શબ્દો

અજાણ્યા બધા. નિર્જરા યોગ્યને કરનાર છે. એમાં વળી નિર્જરવા યોગ્ય એટલે શું? આત્મા પ્રભુ ત્રિકાળી વસ્તુ છે, છે અને છે અવિનાશી વસ્તુ છે. એની દશામાં જ્યારે પલટો મારે છે ત્રિકાળીને આશ્રયે ત્યારે તેને શુદ્ધતા આનંદતા, અતીન્દ્રિય આનંદની, સંવરના કાળમાં જે યોગ્યતા હતી એના કરતા નિર્જરાની યોગ્યતા શુદ્ધતાની વૃદ્ધિ થઈ એ પણ એ સમયની યોગ્યતા હતી કહે છે. આહા..હા..! પર્યાયનું સ્વતંત્ર સિદ્ધ કરવું તે તે સમયના કાળે... અલૌકિક વાત છે! સમજાણું કાંઈ?

કહે છે કે '**નિર્જરવા યોગ્ય...**' એટલે કે અશુદ્ધને ટળવાને લાયક અને શુદ્ધતાની વૃદ્ધિની યોગ્યતા એ એનો સમયનો કાળ છે તે સમયે તે નિર્જરાને યોગ્ય થાય છે. એને અહીં ભાવનિર્જરા કહીએ. શુદ્ધતાના ભાવને ભાવનિર્જરા કહીએ. શુદ્ધતાના ભાવને ભાવનિર્જરા કહીએ અને એનું નિમિત્ત જે કર્મ છે એનું ખરવું થાય છે એને દ્રવ્યનિર્જરા કહીએ. ...ભાઈ! આવું કાંઈ ત્યાં ચોપડા વાંચે તો સમજાય એવું નથી હોં ત્યાં. નથી સમજાતું. આમ તો પાંચ-પાંચ, છ હજારના પગાર ખાવ છો મહિનાના, તો આ પણ સમજાતું નથી. આ તો કીધું હતું પુણ્યને કારણે મળે છે પૈસા. એ કાંઈ તમારી હુશિયારીથી મળતા નથી. મોટા ઘણાં હજારો પેદા કરે છે મહિને. ઘણા હજારો. ત્રણે ભાઈઓને એમ જ છેને. ઓલો તો વળી ૪૦ હજાર પેદા કરે છે મહિને. કાલે ગયોને નાનો. મનોજ. ૨૪૦૦ ડોલરનો નોકર છે. એનો પગાર છે એક મહિનાનો. ૨૪૦૦ ડોલર. સાડા સાત રૂપિયા સીધા હોં! કાળા બજારના પંદર. એ કીધું હતું કાલે ભાઈએ. એક ડોલરના પંદર. કાલે ગયોને છોકરો. નાની ઉંમર નહિ? કેટલી ઉમર છે? ભાઈ મનોજની ઉંમર. ૩૭-૩૮ વર્ષ. લ્યો, એક મહિનાના ૨૪૦૦ ડોલર. અમેરિકામાં નોકર. ૩૮ વર્ષની ઉંમર. અને એ પોતે કહેતો હતો મેં પૂછયું ત્યારે. ત્યારે કહે કેટલા ...? એક ડોલરના સાડા સાત. એ બોલે નહિ કાંઈ. કાળા બજારના કરે નહિ, કાળા બજારમાં પંદર આવે ઈ ન કહે. તમારા ભાઈએ કહ્યું હતું કે આને ૪૦ હજારની નોકરી છે. તો એનો અર્થ શું થયો? મોટાભાઈએ કહ્યું હતું. અહીં તો એક શબ્દ હોય પણ એનો તોલ થાય છે. આ અમારા ભાઈને ૪૦ હજારનો પગાર છે મહિને. એમ કહ્યું હતું લ્યો! ભાઈએ સાંભળ્યું હતુંને. જુઓ આ રહ્યા. એટલે મનમાં તો એમ આવ્યુંને પાછું કે ૪૦ હજાર ઊપજે એ કાંઈ સાડા સાતથી ન ઊપજે. આ તો એક વાત છે. એ કાંઈ ડહાપણના ફળ છે એમ છે નહિ. એ તો પૂર્વના પુણ્યના રજકણો જ્યારે બળવાને તૈયાર થાય છે ત્યારે આવો સંયોગ દેખાય છે. એને નવા આવવાના પૈસા એમાં નિમિત્ત ઓલું જૂનું પુણ્ય છે. એ અહીં સિદ્ધ નથી કરવું.

અહીં તો એનો પુણ્યભાવ વર્તમાન જે છે એ એનું ભાવપુણ્ય દુઃખરૂપ અને એનું નિમિત્ત જે કર્મ છે એ દ્રવ્યપુણ્ય. એમ અહીં સંવર જે આત્માની નિર્જરા થાય અશુદ્ધતાની ટળે.

ટળવું અશુદ્ધતાનું અને શુદ્ધતાનું થવું. અહીં નિર્જરવા યોગ્ય કીધું છેને? એટલે આમ ટળવાની ધ્વનિ છે અંદર, પણ એનો અર્થ કે અશુદ્ધતા ટળે છે એટલે શુદ્ધતા વધે છે. સમજાણું કાંઈ? કાટ જાય અને પ્રકાશ આવે. લોઢામાં શું તમારે છરી-બરીને કરે છેને. કરતા નથી? આ શું કહેવાય તમારું ઓલું? સજાવે છે સરાણિયા પાસે. એ આમ કરતો જાય હોં. બાયડી સામે બેઠી હોય આમ આમ કરે ઓલું દોરડું અને ... આમ કરે. કસાયને કેટલો મેલ ગયો અને કેટલું ઉજળું થયું. વસ્તુ તો વસ્તુ છે. પણ એની દશામાં આ ભંગ કેવા પડ્યા. સમજાણું કાંઈ? છેને શું કહેવાય ઈ? સરાણિયા. આ બધા જોયા છેને બધા ઘણા જોયા નજરે.

મુમુક્ષુ :- હવે સરાણિયા રહ્યા નથી.

ઉત્તર :- એ હવે નહિ હોય. એક અમારે ગઢડાનો સરાણિયો હતો ઉમરાળાનો ઓળખીતો. મોઢા આગળથી જઈએ ત્યાં જોતા હતા. સરાણિયો હતો.

એમ આત્મા પોતાના ધ્રુવ ચૈતન્ય આનંદસ્વરૂપમાં કેટલો એકાગ્ર થયો અને કેટલી શુદ્ધતા પ્રગટી એ પણ જ્ઞાની જાણે અને અશુદ્ધતા કેટલી ટળી એમ પણ સાથે જાણે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આવું કામ ભાઈ! હવે આમાં તમે માણસો કહે કે એવી ધર્મની વાતું કરે છે કે બધો વ્યવહારનો નાશ થાય એવી વાત કરે માટે નથી, જાઓ. અરે! ભગવાન! ભાઈ! તારું મૂળ સ્વરૂપ ધર્મનું સ્વરૂપ જ આનંદ છે. આ એને પ્રગટે કેમ? એને દ્રવ્યને આશ્રયે પ્રગટે. ત્યારે તને શાંતિ વળે અને ત્યારે જન્મ-મરણ ટળે, નહિતર મરી જાય તોપણ નહિ ટળે. ચોર્યાસીના અવતારમાં એવી અનંત વાર ક્રિયાઓ કરી, પંચ મહાવ્રત પાળ્યા, સાધુ થયો, બાવો થયો, યોગી થયો, મૌન રહી ગયો આમ ને આમ, જંગલમાં સુકાઈ ગયો, પણ પોતાની જાત અંદર કેવી જાતની ત્રિકાળી છે અને કેવી જાતનું વર્તમાન રૂપ છે એના જ્ઞાન વિના તારા આરા સંસારના કોઈ દિ' આવે એવા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!.

કહે છે, '**નિર્જરવા યોગ્ય...**' ગજબ કર્યું છેને! એ સમયે શુદ્ધતા થવાને લાયકની જ પર્યાય છે એમ થયુંને? આહા..હા..! ક્રમબદ્ધ સિદ્ધ કરે છે. વસ્તુ તો ત્રિકાળી આનંદનો કંદ ધ્રુવ છે. હવે એની દશામાં પલટા મારે છે એની આ વાત છે. સમજાણું કાંઈ? અશુદ્ધતા ટળે છે એ એક સમયમાં બધી અશુદ્ધતા ટળીને પૂર્ણ શુદ્ધતા થાય એમ ન હોઈ શકે, એથી કહે છે કે એના ક્ષણે ક્ષણે એટલે એક સમય, સેકન્ડનો અસંખ્યમો ભાગ હોં! સેકન્ડમાં તો અસંખ્ય સમય જાય છે કાળના. એક-બે-ત્રણ કાળ નાનામાં નાનો સમય, નાનામાં નાનો કાળનો સમય એના બે ભાગ ન હોય. એક સેકન્ડમાં એવા અસંખ્ય સમય જાય. તો સમય સમયમાં જે શુદ્ધતાનો અંશ છે એને નિર્જરવાને યોગ્ય કહ્યો અને એમાં સામે કર્મનું ખરવું થઈ જાય છે એ પણ એના ક્રમમાં હોં! ભારે વાત ભાઈ! ત્યાં એ નિર્જરવાને યોગ્ય એનો

ક્રમ હતો. અહીંયા પણ ક્રમ અને અહીં પણ ક્રમ. આ તો પછી બધામાં બધું ન આવે. ક્યાંક ક્યાંક વળી આવી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિર્જરા કર્મની પર્યાય પણ તે કાળે ટળવાને યોગ્ય જ હતી. એથી તેને દ્રવ્યનિર્જરા કીધી, અહીંયાં આત્મામાં તે સમયે શુદ્ધતા પ્રગટવાનો તે કાળ હતો તેથી તેને ભાવનિર્જરા કીધી. ઓહો..હો..!

નિર્જરાના ત્રણ પ્રકાર ગણવામાં આવે છે. એક તો પૂર્વનું કર્મ ખરે એ, ઝરે એ, અશુદ્ધતા ટળે એ, શુદ્ધતા પ્રગટે એ. સમજાણું કાંઈ? એમાં અહીં બે વાત લેવી છે. અશુદ્ધતા ટળે અને શુદ્ધતા પ્રગટે એ પણ છે, એ નિર્જરાને યોગ્ય થઈ અને સામે કર્મનું ખરવું છે એ દ્રવ્યનિર્જરા. સમજાણું કાંઈ? વાતું કરવી ઝીણી અને પછી કહેવું સમજાણું કાંઈ? આવી વાતું છે. સીધું જ છે ભગવાન! પણ હવે શું કહીએ? આ ચીજ એવી છે કે જરી આગળ જાય, ઊંડો ઉતરે તો એને ખબર પડે. એવી ચીજ છે.

'**નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર—**' એટલે કે નિમિત્ત જે છેને કર્મનું એ નિર્જરા કરનાર કહેવામાં આવે. અહીં ભેદ પડ્યો છેને એટલે ઓલાને કરનાર કહેવામાં આવે છે. ભેદ પડવાને લાયક તો પોતે છે. સમજાણું કાંઈ? એક વસ્તુ છે આખી ભગવાન પૂર્ણાનંદનો નાથ, છતાં કહે છે કે આ દશાઓમાં ભેદ શા? એ ભેદ નિમિત્તને આધીનમાં કે અભાવને આધીન થઈને આવા ભેદ દેખાય છે. એ પરને લઈને નહિ, પોતાની યોગ્યતા છે માટે થાય છે. ત્યાં પણ એની યોગ્યતા છે. આહા..હા..! '**એ બન્ને નિર્જરા છે,...**' એક જીવ નિર્જરા કહેવાય ઓલા અશુદ્ધતા ટળે અને શુદ્ધતા થાય એ જીવ નિર્જરા, કર્મ ટળે ઈ અજીવ નિર્જરા. આહા..હા..! અરે! એણે મારી કરીને કોઈ દિ' આવી વાત સાંભળી નથી. અભિમાન કર્યા છે. અમે સમજીએ છીએ, અમને આવડે છે, અમને આ છે. મરી ગયો એમને એમ અભિમાનમાં. તણાઈ ગયો. ભાઈ! તને ખબર નથી. અને જ્યારે કાંઈક કરવા માગે છો સારું તો એનો અર્થ શું થયો? કે કાંઈક નરસું છે, તો એ નરસું સારું કરવા માગે છો તો એનો અર્થ થયો કે નરસું પલટી શકે છે, નરસું જઈ શકે છે અને સારું થઈ શકે છે. એ તો પર્યાયધર્મ થયો, એની પર્યાય અવસ્થાનો ધર્મ થયો. ત્રિકાળમાં કોઈ ટળે અને આવે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો ઓલા કહે કે તપસ્યા કરીએ તો નિર્જરા થાય.

મુમુક્ષુ :- કઈ તપસ્યા?

ઉત્તર :- આ અપવાસ કરવા ઈ. કઈ તપસ્યા શું? લાખોપતિ, કરોડોપતિ આ વર્ષીતપ કરે બાયડું. ઉભી ઉભી સુકાય બિચારીયું. રોટલા ન ખાય બબ્બે-ત્રણ-ત્રણ દિ'. આ વાત થઈ હતી આપણે ત્યાં ૯૦ની સાલમાં રાજકોટમાં. રાજકોટમાં અમારું ચોમાસું હતુંને, ત્યારે તો આમાં હતા. અહીં એ વાત ચાલતી હતી. ત્યાં ગામમાં (વાત થઈ કે) ત્યાં તો એમ કહે છે કે આવા અપવાસ કરે તો નિર્જરા ન થાય, ધર્મ ન થાય. આ કરોડોપતિ અને લાખોપતિની

બાયું ઉભી ઉભી અપવાસ કરે અને નિર્જરા ન થાય. સાંભળને હવે, તારા અપવાસ લાંઘણું છે. અહીં કહેતો હતો, ઓલો પરષોતમ. ૯૦ની સાલની વાત છે, રાજકોટની. આહા..હા..!

ભાઈ! નિર્જરા તો ત્યારે થાય કે પ્રભુ આત્મા આનંદનું ધામ એને સ્પર્શે, એને સ્પર્શે, એનો અનુભવ કરે, એ આનંદને વેદે ત્યારે એને નિર્જરા અશુદ્ધતાની થાય. તારા અપવાસ કર્યે લાંઘણ થાય એવી લાંઘણું તો અનંત વાર કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! વર્ષીતપ કરે છેને, પ્રાણભાઈ! વર્ષીતપ કરે છેને બાયું? પૈસાવાળા હોય એ પાંચ-પચાસ હજાર ખર્ચવા પડે. લાંઘણું થઈ જાય એમ કહે. ઉજવણું કરે. તમારા ઘરે કોઈ દિ' નહિ થયું હોય. વર્ષીતપ થયું હતું? જૂની નહિ, નવી નહિ, કોઈ નહિ? ઠીક. જૂના બાઈએ કાંઈ વર્ષીતપ નહિ કર્યા હોય. એ નાની ઉંમરમાં ગુજરી ગયાને. અઠ્ઠાઈ કરી હતી. એ તો .. મેં કરી હતી એ તો ૮૭માં. ખબર છેને. ૮૮ આપણે ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સાચી વાત છે. જ્ઞાતાસૂત્રમાં.. ૮૮ની સાલની વાત છે. અહીં કહે છે એવા અપવાસ-બપવાસ કર્યે નિર્જરા થાય નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- કરવા કે ખાવું?

ઉત્તર :- ખાઈ કોણ શકે છે? એ તો જડની ક્રિયા છે. આ દાંત હલે એ શું આત્મા હલાવે છે? દાળ-ભાતના કટકા અને ભુક્કા થાય એ શું આત્મા કરે છે? એ તો જડની ક્રિયા છે. આહા..હા..! જડના અસ્તિત્વમાં તો આત્મા છે જ નહિ. એના અસ્તિત્વમાં નથી તો એનું શું કરે ઈ? સમજાણું કાંઈ? આહા..હા..!

નિર્જરા થવાને યોગ્ય. તો એનો અર્થ એ થયો કે પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એનું જે અંદર અવલંબન લે છે, ધર્મી એનો આશ્રય લ્યે છે અને એમાં લપેટાય છે ત્યારે તેને શુદ્ધતા પ્રગટ થાય છે. એ શુદ્ધતાને અહીંયાં નિર્જરવા યોગ્ય ભાવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે કર્મનો ઉદય છે એ ખરે છે એને દ્રવ્યનિર્જરા કહેવાય છે. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. નૈમિત્તિક પણ સ્વતંત્ર છે અને નિમિત્ત પણ સ્વતંત્ર છે. આહા..હા..! જુઓ કેવી વાત કરે છે! સમજાણું કાંઈ? કેટલુંય સમાડ્યું છે આમાં તો. આખા સિદ્ધાંતોનું તત્ત્વ સમાડી દીધું છે. એનું ક્રમબદ્ધ, આનું ક્રમબદ્ધ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છતાં ભિન્ન. એને લઈને આ નહિ અને આને લઈને એ નહિ. આહા..હા..! **'એ બન્ને નિર્જરા છે,...'** બન્ને કઈ કઈ?

મુમુક્ષુ :- ભાવ અને દ્રવ્ય.

ઉત્તર :- ભાવ કોણ?

મુમુક્ષુ :- ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરા.

ઉત્તર :- ભાવ કોને કહ્યો?

મુમુક્ષુ :- શુદ્ધિ થાય છે એ.

ઉત્તર :- જીવની પર્યાય શુદ્ધિની વૃદ્ધિ થાય એને ભાવનિર્જરા કહે છે. ના, ના એ તો જરી જરી ધ્યાન તો રાખે છે બરાબર. બીજા છોકરા જેવો નથી. કહો, સમજાણું આમાં?

હવે **'બંધાવા યોગ્ય અને બંધન કરનાર—'** આવ્યું. ભારે ભાઈ! કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ દ્રવ્યે હોવા છતાં, તેની પર્યાયમાં—હાલતમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વને યોગ્ય જે ભાવ છે એને ભાવબંધ કહેવામાં આવે છે. આહા..હા..! ભ્રમણા મિથ્યા શ્રદ્ધા કે હું પરને લઈને સુખી છું. સમજાણું કાંઈ? પરને લઈને હું દુઃખી છું એવી જે માન્યતા મિથ્યાત્વની, મિથ્યાભ્રમ જૂઠી એ બંધનને યોગ્ય છે ઈ. તે કાળે તે પર્યાય તે જ બંધાવાને યોગ્ય, થવાને યોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વરૂપે અબંધ હોવા છતાં, પ્રભુ ત્રિકાળ વસ્તુ અબંધ હોવા છતાં એની દશામાં, હાલતમાં, અવસ્થામાં, વર્તમાન અંશમાં જે મિથ્યા અને રાગ-દ્વેષના પરિણામ છે એને ભાવબંધ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એ પણ પર્યાય છે એમ સિદ્ધ કરવી છે. સમજાણું? જો ભાવબંધ ન હોય તો એની દશામાં મુક્તિ હોવી જોઈએ. આહા..હા..! સમજાણું આમાં?

**'બંધાવા યોગ્ય...'** ભગવાન આત્માની વર્તમાન દશા, મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ એ ભાવબંધ કહેવાય છે. એ વિકારી પરિણામ અટક્યો છે સ્વભાવ ત્યાં એવી એને ભાવબંધ દશા કહે છે. એ ભાવબંધ દશા એની યોગ્યતાને કારણે એ છે. જડ કર્મ છે માટે ભાવબંધ દશા થાય છે એમ નથી અને ભાવબંધ છે માટે દ્રવ્યકર્મને આવવું પડે છે બંધ રૂપે એમ નથી. એ વાતનું અહીં કામ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યારે આવી ચીજ છે શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે, જેનો સ્વભાવ અને સ્વભાવવાન બેય પવિત્ર અને શુદ્ધ છે, છતાં કહે છે કે વર્તમાન દશામાં એનું પ્રગટવું નથી ત્યારે એ શું છે? ભાવબંધ દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ આખી ચિદ્‌ઘન આનંદનો કંદ પ્રભુ છે. જ્યારે એ દશા,.. વસ્તુ તો અબંધ છે. તો તો એ વસ્તુનો ભાવબંધ ન હોય તો તો એને આનંદની અબંધ પરિણતિ પરિણામ દેખાવા જોઈએ. સમજાણું કાંઈ? જેવો અબંધ સ્વભાવ છે એવું જ પરિણામમાં અબંધપણું આવવું જોઈએ. પણ એને ઠેકાણે અટક્યો છે મિથ્યા ભ્રમમાં, રાગ-દ્વેષમાં અટક્યો છે એ પણ તેની લાયકાતથી અટકેલો છે એમ કહે છે. આહા..હા..! આ તો અંદરની પર્યાયની રમતુંની વાત છે. એ બેયનું જ્ઞાન કરાવીને છોડાવા માટે આ વાત ચાલે છે હોં! સમજાણું કાંઈ?

**'બંધાવા યોગ્ય...'** એ જીવભાવ છે, પર્યાયભાવ. મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષ, વાસના એ પર્યાયમાં—અવસ્થામાં ભાવ જીવભાવનો બંધભાવ છે. પર્યાયનો ભાવ હોં એ. ત્રિકાળી

ભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'બંધાવા યોગ્ય અને બંધન કરનાર—'** આ જૂનું કર્મ જે નિમિત્ત છે એને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. આહા..હા..! આ ભાવબંધ છે તો ઓલો દ્રવ્યબંધ છે. આનો ભાવ ત્યાં નથી એટલે દ્રવ્યબંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ! આવું સાંભળ્યું હતું ત્યાં? કેટલા વર્ષ મુંડાવ્યું ત્યાં તો. વર્ષીતપ શું ઊના પાણી પીધા, ફલાણું કર્યું. આહા..હા..! અરે! તારા ઘરની વાતું પણ જ્યાં નથી. એની દશાની અવસ્થા કેમ છે એની જ્યાં વાત નથી, ત્યાં દશા વિનાનું આખું ત્રિકાળી ચીજ છે... આહા..હા..! પ્રગટ દશામાં પણ સ્વતંત્રતાની પ્રસિદ્ધિ જ્યાં નથી, એને અપ્રગટ આખું તત્ત્વ એની પ્રસિદ્ધિ થાય (એમ) કોઈ દિ' બની શકે નહિ. સમજાણું કાંઈ? આવી રીત ભારે ભાઈ! આહા..હા..!

**'બંધન કરનાર—'** એ કર્મનું નિમિત્ત. કારણ કે એકલો વિકાર પરના લક્ષ વિના હોઈ શકે નહિ. વિકાર કાંઈ સ્વના લક્ષે હોઈ શકે? પોતે તો શુદ્ધ આનંદકંદ છે. એને લક્ષે ભાવબંધ થાય? લક્ષ જે જાય છે ત્યાં એ દ્રવ્યબંધ છે અને પોતાને કારણે ભાવબંધ થયેલો છે. એ ભાવબંધ અટકવું એ જીવભાવ છે, ભાવબંધ છે અને સામે જડ કર્મનું નિમિત્ત તે દ્રવ્યબંધ છે. ભારે વિષય ભાઈ આવો. આહા..હા..! જુઓ! આ ૧૪ વર્ષનો છોકરો છે. માર્ગ તો આવો છે, એવો માર્ગ છે. ગોઠે છેને, ગોઠે છે, સંસ્કારી છે. બે-ત્રણ વર્ષથી આવે છે. સમજાણું કાંઈ? એના ઘરની વાત આવી છે એમ કેમ ન ગોઠે એને? આહા..હા..! એને ક્યાં બહાર જોવું છે કે આ બહારને લઈને હું છું. મારી પર્યાય મારે લઈને છે. એમાં એક બીજી ચીજ છે એને દ્રવ્ય કહેવાય છે. બેય અસ્તિ સિદ્ધ કરે છે જુઓ! વિકારી દશા પણ સિદ્ધ કરી તેને કાળે અને સામે એક બીજી ચીજ અજીવ છે. સમજાય છે કાંઈ? જીવના લક્ષણથી વિલક્ષણવાળું અજીવતત્ત્વ જો ન હોય તો વિલક્ષણના તત્ત્વના લક્ષે વિકાર ન થઈ શકે. એવું વિલક્ષણ ન હોય તો. વિલક્ષણ જે ચૈતન્ય એનાથી વિલક્ષણ અજીવતત્ત્વ છે સામે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધાવા યોગ્ય...'** બંધાવાને યોગ્ય, ભાવબંધ થવાને લાયક. પર્યાયમાં હોં! અવસ્થામાં. જીવ ભાવબંધ છે. અને **'બંધન કરનાર...'** સામે દ્રવ્યકર્મ જડ. કારણ કે અહીં ભેદ પાડનારનું નિમિત્ત છે એટલું સિદ્ધ કરવું છે. ભેદ પડે છે પોતાને કારણે, ભેદ કાંઈ દ્રવ્યને આશ્રયે પડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધું અહીં ચાલે હોં. આવું ત્યાં કાંઈ મુંબઈમાં લેવા જાય તો કહે શું માંડી છે આ? એય..! હિંમતભાઈ!

મુમુક્ષુ :- રાજકોટમાં ચાલે.

ઉત્તર :- રાજકોટમાં ચાલે. રાજકોટમાં ચાલે. ભાઈની વાત સાચી. ત્યાં તો માણસો સાંભળનારા વ્યાખ્યાન વરસોવરસ .. આવતી સાલ બાર મહિના ન જાવું પછી રાજકોટનું ગણાય નહિ, એમ કરીને પાછું ભાવ તો રાખ્યો પાછો એમાં અંદર. બાર મહિના બહાર

ન નીકળવું.

મુમુક્ષુ :- આરામ માટે.

ઉત્તર :- હા તો પછી રાજકોટનું?

મુમુક્ષુ :- ઈ આરામ જ છે.

ઉત્તર :- ઈ આરામ છે એમ કહે છે. પોતાની રાખી વાત. આહા..હા..!

કહે છે, ભગવાન! તું ક્યાંક અટક્યો છો એવું જો તને નક્કી ન થાય તો તારી ભૂલ છે મોટી. જો અટક્યો છો ક્યાંક, ન અટક્યો હોય તો એને આત્મામાં અટકે અને આવે તો તો એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. ક્યાંક રોકાણો છે. એ ભાવબંધના વિકારી પર્યાયમાં રોકાણો છે. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિમાં રોકાણો છે એમ કહે છે. એ ભાવબંધ છે. અને બંધ કરનાર, બંધન કરનાર એટલે કર્મનો ઉદય. છેને કર્મનું નિમિત્ત. એ બંધન કરનાર કહેવાય જૂના કર્મ. આહા..હા..! **'બન્ને બંધ છે...'** એક વિકારી પરિણામ થાય દોષવાળા એ અટકવું છે, શુદ્ધ નથી માટે ભાવબંધ. એને જીવ ભાવબંધ કહીએ અને સામે કર્મનું બંધન છે એને અજીવ દ્રવ્યબંધ કહીએ. હવે મોક્ષ રહ્યો. એ ઉત્તર આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૨, રવિવાર, તા. ૦૨-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩, પ્રવચન-૫૮

૧૩મી ગાથા ચાલે છે. અહીં બંધ સુધી આવ્યું છે. **'એ બન્ને બંધ છે...'** એમ આવ્યું. એટલે શું? કે આ આત્મા સામાન્ય જ્ઞાયકભાવરૂપ ત્રિકાળ સ્વરૂપ છે. એમાં આ પર્યાયોની અવસ્થાના ભેદો એ પોતાની યોગ્યતા પ્રમાણે પોતામાં થાય છે. ત્યારે સામે એક નિમિત્ત ચીજ છે. એકલાને આ નવ ભેદ ન પડે. સાત ભેદ. એક જ તત્ત્વને સાત ભેદ કેમ પડે? એક વસ્તુ જ અખંડ છે એમાં. બીજા તત્ત્વનું નિમિત્ત અને પોતાની યોગ્યતા બેનો સંબંધ થાય ત્યારે એમાં આવા તત્ત્વો ઊભા થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં શું સમજે?

ઉત્તર :- ન સમજાય તો હળવે હળવે કહીએ. કહો, શેઠ! સૂક્ષ્મ વાત છે. ગુજરાતી

ચાલે છે બપોરે. સવારે હિન્દી (ચાલે છે). આવ્યા હતાને એ ડૉક્ટર.

જુઓ, અહીંયાં એવી વાત છે કે '**भूदत्थेणाभिगदा**' વસ્તુ આત્મા જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક જ છે. એ એની પર્યાયનો પણ જાણનાર, આસ્રવનો જાણનાર, નિર્જરાનો જાણનાર, મોક્ષનો પણ જાણનાર. એ જાણનાર-જાણનાર જે એક છે તેને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપે પર્યાયનું...

ઉત્તર :- એ પર્યાયને જાણે છે. એવા નવના પર્યાયો ભેદ છે એનો એકરૂપ જાણનાર જ્ઞાયક તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એમ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જાણનાર કહીએ તો જાણવાની શક્તિ રાખવી.

ઉત્તર :- નહિ શક્તિ નહિ. જાણનાર ત્રિકાળ એકરૂપે. અંદર વસ્તુ વર્તમાન જાણનાર. શક્તિ છે એ તો જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ? શું પ્રશ્ન થયો? શક્તિ છે એમ ક્યાં આવ્યું? આ તો એમાં વર્તમાનમાં એના નવ પ્રકારનું જાણવાની એકરૂપતા પર્યાયમાં હોં. એવા આત્માને અહીંયાં આત્મા કહે છે.

અહીંયાં તો ભેદ પાડ્યા સાતના. એક જીવ વસ્તુ છે. હવે એની વર્તમાન દશામાં... પહેલાથી આવી ગયું છે. પુણ્ય થવાને લાયકનો એનો કાળ છે. શુભ થવાનો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ જે છે એનો એ સ્વકાળ છે. એટલે એ કાળે જ છે ઈ. એની યોગ્યતાથી તે પુણ્યભાવ ત્યાં થયા છે. અને એનું જે સામે નિમિત્ત છે એને દ્રવ્યપુણ્ય કહીએ અને યોગ્યતાથી થવો ભાવ એને ભાવપુણ્ય કહીએ. જીવના ભાવને ભાવપુણ્ય કહીએ. સામે અજીવના નિમિત્તના ભાવને દ્રવ્યપુણ્ય કહીએ. એ એનો ભાવ છેને ત્યાં? દ્રવ્યની આ વાત નથી. ઝીણું છે. આ તો મૂળ વસ્તુ છેને. કોઈ દિ' અભ્યાસ કર્યો નથી એટલે માણસને (કઠણ લાગે છે). એમાં આ ગાથાઓ (સૂક્ષ્મ છે).

મુમુક્ષુ :- નવ તત્ત્વ તો નાનપણથી શીખ્યા છીએ.

ઉત્તર :- નામ શીખ્યા શું થયું દાળીયા ત્યાં? એવા અનંત કાળ ગાળ્યા એમને એમ મૂઢપણે જીવોએ. આહા..હા..! ત્યાગી નામ ધરાવનારા, ધર્મી નામ ધરાવનારા, અમે જાણીએ છીએ એવા નામ ધરાવનારા, પણ એમને એમ મૂર્ખાઈપણે અનંત કાળ ગાળ્યો છે. એ વાસ્તવિક તત્ત્વ જે સર્વજ્ઞથી સિદ્ધ છે અને વસ્તુનું સ્વરૂપ જ એવું છે એવું એણે જાણવાનો અંતર્મુખ થઈને પ્રયત્ન કર્યો નથી.

અહીં કહે છે, આપણે તો આ બધું આવી ગયું છે પુણ્ય-પાપ સુધીનું. આત્મા જે વસ્તુ છે આ દેહથી ભિન્ન ધ્રુવ. હવે એ ધ્રુવમાં જે કાંઈ વર્તમાન દશા વર્તે છે એમાં એને પુણ્યના વિકલ્પો દયા, દાન, આદિ શુભભાવ એની યોગ્યતા પ્રમાણે ત્યાં થાય છે. એનો અર્થ એ

કે એના ક્રમમાં એ જ ભાવ ત્યાં આવવાનો છે. એક બીજી વાત. અને તેના ક્રમમાં સામે નિમિત્ત પણ એવું જ હતું. એથી નિમિત્તનો પણ ક્રમ ત્યાં એવો હતો.

મુમુક્ષુ :- ઈ જાતના જ આવે? બીજા ન આવે?

ઉત્તર :- બીજું ન હોય. આહા..હા..! એના એ રજકણો પણ એ વખતના જે છે એ જ, બીજા નહિ. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે, ગંભીર છે, ગૂઢ વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર. વિકારી થવા યોગ્ય એ જીવનો ભાવ પુણ્યભાવ. રાગની મંદતાનો ભાવ તે કાળનો તે પ્રકારે છે. અને વિકાર કરનાર. એટલે કરનાર કેમ લીધું છે? કે વસ્તુનો ભેદ વસ્તુનો સ્વભાવ નથી. ભાઈ! એથી ભેદની પર્યાયમાં નિમિત્તને કર્તા ઠરાવીને ભેદ સિદ્ધ કર્યો છે. આહા..હા..! એવી વાત છે જરી ઝીણી છે હોં! આ તો સર્વથા એક આત્મા વ્યાપક છે એમ માન્યું થઈ રહ્યું, જાવ એ ધર્મ. ભ્રમ છે બધું. એ તો અનાદિનું અજ્ઞાન છે. એવું હોય તો આ દુઃખ શું? સંસાર શું? એ કાંઈ સાબિત થતું નથી. એમ છે નહિ, એમ છે નહિ. અજ્ઞાનીઓએ માનેલી વાત છે. સમજાણું કાંઈ?

વસ્તુ જે આ એક આત્મા વસ્તુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એમાં વર્તમાન અવસ્થામાં થતા પુણ્યના શુભભાવ યોગ્યતાને કારણે, એની યોગ્યતા જ એની લાયકાત જ એ સમયનો એનો સ્વકાળ જ છે ઈ. એને રાગની મંદતાના ભાવને ભાવપુણ્ય કહીએ, નિમિત્તને દ્રવ્યપુણ્ય કહીએ. બસ. એમ પાપના ભાવ તે પણ તેના સ્વકાળે તેની યોગ્યતાથી હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો વિકલ્પ એ પાપભાવ. એ પણ એની દશાનો યોગ્યતાના કાળનો ક્રમમાં એ ભાવ છે. સમજાણું કાંઈ? ત્યારે એ ભાવને પાપભાવ કહીએ અથવા જીવ પાપ કહીએ ત્યારે નિમિત્તને અજીવપાપ કહીએ. સામે કર્મનો મોહનો ઉદય છે એને. એ બધું આવી ગયું છે આપણે. આ તો થોડું-થોડું (લઈ લીધું).

**'આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—'** બે ભેગા કર્યા. શુભ અને અશુભભાવ એ આસ્રવ્ય થવાને લાયક જીવની યોગ્યતાની તે અવસ્થા છે. એને ભાવઆસ્રવ કહીએ અને એમાં જે નિમિત્ત કર્મનો ઉદય એને દ્રવ્યઆસ્રવ કહીએ. કેમકે કરનાર એટલે કે એના લક્ષે થાય છે, ભેદપણું એનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેદ પણ એની યોગ્યતા ખરી, એ સ્વભાવ ન થયો. એની યોગ્યતામાં નિમિત્તપણું સામી ચીજનું છે. એને દ્રવ્યઆસ્રવ કહીએ અથવા અજીવઆસ્રવ કહીએ. નવા આવે એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ થાય વર્તમાન તેની સ્વ યોગ્યતાને કારણે થાય છે. તે સમયનું સત્ જ એવું એનું છે. અને એને ભાવજીવ કહીએ, ભાવઆસ્રવ કહીએ, તેને જીવઆસ્રવ કહીએ. સામે નિમિત્ત છે જૂનું કર્મ. નવાની અહીં વાત નથી. જૂના કર્મના તેના નિમિત્તને

કારણ કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે આ નવ પડે છેને ભેદ? જીવ-અજીવમાં સાત ઉભા થયા એ ભેદ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે પડે છે. સમજાણું કાંઈ? એથી કર્મનો જે ઉદય છે સામે બીજી ચીજ, જે જીવથી વિલક્ષણવાળી ચીજ છે એને દ્રવ્યઆસ્રવ કહેવામાં આવે છે. આવી માથાકૂટ કરવી એના કરતા... વસ્તુની સ્થિતિ જ આવી છે. વસ્તુનું આ રીતે સ્વરૂપ ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ, સાબિત યથાર્થપણે થતી જ નથી. સમજાણું કાંઈ?

પછી કહે છે કે **'સંવરરૂપ થવા યોગ્ય...'** લ્યો આ તો ધર્મની પર્યાય છે. એ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ સમયનો તે કાળને યોગ્યતાને કારણે થાય છે. સમજાણું કાંઈ? પણ આવું માનનારને દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે ઈ આને જાણે છે. સમજાણું કાંઈ? સંવર થવાને લાયક, શુદ્ધિની ઉત્પત્તિ થવાને લાયક જીવની દશા. ત્રિકાળ શુદ્ધ છે એ તો ધ્રુવ ચિદાનંદ અખંડ અભેદ છે. એની વર્તમાન દશામાં નવી શુદ્ધતાના અંશની યોગ્યતાને કાળે જે (ભાવ) થાય તેને ભાવસંવર કહેવામાં આવે છે. એ સંવર થવાને યોગ્ય કીધું. અને **'સંવર કરનાર—'** તે સમયના જૂના કર્મના નિમિત્તનો એટલો અભાવ (થયો) એને અહીંયાં દ્રવ્યસંવર કહેવામાં આવે છે. કર્મ આવ્યા, અટક્યા એને દ્રવ્યસંવર (કહે) એ અહીં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું! માણસ એક પૂછતો હતો કે મહારાજ! એવો ધર્મ હોવો જોઈએ... પણ તું ધર્મ સમજે છો? કે ધર્મ એવો હોવો જોઈએ? અમેરિકાનો આવ્યો હતો હમણા એક. અમેરિકાથી આવે એ જાણે મોટો શું અમે! ૧૦-૨૦ હજારના પગાર હોય મહિને અને મોટા ટોપા પહેર્યા હોય આમ જાણે અમે તો આહા..હા..! આકાશમાંથી ઉતર્યા. આકાશમાંથી રામજીભાઈએ એવો અર્થ કર્યો હતો. એરોપ્લેન શું કહેવાય તમારે? પ્લેનમાં આવ્યા એ આકાશ. એ નહિ આ તો જાણે ઉપરથી દેવ થઈને આવ્યા હોય. એવા પાવર મગજમાં હોય એને. માવાણી!

મુમુક્ષુ :- વાતાવારણ જુદું હોયને.

ઉત્તર :- જુદું હોય. આહા..હા..! પ્રભુ! બધાને .. સાંભળ તો ખરો. એ તો કહે, એવો ધર્મ હોવો જોઈએ. હતી જાડી બુદ્ધિ બહુ થોડી સાધારણ. આવું હોય ને ફલાણું હોય. દેખાવ એવો લાગતો હતો. હતો તો આપણા રતિલાલ મોદીનો દીકરો. કાંપમાં રતિલાલ મોદી છેને? મુંબઈ છેને. આહા..હા..!

કહે છે કે ભાઈ સાંભળને પ્રભુ! એ વાતું તેં સાંભળી, ધારેલી છે એ બધી વાતુંને એક કોર મીંડા મૂક. આહા..હા..! પરમસત્ય, પરમ સત્‌નું સત્‌પણું એ વસ્તુ તો ત્રિકાળ છે અને એનું પણું જે ભાવ છે એ પણ ત્રિકાળ છે. હવે એનો વર્તમાનમાં ભેદ પડ્યો. કહે છે કે ધર્મની પર્યાય નવી થાય છે, પણ નવી થવાને લાયકને કારણે તે થઈ છે. કોઈ કર્મનો અભાવ થયો માટે અહીં સંવર થયો છે એમ નથી. તેમ આડેઅવળે કાળે થયો છે એમ

નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ કરે તો વહેલો થાય.

ઉત્તર :- એ પુરુષાર્થ જ એ કાળનો એનો એવો જ હોય. પુરુષાર્થ કરે તો વહેલો એટલે શું? વહેલાની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- આપ કહો છો, પુરુષાર્થે જલ્દી મોક્ષ થાય.

ઉત્તર :- જલ્દી મોક્ષનો અર્થ? કે જે અંતર સ્વરૂપમાં લીન થાય એને અલ્પ કાળમાં મુક્તિ થવાની લાયકાત હોય એમ એનો અર્થ છે. પંડિતજી! આહા..હા..!

ભાઈ! અંતરની ચીજું એવી છે ઝીણી ભાઈ! અનંત કાળ થયા રખડતા-રખડતા. આહા..હા..! એણે દીર્ઘદષ્ટિથી વિચાર કર્યો નથી. અરે! હું ક્યાં રહ્યો અનંત કાળ? અને કેમ રહ્યો? અનંત કાળ આદિ નહિમાં આત્મા તો આદિ વિનાનો છે. એની આદિ નથી ક્યાંય. છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... એમ ચાલ્યું આવે છે. તો એ છે છે રહ્યો ક્યાં? આ ચાર ગતિના દુઃખમાં પીલાઈને રહ્યો છે ઈ. સમજાણું કાંઈ? એણે શાસ્ત્રના જાણપણા પણ કર્યા હતા ઘણી વાર. 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લીયે. વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ધર્મની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જેમાં શાંતિ અને આનંદ આવે એ પણ એની પર્યાયના સ્વકાળની યોગ્યતાથી થયું છે. એને ભાવસંવર કહેવામાં આવે છે. જૂના કર્મના નિમિત્તને દ્રવ્યસંવર કહે છે. નિર્જરવાયોગ્ય. આત્મામાંથી અશુદ્ધતા ઝરવા લાયક એ એના સ્વકાળે અશુદ્ધતા ઝરવાને લાયક એ આત્માની પર્યાયની યોગ્યતા છે. સમજાય એટલું સમજવું. બાકી તો પાર ન મળે આત્માનો. આહા..હા..! શેઠ! આ ૧૭મી વાર વંચાય છે સભામાં.

મુમુક્ષુ :- નવા નવા ભાવ નીકળે છે.

ઉત્તર :- એ વાત સાચી છે. ૧૭મી વાર છેને. ૧ અને ૭ હોં. ઓલા .. એમ નહિ. ૧૦ અને ૭. પહેલેથી આખું ૧૬ વાર ચાલી ગયું છે, આ ૧૭મી વાર ચાલે છે.

કહે છે કે અહો! સંવર કરનાર. '**નિર્જરવા યોગ્ય...**' આત્મામાંથી મલિન પર્યાય છૂટવાને લાયક અને શુદ્ધતા થવાને લાયક, છૂટવાને લાયક એ વ્યયથી છે અને ઉત્પત્તિને લાયક શુદ્ધ શુદ્ધિની વૃદ્ધિ એવી નિર્જરાને યોગ્ય તે તેનો સ્વકાળ છે તેથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને અશુદ્ધની હાનિ થાય છે. એ નિર્જરવા યોગ્ય એ જીવની પર્યાયમાં વાત છે. એટલે ભાવ નિર્જરા, જીવ નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**નિર્જરા કરનાર...**' સામી ચીજ. કર્મના રજકણો તે કાળે નિમિત્તપણાના હતા તે ખરતા જાય છે એને દ્રવ્યનિર્જરા કહેવામાં આવે છે. '**બંધાવા યોગ્ય...**' વિકારના પરિણામમાં

અટકવાયોગ્યની લાયકાતથી જીવ ત્યાં બંધાવા યોગ્ય થાય છે. કહો, સમજાણું કાંઈ? કર્મને કારણે નહિ. બંધાવાને લાયક ભ્રમણા, મિથ્યા ભ્રમ—પરમાં સુખ છે, રાગમાં લાભ છે, પરથી મારામાં કાંઈક થાય છે, મારાથી પરમાં કાંઈક હું કરી શકું છું એવો જે મિથ્યાત્વભાવ એનું જે અટકવું જીવનું ત્યાં એ પોતાની લાયકાતથી અટક્યો છે. સમજાણું કાંઈ? એ બંધન, બંધાવાયોગ્યની પર્યાયની વાત થઈ. એ જીવની દશાનો ભાવ. ભગવાનજીભાઈ! બહુ ઝીણું ચાલે છે હમણાં. આહા..હા..! 'બંધાવા યોગ્ય...' પર્યાય હોં અવસ્થા. વસ્તુ તો ત્રિકાળ છે. એની અવસ્થામાં મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષપણે પરિણમવાની યોગ્યતા બંધાવાની એની પોતાની લાયકાતથી બંધાય છે. એને ભાવબંધ કહીએ અથવા જીવબંધ કહીએ અને તેનું નિમિત્તપણું સામે કર્મનું છે એને દ્રવ્યબંધ કહીએ અથવા અજીવબંધ કહીએ. આહા..હા..! અહીં સુધી તો આવ્યું હતું કાલે.

હવે '**મોક્ષ થવા યોગ્ય...**' મોક્ષના પ્રકાર ઘણા છે. અહીં એક પ્રકાર છે, બે પ્રકાર છે. પહેલો તો એક અનાદિ બંધનો અંશ ઓછો થાય છે એથી એવા અજ્ઞાનીને પણ મોક્ષ કહેવામાં આવે છે. એ ઉપચારી (ઉપચારથી) મોક્ષ જે નવ તત્ત્વ અનાદિના છે ઈ.

મુમુક્ષુ :- એ અહીં લેવા?

ઉત્તર :- એ અહીં નહિ, એ અહીં નહિ. શું કહ્યું?

અનાદિ જીવ છે વસ્તુ ધ્રુવ એની અવસ્થામાં પર્યાયબુદ્ધિથી હું જીવ છું એક સમયની પર્યાયવાળો, આ અજીવ છે, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર એટલે આ સંવર શુદ્ધનો નહિ, પણ એને એ કાળે કેટલીક પ્રકૃતિનું અટકવું થાય છે. કારણ કે બધી પ્રકૃતિ એક સાથે બંધાતી નથી એની અપેક્ષાએ સંવર કહીએ અને કેટલીક સમયે સમયે પૂર્વના કર્મો પાક થઈને ખરે છે એને નિર્જરા કહીએ. આ અજ્ઞાનીની વાત છે હોં! અને રાગના બંધનને બંધન કહીએ અને અંશે બંધનો અભાવ થઈને નિર્જરા થઈ એવી દશાને ગણીને તેને મોક્ષ પણ કહેવામાં આવે છે. એ નહિ અહીંયાં. સમજાણું કાંઈ? આ તો પહેલા આવી ગયું છે. આ તો વિનંતી થઈ. પહેલા આવી ગયું છે. અહીં કહે છે, ભગવાન આત્મા ત્રિકાળી શક્તિરૂપ મોક્ષ છે એની અહીં વાત નથી.

મુમુક્ષુ :- મોક્ષસ્વરૂપ છે એ વાત નથી અહીંયાં?

ઉત્તર :- ત્રિકાળી આત્મા મોક્ષસ્વરૂપ છે એની વાત નથી. એક વાત. જે અનાદિનો બંધનો અંશ અભાવે મોક્ષ કહ્યો એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો તેરમા ગુણસ્થાનમાં ભાવમોક્ષ જે આત્માનો નિર્મળ આનંદ પૂર્ણ પ્રગટ થાય છે જ્યાં. પ્રગટ થવું એટલે દશા થઈને એ તો. વસ્તુ તો ત્રિકાળ છે. આ તો અવસ્થાની વાત છે. એટલે શક્તિરૂપ મોક્ષ એની વાત નથી, તેમ અજ્ઞાનીના મોક્ષ નવ તત્ત્વનો જે મોક્ષતત્ત્વ છે એની અહીં

વાત નથી. તેમ કર્મ ખરે તે બીજામાં જશે. અહીં તો ભાવમોક્ષ (એટલે) જીવમાં અવસ્થા નવી આનંદની, શાંતિની પૂર્ણતા પ્રગટ થાય તે સમયની યોગ્યતાને કારણે સ્વ યોગ્યતાથી તે મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'મોક્ષ થવા યોગ્ય...'** પરમાનંદી આત્મા પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે એની વર્તમાન દશામાં, હાલતમાં, વર્તમાન પર્યાયમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની દશાનું પ્રગટ થવું તે તે કાળે તેનો તે યોગ્યતા એવી છે એની, એને અહીંયાં ભાવમોક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અને તે કાળે કર્મનો અભાવ થવાને (લાયક કર્મનો અભાવ થવો) એ પણ એના ક્રમમાં આવે છે. કર્મના રજકણનો બધો અભાવ થાય એને દ્રવ્યમોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુ અલૌકિક વસ્તુ છે. એની દશા અને દશાવાન કોણ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે પ્રભુ આત્મા સ્વરૂપ તો એનું મુક્ત સ્વરૂપ જ છે અંદર વસ્તુનું ધ્રુવ તરીકે, શક્તિ તરીકે, પણ પ્રગટપણે જ્યાં મોક્ષદશા થાય તે કાળે તેનો સ્વકાળની યોગ્યતાને કાળે એ મોક્ષની દશા થાય છે. ભેદ છેને અંશ? સમજાણું કાંઈ? એવી દશાને જીવમોક્ષ કહીએ કે ભાવમોક્ષ કહીએ. ત્યારે તે કાળે નિમિત્તના કર્મનું ખરવું કહ્યું એને દ્રવ્યમોક્ષ કહીએ. અને એક જ્યારે પૂર્ણ સર્વથા કર્મનો અભાવ થાય અને ચૌદમે અને છેલ્લે જ્યારે મોક્ષ થાય તે તદ્દન પર્યાયમાં પૂર્ણ મોક્ષ થઈ ગયો અને કર્મનું તે ટાણે ખરી જવું તેને નિમિત્ત કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો કાંઈ ભાઈ! ખ્યાલ હોય જાણપણું થોડું (હોય) તો એને બેસે. આ તો એકદમ કોલેજની વાત છે. આહા..હા..!

કહે છે, **'મોક્ષ થવા યોગ્ય...'** મુચ ધાતુ મોક્ષ છેને? ત્યારે એનો અર્થ થયો કે પહેલા બંધમાં હતો. રાગ અને દ્વેષ અને અજ્ઞાનના ભાવમાં બંધપણે અટકેલો હતો કે જેથી એને અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એ આનંદનો અનુભવ નહોતો ત્યારે એને સ્વભાવનો આશ્રય થઈને પૂર્ણ મોક્ષદશા પ્રગટ કરી, દશા થઈ અતીન્દ્રિય આનંદનું જ્ઞાન અને પૂર્ણ એ પર્યાયનો મોક્ષ કહેવાય છે. દ્રવ્ય ત્રિકાળી મોક્ષ છે, આ પર્યાયનો મોક્ષ છે. એ પર્યાયના મોક્ષને ભાવમોક્ષ કહે છે, એને જીવમોક્ષ કહે છે અને કર્મનું ખરવું એને અજીવમોક્ષ કહે છે. બહુ ઝીણું છે, શોભાલાલજી! આહા..હા..!

અરેરે! ઘરની વાતું સાંભળવા એ નવરો થયો નથી. બહારની માંડી બધી. હું ક્યાં ભૂલ્યો છું અને ભૂલ કેમ ટળે અને ભૂલ ટળે અને ભૂલ રહે એમાં કાયમનું તત્ત્વ રહેનારું કોણ છે... સમજાણું કાંઈ? એ દરકાર એણે કરી નથી. પણ એને ગતિના દુઃખ જ લાગ્યા નથી. મજા લાગી મજા. ભગવાનજીભાઈ! એમાં દુઃખ લાગ્યું નથી. આ પૈસા હોય, બાયડી, છોકરા હોય, છોકરા ખમ્મા-ખમ્મા કરતા હોય લ્યો. પાંચ-પાંચ લાખની પેદાશું હોય બાર મહિને.

હવે એને દુઃખી કોણ કહે? અજ્ઞાની કહે?

ભગવાન! તારામાં આનંદસ્વરૂપ વસ્તુ છે વસ્તુ અસ્તિ એ વસ્તુનો મૂળ સ્વભાવ દુઃખરૂપ હોઈ શકે નહિ, દુઃખ તો વિકૃતપણાની ધ્વનિ છે અને વસ્તુ છે અને એનો સ્વભાવ તો અવિકૃત ત્રિકાળ હોય. સમજાય છે કાંઈ? તો એ વસ્તુ અને વસ્તુનો સ્વભાવ આનંદ એ તો ત્રિકાળ આનંદસ્વરૂપ છે. હવે એ આનંદની પ્રગટતા નથી તેથી એને રાગ-દ્વેષના મૂઢમાં અટકેલો છે, દુઃખમાં છે. હવે જ્યારે એને દુઃખની અવસ્થાનો નાશ થાય છે સ્વભાવને આશ્રયે અને આનંદની અવસ્થાની મુક્તિની પર્યાય પ્રગટ થાય છે ત્યારે કહે છે એને ભાવમોક્ષ કહેવામાં આવે છે. એ જીવનો ભાવમોક્ષ અને મોક્ષ થવાની લાયકાતના કાળે એને મોક્ષ થયો છે. આહા..હા..! અને તેના કર્મ પણ તે કાળે ખરવાને કાળે ટળ્યા એને દ્રવ્યથી છૂટ્યા એટલે દ્રવ્યમોક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મોક્ષ થવા યોગ્ય...'** વસ્તુ છે એ પર્યાયમાં અટકેલી છે એ બંધ છે અને એ અટકવું છૂટે ત્યારે પર્યાયમાં મુક્તપણું (અર્થાત્) અનંત જ્ઞાન અને અનંત આનંદની દશાનું થવું એનું નામ મુક્તદશા કહેવામાં આવે છે. એ મોક્ષ થવાને લાયકની દશાને ભાવમોક્ષ અને જીવમોક્ષ કહે છે અને કર્મનું નિમિત્તપણું ખરે છે એને મોક્ષ કરનાર કહેવાય છે. સમજાણું કાંઈ? ઓલા પર્યાય છેને, ભેદ છેને એટલે ઓલાને કરનાર ઠરાવ્યો છે. સમજાણું? ભાઈ! ભેદપણું જો એનો સ્વભાવ હોય તો સદાય ભેદ રહ્યા જ કરે. અજીવ ટાણે અને જીવ ટાણે પણ. મોક્ષ થયા પછી ભલે ભેદ રહે, એ તો પૂર્ણની દશાનો ભેદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગના કારણનો ભેદ નથી.

ઉત્તર :- ભેદ નથી. રાગમાં અને પુણ્યમાં અટકવાનો સ્વભાવ જો હોય તો સદાય એ જ રહ્યા કરે. તો કોઈ દિ' મુક્તિ થાય નહિ. આહા..હા..! આ પણ મુક્ત છે એટલે પર્યાયમાં મુક્ત અવસ્થા થાય છે. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

એ **'મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર—'** આ તો ચોથો દિ' ચાલે છે આમાં. સમજાણું કાંઈ? **'એ બન્ને મોક્ષ છે;...'** સાત તત્ત્વ સિદ્ધ કર્યા. બે દ્રવ્ય, એક જીવ અને એક અજીવ. બે. હવે બેના... ત્રિકાળી વસ્તુની સાથે નિમિત્તનો સંબંધ હોય નહિ. સમજાણું કાંઈ? એની વર્તમાન દશાની સાથે નિમિત્તનો સંબંધ હોય. એથી વર્તમાન દશામાં જીવપણું દ્રવ્ય છે, અજીવપણું અજીવ છે, હવે અજીવની પર્યાય અને જીવની પર્યાયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ રીતે પુણ્યને યોગ્ય, પાપને યોગ્ય, આસ્રવને યોગ્ય, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષને યોગ્ય એ ભાવની દશા જીવની છે. સમજાણું? અને સામે નિમિત્તપણાની દશા એ જડની છે. એને દ્રવ્યપુણ્ય, દ્રવ્યઆસ્રવ, દ્રવ્યપુણ્ય, દ્રવ્યપાપ, દ્રવ્યઆસ્રવ, દ્રવ્યબંધ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા, દ્રવ્યબંધ અને દ્રવ્યમોક્ષ (કહે છે). આહા..હા..!

એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે આવા ભેદ પડે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મ સમજ્યા વિના નહિ થાતો હોય? હેં? માલ લેવા જાય તો સમજ્યા વિના જાતો હશે? પણ એક કપડું લેવા જાય લ્યો. ભાઈ પચાસ વેંતનું કપડું આપો. ક્યુ? ઈ મને ખબર નથી કાંઈ. પણ આ સો જાતના કપડા છે આમાં. ક્યુ (જોઈએ છે)? મને કાંઈ મારા બાપે કીધું નથી. મને કપડા લાવજે એમ કીધું છે. શું કહે એને? પણ ક્યુ કપડું (જોઈએ છે) એનું જ્ઞાન નથી તને? આ બધામાંથી આ આલપાક જોવે છે કે આ રેશમ જોવે છે કે આ બનુસ જોવે છે, એ તો કાંઈક તારવીને જ્ઞાન તો કરવું પડશે કે નહિ? જ્ઞાન વિના માગશે શું? અને જ્ઞાન વિના લેશે શું? એમ આત્મા શું છે? વસ્તુ શું છે? શક્તિ શું છે? દશા શું છે? નિમિત્ત શું છે? એના જ્ઞાન વિના કોને ટાળશે અને કોને રાખશે અને કોના તરફ જાશે? સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ બધો માર્ગ એવો છે, આ ઝીણો છે. આહા..હા..! એ સાત થઈ ગયા. જીવ અને અજીવ બે દ્રવ્ય અને એમાં બેના સંબંધે ઉત્પન્ન થયેલી પર્યાય. સમજાણું કાંઈ?

'**કારણ કે એકને જ પોતાની મેળે...**' એમ કહે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વિના એમ કહે છે. બીજાના સંબંધ કર્યા વિના '**એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ) બનતી નથી.**' સમજાણું કાંઈ? વસ્તુની દશા... એટલું કહો કે ભાઈ કાંઈક મલિનતા તો છે દશામાં. જો મલિનતા ન હોય તો નિર્મળ આનંદનો પ્રગટ વ્યક્ત વર્તમાન અનુભવ હોવો જોઈએ. મલિનતા છે તો શું વસ્તુ મલિન છે? વસ્તુનો ત્રિકાળી ભાવ મલિન છે? વસ્તુનો ત્રિકાળી ભાવ મલિન હોઈ શકે જ નહિ. ત્યારે એની દશામાં મલિન છે, હાલતમાં મલિન છે, પર્યાયમાં મલિન છે, વર્તમાન અંશમાં મલિનતા છે. એટલું જો એને જ્ઞાન થાય તો એ મલિનતાની યોગ્યતા મારાથી થઈ છે અને એ મલિનતાનું લક્ષ જાય છે નિમિત્ત ઉપર એટલે બીજું દ્રવ્ય પણ ત્યાં સિદ્ધ થાય છે. અજીવ પણ સિદ્ધ થાય છે, જીવ અહીં સિદ્ધ થાય છે, એની પર્યાય સિદ્ધ થાય છે. એ પર્યાયનું લક્ષ પર ઉપર જાય છે તેથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એ મલિનતા ઊભી થઈ છે. એકલા આત્માના આશ્રયે મલિનતા ઊભી થાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અહીં તો મલિનતાથી વાત ઉપાડી છે. એ પર્યાયભેદ જ એક ન્યાયે. વ્યવહાર છે એ જ મલિન છે એક ન્યાયે. આહા..હા..! મેચક કહ્યું છેને, ૧૬મી ગાથામાં નહિ? પર્યાયનો ભેદ છે એ જ મેચક છે. મેચક એટલે મલિનતા છે. આહા..હા..! અમેચક એ નિર્મળતા છે. ભારે ઝીણી વાતું ભાઈ!

અહીં તો કહે છે કે એ વ્યવહારનો આશ્રય કરવા જાય ત્યાં રાગબુદ્ધિ ઉત્પન્ન થાય છે. એથી વ્યવહારને ત્યાં મલિન કહેવામાં આવ્યો છે. અહીં કહે છે, આ સિદ્ધ કર્યા સાતને.

જીવ-અજીવના સંબંધમાં ઉત્પન્ન થતી દશાઓ સાત. અને અહીં નિમિત્તમાં એને આરોપ આપીને સાત દશા સિદ્ધ કરી. સમજાણું કાંઈ? છે તો ગૂઢ વાત. આ કાંઈ ત્યાં મુંબઈમાં ન વંચાય હોં! એ તો અહીં વંચાય અને કાં તો રાજકોટમાં વંચાય. એ રામજીભાઈએ કહ્યું હતું હોં!

મુમુક્ષુ :- આપે કીધું અહીં જ વંચાય, બીજે ન વંચાય ત્યારે મેં કીધું કે રાજકોટમાં વંચાય.

ઉત્તર :- વાત સાચી. એય..! ત્યાં સાગર-બાગરમાં એવું ન વંચાય. શું માંડી છે આ? શું કહે છે આ? આહા..હા..!

વસ્તુ છે આત્મા ત્રિકાળી. છે એની ઉત્પત્તિ કેમ હોય? છે એનો અભાવ કેમ થાય? છે એ એના કાયમી સ્વભાવથી ખાલી કેમ હોય? ત્યારે હવે એની અવસ્થા શું છે એની આ વાત સિદ્ધ થાય છે. જો અવસ્થામાં નિર્મળતા અને આનંદ જો હોય તો તો પ્રશ્ન ઊભો થાતો જ નથી. સમજાણું કાંઈ? તો એની દશામાં તો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને સંકલ્પ-વિકલ્પ ઊભા કર્યા છે, કે જે દુઃખરૂપ છે. એ દુઃખનો અભાવ થઈને મુક્તિ થાય એ પણ એક પર્યાય છે કહે છે. એ બધા ભેદો એકલા જીવને આશ્રયે એવા સાત ભેદ ઊભા ન થાય. એટલે એના પર્યાયમાં નિમિત્તનો પુણ્ય-પાપ આસ્રવ બંધમાં નિમિત્તનો સદ્ભાવ, સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તનો અસદ્ભાવ એટલી અપેક્ષા રહે છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! એના ઘરમાં થઈ રહ્યું છે એની આ વાત છે. પણ એની એને ખબરું ન મળે, કાં તો આત્મા બસ શુદ્ધ જ છે, શુદ્ધ જ છે. શુદ્ધ જ છે. પણ શુદ્ધ છે તો દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે અને વર્તમાન દશાએ શુદ્ધ છે? શુદ્ધ હોય તો પછી તારે કરવાનું રહે શું? તારે સમજવું અને કાંઈક ટાળવું અને કાંઈક પ્રગટ કરવું એવું તો કાંઈ રહેતું નથી એમાં. તારી વાત જ તદ્દન જૂઠી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મોતીલાલજી આવ્યા હતાને, નહિ ઓલા? ત્યારે બહુ ચર્ચા ચાલી હતી. આપણે મોતીલાલજી, રાજકોટના પરમહંસ થયા છેને. માધવાતી.. ત્યાં આગળ. ઘણા પરિચયમાં આવ્યા, વ્યાખ્યાનમાં આવતા પણ પછી કાંઈક ફેરફાર થઈ ગયો. દીક્ષા લઈ લીધી પરમહંસની. પછી અહીંયાં આવ્યા. આવે ખરા. માંડો કીધું શું છે આ? એક જ તત્ત્વ છે શુદ્ધ? તો પછી આ સમજવું, કહેવું એ ક્યાં રહ્યું? અને દશામાં મલિનતા છે કે નહિ? પછી બહુ ચર્ચા થતા... થતા... થતા... કહ્યું મલિનતા કબુલ તો કરી પછી. નહિતર આ શાસ્ત્રે કહ્યું શું? એને સમજવાની યોગ્યતા શું? આ બધો ભેદ શો? ત્યારે છેલ્લે એમ કીધું, ભૂલ તો પડી ગઈ. ભૂલ કબુલ કરશો તો એક ત્રિકાળી વસ્તુ અને એક ભૂલ, બે વસ્તુ થઈ ગઈ. અને ભૂલ પોતાને આશ્રયે ન થાય, પરને આશ્રયે થાય ઈ અહીં સિદ્ધ કરે છે. એક ચીજમાં પોતાને કારણે ભૂલ ન હોઈ શકે. સમજાણું કાંઈ? ચંદ્રને જોવો હોય તો આડી આંખે જોતા અહીં બે દેખાય, પણ

ઓલી ચીજ હોય ત્યારેને? અને અહીં આડી કરે ત્યારેને? આડી પોતે કરે આમ ત્યારે બે દેખાય છે ત્યાં. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા એની વર્તમાન દશામાં ભૂલ જો ન હોય તો તો પ્રત્યક્ષ આનંદનો અનુભવ અને સમજવું કાંઈ રહેતું નથી. ત્યારે કહે ભૂલ એક ભ્રમ છે. પણ છે કે નહિ? ભૂલ ભ્રમ છે ઈ ભ્રમ છે કે નહિ? ક્ષણિકપણે છે કે નહિ? એ વાત અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અને એમ છે. આહા..હા..!

'**કારણ કે એકને જ...**' એકલો જ આત્મા હોય અને એક જ સ્વરૂપે હોય તો એની '**મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની સિદ્ધિ બનતી નથી.**' સમજાણું કાંઈ? આ આવ્યું હવે અહીંયાં. '**તે બન્ને જીવ અને અજીવ છે...**' આમાં વાંધા. પાઠમાં એમ છેને? '**तदुभयं च जीवाजीवाविति**' સંસ્કૃત છે, વચમાં ચોથી લીટી. એટલે પછી કોઈએ આ બેમાંથી એમ કાઢ્યું કે '**તે બન્ને જીવ અને અજીવ છે...**' આમાં પછી આપણે અર્થ તો આ રીતે મળે છે, નહિતર મળતો નથી તત્ત્વની રીતે. '**બન્ને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).**' ભાવપુણ્ય વિકલ્પ જે રાગ કષાયની મંદતાનો, દયા, દાનનો એ ભાવપુણ્ય એ જીવ પર્યાય તરીકે અને પરમાણુમાં નિમિત્તપણાનો આરોપ આપ્યો એ દ્રવ્યપુણ્ય. બે નહિ પણ એક પુણ્યભાવ અને એક જીવપુણ્ય અને એક અજીવપુણ્ય. એમ. પાઠમાં એ છે તો એમાંથી અર્થો કાઢે. ઓલા એકલા સંસ્કૃતના ભણ્યા હોય. આહા..હા..! ભાવ સમજ્યા વિના સંસ્કૃતના ભણેલા કાઢે એ કાંઈ મળે નહિ, મેળ નહિ ખાય એમ કહે છે. આ સંસ્કૃતના પ્રોફેસર છે. આહા..હા..!

અહીંયાં તો એ છે એમ સાબિત કરવું છે. વસ્તુ તો છે. હવે એની દશાઓ છે કે નહિ? હાલત-પર્યાય છે કે નહિ? જો નથી તો એને સમજવાનું કાંઈ રહેતું નથી. તો આચાર્યોએ ઉપદેશ કર્યો કે તું આત્યંતિક દુઃખથી મુક્ત થા. તો એનો અર્થ શું થયો? કે એને દુઃખ છે, દુઃખની હયાતી છે, પણ ક્ષણિક છે તેથી પલટી શકે છે. પણ ક્ષણિકપણામાં દુઃખ નથી જ એમ માનનારને એકેય તત્ત્વ હાથ નહિ આવે. સમજાણું કાંઈ? એથી કહે છે, એ '**બન્ને જીવ અને અજીવ છે...**' એટલે કે અહીં તો નિમિત્ત-નૈમત્તિક સંબંધમાં ભેદ ઊભો થયો. એકલાના આશ્રયે ભેદ કેમ ઊભો થાય? એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? દુઃખનું થવું, દુઃખનું મંદપણું થવું, દુઃખનું તીવ્રપણું થવું, દુઃખનો અભાવ થવો એ બધો એકલા ત્રિકાળને આશ્રયે કેમ બને? એટલે એની પર્યાયમાં ભેદ જે આ પડ્યા છે એ નિમિત્તના લક્ષે એ પડેલા છે. પછી એકમાં નિમિત્તની હયાતી છે અને એકમાં નિમિત્તની હયાતી નથી. સંવર, નિર્જરા, મોક્ષમાં. સમજાણું કાંઈ? સમજાય એટલું સમજો, ભાઈ! બીજું શું કહેવાય? એવી વાતું છે, ભાઈ! ત્રણ કાળમાં ક્યાંય ફરે નહિ એવી વાત છે. આહા..હા..! શું થાય? એની ગરજ રુચિ છેને પરની, એવી આ એણે રુચિ કરી જ નથી અંતરની. બાહ્યની રુચિ.

શાંતિભાઈ! ઘડિયાળના ધંધામાં બેઠા હોય જાણે ઓહો..હો..! મુખ્ય સુરેન્દ્રનગરના શેઠ્યા. ... આહા..હા..!

એ શું કહ્યું? કે એકલી વસ્તુ આત્મા એક જ ચીજ હોય, અનંત આત્મા જુદા, અત્યારે એ વાત નથી, આ તો આત્મા એક જ ચીજ હોય તો એકમાં આવા સાત પ્રકાર પડે નહિ. એના પર્યાયના ભેદ હોય અને એમાં નિમિત્તના ભેદ પણ સામે હોય તો આ સાત પ્રકાર થઈ શકે, નહિતર થઈ શકે નહિ. આ લોજિક અને ન્યાયથી તો વાત છે. આહા..હા..! **'કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય,...'**નો ભાવ નિમિત્તના લક્ષ વિના, નિમિત્તના લક્ષ વિના પાપનો ભાવ, નિમિત્તના લક્ષ વિના આસ્રવભાવ, નિમિત્તના અભાવ વિનાનો સંવરભાવ, નિમિત્તના અભાવ વિનાનો નિર્જરાભાવ, નિમિત્તના (ભાવ) વિનાનો બંધભાવ, નિમિત્તના ભાવવાળો બંધભાવ, નિમિત્તના અભાવનો મોક્ષ. કહો, સમજાણું આમાં? એ ઉપપત્તિ નામ સાબિત જ થતા નથી. એની હાલતોની મલિનતા અને નિર્મળતા, પ્રગટ ઉત્પાદ નિર્મળતાનો, મલિનતાનો ઉત્પાદ અને મલિનતાનો વ્યય-નાશ. આહા..હા..! આ તો ઉત્પાદ-વ્યયની વાત કરે છે બધી આ તો. ધ્રુવ તો એકલું જો હોય તો તો આ ઉત્પાદ-વ્યયના આવા ભેદ પડે જ નહિ. એનામાં ઉત્પાદ-વ્યય બંધ અને અબંધ, પુણ્ય અને પાપ આદિના ભેદો એકલા જીવને આશ્રયે ન હોઈ શકે. બીજા તત્ત્વને લક્ષે કે હયાતીએ કે અભાવે આવા ભેદની સિદ્ધિ થઈ શકે છે. ભગવાનજીભાઈ! બહુ ઝીણું. આ ગાથા ત્યાં વાંચો તો ત્યાં સમજાય એવું નથી કાંઈ. એ વ્યાખ્યાન વાંચે છે. વ્યાખ્યાન હોયને. એનો શું અર્થ કર્યો વ્યાખ્યાનમાં? પણ એ એમાં વાંચે એમાં આ સમજે નહિ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ સમજાય એવું...

ઉત્તર :- હા.

**'તે બન્ને જીવ અને અજીવ છે...'** એટલે કે એ ભાવપુણ્ય, ભાવપાપ, ભાવઆસ્રવ, ભાવસંવર, ભાવનિર્જરા, ભાવબંધ અને ભાવમોક્ષ છે જીવ અને સામે નિમિત્તમાં દ્રવ્યપાપ, દ્રવ્યપુણ્ય, દ્રવ્યઆસ્રવ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા, દ્રવ્યબંધ અને દ્રવ્યમોક્ષ એ અજીવ છે. **'(અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે અને બીજું અજીવ છે).'** હવે આ સિદ્ધ કરીને હવે વાત કરે છે. વિશેષ સ્પષ્ટ. **'બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :— જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં...'** જીવ ભગવાન અને પુદ્ગલ પરવસ્તુ. બેની અનાદિ બંધ દશામાં નજર કરો તો, **'એકપણે અનુભવ કરતાં...'** બેનું એકપણું બંધ દશાનું. એમ. **'આ નવ તત્ત્વો ભૂતાર્થ છે,...'** એટલે કે નવ પર્યાયના ભેદો છે. સમજાણું કાંઈ? ઓલામાં સાત લીધા હતા ભાઈ! બેના સંબંધમાં તો. પણ આ સાતમાં તો આ પહેલો જીવ દ્રવ્ય છેને અજીવ દ્રવ્ય છે. એ બધા ભેગા કરીને નવ તત્ત્વ કહ્યા.

પણ **'જીવ-પુદ્ગલના અનાદિ બંધ પર્યાયની સમીપ જઈને...'** એટલે કે પર્યાયના લક્ષમાં જુઓ તો, દ્રવ્યના સ્વભાવને ભૂલી જાવ તો. ભૂલી ગયેલો જ છેને અનાદિનો.

**'એકપણે...'** રાગની એકતા, પુણ્યભાવના ભાવની એકતા એવી અવસ્થાથી એને જુઓ તો. **'નવ તત્ત્વો ભૂતાર્થ છે,...'** તો જીવમાં થતી સાતેય પર્યાયો સાચી છે. પર્યાયદૃષ્ટિએ પર્યાય બરાબર છે અથવા જીવનો એક સમયનો અંશ એવો જીવનો અંશ પણ યથાર્થ છે. સમજાણું કાંઈ? ભારે! પહેલી ગાથાઓ તો અલૌકિક મૂકી છે! જુઓને, આ બે મહિના થાશે આ શરૂ કરતા. ૧૩મી ચાલે છે હજી. કારતક વદ પાંચમે શરૂ કર્યું હતું શરૂઆત. અહીં સુધી આવ્યું છે હજી. એમાં આ ઝીણું બહુ, ઘણું ઝીણું. હીરાભાઈ! જીવ-અજીવ છે એમ તો ઠીક, પણ કહે છે કે બેના સંબંધે બંધપર્યાયની દૃષ્ટિએ જુઓ તો નવેય સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

**'અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** એક ભગવાન આત્મા જીવદ્રવ્ય વસ્તુ એના સ્વભાવની સમીપ. જોયું! ઓલું બંધપર્યાયની સમીપ હતું, આ સ્વભાવની સમીપ. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એવો આનંદનો નાથ, એવા અંતર જીવનો સ્વભાવ એના સમીપમાં, અંતરમાં જુઓ તો **'અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે,...'** નવ ભેદ છે નહિ. એકલો જ્ઞાયક આત્મા છે. સમીપનું શું કહ્યું? કે રાગાદિના ભેદની સમીપમાં પહેલી જો દૃષ્ટિ હોય, ત્યાં પડી હોય તો ત્યાં નવ સિદ્ધ થાય છે. વ્યવહારનયે ભૂતાર્થ નવ છે ખરા. પણ અંતરના સ્વભાવની દૃષ્ટિએ જોતાં એકરૂપમાં નવ ભેદ છે નહિ. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આમાં નવરાશ જ ન મળે આમાં ક્યાં કરવું? આહા..હા..! માંડ ફેરવીને આવ્યા વાડામાંથી અહીં ત્યાં આવું ઝીણું કહે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે હોં! તને બેસે, ન બેસે, આકરો લાગે, ગમે તે રીતે હો, પણ રીત અને પદ્ધતિ તો આ છે. બીજી રીતે કરવા જાશે તો કોઈ રીતે હાથ આત્મા નહિ આવે એને. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, બંધના પર્યાયની સમીપ એટલે બંધના લક્ષથી જો વિચારો તો તો નવ ઊભા છે. બે છે અને ઓલા સાત પણ ઊભા છે. અહીંયાં તો અર્થ જ ભાઈએ એ કર્યો છે જુઓ, ભૂતાર્થ અને સત્યાર્થ કર્યો છે. ઓલો કહે ભૂતાર્થનો (અર્થ) સત્યાર્થ નહિ. હવે આવી તકરાર કરે.

મુમુક્ષુ :- એ તો પંડિતે કર્યો છે.

ઉત્તર :- પંડિતે કર્યો... આચાર્યે પોતે કર્યો છેને. જયસેનાચાર્યે પોતે કર્યો છે. ભૂતાર્થ એટલે સત્યાર્થ, અભૂતાર્થ એટલે અસત્યાર્થ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પંડિતનું નહિ. એની યોગ્યતા હોય. આ ચીજ શું? બાપા! અરે..! જન્મ-

મરણના અવતારમાંથી નીકળવું એ ચીજ બહુ અલૌકિક વાત છે. એ કાંઈ વાતુંથી કાંઈ મળે એવું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવી ચીજ છે. ઝીણી વાત છે. એ પણ એને એ વાતમાં ખ્યાલ પણ નથી જ્યાં. એમને એમ બફમમાં ને બફમમાં જિંદગી જાય છે. પંડિત અને મૂર્ખાઈ બેય પર્યાયની વસ્તુ છે. આત્મામાં બેય નથી, જા. સમજાણું કાંઈ?

કહે છે... જુઓ, ભૂતાર્થનું સત્યાર્થ કર્યું છે. આચાર્યે પણ એમ કર્યું છે હોં! જયસેનાચાર્યે. આ તો પંડિતે કર્યો છે એમ કહે છે. આવા ને આવા. પણ ભૂત અર્થ એટલે છે. નવ ભાગો છે, નવ પર્યાયો છે, નવ પ્રકારનો વ્યવહાર છે એમ એનો અર્થ (છે).

મુમુક્ષુ :- સત્ય પણ એ બતાવે છે.

ઉત્તર :- સત્ય પણ એ બતાવે છે. ભૂતનો અર્થ છે. સંસ્કૃતમાં ભૂતનો અર્થ છે અથવા સમ. સમ આવ્યુંને, એ વિશ્વલોચન વ્યાકરણમાં. વિશ્વલોચન કોષ. એમાં ભૂતનો અર્થ સમ કર્યો છે. આમાં આવ્યું છે.

વસ્તુથી જુઓ—ચૈતન્યના મૂળ સ્વભાવની એકતાથી જુઓ એટલે સ્વભાવ તરફ નજર કરીને જુઓ તો તો એ નવ પ્રકારના ભેદ ત્યાં છે નહિ. ત્યાં છે નહિ માટે અસત્યાર્થ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શેમાં નથી નવ તત્ત્વ?

ઉત્તર :- વસ્તુમાં. અનુભવ કરવાની પર્યાયમાં. સમીપ જઈને અનુભવ કરતાં. એકલા દ્રવ્યની અહીં ક્યાં (વાત છે). આહા..હા..!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એના સમીપમાં પર્યાયને લઈ જાય ત્યારે એને આ અભૂતાર્થ થાયને. અંતર સ્વભાવમાં સમીપ જઈને શુદ્ધ ચૈતન્યધાતુ એવો ભગવાન આત્મા એની સમીપ એટલે પર્યાયને ત્યાં વાળીને જુઓ તો ત્યાં નવ છે નહિ. એમાં એ નવ નથી માટે તેને અસત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! પણ પર્યાયમાં અવસ્થાથી જુઓ બંધના લક્ષે તો નવ છે પર્યાયદૃષ્ટિએ. બિલકુલ સસલાના શિંગડા છે, વ્યવહારે સસલાના શીંગ જેવું છે, આકાશના ફૂલ જેવું છે એમ નથી, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એટલે કે જગત છે જ નહિ એમ નહિ. સમજાણું કાંઈ? એમ કહે છે. નવ નવપણે છે, પણ એ તો કર્મના નિમિત્તના સંબંધમાં ઉત્પન્ન થયેલી બંધ દશા, બંધના દ્વિપણાના સમીપમાં જતા એમાં બધું સાતેય છે. પર્યાયદૃષ્ટિએ, વ્યવહારદૃષ્ટિએ, વર્તમાન દૃષ્ટિએ નવ છે, પણ ભગવાન આત્મા ત્રિકાળી અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિએ જુઓ તો નવ છે નહિ. સમજાણું કાંઈ? હવે આવું સમજવાનું બિચારાને દરકાર પડે નહિ માણસને. અને એમાં પણ

ચોવીસ કલાકમાં બાવીસ કલાક તો પાપમાં જાય, એકાદ કલાક વળી લે સાંભળવા કે પૂજા કરે કાં ભક્તિ કરે અને વાંચે. એય..! શાંતિભાઈ! એક કલાક પણ થોથા જેવો કાઢે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પણ ઊંધું કાઢે.

ઉત્તર :- એ ઊંધુ કાઢે. સાચી વાત છે. અરેરે! આહા..હા..!

**'અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ...'** કરવો એની વાત છે કે નહિ? અહીં ક્યાં... સમજાણું કાંઈ? **'તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;)...'** જુઓ, ખુલાસો કર્યો. આહા..હા..! તેથી શું છે એ વિશેષ લેશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૩, સોમવાર, તા. ૦૩-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩ પ્રવચન-૫૯

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૩મી ગાથાનો બીજો પેરેગ્રાફ ચાલે છે. આ આત્મા છે વસ્તુ અંદર ચૈતન્ય જેને ચૈતન્ય કહીએ, જેને આત્મા કહીએ એનું અસ્તિત્વ છે અનાદિ-અનંત એ સત્‌સ્વરૂપ છે અને તેમાં એ વસ્તુના સ્વભાવ કાયમી જ્ઞાન, દર્શન, આનંદ એવા એના કાયમી અવિનાશી ગુણો—શક્તિ પણ છે. વસ્તુ જ્યારે છે શક્તિવાન તો એના જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ તેની ગુણરૂપ છે. એ ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. હવે એવો જે આત્મા એની અવસ્થામાં, વર્તમાન દશામાં ભેદ કેમ છે? અને ભેદમાં નિમિત્ત કોણ છે એ વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? અનંત કાળનો એ ચૈતન્ય કોણ એનો અભ્યાસ જ નથી એને. બહારમાં બધા માંડીને બેઠો. આહા..હા..!

જુઓ! **'બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :—'** બીજો પેરેગ્રાફ. ભગવાન આત્મા વસ્તુ જે છે એને બાહ્ય દૃષ્ટિથી જોઈએ તો **'જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને...'** શું કહે છે? કે અનાદિ બંધ નામ અંદર રાગ અને કર્મનું નિમિત્તપણું છે. કેમકે એનામાં વિકાર દેખાય છે, છે. વસ્તુ પોતે નિર્વિકારી છે, પણ એની દશામાં વિકાર છે.

જો વિકાર ન હોય તો આનંદ હોવો જોઈએ પ્રગટ. સમજાણું કાંઈ? કારણ કે વસ્તુ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ભંડાર અવિનાશી ચીજ છે. હવે એની અવસ્થા, હાલતમાં ફેર છે કહે છે. સમજાણું કાંઈ? એની વર્તમાન દશામાં જીવ આત્મા અને પુદ્ગલ બીજી વિલક્ષણ, જીવથી બીજી વિલક્ષણ ચીજ એક અજીવ છે. એના '**જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને...**' કર્મનું નિમિત્તપણું અને એમાં અવસ્થા થાય એને જો જોઈએ તો '**એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે,...**' એટલે શું કહે છે? કે એની વર્તમાન દશામાં વિકાર છે અને વિકારનું નિમિત્ત બીજી ચીજ છે. એ વિકારના પ્રકાર સાત છે. વસ્તુ પોતે જીવ વસ્તુ અને અજીવ એ દ્રવ્ય. એ બેના સમીપની દૃષ્ટિ, પર્યાયદૃષ્ટિથી જોઈએ તો અનાદિ બંધદૃષ્ટિથી જોઈએ તો એકપણે અનુભવ કરતાં નવ તત્ત્વો છે. જીવ એક સમયની પર્યાયવાળો છે, પુણ્ય અને પાપના ભાવ પણ તેની દશામાં વિકૃત છે અને એ વિકૃત અવસ્થાને પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ કહીએ તો એના અભાવરૂપ દશા નિર્વિકારી દશા, વસ્તુ જેવી છે એવી દશામાં સંવર, નિર્જરા અને મોક્ષ એટલે શુદ્ધિનું થવું, શુદ્ધિનું વધવું, શુદ્ધિનું પૂર્ણ થવું એ શાસ્ત્ર ભાષાએ એને સંવર, નિર્જરા, મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ નવ છે. પર્યાયદૃષ્ટિએ, અવસ્થાની હાલત દૃષ્ટિએ, એને હાલતના ભંગની દૃષ્ટિએ જોઈએ તો એ નવ છે. પર્યાયદૃષ્ટિએ વર્તમાન અવસ્થાની દૃષ્ટિએ નવ ભાગ છે. ત્યારે એમાં પ્રશ્ન ઉઠે કે મોક્ષ તો નથી અત્યારે. પણ અહીં તો પર્યાયના ભેદનું વર્ણન સળંગ લીધું છે. સમજાણું કાંઈ? એટલે જીવ, અજીવ... જો બીજી ચીજ ન હોય તો એમાં વિકૃતપણું હોઈ શકે નહિ. કારણ કે પરને લક્ષે વિકૃત થાય છે. વિકૃત એ સ્વને લક્ષે થઈ શકે નહિ. પોતે તો શુદ્ધ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આવી. કહે છે, એ બેના સમીપ જઈને અવસ્થાથી જોઈએ તો નવ છે. જીવ છે, અજીવ છે, પુણ્ય-પાપ છે, આસ્રવ છે, બે પુણ્ય-પાપ થઈને આસ્રવ, એ પોતે અટકેલો એ ભાવબંધ છે, એનો અભાવ થઈને શુદ્ધિ થાય થોડી, પર્યાયની વાત છેને અહીંયાં? એ સંવર છે, વિશેષ થાય એની નિર્જરા છે અશુદ્ધતા ટળે ઈ, વિશેષ પૂર્ણ શુદ્ધિ થાય, અશુદ્ધતા બધી જાય તેને મોક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! શેઠ! ઝીણી વાત છે આ.

આ બધા તો ઓલા પૈસા-બૈસામાં રોકાણા છેને એને આ સૂઝ પડતી નથી કાંઈ. એમાં ને એમાં રોકાઈ ગયો મરીને અનાદિ કાળથી. હું કોણ છું અને મારી દશામાં શું છે એનો એણે કોઈ દિ' કસોટીથી વિચાર કર્યો નથી. કસોટીથી હોં! ઘસીને જેમ સોનાને કસોટી ઘસીને કહે છેને કે આ તેર વલુ છે, ચૌદ વલુ છે. વસ્તુ સોળ વલી છે, પણ એની દશામાં તેર વલું, બાર વલું એમ થાય છે કે નહિ? કસ. આ તેર વલુ, આ બાર વલુ, આ ચૌદ વલુ,

આ સોળ વલુ. એમ આત્મા ત્રિકાળી એનું દ્રવ્ય અને સ્વભાવ જોઈએ તો સોળ વલો છે. શુદ્ધ જ્ઞાનઘન આનંદનો કંદ એ છે. પણ એની વર્તમાન દશામાં કર્મના નિમિત્તની સમીપની દૃષ્ટિ કરીને જોઈએ તો એમાં વિકાર થવાને લાયક દશા પણ છે અને એ વિકારના અભાવરૂપ થવાની દશા પણ એની અવસ્થામાં છે. શોભાલાલજી! ધર્મ એવો નથી, આ સાધારણ માણસ પકડી લે અને ધર્મ (થઈ જાય). અનંત કાળથી એને એક સેકન્ડ માત્ર પણ ધર્મ થયો નથી. અનાદિ... અનાદિ... અનાદિ... ચોર્યાસીના અવતારમાં રખડે છે. આહા..હા..! ધર્મ શું ચીજ છે અને ધર્મનો અભાવ થાય તો એ ધર્મનો અભાવ થયો એ શું ચીજ હતી? અંદરમાં એ વિકાર તે અધર્મ છે. દશામાં, હાલતમાં હોં! અને એનો અભાવ થઈને નિર્મળ દશાનું આનંદનું અંશે થવું તેનું નામ સંવર, શાસ્ત્ર ભાષાએ શુદ્ધિ, એથી વધારે શુદ્ધિ થાય તે નિર્જરા અને પૂર્ણ શુદ્ધિ થાય તે મોક્ષ. એ બધી હાલતો છે, દશાઓ છે. સમજાણું કાંઈ?

કહે છે કે આમ અવસ્થામાં ભેદની અને નિમિત્તના સમીપની દૃષ્ટિએ જોઈએ તો નવ ભેદ છે **'અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચેતનમૂર્તિ અતીન્દ્રિય આનંદનો સામાન્ય ઘન એવા એક જીવદ્રવ્યના સ્વભાવ. એનો સ્વભાવ જાણવું-દેખવું, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતા એવો એનો જે સ્વભાવ છે, એના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં. જઈને એટલે અંદરમાં દૃષ્ટિ કરીને વસ્તુના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ જૂઠાં છે, અભૂતાર્થ છે. ઓલા નવ ભેદ એમાં નથી. સમજવું ભારે કઠણ ભાઈ આવું. આવો ધર્મ! નવનીતભાઈ! ગ્રીક-લેટિન જેવું લાગે નવા માણસને. ભગવાન કાંઈક છે વાત એવી હોં! આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યારે શાસ્ત્રકાર એમ કહે કે અમે કહીએ છીએ ચીજ એમ સમજ. હવે સમજ એમ કહેતા એટલો તેમાં ધ્વનિ ઉઠે છે કે એ સમજ્યો નથી. એની દશામાં સમજ્યો નથી, હાલતમાં સમજ્યો નથી એમાં સમજ. ત્યારે અણસમજણ છે એ પણ સિદ્ધ થાય છે અને અણસમજણ ટળીને સમજણ દશા થાય એ પણ સિદ્ધ થાય છે. વસ્તુ તો કાયમ રહે છે. સમજાણું કાંઈ? કાંઈક ધર્મ કર એમ કહે લ્યોને. ખાલી એમ કહે, આત્યંતિક દુઃખથી વિમુક્ત થા. આ શાસ્ત્રનું એક વાક્ય. તો એનો અર્થ થયો કે એની વર્તમાન હાલતમાં દુઃખદશા છે. તેથી તે પલટી શકે છે અને એ દુઃખનો અભાવ થઈને ત્યાં આનંદની શરૂઆતની દશા પ્રગટ થઈ શકે. આનંદની શરૂઆત થવી તેને સંવર કહે છે, આનંદની વિશેષ વૃદ્ધિ થવી તેને નિર્જરા એટલે અશુદ્ધતા ટળીને શુદ્ધતા થઈ એમ કહે છે અને પૂર્ણ આનંદનું થવું તેને મોક્ષ કહે છે. નવનીતભાઈ! ભારે આવું! સમાજને આ પકડવું ક્યાં? રખડતા રામ ત્યાં. આહા..હા..! ભાઈ! તને તારી ખબર નથી હોં. તું કોણ અને કેમ તારી દશામાં થયું છે એ અહીંયાં કહે છે.

ભગવાન આત્મા વસ્તુએ તો અનાદિ-અનંત અને એની શક્તિઓ ગુણોથી, ગુણ એટલે

આ તમો, બીજા ગુણની અહીં વાત નથી, એનો સ્વભાવ જે જ્ઞાન, દર્શન, આનંદ એવા ગુણોથી અને શક્તિવાન બેય અનાદિ છે, વસ્તુ છે, સત્ છે. એને જ્યારે વર્તમાન કર્મના સંગમાં એનું લક્ષ ગયું છે કે જેથી એને વિકૃતદશા ઉત્પન્ન થઈ છે. થઈ છે. સમજાણું કાંઈ? માટે અત્યંત દુઃખથી વિમુક્ત થા એમ કહ્યું. દુઃખ કહો કે વિકાર કહો કે પુણ્ય ને પાપ ને આસ્રવ ને બંધ કહો, એક વાત છે. સમજાણું કાંઈ? એનો અભાવ કર. એટલે કે ધર્મ કર. ત્યારે એ વિકારની દશાઓ છે એને ત્રિકાળ સ્વભાવનો આશ્રય લઈને એ વિકારપણાનો વ્યય, અભાવ થાય છે. અને એના સ્થાનમાં નિર્દોષતા, નિર્વિકારતા, સહજાનંદની દશા પ્રગટ થાય છે. એ આનંદની દશાના ત્રણ પ્રકાર. શરૂઆતનો આનંદ, વિશેષ આનંદ, પૂર્ણ આનંદ. સમજાણું કાંઈ? તો આવા જ્યારે કર્મના સમીપથી જોતાં ભેદથી જોતાં તો નવ છે. જીવ-અજીવ છે અને સાત તત્ત્વ પણ છે. પર્યાયરૂપ તત્ત્વ પણ છે. આહા..હા..!

અને અંતરદૃષ્ટિએ જોતાં એક જીવદ્રવ્યના સ્વભાવ ભગવાન ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુ છે. સચ્ચિદાનંદ છે. સત્... સત્... સત્... શાશ્વત. છે... છે... છે... અને ચિદ્ અને આનંદ બે ત્રિકાળી અંદર છે. એવા એના સ્વભાવની સમીપ, સ્વભાવમાં દૃષ્ટિ મૂકતા, સ્વભાવમાં એકતા કરતા, કર્મના નિમિત્તની સાથે સંબંધ કરતા સાત ભંગ ઊભા થાય. સમજાણું? એકભાવરૂપ અને બીજા અભાવરૂપ. પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં, અનુભવ કરતાં ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે. અંતર્મુખ દૃષ્ટિને ત્યાં સ્થાપતાં વસ્તુ અને વસ્તુમાં વસેલા શક્તિઓ અને ગુણો જે કાયમની ચીજ છે એના સ્વભાવમાં સમીપ (જઈને જોતાં), અનાદિથી દૂર હતો એ અંદરના સ્વભાવની સમીપ જતાં તેઓ અભૂતાર્થ છે. એકાકાર આત્માના સ્વભાવની અનુભવદશામાં એ ભેદ હોતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ! પોતાની જાતને પોતાને સમજવાનું આટલું આકરું. કોઈ દિ' સમજ્યો નથી અને કોઈ દિ' કર્યો નથી.

મુમુક્ષુ :- ક્યાંથી સાંભળવા મળે?

ઉત્તર :- ભૂતકાળમાં ઘણી વાર સાંભળવા મળ્યું હતું.

મુમુક્ષુ :- ભગવાનના સમવસરણમાં.

ઉત્તર :- સાક્ષાત્ પરમાત્મા ત્રિલોકનાથ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન હતું એની વાણીમાં (સાંભળવા) પણ અનંત વાર ગયો હતો. અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ. ઈ પ્રશ્ન કેટલો? કાળ આમ... આમ... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... છે... છે... છે... છે... છે... અનાદિથી આત્મા છે. આહા..હા..! એટલો અનંત કાળ... સમજાય છે કાંઈ? એ અનંત કાળમાં એણે પુણ્ય પણ અનંત વાર કર્યા છે, પાપ પણ અનંત વાર કર્યા છે, નહિતર એનું પરિભ્રમણ હોઈ શકે નહિ અને પુણ્ય-પાપના ભાવવાળો જીવ અનંત વાર સત્સમાગમમાં પણ સર્વજ્ઞના સમવસરણમાં ગયો છે. આહા..હા..! ધર્મસભા

ત્રિલોકનાથ પરમાત્માની પૂર્ણ જ્ઞાનદશા થાય ત્યારે ૐ ધ્વનિ ઉઠે. એ વાણીમાં (સાંભળવા) પણ અનંત વાર ગયો, પણ પોતે કોણ છે અને જે કહ્યું હતું એને એણે ગણકાર્યું નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અહીં તો નવ લેવા છે એ મોક્ષ સહિતની પર્યાયના પ્રગટ પર્યાયના છે ભાઈ! નવ ભેદ લેવા છે. ભેદ છે, ભલે વર્તમાન પરિણમન નથી. પ્રશ્ન કર્યો છેને ઓલાએ? કે ભાઈ પરિણમન છે નવ, તો મોક્ષનું પરિણમન નથી. એ વાત નથી. એ પર્યાય.. ભાષા એમ કહે છે. પણ એ આમ રાગ-દ્વેષ વિકાર જ્યારે છે ત્યારે એનો અભાવ થોડો થઈ અને પછી ઘણો થઈ અને પછી પૂરો થયો. એટલે પૂરો થયો ત્યારે મુક્તદશા આનંદની પૂર્ણ દશા પ્રગટ થઈ. સમજાણું કાંઈ? એવી નિમિત્તના લક્ષે બંધ-પર્યાયની સમીપથી જોતાં નવનું અસ્તિત્વ વર્તમાન દૃષ્ટિએ છે. જેઠાભાઈ! ભારે આકરું ભાઈ! આવો ધર્મ! એ કરતા તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરી નાખવા ધર્મ થાતો હોય તો. એ.. જેઠાભાઈ! ધૂળેય નથી ધર્મ સાંભળને હવે. તારા દયા અને અપવાસને અજ્ઞાન ક્યાંય ગળી ગયું એને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનાનંદના સ્વભાવથી ભરેલો એને વર્તમાન દશાના ભેદની સમીપ એટલે એનું એકપણું જોતા નવ છે, પણ એની દૃષ્ટિ છોડી અને એનો ત્રિકાળી સ્વભાવ સનાતન આનંદ અને જ્ઞાન એનો સ્વભાવ એનો અનુભવ કરતાં, એમાં એકાગ્ર થતા એકલો આનંદનો ધણી પ્રભુ આત્મા એ જ અનુભવમાં રહે છે. એને પછી ભેદ-બેદ એક સ્વરૂપમાં રહેતા નથી. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છેને? બધું ક્યાં? બધું તો આકરું છે. શું કહેવાય છે એ ગંધ આવે છે? આહા..હા..! સમજાણું આમાં? આમાં સમજાણું એમ. કાંઈ બીજું સમજાણું એમ નહિ. આમાં સમજાણું એમ. શું છે આ? આહા..હા..!

તેઓ જૂઠા છે. અભૂતાર્થ કહ્યાને. પર્યાયની દૃષ્ટિએ જોતા તે નવ છે. વસ્તુના સ્વભાવનો અનુભવ કરતાં એ નવ નથી, એકલો ભગવાન આત્મા છે. આહા..હા..! એટલે? સમ્યગ્દર્શન થતાં પ્રથમ ધર્મની પહેલી સીઢી સમ્યક્દર્શન—સમ્યક્ એટલે છે તેવું પ્રતીત અને અનુભવ, એવો આત્મા ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકસ્વભાવ એના અંતરમાં જતા એકપણે જ્યાં અનુભવ કરે ત્યારે તેમાં નવના ભેદો દેખાતા નથી. એમાં નવના ભેદ એકાકારમાં છે નહિ. કહો, સમજાય છે કે નહિ? પ્રાણભાઈ! આ ઈંજેક્શન છે. આહા..હા..! મોળો પડી ગયો નથી આત્મા. મહાસમર્થવાળો છે. અનંત આનંદ અને અનંત વીર્યનો ધણી પોતે છે. આહા..હા..! પામર થઈને પ્રભુતાને ભૂલી ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા.. બે દૃષ્ટિ થઈ. એક વર્તમાન અવસ્થાની દૃષ્ટિએ જોતાં નવ ભંગ છે. પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિએ અનુભવ કરતાં એ ભંગ એમાં છે નહિ. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની મૂળ વાત છે. ઝીણી પડે ભગવાન! આહા..હા..! કોઈ દિ' રસ્તા

લીધા નથી. મરી ગયો કરી કરીને બહારનું. કાં તો દયા પાળી ને વ્રત પાળ્યા અને અપવાસ કર્યા, મરી ગયો. શું ધૂળ? સમજાણું કાંઈ? પણ ઉપવાસ ન કર્યો એણે, અપવાસ કર્યા.

મુમુક્ષુ :- ઉપવાસ એટલે શું?

ઉત્તર :- આ કીધુંને સમીપ. શુદ્ધ ચૈતન્યઘનના ઉપ નામ સમીપ જવું એનું નામ ખરો ઉપવાસ છે. બાકી એના ભાન વિનાના બધા અપવાસ-માઠા વાસ છે.

મુમુક્ષુ :- નામે લોકો એને અપવાસ કહે છે.

ઉત્તર :- અપવાસ કહે છે એ સાચી વાત છે. બિચારા એને તો ભાન નથી કાંઈ. અમે અપવાસ કર્યો હતો. અપવાસ. એટલે આત્મામાં નહોતા વસ્યા. રાગની ક્રિયાઓ કરી તે અપવાસ કર્યા, આઠ કર્યા ને દસ કર્યા ને વીસ કર્યા. પ્રાણભાઈ! તમે કર્યા હતા આઠ. ૮૭માં નહિ? કહો, સમજાણું આમાં? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યઘન આનંદકંદ સચ્ચિદાનંદ એવું જેનું એક સ્વરૂપ છે. એવો જ સ્વભાવ એનો છે. એમાં અંતર દૃષ્ટિ મૂકતા એકનો જ અનુભવ રહે છે. એના નવના ભેદો ત્યાં દેખાતા નથી. એને સમ્યગ્દર્શન અને ધર્મી કહેવામાં આવે છે. કહો, શેઠ! ધર્મી એટલે આ બધા અપવાસ માંડ્યા ને મંદિર બનાવ્યા બે, ચાર, દસ માટે ધર્મી (એમ નથી). થોથા. કહો, શેઠ! બે-પાંચ કરોડ ખર્ચી નાખે, દસ લાખ ખર્ચી નાખે (એટલે) ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાંભળને હવે. દસ કરોડ કોના? તારા બાપના? એ તો જડના છે, અજીવ છે.

મુમુક્ષુ :- પૈસાથી ધર્મ નથી થતો.

ઉત્તર :- નથી થતો? પૈસાથી પુણ્ય તો થાય કે નહિ? પુણ્ય પણ પૈસાથી નથી થતા. પૈસા તો જડ છે. એમાં તીવ્ર મમતા કરે તો પાપ (છે), રાગ મંદ કરીને પુણ્યભાવ કરે તો શુભભાવ પુણ્ય (છે), ધર્મ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ છે. છે એવું કાઢ્યું છે, કોઈ નવી ચીજ નથી. અનાદિની એવી ચીજ છે પણ ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી...**' સાચી દૃષ્ટિથી જોઈએ તો. એમ કહે છે. ભૂત એટલે છતો ભાવ. એવી દૃષ્ટિથી. નય એટલે દૃષ્ટિ. '**એક જીવ જ પ્રકાશમાન છે.**' જુઓને કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે! આહા..હા..! એની ચાલતી અવસ્થા, વર્તમાન અવસ્થાના લક્ષે જુઓ તો તો ભંગ પડી જાય છે બધા ભેદો. વિકાર, વિકારનો અભાવ, થોડો અભાવ, ઘણો અભાવ, પૂર્ણ અભાવ એવા ભેદ પડી જાય છે. પણ એ તો અવસ્થા ઉપર લક્ષ કરો તો. પણ વસ્તુની ઉપર દૃષ્ટિ કરો તો ભગવાન આનંદનો ઘન પ્રભુ છે એનો અનુ-

એને અનુસરીને ભવવું, થવું. એવા આનંદના અનુભવની અનુભૂતિમાં એકલો આત્મા પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનમાં, અંતરના અનુભવના કાળમાં એકલો આનંદઘન અને પૂર્ણાનંદ પ્રભુ જ અનુભવમાં આવે છે. એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બધી વાતું.

**'આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી...'** ઓલું બાહ્ય દષ્ટિથી જોઈએ તો એનું પૂરું થાય, ભાઈ! ત્યાં પૂરું થાય છે. **'એક જીવ જ પ્રકાશમાન છે.'** જીવ કહો કે આત્મા કહો. આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પૂર્ણ પ્રભુ પૂર્ણ મિદં, પૂર્ણ વસ્તુ અંતર દષ્ટિથી અંતરમાં મૂકતા દષ્ટિને, અંતર અનુભવમાં લેતા એકલો આત્મા પ્રકાશમાન છે. ત્યાં નવ ભેદ રહેતા નથી. **'એવી રીતે અંતરદષ્ટિથી જોઈએ તો :—'** જુઓ, હવે અહીંથી ઉપાડ્યું છે. ઓલું બાહ્ય દષ્ટિથી જોતાં, કર્મના સમીપની અવસ્થાથી જોતાં એ બાહ્ય દષ્ટિ થઈ. સમજાણું કાંઈ? અંતરદષ્ટિથી જોતાં ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ અસ્તિપણે (છે) એવી દષ્ટિથી જોઈએ તો **'જ્ઞાયકભાવ જીવ છે...'** એક જાણનાર-જાણનાર પ્રજ્ઞાબ્રહ્મ, જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એક જ અંતરદષ્ટિથી (જોતાં) જ્ઞાયકભાવ જીવ છે.

**'અને જીવના વિકારનો હેતુ...'** વિકારનો અર્થ અહીં વિકાર એટલે વિપરીત ભાવ એમ નથી. વિકારનો અર્થ વિશેષ કાર્ય. વિ-કાર-વિશેષ કાર્ય. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અસ્તિ એની અંતર દષ્ટિ કરીએ તો આનંદનો જ અનુભવ, એક જ આત્મા દેખાય. સમજાણું કાંઈ? એટલે અંતરદષ્ટિથી જોઈએ તો જ્ઞાયકભાવ એક છે. અને તેની દશામાં જે પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી દેખાય છે એ પુણ્ય-પાપના બે ભાવરૂપ આસ્રવ. આ એટલે મર્યાદાએ વિકાર થયો. આસ્રવ. અને એમાં અટકેલો જરી ભાવ તે બંધ. અને તેનો અભાવરૂપ થવો શુદ્ધિ એ પણ વિકાર છે. વિકાર એટલે વિશેષ કાર્ય છે. પુણ્ય-પાપના વિકલ્પો એ આસ્રવ, એ બંધ એ પણ એક વિશેષ વિકારી કાર્ય છે અને એનો અભાવ એ શુદ્ધતા પ્રગટવી, વધવી અને પૂર્ણ થવી એ પણ એક ત્રિકાળી દ્રવ્યના ગુણની વિશેષરૂપી કાર્ય નામ દશા છે. સમજાણું કાંઈ?

**'અંતરદષ્ટિથી જોઈએ તો :—'** એમ. બાહ્યદષ્ટિથી જોઈએ તો કર્મ અને ભેદો એના સમીપથી નવ છે. અંતર જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જુઓ. સમીપ એટલે એના અનુભવમાં જતા એકાકાર વસ્તુના સ્વભાવના અનુભવમાં એ નવ ભેદ નથી. એક વાત કરી. હવે એ વિકાર કેમ થયા અને છે? એ છે એની દશામાં, પણ એનો હેતુ-નિમિત્ત કોણ છે? એ બે વાત સિદ્ધ કરે છે. **'જીવના વિકારનો હેતુ...'** ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવે સામાન્ય નામ સંક્ષેપથી પોતામાં એવું એનું સ્વરૂપ હોવા છતાં એની વર્તમાન દશા, પર્યાય, હાલત, જેને અહીં વિકાર કહે છે-વિશેષ કાર્ય. વસ્તુ છે એ ત્રિકાળ સામાન્ય ધ્રુવ, પણ એની અવસ્થા,

પર્યાય, હાલત બદલે એને અહીંયાં વિકાર નામ વિશેષ કાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વિકારના હેતુ. જીવના વિકારના હેતુ કીધું. પોતે જ્ઞાયક ત્રિકાળ, પણ હવે પર્યાયમાં વિકાર્ય-વિશેષ કાર્યના હેતુ 'અજીવ છે;...' એનાથી વિલક્ષણ બીજી ચીજ છે એક. એ નિમિત્ત છે હેતુ અને પોતાની દશામાં થાય એ એનું ઉપાદાન છે, એની યોગ્યતાથી તેમાં ભેદ પડે છે. પુણ્યના, પાપના, આસ્રવના, બંધના, સંવર, નિર્જરા અને મોક્ષ. ભારે માર્ગ ભાઈ આ. પોપટભાઈ! કેટલી સામાયિક કરે અને કેટલા પડિક્કમણા કરે તો આ સમજાય?

મુમુક્ષુ :- અનંત કરે તોપણ ન સમજાય.

ઉત્તર :- તમારું નામ ન આવડતું હોય તો તમારું નામ આવડવા માટે કેટલા અપવાસ કરે પછી આવડે? તડકામાં ઊભો રહે તો? પાંચ લાખ દાન આપે તો નામ આવડે કે નહિ? એમ ન આવડે, પણ પૂછે કે તમારું નામ શું? એ અજાણપણું જાણપણાને કારણે ટળે. બીજો કોઈ ઉપાય એનો છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પૂછે તો થાય.

ઉત્તર :- પૂછીને એ સમજે કે ઓહો..! આ તો પોપટભાઈ કહે છે. શેઠ! આહા..હા..! એમ આત્માનું અજાણપણું અપવાસ કર્યે ટળતું હશે? દાન કર્યે ટળે? ક્રિયા કર્યે ટળતા હશે આ પૂજા, ભક્તિ અને વ્રતને કરે તો? કહો, અંધારાને કાઢવો હોય તો સુપડા ને... શું કહેવાય? પાવડા-પાવડા. એ ભૂલી જઈએ છીએ તમારા (નામ), એ પાવડાથી ઉલેચવા માંડે તો અંદરથી નીકળે. એનાથી પ્રકાશ કરે તો અંધારું હોય નહિ ત્યાં.

મુમુક્ષુ :- અંધારાને સાંબેલા મારે તો?

ઉત્તર :- સાંબેલા મારે તો નીકળે કે નહિ? એ અંધારું તો પ્રકાશના અસ્તિત્વમાં એ અંધારું નીકળી જાય.

એમ ભગવાન આત્મા રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપમાં એકત્વબુદ્ધિ અનાદિથી અજ્ઞાનમાં છે. એ અજ્ઞાનપણું એ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંતર દૃષ્ટિ કરતાં એનું જ્ઞાન થતા એ અજ્ઞાન અને અંધકાર ટળી જાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? ભગવાનની ખૂબ ભક્તિ કરે તો ટળે કે નહિ? નામ આવડે કે નહિ? ન આવડે. ભગવાન! વાત તો તારી... જે અજાણપણું છે એ જાણપણાથી જ ટળે, બીજો કોઈ એનો ઉપાય નથી. પણ એણે કોઈ દિ' ગરજ કરી જ નથી. આ બહારમાં સલવાણો. કાં તો બાયડી, છોકરા અને શરીર જરીક મળ્યું ત્યાં એમાં સલવાઈ ગયો અને એના કાંઈક પાંચ-પચાસ લાખ પૈસા હોય, આબરૂ ઠીક હોય. થઈ રહ્યું. હું પહોળો ને શેરી સાંકડી. ગરી ગયો એમાં. એમાં વળી ધર્મને નામે આવે. ત્યારે કહો કે એય..! પાળો દયા, પાળો વ્રત, કરો તપ, કરો મંદિર. એય..! શેઠ! .. પરને કોણ કરે? કરવાનો ભાવ હોય છે એ રાગ હોય છે વિકલ્પ. એ વિકાર

છે. એ કાંઈ અજ્ઞાન ટાળવાનો ઉપાય નથી. વસંતીલાલજી! ભારે કામ ભાઈ આ! દુનિયાથી તો જુદી જાતનું લાગે માણસને હોં. કે આવો કેવો? આ કઈ જાતનો ધર્મ? ખબર છે બધી કોણ કહે છે, કેમ કહે છે અમને બધાની ખબર નથી? નવનીતભાઈ! માખણ આ છે. આહા..હા..!

**'અંતરદષ્ટિથી જોઈએ તો :—'** વસ્તુ તો જ્ઞાયકભાવ ત્રિકાળ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ત્રિકાળ અનાદિઅનંત. પણ એના વિશેષ કાર્યના હેતુ... વિશેષ કાર્ય સિદ્ધ કર્યા, પર્યાયમાં વિશેષપણું છે. વિશેષ પર્યાય નથી અને વિશેષ જ નથી તો એને ધર્મ કરવો અને અધર્મ ટાળવું એ રહેતું નથી. સમજાણું કાંઈ? એ જીવના.. જીવ લીધો હતોને પહેલા, જીવ જ પ્રકાશમાન છે અને જ્ઞાયકભાવ જીવ છે એમ લીધું છેને? એ જીવ કહો કે આત્મા કહો. **'જીવના વિકારનો હેતુ...'** એટલે ભગવાન આત્માની વિશેષ કાર્યદશાનો હેતુ **'અજીવ છે;...'** એનાથી વિરુદ્ધ એક બીજી ચીજ છે. સમજાણું કાંઈ? એટલી વાત ત્યાં કરી બે.

હવે ત્રીજી. એને સિદ્ધ કરે છે ઓલા વિકારના હેતુને. વિકાર અને વિકારના હેતુ. એક સામાન્ય જે કહ્યું એનું સ્પષ્ટીકરણ કરે છે. ભગવાન આત્મા એમાં જે દયા દાન, વ્રતના પરિણામ થાય એ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપભાવ છે. આસ્રવ એ બે થઈને વિકલ્પની વાસનાઓ તેને આસ્રવ કહીએ. **'સંવર,...'** એ આસ્રવનો ભાવ કંઈક ઓછો થાય અને કંઈક શુદ્ધિ થાય એને સંવર કહીએ. **'નિર્જરા,...'** અશુદ્ધતા કેટલીક ટળીને દશામાં શુદ્ધતાની વૃદ્ધિ થાય તેને નિર્જરા કહીએ. **'બંધ,...'** એ રાગમાં ત્રિકાળી જ્ઞાયક આનંદ પ્રભુ રાગમાં અટક્યો છે એ બંધ કહીએ અને એ બંધનો અભાવ થઈને આત્માની પૂર્ણ આનંદદશા પ્રગટ થાય તેને મોક્ષ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ૧૭મી વાર ચાલે છે આ. સભામાં આ સમયસાર ૧૭મી વાર ચાલે છે. પહેલીથી છેક સુધીમાં બબ્બે વર્ષ થાય. કોઈ વખતે દોઢ, બે વર્ષ થાય. આખા ૪૧૫ શ્લોક છેને. આ તો અલૌકિક તત્ત્વ છે આખું. સમજાણું કાંઈ?

કહે છે, શુભભાવ દયા, દાન, વ્રત, પૂજા આદિનો એ વિકલ્પનું અસ્તિત્વ છે. સસલાના શિંગડા નથી. છે અંદર વિકૃતભાવ. શુભભાવ એક અશુભભાવ. હિંસા, જૂઠું, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ ભાવ પાપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વૃત્તિ ઉઠે છે વાસના એ પુણ્ય છે. બે થઈને આસ્રવ કહેવાય. કારણ કે એ પરિણામથી નવા આવરણ આવે છે. એમાં આત્માનો ધર્મ થતો નથી. સંવર, નિર્જરા અને બંધ એ આસ્રવનું અટકી જવું, સ્વભાવને આશ્રયે કંઈક પણ મલિન પરિણામનો વ્યય થવો અને નિર્મળ દશાની ઉત્પત્તિ થવી એને સંવર કહે છે. નિર્જરા-એ સંવર થયા પછી વિશેષ શુદ્ધિ વધવી, અંતર એકાગ્રતાની શાંતિ અને શુદ્ધિ વધવી એને નિર્જરા કહે છે અને રાગમાં અટકે તે બંધ અને

મોક્ષ. પૂર્ણ શુદ્ધિ દશામાં પ્રગટ થવી એને મોક્ષ કહે છે. મોક્ષ કોઈ બીજી ચીજ નથી.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

શ્રીમદ્ રાજચંદ્રનું આ વચન છે. સમજાણું કાંઈ? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' જે દશા ત્રિકાળી શુદ્ધ છે શક્તિ એની વર્તમાન દશામાં પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન એવી અનંત શક્તિઓનો વિકાસ પૂર્ણ થઈ ગયો એને મોક્ષ કહેવામાં આવે છે. એ મોક્ષ એમ સૂચવે છે કે પૂર્વે કાંઈક બંધ હતો એ બંધ ટળીને આ મોક્ષ થયો છે, અવસ્થામાં-દશામાં.

**'એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે...'** એ તો કેવળ એક જીવના જ કાર્ય છે. વિશેષ કાર્ય. આહા..હા..! ભારે! જીવની એક સમયની પર્યાય એટલે વગેરે વગેરે ન સમજવી, એ કેવળ જીવના વિશેષ કાર્યો છે. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! **'અને પુણ્ય, પાપ,...'** સામે નિમિત્ત. પુદ્ગલની સામે ચીજ. પુણ્ય-પાપ સામે જડનું નિમિત્તપણું એ પુણ્ય છે, એક જડમાં પાપ છે અને અહીં ભાવ થયોને એને આરોપ દઈને એને પુણ્ય-પાપ કહેવામાં આવ્યા. આસ્રવ છે જડમાં નિમિત્તપણે, સંવર એટલે અહીં સંવર થયો એટલે ત્યાં એટલા રજકણો ઉદયમાં ન આવ્યા અથવા અટકી ગયા. જૂના અટક્યા હોં! એ સંવર, કર્મના રજકણો ઝરવા, ખરવા એને નિર્જરા-નિ-જરા અને બંધ જે કર્મનો સંબંધ હતો એ બંધ અને એનું છૂટી જવું એ મોક્ષ. આમાં વિકાર હેતુઓ કેવળ અજીવ છે. આવું તે પણ કોણ ...

એનું ત્રિકાળી સામાન્ય સ્વરૂપ તો ધ્રુવ છે ચૈતન્યમૂર્તિ આનંદ, પણ એની દશા છેને? પર્યાય છે, હાલત છે. એ હાલતુને અહીં કાર્ય કહેવામાં આવે છે. એ કાર્યના ભેદ આટલા નવ છે. એ જીવની દશા છે એ તો કહે છે. કેવળ જીવની દશા. એમાં જડનો અંશ પણ નથી. અને તે જીવના વિકારોનો હેતુઓ જડની નિમિત્તતાને આના વિકાર હેતુઓ કહે છે. વિશેષ કાર્યનું એ નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'કેવળ અજીવ છે.'** આ બાજુ ભગવાન આત્મા, એની દશાઓ વિકાર અને અવિકારી દશાઓ એ જીવ અને સામે કર્મનું નિમિત્તપણું એ કેવળ અજીવ. પંડિતજી! આમાં તો ચોખ્ખી વાત છે. હવે આમાં કોઈ આમ છેને તેમ છે આ બધા ગોટા વાળે છે પંડિતો. અહીં તો વિશેષ ભેદમાં નિમિત્ત છે એ વાત સિદ્ધ કરવી છે. આહા..હા..! કઠણ છે વાત માણસને. આહા..હા..!

**'કેવળ અજીવ છે. આવા નવ તત્ત્વો,...'** આવા આ નવ તત્ત્વો. એમ. **'જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,...'** ભગવાન આત્મા એનો સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ એટલે પોતાનો ભાવ, વસ્તુ જે આત્મા એનો સ્વ-પોતીકો ભાવ, જ્ઞાન-દર્શન-આનંદ જે કાયમી ભાવ, ધ્રુવભાવ,

ધ્રુવસ્વભાવ એની દૃષ્ટિ છોડીને **'પોતે અને પર જેમના કારણ છે...'** પોતે આ નવ વિશેષે કાર્ય અને અજીવ જેમાં નિમિત્ત છે.

મુમુક્ષુ :- ઉપાદાન-નિમિત્ત..

ઉત્તર :- હા ઉપાદાન-નિમિત્ત છે. ઘણી વાત કરે છે હોં! થોડામાં ઘણું કહે છે. આહા..હા..! દુઃખરૂપ દશા છે, અવસ્થામાં દુઃખ છે. દુઃખ ન હોય તો દુઃખથી મુક્ત થવાનો ઉપદેશ નિરર્થક જાય છે અને દુઃખનો અભાવ થઈ શકે છે. કારણ કે એ તો ક્ષણિક દશા છે. એ કાંઈ કાયમની દશા નથી. તો એનો દુઃખનો અભાવ થઈને સુખ, વિશેષ સુખ અને પૂર્ણ સુખ એવી દશા થઈ શકે છે. આહા..હા..!

**'પોતે અને પર જેમના કારણ છે...'** પોતે એટલે આ નવ જે પોતે ઉપાદાન એ પોતાની દશા અને પર કેવળ અજીવ જેનું નિમિત્ત છે **'એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં...'** એ આત્માની આ નવેય પર્યાયો છે, અવસ્થાઓ છે એમ જાણવામાં આવતા તે નવ છે. પર્યાય પર્યાય તરીકે છે, ભેદ ભેદ તરીકે છે. આહા..હા..! આ તારી જાતની વાત છે, ભગવાન! એ અંદરની વાતું એણે કોઈ દિ' સાંભળી નથી. જે રીતે એનું સત્ છે, કાયમી છે અને વર્તમાન દશામાં છે. જે રીતે છે તે રીતે એણે કોઈ દિ' વિચાર કર્યો જ નથી. સમજાણું કાંઈ? કાં ક્ષણિક અવસ્થાઓ છે એને માની છે અને કાં ત્રિકાળી વસ્તુ છે એને માની છે, પણ માનનાર કોણ છે એ પર્યાય એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**'એવા એક દ્રવ્યના પર્યાયોપણે...'** એટલે જાણે કે આ વસ્તુના જ બધા ભેદો છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ વસ્તુની જ દશાઓ છે. એમ જોતાં એ છે પર્યાયમાં ભેદો છે, અવસ્થા તરીકે છે, હાલત તરીકે છે. સમજાણું કાંઈ? **'સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે,...'** આહા..હા..! પણ વસ્તુની ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિએ જોતાં **'સર્વ કાળે અસ્ખલિત...'** ભગવાન આત્મા અને એનો જે સ્વભાવ સર્વ કાળે અસ્ખલિત છે, સર્વ કાળે અસ્ખલતિ છે. કોઈ કાળે સ્ખલિત થયો નથી. વસ્તુ છે ત્યાં પ્રભુ પોતે સત્ ચિદાનંદ છે. તો સત્ પોતે ત્રિકાળ અને એના જ્ઞાન આનંદ પણ ત્રિકાળ. એ વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો એના વસ્તુમાંથી કદી સ્ખલિત થયો નથી. પર્યાયદૃષ્ટિથી સ્ખલિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ જ છે. બાકી બીજી રીતે કોઈ કાંઈ કહેતા હોય તો સ્વરૂપની સ્થિતિને એ સમજતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્ય...'** એક પોતાનો સ્વભાવ જીવ, એનો સ્વભાવ સામાન્ય ધ્રુવ, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી આનંદ એવા સ્વભાવની એકતાથી એવા સ્વભાવની

એકતામાં, એવા સ્વભાવના સમીપમાં, સમીપ જવું એટલે દૂર હતો એ એકતા એમ. જે કંઈ એક સમયની પર્યાયમાં એકતા હતી એને આ દ્રવ્ય સ્વભાવમાં એકતા કરી, એનું નામ સમીપ જઈને કહેવામાં આવે છે. ઝીણું છે કે નહિ? આહા..હા..! ૧૪ વર્ષનો છોકરો છે. રસ છે એને બહુ. આત્મા છેને ત્યાં ક્યાં...? વર્ષ તો શરીરને લાગુ પડે. આત્મા તો અનાદિ અનંત છે એને આયુષ્ય કેવું? આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આઠ વર્ષની ઉંમરવાળો કેવળજ્ઞાન પામી શકે એમ શાસ્ત્રકાર કહે છે. ઝળહળ જ્યોતિ ચૈતન્યમૂર્તિ ભગવાન બિરાજે છે. એમાં જ્યાં ડૂબકી મારીને એકાકાર થયો. કેવળજ્ઞાન એક સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની શક્તિનો વિકાસ થઈ જાય છે. અરે! પણ કેમ બેસે? મકાન બનાવવું હોય તો, પાંચ લાખ(નું) બનાવવું હોય તો એક સેકન્ડમાં ન બને, ભાઈ! અંતર્મુહૂર્તમાં ન બને. પણ આત્માનું કેવળજ્ઞાન પ્રગટ કરવું હોય તો અંતર્મુહૂર્તમાં બની શકે એવી ચીજ છે. આહા..હા..! હવે તો જોકે બે-ચાર તૈયારીવાળા મકાન અને એકાદ દિ'માં બનાવી શકે છે આ ઓલા તૈયારી તૈયાર કરે છેને અમેરિકામાં?

મુમુક્ષુ :- તૈયાર તો કરેલા જ હોયને.

ઉત્તર :- કરેલા જ હોય અને તે પણ કાંઈ એક સેકન્ડમાં ગોઠવાય? અને એક સેકન્ડમાં અહીં તો કેવળજ્ઞાન થઈ શકે એવી તાકાત છે આત્મામાં. અરેરે! એના સામર્થ્યની ખબર નથી એને. રાંકો થઈને ફરે. આહા..હા..! એક પાંચ-પચાસ હજાર જ્યાં મળે (ત્યાં કહે), મૂકો લાપસીના આંધણ. શું થયું પણ તારે ઘરે? એઈ..! આંધણ મૂકાણું તારે ઘરે રાગનું. આહા..હા..! એ.. ભીખાભાઈ!

અરે! આ ભગવાન આત્મા જેના સ્વભાવની એકતા કરતા, કહે છે તે '**અનુભવ કરવામાં આવતા તેઓ અભૂતાર્થ છે,...**' નવ તેમાં હોતા નથી, ભેદ તેમાં છે નહિ. આહા..હા..! ભેદમાં ભેદ છે. પણ અભેદની દૃષ્ટિએ જોતાં તેમાં ભેદ છે નહિ. આહા..હા..! કથનશૈલી તો જુઓ, અધ્યાત્મને કઈ રીતે કહેવામાં આવ્યું છે! સાદી ભાષામાં અને ગંભીર ભાવથી ભરેલું. અરેરે! એણે એનો પોતાનો અભ્યાસ કર્યો નહિ કે આ શું છે? પણ એણે અભ્યાસ કરવો એ પણ એક પર્યાય થઈ. અનુભવ કરવો. અનુભવ નહોતો અને અનુભવ કરવો એ પણ એક દશા થઈ. એ કાયમની ચીજ ન રહી. એ દશાને, હાલતને ન કબુલે એની એકેય વાત રહેતી નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પર્યાયદૃષ્ટિએ જોઈએ તો એ નવ છે. અંતરના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો ભેદો તેમાં છે નહિ. અભેદમાં ભેદ કેવા? અભેદમાં ભેદ રહે તો અભેદ યથાર્થ દેખાય નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન!

'**સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...**' એક પોતાનો જીવદ્રવ્ય સ્વભાવ ત્રિકાળી, એના સમીપમાં, અંતરમાં, ઉપ ઉપ નામ સમીપ. લ્યો ઉપવાસ

આ. સ્વભાવના ઉપમાં-સમીપમાં-વાસ નામ વસવું. આહા..હા..! એમાં જઈને અનુભવ કરતાં એટલે વસ્યો. અનુભવ એટલે જેવું સ્વરૂપ છે એવી જ પર્યાય પ્રગટ અનુભવ કરતાં

અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

સમજાણું કાંઈ? અનુભવ એ મોક્ષનો માર્ગ છે, બાકી બધી વાતું છે. આહા..હા..! એ **'અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે,...'** એમાં નવ ભેદ છે નહિ. તેથી... ઉતાવળથી તો નથી થાતુંને? આ તો હળવે હળવે થાય છે. વિચારનો અવકાશ પણ થોડો રહે છે એને વિચાર કરવો હોય તો. વિચાર કરવો હોય તો. સમજાણું કાંઈ? આહા..હા..! એક જીવદ્રવ્ય પોતાનો પદાર્થ, એના સ્વભાવમાં અનુભવ કરતાં સમીપ જઈને તેઓ નવ ભેદ તેમાં છે નહિ. **'તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.'** જુઓ, અહીં તો એ આવ્યું. અહીં તો નવ જાણવા અને નવ અનુભવવા એ તો વાત છે નહિ આમાં. ઓલામાં ઘણું લખ્યું છેને. નવ તત્ત્વને જાણવા એ સમ્યગ્દર્શન છે. પણ કઈ રીતે?

મુમુક્ષુ :- નવ તત્ત્વને ભૂતાર્થનયથી જાણે.

ઉત્તર :- હા, પણ એનો અર્થ શું? નવને નવ પ્રકારે જાણવા એમ ભૂતાર્થ છે? એમાંથી એકરૂપ ભગવાન આત્મા સ્વભાવ ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચીજ એમાં એકાગ્ર થતાં એ નવના ભેદો ત્યાં રહેતા નથી. એકલો જીવ ભગવાન આત્મા પ્રકાશમાન છે. કહો, એને સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શન કહે છે. એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. કહો, શેઠ! આ પૈસાથી કેટલો ધર્મ થાય આમાં? ન થાય?

મુમુક્ષુ :- એ તો પાક્કું થઈ ગયું છે.

ઉત્તર :- શેઠ તો પાક્કા થઈ ગયા છે. આહા..હા..! ભાઈ! પૈસા પાંચ-દસ લાખ ખરચે તો ધર્મધુરંધરનું બિરૂદ આવી જાય લ્યો!

મુમુક્ષુ :- બિરૂદ આવ્યુંને, ધર્મ ન આવ્યોને.

ઉત્તર :- એટલા બધા તો આપે નહિ એક સાથે. કરોડ હોય તો પચાસ લાખ આપી દે એક સાથે? બે-ચાર લાખ, પાંચ લાખ આપે અને બધા ભેગા થઈને ઓહો..! પહેલી ખુરશી ધર્મની. ધૂળેય ધર્મ નથી, સાંભળને. ધૂળમાં ધર્મ કેવા? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એવી જે નિજપૂંજી આનંદની, એ પૂંજીમાં એકાકાર થાય અને દશા આનંદની પ્રગટે એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ મુક્તિનું કારણ છે. બાકી બધી વાતું થોથેથોથા છે. સમજાણું કાંઈ?

**'તેથી આ નવે તત્ત્વોમાં...'** ભેદોમાં એમ. **'ભૂતાર્થનયથી...'** એટલે એક સ્વભાવથી

જોઈએ, નવ ભેદોમાં એકરૂપ સ્વભાવથી જોઈએ તો '**એક જીવ જ પ્રકાશમાન છે.**' આહા..હા..! ચોખ્ખી ટીકા છે આમાં તો ભાઈ! આમાં કાંઈ નવને જાણવું, નવને જાણવું એ પાછું ઓલું નવને જાણવું લખ્યું છે. અર્થમાં લખ્યું છે ખરુંને આમાં જુઓ. શુદ્ધનયથી નવ તત્ત્વને જાણવાથી. લખ્યું છેને. કૌંસમાં તમે લખ્યું છે? શુદ્ધનયથી નવ તત્ત્વને. પણ શુદ્ધનયથી નવ તત્ત્વને એટલે શું? નવ ભેદોમાં એકલો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જ્ઞાનસ્વભાવી એનો અનુભવ કરવો એ નવ તત્ત્વને જાણવો વ્યવહાર એમ કહેવામાં આવે છે. આહા..હા..! ઠીક છે ભાઈ! શું વાત થાય? માર્ગ તો એવો છે કોઈ. સ્વસંવેદ્યગમ્ય છે. સમજાણું કાંઈ? કોઈ શાસ્ત્રગમ્ય નથી. એ તો જડ છે. વિકલ્પની વૃત્તિ ઉઠે એને ગમ્ય નથી. રાગ વિકલ્પ જાળ છે, એ તો વિકાર જડ છે, અચેતન છે. આહા..હા..! ચૈતન્યજ્યોત ભગવાન પ્રકાશની મૂર્તિ એકલી જ્ઞાનની, એ તો જ્ઞાનગમ્ય, સ્વસંવેદ્યગમ્ય છે. ભીખાભાઈ!

'**આ નવે તત્ત્વોમાં...**' નવ તત્ત્વની અસ્તિ તો સિદ્ધ કરી પર્યાયદૃષ્ટિએ, વ્યવહાર દૃષ્ટિ છેને. નથી એમ કાંઈ? વ્યવહાર નથી? પણ વ્યવહાર આશ્રય કરવાલાયક નથી. '**ભૂતાર્થનયથી...**' ભૂત નામ છતી દૃષ્ટિ. ભૂત નામ છતી—સાચી દૃષ્ટિ અને ભૂતનો એક અર્થ સમ કર્યો છેને. વિશ્વલોચન કોષ છેને એમાં આવ્યું હતું. ભૂતાર્થ, ભૂત નામ છતો, સત્ય અથવા સમ એવા બે અર્થ છે. છે આપણે વિશ્વકોષ. આમાં પણ નાખ્યું છે. નથી આમાં ક્યાંય? મૂકાઈ ગયું લાગે છે. ઓલામાં નથી. અજમેરવાળું. અજમેરવાળું છેને પુસ્તક એમાં કર્યો છે. એમાં લખેલું છે. વિશ્વકોષમાં ભૂતાર્થનો અર્થ સત્યાર્થ કર્યો છે અને સમ કર્યો છે. સમ સ્વરૂપ ત્રિકાળ એકરૂપ. ત્રિકાળ એકરૂપ સ્વરૂપ તેને સમ કહીએ અને તેને આશ્રયે સમતા પ્રગટ થાય છે. ભેદના વિશેષને આશ્રયે જાવ તો વિષમતા પ્રગટ થાય છે. વિષમતા. ઝીણી વાત છે થોડી, ભગવાન! ત્રિકાળી સમસ્વરૂપ એકરૂપ વસ્તુ છે, તો એની દૃષ્ટિ કરો તો ત્યાં સમતા પ્રગટ થશે અને એના ભેદો ઉપર લક્ષ જાશે, વિશેષ વિશેષ છે ખરું, પણ એનું લક્ષ કરશે તો વિષમતા નામ રાગ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? હવે એનો સરવાળો કરશે લ્યો. અહીં આપણે વખત થઈ ગયો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૪, મંગળવાર, તા. ૦૪-૦૧-૧૯૭૨**
**ગાથા-૧૩, શ્લોક-૮, પ્રવચન-૬૦**

આ ૧૩મી ગાથાની ટીકા ચાલે છે. અહીંયાં આવ્યું છે. '**તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.**' છે? શું કહ્યું ઈ? કારણ કે પર્યાયમાં એનું પરિણમન પર્યાયથી જુઓ તો એમાં જીવનો અંશ પુણ્ય-પાપ, સંવર-નિર્જરા આદિ પર્યાયો છે પર્યાયની અપેક્ષાએ જુઓ તો. નહિતર એ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જ જીવ પ્રકાશમાન છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એકલો જ્ઞાયકભાવ. એકલો જ્ઞાયકભાવ પણ પછી આમ જાણનાર-જાણનાર એમ. એવી અવસ્થાથી એક જ રૂપ તે નજરમાં આવે છે. ફરીને.

મુમુક્ષુ :- એક જ?

ઉત્તર :- એક જ્ઞાયકભાવ. એટલે કે નવની પર્યાયો છે એથી જુઓ તો પર્યાયમાં નવ છે. પર્યાયનું પરિણમન જુઓ તો નવ પ્રકાર છે. આમાં નવ પ્રકાર જે મૂળમાં લીધા એ તો મોક્ષ અને સંવર-નિર્જરાની શુદ્ધતાના લીધા છે. પણ એમાં એકરૂપ જ્યારે જુઓ (તો) '**ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.**' જ્ઞાયકભાવ, જાણનાર ભાવ, વસ્તુની દૃષ્ટિની દૃષ્ટિએ એમાં નવ ભેદ હોતા નથી. ઝીણું ભારે ભાઈ આવું. સમ્યગ્દર્શનની ચીજ આ તો વાત છે પહેલી હોં! આ સમજ્યા વિના નવ તત્ત્વને જુદા જુદા માને એ વળી મોક્ષના અને સંવર-નિર્જરાની યથાર્થ વિનાની વાત છે. આહા..હા..! ભારે કથનશૈલી! એ કહે છે જુઓ, '**એક જીવ જ પ્રકાશમાન છે.**' જાણનાર... જાણનાર... જાણનાર... અંતર્મુખ જોતાં જ્ઞાયકભાવવાળું તત્ત્વ એક જ પ્રકાશમાન છે. એમાં ભેદ હોતો નથી.

'**એમ તે, એકપણે પ્રકાશતો...**' જ્ઞાયકના ભાવપણે જ્ઞાતા-દૃષ્ટાના ભાવપણે પ્રકાશતો. આ તો અંતરની વાતું છે, ભાઈ! શેઠ! એ બહારથી કાંઈ પત્તો ખાય એવું નથી. '**શુદ્ધનયપણે અનુભવાય છે.**' એટલે કે અંતર જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, આનંદભાવ, સ્વભાવભાવ એકરૂપે અંતર દૃષ્ટિથી જોઈએ તો એકરૂપ (વસ્તુ) છે. એકરૂપ અનુભવાય છે. એમાં ભેદ આવતો નથી. '**અને જે આ અનુભૂતિ...**' એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ જ્ઞાયકભાવ એ જ એક પ્રકાશમાન અનુભવમાં દેખાય છે '**અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ જ છે,...**' પ્રસિદ્ધિ છે. એકલો જ્ઞાયકભાવ ત્રિકાળ દ્રવ્ય પણ એની દૃષ્ટિ કરતાં આ આત્મા એકરૂપ સ્વભાવ છે એમ પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે. ભારે ધર્મ ભાઈ આવો! અપૂર્વ વાત

છેને બાપા! એણે અનંતકાળથી એની નિજ ચીજ શું છે (એ જાણી નથી). બહાર બુદ્ધિમાં જુઓ તો એ અનાદિથી ઘણા ભંગ એમાં દેખાય, પણ અંતર દૃષ્ટિથી જોતાં અંતર્મુખ વલણ કરવાથી જે શુદ્ધનય સ્વરૂપે ભગવાન છે એની અનુભૂતિમાં એક જ આત્મા પ્રકાશમાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં શુદ્ધનયમાં ત્રિકાળ લેવું કે પર્યાય લેવી?

ઉત્તર :- પ્રકાશમાન છે ઈ પર્યાયમાં આવ્યો છે. જ્ઞાયક તો છે, પણ એને આમ જાણ્યો ત્યારે પ્રકાશમાન આવ્યો છેને? પર્યાયમાં આવ્યો છે કે નહિ?

મુમુક્ષુ :- શુદ્ધનયમાં પર્યાય લેવી.

ઉત્તર :- પર્યાય.. આત્મખ્યાતિ થઈને. આત્મખ્યાતિ કોને કહે? જ્ઞાયક એકલો રહ્યો? આ આત્મા છે એ અંતરમાં એકાકાર થતા પ્રસિદ્ધપણાને પામે છે. પર્યાયમાં પ્રસિદ્ધ થાય છે કે આ આત્મા એકપણે છે. એમ. આ તમારા વકીલાતમાં આવું નહિ હોય ત્યાં. કહો, સમજાણું આમાં? આહા..હા..! આ તો કહે છેને અનુભૂતિ. અનુભૂતિ એટલે તો પર્યાય છે. ત્રિકાળ એકરૂપ (ઉપર) દૃષ્ટિ આપતા જે અનુભવ થયો, તે અનુભૂતિ તે આત્મખ્યાતિ છે, તે આત્માની પ્રસિદ્ધિ થઈ. જે ભેદની પ્રસિદ્ધિ હતી એ એકરૂપ દૃષ્ટિ આપવાથી 'આત્મા આ છે' એવી પ્રસિદ્ધિ થઈ. એ તો પર્યાયમાં પ્રસિદ્ધિ થઈ. એવી વાત છે. વસંતીલાલજી!

મુમુક્ષુ :- પર્યાયનું મુખ અંતર્મુખ છેને?

ઉત્તર :- અંતર્મુખ છે. અંતર્મુખનો અનુભવ આવ્યો ત્યારે આત્મખ્યાતિ કહેવાણીને.

મુમુક્ષુ :- એ પર્યાય પોતે પરિણતિ...?

ઉત્તર :- પરિણતિ થઈ. આ જ્ઞાયક છે એમ પરિણતિ થઈ.

મુમુક્ષુ :- પરિણતિ ...

ઉત્તર :- મુખ્યનો અહીં પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- પરિણતિ પરિણતિને મુખ્ય કરતી નથી.

ઉત્તર :- ઈ પ્રશ્ન અહીં નથી. એ પરિણતિમાં એ ખ્યાલમાં આવ્યો એમ કહે છે.

મુમુક્ષુ :- એટલે એમ કે પરિણતિ પરિણતિને મુખ્ય નથી કરતીને?

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં આવ્યો? એ સવાલ જ ક્યાં આવ્યો? આ જ્ઞાયક છે એમ જે પરિણતિમાં ભાસ થયો એને અનુભૂતિ કહે છે. અનુભૂતિ છે પર્યાય, વર્તમાન હાલત, પણ જ્યારે ભેદ ઉપર લક્ષ હતું ત્યારે એકપણે પ્રકાશમાન એ દૃષ્ટિમાં આવતો નહોતો અને જ્યારે એકપણા ઉપર દૃષ્ટિ ગઈ તો એકપણે દૃષ્ટિમાં આવ્યો, પણ આવ્યો પર્યાયમાં આવ્યો છે.

મુમુક્ષુ :- કંઈ મેળ ખાતો નથી.

ઉત્તર :- મેળ ખાતો નથી. આહા..હા..! શું મેળ નથી ખાતો? આ પર્યાય તો આવી. એ તો કહે છે, આ અનુભૂતિ તે આત્મખ્યાતિ. આત્માની ઓળખાણ જ છે. એકલો જ્ઞાયક ન રહ્યો. જ્ઞાયક દૃષ્ટિમાં આવ્યો ત્યારે પર્યાયમાં એની પ્રસિદ્ધિ થઈ કે આ આત્મા. પર્યાય આવીને. શું કીધું આ? ભેદ ઉપર દૃષ્ટિ હતી, પુણ્ય અને પાપ, આસ્રવ, બંધ આવી ગયું, ત્યારે તો પર્યાયબુદ્ધિ હતી, અંશબુદ્ધિ હતી, વર્તમાન બુદ્ધિ હતી. એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિનો વિષય ભેદ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. હવે જ્યારે દૃષ્ટિ એકરૂપ દૃષ્ટિ ગઈ, દૃષ્ટિમાં આવ્યુંને? કે જ્ઞાયક જ્ઞાયકમાં આવ્યો? સમજાણું કાંઈ? વસ્તુ જે ભગવાન આત્મા આમ જુઓ તો અનાદિથી એનામાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ આદિ સંવર, નિર્જરા એ ઉપચારિક બધી. એ ભૂમિકા અનાદિની, સમજ્યાને? એ વિકલ્પ એ નહિ. હવે એ છે. એ છે ખરું, પણ એ તો પર્યાયબુદ્ધિનો વિષય એણે ભિન્ન ભિન્ન જોયો, આત્માને ભિન્ન-ભિન્ન પર્યાયમાં માન્યો એ તો મિથ્યાદૃષ્ટિ છે. કહો, વજુભાઈ! આવો માર્ગ! એ જ કહ્યું જુઓને.

'**એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં...**' એમ છેને? અનુભવ કોનો? એકરૂપ સ્વભાવનો. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ આદિ એમાં રોકાયેલો એ જુઓ તો એ તો ભિન્ન-ભિન્ન જોયું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એમાં આત્મા ચીજ એકરૂપ છે એ તો દૃષ્ટિમાં આવી નહિ. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ આત્મા શુદ્ધનયથી જોતાં, શુદ્ધનયને અનુસારે બોધ થવામાત્રથી. એ ૧૧માં આવે છે ભાઈ! ૧૧મી ગાથા. આ આત્મા. એના વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થયો, જ્ઞાયક એકરૂપ. ત્યારે એને અનુભૂતિ થઈ. અનુભૂતિ તે આત્મખ્યાતિ છે અને ઈ આત્મખ્યાતિ તે સમકિત છે. લ્યો! આટલા બોલ તો મૂક્યા છે જુઓને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આજે વધારે છે.

ઉત્તર :- વધારે છે, ચાલતા ચાલતા થઈ જાય છે. આવો ઝીણો અધિકાર છે, ગુલાબભાઈ! ત્યાં કાંઈ તમારે કલકત્તા-ફલકત્તામાં ક્યાંય મળતું નથી. બહાર પણ ક્યાં છે આ. ભાઈ! ઝીણી વાત ભગવાન! તારી એવી વાત છે.

ઓહો..હો...! ચૈતન્ય ભંડાર ભગવાન એને કહે છે કે આ પર્યાય અવસ્થાઓના ભેદો છે એ તો એની દૃષ્ટિ ભેદ ભેદરૂપે તો પર્યાયબુદ્ધિરૂપે તો અનાદિની છે અને આ સંવર, નિર્જરા, મોક્ષ કહે છે એ અહીં વાત નહિ. સમજાણું કાંઈ? આ જે કહ્યું એ તો સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય કીધી છે. પાઠમાં કીધી ઈ. એ તો આમ ભેદ પાડીને આ આમ પાછું લઈ જાય છે. આહા..હા..! જુઓ, એ ભાવાર્થમાં પણ આવશે હજી. '**નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી...**' એટલે કે નવ ભેદની દશામાં એકરૂપ ચૈતન્યને જાણનાર... જાણનાર...

જાણનાર... જાણનાર... એમ અંતર દૃષ્ટિ જતાં '**એક જીવ જ પ્રકાશમાન છે.**' એકલો આત્મા જ્ઞાયકભાવે પ્રકાશમાન થાય છે. '**એમ તે, એકપણે પ્રકાશતો,...**' એકપણે જણાતો, એકપણે પ્રકાશતો, એકપણે અનુભવાતો. સમજાણું કાંઈ? '**શુદ્ધનયપણે અનુભવાય છે.**' એટલે કે આ શુદ્ધ ત્રિકાળી એકરૂપ છે એમ અનુભવમાં આવે છે. આહા..હા..! '**અને જે આ અનુભૂતિ...**' ત્રિકાળી જ્ઞાયક ભગવાન એને અનુસરીને થતી અનુભૂતિ. જે ભેદને લઈને થતો ભાવ એ તો મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ? એમાં આખો ચૈતન્યતત્ત્વ દૃષ્ટિના વિષયમાં આવતો નહોતો. માટે અંશ અંશને માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! માર્ગ તે પણ... હજી સંસારમાં નવરા થઈને પાપ ઘટાડીને પુણ્યમાં આવવું કઠણ પડે. એય..! શેઠ! એમાં અહીં તો કહે છે એ પુણ્ય અને પુણ્યને જાણનારી પર્યાય એ ભેદ નહિ. એ.. ગીરધરભાઈ! આવું છે તત્ત્વ. આહા..હા..! જુઓને કેટલી સિદ્ધિ કરી છે!

એ '**શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ...**' આ એકરૂપ ચૈતન્ય એમ સામાન્ય ઉપર દૃષ્ટિ પડતાં જે અનુભવ થયો એ અનુભૂતિ તે આત્મખ્યાતિ છે. એ અનુભૂતિ તે આત્માની પ્રસિદ્ધિ છે. આહા..! ખ્યાતિ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આ આખી ટીકા ... શ્લોક એને આત્મખ્યાતિ નામ આપ્યું છે. આત્માની પ્રસિદ્ધિ. છે એવી પ્રસિદ્ધિ. એકરૂપ ત્રિકાળ જ્ઞાયક ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ એવી દૃષ્ટિ થતાં તેની પર્યાયમાં એકરૂપે અનુભવાય અને એકરૂપે અનુભૂતિ તે આત્મખ્યાતિ, તે દશામાં તે આત્માની પ્રસિદ્ધિ થઈ. સમજાણું કાંઈ? અને આત્મખ્યાતિ જ છે '**ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.**' લ્યો આ બધું પર્યાય આવ્યું આમાં. એય..! ચેતનજી! પર્યાયમાં અનુભવવામાં આવ્યો કે નહિ? કે ધ્રુવમાં અનુભવમાં આવ્યો? અનુભવ પર્યાયમાં આવે, કાર્યમાં આવે કે નહિ?

જુઓ, ત્રણ બોલ લીધા. કહે છે કે નવ તત્ત્વોમાં ભેદમાંથી નીકળીને એક જીવ જ પ્રકાશમાન શુદ્ધનયથી જોઈએ, ભૂતાર્થનય છતો પદાર્થ ત્રિકાળ એકરૂપ, એને જોનારી દૃષ્ટિથી જોઈએ (તો) એ જીવ જ પ્રકાશમાન છે. લ્યો, જીવ જ પ્રકાશમાન છે, જીવદ્રવ્ય છે એ પર્યાયમાં પ્રકાશમાન છે એમ. '**એમ તે, એકપણે પ્રકાશતો,...**' એકરૂપે તે જણાતો, એકરૂપે તે અનુભવાતો '**શુદ્ધનયપણે અનુભવાય છે.**' એ શુદ્ધનયથી અનુભવ થયો કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- એકપણે.

ઉત્તર :- એકપણે. એકપણે જણાણો પર્યાયમાં ત્યારે અનુભવાય છે એને એકપણે. સમજાણું કાંઈ?

'**અને જે આ અનુભૂતિ...**' આ અનુભવ જે થયો કે આ અખંડ જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ (છે) એમ જે અનુભૂતિ—એને અનુસરીને જે દશા થઈ એ અનુભૂતિ એકપણાનો અનુભવ

થયો, એ અનુભૂતિ તે આત્મખ્યાતિ છે કે આ આત્મા એમ પ્રસિદ્ધમાં આવ્યો. આમ ભેદ ન આવ્યો. રાગ ને પુણ્યને એ કાંઈ ન આવ્યું. સમજાણું કાંઈ? **'તે આત્મખ્યાતિ જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.'** કહો, અનુભૂતિ તે આત્મખ્યાતિ અને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન. ભાઈ! આ તો અનુભૂતિથી લઈને સમ્યગ્દર્શન લીધું. આમ સમ્યગ્દર્શન છે તે અનુભૂતિ છે અને તે આત્મખ્યાતિ એમ નહિ. જાણવામાં આવ્યો કે આ એકરૂપ અંતર્મુખ, અંતર્મુખ ચૈતન્ય ભગવાન એકરૂપે બિરાજે છે એની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થઈ તે અનુભૂતિ તે આત્માની પ્રસિદ્ધિ આવી. આત્મા પ્રસિદ્ધમાં નહોતો, જ્ઞાયકપણે છે એમ પ્રસિદ્ધમાં નહોતો, રાગ ને પુણ્યવાળો, ભેદવાળો એમ પ્રસિદ્ધમાં હતો એ આત્મા જ્ઞાયકપણે છે એમ પર્યાયમાં પ્રસિદ્ધમાં આવ્યો. આવું ઝીણું છે, શોભાલાલજી! આહા..હા..!

અરે! એણે નિજના પંથના... અંતર્મુખમાં વસ્તુ એકપણે અનુભવવું એનું નામ અનુભૂતિ, એનું નામ આત્મપ્રસિદ્ધિ. આવશેને ઓલામાં નવ તત્ત્વમાં. ઢંકાયેલો હતો. નવ તત્ત્વમાં ઢંકાયેલો હતો. એના ભેદમાં ઢંકાયેલો એને અભેદ અંતર દૃષ્ટિ કરતાં, અંતર્મુખ જોતાં, પ્રભુને અંતર જોતાં એણે અંતરની વલણ પર્યાયનું વલણ અંતરમાં કરતાં તે અનુભૂતિ દ્રવ્યને અનુસરીને દશા થઈ તે જ અનુભૂતિ એકપણે અનુભવાણો, એકપણે પ્રકાશ્યો તે જ આત્મપ્રસિદ્ધિ અને એ જ સમ્યગ્દર્શન. કહો, સમજાણું આમાં? આ તો સાદી ભાષા છે હોં, ગુજરાતી બહુ એવી નથી.

**'(આત્માની ઓળખાણ) જ છે,...'** એ ખ્યાતિનો અર્થ એમ કર્યો. પ્રસિદ્ધિ થઈને. ભેદપણે જણાતો એ કાંઈ આત્માની પ્રસિદ્ધિ નથી, એ તો ભેદની પ્રસિદ્ધિ, અંશની પ્રસિદ્ધિ. આહા..હા..! જુઓ! આ સમ્યગ્દર્શન આને કહીએ. આ બધા માની બેસે છેને, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વને શ્રદ્ધો, ફલાણું કરો ને ઢીંકણું કરો. આહા..હા..! એ ધર્મની પહેલી સીઢી, આનંદની ઉત્પત્તિનું પહેલું પગથિયું. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એવા એકરૂપે દૃષ્ટિ કરતાં જે અનુભૂતિમાં એકપણે પ્રકાશ્યો એ એકપણાની પ્રસિદ્ધિ થઈ એને આત્મખ્યાતિ કહે છે અને એને જ સમ્યગ્દર્શન કહે છે. ભારે ઝીણું ભાઈ! **'આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે—'**

મુમુક્ષુ :- એટલે શું?

ઉત્તર :- એટલે કે આ યથાર્થ છે. નવ ભેદો ભેદો કહ્યાં હતા એ પણ પર્યાયમાં છે, વસ્તુની દૃષ્ટિએ જોતાં એમાં નથી અને એની અનુભૂતિ તે આત્મખ્યાતિ અને સમ્યગ્દર્શન નિર્દોષ વસ્તુ છે. એમાં ક્યાંય વિરોધ નથી એમ કહે છે. યથાર્થતા આનું નામ છે એમ કહે છે. નિર્દોષ એટલે બાધારહિત. કોઈ એમાં તર્ક, કુતર્ક જાય અને આમ થાય એમ નથી. નિર્દોષ ચીજ આ છે. કહો, સમજાણું આ? આ સમ્યગ્દર્શન વિના લોકો વ્રત ને તપ ને અપવાસે

ચડી ગયા એટલે મૂળ ચીજ પડી રહી. આહા..હા..! મૂળ ચીજ રહી ગઈ.

મુમુક્ષુ :- ભેદમાં ગયા અને અભેદ રહી ગયો.

ઉત્તર :- થઈ રહ્યું. આ કરવું ને આ કરવું ને આ કરો ને આ કરો. વરઘોડા કરો, મોટી પૂજા ભગવાનની કરો, મંદિરો કરો, લાખ, બે લાખ, દસ લાખ, વીસ લાખ ખરચો આમાં. એવા પૈસાવાળાને મોઢા આગળ બેસાડો કે જેથી ખર્ચે પૈસા. તો પૈસાવાળાથી ધર્મ શોભે. એ.. પોપટભાઈ!

મુમુક્ષુ :- અનુભૂતિથી શોભે એમ આવ્યું.

ઉત્તર :- અહીં તો અનુભૂતિથી શોભે એવું છે. અહીં તો એ કહેવું છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આ છે. તમારે નાઈરોબીમાં કર્યું છેને કેટલું નહિ? બાર લાખનું, વીસ લાખનું મંદિર કર્યું છેને દેરાવાસીએ. બાર લાખનું? પંદર થયા. સાંભળ્યું હતું. આહા..હા..! એમાં માને કે આહા..હા..! આપણે કાંઈક ધર્મ કરીએ છીએ હોં! ધર્મ ક્યાં બહારની ક્રિયાથી અને બહારના લક્ષવાળાને ધર્મ થાય? અંતર વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અભેદ એની દૃષ્ટિ કરતાં... દૃષ્ટિ પર્યાય અભેદને જાણે છે તો પર્યાયને. અભેદને અભેદ શું જાણે? સમજાણું કાંઈ? ભારે આ તો ધર્મની હજી પહેલી વાતની વાત છે આ. ધર્મનું પહેલું પગથિયું એ આવું.

'**આ રીતે સર્વ કથન...**' યથાર્થ છે એમ કહે છે. નિર્દોષ એટલે સત્‌નું સ્વરૂપ જ આ રીતે છે, બીજી રીતે છે નહિ. કહો, સમજાણું આમાં? ત્યાં કહ્યું નહિ? .. છે. પ્રવચનસારની પહેલી ટીકાઓ કરી નહિ? દ્રવ્ય અને પર્યાયનું વર્ણન કર્યું. ત્યાં ... શબ્દ છે. સંસ્કૃતમાં છે. હા એ છેને. એ વસ્તુની સ્થિતિ છે, નિર્દોષ છે એમ. અહીંયાં વસ્તુનો સ્વભાવ આ છે એવું ત્યાં સમજાવ્યું છે એ બધું યથાર્થ છે. આહા..હા..! અંતર તળને સ્પર્શ્યા વિના ખ્યાતિ અને સમ્યગ્દર્શન થતા નથી. આ એક બહુ ટૂંકી ભાષા. સમજાણું કાંઈ? અંતર વસ્તુ વિના વર્તમાન પ્રગટરૂપી પર્યાયના લક્ષમાં રહેતા અંતરની ચીજ દૃષ્ટિમાં આવતી નથી અને ત્યાં સુધી તેને સમકિત થતું નથી. આહા..હા..!

'**ભાવાર્થ :- આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ...**' એટલે એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી જોઈએ '**તો, જીવ જ એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે,...**' લ્યો! ખુલાસો વિશેષ કર્યો. એક ચૈતન્યચમત્કાર વસ્તુ ભગવાન આત્મા પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે. '**તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી.**' અભેદમાં નવ ક્યાં આવ્યા? સમજાણું કાંઈ? '**જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી...**' જ્યાં સુધી આ પ્રકારે જીવતત્ત્વનું જાણપણું નથી '**ત્યાં સુધી વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે.**' આ ઓલો સંવર, નિર્જરા અને મોક્ષ જે નિર્મળ એ અહીં

ન લેવું. સમજાણું કાંઈ? એવું છે. ક્યાંક લેવું અને ક્યાંક ન લેવું. અહીં જુદાં જુદાં નવ તત્ત્વો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં ઓલો (નિર્મળ) સંવર, નિર્જરા, મોક્ષ ક્યાંથી આવ્યો? ધીમેથી .. ભાઈ! સમજાણું કાંઈ?

આ તો બધું હાડકા, માંસ, જડ અજીવ(તત્ત્વ) જગતનું છે. એને આત્માનું માનવું એ તો મોટો ભ્રમ અને મિથ્યા પાખંડી છે. પણ એકલી પર્યાયના અંશને (જ માનવું), અંશનો જ સ્વીકાર (કરવો), પછી એમાં પુણ્ય-પાપ, આસ્રવ વગેરે.. એના પર્યાયબુદ્ધિનો, અરે! જ્ઞાનનો વર્તમાન અંશ જે વિકાસ એને માનવો એ પણ ભિન્ન ભિન્ન પર્યાયો છે, એથી નવના ભિન્ન તત્ત્વોને માનવું એ તો વ્યવહારદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે.**' એ આ નવ તત્ત્વમાં અંદર જે કહ્યા હતા એ ન લેવા. સમજાણું કાંઈ? મોક્ષ થવાને લાયક અને મોક્ષ કરનાર, સંવર થવાને લાયક અને સંવર કરનાર. આ તો અનાદિના અજ્ઞાની નવ તત્ત્વને ભિન્ન-ભિન્ન જુદાં-જુદાં માને છે. '**જીવ-પુદ્‌ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે;...**' લ્યો આમાં તો આ લીધું અનાદિના ભેદવાળું. '**જીવ-પુદ્‌ગલના બંધ પર્યાયરૂપ...**' આત્મા ભગવાન અને એને બંધ કર્મ અને એના સંબંધથી થતી બંધપર્યાય અહીં અવસ્થામાં, એ અવસ્થાથી દેખતાં એ પદાર્થો જુદા જુદા દેખાય છે. '**પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે...**' પુદ્‌ગલને ભેગા લીધા છે. એટલે શું? પર્યાયબુદ્ધિમાં છૂટી જાય છે ઓલા. એકલો ચૈતન્ય શુદ્ધનયથી જ્ઞાયક ત્રિકાળી અખંડ ભાવ એને જોવામાં આવે તો '**જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી;...**' એકલો જીવદ્રવ્ય રહી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આવો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ શરૂઆતનો પહેલો ધર્મ છે. આવી ધર્મની ચીજ છે.

'**પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં...**' નૈમિત્તિક અવસ્થા આસ્રવ, બંધ આદિની, નિમિત્ત સામે, એ નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો અને સ્વભાવ તરફની દૃષ્ટિ થઈ '**ત્યારે જીવ-પુદ્‌ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી.**' એકલો જીવસ્વભાવ વિભાવથી (ભિન્ન) ભાનમાં આવ્યો. જીવ જ્ઞાયકમૂર્તિ તે ભાનમાં આવ્યો ત્યારે એ સંવર-નિર્જરા અને શુદ્ધતા બધી અભેદ થઈ ગઈ. સમજાણું કાંઈ? અને પુદ્‌ગલ અને પુદ્‌ગલના નિમિત્તે થતો આસ્રવ આદિ જુદાં પડી ગયા. '**સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક...**' નિમિત્ત એ કર્મનું, નૈમિત્તિક થતી જીવની અવસ્થાઓ. એવા જે '**ભાવથી થયા હતાં તે...**'

જ્યારે અંતર દૃષ્ટિમાં જોતાં નિમિત્ત ઉપરથી લક્ષ છૂટી ગયું, ભેદ ઉપરથી લક્ષ છૂટી ગયું એથી '**નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદ્‌ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી.**'

વસ્તુ તો ભગવાન આત્મા તો દ્રવ્ય છે વસ્તુ અને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે રહે છે. લ્યો! શુદ્ધતાનો અનુભવ થયો એ એની સાથે અભેદ રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમયસારે તો કામ કર્યું છેને! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય, ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ એવો જે દ્રવ્યનો નિજભાવ એ દ્રવ્યની સાથે જ રહે છે. પછી આસ્રવ આદિ કાંઈ રહેતા નથી. નિર્મળ દશા અભેદ થઈને સાથે રહે છે. કહો, સમજાણું કાંઈ? '**તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે**' આહા..હા..! એટલે કે અંતર્મુખ દૃષ્ટિએ આત્માને જોતાં આખો આત્મા કબુલ કરતાં તેને સમ્યગ્દર્શન થઈ શકે છે. કહો, સમજાણું?

'**જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે,...**' આ વ્યવહાર છે. શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ એટલે મિથ્યાબુદ્ધિ છે. લ્યો! અહીં પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિની વાત છે. સમજાણું કાંઈ? અંશના ઉપર દૃષ્ટિ છે. પછી ભલે એ જ્ઞાનના અંશ ઉપર દૃષ્ટિ હો, રાગ ઉપર હો. એ બધી પર્યાયબુદ્ધિ છે. એને ત્રિકાળી ભગવાન આખું સત્ત્વ જે છે એ દૃષ્ટિમાં લેતો નથી. તેથી તે પર્યાયબુદ્ધિ એટલે મિથ્યાદૃષ્ટિ છે. કહો, પર્યાયબુદ્ધિ એટલે સમકિત છે એમ નહિ. એના વાંધા ઉઠે છે. છાપામાં આવે છે. પર્યાયબુદ્ધિ નહિ. પર્યાય માનવી એ બરાબર છે. પણ ક્યારે? કોની વાત છે ઈ? દ્રવ્યબુદ્ધિ થઈ ત્યારે પર્યાય છે એને પર્યાય બરાબર જાણવી એનું નામ પર્યાય છે. પણ આ તો એક દ્રવ્યદૃષ્ટિ વિના એકલી પર્યાયબુદ્ધિમાં છે એને પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. અરે! ભાઈ! આવું ધર્મનું સ્વરૂપ. નવરા કોણ થાય? એ કરતાં એક કલાક બિચારા આવે. એને સોંપી દે કાંઈક મજૂરી થોડી. દાન કરવું, પૂજા કરવી, વ્રત કરવા, ટોકરી વગાડજો ભગવાન પાસે જઈને. સામાયિક કરજો લ્યો એને માનેલી. સામાયિક ક્યાં હતી વસ્તુ વિના.

મુમુક્ષુ :- મજૂરી...

ઉત્તર :- મજૂરી છે બધી. આહા..હા..! અને પાછો એમ કે કષાયની મંદતા કરતાં-કરતાં થાશે. મજૂરીએ ચડાવી દીધો એને બિચારાને. સમજાણું કાંઈ? અહીં તો કષાયની મંદતાનું પણ લક્ષ છોડી દઈને અભેદ ચિદાનંદ ભગવાન ઉપર દૃષ્ટિ આપતા જે અનુભૂતિ થાય તેમાં આત્મા દેખાય, પ્રસિદ્ધ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આ તો વારંવાર આવે તો કાંઈ પુનરુક્તિ આમાં નથી લાગતી. સમજાણું કાંઈ? અમુકનું સ્પષ્ટીકરણ થાય છે. આહા..હા..!

'**શુદ્ધનયથી આત્માને જાણે નહિ...**' એકલો અભેદ ચૈતન્ય એકરૂપ સ્વભાવ અંતર

દૃષ્ટિથી એને જાણે નહિ 'ત્યાં સુધી...' તેની અંશબુદ્ધિ, વર્તમાનબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? ભાઈ! આ તો સમયસાર સાંભળવાને પણ પાત્રતા કેટલીક જોઈએ. આ તો સિંહણના દૂધ છે. એ લોઢાને પાત્રે ન રહે, ફાડી નાખે એ પાત્ર. એ તો સોનાનું પાત્ર જોઈએ. એમ એમાં પાત્રતા કેટલીક સમજવાની ગરજ અને રુચિ જોઈએ. આહા..હા..! ઓલામાં તો ચોપડી અંદર આવે છેને સમ્યગ્દર્શન .. અમને માનો દેવ-ગુરુ-શાસ્ત્રને એ સમકિત છે. હવે વ્રત લ્યો. ચોપડી લ્યો પાનાની. અરે! ભગવાન! બાપા જિંદગી જાય છે એમાં તારી. મૂળ વસ્તુને સ્પર્શ્યા વિના, એકરૂપ ચીજની દૃષ્ટિ થયા વિના, સમ્યક્તા થયા વિના એમાં સ્થિરતાની દશા આવી શકે નહિ. સમજાણું કાંઈ?

**'શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.'** આ પર્યાયબુદ્ધિમાં ઓલો સંવર, નિર્જરા, મોક્ષ જે યથાર્થ છે એ આમાં ન લેવો. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ છેને. નવા માણસ હોય તદ્દન એને તો એવું લાગે કે શું કહે છે આમાં? એક જણો કહેતો હતો કે મહારાજ કહે છે કાંઈક એ આપણને કાંઈ સમજાતું નથી. પગથિયે ચડ્યો ન હોય કોઈ દિ' તત્ત્વને હોં! અપાસરાના પગથિયા ઘસી નાખ્યા હોય, દેરાસરના ઘસી નાખ્યા હોય, પણ આ આત્માને આંગણે જવું કેમ? એ પર્યાયમાં ઊભો છે દશામાં એને અંતરમાં જવું કેમ? એની કળાની ખબર પડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા મંદિર થાય લ્યો ૧૦-૧૦, ૨૦-૨૦ લાખના. વળી મહિને મહિને ગૃહસ્થ હોય તો આરતી-બારતી ઉતારીને મહિને-મહિને પાંચ-પાંચ હજાર રૂપિયા આવે. બાર મહિને ૬૦ હજાર, લાખ રૂપિયા આવે લ્યો. પાંચ વર્ષે પાંચ લાખ. ઓહો..હો..! શું ધર્મનો ઉદ્યોત થયો! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એમ જ માન્યું હતું.

ઉત્તર :- એમ જ... તમારા ભાઈએ નાખ્યા છે કે નહિ એકમાં? લાલજીભાઈએ. એકમાં નાખ્યાને પૈસા ક્યાંક. ૪૨ હજાર. ખબર છે. ખબર પડે કે આ ૪૨ હજાર આપ્યા, મેં કાંઈક ક્રિયા કરી છે, મને કાંઈક લાભ થાય છે એમ માને લ્યો! મોટા દેખાય. વાત સાચી. આહા..હા..! ભાઈ! તારી પર્યાયમાં પણ તું મોટો નથી. મોટો તો દ્રવ્યમાં મોટો તું છો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આ? આવી વાતું ધર્મની કેવી? ગળા સુધી પડ્યા હોય પાપમાં, હવે એને આવી વાતું કરવી. એક વળી એમ કહેતો હતો. પણ હવે જેને અહીં ગળા સુધી તો પાપમાં અનાદિનો છે સાંભળને. પણ હવે એને કાંઈક આત્માનો ઉદ્ધાર કરવો છે કે રખડવું છે એને? આ માણસપણું ચાલ્યું જાશે અને ઢોરમાં જાશે. યાદ રાખ. સમજાણું કાંઈ? પશુના અવતાર થાશે. જેની તિરછી બુદ્ધિ મિથ્યાત્વ છે, એના ફળ બધા તિર્યંચના જ ફળ છે. પશુ કહ્યા છેને ભાઈ? ચૌદ બોલમાં કહ્યા છે. પશુ. એકાંત માન્યતાવાળાને

હજી તો હોં! એક સમયની પર્યાય જેટલો માને, અનિત્ય જેટલો માને, રાગ જેટલો માને પશુ છો. આહા..હા..! પશુને જેમ વિવેક નથી ખાવામાં, એમ તને રાગ અને ચૈતન્યની ભિન્નતાનું ભાન નથી. સમજાણું કાંઈ? બાપુ! આ અવતાર તો થોડો રહેશે. આમાં ને આમાં કેટલાકને ૨૫, ૩૦, ૪૦, ૫૦-૫૦ તો વયા ગયા છે. ૬૦ ગયા, ૭૦ ગયા એને રહ્યા કેટલા? એટલા વર્ષ હવે રહેશે નહિ ૭૦ સામા. આહા..હા..!

સવેરા આવ્યું હતું ઓલામાં. 'જભી જાગ જાઓ તભી હૈ સવેરા, અભી જાગ જાઓ તો અભી હૈ સવેરા.' બાઈએ ગાયું હતુંને. આપ્યું હતું કે નહિ? એક બાઈ આવી હતીને અહીં. ક્યાંની? નાગપુર? લલીતપુરની. એ બાઈએ નાની ઉંમરમાંથી આમ જુઓ તો સાધારણ છે અને આમ મોટી કવિ છે ભાષામાં. ભાઈ આવ્યું છેને? આપ્યું હતુંને? ગાયન નહોતું આપ્યું? હમણાં વેચ્યા હતાને પાના? ત્રણ-ચાર દિ' પહેલાં વહેંચ્યા હતા. એ જેતપુરનું. એ તો એક છોડી હતી (એણે) ગાયું હતું. ૧૬ વર્ષની. પણ એનો કંઠ એવોને માણસ દંગ થઈ જાય એકદમ. ૧૬ વર્ષની છોડી હતી એક. એવો કંઠ ધ્રુજે અને એવો કંઠ! માણસ થંભી જાય. જ્યાં અવાજ કર્યો ત્યાં થંભી જાય. એવું ગાયન. આપણી પાસે છે કે નહિ બીજા? એય! ક્યાં? આ ભાઈને તો આપો એક. આ તો યાદ આવતા (કહ્યું). એનો ધણી અને એ બેય આવ્યા હતા. પણ બાઈ કોણ જાણે નાની ઉંમરમાંથી, લગન કર્યા પહેલેથી જ કરી હશે, કોણ જાણે. આમ જુઓ તો સાધારણ પણ કવિતા એવી બનાવે. અહીં ગાયું હતું. 'ન જાણો મિત્ર કિતના હૈ અંધેરા...' ભાઈએ હમણા ગાયું હતું. નટુ નહિ? નટુ આ જલગાવવાળા. આપ્યું છે કે નહિ તમને? નથી આપ્યું? આપ્યું છે. જુઓ અંદર લખ્યું છે. 'ન સમજો અભી મિત્ર કિતના અંધેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા.' શેઠને એક આપજો. અમારે એ શેઠ પહેલા છે. એને રુચિ છે ઘણી, ગરજ છે બહુ. એય..! ભગવાનદાસજી! હજી તમારે થોડી થોડી છે. 'ન સમજો અભી મિત્ર કિતના હૈ અંધેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા. ગઈ સો ગઈ મત.. બુલાવો નયા દિન હુઆ હૈ નયા ડગ બઢાઓ, ન સોચો ન લાવો બદંતર મલિનતા, તુમ્હારે કરો મેં કલ કી સફલતા.' કવિ છે હોં એ. આમ જુઓ તો સાધારણ બાઈ છે. પણ હવે એ તો પૂર્વનું કોઈ અનેક પ્રકારનું લઈને આવી હશે. 'જલી જ્યોતિ બનકર ઢલેગા અંધેરા, જલી જ્યોતિ બનકર ઢલેગા અંધેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા.' એમ કરીને બધું લાંબુ છે. છેટે. 'જભી જાગ જાઓ તભી હૈ સવેરા.' આ 'અભી જાગ જાઓ તો અભી હૈ સવેરા.' છેલ્લી લીટી ઈ છે. તમને આપ્યું છે કે નહિ? બધાને આપ્યું છે. જેને ન આવ્યું હોય એ લઈ લેજો પછી અહીંથી. પછી લેજો પછી. પાછું સૌનું મન ત્યાં જાશે. હમણા નહિ. માંકડા જેવું મન છે. જે બાજુ આવ્યું ત્યાં વળગ્યું પાછું. અહીં સાંભળવામાં ધ્યાન નહિ રહે. કહો, સમજાણું આમાં?

## શ્લોક-૮

(मालिनी)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपायाः प्रमाणनयनिक्षेपाः ये ते खल्वभूतार्था-स्तेष्वप्ययमेक एव भूतार्थः। प्रमाणं तावत्परोक्षं प्रत्यक्षं च। तत्रोपात्तानुपात्तपरद्वारेण प्रवर्तमानं परोक्षं, केवलात्मप्रतिनियतत्वेन प्रवर्तमानं प्रत्यक्षं च। तदुभयमपि प्रमातृप्रमाणप्रमेय-भेदस्यानुभूयमानतायां भूतार्थम्, अथ च व्युदस्तसमस्तभेदैकजीवस्वभावस्यानुभूयमानतायाम-भूतार्थम्। नयस्तु द्रव्यार्थिकः पर्यायार्थिकश्च। तत्र द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यं मुख्यतयानुभाव-यतीति द्रव्यार्थिकः, पर्यायं मुख्यतयानुभावयतीति पर्यायार्थिकः। तदुभयमपि द्रव्यपर्याययोः पर्यायेणानुभयमानतायां भूतार्थम्, अथ च द्रव्यपर्यायानालीढशुद्धवस्तुमात्रजीव-स्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। निक्षेपस्तु नाम स्थापना द्रव्यं भावश्च। तत्रातद्गुणे वस्तुनि संज्ञाकरणं नाम। सोऽयमित्यन्यत्र प्रतिनिधिव्यवस्थापनं स्थापना। वर्तमानतत्पर्यायादन्यद् द्रव्यम्। वर्तमानतत्पर्यायो भावः। तच्चतुष्टयं स्वस्वलक्षणवैलक्षण्येनानुभूयमानतायां भूतार्थम्, अथ च निर्विलक्षणस्वलक्षणैकजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। अथैवममीषु प्रमाणनयनिक्षेपेषु भूतार्थत्वेनैको जीव एव प्रद्योतते।

અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :- [इति] આ રીતે [चिरमम नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योतिः] નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, [वर्णमाला-कलापे निमग्नं कनकम् इव] જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, [उन्नीयमानं] શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. [अथ] માટે હવે હે ભવ્ય જીવો! [सततविविक्तं] હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન; [एकरूपं] એકરૂપ [दृश्यताम्] દેખો. [प्रतिपदम् उद्योतमानम्] આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.

ભાવાર્થ :- આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને

શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

ટીકા :- હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ, એકપણે પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે, તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે (કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે). તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે-પરોક્ષ અને પ્રત્યક્ષ. [૧]ઉપાત્ત અને [૨]અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (પ્રમાણ જ્ઞાન છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ-પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે. તેથી એ પ્રકારનાં પ્રમાણ છે.) તે બન્ને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નય બે પ્રકારે છે-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નિક્ષેપ ચાર પ્રકારે છે-નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી (વ્યવહાર માટે) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે. 'આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (-પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે. વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે. વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણરૂપે-જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ

---

૧. ઉપાત્ત = મેળવેલા. (ઇંદ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે.)

૨. અનુપાત્ત = અણમેળવેલા. (પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે.)

છે, સત્યાર્થ છે; અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં તે ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.

ભાવાર્થ :- આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયનાં ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે. તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે : પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી; જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી. પણ હવે એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.

## શ્લોક-૮ ઉપર પ્રવચન

હવે કળશ આવ્યો. છેને આઠમો?

(मालिनी)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं<br>
कनकमिव निमग्नं वर्णमालाकलापे।<br>
अथ सततविविक्तं दृश्यतामेकरूपं<br>
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

'શ્લોકાર્થ :- આ રીતે...' 'चिरममम नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योतिः' 'નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને,...' બુદ્ધિલાલ છેને? આ સમયસાર નાટક. એમાં આ નવ તત્ત્વમાં એણે સંવર-નિર્જરા નાખ્યા છે. આ નવ તત્ત્વમાં. .. એમ નાખ્યું છે. બુદ્ધિલાલે અર્થ કર્યા છેને. એ જોયું હતું. કીધું આ નવ તત્ત્વમાં 'च्छन्नम्'માં આ નવ તત્ત્વ ક્યા નાખે છે. એમાં સંવર-નિર્જરા નાખ્યા છે. 'આ રીતે નવ તત્ત્વોમાં

**ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને...' 'वर्णमाला-कलापे निमग्नं कनकम् इव' 'જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ,...'** શું કીધું ઈ? આ કુલડી હોયને, કુલડીમાં સોનું નાખે છેને સોની? ઓલું નથી કરતા શું કહેવાય એ? મુસમાં નાખેને સોનું, પછી અગ્નિનો તાપ આપે. કરતાં... કરતાં... કરતાં... સોનાની પીળાશ વધતી જાય અને લાલપ જે આદિ હોય એ ઘટતી જાય. રંગ-રંગ દેખાય એમાં. .. રંગ.

મુમુક્ષુ :- ફૂટ સળગતું જાય.

ઉત્તર :- હા, એ કુલડીમાં નાખે છેને સોનું.

એમ કહે છે કે **'વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ,...'** એટલે શું? કે સોનું હતું એમાં જરી કથીરનો ભાગ હોય અને પછી ઊનું કરે અને ઊનું કરતાં એની ધારામાં ભિન્ન ભિન્ન રંગો કથીર અને સોનાના રંગો ભિન્ન એને દેખાય, એમાંથી કાઢીને એકલું સોનું રહે. જ્યારે બધું ચાલ્યું જાય એટલે આમ ઢાળી દે સોની ફટ નીચે. એમ **'વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ,...'** પહેલો દૃષ્ટાંત સમજાય છે કાંઈ? આ દાગીના પહેલા એમ થાતાને. હવે તો કોણ જાણે શું હશે. પહેલા તો ભાઈ એમ થતાં. પાંચ-દસ તોલા લઈને જાય. શું કહેવાય? સોનીની દુકાને. પછી બેસે ત્યાં જોડે. પછી ઓલું હોયને એની ભઠ્ઠીને શું કહેવાય? ફુલાવે એટલે ઓલું અગ્નિમાં સોનું હોય એ થોડું થોડું ઊનું થાય અને એમાં ભિન્ન-ભિન્ન રંગ દેખાય. જ્યારે રંગ કરતાં... કરતાં... કરતાં... રંગ ઘટી જાય અને સોનું પીળું એકલું થઈ જાય (ત્યારે ઢાળી દ્યે). એમ ભગવાન આત્મા એ સુવર્ણના અગ્નિના તાપની જેમ ભિન્ન-ભિન્ન દેખાતો હતો એને એકલા સુવર્ણને દેખવામાં જેમ રહી ગયો, એમ ભિન્ન ભિન્ન આસ્રવ પુણ્ય-પાપ આદિમાં દેખાતો હતો એને **'શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.'** જ્યોતિ. જાણક... જાણક... જાણક... જાણક.. જાણક... ઝળહળતી ચૈતન્ય જ્યોતિ. આ શુદ્ધનયથી ભેદની દૃષ્ટિ છોડી અને એકલો ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિથી, એને જુદો પાડ્યો અને દેખાડ્યો કે આ તો એકાકાર સ્વરૂપ શુદ્ધ છે. આહા..હા..! દાખલો પણ સમજવો કઠણ. અરેરે!

કહે છે કે રંગ. વર્ણ એટલે રંગ. રંગના ભિન્ન ભિન્ન ભેદોમાં સોનું ઊનું થાય એમાં. જેમ ભિન્ન ભિન્નમાંથી એકાકાર સુવર્ણ સોળ વલું ચોખ્ખું કરીને જેમ કાઢે, બહાર કાઢે તેમ **'શુદ્ધનયથી બહાર કાઢી...'** પુણ્ય ને પાપ ને આસ્રવ અને બંધમાં જે એકાકાર થઈ રહેલી હતી અને એકલો જ્ઞાયકભાવમાં દૃષ્ટિ કરાવીને ચોખ્ખી બહાર કાઢી. આ આત્મા. સમજાણું કાંઈ? **'શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.'** પ્રસિદ્ધ કરવામાં આવી કે આ આત્મા. નિર્મળ પર્યાયમાં આખું એકરૂપ ભાસે તે આત્મા. સમજાણું કાંઈ? **'માટે હવે**

**હે ભવ્ય જીવો!'** આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ ઝળહળ જ્યોતિ, જ્ઞાનપ્રકાશનો દરિયો એને એકરૂપ કહીને બતાવી તને. ભિન્ન ભિન્નમાંથી કાઢી નાખીને તને એકરૂપે બતાવી કે જો આ આત્મા.

**'હંમેશાં આને અન્ય દ્રવ્યોથી...'** હવે તું અન્ય પદાર્થથી એને ભિન્ન જો **'અને તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન,...'** જો. કર્મના નિમિત્તના સંગમાં જે ત્યાં રાગાદિ ઉત્પન્ન ભિન્ન ભિન્ન મંદ-તીવ્ર... મંદ-તીવ્ર આદિ થાય એનાથી પણ ભગવાન આત્માને અંદર જુદો જો. આહા..હા..! આંખે દેખાય નહિ, ઈન્દ્રિયે જણાય નહિ. આ તો પર છે. આ શું છે? સવારમાં કહ્યું હતું, જ્ઞાનની પર્યાય જ્ઞાનથી થાય છે, આંખથી થાતી નથી. પર્યાય પણ. સમજાણું કાંઈ? ત્યાં તો બે કારણ ન રાખ્યા. ઓલા રાડું પાડે છેને. કાર્યના બે કારણ. ભાઈ! એ તો બીજું કારણ તો વ્યવહારનયના ગ્રંથોમાં હોય છે એમ જણાવ્યું છે. એક જ કારણ. ભગવાનની પર્યાય, જ્ઞાનની વર્તમાન દશા પોતાથી ઉત્પન્ન થાય, ઈન્દ્રિય અને પરથી થાય નહિ. હવે અહીં તો કહે છે કે એ પર્યાય ઉત્પન્ન થાય એનું કારણ ત્રિકાળ જ્ઞાયકભાવ છે એ દૃષ્ટિમાં લે ત્યારે તેને સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? ભારે ભાઈ. વાતું સહેલી છે, પણ ભાવ જરી મોંઘા છે. આહા..હા..! શબ્દોમાં એ ભાવ ખ્યાલમાં એને લે, પણ અંદરમાં ખ્યાલમાં લે.

વસ્તુ ચૈતન્યબિંબ પ્રભુ, ચૈતન્યનું સત્ત્વ, તત્ત્વ એકરૂપ જે છે એને નૈમિત્તિક વિકાર દશાઓ અને પરદ્રવ્ય એનાથી જુદી એકરૂપ દેખો. વસ્તુ સ્વરૂપ જે અખંડ અભેદ છે એને એકરૂપ દેખો. આહા..હા..! આ તે પુરુષાર્થ ઓછો છે આ? માણસ કહે છે, વ્રત અને તપમાં પુરુષાર્થ (જોઈએ). શું ધૂળેય નથી. આહા..હા..! અંતર વસ્તુ પદાર્થ મહાપ્રભુ શુદ્ધનયથી તને જુદો કરીને બતાવ્યો. હવે તું પરવસ્તુ અને પરવસ્તુના નિમિત્તથી થતી અંદરમાં વિકૃતતા એનાથી જુદો એકરૂપ જો, એકરૂપ જો, અંદર એકરૂપ જો. એનું નામ આત્મખ્યાતિ, એનું નામ આત્મદર્શન, એનું નામ આત્માનો સાક્ષાત્કાર. છે એવો પ્રસિદ્ધ થયો. અંતરમાં એકરૂપે છે વસ્તુ એને જો. એને જાણ અને એને માન. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તો આ છે. બીજી રીતે માર્ગ કહે એ માર્ગે હાથ નહિ આવે. કારણ કે એનો એ માર્ગ નથી. સમજાણું કાંઈ? નિમિત્તો નામ શરીરાદિ, કર્માદિ કે બીજી ચીજ દેવ-ગુરુ આદિ એનાથી પણ પ્રભુ! તારી ચીજ તો જુદી છે. પણ કર્મના નિમિત્તથી થતી દશાઓ અંદર દયા, દાન, વ્રતાદિના ભાવો એ નૈમિત્તિક દશાથી પણ એ ચીજ ભિન્ન છે. એવી ચીજને એકરૂપ દેખો.

'प्रतिपदम् उद्योतमानम्' **'આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે...'** આહા..હા..! નિર્મળ અવસ્થાને અંતર વાળતાં પર્યાયે પર્યાયે એની ભિન્નતા પરથી જુદાઈ દેખાય છે કહે છે. સામાન્યપણું તો ત્રિકાળ પર્યાયે પર્યાયે જણાય છે એમ કહે છે. સમજાણું

કાંઈ? અરે! આ વાત સાંભળવા મળે માંડ. એમાં પણ શું છે એ ચીજ એને ખ્યાલમાં ન આવે અને આ અંદરમાં જાવું. આહા..! શું હશે આ વસ્તુ? માર્ગ તો આ છે પ્રભુ હોં! કોઈ બીજી રીતે કહેશે તો છેતરાઈ જઈશ હોં. જિંદગી ચાલી જશે. આહા..હા..! દેહ છોડવાને કાળે આવા એકરૂપની દૃષ્ટિ કરી નહિ હોય તો ભીંસાઈ જશે એ વખતે. રાગની એકતાના પીડામાં ભીંસાઈ જઈશ, પીલાઈ જઈશ અને એમાં તારા મૃત્યુ થશે. ક્યાં જઈને પડશે ચોર્યાસીના અવતારમાં? આહા..! આવું તું કરને એકવાર, પ્રભુ! એમ કહે છે. અને તે તારા હાથમાં છે—એ તારા પુરુષાર્થને આધીન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરને અનુસારે અનુસરતી આ વાણી છે બધી. ભગવાનની જ સાક્ષાત્ વાણી છે આ. સમજાણું કાંઈ? દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું પરમાત્માની વાણીમાં. ભાઈ! પ્રભુ! તું પૂર્ણ આનંદઘન છોને, એકરૂપ છોને. એને જોને. બીજાને જોવામાં આંખ બંધ કરી દે અને સ્વને જોવામાં હજાર આંખની પેઠે નેત્ર ખોલી દે. આહા..હા..! જોનારને જો, જણાય છે તેને ન જો, જોનારને જો. ત્યારે તેને પર્યાયે પર્યાયે એટલે અવસ્થાએ અવસ્થાએ **'એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.'** એવું તને જણાશે. આના અર્થમાં પછી ઘણું કર્યું છેને ઓલાએ. એકેન્દ્રિયથી માંડીને બધામાં સામાન્ય એમ લીધું છે ટીકામાં. આહા..હા..! પરમ અધ્યાત્મ તરંગિણી, સંસ્કૃત ટીકા છેને. એ ઠીક છે. પણ અહીં તો જેને સાંભળનારો છેને... વાત એ છે. એને કહે છે કે પર્યાયે પર્યાયે જો. આ એકરૂપ અંતર ચૈતન્ય છે, ભેદરૂપ જો છો એમાં એ આત્મા નહિ હાથ આવે. કારણ કે એ ભેદ એનો સ્વભાવ નથી. એકરૂપ અભેદ એનો સ્વભાવ છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા પ્રભુ પોતે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ તો સમય સમયની દશામાં અંતરમાં એકરૂપ જોતા એકરૂપ જ ચિત્મચમત્કારમાત્ર પ્રકાશમાન છે. કહો, સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ચોથું ગુણસ્થાન. સમજાણું કાંઈ? પછી પાંચમું શ્રાવકનું. શ્રાવક એટલે આ વાડાના નહિ. અંતરની ચીજની દશા આ રીતે અંદર ભાન થતાં સમ્યક્ થાય છે અને પછી વિશેષ આશ્રય કરતાં શુદ્ધિ થાય છે ત્યારે તેને શ્રાવકદશા કહેવામાં આવે છે. વિશેષ આશ્રય થતાં શુદ્ધિ વધે એને મુનિ કહેવામાં આવે છે. મુનિ એટલે આ નગ્ન થઈને લૂગડા કાઢીને બાવા થયા અને સાધુ થયા એ સાધુ નહિ. સમજાણું કાંઈ? જેણે પૂર્ણ મિદં પરમાત્મસ્વરૂપ નિજ પોતાનું છે એમાં જેણે અંદર દૃષ્ટિ કરીને જોયો છે, એમાં જે ઠરે છે અને ઠરવામાં ઉગ્ર પુરુષાર્થથી જ્યાં પ્રચુર સ્વસંવેદન આનંદ અને જ્ઞાનનું જ્યાં આવે છે એ દશાને મુનિપણું કહેવામાં આવે છે. બાકી બધા નાગા, લૂગડા ફેરવે ને આ થાય એ બધા ધોખા દેવાની ચીજું છે. ધોખા સમજો છો? ધોખા કહે છેને

તમારે? ધોખા બોલે છે. અમારે અહીં કાઠિયાવાડી ભાષા છે. આવો ભગવાન આત્મા પર્યાયે પર્યાયે ભિન્ન ભિન્ન જણાતો એને અંતર દૃષ્ટિથી જોતાં પર્યાયે પર્યાયે એકરૂપ દેખાય એમ કહે છે. દૃષ્ટિ ફરી ગઈ. એકરૂપ વસ્તુ છે એમ જાણવામાં અનુભવમાં આવે એને સમ્યગ્દર્શન કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૫, બુધવાર, તા. ૦૫-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩, શ્લોક-૮, પ્રવચન-૬૧

આ સમયસાર, ૧૩મી ગાથા. એનો કળશ હતોને ૮મો. એનો ભાવાર્થ. છે? ગુજરાતી છે. ૩૪ પાનું છે. ૩૦ અને ૪.

મુમુક્ષુ :- કળશની છેલ્લી બે લીટી રહી ગઈ છે.

ઉત્તર :- રહી ગઈ છે? આવી ગઈ છે. આમાં આવશે. એમાં જ કહ્યું છે ભાવાર્થમાં જુઓ.

**'આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે;...'** ઓહો...! કહે છે કે આ ભગવાન આત્મા પરની કોઈ અવસ્થામાં તો વ્યાપતો નથી, જતો નથી, કરી શકતો નથી. આહા..હા..! એટલે પોતે પોતામાં નવની અવસ્થાપણે વ્યાપે છે એ છે. પણ એ એમ થવાથી વસ્તુના સ્વરૂપનું સાચું જ્ઞાન શ્રદ્ધાન થતું નથી. સમજાણું કાંઈ? આત્મા સર્વ અવસ્થા એટલે પોતાની. બીજાની તો કોઈ શરીર, વાણી, કર્મ, બીજી ચીજનું તો કાંઈ કરી શકતો નથી. એટલે એમાં વ્યાપતો-જતો નથી. શેઠ! આહા..હા..! હવે આમાં દુનિયાને એવું લાગે કો'કનું કાંઈક કરે તો સારું લાગે લ્યો. દેશનું કરે. શેઠ!

મુમુક્ષુ :- આખી દુનિયા ઓશિયાળી.

ઉત્તર :- અરેરે! એવું હોય નહિ, ભાઈ! અહીં તો એમ કહે છે કે પ્રભુ! તું છોને, ભાઈ! તારે હિત કરવું છે? તો તું પરમાં આત્મા સિવાય પર ચીજ કોઈ પણ એની દશામાં તારું જવું થતું નથી. એટલે એ પ્રશ્ન રહેતો નથી કે પરનું કરવું અને પરથી પાછું વળવું.

સમજાણું કાંઈ? ભારે નિવૃત્ત માર્ગ કઠણ જગતને લાગે. ઓલું હા.. હો.. આમ કરવું... આમ કરવું... આમ કરવું... પણ ભાઈ શું કરે તું? તું ચીજ છો એ કાં એકરૂપને જો અને કાં આ નવ તત્ત્વમાં વ્યાપ્ત અવસ્થારૂપે. એ સિવાય કોઈ ત્રીજી ચીજ નથી. પ્રાણભાઈ! શેરબજારનું કે ફલાણાનું કાંઈ કરી શકતો નથી એમ કહે છે. તો આ શું કર્યું અત્યાર સુધી આ બધું તમે? ભાવ કર્યા હતા રાગ-દ્વેષના.

મુમુક્ષુ :- ખુશી માની હતી.

ઉત્તર :- ખુશી માની હતી. આહા..હા..!

કહે છે કે તું વસ્તુ છોને, પદાર્થ છોને. હવે એ પદાર્થ પરમાં તો જતો નથી, પરની અવસ્થા કરતો નથી, પરની અવસ્થા એનાથી થતી નથી. કારણ કે સ્વતંત્ર પદાર્થો છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! કુટુંબનું કરવું કે નહિ પહેલું? કુટુંબનું. દીકરા, કુટુંબ એનું પહેલું કરવું કે નહિ? આહા..હા..! અહીં તો કહે છે, પ્રભુ! સત્યની સત્યતા આ છે કે એ પોતે સત્ સ્વરૂપ છે, તો એ ભગવાન સત્સ્વરૂપ પરનું કોઈપણ શરીર, કર્મ, વાણી, મન, દેશ, કુટુંબ એના પરદ્રવ્યમાં તો એનું જવું કોઈ દિ' થતું જ નથી. એટલે એમાં કોઈ દિ' વ્યાપતો નથી. એ વ્યાપ્યો છે એની બધી દશામાં. હવે અહીં વાત આ. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપ આદિ અવસ્થાઓ આસ્રવ, બંધ આદિ એ દશામાં—અવસ્થામાં વ્યાપ્યો છે. એ તો અનાદિની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

આ આત્મા જે ચીજ છે આત્મા એ વસ્તુ છે અનાદિ-અનંત સત્. હવે એ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાય છે. આહા..હા..! વાત એવી છે આમાં કે એ ભગવાન આત્મા પોતાના સિવાય કોઈ પરદ્રવ્યની અવસ્થા તો કરી શકતો નથી. કારણ કે એમાં વ્યાપતો (નથી). એમાં અવસ્થામાં, એની અવસ્થામાં દેખાય છે કે નહિ? આહા..હા..! ઝીણું છે, ભગવાન! તત્ત્વનું ધર્મનું સ્વરૂપ એવું સૂક્ષ્મ છે કે એને આમ પરનું કાંઈક કરે અને પરને સુધારે એ તો બની શકતું નથી ત્રણ કાળમાં. કેમકે આત્મા વસ્તુ છે એ ચીજ કાં દ્રવ્યમાં દૃષ્ટિ આપે અને કાં એની અવસ્થાઓમાં વ્યાપે. ગુજરાતી ચાલે છેને ભાઈ! અહીં તો ગુજરાતી ચાલે છે. ભાવાર્થ છેને એને બતાવો ભાવાર્થ. ભાવાર્થ છેને.

**'આ આત્મા...'** આ શબ્દ પડ્યો છે. આ આત્મા આમ બતાવે છે. આ આત્મા અસ્તિ બતાવે છે. **'આ આત્મા...'** દેહાદિની વાત નથી. આ તો પરવસ્તુ છે. એટલે પરવસ્તુમાં આત્મા કોઈ રીતે પરનું કાંઈ કરી શકે કે પરમાં જાય એ તો ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! પણ એ આત્મા **'સર્વ અવસ્થાઓમાં...'** પોતાની દશા જે છે અવસ્થા. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ વગેરે એવી દશાઓમાં **'વિધવિધ રૂપે દેખાતો હતો...'** ભિન્ન-ભિન્ન અવસ્થાપણે દેખાય છે. એ દૃષ્ટિ પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, એકાંત અવસ્થાની બુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ છે. સમજાણું

કાંઈ? આ આત્મા આવું સત્ જ આવું છે કે જે આત્મા વસ્તુ પોતે છે ઈ, એની વર્તમાનમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધ એવા વિકલ્પો અને આસ્રવ પુણ્ય આદિ બંધ એની દશામાં, અવસ્થામાં દેખાય છે, પરમાં છે એમ દેખાતો નથી. પરમાં છે અને પરને લઈને છે એમ દેખાતો નથી. સમજાણું કાંઈ? પોતાના સિવાય શરીર, વાણી, દેશ, કુટુંબ કોઈની પણ કંઈપણ અવસ્થાને કરે આત્મા એ ત્રણ કાળ, ત્રણ લોકમાં બનતું નથી. કેમકે એ બધા પદાર્થો આત્માથી ભિન્ન છે. ભિન્નનું કાંઈ અવસ્થાનું કરે એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? હવે એ કરે છે શું? અને વ્યાપે છે શું?

એ '**સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો...**' દયા, દાનના વિકલ્પો, પાપના ભાવ અને એ બે આસ્રવ અને બંધ ને, એ અવસ્થાઓમાં ભિન્ન ભિન્ન રીતે દેખાય છે એ ભિન્ન ભિન્નરૂપે દેખવું એ પર્યાયબુદ્ધિ છે. એ અંશમાં આખો આત્મા છે એમ માનતા એને મિથ્યાદૃષ્ટિપણું લાગે છે. આહા..હા..! શેઠ! આ કહે છે કે બીડીનું, તમાકુનું કાંઈ કરી શકતો નથી એમ કહે છે. પોતે સત્ છેને સત્? વસ્તુ છેને ચૈતન્યપ્રભુ અસ્તિ. તો અસ્તિ છે તે કાયમનું અસ્તિ ધ્રુવપણું રાખીને એની દશાઓમાં, અવસ્થાઓમાં, હાલતોમાં વ્યાપે પણ પરની અંદરમાં વ્યાપે અને પરનું કાંઈ કરે, ત્રણ કાળમાં તણખલાના બે કટકા કરવાની પણ શક્તિ આત્મામાં નથી. નવનીતભાઈ! ભારે ભાઈ આ તો. આવો માર્ગ! ભગવાન! માર્ગ તો આ છે. બીજા ગમે તે રીતે કહેતા હો, તેના ઘરની ઊલટી ચીજ છે. સત્ય એ નહિ. વસંતીલાલજી!

અહીં તો આચાર્ય એટલું (કહે છે), માથેનો ભાઈ ખુલાસો છે ઈ કે આ ભગવાન આત્મા પોતાની સર્વ અવસ્થાઓ. એનો અર્થ એ. સર્વ અવસ્થા નામ પોતાની અવસ્થા. એમાં વિધવિધ રૂપે દેખાતો હતો. કાં પુણ્યના પરિણામરૂપે કાં પાપના ભાવરૂપે કાં આસ્રવરૂપે કાં અટકતા બંધરૂપે. '**તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે;...**' આહા..હા..! પરરૂપે તો થતો નથી, પરનું તો કરી શકતો નથી. આ વાણી આદિની ક્રિયા એ આત્માની ક્રિયા નહિ. શરીરની આ ક્રિયા ચાલે જડની આમ એ આત્માની નહિ. એ આત્માથી નહિ, આત્માની નહિ અને આત્મા એમાં નહિ. આહા..હા..! અને એ શરીર આદિ આત્મામાં નહિ. ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરે એમ જોયું અને એમ છે કે આ આત્મા પોતાની દશામાં વિધવિધ ભિન્ન ભિન્નરૂપે દેખાય છે એ વાસ્તવિક તત્ત્વ નથી. સમજાણું કાંઈ? પરનું કરતો દેખાય છે, પરથી એમાં કાંઈક થાય એવો દેખાય છે એમ નથી. આહા..હા..! ભાઈ! તત્ત્વ કાંઈ જુદી ચીજ છે. ભગવાન પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ તીર્થંકરે કહેલું તત્ત્વ અજબ-ગજબની અચિંત્ય વાત છે! આહા..હા..!

કહે છે, પ્રભુ! એકવાર સાંભળને ભાઈ! આ આત્મા એની દશાઓમાં વિધવિધપણે દેખાય

છે એ એનું વાસ્તવિક સ્વરૂપ નહિ. '**તેને શુદ્ધનયે...**' અંતર સમ્યગ્જ્ઞાનના ભાગે એને એકરૂપ છે એમ દેખાડ્યો. એ ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન એકરૂપ એક ચૈતન્યચમત્કાર. જોયું! ઓલા વિધવિધ છે એની સામે એક છે. આહા..હા..! ઝીણું છે, ભગવાન! શું થાય? એ માર્ગ જ એવો સત્ય છે કોઈ કે જે આત્માની દશામાં પર શરીર આદિ દેશની અવસ્થા નથી અને શરીર દેશની અવસ્થામાં આત્મા કાંઈ કરી શકતો નથી. આહા..હા..! પણ કહે છે કે એ પ્રભુ પોતે કાયમ રહીને એની દશાઓમાં વ્યાપે છે, દશાઓમાં, હાલતોમાં, પુણ્ય-પાપ વિકલ્પ આદિમાં જાય છે એ વિધવિધપણે દેખવો એ વાસ્તવિક આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે વાતું! ભગવાન! બાપુ! ઝીણી વાત છે. ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. સાધારણ રીતે માની લ્યે કે આમ ધર્મ થયો અને આમ ધર્મ થયો. એમ અનાદિથી અજ્ઞાનીએ માન્યું છે.

કહે છે, આ તત્ત્વ ભગવાન આત્મા એની ભિન્ન ભિન્ન દશામાં દેખાય છે, ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં હોં! કર્મમાં દેખાય છે અને શરીરમાં દેખાય છે એમ નહિ. એની જુદી જુદી અવસ્થામાં દેખાય છે એ અવસ્થાદષ્ટિ વ્યાજબી યથાર્થ નથી. નવનીતભાઈ! આહા..હા..! એને શુદ્ધનયે સમ્યગ્જ્ઞાન દ્વારા પરમાત્માએ એને ખોલ્યો. જો ભાઈ! અંદર ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ ધ્રુવ એકરૂપ ચૈતન્ય છે એને અમે આત્મા કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક ચૈતન્યપ્રભુ પ્રકાશનો પુંજ પોતે, જ્ઞાનનો પુંજ એકરૂપ ચૈતન્યચમત્કારરૂપે દેખાડ્યો. '**તેથી હવે...**' હે આત્મા! હે જીવો! એમ કહે છે. આહા..હા..! શેઠ! '**સદા એકાકાર જ અનુભવ કરો,...**' આહા..! આ કરવાની વાત છે. વસ્તુ પોતે ભગવાન આત્મા પરની ચીજનું તો કાંઈ એક ફુદ્દી ફેરવી શકતો નથી. એક રજકણની ક્રિયા કરે કે દેશની કરે ને કુટુંબની કરે ને રળી દ્યે, હરામ વાત છે કહે છે. એ બધી જૂઠી અજ્ઞાનદશા છે માનેલી.

મુમુક્ષુ :- માનેલી છે?

ઉત્તર :- માનેલી છે. માને. કરે શું કરી શકે? પ્રાણભાઈ! પ્રાણભાઈએ કહ્યુંને કે અમે માનીએ છીએ. શેરબજારનું કરતા ને ધમાધમ કરતા હતા. અરે! ભગવાન! તારી સીમામાં તું કરી શકે, તારી મર્યાદામાં તું કરી શકે, પણ તારી મર્યાદા વિનાની બીજી ચીજ છે એમાં તારી મર્યાદા ક્યાં જાય છે ત્યાં કે એનું કરી શકે? કહો, શેઠ! શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રવેશ નથી, વ્યાપતો નથી એ તો પહેલેથી કીધું. ભાઈ! તારી ચીજની તને ખબર નથી હોં. તું તો બહુ તો તારી દશાઓમાં વ્યાપેલો છો અને તે વિધવિધ રીતે દેખાય છે એ આત્માનું વસ્તવિક સ્વરૂપ નહિ. એથી એને એક ચૈતન્યચમત્કાર જેમાં પોતાની અસ્તિમાં રહી, સત્તામાં રહી અનંતને અનંતપણાના કારણે નહિ, પણ પોતાની શક્તિથી ચમત્કારથી

જાણે-દેખે એવો એ ચૈતન્યચમત્કાર છે. સમજાણું કાંઈ? આવી વાતું! આવું બેસે નહિ સાધારણને. બહારની વાત હોય.. આ જ કરી શકાય છે, બીજું કરી શકતો નથી. હેરાન થઈને મરી ગયો મફતનો. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું એ સંતો કહે છે, એ જ વસ્તુની સ્થિતિ છે. ભગવાન! તારી ચીજ અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે છેને. એ હોવાપણું કાયમનું એ ભિન્ન ભિન્ન દશામાં જે દેખાય છે એ હોવાપણું તારું પૂરું નહિ, આખું નહિ, એક નહિ. આહા..હા..! એ ભિન્ન ભિન્ન અવસ્થાની દૃષ્ટિ છોડી દે અને એકરૂપ ચૈતન્યચમત્કારની દૃષ્ટિ કર, તને અનુભવ થશે અને તને આનંદ થશે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ધર્મની પહેલી સીઢી છે. બાકી બધી વાતું છે. વાત ખોટી ગપ મારેલી. સમજાણું કાંઈ? જુઓને એક શબ્દ, બે શબ્દમાં કેટલું આવી ગયું! આખો સિદ્ધાંત. આહા..હા..!

ભગવાન! તારું પરિણમવું, બદલવું અવસ્થામાં થાય એ તો તારો પર્યાય ધર્મ છે. એમાં વિધવિધપણે દેખાય આત્મા કે આ રાગ તે હું, પુણ્ય તે હું. ભાવ હોં! આસ્રવ તે હું. આ અટક્યો બંધ, બંધ ઓછો કર્યો એ અવસ્થામાં દેખાય. પરમાં નહિ અને પરને લઈને નહિ, પરથી નહિ. આહા..હા..! ઝીણું તો છેને ભાઈ ભગવાન! એ અવસ્થામાંથી ભગવાને એકરૂપ દેખાડ્યો તને. જો આ તારી ચીજ તો એકરૂપ ચૈતન્યચમત્કાર ધ્રુવ છે. ત્યાં દૃષ્ટિ મૂક તો તને સમ્યગ્દર્શન થશે. ત્યાં તને જન્મ-મરણના આરા ત્યાં આવવાના છે. બીજે ક્યાંય જન્મ-મરણના આરા આવવાના નથી. સમજાણું કાંઈ? ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો. એકેન્દ્રિયના, બે ઈન્દ્રિયના, ત્રણ ઈન્દ્રિયના, ચૌ ઈન્દ્રિયના, નિગોદ, બટાટા, શક્કરકંદ અનંત અનંત ભવ. ભિન્ન-ભિન્ન અવસ્થાઓમાં જઈને આવ્યો છે. અવસ્થામાં હોં! શરીરમાં ને એમાં નહિ, પરમાં નહિ. આહા..હા..! એને શુદ્ધનયે, સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિથી આ આત્મા એકરૂપ ચૈતન્યચમત્કાર છે (એને) એકરૂપ શ્રદ્ધવો, દેખવો, માનવો, અનુભવવો એનું નામ ધર્મ છે. ભાષા તો સાદી છે ગુજરાતી. સમજાય છે? આહા..! બહેન! તમે તો સમજો છો ગુજરાતી ભાષા? આવડે છે. આહા..હા..!

પ્રભુ! તારી પ્રભુતા ચૈતન્યચમત્કારમાં છે. તારી પ્રભુતા કોઈ પરનું કરવું અને પરથી લેવું એમાં પ્રભુતા તારી નથી. પણ એક સમયની અવસ્થામાં વ્યાપવું એ પામરતા છે, પ્રભુતા નથી એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! હવે, પ્રભુ! હવે તું કર કાંઈક નવું એમ કહે છે. '**સદા એકાકાર અનુભવ કરો,...**' આહા..હા..! ભગવાન ચૈતન્યચમત્કાર વસ્તુ છે એની એકાગ્રતાથી એનો અનુભવ કરો. એનાથી જન્મ-મરણનો અંત છે. બાકી કોઈ ક્રિયાકાંડથી કાંઈ જન્મ-મરણનો અંત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી હવે...**' હવે કેમ લીધું? કે ગઈ હવે એ વાત. '**સદા એકાકાર જ અનુભવ કરો,...**' અવસ્થામાં ભિન્ન-

ભિન્ન દશારૂપે દેખાય એનાથી પાછો વળ કહે છે. એ અવસ્થાબુદ્ધિ, અંશબુદ્ધિ, પર્યાય એકાંતબુદ્ધિ એ મિથ્યાત્વ છે. આહા..હા..! એમાં ચૈતન્યચમત્કાર સામાન્ય એકરૂપ એને દેખ. '**પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો—**' એમ શબ્દ છે. હાલતનો અવસ્થાઓ છે એ એકાંત એટલો જ છું એમ ન રાખ. પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રભુ ચૈતન્યચમત્કાર ધ્રુવ એકરૂપ છે એની દૃષ્ટિ કર. અવસ્થાઓ છે ખરી, પણ એકાંત અવસ્થા જ છે એવી એકાંત બુદ્ધિ છોડી દે. આ બુદ્ધિ કર્યા પછી નવી અવસ્થા થાય એને જાણનારો રહે. આવો ધર્મ ભારે!

'**પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો—**' આત્મા ભગવાન છે અને પરબુદ્ધિની તો વાત પણ નહિ હવે કે આ શરીર મારું છે, એનાથી હું કાંઈક કરું છું. દેશ મારો છે, બાયડી મારી છે. એ તો પરચીજ છે, પ્રભુ! એ તારી નહિ. તારામાં એ નહિ અને એમાં તું નહિ. તારામાં બે ભાગ પડ્યા એની વાત છે અહીં તો. હાલત પર્યાયના ભેદો પડ્યા ભિન્ન-ભિન્ન પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત આદિ વિકલ્પની અવસ્થાઓ એ અવસ્થાની એકાંતબુદ્ધિ (રહે) કે આટલો છું અને આ છું એ બુદ્ધિ છોડી દે. હિત કરવું હોય તો. નહિતર તો અનાદિથી અહિત તો કરી રહ્યો છે. આહા..હા..! નવનીતભાઈ! પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો. અવસ્થાબુદ્ધિનો હોં! પરબુદ્ધિની તો અહીં વાત જ નથી. અવસ્થાઓ જે થાય છે ભિન્ન ભિન્ન એનો એકાંત ન કરો. એટલો જ છે અને એ છું એમ ન કર. ત્રિકાળી જ્ઞાયકભાવ છું એવી દૃષ્ટિ કર અને પર્યાય પછી થાય એને જાણ. આ સમ્યગ્દર્શન અને ધર્મ પામવાની આ રીત છે. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! સાંભળતા જ મુશ્કેલ પડે માણસને. ઓલું તો બધું આમ કરવું, આમ કરવું ને ફલાણું કરવું. ઠીક પણ પડે એને અજ્ઞાનભાવમાં. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! સમજાય છે? હિત કરવું હોય અને પરિભ્રમણ મટાડવું હોય તો. '**એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' કુંદકુંદાચાર્ય દિગંબર સંત જે કેવળજ્ઞાનીના કેડાયત. સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એના કેડાયત કુંદકુંદાચાર્ય એવા ગુરુઓનો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભગવાન દાસ છે પણ ભગવાન પોતે છે એમ કહે છે. આહા..હા..! કેમ બેસે? પામર થઈને બેઠો એને પ્રભુતા કેમ બેસે? અહીં તો એક સમયની દશાને માનવી એ પામર છે. પરને પોતાના માનવા એની વાત તો પામરનો પામર એ તો અજ્ઞાની છે. આહા..હા..! કહો, પ્રાણભાઈ! આ ઈંજેક્શન છે આ બધા. બહેન કહેતા હતા કે બાપુજી જરા મોળા પડી ગયા છે. મોળા થોડા પડ્યા છે જરી. ઢીલા તો હોય એમાં કાંઈક મોળા પડી જાય જરી. આ તો ત્રણલોકનો નાથ ચૈતન્ય એ ઢીલો કેમ પડે? આહા..હા..! જેમાં

ચૈતન્યચમત્કાર આનંદનો ઘન પ્રભુ પોતે છે. આહા..હા..! એવો અંદર વિશ્વાસ લાવીને દૃષ્ટિ ત્યાં મૂક. જન્મ-મરણના અંત તારા આવ્યા. ત્યારે આવશે, એ સિવાય જન્મ-મરણનો અંત આવે એવો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાત. હવે આ બધું સભાને ગોઠવું મુશ્કેલ. વસંતીલાલજી! માર્ગ તો આ છે, બાપા! બીજી રીતે છેતરાઈ જઈશ. જિંદગી ચાલી જશે. આ અવસ્થા કૂતરા અને કાગડા મરે એમ મરી જઈશ. સમજાણું કાંઈ? એમાં તારી કિંમત જો ન કરતા આવડી તો આ દુનિયાની કિંમત કરી. અરે! એક અવસ્થાની કિંમત કરીશ તોપણ મરી જઈશ કહે છે. અહીં તો એમ કહે છે. ભગવાનજીભાઈ! એ શ્રીગુરુઓનો આ ઉપદેશ છે. દિગંબર સંતો, મુનિઓ, આત્મધ્યાની, જ્ઞાની સાચા સંતનો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ? પરમાત્માના કેડાયતો હતા.

આ કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા સીધા. સીમંધર ભગવાન વર્તમાન બિરાજે છે મહાવિદેહમાં. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. બિરાજે છે ત્યાં ગયા હતા. બે હજાર સાલ (પહેલાં). સંવત્ ૪૯. બે હજાર વર્ષ થયા. ત્યાં આઠ દિન રહીને આવીને આ શાસ્ત્ર રચ્યા છે. આહા..હા..! એવા ગુરુઓનો આ ઉપદેશ છે. ભગવાન પાસેથી આ સંદેશો લાવ્યા છે. આહા..હા..!

એ વાત ત્યાં નવ તત્ત્વની પૂરી કરી. નવમાં જે આમ ભિન્ન-ભિન્ન દેખાય એ પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે, વ્યવહારબુદ્ધિ છે. એનું એકાંતપણું છે એ મિથ્યાત્વભાવ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્યચમત્કાર પ્રભુ એની અંતર દૃષ્ટિ કરતાં પરમસત્યનો સ્વીકાર થતાં જે આનંદનો સ્વાદ આવે એને સમકિત અને એને ધર્મની પહેલી દશા કહે છે. સમજાણું કાંઈ? એ પૂરું થયું લ્યો. હવે બીજી જાત આવે છે. બીજી જાત એટલે બીજા પ્રકાર.

‘**હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ,...**’ નવ તત્ત્વ છેને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. નવમાં પણ એકરૂપ ચૈતન્ય તે સાચો ભૂતાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**જેમ નવ તત્ત્વોમાં...**’ પર્યાયોમાં, અવસ્થાઓમાં ‘**એક જીવને જ જાણવો...**’ એકરૂપ ચૈતન્યને, ત્રિકાળને જાણવો એ જ ભૂતાર્થ નામ સાચો અર્થ છે. એ સત્યાર્થ છે, એ સત્‌સ્વરૂપ જીવનું છે. આહા..હા..! ‘**તેમ,...**’ હવે બીજી વાત લે છે. ‘**એકપણે પ્રકાશમાન આત્માના...**’ છે તો એકપણે પ્રકાશમાન ભગવાન. એના ‘**અધિગમના ઉપાયો...**’ આહા..હા..! એને જાણવાના ઉપાય ‘**જે પ્રમાણ, નય, નિક્ષેપ છે...**’ પ્રમાણ એટલે દ્રવ્ય અને પર્યાય બેયને જાણવાવાળા જ્ઞાનને પ્રમાણ કહે છે. નય એટલે બેમાંથી એક ધર્મને જાણવો પર્યાયને કે દ્રવ્યને એનું નામ નય કહે છે. અને નિક્ષેપ જ્ઞેયોના પ્રકાર પાડીને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા જ્ઞેયના ચાર ભેદ પાડીને આત્માને સમજવો એને નિક્ષેપ કહે છે. તેઓ પણ નિશ્ચયથી તો અભૂતાર્થ

છે, જૂઠાં છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ આત્માની અપેક્ષાએ વસ્તુ છે એની અપેક્ષાએ આખી દુનિયા અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, અવસ્તુ છે પણ એની અપેક્ષાએ નવ તત્ત્વની પર્યાય અભૂતાર્થ, અસત્યાર્થ છે. હવે એ એકપણાની અપેક્ષાએ પ્રમાણ, નય, નિક્ષેપથી જાણવાના ભાગ એ પણ અસત્યાર્થ છે. ભારે વાત ભાઈ! અરે! એણે ચોર્યાસીના અવતારમાં એટલા ભવો કર્યા છે. એને ટાળવાના ઉપાય કોઈ દિ' સાંભળ્યા ખરા, ભગવાનની વાણી સમવસરણમાં ગયો, પણ એણે અંદર અમલમાં ન મૂક્યું. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ પોતે ચૈતન્ય વસ્તુ છે એકપણે પ્રકાશમાન છે એ. એના જાણવાના ઉપાયો પ્રમાણ. આખું જ્ઞાન દ્રવ્ય વસ્તુ ત્રિકાળી અને એક સમયની પર્યાય બેને જાણનારા જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. '**નય,...**' બેમાંથી એક ધર્મને, એક અંશને જાણવાને નય કહે છે. '**નિક્ષેપ...**' નામ, સ્થાપના, યોગ્યતા અને વર્તમાન પ્રગટતા એવા ભાવને નિક્ષેપ કહે છે. '**તેઓ પણ નિશ્ચયથી તો અભૂતાર્થ છે,...**' એટલે શું કહે છે?

એક માલ લેવા જાવો હોયને માલ. કંદોઈની દુકાને સાલમપાક કે મુસળીપાક ખાય છેને આ શિયાળામાં? તો એને પૂછે પહેલાં કે ભાવ શું છે? ક્યા ભાવે દેશો? ત્રાજવા તોળીને લ્યે, દે. અને અંદર તોલા. તોલાની બરાબર નક્કી કરી લ્યે કે આ તોલું બરાબર છેને? પાંચ શેર છેને ઈ? પાંચ શેરી, ત્રાજવું બે અને ત્રીજો ભાવ એ ત્રણે વસ્તુ લેવા માટે ત્રણ કારણ હોય ખરા, પણ વસ્તુ લઈને ખાવા ટાણે એ ત્રણે કામના નથી. ગોખતો હશે ખાવા ટાણે આ દસ રૂપિયાનું શેર... દસ રૂપિયાનું શેર... દસ રૂપિયાનું શેર? પાંચ શેર લાવ્યો છું... પાંચ શેર લાવ્યું છું એમ કહે? ત્રાજવે તોળીને લાવ્યો છું.

એમ કહે છે, આ ચીજ જે આત્મા છે એને જાણવામાં ભગવાને કહ્યા એવા નય, નિક્ષેપ, પ્રમાણથી જાણે ખરો, પહેલો જાણવાનું કરે, પણ જ્યાં અનુભવ કરવામાં આવે ત્યાં એ જાણવાના ત્રણ પ્રકાર જૂઠાં છે. ઝીણી વાત છે આજે હોં ભાઈ! ઓહો..હો..! ક્યાં સુધી લાવ્યા? ભગવાન આત્મા પરમસત્ય પ્રભુ એની અપેક્ષાએ બીજી બધી ચીજો અસત્ છે એટલે વસ્તુ જ નથી. એવા ત્રિકાળની અપેક્ષાએ નવના તત્ત્વના ભેદો પણ અસત્ય છે એ વસ્તુમાં નથી. આહા..હા..! પણ આ પ્રમાણ, નય, નિક્ષેપના જ્ઞાન દ્વારા એનું માપ કરવું કે આ ચીજ આવી છે, એવા માપ કરવાના જે વિકલ્પો છે એ પણ અંતરની દૃષ્ટિના અનુભવના કાળમાં એ વિકલ્પ બધા જૂઠાં છે. હિંમતભાઈ! ભારે આવી વાત! આહા..હા..! મારગડા નાથ તારા જુદા છે. માર્ગ જ એવો છે કોઈ, એ બહારથી હાથ આવે એવો નથી.

કહે છે, '**પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચય...**' નામ ખરેખર અભૂત એટલે છતા નથી, સાચા નથી, કલ્પનાથી ઊભા કરેલા પ્રમાણ, નય અને નિક્ષેપનો તોલ હતો. આહા..હા..! '**તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે...**' એ પ્રમાણ, નય, નિક્ષેપથી

ભલે જાણે, એ વિકલ્પથી ઓળખે, પણ વસ્તુ જોતાં તો એ ત્રણેય જૂઠાં. આત્મા એક સાચો ત્રિકાળી જ્ઞાયકભાવ એ સત્યાર્થ છે અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ? નવાને આ ગ્રીક-લેટિન જેવું લાગે એમ છે. એ રસ્તે આવ્યો નથી, ને ગયો નથી અને એવું સાંભળવાનું મળતું નથી. આહા..હા..! અરે! પ્રભુ! ક્યાં તું છેતરાઈ ગયો છો અને ક્યાં તું ચાલ્યો ગયો છે એની એને ખબર નથી. આહા..હા..!

કહે છે કે એ આત્મા એક વસ્તુ ચૈતન્યમૂર્તિ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ પ્રભુ એક ધ્યાનમાં ધ્યેય કરીને તેમાં એ અનુભવ કરવાલાયક છે. એ એક જ સત્ય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને ધર્મ કરનારને ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ એક જ સાચો છે એમ અનુભવ કરવા જેવું છે. આહા..હા..! '**તેમાં પણ...**' લીધું છેને? ઓલામાં નવમાં તો હતો પણ આમાં પણ. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત આદિ બધા વિકલ્પો છે, એ તો વિકાર છે. એ વિકારની અવસ્થાથી જોતો હતો એ તો પર્યાયબુદ્ધિ છે. એટલે એ પર્યાયબુદ્ધિ જૂઠી છે અને ત્રિકાળને એક જોવો તે સાચું છે. એમ અહીંયાં પ્રમાણ, નય, નિક્ષેપથી એનું માપ કરવું પ્રમાણજ્ઞાનના વિકલ્પથી પણ એ વિકલ્પના માપથી તોલતા,.. સર્વજ્ઞે આત્મા કહ્યો એવો એણે પહેલો વિકલ્પથી, પ્રમાણથી જાણવું જોઈએ. અન્યમતિ, સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય, પરમાત્મા તીર્થંકરદેવ સિવાય જેટલા બીજાઓએ આત્મા કહ્યો છે એ બધો જૂઠો કહ્યો છે. તેથી...

મુમુક્ષુ :- જૂઠો કહ્યો છે એટલે?

ઉત્તર :- કાં એક જ આત્મા છે, કાં ધ્રુવ જ આત્મા છે, કાં પર્યાય જેટલો જ આત્મા છે, કાં ઈશ્વર એનો કોઈ કર્તા છે. એટલે એણે આત્મા જેવો છે એવો એણે જાણ્યો નથી અને એવો કહ્યો નથી. સમજાણું કાંઈ? આવી ભારે વાત છે આકરી. ભગવાન પરમેશ્વરે આત્મા કેવો કહ્યો છે? એવા ભાવવાળો કહ્યો છે, એવી અવસ્થાવાળો કહ્યો છે, એના ભેદ શું છે? ગુણભેદ શું છે? ગુણી એક શું છે? એવું પરમેશ્વરે જે કહ્યું, એવું જ એક એણે પ્રમાણ નયથી પહેલું જાણીને, તોલીને નક્કી કરવું જોઈએ. બીજાથી જુદું પડવા, જૂઠાંથી જુદું પડવા, સાચું આ તત્ત્વ છે એમ નિર્ણય કરવા એણે નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલું નક્કી કરવું જોઈએ. પણ એ નક્કી કરેલા વિકલ્પથી પણ અંતર દૃષ્ટિ કરતાં એ જૂઠું છે. આહા..હા..!

'**તેમાં પણ આત્મા એક...**' એમાં પણ એટલે નવમાં પણ એક જ આત્મા હતો, એ સાચો દૃષ્ટિ કરવાલાયક. એમાં આ બધા પ્રમાણ, નય, નિક્ષેપમાં એક જ આત્મા છે એ જ ભૂતાર્થ નામ સાચો છે.

મુમુક્ષુ :- બધા થઈને એકને?

ઉત્તર :- બધા થઈને નહિ. એક આત્મા આ એક. બધા ભિન્ન-ભિન્ન આત્માઓ છે.

બધા વ્યાપક થઈને એક આત્મા વ્યાપક છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ઓલા એમ કહે છે એક જ સર્વવ્યાપક આત્મા બિલકુલ જૂઠ છે. આ તો એક એક આત્મા આ એક એક આત્મા અનંત ગુણનો પિંડ પોતે એક એની અવસ્થાઓમાં ભિન્ન-ભિન્ન દેખાય અને પ્રમાણ નયથી દેખાય એ પણ છોડી દે. એકરૂપ ચૈતન્ય છે એની દૃષ્ટિ કર, તને સમ્યગ્દર્શન અને આનંદનો સ્વાદ આવશે. ત્યારે એને ધર્મ થશે. કહો, સમજાણું કાંઈ? આવું છે, બાપા શું થાય? જગતને આ વાત સમજી શકે નહિને, પહોંચી શકે નહિ એટલે બીજે રસ્તે ચડાવી દીધા જેમાં હેરાન થવાના રસ્તા છે. શેઠ! આ જો સમજે તો બીજે રસ્તે જાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ સમજણમાં તો નક્કી કરે, પછી આ ચીજ અંદર જે છે એકરૂપ છે. એના ભેદો પણ આશ્રય કરવાલાયક નથી. તો પ્રમાણ, નય, નિક્ષેપથી નિર્ણય કરે ભલે એ વ્યવહારુ નિર્ણય હોં, પણ છતાં એને પણ છોડીને આત્મા જ્ઞાયકમૂર્તિનો અનુભવ કરવો એને માટે ઓલો નિર્ણય કર્યો હતો, એને છોડીને અંતરનો અનુભવ કરવો. એકરૂપ ચૈતન્ય સામાન્ય સ્વભાવ એ તરફ જુકીને તેનો અનુભવ કરવો એનું નામ ધર્મ ત્રણલોકના નાથ તીર્થંકર એને કહે છે. કહો, સમજાણું કાંઈ? ભારે! આ તો બોજો લાગે એવું લાગે માણસને.

મુમુક્ષુ :- બોજો ઉતરી જાય એવું છે.

ઉત્તર :- ઉતરી જાય એવું છે. વાહ! વાત તો એમ છે હોં વસંતીલાલજી! તમે ઈંદોરના છો? ઈંદોરના છો. આ ઈંદોરના છે. કલકત્તા રહે છે, આવ્યા છે ઘણા દિ'થી.

ભગવાન એમ કહે છે, ચૈતન્યસ્વરૂપ ભગવાન એક સમયની ભિન્ન-ભિન્ન અવસ્થાઓથી પણ જુદો, પર વસ્તુથી તો જુદો, અરે! દેવ-ગુરુ અને શાસ્ત્રથી પણ જુદો. બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા એના ઘરમાં, એ ક્યાં અહીં આવી ગયા છે તો આના થાય? આહા..હા..! અને આ ક્યાં એનામાં ગયો છે તે આ એનો થાય? સમજાણું કાંઈ? એમાં રહેલા જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો—શક્તિઓ એની છે. છતાં કહે છે કે એ ભેદને દેખવો એ વસ્તુનું એકપણું નહિ આવે એમાં પ્રતીતમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અને એકપણાને અંદરમાં દેખ્યા અને પ્રતીત કર્યા વિના એ આત્માની સાચી પ્રતીત કહેવાય નહિ. કહો, બહેન! સમજાય છે કે નહિ? ભાષા ગુજરાતી પણ થોડો થોડો અભ્યાસ તો છેને. પહેલાં રહી ગયા હતા નહિ બહેન અહીંયા? પહેલાં થોડા રહી ગયા છે. વસંતીલાલજી.. આ માર્ગ બાપા! તારા પંથડા અંદરના પ્રભુ જુદા છે હોં! એવા સૂક્ષ્મ અને એવા અપૂર્વ છે કે એનો પત્તો ખાધે તને જન્મ-મરણ મટ્યા વિના રહે નહિ. અરે! ચોર્યાસીના અવતાર(માં) દુઃખી છે પ્રાણી હોં! અબજોપતિ માણસો, રાજા એ દુઃખના ડુંગરમાં, અંગારામાં સળગી રહ્યા છે. શેઠ! કેમકે અંદર પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, કષાયની અગ્નિમાં સળગે છે ઈ. એ કષાય વિનાની અંતર ચીજ એની એને ખબર છે નહિ. પ્રાણભાઈ! આહા..હા..! વિકલ્પની શુભ-અશુભની

લાગણીઓ છેને પ્રભુ! વૃત્તિઓ ઉઠે છેને એ પોતે કષાય અને અંગારા છે. અરે કેમ (બેસે)? પણ બહારથી શરીર સારું હોય અને પૈસા કાંઈક હોય (એટલે જાણે સુખી છીએ એમ માને). સમજાણું કાંઈ? આહા..હા..!

આજે છાપામાં આવ્યું છે. એ જયપુરના છેને અબજોપતિ. દુર્લભજી ત્રિભુવન છે, ઝવેરી. એનું છાપામાં આવ્યું છે. ફોટા. ૪૫ લાખ કે ૩૫ લાખનું એક મકાન કર્યું છે. એની વહુ ગુજરી ગઈ. સંતોકબાઈ નામ છે. અમે ઉતર્યા હતાને આપણે આ ગોદિકાની મકાનની સામે. ભેગા થયા. .. આવ્યા હતા .. ભાષણ કરે. અબજપતિ છે. એક અબજ-અબજ. બે અબજ તો કહેતા હતા પણ એક અબજ તો છે. ગયા હતાને અમે. ઘરે પગલા કરાવ્યા હતા. બધા સ્થાનકવાસી ખરાને. એટલે અમારા ઉપર તો પ્રેમ હતોને. એટલે કહે, મહારાજ! મારે ત્યાં પગલા કરશો? ... પછી ગયા હતા ઘરે, બધા ભેગા થયા હતા. અબજપતિ. ભગવાનજીભાઈ! ધૂળના પતિ. ... છોકરો થયેલો એટલે અમારા તો કામ તો કરેને. અમારી તો છાપ એવી છે. છોકરા થાય .. એવી બધી છાપ અમારી. .. ગયા હતા. ... હું જઈ આવ્યો મેડી ઉપર. એક દસ મિનિટ બેઠો હતો. એક હજાર રૂપિયા મૂક્યા. જ્ઞાન ખાતે. એ પૂર્વના ઓળખીતા સંપ્રદાયમાં હતા. બે અબજપતિ છે અત્યારે તો. એક અહીંયાં શાંતિલાલ ખુશાલ ગોવામાં. એની પાસે બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ. દશાશ્રીમાળી વાણિયા છે. હવે વધી ગયા હશે. કાંકરા વધ્યા ધૂળ. દુઃખી છે એ બિચારા બાપડા. આહા..હા..! એ માળા એવી કષાયની અગ્નિથી સળગી રહ્યા છે. એમ પરમાત્માની ધ્વનિ છે. આહા..હા..! એ સુખી નથી, ભાઈ!

સુખી તો જેણે રાગ અને પર્યાયબુદ્ધિ છોડી અને જેણે આત્મબુદ્ધિ કરી એ જગતમાં 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' સંત પણ આવા હોં! સંત એટલે બહારના ભેખ ફેરવ્યા માટે સંત થઈ ગયા એમ નથી. આહા..હા..! અંદરની રાગબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, પરબુદ્ધિ છૂટીને આનંદની બુદ્ધિ થાય, અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન જેને પ્રતીતમાં, અનુભવમાં આવે, એ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ભરત ચક્રવર્તી છ ખંડના રાજમાં દેખાતા. દેખાતા હોં! હતા નહિ, હતા પોતામાં. આહા..હા..! આનંદના સ્વરૂપમાં હતા. એ રાણીઓ છન્નું હજાર સ્ત્રીઓ એને પર તરીકે માનતો અને વિકલ્પ આવતો એને ઝેર તરીકે જાણતો. સમજાણું કાંઈ? એવી અંતરમાં દૃષ્ટિ થયે તે સુખી છે, બાકી બધા રાંકા અને ભિખારી છે. લાવો... લાવો... લાવો... લાવો... લાવો... અહીં કહે, કાંઈ જોઈતું નથી. એક ભગવાન આત્મા જોવે છે મારે. જેઠાભાઈ!

સાતમી નરકનો નારકી હોય, જેને એક રજકણ અનુકૂળ નથી બહારમાં. સુવાને લૂગડું નથી, પહેરવાને કપડું નથી, રહેવાને મકાન નથી, ખાવાને દાણો નથી, પીવાને પાણી નથી.

એ જીવ પણ જ્યાં અંતર અનુભવ કરે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, એ સુખી છે. સાતમી નરક હોં નીચે. સાત નરક છેને પાતાળ. એમાં સાતમી નરક તો ૩૩ સાગરનું આયુષ્ય છે મોટું. અનંત વાર ગયો ત્યાં દરેક આ જીવ. અનાદિનો રખડતો-રઝળતો ત્યાં અનંત વાર ગયો છે. આહા..હા..! ભવ અને ભવનો ભાવ જેમાં નથી અને જેમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ છે એવી દૃષ્ટિનો અનુભવ કરતાં તેને ભવ રહે નહિ. સમજાણું કાંઈ? બાકી બધી ક્રિયાકાંડને લાખ કરતો હોય અને એને ધર્મ માનતો હોય કે આ ધર્મ છે, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ મિથ્યાત્વથી અનંત સંસારમાં રખડવાના છે. સમજાણું કાંઈ?

**'એક જ ભૂતાર્થ છે (કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે).'** ખુલાસો કરશે હોં બધો. પ્રમાણમાં પણ ભેદ છેને. પરોક્ષ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણ. નયના પણ ભેદ છેને. વ્યવહારનય અને નિશ્ચયનય ને. નિક્ષેપમાં પણ ભેદ છેને. નામ, સ્થાપના, યોગ્યતા અને પ્રગટ દશા. તો કહે છે એ પ્રમાણ, નય, નિક્ષેપથી પણ જ્યાં આત્માને તોલવો, માપવો એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! રાગનો ભાગ અંશ છે ઈ. એને છોડી એકાકાર આત્માનો અનુભવ કરવો સમ્યગ્દર્શનમાં. પણ એની સાથે સ્વભાવમાં ત્રિકાળી ચૈતન્યસ્વભાવ પ્રભુ એને રાગનો વિકલ્પ દયા, દાન, વ્રતાદિનો રાગ છે એની એકતા છે તે મિથ્યાત્વ છે. એ મિથ્યા ગાંઠ છે રાગ. એને અહીંયાં અંતર દૃષ્ટિ કરતાં રાગ અને સ્વભાવની એકતા તૂટી જાય છે. આ એનું નામ ગ્રંથિ ગાળી અને સમ્યક્ થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે એનો ખુલાસો કરે છે. સવારે એ આવ્યું હતું અને અત્યારે એ આવ્યું. ... **'તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે—પરોક્ષ અને પ્રત્યક્ષ.'**.. વાત સવારે આવી ગઈ હતી નિયમસારમાં કે આ જ્ઞાનમૂર્તિ પ્રભુ એમાંથી જ્ઞાનના પ્રમાણનો અંશ જે જ્ઞાન એ એમાંથી આવે છે. જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, ચૈતન્યનો પુંજ છે. જેમ સાકર ગળપણનો પિંડ છે એમ આ આત્મા ચૈતન્ય જ્ઞાનનો પુંજ છે. આહા..હા..! એ જ્ઞાનમાં પ્રમાણ જ્યારે મતિ, શ્રુત આદિ થાય એ અંતર જ્ઞાનને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને નહિ. છતાં અહીં લેશે ... આ બતાવવું છેને. આ બતાવવું છેને ભેગું. સવારે એમ આવ્યું હતું અને પાછું અત્યારે આ કેમ આવ્યું (એમ થાય) સમજાણું કાંઈ? પરોક્ષ અને પ્રત્યક્ષને ભિન્ન બતાવવા છેને.

છે તો ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો છે પરિપૂર્ણ. દરિયામાં જ્યારે ભરતી આવે છેને, એ ભરતી કાંઈ બહારના પાણીથી ન આવે. ૫૦ ઈંચ વરસાદ અને ૫૦ ઈંચની નદીયું ચારે કોરથી ધોધ પડે, પણ જ્યારે દરિયાના ઓટનો કાળ હોય. ઓટને શું કહે છે હિન્દીમાં? (ભાટ) પાછા હટવાનો કાળ હોય તો એ ૫૦ ઈંચ વરસાદ અને નદીઓ એને ભરતી ન

લાવી શકે. બાઢ. સમજાણું કાંઈ? આહા..હા..! દરિયો છે મોટો આમ એમાંથી જ્યારે છોળું મારે ભરતીની—બાઢ એ અંદરમાંથી આવે છે. અને જ્યારે ઘટે ત્યારે એને કારણે આમ ઘટે છે. સમજાણું કાંઈ? જ્યારે ઘટવાનો કાળ હોય ત્યારે ૫૦ ઈંચ વરસાદ પડતો હોય તો એને ભરતી લાવી શકે (એમ) ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? જ્યારે ઘટવાનો કાળ હોય આમ ત્યારે ૫૦ ઈંચ વરસાદ પડતો હોય તો એને ભરતી લાવી શકે (એમ) ત્રણ કાળમાં નથી અને જ્યારે ભરતીનો કાળ એને હોય ત્યારે એને ૧૧૮-૨૦ ડિગ્રીનો તડકો હોય તો મધ્યબિંદુથી દરિયો કાંઠે આવે ભરતીમાં એને કોઈ રોકી શકે, ત્રણ કાળમાં તાકાત નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન મધ્યમબિંદુમાં જ્ઞાનનો દરિયો છે ભગવાન. એના મધ્યમબિંદુથી જ્યારે પર્યાય જ્ઞાનની અંદરમાંથી આવે એને આ ઇન્દ્રિયો, મન ભલે ન હોય તોપણ એ જ્ઞાનપર્યાય અંદરથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. એની એને સ્વતંત્રતાની ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળ્યું નથી, વિચાર નથી કર્યો.

ઉત્તર :- વિચાર કર્યો નથી, એણે સાંભળ્યું તોપણ સાંભળ્યું નથી ખરેખર. કાને પડ્યું કાઢી નાખ્યું. કહે છે, નિશ્ચય, નિશ્ચયની વાત કહે છે. નિશ્ચય એમ કરીને કાઢી નાખે. આપણે તો વ્યવહાર કરવોને? શું ધૂળ કરે? સાંભળને હવે. નિશ્ચય કોને કહેવો, વ્યવહાર કોને કહેવા એની ખબરું ન મળે. આહા..હા..!

અહીં તો કહે છે, '**પ્રમાણ બે પ્રકારે છે—પરોક્ષ અને પ્રત્યક્ષ.**' હવે '**ઉપાત્ત અને અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે...**' સવારથી બીજી જાત આવી એટલે જરી સ્પષ્ટીકરણ કરવું પડેને. ઉપાત્ત છેને નીચે? '(**ઇન્દ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે.**)' આ ઇન્દ્રિયો અને મન એ નિમિત્ત છે. જ્ઞાનની અવસ્થા થાય છે પોતાથી, પણ એને પરોક્ષ સિદ્ધ કરવું છે એથી આ નિમિત્ત જેમાં હોય એવા જ્ઞાનને પરોક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! સવારે તો ના પાડી હતી કે કોઈપણ જ્ઞાન, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન બાર ઉપયોગના ભેદ છે. એ કોઈપણ ઉપયોગની પર્યાય અંદર અનુસરીને જ આવે છે. આહા..હા..! અહીં એમ છે, પણ અહીંયાં પરોક્ષ પ્રમાણ અને પ્રત્યક્ષના ભેદ બતાવવા છે એથી પરોક્ષમાં પાંચ ઇન્દ્રિયો અને મનનું નિમિત્ત છે. જ્ઞાનની દશા તો અંદરથી આવે છે. સમજાણું કાંઈ? ભારે આવું. માર્ગ આ છે બાપુ હોં! આ સમજ્યા વિના નિવેડા નથી. આહા..હા..! ભક્તિ કરે ને વ્રત પાળે ને તપસ્યાઓ કરે મરી જાય. એમાં કાંઈ ધર્મ-બર્મ નથી. આહા..હા..! જ્યાં ધર્મ છે ત્યાં એ વિકલ્પ નથી અને વિકલ્પ છે ત્યાં ધર્મ નથી. આહા..હા..!

કહે છે, આ ઇન્દ્રિયો અને મન ઉપાત્ત પદાર્થ છે, એટલે છે એમ. રહેલાં છે. ઉપાત્ત

પરપદાર્થો છે. એના નિમિત્તથી જ્ઞાન થાય તેને પરોક્ષ કહે છે. '**અનુપાત્ત = અણમેળવેલા. (પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે.)**' પ્રકાશ હોયને. સમજાણું? '**ઉપાત્ત અને અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે...**' એ જ્ઞાનની પર્યાયમાં આવા નિમિત્તો હોય તે જ્ઞાનની દશાને પરોક્ષ કહે છે. થઈ છે તો અંદરથી. સમજાણું કાંઈ? પણ આ નિમિત્ત છેને? જ્ઞાનની પર્યાય થઈ છે પોતામાં, પણ આ નિમિત્ત છે માટે એને પરોક્ષ કહેવામાં આવે છે. એમ નિર્ણય કરે છે પહેલો વિકલ્પ દ્વારા કે આવા જ્ઞાનની પર્યાયને પરોક્ષ કહેવાય '**અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.**' એકલો જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા જેને ઇન્દ્રિય અને મનની જરૂર નથી એવું જ્ઞાન અંતરમાંથી આવે, અંતરમાંથી તો ઓલું પણ આવે છે પણ આ અંતરની અપેક્ષા રાખીને પરની અપેક્ષા વિના આવે, એવા જ્ઞાનની દશાને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે...**' પોતાને આશ્રયે '**પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.**' એમાં નિમિત્ત નથી પાંચ ઇન્દ્રિય આદિ. હવે એ પ્રમાણના પ્રકારની વ્યાખ્યા કૌંસમાં છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૬, ગુરુવાર, તા. ૦૬-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩, પ્રવચન-૬૨

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર છે. ૧૩મી ગાથાનું ચાલે છે. પહેલા એમ કહ્યું કે આ જીવ જે છે જીવ આત્મા, એક પર્યાયમાં નવ તત્ત્વપણે ભાસે છે ભેદ ભેદ તરીકે. ઝીણી વાત છે, ભાઈ! એ નવમાં ભાસે છતાં તેમાંથી એકપણું, જ્ઞાયકપણું તારવવું એનું નામ આત્માનો જાણનાર સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવાય છે. આહા..હા..! આ શરીર આદિ જે આ છે એ તો માટી, જડ છે, આ તો અજીવ, પુદ્‌ગલ છે, માટી છે આ તો. એ કોઈ આત્મા નથી, તેમ આત્મામાં આ નથી. આ તો માટી-જડ છે. હવે જેને ધર્મ કરવો હોય તો કેવો આત્મા દૃષ્ટિમાં લેવાથી ધર્મ થાય? કે આત્મા ભગવાન આત્મા સર્વજ્ઞ તીર્થંકર

કેવળીએ જે જોયો એ આત્મા આ શરીર, વાણી, મન આ તો માટી છે, એનાથી જુદી ચીજ છે. તેમ એમાં પુણ્ય અને પાપના રાગ થાય, દયા, દાન, વ્રત, ભક્તિના, કામ, ક્રોધના એ તો આસ્રવતત્ત્વ વિકારી ભાવ છે. એ આત્મા એ પર્યાયમાં વ્યાપે છે શુભ-અશુભ રાગાદિમાં. આમાં તો વ્યાપતો નથી. આ શરીર, વાણી એ તો જડ અજીવતત્ત્વ છે. હવે એની પુણ્ય-પાપની પર્યાય જે છે આસ્રવની, બંધની એમાં એની દશાઓ છે, પણ એવી દશાઓને જોતાં વિકલ્પ ઉઠે છે, રાગ ઉઠે છે અને બંધનું કારણ થાય છે. એથી જેને ધર્મ કરવો હોય એણે આત્મા એકાકાર, પર્યાયમાં લક્ષ ન આપતા, ભેદ ઉપર લક્ષ ન આપતા અભેદ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ એ ઉપર દૃષ્ટિ આપતા પર્યાયોના ભાવ ગૌણ થઈ જાય છે, વસ્તુની દૃષ્ટિ મુખ્ય થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શનને પહેલો ધર્મ થાય છે. શેઠ! પુસ્તક આવ્યું કે નહિ? પુસ્તક નથી? રાખો છો કે નહિ અહીંયા? કેમ લાવ્યા નહિ? ... કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ ધર્મ બહુ સૂક્ષ્મ છે. લોકો માની બેઠા છે એવું આ ધર્મનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

પ્રભુ આત્મા શુભ ચૈતન્યઘન આનંદનો પિંડ જ્ઞાયક સ્વભાવ છે, એકરૂપ ચીજ આત્મા છે. એને નવ તત્ત્વમાં પ્રસરતો ન જોતાં, નવ તત્ત્વમાં અટકેલી દશા ઉપર લક્ષ ન આપતા... આ ગૌણ ત્યાંથી કર્યું છે.. ૬ ગાથાથી ... ઉતાર્યું છે. કારણ કે પાઠમાં કે ટીકામાં નથી. આહા..હા..! ખુલાસો કરવો પડ્યો, શું કરે? આત્મા અંદર સત્ શાશ્વત્ જ્ઞાન અને આનંદનું ધામ આત્મા છે. પૂર્ણાનંદ સ્વરૂપ છે. એને વર્તમાન દશામાં, શરીર, વાણી, મન એ તો રહિત છે, પણ એની પર્યાયમાં રાગાદિ સહિત છે એવી દશાને પણ લક્ષમાંથી છોડી દઈ. આહા..હા..! એકલો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અંતર્મુખ દૃષ્ટિ કરતાં ભેદની જે પર્યાયોની ગૌણતા એટલે લક્ષ છૂટી જાય છે. ત્યારે તેને આત્મા અંદર ચિદાનંદસ્વરૂપ અનુભવમાં આવે એને સમ્યગ્દર્શન અને એને ધર્મ કહે છે. આ વિના ધર્મ હોતો નથી. કહો, પોપટભાઈ! આવું છે ઝીણું બહુ છે.

હવે આપણે અહીં પ્રમાણનું આવ્યું છે. કહે છે કે એ નવ પ્રકારના પર્યાયો જે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ આદિ એ તો અંશપણે છે, પણ ત્રિકાળી (ઉપર) દૃષ્ટિ દેતાં તે જૂઠાં છે. એના સ્વરૂપમાં એ ભેદ છે નહિ. એવા સ્વરૂપનો અનુભવ કરવો, એવા સ્વરૂપને દૃષ્ટિમાં લેવું એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહે છે. એ વિના જન્મ-જરાના આંટા મરણના નહિ મટે એને. ચોર્યાસીના આંટામાં દુઃખી છે પ્રાણી, દુઃખી છે. કરોડપતિ, અબજોપતિ બધા દુઃખી બિચારા અંગારામાં શેકાય છે.

મુમુક્ષુ :- એને કાંઈ બિચારા કહેવાય?

ઉત્તર :- બિચારા નહિ, ભિખારા કહેવાય. એય..! પ્રાણભાઈ! આ શેઠિયા બેઠા મોટા

.... આ લ્યોને, પચાસ-પચાસ લાખ ને સાંઈઠ-સાંઈઠ લાખ. લાખ હોં. ધૂળમાંય નથી એના કાંઈ. પૈસા ધૂળ, જડ છે. શરીર જડ છે. આ અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ અચેતન છે. એ કાંઈ આત્માની જાત અને આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! એ આત્માના સ્વભાવની શાંતિને સ્વભાવને નથી જાણતા અને એકલા શુભ અને અશુભ રાગમાં છે એ બધા કષાયની અગ્નિએ સળગી ગયેલા છે. ભગવાનજીભાઈ! બરાબર હશે? તમને તો બધા સુખી કહે છે. દોઢ લાખની તો ભાડાની ઊપજ છે એને, ભાડાની. એ મકાન વેંચી નાખ્યું હવે નહિ? દોઢ લાખ ભાડું હો વર્ષનું ભાઈ. એટલા મકાન હતા. ક્યાં? નાઈરોબી? પૈસા ઘણા એટલે લોકો એમ કહે સુખી છે બધા.

મુમુક્ષુ :- બીજા પણ કહે.

ઉત્તર :- ગાંડા તો કહેને. પાગલ પાગલને ન કહે તો કોને કહે? શેઠ! આહા..હા..!

પ્રભુ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથના જ્ઞાનમાં એમ આવ્યું અને એમ છે કે જે આત્મા અખંડ આનંદ પ્રભુ છે એની જેને દૃષ્ટિ નથી, એનો જેને આનંદનો સ્વાદ નથી એ બધા પ્રાણીઓ વર્તમાનમાં કષાય, પુણ્ય અને પાપ બેય હોં! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ અગ્નિ રાગ છે, કષાય અગ્નિ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, કપટ, લોભ, રતિ, અરતિ એ બધા ભાવો કષાય અગ્નિ, કષાય અગ્નિ છે, ભઠ્ઠી છે. સમજાણું કાંઈ? એ ભઠ્ઠીમાં શેકાય છે અનાદિથી. ભાન નથી. એ એને ભઠ્ઠીથી દૂર થવું હોય, જન્મ-મરણના આંટા ચોર્યાસીના અવતાર નરક અને નિગોદ આહા..હા..! આ ... ઓલા સાતસો વર્ષના ભાઈ બ્રહ્મદત્ત નહિ? વાત કરી હતીને. બ્રહ્મદત્ત ચક્રવર્તી છેને? ૭૦૦ વર્ષ રહ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તી. છન્નું હજાર તો રાણી, છન્નું કરોડ પાયદળ. બ્રહ્મદત્ત ચક્રવર્તી ૭૦૦ વર્ષ (રહ્યો). એ મરીને સાતમી નરકે ગયો છે અત્યારે. અપરિઠાણા સાતમી નરક ૩૩ સાગર. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ...આ સાંભળીને જરી. અંદર આવે છેને?

ભગવાન તો એમ કહે છે, પ્રભુ! એક વાર સાંભળને વાત તારી. નિશ્ચયની વાત અમે કહીએ છીએ કે એ બ્રહ્મદત્તના સાતસો વર્ષના શ્વાસ કેટલા થાય? સાતસો વર્ષ ... એના શ્વાસ. એટલા શ્વાસ થાય. એ સંખ્યાતા શ્વાસ હોય, પણ એના પાપ કરીને મરીને સાતમી નરકે ગયો ૩૩ સાગર. સમજાણું? ... નિયમસારમાં. શેમાં? ... એમાં છે લ્યો.

કહે છે, એ સંસારના સુખની કલ્પનામાં રહેલા. સુખ છે નહિ ક્યાંય. બાયડીમાં, પૈસામાં, આબરૂમાં, ધૂળમાં, લાડવામાં ધૂળમાં ક્યાંય સુખ નથી. કલ્પના કરીને મૂઢ બેઠો છે. સમજાણું કાંઈ? શેઠે સાંભળ્યું નહિ હોય. ... આંકડા લખ્યા છે આમાં. બે-ત્રણ-ચાર દિ' પહેલાં યાદ

આવ્યા હતા. મોટા મોટા ત્રણ .. છે. એ સાતમી નરકે અત્યારે છે બ્રહ્મદત્ત. સાતસો વર્ષ માનેલું સુખ સ્ત્રીનું એક રાણીની હજાર દેવ સેવા કરે એવી રાણીનો ભોગ. એવી એવી છન્નું હજાર રાણી અને છન્નું કરોડ પાયદળ. ૪૮ હજાર નગર, બોંત્તેર હજાર પાટણ. એક કરોડ તો જેને શું કહેવાય? ... નથી કહેતા કાંઈ? ભૂલી ગયા તમારે. હળ-હળ. એક કરોડ હળની જમીન હતી એને. હળ-હળ. એ એણે આટલું સુખ કલ્પનાનું ભોગવ્યું, એના એક શ્વાસમાં લ્યો! ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યનું દુઃખ છે અત્યારે એને.

મુમુક્ષુ :- એક શ્વાસમાં...

ઉત્તર :- હા એક શ્વાસમાં સુખ માનેલું. માનેલું. ધૂળમાંય ક્યાંય નથી બાયડીમાં ને માંસમાં ને હાડકામાં. સમજાણું કાંઈ? શેઠ! એક શ્વાસમાં એટલું એને ફળ આવ્યું. એક શ્વાસ અહીંયાં અને ત્યાં નરકમાં ૧૧ લાખ, ૫૬ હજાર, ૯૨૫ પલ્યોપમનું દુઃખ. એક પલ્યોપમમાં અસંખ્યમાં ભાગમાં અસંખ્ય હજાર. ઓલા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ, એવા ૩૩ સાગરે ત્યાં અત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી છે. એમ દરેક જીવ અનંત વાર ત્યાં જઈ આવ્યો છે. કાંઈ નવી ચીજ છે નહિ. આહા..હા..! આત્માના ભાન વિના, અનુભવ સમ્યગ્દર્શન વિના એણે આવા... શું કીધું? પ્રાણભાઈ! સાતસો વર્ષ ત્યાં રહ્યો. .. બાળક હશે. પચ્ચીસ વર્ષ તોફાનમાં ગયો, લડાઈ કરવામાં પણ એણે સુખ તો માનેલું... એના ફળમાં એને એક શ્વાસ અહીંયાં રહ્યો એના ફળમાં ૧૧ લાખ, ૫૬ હજાર, ૯૨૫ પલ્યોપમનું દુઃખ ત્યાં નરકે છે. ભગવાન કહે છે કે ૩૩ સાગરે ગયો ત્યાં. ૩૩ સાગરના જે શ્વાસ થાય એમાં એક શ્વાસનું ફળ આટલું એને આવ્યું છે. વસંતીલાલજી!

પલ્યોપમ. પલ્યોપમ કોને કહે? દસ ક્રોડાક્રોડી પલ્યોપમને એક સાગરોપમ કહીએ. એવા ૩૩ સાગરને આયુષ્યે ગયો. અહીંયાંના એક શ્વાસના દુઃખનું ફળ ત્યાં ૧૧ લાખ પલ્યોપમ, ૫૬ હજાર અને ૯૨૫ પલ્યોપમ. આહા..હા..! એણે ક્યાં વિચાર કર્યો? આ દુનિયામાં જન્મ્યો અને નીકળ્યો, આ ખાધા ને પીધા, કાંઈક પાંચ-પચાસ લાખ મળ્યા હોય ધૂળ, એમાં થઈ જાય કે અમે મોટા થઈ ગયા અને સારા થઈ ગયા. ...ભાઈ! ... આખી ચીજને ભૂલી ગયો. એ કહે છે કે આટલા... એ ત્રણ બીજા આંકડા હતા. આ એક શરીરમાં રોગનો આંકડો લખ્યો હતો. હમણાં .. બીજા અમારે. એક શરીર છેને આ એમાં એટલા રોગ છે ભગવાન કહે છે. ૫ કરોડ ૬૮ લાખ, ૯૯ હજાર ૫૮૪ રોગ છે. આ રોગની મૂર્તિ છે આ જડ, માટી, ધૂળ. આહા..હા..! એક આંકડો નહિ પણ ત્રણ આંકડા ભેગા કરી નાખ્યા. અને એક ચંદ્ર, સૂર્ય ને તારા કેટલા છે? કે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. એવા ત્રણ આંકડા શાસ્ત્રમાં લખેલા છે. આંકડો યાદ ન રહે. પ્રાણભાઈ! કોની હવે આમાં માંડવી? આહા..હા..! ... એક શ્વાસનું સુખ કલ્પેલું. શેઠ! તમારે તો આઠ લાખનો બંગલો છે આરસપહાણનો, સાગરમાં.

શેઠ! અહીં અમારે ... સાગરમાં. આરસપહાણના. એવા એવા તો મકાન કેટલાય છે ગામમાં. મોટા ગૃહસ્થ છે. પણ કહે છે કે એની કલ્પનાના સુખ આ બાયડીના ને શું તમારું કહેવાય? ... ... આહા..હા..! પણ આમ બધા વખાણ કરે. આહા..હા..! ભગવાન! સાંભળને કહે છે. ભગવાન તો નામ છે તમારું. કહે છે કે સંસારના ચક્રવર્તીના સુખ કલ્પેલા, એક શ્વાસની સ્થિતિમાં એને આટલા પલ્યોપમના દુઃખમાં જાવું પડ્યું. એ આંકડો છે, હમણાં થોડા દિ' પહેલા (જોયો હતો). ભગવાન! તને ખબર નથી, પ્રભુ! તું ક્યાં છે, ક્યાં રહ્યો ભાઈ! આ પચરંગી દુનિયામાં અને જરી કાંઈક થયું તો માની બેઠો.. અમે ધર્મ કરીએ છીએ, દયા પાળીએ, વ્રત કરીએ, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ, સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! તને દયા નથી, બાપુ! તને તારી હોં!

કહે છે કે જો તે ચાર ગતિના રખડવાના ભયંકર સંસારના દુઃખો એમાંથી છૂટવું હોય તો આ નવ તત્ત્વોની પર્યાયોના ભેદ છે એની સામું ન જો કહે છે. આહા..હા..! આમ તો બાયડી, છોકરા, કુટુંબ સામું નહિ, દેવ-ગુરુ-શાસ્ત્ર સામું નહિ પણ તારામાં પર્યાય હાલત દશાઓ પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગની અનેક થાય એની સામું ન જો ભાઈ! એમાં એકાકાર ચૈતન્યમૂર્તિ ભગવાન છે પોતે એની સામું જોઈને એની દૃષ્ટિ કર અને અનુભવ કર, તો જન્મ-મરણથી છૂટાશે, નહિતર છૂટાશે નહિ. મોહનભાઈ! આહા..હા..! આવું છે. આહા..હા..!

અહીં તો વિશેષ કહે છે. બીજું આવ્યું છે હવે. '**તેથી એ બે પ્રકારના પ્રમાણ છે.**' આવ્યું છેને ત્યાં? પહેલી લીટી છે ૩૫ પાને. શું આવ્યું હતું એ? થોડું કહીએ. પહેલા એમ કીધું કે આત્માને કેવળજ્ઞાન થાય, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે અને એને અવધિજ્ઞાન થાય એ રૂપી ચીજને અમુક જાણે, મનઃપર્યયજ્ઞાન થાય એને રૂપીના અનંતમા ભાગને પણ જાણે અને મતિ અને શ્રુતજ્ઞાન થાય એના પ્રમાણમાં એને અમુક જાણે. એવા જ્ઞાનના પાંચ ભેદ છે પર્યાયમાં એની સામું પણ ન જો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! એવો માર્ગ છે પણ જગતને બિચારાને સાંભળવા મળ્યો નથીને. અરેરે! ક્યાં જાશે? અને ક્યાં જાવું છે એની ખબર નથી એને. સમજાણું કાંઈ?

કહે છે, એ પ્રમાણ જ્ઞાનના ભેદો હો. '**તે બન્ને પ્રમાતા,...**' બન્ને એટલે શું? પરોક્ષ અને પ્રત્યક્ષ. મતિ-શ્રુતજ્ઞાન છે એ પરોક્ષ છે. કેમકે એમાં મન અને ઈન્દ્રિય નિમિત્ત છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એક એક અંશે પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન એ સર્વ અંશે પ્રત્યક્ષ છે. એવી આત્માની વર્તમાન દશામાં એવા પ્રમાણના જ્ઞાનના ભેદો હો, પણ '**તે બન્ને...**' પરોક્ષ અને પ્રત્યક્ષ. '**પ્રમાતા,...**' હું એક જાણનારો છું. '**પ્રમાણ,...**' મારા જ્ઞાન વડે જાણું છું. '**પ્રમેયના...**' મારા જ્ઞાનમાં, મારા દ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રમેય કરું છું. અહીં ભાઈ એ લીધું. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! કહે છે, એ '**પ્રમાતા,...**' હું એક જાણનારો અને જ્ઞાન

દ્વારા જાણું અને જ્ઞાન દ્વારા મારી ત્રિકાળી ચીજ ગુણ અને પર્યાય એને પ્રમેય કરું, જ્ઞેય બનાવું. આહા..હા..! એ '**પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે,...**' વર્તમાન છે. આહા..હા..! જાણનારો હું, જણાય જ્ઞાનથી અને જણાય જ્ઞાનમાં જ્ઞેય પોતાના ત્રિકાળ દ્રવ્ય, ગુણ અને પર્યાય. એવા ભેદો હો, પણ એ ભેદો છે એ અપેક્ષાએ સાચા છે, આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...**' ઓલો '**व्युदस्त**' ગૌણનો અર્થ .. ત્યાં પાઠમાં છેને. ગૌણનો .. લીધા. '**व्युदस्त**' છેને માથે? વિશેષ અર્થ છે સંસ્કૃતમાં. આથમી ગયા એટલે.. આહા..હા..! કહે છે, ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ એના આવા પ્રમાણના ભેદો ભેદની અપેક્ષાએ છે. આહા..હા..! પણ એ આશ્રય કરવાલાયક નથી. એને આધારે ધર્મ થાતો નથી. ભગવાનજીભાઈ! આવું છે. ત્યાં આફ્રિકામાં ક્યાંય આવું સાંભળવા મળે નહિ. ચિંતન બિચારો કહેતો હતો આજે, આવું સાંભળવા મળતું નથી. .. પૈસાવાળા ત્યાં તો વખાણ બહુ કરેને. ... આવું સાંભળવા મળતું નથી. પૈસાવાળા .. એય..! પોપટભાઈ! તારી આબરૂ એ નરકની આબરૂ છે. સાંભળને. આબરૂ કેવી તારી? આબરૂ તો અંદરમાં પડી છે. એમ કહેતો હતો, નહિ? સાંભળવા મળતું નથી ત્યાં. વાત સાચી છે તારી. ....નો દીકરો. ... આવ્યા હતાને પ્રવીણભાઈ હમણા. ... અહીં બોલાવ્યા હતા. ... ભાઈ. પાંચ-પાંચ, સાત હજારના પગાર છે. સાત-આઠ હજારના મહિના. .. મહિને ૨૦ હજારનો પગાર છે. પાવર ફાટી જાય. .... કેટલા કીધા? ૨૪૦૦ ડોલર મહિનાનો છે. ૨૪૦૦ ડોલરનો પગાર. ધૂળેય નથી હવે ત્યાં. ... એ શું છે? માટી ધૂળ છે. એ મારા માનનારો મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. અજીવ ચીજને જીવને એમ માનવું કે એ મારી છે (એ મૂઢ છે).

મુમુક્ષુ :- એ વ્યવહારે તો મારી છેને.

ઉત્તર :- ધૂળેય નથી. વ્યવહારે ગરી ગઈ છે એમાં? એની પર્યાયમાં છે? એ તો મૂઢ માને છે કે એ મારી છે. ઈ માને છે. છે ક્યાં? એય..! પોપટભાઈ! એક વાર કહેતા હતા. મોટો જુવાન માણસ. .. પેદાશ. ... મરી જવાનો છો બીજા બધે રસ્તે. આ રસ્તા ભૂંડા છે તારા. એય..! પ્રવીણભાઈ!

અહીં તો પ્રભુ એમ કહે છે, ત્રિલોકનાથ તીર્થંકરની સંદેશ વાણી આ આવી છે. આહા..હા..! ભાઈ! એ તું પરની આબરૂમાં, પૈસામાં, શરીરમાં તો પ્રભુ તું નથી, એ તો પર છે, પણ તારામાં થતાં નવના ભેદ અને પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયના ભેદ એ અવસ્થામાં જોતાં એ છે. પણ એની અંતર દૃષ્ટિએ જોતા એ છે નહિ. ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ એના અંતરમાં તળમાં જોતા એ ભેદો ત્યાં ગૌણ થઈ જાય છે એટલે નથી. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માની બેસે કે આપણે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ

છીએ (એટલે) આપણે સમકિતી છીએ. હવે વ્રત પાળો. ધૂળેય નથી સાંભળને. એય..! પ્રાણભાઈ! આ ઈંજેક્શન અપાય છે આ.

મુમુક્ષુ :- સાચા.

ઉત્તર :- સાચા. જુદા પડી જાય, જુદા છે. આહા..હા..!

જાગ રે જાગ રે તું ચૈતન્ય એકરૂપ સ્વરૂપ છોને ભાઈ! એમાં દૃષ્ટિ દે તો તને સ્વરૂપની પ્રતીતિ અને સમ્યગ્દર્શન અને આનંદનો સ્વાદ આવશે. એ વિના આનંદનો સ્વાદ આવ્યા વિના તને સમકિત થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આ શ્વાસ ચડે ત્યારે શું કરે પછી? પડ્યા રહે એકલા. .. શું કરે? .. ડોક્ટરને બોલાવે. .. અંદર? પૈસા હોય તમારા બધા ૫૦-૬૦ લાખના બંગલા કરો સાદ, એય..! પૈસા તારા સાટું મેં પાપ કરીને ભેગા કર્યા, હવે કાંઈક મદદ કર અત્યારે. એવું આવે છે શાસ્ત્રમાં. સમજાણું કાંઈ? અરે! પ્રભુ તું તો એનાથી તો જુદો, એને અને તારે કાંઈ સંબંધ નથી, ભાઈ! એકલડો આવ્યો અને એકલડો છો અને એકલડો ચાલ્યો જઈશ.

તારા આત્મામાં આવા નવ તત્ત્વના ભેદ પડે એની સામું ન જો. આહા..હા..! અને આ હું જાણનારો અને આ જ્ઞાન જાણે, અને આ ત્રણને જાણે એવા ભેદ એ ભેદની અપેક્ષાએ છે, પણ એની સામું જોયે રાગ થશે, તને ધર્મ નહિ થાય. આહા..હા..! કહો, ત્રંબકભાઈ! બહુ આકરી વાત ભારે ભાઈ! આવો જૈન ધર્મ હશે? જૈન ધર્મ તો દયા પાળવી, વ્રત પાળવા, લીલોતરી ન ખાવી, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એ બધું સાંભળ્યું છે અત્યાર સુધી. હવે આવો ક્યાંથી કાઢ્યો? જૈન ધર્મ જ આ છે. આહા..હા..! એ.. પંડિતજી! પ્રભુ! તેં તારી જાતને જાણી નથી. તું કેવડો? કોણ? એ જાણવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. દુનિયાને બધી ડોળી નાખી છે. ડોળી એટલે? જ્ઞાનમાં જાણે આ જાણું છું... આ જાણું છું... આ જાણું છું... દેવનો દીકરો ઉતર્યો જાણે વાતું કરવા બેઠો હોય તો.

મુમુક્ષુ :- દેવનો દીકરો એટલે?

ઉત્તર :- એટલે બહુ હુશિયાર. ઓહો..હો..! અમેરિકામાં આમ હતું, ... નહિ. એવી બધી વાતું બહુ કરે અમેરિકાવાળા. ઉપરથી જાણે ઉતર્યા હોયને આકાશમાંથી.

મુમુક્ષુ :- .. થાય છે એની વાત ન કરે?

ઉત્તર :- ના, ઈ ન કરે. ... એ બધી વાતું કરે અમેરિકાવાળા. આપણે એવું અહીં નથી. એ લોકો સુખી છે. ધૂળેય સુખી નથી સાંભળને હવે. સમજાણું કાંઈ? શોભાલાલજી! ભાઈ! અહીં તો આ છે.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે તારા સુખ આમાં તો નથી, પણ પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ એવા ભેદમાં પણ તારું સુખ નથી. આહા..હા..! ગજબ વાત

છેને. આત્મા જાણનારો એ જ્ઞાનમાં સમાય, જ્ઞાન જાણે, એની ત્રિકાળી ચીજ ગુણ અને પર્યાયના ભેદમાં. એ ચીજના આવા લક્ષમાં પણ સુખ નથી કહે છે. આવા ભેદને લક્ષે પણ તને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..!

**'જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...'** હું એક પ્રમાતા વસ્તુ છું, જ્ઞાન જાણનાર છે પ્રમેયને, આ પ્રમેય એટલે જણવાયોગ્ય વસ્તુ છે એવા ભેદોને છોડી દે લક્ષમાંથી. એવા ભેદોને ગૌણ કરી, એવા ભેદોને અસ્ત કરી, **'એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** એક સ્વરૂપે ભગવાન આત્મા છે એવો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો અનુભવ કરતાં તેઓ ભેદ તે જૂઠાં છે. આહા..હા..! આને પહોંચવું જગતને. બહારમાંથી નીકળી અને અહીં જાવું તો મોટા પરસેવા ઉતરી જાય એવું છે. સાંભળ્યું નથી અને લક્ષમાં પણ નથી વાત કે હું ક્યાં છું, શું છે અને શું થઈ રહ્યું છે? આહા..હા..!

ભાઈ! તારા આવા ભેદમાં પણ કષાયની અગ્નિ સળગે છે એમ કહે છે. પુણ્ય-પાપના ભાવ તો કષાય છે જ. અંગારા છે. ભાઈ! તને ખબર નથી. પ્રભુ શીતળસ્વરૂપ, શાંતસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. આહા..હા..! એનાથી આ પુણ્ય અને પાપના ભાવ એ તો અંગારા, દુઃખ, ઝેર છે, પણ અહીંયાં કહે છે કે પ્રમાતા, પ્રમેય અને પ્રમાણના ભેદ પાડવામાં રહેવું એ પણ એક રાગ છે અને કષાય છે અને દુઃખ છે. વીતરાગનો માર્ગ કોઈ જુદી જાતનો છે. દુનિયાને એને વીતરાગને નામે બીજું જ અપાણું છે. પોપટભાઈ! આહા..હા..! બે બોલ થયા. એક નવ તત્ત્વને કાઢી નાખ્યા અને પ્રમાતા, પ્રમેયને એનો ભેદ કાઢી નાખ્યો. એકલું ચૈતન્ય સ્વરૂપ અંદર, પૂર્ણ સ્વરૂપ ચૈતન્ય અખંડ એ એકરૂપની દૃષ્ટિ આપતા આ ભેદો ત્યાં લક્ષમાં રહેતા નથી. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..!

આમાં આજે આવ્યું છે ક્યાંક. એ છેને... એમાં આવ્યું છે. દસ લાખ .. બહુ લખ્યું છે. આપણે જૈનપત્ર. એમ લખ્યું છે. અને સારા સારા જેટલા .. બુદ્ધિવાળા ડોક્ટરો હારબંધ રાખીને ગોળીઓ ચલાવી છે. આહા..હા..! અને બહેનો દીકરીયુંના... આહા..હા..! કાળા કેર લખે છે આમાં. ... આવે છેને, જયપુરથી. આહા..હા..! માણસને ચીરી નાખ્યા છે બધાને. .. એ તો એનો બિચારાનો ઉદયનો પ્રસંગ, નિમિત્ત છે એ તો. સમજાણું કાંઈ? પૂર્વના બાંધેલા પાપ આવ્યા ઉદય. ઓલાના ભાવ કાળા કેરના. દોડીને નરકે જાશે બધા. આહા..હા..! બહેનો-દીકરીયુંને .. નગ્ન ચલાવ્યા. સ્તન કાપ્યા, કાપીને ઉંધે લટકાવ્યા નાગા. આહા..હા..! ભાઈ! એવા દુઃખો તેં અનંત વાર સહ્યા છે, ભાઈ! એને માટે નથી. અનંત કાળના પ્રવાહમાં પ્રભુ તને આવી દશાઓ અનંત વાર થઈ ગઈ છે. સમજાણું કાંઈ? અને જ્યાં સુધી મિથ્યાત્વભાવ હશે ત્યાં સુધી એવા અનંતા ભવ કરવાની તાકાત મિથ્યાત્વમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- મોટું શલ્ય છે.

ઉત્તર :- મોટું. મિથ્યાત્વ એ મહાપાપ. મિથ્યાત્વ આને કહીએ કે જ્યાં પુણ્યમાં સુખ છે, પરમાં સુખ છે, એક સમયનો પર્યાય તેટલો હું છું, નવ તત્ત્વના ભેદ તે હું છું અને પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ એવા ભેદવાળો તે હું છું, એનું નામ મિથ્યાત્વ કહેવાય છે. આહા..હા..! મિથ્યાદર્શન શલ્ય આવે છેને નામ? કોને ખબર મિથ્યાત્વ કોને કહેવું? કુગુરુ-કુદેવ-કુશાસ્ત્રને માનવા તે મિથ્યાત્વ. લ્યો. આપણે ભગવાનને માન્યા, આપણે મિથ્યાત્વ નથી. લ્યો! સાંભળને હવે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એને માન એ પણ રાગ છે અને એ રાગથી મને લાભ થશે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? વસંતીલાલજી! એવી વાત છે, પ્રભુ! આહા..હા..!

તારી ચીજ તો અંદર એકરૂપે બિરાજમાન છે, પ્રભુ! એની સામું જો, એમાં દૃષ્ટિ લગાવ, એમાં એકાકાર થા, તને સમ્યગ્દર્શન અને અનુભવ થશે. તને અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ આવશે, પણ એ ભેદને ભૂલી જા તો. સમજાણું કાંઈ? આહા..હા..! બાયડી, છોકરા.. ભૂલી જવા, શરીરને ભૂલી જવું, મન અને વાણીને ભૂલી જવું. આહા..હા..! અને આવા પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ એવા ભેદને ભૂલી જવા. ગજબ વાત છેને! ભગવાન પાસે અંદર જાવું હોય તો આ ભેદને ભૂલવા પડશે તારે. ભગવાન પોતે હોં! આહા..હા..! ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વરૂપ આત્મા છે. જેટલા સિદ્ધ થયા એ ક્યાંથી આવ્યા? બહારથી આવ્યા છે? અંદરમાં છે એનું સ્વરૂપ એ બહાર આવ્યું છે. એન્લાર્જ થયું છે પર્યાયમાં. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, એ બધા ભેદો... ક્યાં સુધી લઈ ગયા! હેં! પુણ્યભાવ એ ધર્મ નહિ, પુણ્યભાવ એ ધર્મનું કારણ નહિ. આ પર્યાયમાં પર્યાયનું લક્ષ છે એ ધર્મનું કારણ નહિ. અને અહીં પ્રમાતા, પ્રમેય અને પ્રમાણના ભેદ પણ એ ધર્મનું કારણ નહિ. વીતરાગ સ્વભાવમાં આ વાત છે. એવી વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજે ક્યાંય નથી. વાડાવાળાને ખબર નથી તો બીજે તો ક્યાંથી હોય? આહા..હા..! ... એવી જાતમાં બાપુ અનંત વાર આવી ગયો છો. એ કાંઈ નવી વાત નથી. તને એમ લાગે કે એને આમ થયું. પણ અનંત કાળનો આત્મા રખડતો એવા સંયોગમાં અનંત વાર આવ્યો છે એ. આહા..હા..! પણ એણે એ સંયોગથી હું જુદો, રાગથી હું જુદો, ભેદથી હું જુદો (એનું લક્ષ કર્યું નહિ). આહા..હા..! ગુલાબભાઈ! આહા..હા..!

કહે છે, આ ગુરુનો આ ઉપદેશ છે કે **'એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ આનંદકંદ ધ્રુવ છે, ચૈતન્યબિંબ ધ્રુવ છે એવા ચૈતન્યના સ્વભાવ સન્મુખ જતાં, એ આત્માનો અનુભવ કરતાં એ પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ ભેદો તે એમાં છે નહિ. એ જૂઠાં છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ અભેદની અપેક્ષાએ ભેદ ભાવ

જૂઠાં છે એમ કહે છે. એ બીજો બોલ થયો. નવ તત્ત્વનો એક કહ્યો, બીજો આ પ્રમાણ, પ્રમેયનો કહ્યો, હવે નયનો આવે છે.

નય એટલે શું? કે જે આત્મા છે વસ્તુ ધ્રુવ, ત્રિકાળ અનંત ગુણનો પિંડ અને એની વર્તમાન અવસ્થા. બે અંશમાંથી એક અંશનું જ્ઞાન કરનારને નય કહેવામાં આવે છે. ઓલા પ્રમાણમાં તો આખું દ્રવ્ય અને એક સમયની પર્યાય, બેનું જ્ઞાન કરનારને પ્રમાણ કહે છે અને આ બેમાં એક અંશનું લક્ષ કરનારા જ્ઞાનને નય કહે છે. આહા..હા..! એકદેશ આવે છેને.

કહે છે કે '**નય બે પ્રકારે છે—**' આચાર્યોએ પણ કામ કર્યા છેને! કહે છે, આત્માને જોવામાં ત્રિકાળી વસ્તુને જાણવાનો અંશ જે છે એ દ્રવ્યાર્થિકનય કહેવાય. આ પહેલું દ્રવ્યાર્થિક. અને વર્તમાન અવસ્થાને જાણનારું જ્ઞાન એને પર્યાયાર્થિકનય કહેવાય. .. '**નય બે પ્રકારે છે—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.**' હવે એનો ખુલાસો કરે છે. '**ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં...**' આત્મા જે વસ્તુ છે એ તો દ્રવ્ય ત્રિકાળી પણ છે અને વર્તમાન પર્યાય પણ છે. આ બધું જુદું છે. આ કાંઈ એનામાં છે નહિ. શરીર, કર્મ એ તો એનાથી ક્યાંય દૂર રહી ગયા, એનામાં છે નહિ અને એ એનામાં નથી. તારામાં હોય તો બે ભાગ. એક ધ્રુવ અંશ ત્રિકાળી, એક વર્તમાન દશાનો અંશ. બે તારામાં છે. સમજાણું કાંઈ?

'**ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં...**' જુઓ, વસ્તુ આ કીધી. ત્રિકાળી રહેનારી વસ્તુ અને એની સમયની અવસ્થા, ક્ષણે ક્ષણે થતી હાલત. એવી દ્રવ્ય પર્યાયસ્વરૂપ વસ્તુમાં, એવી ચીજમાં '**દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે...**' અનુભવ શબ્દે જાણવું. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી ધ્રુવ એને મુખ્યપણે (જણાવે). ત્યાં મુખ્ય શબ્દ છે. અંદર. મુખ્ય શબ્દ છે? નહિ. ગૌણપણે ... એવો શબ્દ છે. આમાં મુખ્ય શબ્દ પડ્યો છે. શું કીધું આમાં? કે અહીં તો હવે તારા જાણવાના પ્રકારમાં આવ્યો અંદર હવે. કહે છે, દ્રવ્યનો.. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી ધ્રુવ નિત્ય દ્રવ્ય પદાર્થ આત્મા છે... છે... છે... છે... ત્રિકાળ છે. એવાને મુખ્યપણે જ્ઞાન કરાવે, જ્ઞાન કરાવે તે દ્રવ્યાર્થિકનય છે. તે દ્રવ્યનું જેને પ્રયોજન (છે) એવા જ્ઞાનના અંશને નય કહે છે. આવો ધર્મ સમજવામાં કેટલી (મહેનત) દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. એ કરતાં જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ જાવ. ધૂળેય નહિ થાય, સાંભળને. એવા ઘડિયા તો અનંત વાર ગણ્યા, એમાં ધર્મ છે નહિ. પાઠ બોલી જાય, જીવીયા વહોરવિયા.. હાંકે રાખે. તસ્સ ઉતરી તાવકાયં ઠાણેણં જાણેણ અપ્પાણં જાવ.

કહે છે કે વસ્તુ જે આત્મા છે તું પોતે એના બે ભાગ. એક કાયમ રહેનારો અંશ અને એક વર્તમાન દશાનો અંશ—બે થઈને વસ્તુ છે. ત્રીજી ચીજ તારામાં છે નહિ. હવે એમાં દ્રવ્યને એટલે વસ્તુ ત્રિકાળી ધ્રુવ છે એને મુખ્યપણે જણાવે, જાણપણું થાય તે દ્રવ્યાર્થિકનય

કહેવામાં આવે છે. ભાઈ! વાત તો જે હોય એ આવશે. એને ગમે એવી સહેલી કરવા જાય તો બીજું કાંઈ આવે? હેં? અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે, વર્તમાન અવસ્થા, જ્ઞાનના અંશના વિકાસની અવસ્થા, પુણ્ય-પાપની (અવસ્થા), એવો જે પર્યાય અંશ એનું જે જ્ઞાન કરાવે તે પર્યાયાર્થિકનય કહીએ. અનુભવ એટલે જ્ઞાન '**કરાવે તે પર્યાયાર્થિકનય છે.**' પર્યાય અર્થી એટલે જેનું પ્રયોજન જાણવાનું એને નય પર્યાયાર્થિક કહેવામાં આવે છે. હવે આમાં કહે .. માણસ ભેગા થાય સાંભળવા. આ શું કહે છે? ઓલી વાત તો દેશનો ઉદ્ધાર કરો, ભેગા ભળો. સામે લાખ માણસ ભેગા પણ થાય.

મુમુક્ષુ :- કેટલી વાર?

ઉત્તર :- થોડી વાર મહિનો, બે મહિના, ચાર મહિના. પણ ભેગા થાયને એક કલાકમાં. એય..મોટી સભા, લાખ, બે લાખ માણસ. આમ કરો... આમ કરો... એ તો ઉપદેશક છે, કરે ક્યાંથી? ... આપણા દેશનું રક્ષણ કરવા માટે યુવાનોએ બલિદાન દેવું પડશે. તારો દેશ ક્યો? આ દેશ તારો છે? તારો દેશ તો અહીં છે. પોપટભાઈ! આવી વાત છે, બાપા! તારો દેશ તો આ દ્રવ્ય અને પર્યાય એ તારો દેશ છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા શરીર પ્રમાણે શરીરથી ભિન્ન ભગવાનનું અસ્તિત્વ છે આત્માનું હોવાપણું એ તારો દેશ છે. એ દેશના રક્ષણ માટે કરવું હોય તો શું કરવું? એની વાત છે. એ ચાલે છે અહીંયાં તો.

અરેરે! એક ક્ષણે દેહ છૂટશે ચાલ્યો જશે, ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? પાછળના માણસ રોવે એ મરી ગયાને નથી રોતા. એનું પ્રયોજન વયું ગયું છે રળીને ખવડાવે એ માટે રોવે છે. નહિતર એમ જોવે છે કે અરેરે! તું ક્યાં મરીને ગયો હઈશ ભાઈ? એમ રોવે છે કોઈ? બાપ બેઠા હતા તો આપણે માથે છત્ર હતા. બાપા હતા ત્યાં સુધી આમ હતું. દીકરા-દીકરી વરાવવામાં અનુકૂળતા હતી, એની માથે છત્રછાયા છે આપણે. એમ બધી વાતું કરે ગાંડા. એય..! ..ભાઈ! એવી વાતું કરે, બીજી શેની લાવે ત્યાં? અરેરે! ભાઈ! તારો દેશ તો અહીં છે બાપા! તારો દેશ તારાથી જુદો હોય નહિ. હોય જુદો તે તારો દેશ નહિ. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા એનો એક ત્રિકાળી અંશ ધ્રુવ એનું જે જ્ઞાન કરાવે તેને દ્રવ્યાર્થિકનય કહીએ. મુખ્યપણે. પર્યાયનું ત્યાં ગૌણ છે અને વર્તમાન અવસ્થાનું જે જ્ઞાન કરાવે એને મુખ્યપણે અને ગૌણ દ્રવ્યાર્થિકને રાખે એને પર્યાયાર્થિકનય કહીએ. '**તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી અનુભવ કરતાં...**' જુઓ, આવ્યું. એ વસ્તુ ત્રિકાળી અને એક સમયની દશા, હાલત, પર્યાય એ બેનો ભેદથી અનુભવ—જાણવું કરતાં, બેને ભેદ પાડીને જાણવું કરતાં બે '**ભૂતાર્થ છે,...**' છે ખરું. વિકલ્પથી, આ ત્રિકાળી દ્રવ્ય છે અને આ એક સમયની પર્યાય છે, એમ વિકલ્પના ભેદથી વિચારતાં બે ભાગ છે ખરા. સમજાણું કાંઈ? આહા..હા..! '**દ્રવ્ય**

**અને પર્યાયનો...**' પર્યાયથી એટલે ભેદથી અથવા ક્રમથી. એમ. ઓલા દ્રવ્ય વસ્તુ છેને આમ ત્રિકાળીને લક્ષ કરે છે નિત્યપણે ત્યારે પર્યાયને ગૌણ કરી નાખે છે અને પર્યાયનું જ્યારે લક્ષ કરે ત્યારે દ્રવ્યને ગૌણ (કરે છે). એટલે ક્રમે ક્રમે એનું જ્ઞાન થાય. પણ કહે છે કે... આહા..હા..! '**અનુભવ કરતાં...**' એ બે નયોનો વિષય અને વિકલ્પ પણ છે. એ પણ એક વિકલ્પ છે રાગ.

'**દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...**' ત્યાં એ શબ્દ લીધો છે. ... છેને? '**अनालीढ**' સંસ્કૃત છે. આ વસ્તુ ત્રિકાળી છું એવો એક નયનો વિકલ્પ રાગ અને એક સમયની પર્યાય વર્તમાન છે એવો એક નયનો વિકલ્પ રાગ, એ બેને નહિ અડતા એવા બે ભેદના ભાગને અંશને ન અડતાં, એનું આલિંગન ન કરતાં, એને ન સ્પર્શતા. આહા..હા..! '**નહિ આલિંગન કરાયેલા...**' ગ્રીક-લેટીન જેવું છે બધું આ. બાપા! તારા ઘરની રીતું જુદી જાત છે. બે નયનું આલિંગન નહિ કરાયેલા. એ બે નયના ભેદ તરફનું લક્ષ છોડી દઈને. '**એવા શુદ્ધવસ્તુમાત્ર...**' શુદ્ધ વસ્તુ એકરૂપ ત્રિકાળ નિત્યાનંદ નિત્ય ચૈતન્યમૂર્તિ એવા ભાવનો '**સ્વભાવનો અનુભવ કરતાં...**' એવી એકરૂપ દૃષ્ટિ થતાં એવો ભેદ છે તે એમાં હોતા નથી તેથી તેને જૂઠાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે ક્યાંનું ક્યાં .. પોતાના આત્માની અપેક્ષાએ બીજી ચીજો જૂઠી. કેમ?

મુમુક્ષુ :- પોતાનો આત્મા...

ઉત્તર :- જુદી છે એટલે જૂઠી એમ. આને માટે અવસ્તુ છે. પોતાની ચીજ છે તેની અપેક્ષાએ બીજી ચીજ તે અચીજ છે. એની અપેક્ષાએ એ ચીજ છે, પણ આની અપેક્ષાએ અચીજ છે, અદ્રવ્ય છે. આહા..હા..! પછી? શરીર પણ આત્માની અપેક્ષાએ અવસ્તુ છે. કર્મ પણ આત્માની અપેક્ષાએ અવસ્તુ છે. હવે પુણ્ય-પાપના ભાવ પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ અવસ્તુ છે. હવે અહીં પ્રમાણ અને નયના વિકલ્પો જે છે એ પણ ત્રિકાળ અભેદની અપેક્ષાએ અવસ્તુ છે. આહા..હા..! નવ તત્ત્વ પહેલા વાત આવી ગઈ છે. નવના પર્યાયના ભેદો પણ ભેદની અપેક્ષાએ છે. અંતર દૃષ્ટિ અનુભવ કરતાં તે ભેદો તે જૂઠાં છે. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ! અપૂર્વ... અપૂર્વ... અપૂર્વ... અનંત કાળે નહિ કરેલો એ માર્ગ કોઈ અપૂર્વ છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપ ભગવાન નિત્ય રહેનારું તત્ત્વ એનો અંતર અનુભવ કરતાં, એની દૃષ્ટિ ત્યાં લગાવતા, આ જે ભેદો છે નયના કે પ્રમાણના એ બધા ત્યાં દૃષ્ટિના વિષયમાં હોતા નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તત્ત્વ એની અંતર દૃષ્ટિ કરતાં આવા ભેદો ત્યાં હોતા નથી, માટે તેની અપેક્ષાએ ભેદને જૂઠાં કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? ગમે તેવું હળવું કરવા જાય, પણ હોય એ આવેને. સોનું હળવું કરવા જાય તો કાંઈ પીત્તળ

થઈ જાય? પીત્તળને એને બતાવાય? વસ્તુ તો આ છે.

એકરૂપ ચૈતન્ય ભગવાન કાયમી ચીજ એના જ્ઞાન ભેદના વિચાર કરતાં એ વિકલ્પની અપેક્ષાએ તે વર્તમાનમાં છે. બસ એટલું. આહા..હા..! પણ એ પણ ભેદનું લક્ષ છે એ રાગ છે કહે છે. એ રાગ પણ પુણ્યબંધનું કારણ છે, અભેદનું એ કારણ નથી એમ કહે છે. સમ્યગ્દર્શનને પામવાનું એ કારણ નથી એમ કહે છે અહીં તો. સમ્યગ્દર્શન પામવાને માટે તો ત્રિકાળી ચીજની અંતર દૃષ્ટિ કરતાં ભેદોનું લક્ષ ત્યાં રહેતું નથી તેથી તેને પોતાના અસ્તિત્વમાં એ હોતા નથી તેથી તેને અસત્ય અને જૂઠાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ગૌણ કરીને કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ એમાં સમજવા માટે એને પ્રયત્ન ઉગ્ર જોઈએ. આ કોઈ ભાષણ કરી નાખે ને સાંભળી લે એમાંથી પકડાય એવી વાતું નથી.

કહે છે.. ઓહો..હો..! આલિંગન શબ્દ પડ્યો છેને? એટલે આત્મા વસ્તુ પોતે અરૂપી ઘન છે. એ પરને તો આલિંગન કરતો જ નથી. શરીરને, કર્મને, પરવસ્તુ એ ભિન્ન ચીજ છે, પણ અંદરના પુણ્ય-પાપના ભાવને તે આલિંગન કરતો નથી. કેમકે સ્વભાવ સ્વરૂપ છે એ વિભાવને કેમ સ્પર્શે? પણ પ્રમાણ અને નયના વિકલ્પનો વિચારભેદ છે એને તે વસ્તુનો સ્વભાવ સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કે નહિ, એમ કહેવાય છે. આવી વાત જિંદગીમાં કેટલાકને તો .. આવ્યા અને સાંભળી ન હોય. અરર! અરે..! એ તે કાંઈ જિંદગી કહેવાય? જે જીવનમાં જીવના જીવનના ભવના અંત ન લાવે એ કાંઈ જીવન કહેવાય? આહા..હા..! જીવના જીવન તો રાગથી ભિન્ન પડી, પર્યાયના ભેદથી ભિન્ન પડી અને એકલા ચૈતન્યમાં ઊંડે અંદરમાં પેસતા, અનુભવ કરતાં આ ભેદો ત્યાં રહેતા નથી. એટલે જેનામાં હુંપણું ત્યાં નથી માટે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ...

'**નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના...**' જોયું! એવો જ જીવ છે. શુદ્ધ વસ્તુ જે એકલો ચૈતન્યમાત્ર જ્ઞાયક એવા સ્વભાવનો અંતર્મુખ થઈને અનુભવ કરતાં તેઓ ભેદો તે અભૂતાર્થ એટલે જૂઠા છે. આહા..હા..! આવું ઝીણું પડેને માણસને પછી બીજી રસ્તે ચડાવી દીધા બિચારાને. જિંદગીયું જાય મફત. સમજાણું કાંઈ? રસ ટાળવા, અપવાસ કરવા સહેલું કરી શકે. શરીરનું બળ હોય તો અપવાસ થાય, ધનનું બળ હોય તો દાન થાય, મનનું બળ હોય તો કાંઈક જાણપણાની વાતું થાય. આહા..હા..! આત્માનું બળ અંદર હોય તો એકાકાર થાય. આહા..હા..! સમજાણું કાંઈ? છ છ છોકરાઓ રળાઉ, કમાઉ (હોય). છ છોકરાઓ, છ છોકરાઓની વહુરુ, વહુરુ વળી સારા કુટુંબમાંથી આવેલી, એમાં પોપટભાઈ બેઠા હોય. પંખીડો એકલો આવ્યો. ... એકલો આવે છેને પંખી? ઝાડ મોટું હોયને. ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦, ૫૦૦. ઓલા વઢવાણ હતાને. પાછળ એક મોટું જબ્બર ઝાડ. એવા પંખીઓ આવે. કારણ કે વસ્તી નહિ ત્યાં. ... સવારે એક્કેય ન હોય. એક આવ્યું

હોય ક્યાંક અને ઉડીને જાય ક્યાંક. આહા..હા..! એમ પંખી મેળો .. ઉડી આકાશે આવ્યો. એમાં એક આવ્યો ત્યાં બીજી બાયડી આવી, છોકરો આવ્યો. મારા મારા કરીને મરી ગયો. વાળો થયોને વાળો? છોકરાવાળો, બાયડીવાળો, પૈસાવાળો, આબરૂવાળો, મકાનવાળો. વાળા કેટલા વળગ્યા એને? આહા..હા..! તમારે કેટલાક બંગલાવાળા. અરે! ભગવાન! તું તો આનંદવાળો છોને પ્રભુ! આહા..હા..! આનંદવાળો કહેવો એ ભેદ છે, આનંદસ્વરૂપ જ છોને. સમજાણું કાંઈ? એવા પરમ સત્‌નો સ્વીકાર કરવો અંતર દૃષ્ટિમાં એને સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહે છે. એ વિના ધર્મની શરૂઆત કોઈ દિ' હોતી નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૭, શુક્રવાર, તા. ૦૭-૦૧-૧૯૭૨
## ગાથા-૧૩, પ્રવચન-૬૩

સમયસાર, જીવ અધિકાર ચાલે છે. આ ૧૩મી ગાથા ચાલે છેને? છેલ્લું અહીં આવ્યું છેલ્લો પેરેગ્રાફ. '**નિક્ષેપ ચાર પ્રકારે છે—**' ઝીણી વાત તો છે ભાઈ! આત્મા વસ્તુ છે એમાં, કહે છે કે જે આ નવ તત્ત્વોના ભેદ પડે છેને પર્યાયમાં, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ આદિ, પર્યાય એટલે અવસ્થા, એ નવ તત્ત્વ તરીકે પર્યાયથી, વર્તમાન દૃષ્ટિથી એને જોઈએ તો એ નવ છે. પણ અંતર સ્વરૂપને જોતાં એ નવ નથી.

મુમુક્ષુ :- નવ નથી એટલે શું?

ઉત્તર :- એટલે શું? પર્યાય એટલે અવસ્થા એમાં પુણ્ય-પાપ આદિના ભાવો છે, પણ એ છે એ કાંઈ આશ્રય કરવા લાયક છે અને એ કાંઈ જીવનું સ્વરૂપ છે આખું એ નથી. જીવ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ ધ્રુવ પૂર્ણ સ્વરૂપ એનો આશ્રય કરતાં નવના ભેદો લક્ષમાં રહેતા નથી. તેથી તે નવને ગૌણ કરી અને મુખ્ય સ્વભાવની દૃષ્ટિ કરવા એ નથી એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- આ કેટલા દિ'એ સમજાય?

ઉત્તર :- એક અંતર્મુહૂર્તે સમજાય. સમજવાનો પ્રયત્ન કરે એની સન્મુખ થઈને (તો) અંતર્મુહૂર્તમાં સમજાય. એની ચીજ ક્યાં બહાર ગઈ છે ક્યાંય? ખબર નથી એને કે આત્મા...

અધિકાર જીવ-અજીવનો છેને. જીવ કોને કહેવો?

પરવસ્તુ તો નિરાળી છે તદ્દન કર્મ, શરીર આદિ એ તો જુદી ચીજ છે એમાં કાંઈ આત્માનો અંશ પણ ત્યાં ગયો નથી અને તેનો અંશ પણ અહીંયાં આત્માની દશામાં આવ્યો નથી. હવે એના અંશમાં જે પર્યાયના અવસ્થાના ભેદ પડે એ છે. વ્યવહારનયનો વિષય વર્તમાન રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એનો અભાવ આદિ ભાવ છે. પણ એનો આશ્રય કરવાથી કાંઈ સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! કેમકે એ પૂર્ણ ચીજ નથી, એ તો અપૂર્ણ અને પલટતી ચીજ છે. પલટતી ઉપર નજર નાખવાથી નજર સ્થિર ન થાય. જેને સમ્યગ્દર્શન અને ધર્મ પ્રગટ કરવો છે. જન્મના, મરણના ચોર્યાસીના અવતારનો અંત લાવવો છે એણે તો કહે છે કે છે એ નવ પ્રકારના તત્ત્વનો ભેદ એ ઉપરથી પણ લક્ષ છોડવું પડશે. આહા..હા..! એનાથી લક્ષ છોડી અને ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ ધ્રુવ અનાદિઅનંત સત્ત્વ, ચૈતન્યનું મૂળ સત્ત્વ એની દૃષ્ટિ આપવાથી એને અનુભવ થાય અને સમ્યગ્દર્શન થાય. એને કારણે એ નવના ભાગ હોવા છતાં એ સ્વરૂપની દૃષ્ટિ કરાવવા અને કરતાં એ નવ છે નહિ. એમ કહ્યું છે. પ્રાણભાઈ! આવી વાત છે, બાપુ! ધર્મ એવી કોઈ ચીજ છે. બહુ સૂક્ષ્મ છે. એણે કોઈ દિ' સાંભળી નથી, કરી નથી, દરકાર કરી નથી. એ નવની વાત ગઈ.

પછી પ્રમાણની વાત આવી હતી. એ પ્રમાણ એટલે જ્ઞાનનો પર્યાય જે પ્રમાણ આખી ચીજ ને વર્તમાન દશાને જાણે એને પ્રમાણજ્ઞાન કહે છે. એના ભેદ પરોક્ષ ને પ્રત્યક્ષ વગેરે લીધા. કહે છે કે એ પ્રથમ વસ્તુને જાણવા માટે એવા ભાવ હોય, પણ એ પ્રમાણ અને પ્રમેય, પ્રમાતા ભગવાન આત્મા જાણનાર, જ્ઞાન જાણે અને એને જાણવાનો વિષય એનો પોતાનો દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ ત્રણ ભેદ પડે છતાં એ ભેદ ઉપર લક્ષ કરવાથી તો રાગ થાય. એને છોડી અંતરમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ ધ્રુવ તત્ત્વ એનો આશ્રય કરતાં પ્રમાણ પ્રમેયના ભેદો જૂઠાં છે અને સત્ય એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પોતે સત્ય છે. એમ સત્યની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન આ રીતે કરાવ્યું છે. શેઠ! આવી વાત છે. આહા..હા..!

પછી આવ્યું નય. એક વસ્તુ પોતે છે આખી ચીજ એને ત્રિકાળીને જાણે તેને દ્રવ્યાર્થિક કહીએ અને વર્તમાન અંશને જાણે એને પર્યાયનય કહીએ. એ રીતે જાણવા માટે બે ભાગ હો મુખ્ય-ગૌણ. પણ એના પણ વિકલ્પનો આશ્રય છોડી, એકરૂપ ચૈતન્યનો અનુભવ કરતાં એ વિકલ્પ અને એ જાળો બધી નથી. આહા..હા..! ચૈતન્ય મહાસત્તા ધ્રુવ વસ્તુ અવિનાશી એની દૃષ્ટિ કરતાં, એની સન્મુખ જતાં નયના પ્રકારના ભેદ લક્ષમાં રહેતા નથી માટે નયના પ્રકારોને જૂઠાં ઠરાવી અને ત્રિકાળી સત્‌સ્વરૂપ છે તેની દૃષ્ટિ કરાવી છે. આહા..હા..! આવો માર્ગ આવો ઝીણો છે, શેઠ! એ તો આપણે આવી ગયું છે.

હવે આ નિક્ષેપની આજે વાત છે. '**નિક્ષેપ ચાર પ્રકારે છે—નામ,...**' નિક્ષેપ. ખુલાસો

આવશે. **'સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી (વ્યવહાર માટે) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે.'** કો'કનું નામ મહાવીર રાખવું એમાં ગુણ ભલે ન હોય. એનું નામ નામસંજ્ઞા આપ્યું કે આ નામ ભગવાન છે. આ ભગવાન નામ લ્યો. એય..! ભગવાનભાઈ! એ નામ છે. નામ, નિક્ષેપ, સંજ્ઞા. આ ભગવાનદાસ છે. એ નામના એનામાં ગુણ નથી એમાં છતાં ગુણ વિના પણ સંજ્ઞા દેવાય એને નામસંજ્ઞાએ નામ નિક્ષેપ કહેવામાં આવે છે. વસ્તુની ગુણના નામથી વસ્તુની સંજ્ઞા કરવી, ગુણ ન હોય છતાં તે નામ નિક્ષેપ છે.

હવે બીજો નિક્ષેપ. **'આ તે છે...'** જેમ પ્રતિમા ભગવાનની હોય એને એમ કહેવું કે આ ભગવાન છે, આ પ્રભુ છે. સ્થાપના નિક્ષેપ. **'એમ અન્યવસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ...'** એને ઠેકાણે એનું સ્વામીપણું એનું સ્થાપવું. આ તો ભગવાન છે. 'જિન પ્રતિમા જિન સારખી.' એ સ્થાપના નિક્ષેપની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? **'(પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે.'** પછી ત્રીજું. **'વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે.'** એટલે કે જેમ કે એક રાજા હોય અને ભ્રષ્ટ થયો હોય રાજથી, તોપણ તેને રાજા કહેવાય. અથવા રાજકુમાર હોય, હજી રાજા થયો નથી છતાં એને રાજા કહેવાય. ભૂતકાળ અને ભવિષ્યના આરોપે એને કહેવું એનું નામ દ્રવ્ય નિક્ષેપ. ભાવ વિનાની ચીજ દ્રવ્ય નિક્ષેપ કહેવામાં આવે છે. છેને? **'વર્તમાનથી અન્ય...'** વર્તમાનમાં એ રાજા નથી. છતાં ભૂતકાળમાં હતો અથવા ભવિષ્ય કાળમાં અનાગતમાં થશે. એ પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી એ દ્રવ્ય નિક્ષેપ છે. આ જાણવાના જ્ઞેયોના ભેદો વર્ણવે છે. જાણવા લાયક ચીજમાં ચાર પ્રકારે તેને ઓળખાય. એક ગુણ વિનાના નામથી, એક પ્રતિનિધિત્વ સ્થાપવું કે આ જ ભગવાન છે એમ, એક ભૂત, ભવિષ્યની યોગ્યતાથી વર્તમાનમાં કહેવું એ દ્રવ્ય નિક્ષેપ. વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. સાક્ષાત્ ભગવાન વર્તમાનમાં કેવળજ્ઞાનપણે બિરાજતા હોય એને ભગવાન કહેવા એ પર્યાયની વર્તમાનતા યોગ્યતા છે તેને ભાવ નિક્ષેપ કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ! વસ્તુ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી...'** નામનું લક્ષણ જુદું, સ્થાપનાનું જુદું, યોગ્યતાનું ભૂત-ભવિષ્યનું જુદું, વર્તમાનનું જુદું. આ તો થોડો અભ્યાસ હોય (એને સમજાય). સમ્યગ્દર્શન પામવામાં આ બધા ભેદોનું જ્ઞાન એને હોય, છતાં તે આશ્રય કરવાલાયક નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! એ **'પોતપોતાના લક્ષણભેદથી અનુભવ...'** અનુભવ એટલે જ્ઞાન. જ્ઞાન **'કરવામાં આવે તો તેઓ ભૂતાર્થ છે,...'** છે વર્તમાન તરીકે જાણવામાં એમ. **'અને ભિન્ન લક્ષણથી રહિત...'** આહા..હા..! એ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ

બેયના ભેદના વિકલ્પ છોડી દઈને 'એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવ...' એ ભિન્ન લક્ષણથી રહિત. એવા ચાર ભેદોનો જ્ઞાનનો પ્રકાર છોડી દઈને લક્ષમાંથી. કહો, અહીંયાં તો કહે છે કે સ્થાપના નિક્ષેપ. ભગવાન સાક્ષાત્ હોય, સ્થાપના, તો એનાથી પણ સમકિત પમાતું નથી. તીર્થંકર હોય સાક્ષાત્ સમવસરણમાં ભાવ નિક્ષેપે એનાથી પણ આત્માનું સમ્યગ્દર્શન પમાતું નથી. સમજાણું કાંઈ? એના વિચારોની ધારામાં ચાર પ્રકાર વર્ણવાય એનાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. એવી વાત છે. સમ્યગ્દર્શન એટલે પ્રથમ આત્મદર્શન, આત્માનું ભાન, આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાન વિના ધર્મની શરૂઆત કોઈ દિ' હોય નહિ.

એ '**ભિન્ન લક્ષણથી રહિત...**' પાઠમાં એ છેને ત્યાં. '**निर्विलक्षण**' '**निर्वि**'નો અર્થ નથી એમને? ભિન્ન? વિલક્ષણ ... લક્ષણની સાથે રહેલ. નામ નિક્ષેપ ગુણ વિના, સ્થાપના નિક્ષેપ પ્રતિનિધિત્વ સ્થાપવું એને ઠેકાણે આ એમ. યોગ્યતાથી કહેવું અને ભાવ વર્તમાન દશાથી એને જાણવું. એવા ચાર લક્ષણથી રહિત '**એક પોતાનો ચૈતન્યલક્ષણરૂપ...**' જાણનાર... જાણનાર... જાણનાર... એનું લક્ષણ, એવું જે સ્વરૂપ એવો જીવ. એવા જીવના સ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય જૂઠાં છે. સમજાય છે કાંઈ? એ ચાર નિક્ષેપના જ્ઞાન દ્વારા પણ આત્મા સમજાતો નથી એમ કહે છે. એવું છે ભાઈ! આ કાંઈ બહારની ચીજ નથી કે ઝટ દઈને પકડીને ચાલે. આહા..હા..!

એની વર્તમાન દશામાં આવા નવ તત્ત્વના ભેદો, પ્રમાણના ભેદો, નયના ભેદો અને એના વિષયના નિક્ષેપના ભેદો એ એના જ્ઞાનની પહેલી દશામાં એ આવે, પણ એનાથી ધર્મ થાય એમ નહિ. સમજાણું કાંઈ? સાક્ષાત્ ભગવાન હોય, પણ એનાથી સમ્યગ્દર્શન થાય એમ ન થાય. કારણ કે એ તો પરદ્રવ્ય છે. એનું લક્ષ એના ઉપર લક્ષ કરતાં શુભરાગ થાય, પુણ્ય થાય, ધર્મ ન થાય. એમ સ્થાપના પ્રતિમા ભગવાનની એનો ભાવ કરતાં શુભભાવ થાય પૂજા આદિનો, પણ એનાથી સમ્યગ્દર્શન ન થાય.

આવ્યું હતુંને સવારમાં. જિનબિંબના દર્શન કરવાથી સમકિત થાય. એય..! એવું આવ્યું છે. .. રતનચંદજી બહુ મૂકે. પણ એનો અર્થ એ કે જિનબિંબ એટલે આત્મા જિનબિંબ છે. આ જિનબિંબ તો પર છે. આહા..હા..! એ તો સ્થાપના નિક્ષેપ છે. જિનબિંબ આત્મા જ્ઞાયકભાવથી વીતરાગ સ્વભાવથી ભરેલો એવો પ્રભુ એનો આશ્રય કરે અને એને અનુભવે તો સમ્યગ્દર્શન થાય. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! સાધારણ માણસને તો બિચારાને... ઘૂંચ્યા હોય અહીં સુધી સંસારમાં ઊંડા. કોઈ દિ' આ પરિચય ન મળે. બહારની વાતનો પરિચય. એને આ શું કહે છે? આ ગ્રીક-લેટીન જેવું લાગે. આહા..હા..!

એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તું. તારી વર્તમાન પર્યાય એટલે હાલતમાં આવા પ્રકારો હો, પણ છતાં એને આશ્રયે આત્માને ધર્મ ન થાય. આમ છે. ધર્મ તો ત્રિકાળી ચૈતન્ય

લક્ષણ સ્વરૂપ જીવ એવો એનો સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, જ્ઞાયક આનંદ આદિ એનો ધ્રુવ સ્વભાવ એની દૃષ્ટિ કરવાથી, એનો આશ્રય કરવાથી, એને શ્રદ્ધામાં ધારવાથી એને ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન થાય. કહો, સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! આ માણસ સાધારણ માણસ બિચારા આમાં કેમ પહોંચી શકે? વળી એમ કહે. પહેલા બીજું કાંઈક જોઈએને આલંબન. આહા..હા..! ભાઈ! સાધારણ નથી તું. આત્માને સાધારણ ન માન. આત્મા ભગવાન સ્વભાવે ભરેલો પરિપૂર્ણ મહાપ્રભુ છે. આહા..હા..! જેની પાસે સિદ્ધપદ પણ જેનું એક સમયની દશાનું હળવું થઈ જાય છે. અનંત અનંત સિદ્ધ પર્યાયો એમાં પડી છે. વસ્તુ છેને આખી. એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેમાં અનંતા કેવળજ્ઞાન અને સિદ્ધની પર્યાયોનો સંગ્રહ પડ્યો છે અંદર. એવો એકરૂપ પ્રભુ આત્મા એના ઉપર દૃષ્ટિ મૂક્યે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આવું છે. ત્યારે એના જન્મ-મરણની ગાંઠ ગળે. ગ્રંથિભેદ કહે છેને? ગ્રંથિ-ગાંઠ. ગાંઠ એટલે? અંદર જે પુણ્ય અને પાપના શુભાશુભ રાગ વિકલ્પ વૃત્તિ ઉઠે છે એને અને ત્રિકાળી સ્વભાવની એકતારૂપી ગાંઠ એને મિથ્યાગ્રંથિ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભલે પછી દિગંબર સાધુ થયો હોય બહારમાં, અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય, જંગલમાં રહેતો હોય, પણ અંતરમાં એ રાગનો કણ જે રાગની મંદતાનો અંશ વિભાવ એ અને ત્રિકાળી સ્વભાવ, બે એક છે અથવા એ વિભાવથી મને લાભ થાય છે એ માન્યતા ગ્રંથિ નામ મિથ્યાત્વની ગાંઠ છે. મિથ્યાત્વ જેવું મહાપાપ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- મોટામાં મોટું પાપ એ જ છે.

ઉત્તર :- એ જ પાપ છે. ઓલા તો પછી સાધારણ. મૂળ કાપી નાખ્યા પછી પાંદડા રહે એને સુકાવાની વાર કેટલી? મૂળ છેદન કર્યું. થઈ રહ્યું. મૂળ છેદન કર્યા વિના પાંદડા તોડે તો પંદર દિ'એ સાજા થઈ જશે. એ વૃક્ષ પાલવી જશે પંદર દિ'એ. એમ જેણે આ ગાંઠ ગાળી નથી, મિથ્યાત્વ રાગના વિકલ્પની અને ત્રિકાળી સ્વભાવની એકતાબુદ્ધિ જેને છે એવો જે મિથ્યાત્વભાવ એને રાખીને પછી પંચ મહાવ્રત આદિ પાળે એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે, એક પોતાના ચૈતન્ય લક્ષણરૂપ જીવસ્વભાવ ત્રિકાળી, એનું જ્ઞાન કરતાં, એનો અનુભવ કરતાં એ નિક્ષેપોના ચાર ભેદ પર્યાયમાં જણાતા તે જૂઠાં ઠરે છે. સમજાણું કાંઈ? અહીં તો સવારે ભગવાનની મૂર્તિને દેરાસર કરે, બે-ચાર પાંચ કરે તો સમકિત, મોક્ષ જાય સાત-આઠ ભવે. રાજકોટમાં બન્યું હતું. એક હતા નહિ? મુનાલાલ પંડિત હતા એક, ઇંદોરના ઇંદોરના. ઓલા મુનાલાલ નહિ? મુનાલાલને? પ્રતિષ્ઠા કરવા આવ્યા હતાને ત્યાં છઠ્ઠી સાલમાં. ૨૨ વર્ષ થયા. ત્યાં આવ્યા હતા રાજકોટ. પછી એકવાર બોલી ગયા. નાનાલાલભાઈ બધા ભાઈઓએ ખર્ચેલા બે લાખ રૂપિયા, પાંચ લાખ, દસ લાખ. એટલે એમ કે ઓહો..હો..!

આવા મંદિર બનાવે એને તો આઠ ભવે મોક્ષ થાય. પછી નાનાલાલભાઈ કહે... નાનાલાલભાઈએ પૈસા ખર્ચ્યા હતા. નાનાલાલભાઈએ કહ્યું, અમે એમ માનતા નથી, મહારાજ એમ કહેતા નથી કે આવા મંદિર બનાવે તો ભવ ઘટે. એમ અમે માનતા નથી અને મહારાજે અમને એમ કહ્યું નથી. એય..! શેઠ! મુનાલાલજી હતા, ઓળખો છો? ઈંદોરમાં. ગુજરી ગયા. મુનાલાલ પંડિત હતા. નહિતર તમારે અહીંયાં પંચકલ્યાણકમાં ભાઈ હતા, નાથુલાલજી. પણ નાથુલાલજીના ઘરે બૈરાને ત્યાં એ વખતે સુવાવડનો પ્રસંગ હતો તેથી ન આવી શક્યા તો આ મુનાલાલ આવ્યા હતા. એ વખતે બોલ્યા હતા. મોટી સભા પાંચ-છ હજાર માણસ અને એ વખતે સોનાનો કળશ માથે ચડાવ્યો. બે લાખનો હશે. બે લાખનો છેને? બે લાખ. એટલે જાણે આહા..હા..! સભા મોટી ભરાય. કહે છે કે આ મંદિર કરાવે એનો આઠ ભવે મોક્ષ થાય હોં! એય..! ત્યારે નાનાલાલભાઈ કહે... નાનાલાલભાઈ જસાણી, કરોડપતિ. અમે એમ માનતા નથી. એ તો શુભભાવ છે, પુણ્ય છે. સમજાણું? એ શુભભાવ પુણ્ય છે. એનાથી ભવ ઘટે એમ અમે માનતા નથી. મહારાજે અમને કહ્યું નથી. માટે આ થાય છે એમ પણ નથી. એ થવાને કાળે થાય ત્યારે અમારો ભાવ શુભ હોય છે રાગ મંદનો એ પુણ્ય છે. એનાથી સામગ્રી બહાર મળે પણ ભવકટી થાય, એ ચીજ નહિ. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, ભવનો નાશનો ઉપાય આ એક. '**એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવ...**' એ જીવનો એ સ્વભાવ છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જ્ઞાતા-દૃષ્ટા એ એનું લક્ષણ એનો સ્વભાવ છે. એને અનુભવમાં લેતા. એને અનુસરીને સમ્યગ્દર્શન આદિ પર્યાયને અનુભવતાં એ ચારેય અભૂતાર્થ છે. આ ચારે નિક્ષેપ ત્યાં કાંઈ કામ કરતા નથી. પ્રાણભાઈ! ... તમારે ત્યાં કર્યુંને ભાઈએ. નેમિદાસે મંદિર કરાવ્યુંને ૪૫ હજારનું તે દિ'. તે દિ' કહ્યું હતું, ભાઈ! આ મંદિર-બંદિર તો જડની અવસ્થા થવાને કાળે થાય. તમારા ભાવ શુભ છે, પુણ્ય છે. હમણા લાખ આપ્યાને. બે લાખ આપ્યા. બૈરા ગુજરી ગયાને તો મંદિર ખાતે લાખ આપ્યા. ધ્રુવ ફંડ. હમણાં આવી ગયાને. એક લાખ રૂપિયા આપ્યા ધ્રુવ ફંડમાં. પોરબંદર. વાત ઈ કે એ રાગની મંદતાનો ભાવ તે પુણ્ય છે. ત્યાં તમારા લાખ ને પાંચ લાખ ખર્ચો ત્યાં ધર્મ થઈ જાય (એમ નથી). પણ ત્યાં ઘૂસી ન જાય. એ જાણે કે આમાંથી મારે.. શેઠ! નેમિદાસભાઈ નહિ? પોરબંદરવાળા. સ્ત્રી ને એ બે છે. એમાં સ્ત્રી ગુજરી ગઈ. બે જણા છે અને સાત-આઠ લાખ રૂપિયાની મૂડી છે. બે જણા. ઓલી બાઈ નવી પરણ્યો છે .. એ મરી ગઈ પહેલી. આ ૮૬ વર્ષની ઉંમરે રહી ગયો એકલો. લાખ, સવા લાખ ખર્ચ્યા. એક લાખ આપ્યા મંદિરમાં. ભાઈ! વાત એ કે તારા લાખ શું કરોડ દેને. તોપણ એમાં ધર્મ છે (એમ નથી) ભગવાનજીભાઈ! એ વાત અહીં નથી. એમાં રાગની મંદતાનો શુભભાવ હો તો પુણ્ય થાય. એ પુણ્ય પણ બંધનનું કારણ છે. આહા..હા..! ભવના

અભાવનું કારણ નથી, ભવના ભાવનું કારણ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એ ચારેય નિક્ષેપ કે બહારની ચીજ બધી ભૂલીને અંતરમાં જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ આપતાં જ એને ધર્મ થાય છે. એ સિવાય ધર્મના એક અંશની ગંધ આવતી નથી. કહો, એય..! આહા..હા..!

'**આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે...**' એટલે સાચાપણે '**એક જીવ જ પ્રકાશમાન છે.**' એ બધા ભેદોનું લક્ષ છોડી અંતર ભગવાન અંતર્મુખમાં ચૈતન્યબિંબ પડ્યો છે આખો. જિનબિંબ પોતે છે, વીતરાગી બિંબ આત્મા છે. આવી વાત છે આ. એની અંતર દૃષ્ટિ કરતાં, અનુભવ કરતાં એને સમ્યગ્દર્શન થાય ત્યારે એને ભવની ગાંઠ ગળે. નહિતર ગળે એવી નથી. કહો, પોપટભાઈ! આહા..હા..! કહો, શેઠ! આ બધા પૈસાવાળાને .... પૈસાવાળા ત્યાં બહુ જાય છે. પૈસાવાળા જાય એથી શું થયું? એથી કાંઈ પૈસાવાળાને પૈસાથી ધર્મ થઈ જાય? પૈસા ખરચે લાખ, બે લાખ, પાંચ લાખ, દસ લાખ...

મુમુક્ષુ :- એ તો જણાવો પૈસાથી શું થાય?

ઉત્તર :- પૈસાથી પુણ્ય પણ ન થાય. એ તો રાગની મંદતા કરે તો પુણ્ય થાય.

મુમુક્ષુ :- માન કરે તો એ..?

ઉત્તર :- એ વળી તો પાપ થાય એકલું. અમારા નામ રાખો. શું કહેવાય? તક્તી. તક્તી નાખે છેને આરસપહાણની નામ રાખવા. ફલાણા ભાઈએ... ત્રણ-ત્રણ, ચાર નામ લખે. ફલાણા ભાઈએ એના દીકરાના નામથી.. છે અને લિખિતંગ ફલાણા એટલે ચાર-પાંચ નામ નાખે ત્યારે એના બિચારાના પચાસ હજાર દીધા કહેવાય. સમજાણું કાંઈ? એ તો પાપબુદ્ધિ છે. માન ખાતર ખર્ચવાનો ભાવ એ તો પાપ છે. રાગની મંદતાનો ભાવ તે પુણ્ય છે. એનાથી ધર્મ નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રભુ આત્મા એક સ્વરૂપે અખંડાનંદ એવી ધ્રુવ ચીજ નિત્યાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ મૂકતા, એકત્વબુદ્ધિ થતાં, રાગની એકતાની મિથ્યાત્વ ગાંઠ ગળતા એને સમ્યગ્દર્શનમાં આત્માનો સ્વાદ આવે, ત્યારે એને જન્મ-મરણના અંત આવ્યા એમ ભણકાર વાગે એને. સમજાણું કાંઈ? કહો, પ્રાણભાઈ! એ બધામાં કહે છે કે ભેદો હો, નવ તત્ત્વ, પ્રમાણ, નય, નિક્ષેપ. નવ તત્ત્વ તો ગાથામાં લીધા છે અને આ ટીકામાં વિસ્તાર કર્યો. એ બધા ભેદો હોવા છતાં એનું લક્ષ છોડી એની અંતર્મુખ દૃષ્ટિ (કરે), જ્યાં ભગવાન ચૈતન્યમૂર્તિ પૂર્ણ પ્રભુ બિરાજમાન પોતાનું તત્ત્વ છે એમાં એકતા થતાં તેને ધર્મની દશા પ્રગટ થાય છે.

'**ભાવાર્થ :- આ પ્રમાણ,...**' પ્રમાણ એટલે જ્ઞાનના પ્રકાર ભેદો. પાંચ જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ વગેરે. '**નય,...**' એ જ્ઞાનનો અંશ એક જ ભાગને જાણે એવો જે નય. '**નિક્ષેપો...**' જ્ઞેયના ભિન્ન પ્રકારના ભાવ એ નિક્ષેપ. એનું '**વિસ્તારથી વ્યાખ્યાન**

તે **વિષયના ગ્રંથોમાંથી જાણવું;...**' તત્ત્વાર્થસૂત્રમાં બધું લખાણ છે. '**તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે.**' ભગવાન સર્વજ્ઞે કહેલું દ્રવ્ય એટલે વસ્તુ અને એની અવસ્થા એને આવા પ્રમાણ, નય, નિક્ષેપથી વસ્તુની સાબિતી થાય છે. અન્યમતિઓ કહે છે એથી સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા જુદો કેમ છે? એવું આ પ્રમાણ, નય, નિક્ષેપથી જુદું પડે છે. સમજાણું કાંઈ? આ તો એક જ આત્મા છે સર્વવ્યાપક એમ કહે છે વેદાંત આદિ. એ માર્ગ વીતરાગથી જુદો છે અને એનાથી વીતરાગ માર્ગ જુદો છે. એ માટે આ જાણવાની જરૂર છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ભારે આકરું કામ. બધા ધર્મ સરખા છે એમ નથી એમ કહે છે અહીં. સમન્વય કરો, બધા સરખા. એ ના પાડવા માટે આ પ્રમાણ, નિક્ષેપ લીધા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે દ્રવ્ય એટલે વસ્તુ, પર્યાય એટલે હાલત. એવા '**દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ...**' નામ સાબિતી '**થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે...**' જાણવાના કાળમાં તે તે ભેદો છે એમ કહે છે. ત્રિકાળી દ્રવ્ય છે તે પૂર્ણ છે, એક સમયની અવસ્થા તે અંશ છે. સમજાણું? બેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે, એક ભાગનું કરવું એ નય છે. એવી વસ્તુની સિદ્ધિ એ દ્વારા થાય. એ રીતે વ્યવહારે સાચું. '**કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે.**' જ્ઞાનની વિશેષ પ્રકારની દશા પરલક્ષી છે ભલે, પણ એવા જ્ઞાનના વિશેષો પ્રકાર થાય છે જાણવા માટે. '**તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે.**' ભગવાને કહેલું તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે કહેલો આત્મા, એણે કહેલા ગુણો અને એણે કહેલી દશા, એમણે કહેલા છ દ્રવ્યો. ભગવાનના જ્ઞાનમાં, તીર્થંકરદેવના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા. એમણે કહેલા દ્રવ્યોની સિદ્ધિ એમના જ્ઞાન દ્વારા થાય છે. સમજાણું કાંઈ? '**તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે.**' વિપરીત થઈ જાય છે. પ્રમાણ, આ નિશ્ચય પ્રમાણ, આ વ્યવહાર પ્રમાણ એટલે પરોક્ષ પ્રમાણ, આ પ્રત્યક્ષ પ્રમાણ, આ નામ, સ્થાપના, યોગ્યતાનો ભાવ, એવા વસ્તુથી સિદ્ધિ ન કરે અને પોતાની કલ્પનાએ કરે તો વિપરીત દૃષ્ટિ થઈ જશે.

મુમુક્ષુ :- વિપરીત તો છે જ.

ઉત્તર :- વિપરીત તો છે, પણ વધારે થાશે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ન કરે તો વધારે ક્યાંથી થાય?

ઉત્તર :- હા, વિપરીત દૃષ્ટિ છે અને એ જાતનું કરશે તો વિપરીત થાશે. બરાબર આત્મા કેવો છે એમ જાણશે નહિ તો. વ્યવહારે હોં! પ્રમાણથી, નયથી, નિક્ષેપથી અને નવ તત્ત્વથી. એક તત્ત્વ આ કેવું છે એવું જો નહિ જાણે... ભગવાને કહ્યું એ પ્રમાણે હોં. આહા..હા..! બીજાઓ આત્માની વાત નથી કરતા બધા? વેદાંતી આત્માની વાત કરે છે, બૌદ્ધ આત્માની

વાત કરે છે. ઈસુ ખ્રિસ્ત પણ એમ કહે આમ છે, તેમ છે. પણ એ બધો આત્મા શું છે એ એના જ્ઞાનમાં આવ્યું નથી. શેઠ! આહા..હા..! એથી કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ છે, વિરોધ છે એમ નહિ. વસ્તુ ભગવાન છે બધા. પણ તત્ત્વનું વાસ્તવિકપણું સાધવા માટે આવા પ્રમાણ અને નયની જરૂર છે. જે ભગવાને કહેલો આત્મા (એને) સાબિત કરવા માટે. સમજાણું કાંઈ? એ ન સમજે તો વિપરીત થઈ જશે. કોઈ એક જ આત્મા માનશે. શુદ્ધ જ આત્મા સર્વથા છે એમ માનશે. પર્યાયમાં અશુદ્ધતા છે એ બિલકુલ માનશે જ નહિ અને અશુદ્ધતા છે એટલો જ આત્મા છે એમ માનશે. ત્રિકાળી શુદ્ધ છે એ માનશે નહિ. ઝીણું ભારે ભાઈ!

એક જણો એમ કહેતો કે જાણ્યા વિના એ ગોળ ખાઈએ તો ગળ્યો લાગેને રાત્રે. અંધારે ખાઈએ ગોળ તો એ ગળ્યો લાગે કે નહિ? પણ એ ગોળ હોવો જોઈએને. ગોબર આવી જાય તો? ગોબર સમજ્યાને? છાણ-છાણ. છાણ હોય છેને છાણ. એનો ભુક્કો એ છાણાનો ગોળ કહેવાય. ... કહે છેને? ભુક્કો કરીને ... ત્યારે અગ્નિ પકડે, નહિતર અગ્નિ કઠણને કોણ પકડે? એનો ભુક્કો કરે છાણનો. લ્યો એને ગોળ કહેવાય. ગોબરનો ભુક્કો. એ ગોળ કહેવાય. .. આપણી કાઠિયાવાડી ભાષા છે. ગોળ. ખબર છેને, સાંભળ્યું છેને. એને ગોળ કહે પણ એ ગોળ નહિ. ગોળ તો સ્વાદે મીઠો અને ધોળો-સફેદ આનંદ આપે લૌકિક.

એમ ભગવાન આત્મા ભગવાને કહેલો, અન્યમતિઓએ કહેલો એ આત્મા આત્મા છે જ નહિ એવો. સમજાણું કાંઈ? ઘણા એમ કહે છેને, બધા ધર્મ સરખા. એ અહીં ના પાડે છે. એય..! બધા સરખાં હોય તો ભિન્ન-ભિન્ન અભિપ્રાય કેમ પડ્યો? સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે. છતાં કહે કે જો તમે બીજા ધર્મને ખોટા કહેશો તો તો એને દુઃખ થાશે. એવી ક્યાં વાત છે? જેને ખોટું છે એ ખોટું પોતાના જ્ઞાનમાં જાણવું છે, સાચું એણે સાચું જ્ઞાનમાં જાણવું છે. પર ઉપર વિરોધ કરવો છે વેર, બિલકુલ નહિ. વ્યક્તિ તો ગમે તે હો. સમજાય છે કાંઈ? કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ અને વેર જ્ઞાનીને હોઈ શકે નહિ, પણ તેથી બધા સરખા છે એમ માને એમ નથી. મોટો ફેર છે. એ માટે આ નિક્ષેપ પ્રમાણથી આત્મા કેવો એ ભગવાને કહેલો નિર્ણય કરવો પડશે એમ કહે છે. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો? કાલે આપ્યો હતો કે પરમ દિ'? માલ લેવા જાય સાલમપાક કે કોઈપણ માલ. તો પહેલો ભાવ તો પૂછે કે નહિ? કેટલા રૂપિયે શેર દ્યો છો તમે? કહે આટલા રૂપિયે. ત્રાજવું લાવો ત્રાજવું તમારું. ત્રાજવું સમજ્યા? ... કેમકે જેમાં માલ નાખવો હોય એમાં નીચે જો લાખ ચોડી હોય. ત્રાજવાનો તોલ કરાવે છેને, પહેલાં ભાઈ સરખું લાવો. બે સરખા ત્રાજવા છે? નહિતર આમ હશે તો લાખ ચોડી હોય નીચે મીણ કે લાખ, તો અધશેર ભાગ ઓછો આવે. નીચે ચોડી હોય લાખ. ત્રાજવું સરખું તોળો. બે. ત્રીજું તોલા. આ પાંચ શેરી સાચી છે કે નહિ? ઓલી મારી છેને છાપવાળી ત્રાંબાની. સરકારી

છાપ હોય એ પાંચ શેરી સાચી છે કે નહિ? એ ત્રણનું પહેલું નક્કી કરે. નક્કી કર્યા વિના માલ ખાવા જાય તો ખાવા દે? ઉપાડીને ખાવા માંડે પાધરો.

એમ આત્માને ભગવાને સર્વજ્ઞથી જે જોયો અને જાણ્યો એને નક્કી કરવા માટે આ પ્રમાણ, નય અને નિક્ષેપની જરૂર છે. પણ જ્યારે એ ખાવા બેસે ત્યારે ઓલા ભાવને પછી ગોખે નહિ કાંઈ કે આટલાનો શેર. મેં ત્રાજવે તોળીને લીધો છે, મેં પાચ શેરી નક્કી કરીને લીધો છે. એ ગોખે પછી ખાવા વખતે? એમ આત્માને નક્કી કરવા માટે આવા પ્રમાણ, નય, નિક્ષેપના જ્ઞાનની જરૂર છે. પણ જ્યારે અનુભવ કરે એમાં એની પછી જરૂર છે નહિ. સમજાણું કાંઈ? વાત તો એવી છે ઝીણી.

કહે છે, '**તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે...**' આત્મા છે એમ માનીએ બસ થઈ રહ્યું. એમ નહિ. એમાં અનંત ગુણ છે, એની અનંતી પર્યાય અવસ્થા છે. કેટલીક અવસ્થા વિકાર છે, કેટલીક અવસ્થા અવિકારી છે, એ બધું પ્રમાણ નયના જ્ઞાનથી ઓળખાશે. સમજાણું કાંઈ? '**અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે :**' કહે છે કે એ અવસ્થા આવે ખરી જાણવામાં વ્યવહાર, પણ પાછો એનો અભાવ થાય ત્યારે અનુભવ થાય. '**પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી...**' આ વિષય આખો ઝીણો છે બધોય. '**જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...**' પહેલા ભગવાને જે કહ્યું કે ત્રિકાળી ચીજ જે આત્મા ધ્રુવ છે તે પૂર્ણ સ્વરૂપ યથાર્થ છે. એક સમયની પર્યાય તે ઉપચારિક વ્યવહાર છે. એમ આત્મામાં જ્ઞાન અને શ્રદ્ધા માટે પહેલા આવા પ્રમાણ અને નયથી વસ્તુને સાબિત અને સિદ્ધ કરવી કે વસ્તુ આ પ્રમાણે છે. પછી '**જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી.**' વસ્તુનું ભાન થઈ ગયું કે આ તો અનંત ગુણનો પિંડ પ્રભુ ધ્રુવ છે. એની એક સમયની પર્યાય એક ક્ષણમાં રહે એવી છે. એવું અંતર શ્રદ્ધા અને ભાન સમ્યગ્દર્શન થયું. આહા..હા..! શ્રદ્ધા માટે નથી, પછી ચારિત્રની સ્વરૂપની અંદર સ્થિરતા કરવા માટે વિશેષ જાણવાની જરૂર છે. સમજાણું કાંઈ?

'**પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી...**' નય, નિક્ષેપથી '**યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...**' જ્ઞાન અને શ્રદ્ધાન બેય લીધું ભાઈ અહીંયાં. જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ કરવા. એ શૈલી લે છે. જ્ઞાન ઓલામાં પહેલું આવ્યું હતું પહેલાં. પહેલાં પણ આવ્યું હતુંને. બે વાર આવ્યું. શ્રદ્ધાન માટે પ્રમાણ આદિની જરૂર નથી. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ, સિદ્ધ સમાન જેનું અંતર સ્વરૂપ અને એક સમયની અવસ્થામાં, પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધતા એની બરાબર જ્ઞાનમાં શુદ્ધ-અશુદ્ધ છે એવું લક્ષ કરવું, ત્રિકાળમાં જાવું અને એવો અનુભવ કરવો એનું સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી એને પ્રમાણની આને માટે જરૂર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રેણિક રાજા સમ્યગ્દર્શન અને જ્ઞાન પામ્યા હતા. આત્માનો અનુભવ (હતો), ત્યાગ નહોતો એને. રાણી ને રાજા મોટું રાજ હતું. હજારો રાજા જેની તેનાતમાં. હીરાના સિંહાસન ઉપર બેસતા હતા. એય..! પણ અંતર વસ્તુમાં ક્ષાયિક સમકિત થઈ ગયું હતું. શુદ્ધ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ આ છું એવો એનો અનુભવ થયેલો. સમજાણું કાંઈ? અને તેને લઈને ભગવાનના સમવસરણમાં ભગવાન પાસે ત્યાં આગળ તીર્થંકરગોત્ર બાંધ્યું. શુભભાવ થયો એટલો. બંધન. પણ પહેલેથી આયુષ્ય બંધાઈ ગયેલું નરકનું એટલે નરકમાં ગયા અત્યારે. અત્યારે નરકમાં છે ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ. પણ સમ્યગ્દર્શન અને તીર્થંકરગોત્ર બાંધેલું છે એ ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. સમજાણું કાંઈ? વ્રત ને તપ ને ચારિત્ર નહોતું, પણ એના જ્ઞાનમાં ભાન હતું બધું ચારિત્ર આવું હોય, સ્વરૂપમાં રમણતા કરવી એ ચારિત્ર. આ નગ્નપણું એ કાંઈ ચારિત્ર નહિ, પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ એવું જ્ઞાન અને શ્રદ્ધાન યથાર્થ થઈ ગયેલું. નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પહેલું. લાડવો જે વળ્યો હોય એ ખાધે છૂટકો. લાડવામાંથી ઘી કાઢીને પૂરી તળાય (એમ ન બને). એ તો ખાધે છૂટકો. એમ આયુષ્ય બંધાઈ ગયું, એ તો ગયે છૂટકો. પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન પછી પામ્યા, અનંત સંસાર તોડી નાખ્યો અને તીર્થંકરપણું બાંધેલું છે ત્યાં હજી તીર્થંકર (ગોત્ર) બાંધે છે અત્યારે પહેલી નરકમાં. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે શ્રેણિક રાજા. ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં તીર્થંકરપણાનો અવતાર છે એમનો અને એ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના છે. સમજાણું કાંઈ? આવી શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની કિંમત છે. આ શ્રદ્ધા—સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના અનંતા વ્રત પાળે ને તપ કરે અને મરી જાય, સુકાય જાય (તોપણ) એક પણ ભવ ઘટશે નહિ. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમ પરાણે નહિ. આ જ કરવા જેવું છે એમ નક્કી કરવું. એમ કે આ કોલેજમાં ભણવું પડશે. આહા..હા..! વસ્તુની સ્થિતિ જ આવી છે. એમ એણે નક્કી અનુભવમાં કરવું પડશે ભાઈ! અરેરે! ચોર્યાસીના અવતારની ડાંગુ માથે પડી છે. એ સમ્યગ્દર્શન વિના એનો નાશ નહિ થાય. કદાચિત્ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કર્યા હશે તો પુણ્ય બાંધશે. ધૂળમાં, સ્વર્ગમાં જાશે, સ્વર્ગમાંથી પટકશે પુણ્ય ... પુણ્ય જ્યાં ક્ષય થયા એટલે ઢોરમાં જાશે પાછો. સમજાણું કાંઈ? એટલે પહેલું શ્રદ્ધાને અને જ્ઞાનને માટે વાસ્તવિક પ્રમાણ નય, નિક્ષેપથી વસ્તુ કેવી છે એનો નિર્ણય કરવો પડશે અને નિર્ણય કરીને પછી અનુભવમાં આવ્યો (એટલે) સમ્યગ્દર્શન થયું. પછી એને પ્રમાણની કાંઈ જરૂર નથી. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ઝીણી પડીને માણસને. બાપુ! માર્ગ તો આ છે હોં. બીજા પલટાવીને બીજો માર્ગ કરશે (તો) રસ્તો બીજે ચાલ્યો જશે. આહા..હા..! આ રેલના પાટામાં હોય છેને? જુઓને રેલ.

પાટો હોયને પાટો? આમ જોડી દે તો આમ ચાલી જાય અને આમ જોડી દે તો આમ ચાલી જાય. અમારે ત્યાં આમ નજીક હતુંને પાલેજમાં દુકાનની પાસે ભાઈ! જંગલમાં ત્યાં અમારે જાવું હોય. ઓલો પાટો હોયને પાટો આમ. આમ ચડાવી દે તો આમ વઈ જાય, એ આમ ચડાવી દે તો આમ વઈ જાય. સાંધા હોય આમ પાતળા. અમારે તો આખો દિ' ત્યાં દુકાનની જોડે જ હતું સ્ટેશન. પાલેજ. આહા..હા..!

એમ જો એક પણ વિપરીત માર્ગને રસ્તે ચડ્યો... જાવું હોય ઉગમણું અને જાય આથમણું. અને એક પણ સવળા રસ્તાનો ખ્યાલ આવીને જો આત્મામાં ચડ્યો ( તો) જન્મ-મરણના અંત (આવે). એ મોક્ષને પાટે ચડી ગયો. જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન સાચું થયું એ મોક્ષને પાટે ચડ્યો. અને એના ભાન વિના કોઈ દયા, દાન, વ્રત ને ભક્તિના પરિણામમાં ધર્મ થાય અને એનાથી કલ્યાણ થાય (એમ માનવા લાગે તો) એ ઊંધે પાટે ચડ્યો છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે '**યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનથી સિદ્ધિ કરવી;...**' અને જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી શ્રદ્ધાન માટે તો... જોયું ભાષા ઓલામાં જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી. બે ભાષા. પછી લીધું કે શ્રદ્ધાન માટે તો. એમ. એમ ભાષા પાછી લીધી. હવે '**પ્રમાણાદિની કાંઈ જરૂર નથી.**' કાલે દાખલો નહોતો ઓલો ભાઈ રાતે? જિજ્ઞાસા. કોની જિજ્ઞાસા? દાખલો આપ્યો હતો. રાતે હતાને? બે હતા ગધેડા. એક ગધેડો કુંભારને આપ્યો અને એક ગધેડો ધોબીને આપ્યો. ધોબી-ધોબી આ માથે નાખીને લૂગડા ધોવા લઈ જાય છેને. એક આપ્યો કુંભારને. કુંભારનો ગધેડો એને તો વાસણ તૈયાર થયેલા ઈ માથે નાખીને (જાય). પોલા હોયને પોલા, એમાં કાંઈ બહુ ભાર ન હોય. અને વેચવા જાય બે-ત્રણ ગાઉ. અહીંયાં આવ્યા હતા. થોડો ભાર હોય અને પછી અહીં વેચાય જાય એટલે ખાલી જાય. ખાવા-પીવાનું એય.. મળે બહારનું, એને બહુ મહેનત નહિ. ધોબીનો ગધેડો એને તો જતાય મોટા પોટલા માથે પંદર મણ કે દસ મણ. વળતા લીલા પોટલા માથે. ભીના લૂગડા. એ બે મળ્યા પાછા ભેગા બહાર બે-ચાર મહિને. એલા તને આમ કેમ થયું? ધોબીના ગધેડાને કહે. ભાઈ! મારે તો ભાર બહુ સહન કરવો પડે છે. જતા-આવતા બેય વાર ભાર... ભાર... ભાર.. મારે તો કોઈ ભાર નહિ. ઓલો કહે. મારે તો એકવાર પોલા વાસણો. ભલે ૨૫-૩૦ ખડકે પણ પોલા, એમાં કાંઈ બહુ વજન ન હોય. ત્યારે તું આવી જા મારામાં. ઓલો ગધેડો કહે કે તું આવ મારામાં. મારે પાલવતું નથી આમાં. કેમ? ઘરમાં ધોબી, દીકરી બે અને એનો ધોબી (એમ) ત્રણ (જણા) છે. એની દીકરી એવી છે, પછી એની મા એને કહે છે, એનો બાપ એને કહે મારી ગધી, ગધેડાને પરણાવી દઈશ જો તું આમ.. એ સાંભળતા ક્યારે મને પરણાવે એ જિજ્ઞાસા માટે રહ્યો છું. એ ક્યારે મને પરણાવે? એલા પણ મૂર્ખ ગધેડી કહે એટલે

કંઈ પરણાવે તને માણસને?

એમ આત્માની અંદર ભાવના શું ચીજ છે એને ભૂલી અને દયા, દાન, વ્રત, પરિણામ કરતાં-કરતાં કલ્યાણ મારું થશે. મારી જિજ્ઞાસા છેને. મારે તો વીતરાગ થાવું છે. શું કરીને? કે રાગ કરીને, પુણ્ય કરીને. એ ગધેડાને ગધેડી પરણાવે એમ તારે મુક્તિ થાય, એમ ત્રણ કાળમાં નહિ થાય. અમારી જિજ્ઞાસા છે, અમારે તો આમાંથી મુક્તિ લેવી છે. સમજાણું કાંઈ? ધૂળેય નહિ થાય સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગધેડાથી પણ બેજ (ગયેલો) છે. હવે ગધેડા શું ગધેડો? ભગવાન તો પશુ કહે છે. ૧૪ ગાથામાં નથી આવતું? દરેકમાં પશુ.. પશુ.. અજ્ઞાની! તારા ચૈતન્યની જાત અને રાગની જાત અને પરનો તને વિવેક નથી. જેમ હાથીને ઘાસ અને ચુરમું બે આપે હાથીને. ઘાસના ઓલામાં લઈને ચુરમું ભેગું ખાય. પણ આ ઘાસ છે અને આ ચુરમું એનો વિવેક કરતો નથી. દાખલો છે આ સમયસારમાં. સમજાણું કાંઈ? એમ અનાદિનો મૂઢ જીવ રાગ અને પુણ્ય-પાપના પરિણામ એ તો તરણા ખડ છે. આત્માનો સ્વભાવ એ તો ચુરમું છે. બેને એક માનીને ભરડે છે એ ઢોર જેવો પશુ વિકળ છે. સમજાણું કાંઈ? પછી મોટો બેરિસ્ટર હોય. ૧૦ હજારનો, ૨૦ હજારનો પગાર હોય મહિને. એઈ! પણ આવો છે ઈ. ઊંધો છે ઊંધો. ભાઈ! જેનાથી જન્મ-મરણ થાય એવા ભાવને સેવતો અને માનતો કે હું કાંઈક સારું કરું છું. આહા..હા..! અનાદિથી એવું જ કર્યું છે અજ્ઞાનીએ. સમજાણું કાંઈ?

કહે છે '**શ્રદ્ધાન આદિ થયા પછી...**' '**બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે...**' આ વ્યવહારથી વાત કરવી છેને. કહે છે કે સમ્યગ્દર્શન જ્ઞાન થયું, પણ પછી ચારિત્રની સ્થિતિ શું? એની રમણતા કેવી? એમાં આનંદ કેવો આવે? ચારિત્રથી એને ભવનું બંધન કેમ ટળે? અસ્થિરતા કેમ નાશ થાય? એવું સ્વરૂપનું ચારિત્ર એનું એણે જ્ઞાન વધારે કરવું પડશે. એ ચારિત્ર હોં! આ વ્રતના નિયમ અને વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર છે જ નહિ. અઠ્યાવીશ મૂળ ગુણ સાધુના અને ચારિત્ર પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર બિલકુલ નથી. એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ તો વિકલ્પની વૃત્તિ વાસના છે. એ અને આત્માનું સ્વરૂપનું સ્થિરતારૂપ ચારિત્ર, બેને માટે એણે પ્રમાણ અને જ્ઞાનથી ચારિત્રને ઓળખવું પડશે. સમજાણું કાંઈ? અહીં તો ઓલા પંચ મહાવ્રત પાળે એ પણ ક્યાં ઠેકાણા છે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના. એને માટે કરેલા આહાર લે, ચોકા બનાવીને આહાર લે એ તો બધું નિશ્ચય અને વ્યવહાર બેયથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં રમણતાની દશા શું છે? અંતરની રમણતા ચરવું એટલે આનંદમાં રમવું એવું જે ચારિત્ર જાણવા માટે અને સ્પષ્ટતા માટે એને શાસ્ત્રનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ.

સમજાણું કાંઈ?

**'એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા...'** વાત તો નિમિત્ત દ્વારા કહ્યું છે. બીજું શું કહેવાય પણ? લ્યો ભાષા આમ લીધી. કહો, એ પહેલાં પ્રમાણથી વ્યવહાર હતોને પહેલામાં પણ? એ પણ વ્યવહાર હતો. આકરી વાતું ભારે ભાઈ! **'પ્રમાણાદિના આલંબન દ્વારા...'** આ નિશ્ચય છે, આ વ્યવહાર છે, આ પ્રત્યક્ષ છે, આ પરોક્ષ છે એવા પ્રમાણજ્ઞાનને યથાર્થ કરીને કે જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું પછી ચારિત્રની જ્યારે દશા રમણતાની આવે ત્યારે એને પંચ મહાવ્રતના વિકલ્પ કેવી મર્યાદાના હોય એવું બધું જ્ઞાન કરીને એ **'પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે...'** ચારિત્રની મર્યાદા આવી હોય, એ વખતે વ્રતનો વિકલ્પ આવો હોય, એ વખતે મુનિ જ્યારે થાય (ત્યારે) આનંદસ્વરૂપની રમણતાના આનંદમાં એ આનંદનું વેદન થતાં ચારિત્ર પ્રકૃષ્ટ પ્રગટે ત્યારે એને પંચ મહાવ્રતના વિકલ્પ હોય, ત્યારે એને શરીરની નગ્ન દશા થઈ જાય. સમજાણું કાંઈ? થઈ જાય હોં એ જડની છે. એવું ચારિત્ર અને એનો વ્યવહાર અને એમાં નિમિત્ત એનું જ્ઞાન એણે પહેલું બરાબર કરવું જોશે. કહો, સમજાણું આમાં?

**'અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે;...'** લ્યો! સ્વરૂપમાં રમણતા કરતાં રાગ-દ્વેષ-મોહનો અભાવ થઈને યથાખ્યાત ચારિત્ર થાય છે. **'તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! અંતરની રમણતા. ચરવું એટલે આનંદમાં રમવું, અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં... કરતાં... કરતાં.. કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સરસ અભાવની વાતું બધી. **'કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી.'** પૂર્ણ જ્ઞાન થઈ ગયું પછી શું? **'ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે...'** અરિહંત થયા પછી દેહ છૂટી જાય તો સિદ્ધ થાય. ત્યાં પણ કાંઈ આલંબન નથી. **'એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.'** હવે એનો કળશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૯

(मालिनी)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

એ અર્થનો કલશરૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે- [अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते] આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજ:પુંજ આત્મા, તેનો અનુભવ થતાં [नयश्रीः न उदयति] નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, [प्रमाणं अस्तम् एति] પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે [अपि च] અને [निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः] નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. [किम् अपरम् अभिदध्मः] આથી અધિક શું કહીએ? [द्वैतम् एव न भाति] દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

ભાવાર્થ :- ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે-પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે કે-છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો. એ જ અમારો મત છે; તમે વિશેષ શું કહ્યું? એનો ઉત્તર :- તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે. જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય, અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે તેથી અનુભવ કરાવવા માટે ''શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી'' એમ કહ્યું છે. જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો

પ્રસંગ આવે. માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તે પણ મિથ્યારૂપ છે; શૂન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે. ૯.

---

**પોષ વદ-૮, શનિવાર, તા. ૦૮-૦૧-૧૯૭૨**
**ગાથા-૧૩, કળશ-૯-૧૦, પ્રવચન-૬૪**

૯મો કળશ છે ૧૩મી ગાથાનો.

(मालिनी)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

કહે છે કે આ આત્મા વસ્તુસ્વરૂપે આનંદ અને જ્ઞાનનો ઘન છે. એને આ બધા પ્રમાણ, નય, નિક્ષેપથી જાણવાનો પ્રયત્ન કરે, એ પહેલું હોય. નહિતર તો અન્ય રીતે સિદ્ધ કરતાં વસ્તુ ભગવાને કહી એવી રીતે સાબિત ન થાય. નયથી વસ્તુમાં ગુણ શું છે એને સિદ્ધ કરે નય, પ્રમાણ... નિક્ષેપ છે એ વસ્તુના જ્ઞેયના ઉપચારિક ભેદો એને એ જણાવે છે. પણ એ વસ્તુ જ્યાં અંતર અનુભવ કરતાં એ ચીજ ત્યાં હોતી નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના એવા ભેદનો વિકલ્પ છોડી અંતરના સ્વભાવ સન્મુખની નિર્વિકલ્પ દશામાં જ્યાં આત્માનો પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે એમાં એ નિક્ષેપ, પ્રમાણ, નય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે—**' વસ્તુ જે આત્મા એક સમયમાં પરિપૂર્ણ અનંત આનંદ જ્ઞાનસહિત. એવી ચીજનો અનુભવ કરતાં, એ શુદ્ધનયનો અનુભવ કહો કે એ ચીજનો અનુભવ કહો, અંતરના અનુભવમાં વસ્તુ જે છે એને અનુભવમાં લે એ કાળે આ બધા નય, નિક્ષેપના ભાવો અને વિકલ્પો હોતા નથી. કહો, આ ચીજ છે. સમજાણું કાંઈ? '**अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते**' '**આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત...**' લ્યો અહીં ભેદ પાડ્યો છે. '**ચૈતન્ય-ચમત્કારમાત્ર**

**તેજઃપુંજ આત્મા,...'** જાણનાર સ્વભાવથી ભરેલો આત્મા ચૈતન્યચમત્કાર પુંજ એવો જે આત્મા. **'તેનો અનુભવ થતાં...'** તેમાં સન્મુખ થઈને આત્માનું પ્રત્યક્ષપણું આનંદમાં વેદાતા. આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં .. સમજાણું કાંઈ? આ બધા વિકલ્પો જે છે એ પહેલી વસ્તુ સિદ્ધ કરવા હો, પણ છે એ બધા વિકલ્પો દુઃખરૂપ. સમજાણું કાંઈ? એ વસ્તુને સાબિત કરે એવા વિકલ્પો પણ જ્યાં બાધક છે તો પછી રાગ-દ્વેષની તો વાત શું? આમાં ઈ છે ... સમયસાર નાટકમાં. આહા..હા..! જે જે વાત સાધક છે, તે તે વાત બાધક છે. રાગ-દ્વેષની વાતો શું કરવી? ત્યાં કહે છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત અને ચરણાનુયોગની ક્રિયાના ભાવ શુભ એ તો સ્વભાવની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. આહા..હા..! પણ જેનાથી વસ્તુનું જ્ઞાન પરલક્ષી ભલે પણ બરાબર થાય એવા નય, નિક્ષેપનો ભાવ પણ પહેલી અવસ્થામાં એને વસ્તુ આવી છે, દ્રવ્ય આવા, ગુણ આવા, દશા આવી, સર્વજ્ઞે કહેલાં તત્ત્વો માયલું તત્ત્વ આ છે એમ સાબિત કરવા એ બધા હો, પણ અંતર અનુભવમાં એ બાધક છે. સમજાણું કાંઈ?

એમાં એ અર્થ કર્યો છે, ભેદોને ગૌણ કરી. શુદ્ધનયનો વિષય જે ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્વરૂપ એની દૃષ્ટિ કરતાં જે વેદનમાં આનંદનો અનુભવ થાય, એવા શુદ્ધોપયોગના કાળમાં એ વાત બધી બાધક છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તત્ત્વની ચર્ચા કરે, કથન કરે, કથન સાંભળે એમાં એને એમ થાય કે હું કાંઈક અભ્યાસી આગમનો છું. સમજાણું કાંઈ? ... ધારણા હોય, ... પંડિતજી! શેઠ! કાં એટલું થાય એને કે હું પણ કાંઈક પ્રશ્નો કરે એનો ઉત્તર દઈ શકું છું, મને એ જાતની આવડત છે. એટલું ત્યાં થાય. એમાં લાભ કાંઈ નહિ. એટલી વાત છે. આ તો .. કાઢી નાખીને વાત લેવી છેને. સમજાણું કાંઈ? કહે છે કે નિશ્ચયથી આમ છે અને વ્યવહારથી આમ છે, નિક્ષેપ આમ હોય અને પ્રમાણ આમ હોય એ બધું ચર્ચા વખતે, એકબીજાના પ્રશ્નોત્તર વખતે એવું હો, પણ એમાં એટલું એને થાય કે મને કાંઈક બીજા કરતાં આવડે છે. સમજાણું કાંઈ? એ ભાવને પણ છોડી દઈને આત્માનો અનુભવ કરે ત્યાં એ ભાવ રહેતો નથી એમ કહે છે. આહા..હા..! કોઈની એને જરૂર નથી. એવી પર અપેક્ષિત જ્ઞાન અને પર અપેક્ષિત વિકલ્પવાળો જે બોધ એ પણ અંતર અનુભવમાં કારણરૂપ થતો નથી. આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ચૈતન્યપુંજ પ્રભુ આત્મા એમાં સમાતા, એમાં સન્મુખ થતાં જે અભેદ ચીજનો અનુભવ થાય ત્યાં આ બધું હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત! ક્યાં અટકે છે અને ક્યાં રોકાય છે એનો આ ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, સર્વ પ્રકારમાં એ જાણપણા ને વિકલ્પો ને એ બધા ગૌણ કરી, એનું લક્ષ

છોડી ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ પૂર્ણ પુંજ એનો અનુભવ થતાં ત્યારે એને આત્માની સાથે શ્રદ્ધાનો સ્પર્શ થતાં આનંદ આવે એ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મેં ત્યાગ કર્યો, આટલા મેં છોડ્યા છે, એ બધું વિકલ્પમાં એને અભિમાન હો. આત્માનો અનુભવ એમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કહે છે, ભગવાન આત્મા એ તો નિર્વિકલ્પ ચીજ પ્રભુ છે. આહા..હા..! એમાં જેને આવી તત્ત્વચર્ચા એવું જે એને, અરે! વસ્તુ છે એને સાબિત કરવા માટે જે ચર્ચા કે જ્ઞાન એની પણ ત્યાં જરૂર નથી. કહો, ભગવાનજીભાઈ! આવો માર્ગ છે હોં!

**'અનુભવ થતાં...'** **'नयश्रीः न उदयति'** એક એક ગુણને સાબિત કરવા કે આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે એવો એક નય દ્રવ્યના એક ભાગને, એક ગુણને, એક દશાને સાબિત કરતાં એ નય હોય, પણ અનુભવમાં એ નય હોતી નથી. નય તો આથમી જાય છે કહે છે. **'न उदयति'**—નય ઉદય થતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો જ્ઞાન અને પ્રમાણ, નયથી સાબિત કરતાં છતાં અંતરના અનુભવમાં એ સાબિતીની કાંઈ ગંધ રહેતી નથી. આહા..હા..! આવો માર્ગ ભારે ભાઈ! સમજાણું કાંઈ? **'नयश्रीः'** **'નયની લક્ષ્મી...'** આ નિશ્ચય આમ છે, સદ્ભુત વ્યવહાર આમ કહેવાય, અસદ્ભુત વ્યવહાર આમ કહેવાય એવા બધા વિકલ્પો છે. સમજાણું કાંઈ? પણ અંતરની પ્રાપ્તિના કાળમાં એ ચીજો તદ્દન નકામી છે. આહા..હા..! એવો સહજાત્મસ્વરૂપ પ્રભુ પોતાની સહાયથી જ અનુભવમાં આવે એવો છે. પરની જરીએ એને જરૂર નથી એમ કહે છે. ઓહો..હો..! આ તો એક રાગની મંદતા કરીએ, આચરણ ત્યાગના એવા કરીએને ચરણાનુયોગ પ્રમાણે તો પછી થાય. ભાઈ! એ તો બહુ (આઘે) ગયો, બાપુ! સત્સંગ કરવો, જાત્રા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા. એ બધી ચરણાનુયોગમાં જે આચરણની વ્યાખ્યા કરી છે એ પહેલાં કરવા, તો પછી આત્માનો અનુભવ થાય.

મુમુક્ષુ :- એ વાત તદ્દન..

ઉત્તર :- ... અહીં તો પ્રમાણ અને નયના પક્ષના વિકલ્પો પણ જ્યાં સહાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ નયના પ્રકારો, એના ભેદો-લક્ષણો એ ઉદય થતા નથી. નય ત્યાં રહેતી નથી. ત્યારે કહેવાય છેને? 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ત્યાં નય આવી. એમાં એ નય નહિ. એ તો નયનો વિષય જે પૂર્ણ છે એનો આશ્રય કરતા મુક્તિ થાય એમ કહેવું છે. સમજાણું કાંઈ? ત્યારે તો એને સમ્યગ્દર્શન થાય છે. ... અનાદિ .. આવા દુઃખ અનાદિના અને એની સાથે રાજીપો રાખીને રહેવું... આવો માર્ગ છે, ભાઈ! અંદર વસ્તુ જે ચૈતન્યમૂર્તિ પ્રભુ એ તો પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ થવાની વાત છે. સમજાણું કાંઈ?

'**प्रमाणं अस्तम् एति**' પ્રમાણ તો આથમી જાય છે કહે છે. પ્રશ્ન હતો કે પ્રમાણ તો હોય છેને? અહીં તો વિકલ્પવાળું પ્રમાણ. આ નિશ્ચય આવો છે, પર્યાયમાં આવો છે, એવું જે બેનું આખું જ્ઞાન કરીને પ્રમાણ છે એવા વિકલ્પવાળું જે જ્ઞાન એ તો ત્યાં અસ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના એમાં કામ નથી કહે છે. સમજાણું કાંઈ? કહે છે, પ્રમાણજ્ઞાન જે આખી ચીજને સિદ્ધ કરનાર, સાબિત કરનાર એ પણ વિકલ્પથી સિદ્ધ કર્યું ત્યાં એ પ્રમાણ આથમી જાય છે. પ્રમાણ તો વસ્તુને સિદ્ધ કરે અને અહીં તો વસ્તુ સિદ્ધ થયેલાનો અનુભવ છે. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે, ભાઈ! સમયસાર નાટકમાં. આ કલશનો અર્થ ભર્યો છેને. આપણે વંચાઈ ગયું છે. નય તો ગુણને સિદ્ધ કરવા માટે છે, પણ જ્યાં વસ્તુ સિદ્ધ અનુભવ થયો ત્યાં નયનું શું કામ છે? પ્રમાણ વસ્તુને સાબિત કરવાને સાધન છે, પણ જ્યાં વસ્તુ સિદ્ધ છે એનો અનુભવ થયો એમાં ક્યાં પ્રમાણની જરૂર છે? સમજાણું કાંઈ? સમયસાર નાટકમાં નહિ? ... આહા..હા..!

એ ત્યાં કેમ રહેતું નથી? એ જે નયે જે નિશ્ચય સિદ્ધ કર્યું એ નયે પર્યાય છે એમ સિદ્ધ કર્યું, પ્રમાણે આખી ચીજ સિદ્ધ કરી એ સિદ્ધ થયેલાનો જ્યાં અનુભવ છે ત્યાં સિદ્ધ કરવું રહેતું નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? માલ લેવા વખતે ભાવ પૂછે, ત્રાજવાનો તોલ કરાવે, તોલા-તોલા નહિ? પાંચ શેરી. વજન કરાવે કે સરખું છેને પાંચ શેરી આ સરકારના છાપવાળી. પછી કાંઈ ખાવા વખતે બધું યાદ રાખતા હશે? એમ કહે છે કે ભલે પહેલી વસ્તુ સાબિત કરવાના સાધક તરીકે પણ એને કહેવામાં આવે છે. પણ અંતર ચીજમાં જ્યાં જતાં, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં જતાં અનુભવના કાળમાં એ ચીજો કાંઈ સહાયક હોતી નથી. આહા..હા..! આવો માર્ગ ભારે ભાઈ! કહો, સમજાણું કાંઈ? આ તો કહે, દેશસેવા કરીએ તો આમ થાય. પહેલો દેશસેવાનો ધર્મ, પછી આત્માનો ધર્મ, પછી .. કરવાનો ધર્મ. પ્રભુ! તારા મારગડા કોઈ જુદી જાતના છે. આહા..હા..!

લખનારે કેવું લખ્યું છે! આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે. સમજાણું કાંઈ? અનુભવની વાત છે. એવા કાળે આવું હોતું નથી એમ અનુભવ્યું છે એમાંથી આ કહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો પડે માણસને. આ માણસોને રાજી રાખવા, જનરંજન, કાંઈક એવું કરે તો જનરંજન થાય. શેઠ! .. કર્યું છેને? જનરંજન. એ તો નરક, નિગોદ... ... છેને એ તો. નરક નિગોદમાં જાશે જનરંજન કરવા જઈશ તો. એય..! દાનીને વખાણે. અહો! તમારા જેવા દાનીઓથી આ ધર્મ નભે. શેઠ! રાજી થાય. લ્યો. અને તપસ્યાઓ આદિ, અપવાસ આદિ કરે તો ધર્મની પ્રભાવના થાય, મોટા વરઘોડા ચડે રથમાં હાથી, ૨૧-૨૧ હાથી, ૨૫, ૫૦, ૧૦૦ હાથી. .. એટલા હોય. એ મોટા વરઘોડા નીકળે. એવું હોય તો ધર્મની પ્રભાવના થાય. એમ છે નહિ. નવનીતભાઈ! આવું છે. પ્રભુ! તું ક્યાં અધૂરો

છો, તું ક્યાં પાંગળો છો? પૂર્ણ પરમેશ્વર તું પોતે છો. વીતરાગની મૂર્તિ. મૂર્તિ એટલે આ મૂર્તિ એમ નહિ. વીતરાગ સ્વરૂપ છે ત્યાં રાગની ગંધનું કામ શું છે? આહા..હા..! ભારે કામ ભાઈ હોં! સમજાણું કાંઈ? ભગવાન વીતરાગસ્વરૂપ તું છો અંદર. ચૈતન્યઘન વીતરાગ સ્વભાવનો ઘન એના અનુભવમાં રાગનું શું કામ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः' 'નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી.'** કે આ ભાવનિક્ષેપ છે ને આ ભાવ નિક્ષેપ પ્રગટ્યો, દ્રવ્યમાં યોગ્યતા હતી ને... સમજાણું કાંઈ? એવા વિકલ્પોના વિચાર અનુભવના કાળમાં હોતા નથી. આહા..હા..! **'किम् अपरम् अभिदध्मः' 'આથી અધિક શું કહીએ?' 'द्वैतम् एव न भाति' 'દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.'** હું અનુભવ કરનાર અને આત્માનો અનુભવ કરું છું. આહા..હા..! એ પણ ભેદ છે. ત્યાં ભેદ રહેતો નથી. આ સમ્યગ્દર્શનને પ્રાપ્તના કાળની વાત છે. અને એ સમ્યગ્દષ્ટિ પાછો જ્યારે જ્યારે અનુભવ કરે ત્યારે આવું હોય છે. આહા..હા..! કહો, પંડિતજી! બહુ મોંઘો પડશે લોકો એમ કહે છે. વસ્તુ તો આવી છે. પ્રભુ! તારા ખ્યાલમાં પણ ન આવે કે આ ચીજ કોઈ પર્યાયના જ્ઞાનથી, વિકલ્પથી પ્રાપ્ત થાય એવી આ ચીજ જ નથી. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં તો વાત લે કે એને રાગની મંદતા પૂજા, વ્રત, નિયમ અને તપ કરે તો કાંઈક આત્મસ્પર્શ થાય એવો આત્મા છે નહિ કહે છે. સમજાણું કાંઈ? અને આવા નય, પ્રમાણ અને નિક્ષેપના જ્ઞાન કરે, ઓલું ક્રિયામાં લીધું... સમજાણું કાંઈ? નય, નિક્ષેપ અને પ્રમાણનું બહુ જ્ઞાન થાય તો એ પ્રાપ્ત થાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કામ કર્યા છેને દિગંબર સંતોએ! આવી વાત બીજે ક્યાંય છે નહિ હોં! અંતર અનુભવ સિવાય આ વાત ક્યાંય મેળ થતી જ નથી.

સવારમાં કહ્યું હતું. એક બોલ નહોતો કહ્યો? શેઠ! .. ભાઈ! શ્વેતાંબર લોકો કવળાહાર કહે છે, આપણે નથી કહેતા એનો મેળ શી રીતે કરવો આપણે? એને બેને સરખા શી રીતે કરવા? શેઠ! સમજાણું કાંઈ? શ્વેતાંબર લોકો કહે ભગવાનને આહાર હોય કવળ કવળ. કવળઆહાર. દિગંબર કહે છે કે નહિ. .. કહે છે ... આ તો બધી ગડબડ થઈ ગઈ. વર્ણીજીનો એ વખતે એવો પક્ષ પાક્કો દઢ હતો. આહા..હા..! ભાઈ! આટલા ફેરે પણ જ્યાં માર્ગ નથી ત્યાં બીજા મતના ફેર હોય એને આપણે સમન્વય કરીને એક માનવા, કેમ બને ઈ? એ કોઈ વ્યક્તિના વિરોધને માટે નથી. વસ્તુની સ્થિતિ એવી છે એમ થાય, બીજું શું થાય? આહા..હા..! એટલે એમ લાગે કે અમે તો તમારો પક્ષ .. અને બીજાનો.. અરે! ભગવાન! એમ રહેવા દે ભાઈ! આ તો સત્ય વસ્તુ જ આવી છે ત્યાં બીજું થાય શું? વેદાંતનું મૂકે અંદરમાં. પણ આ બધા મતો જેટલા ફેર છે સાક્ષાત્ દેવના, ગુરુના, ધર્મના બહાનેના બધા વિરુદ્ધ તત્ત્વો છે. આની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે ત્યાં

શું થાય? અને સમભાવની એવી વ્યાખ્યા નથી કે બધાને સરખા માનવા એનું નામ સમભાવ. એવી વ્યાખ્યા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

શ્રીમદ્દે સમભાવની વ્યાખ્યા કરી છે. આત્મજ્ઞાન... શું કીધું? સમદર્શિતા. સમદર્શિતાની વ્યાખ્યા કરી છે. સમદર્શિતાની એવી વ્યાખ્યા નથી કે બધા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, સુદેવ બધાને સરખા માનવા. એવી એની વ્યાખ્યા નથી. ભગવાનજીભાઈ! એમ ન હોય. સમભાવની તો એવી વ્યાખ્યા છે કે જેવું સત્ છે તેવું જાણે અને અસત્ છે તેને જાણે અને જાણીને ઉથાપે એમ પણ લખ્યું છે ભાઈ એમાં તો. ... આવે છેને શું કીધું? 'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ, અપૂર્વ વાણી પરમશ્રુત સદ્દગુરુ લક્ષણ યોગ.' શેઠ! લાવોને ભાઈ .. વસ્તુ તો આવી છે, શું થાય બીજું? ... છેને? એમાં .. એ તમારે આવે છે બધા તમારા મકાનમાં. ... આહા..હા..! અવિનાશી તું એકલો છો. ...

મુમુક્ષુ :- જુનાગઢમાં...

ઉત્તર :- જુનાગઢ પણ અમે ગયા હતા. અહીં પહેલા મળ્યા હતા, ત્રણ વાર મળ્યા હતા, ચાર વાર. ...

સમદર્શીપણું એટલે? લૌકિકભાવનો સમાનભાવ, અભેદભાવ, એકતરફી બુદ્ધિ, નિરવિશેષપણું નહિ. બધા સરખા છે એમ સમદર્શીની વ્યાખ્યા નહિ. લૌકિકભાવનો પણ સમાન ભાગ. તમારું પણ બરાબર છે લૌકિકમાં, ભગવાનનો ભાવ પણ બરાબર છે. અભેદભાવ બધા થઈને એક છીએ એમ ભાવ, એકસરખી બુદ્ધિ. બધા માટે એકસરખી બુદ્ધિ અને નિરવિશેષપણું. વિશેષપણું નહિ. બધા સામાન્ય સરખા છે અર્થાત્ કાચ અને હીરો બે સમાન ગણવા. સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું. સત્શ્રુત છે તેને સત્શ્રુત જાણવું જોશે. ..ભાઈ! જાણવામાં કંઈ વિષમતા નથી, એ તો સમતા છે, સત્ય છે. એ .. નથી. સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું અને સદ્દધર્મ અને અસદ્દધર્મમાં અભેદ માનવો એનું નામ સમદર્શી નથી. આહા..હા..! અથવા સદ્દગુરુ અને અસદ્દગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી. અથવા સત્દેવ અને અસત્દેવને વિષે નિરવિશેષપણું રાખવું. નિરવિશેષ એટલે સામાન્ય, બેય સરખા. વિશેષ નહિ, ભેદ નહિ એનું નામ સમદર્શી નથી. આહા..હા..! ..ભાઈ! અર્થાત્ બંનેને એકસરખા ગણવા ઈત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શીતા નહિ. એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા (છે). પોતે ખુલાસો કર્યો છે શ્રીમદ્દે. વિવેક વિકળતા. વિવેકની વિકળતા બુદ્ધિ. સમદર્શી સત્ને સત્ને જાણે, બોધે. અસત્ને અસત્ જાણે, નિષેધે. ભગવાનજીભાઈ! વસ્તુની વસ્તુસ્થિતિ તો જેમ હોય એમ જાણે, છે એમ કહે એ કોઈ વિષમતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અસત્ને અસત્ જાણે, નિષેધે. સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે. કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે. નિષેધે કે એ કુશ્રુત છે. આહા..હા..! એ તો જ્ઞાનનો વિષય તો યથાર્થ હોય એમ કહે કે

એ કાંઈ વિશેષથી ... કરે? આહા..હા..! જુઓ, આ ગૃહસ્થાશ્રમમાં હતા શ્રીમદ્ તોપણ આવી સમદર્શીની વ્યાખ્યા કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ અપેક્ષાની વાત છે. કહો, સમજાણું કાંઈ?

સત્ધર્મને સત્ધર્મ જાણે, બોધે અને અસત્ધર્મને અસત્ધર્મ જાણે, અસત્ધર્મને નિષેધે. સદ્ગુરુને સદ્ગુરુ જાણે, બોધે, અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે અને નિષેધે. સત્દેવને સત્દેવ જાણે, બોધે, અસત્દેવને અસત્દેવ જાણે અને નિષેધે. ઈત્યાદિ જે જેમ હોય તેમ તેને દેખે, જાણે, પ્રરૂપે. તેમાં રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરે એ પ્રકારે સમદર્શીપણું સમજવું. કહો, સમજાણું કાંઈ? કેટલામું વર્ષ છે? ૩૧મું. ૩૧માં વર્ષમાં છે.

અહીં કહે છે કે એવો વિકલ્પ એને હો ભલે. એથી કરીને એને વિષમતા નથી, પણ અહીં તો અનુભવ કાળમાં એ વિકલ્પ પણ નિષેધ છે. સમજાણું કાંઈ? ... વાત કરી ટીકામાં. સર્વને જાણે. ... સર્વ લોકાલોકને જાણે. જાણીને આત્માનો અનુભવ કરે. ... અહીં બીજો અર્થ કરે છે. ... છેને? ... છેને બોલ? તત્ત્વાર્થસૂત્રમાં. એમ નય-નિક્ષેપ-પ્રમાણ નહિ, એ પણ જ્યાં નથી ત્યાં સત્ સંખ્યાની શું વાત કરવી? એમ. આટલા સંખ્યાના જીવ છે અને આટલા સમકિતી હોય, એવું આવે છેને બધું? ...

**'આથી અધિક શું કહીએ?' 'द्वैतम् एव न भाति'** આહા..હા..! અંતરના સમ્યગ્દર્શન પામવાના કાળે કે પછી અનુભવને કાળે બેપણું જ્યાં ભાસતું નથી. હું આ આત્મા છું અને હું અનુભવ કરું છું એવું પણ ત્યાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં બીજું તો શું પણ જ્યાં બેપણું ભાસતું નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં આ દશા હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આ ભેદ નથી અને અભેદ છે બસ. અભેદ છે બધું આમાં આવી જાય. ... સમય અસંખ્ય છેને? અસંખ્ય સમય છે. આહા..હા..! બીજું કાંઈ નથી એમ ભાસ્યું. એમ પછી બહાર વિકલ્પ આવ્યો ત્યારે વાત કરી કે આમાં બીજું કાંઈ છે નહિ. સમજાણું આમાં કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! પહેલો તો સાંભળવો કઠણ પડે. આહા..હા..! અને એને પરિણમાવવો એ તો અંતરનો પુરુષાર્થ છે. એનું પરિણમન થવું, એ નિર્વિકલ્પ અનુભવમાં એનું પરિણમન હોય છે, પછી પણ એનું પરિણમન કાયમ રહે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

**'ભાવાર્થ :- ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે—'** એટલે આવા બધા પ્રકારોના ભેદો એને લક્ષમાં ન લેવા માટે એને ગૌણ કરીને કહ્યું. અભાવ કરીને કહ્યું એમ ન કહ્યું, પણ ગૌણ કરીને કહ્યું. પહેલા એ હોય ખરું. પછી તો અહીં અભાવ છે. ભાઈ! દ્રવ્યને

ભૂતાર્થ વખતે પર્યાયને ગૌણ કરીને કીધું છે ત્યાં તો પર્યાય છે. છતાં દૃષ્ટિમાં એણે લેવી નથી માટે એણે ગૌણ કરી. આ તો અનુભવમાં એ છે જ નહિ. છતાં એને કહે છે કે એને ગૌણ કરીને કહ્યું કે એ નથી એમ. પહેલું હતું ખરુંને.

પ્રમાણ, નય, નિક્ષેપથી ભગવાને કહેલો આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, એ સિવાય અજ્ઞાનીઓએ કહેલા આત્માની વ્યાખ્યાથી જુદો નિર્ણય કરવા એને આવા પ્રમાણ, નય, નિક્ષેપ હોય છે. પણ એને અનુભવમાં ગૌણ કરીને એમ કહે છે. પર્યાયને ગૌણ કરીને કહ્યું એ તો પર્યાય છે. અનુભવ વખતે પણ પર્યાય તો છે. આ અનુભવ વખતે નથી. એટલે ભેદને ગૌણ કર્યો એમાં પણ ફેર છે. શું કહ્યું ઈ? અહીં તો અનુભવ થવો એ પોતે પર્યાય છે, પણ દૃષ્ટિમાં એ વિષય નથી તેથી એને ભૂતાર્થ કહ્યું અને પર્યાયને અભૂતાર્થ ગૌણ કરીને કહ્યું. અહીં પ્રમાણના બધા વિકલ્પો અનુભવકાળે નથી. એ છે જ નહિ, પહેલાં હતા. સમજાણું કાંઈ? છતાં એને ગૌણ કરીને ....

**'ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે—પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.'** એ તો અનુભવમાં આવે છે, બસ. ચિન્માત્ર આ છે એમ પણ ક્યાં છે? સમજાણું કાંઈ? વાત સમજાવવી શી રીતે? એકાકાર એક આ ચિન્માત્ર છે એમ દેખાય છે. આ એક છે એમ દેખવું એ પણ ભેદ થઈ ગયો. અનુભવમાં એમ હોય છે એટલે વ્યાખ્યા એવી કરી. સમજાણું કાંઈ? દ્વૈત જ જ્યાં ભાસતું નથી ત્યાં એકાકાર ચિન્માત્ર જ દેખાય છે એટલે એકલો જ્ઞાયકભાવ જ જ્યાં અનુભવમાં આવે છે, બસ.

હવે ખુલાસો કરે છે કે આવું તો વેદાંત પણ કહે છે. **'અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી...'** બે. એટલે શું? બૌદ્ધ એમ કહે છે કે એકલું જ્ઞાન જ છે જગતમાં વિજ્ઞાન બસ, બીજી કોઈ ચીજ નથી. અને વેદાંત એક જ દ્રવ્ય અદ્વૈતં બ્રહ્મ (કહે છે). ... બહુ છે આમાં. એ હતો તો તે બહુ થાય છે, પણ છે તો એ. હવે એને એકમાં શું દુઃખ હતું તે બહુ થયો? કહે છે. .. આવ્યો શું કરવા બહુમાં? એ વાત જ ખોટી છે. એક હતો એમાં બધું થયું છે એમ નથી. સમજાણું કાંઈ? આવા .. આવી આલોચના કરવાનું શું? એ તો વસ્તુના સ્વરૂપને સત્ય કરવા માટે આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં કહ્યું છેને? મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. અન્યમતિની આવી વાતો કરવામાં ... ભાઈ! એ તો વસ્તુની સિદ્ધિ કરવા માટે છે. એને અન્યમતિ કહેતા એના ઉપર દ્વેષ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વિજ્ઞાનાદ્વૈતવાદી...'** એકલું જ્ઞાન જ વિજ્ઞાન છે જગતમાં એવા માનનારા અને વેદાંતી દ્રવ્ય જ છે એક વસ્તુ. **'છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો.'** જુઓ,

... જેને પહેલા દ્વૈત કરી કરીને કેટલું કરતા હતા. અનંતા દ્રવ્ય છે અને અનંતા ગુણો છે, અનંતી પર્યાય છે, વિકાર છે ને આવું છે ને તેવું છે. અંતે તો અમે કહીએ છીએ એમ અદ્વૈત અનુભવ. એમ કહે છે એ લોકો. ઈ કહે છે નથી આવ્યું, સાંભળ! સમજાણું કાંઈ આમાં? આ એમ કહ્યુંને કે અદ્વૈતમાં દ્વૈત ભાસતું નથી. ત્યારે ઓલો કહે જુઓ, આવ્યું કે નહિ અંતે અદ્વૈત અમારું? તારું અદ્વૈત નથી આવ્યું. '**એ જ અમારો મત છે;...**' એક જ વસ્તુને અનુભવવો. બસ, એક જ ચીજ છે. તમે લાંબી-લાંબી મોટી-મોટી વાતું કરતાં (હતા કે) છ દ્રવ્ય, અનંત ગુણો, અનંત દ્રવ્ય ને અનંત ગુણો ને... અંતે તો અદ્વૈતમાં આવવું પડશે. આહા..હા..! સાંભળ સાંભળ! '**તમે વિશેષ શું કહ્યું?**'

'**એનો ઉત્તર :— તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે.**' સર્વથા એક જ ચીજ છે એમ માનવામાં આવે છે. '**જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય,...**' બધી ચીજો જે છે એનો અભાવ થઈ જાય. એક જ આત્મા એટલે બીજી કોઈ ચીજ છે નહિ. એનો અભાવ થાય. '**અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.**' પ્રત્યક્ષ દેખાય છે કે આ જડ છે, આ બીજા આત્મા છે, એની પર્યાયમાં વિચારભેદ છે. સમજાણું કાંઈ? એવું પ્રત્યક્ષ વિચારભેદ, પર્યાયભેદ, વસ્તુભેદ, લક્ષણભેદ જડ ચૈતન્યના પ્રત્યક્ષ દેખવામાં આવે છે.

'**અમારા મતમાં નયવિવક્ષા છે...**' નયનું કથન છે. '**તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી.**' વ્યવહારના નયનો નિષેધ કરીને અનુભવ કરે, પણ એથી કરીને વ્યવહારનો વિષય નથી એમ નથી. પર્યાયનો નિષેધ કરે છે કે પર્યાય અસત્યાર્થ છે, પણ એ તો વસ્તુના અનુભવ કરવા માટે (પર્યાયને) અસત્યાર્થ (દ્રવ્યને) મુખ્ય કરીને કહ્યું છે. પર્યાયનો અભાવ કરતા નથી. ભારે આવી વાતું ભાઈ! '**અમારા મતમાં નય...**' એટલે જ્ઞાનની કહેવાની પદ્ધતિમાં ફેર છે. અનુભવમાં દ્વૈત નથી, દ્વૈત નથી, પણ બીજું દ્વૈત નથી બાહ્ય વસ્તુ એમ નથી. '**બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે...**' શુદ્ધ આત્માના અનુભવમાં વીતરાગતા જ્યાં આવી જાય છે પર્યાયમાં '**ત્યારે આત્મા પરમાનંદને પામે છે...**' કહો સમજાણું કાંઈ? એકરૂપ ચૈતન્યનો અનુભવ થતાં બાહ્ય વસ્તુનો અભાવ આમાં નથી, પણ એમાં બાહ્ય વસ્તુ નથી એમ નહિ. સમજાણું કાંઈ?

'**જ્યારે શુદ્ધ અનુભવથી...**' શુદ્ધ અનુભવ. ઈ કહેશે આગળ કે વિકલ્પ મટી જાય છે. વસ્તુ બાહ્યની મટી જાય છે એમ નહિ. સમજાણું કાંઈ? '**વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે...**' આમ છે. એકરૂપ ચીજ આત્મા એનો એકાકાર અનુભવ થતાં રાગનો ભેદ દેખાતો નથી અને રાગથી આત્મા ભિન્ન પડી જાય છે. એથી રાગથી ભિન્ન પડતાં જે રાગનો અનુભવ હતો, એને ઠેકાણે આનંદનો, પરમાનંદનો અનુભવ થાય છે.

આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી અનુભવ કરાવવા માટે...'** આવો પરમાનંદનો આ વેદન—અનુભવ કરાવવા માટે **''શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી' એમ કહ્યું છે.'** સમજાણું કાંઈ? અંતરના નિર્વિકલ્પ ભાનમાં બેપણું ભાસતું નથી એથી એને અદ્વૈત કહ્યો છે અને દ્વૈત નથી એમ કહ્યું છે.

**'જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય...'** કેમકે અનંત ચીજ છે એને જાણવામાં જ્ઞાનનો પર્યાય અનંતને જાણે છે. જો એ અનંત વસ્તુ નથી તો એનો પર્યાય નથી, તો દ્રવ્ય પણ નથી એમ કહે છે. શું કીધું? એનો જ્ઞાનનો પર્યાય જ એવડો છે, જેટલું જ્ઞેય તેટલું જાણે. હવે જો એ જ્ઞેય વસ્તુ અનંત બાહ્ય નથી, તો એને જાણનારી પર્યાય નથી. પર્યાય નથી તો વસ્તુ પણ નથી. કહો, સમજાણું આમાં? ભારે ભાઈ! અનેકાંત છે. **'બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય...'** અનંત આત્મા છે એ પરથી અભાવરૂપ છે. એ અભાવ એ વસ્તુ નથી તો એના અભાવરૂપ પોતે વસ્તુ પણ રહેતી નથી. સમજાણું કાંઈ? **'આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે.'** શૂન્ય થઈ જાય બધું, કાંઈ રહે નહિ. ઓહો..હો..!

**'માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી,...'** બરાબર છે? હવે આ બધું અત્યારે વેદાંત બહુ ફેલાઈ રહ્યું છે. ... છે કે નહિ? સંતબાળ. એ બધા બહુ ફેલાયેલું છે માટે એ જ વસ્તુ સાચી છે. ધૂળેય નથી. .. વાતું કરનારા નીકળે છેને. એક... એક... એક... એક... એક બસ જાઓ. પણ એકની અપેક્ષાએ બીજું નથી તો એક ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? **'માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના...'** એકરૂપ વસ્તુ છે એવી અનંતી ચીજ છે એવી વસ્તુની શ્રદ્ધા થયા વિના એક જ બ્રહ્મ છે એમ શ્રદ્ધા કરનારને અનુભવ થઈ શકતો નથી. **'તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે...'** લ્યો! **'તે પણ મિથ્યારૂપ છે;...'** અમને શુદ્ધ અનુભવ છે, એક જ છે. એ મિથ્યા અનુભવ છે, સાચો અનુભવ નથી. આવી વાત છે. વેદાંતવાળા કહે, બીજું કાંઈ છે જ નહિ. નામ, રૂપ અને આકાર ઈ ભેદ છે એ છે જ નહિ. પણ નામ, રૂપ અને આકાર જે ટાણે હતા ત્યારે તો હતું. ત્યારે નામ પડ્યુંને? આ ફલાણું. ... તો નામ નહિ રહે, રૂપ પણ નહિ રહે અને આકાર પણ નહિ રહે માટે કાંઈ નથી એમ. નામ છે આ એ નહિ રહે, રૂપ છે એ નહિ રહે અને આકાર પણ નહિ રહે. એથી નહિ રહે એટલે કંઈ ચીજ વખતે નહોતી? પર્યાય નથી? બીજે સમયે આ નહિ તો બીજી પર્યાય થાશે. સમજાણું કાંઈ? એ ના પાડે છેને નામ, રૂપ અને આકાર નથી. ઓલામાં છે. .. નહિ? ..વાળો. .. ખબર છે. .. પુસ્તક

છાપ્યું છેને. વાંચે છે. આવ્યા હતા, મારી પાસે આવ્યા હતા. ... ગાંધી રહેતાને એટલે આવ્યા હતા. ... વેદાંત.. વાત થઈ ગઈ છે.

કહે છે કે એ આત્મા અનંત છે, અનંત પરમાણુઓ છે. એક એક દ્રવ્યના અનંતા ગુણો છે, પર્યાય અનંતી છે એવું માન્યા વિના એકલો અનુભવ કરવા જાશે એ અનુભવ મિથ્યા થાશે. સમજાણું કાંઈ? કેમકે અનંત પદાર્થ છે એને એક સમયની જ્ઞાનની પર્યાય જણાવાનું અસ્તિત્વ છે ઈ. એક સમયનો જ્ઞાનનો પર્યાય જ એવડો છે કે અનંત દ્રવ્યોને જાણવાની તાકાતવાળું છે. જ્ઞેય પ્રમાણે જ્ઞાન છેને? એવું જ્ઞાન. જો જ્ઞેયની ના પાડે તો એ પર્યાયની પણ ના થઈ જાય છે. એવી અનંતી પર્યાયનો પિંડ એનો પણ નકાર થઈ જાય. એવો અનુભવ કરવા જાય તો અંદરમાં શૂન્ય થઈ જશે. શૂન્ય-શૂન્ય. સમજાણું કાંઈ?

**'શૂન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે.'** શૂન્ય જેવું લાગે અંદરમાં. અમારે ત્યાં હતા બોટાદમાં ઈ. .. મોતીલાલ. ઈ કહેતા, પહેલું હતું શૂન્ય, પછી થયું મન, પછી થયો ધન. ગપ્પા મારે. અને શ્રીમદ્‌ને માને પાછા. શૂન્ય થયું, મન થયું, મનમાંથી ધન થયું અને ધનમાંથી આ જગત થયું. આવાને આવા. શ્રીમદ્‌ને માને. શ્રીમદ્ તો આ બધું કહે છે. છ દ્રવ્ય છે, એક એક દ્રવ્યમાં અનંત ગુણ છે, અનંતી પર્યાય છે, વિકાર છે, વિકારનો નાશ થઈ શકે છે. બધું કહે છે. સમજાણું કાંઈ? **'અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે.'** માટે એક માનીને અનુભવ કરે એને અનુભવ સાચો થાય નહિ એમ કહે છે. શૂન્ય જેવું લાગે અંદરમાં. આહા..હા..! આ રજનીશ કહે છેને વિકલ્પ છોડી દો, શૂન્ય થાવ. પણ શું છોડે? છોડવું શું અને એના સ્થાનમાં થાય શું અને થાય તો એ દશા છે કે વસ્તુ છે? તો વસ્તુ શું છે એના ભાન વિના વિકલ્પની શૂન્યતા થાશે ક્યાંથી? એ ચાલ્યું છે અત્યારે. આ તો શેઠના ઓલામાં .. છે રજનીશ તો. તારણસ્વામીનો ધર્મ હતોને. તારણસ્વામીનો. એના પક્ષમાં છે રજનીશ. એમાં હતો. પછી અત્યારે તો બધું ફરી ગયું. આહા..હા..! વિકલ્પથી શૂન્ય થઈ જાવ. પણ વિકલ્પથી શૂન્ય.. વિકલ્પ છે શું? કેટલા કાળ રહે? એની સ્થિતિ કેટલી? અને શૂન્ય થાય તો એના સ્થાનમાં થાય શું? થાય તો એ નવું આવ્યું એ શું થયું? અને નવું આવ્યું તો કોઈના આધારે આવ્યું કે આધાર વિના આવ્યું? સમજાણું કાંઈ? કહે છે કે એવા બધા અનુભવ આકાશના ફૂલ જેવા છે. લ્યો એ ૧૩મી ગાથા પૂરી થઈ.

હવે આ ૧૪મી ગાથાનો ઉપોદ્‌ઘાત છે. ૧૩ થઈ ૧૩. ... આગમની. હવેની ગાથા આવશે. એની શરૂઆતની છે. આ શ્લોક છે એમાં પૂરું કર્યું એનું. ૧૩માંનું પૂરું કર્યું એનો શ્લોક ગયો હવે શ્લોક આવે છે એ આવતીની સૂચનાનો શ્લોક છે. ૧૪મી ગાથા આવે છે એનો.

## શ્લોક-૧૦

(उपजाति)
आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसङ्कल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

આગળ શુદ્ધનયનો ઉદય થાય છે તેની સૂચનારૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति] શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? [परभावभिन्नम्] પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે, [आपूर्णम्] આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે; (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે). વળી તે, [आदि-अन्त-विमुक्तम्] આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે). વળી તે, [एकम्] આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે, અને [विलीनसङ्कल्प-विकल्प-जालं] જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.) આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. ૧૦.

## શ્લોક-૯ ઉપર પ્રવચન

'આગળ શુદ્ધનયનો ઉદય થાય છે...' એમ લખ્યુંને જુઓને. '**તેની સૂચનારૂપ શ્લોક કહે છે :—**'

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसङ्कल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

આહા..હા..! .. લઈને ... થાય છે, પ્રગટ થાય છે કે આત્મા આવો છે. સમજાણું કાંઈ? પરથી નિરાળો. 'शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति' '**શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.**' કહે છે કે આત્મા જેવો છે એવો શુદ્ધનયસ્વરૂપે અને શુદ્ધનયનો વિષય. તે '**આત્માના સ્વભાવને પ્રગટ કરતો...**' સમ્યગ્જ્ઞાનનો અંશ એ આત્માના સ્વભાવ તરફ જતાં પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. પ્રગટ આનંદનો ઉદય થાય છે એમ કહે છે. આહા..હા..! લ્યો આ ઉદય થાય આવે છેને? એ ઓલા આવે છેને ઉદય થાય ચારિત્રનો. ત્યાં એમ ભાષા છે. આહા..હા..! આ નય ઉદય પામે છે—પ્રગટ થાય છે એમ. સમજાય છે કાંઈ? એ કેવો છે? ઈ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૯, રવિવાર, તા. ૦૯-૦૧-૧૯૭૨
## કળશ-૧૦, પ્રવચન-૬૫

૧૦મો કળશ છે. 'शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति' છે? ઝીણું પડશે. કહે છે કે આ આત્મા શુદ્ધ આનંદઘન પૂર્ણ એને જે જ્ઞાનનો અંશ પ્રકાશે, અનુભવે એને

અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. વ્યવહારનય રાગાદિને, પર્યાયભેદને આદિ જાણે એ વ્યવહારનય છે. અહીંયાં તો શુદ્ધનય આત્મા એક સમયમાં પૂર્ણ વીતરાગ સ્વરૂપે અભેદ પૂર્ણ સ્વરૂપ છે એને જે જ્ઞાનનો અંશ બતાવે અથવા અભેદ કરીને અનુભવે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ... પર્યાયની વાત છે.

ઉત્તર :- વાત તો અભેદ છે. એઈ..! આ તો પર્યાય આવી પાછી. એ પર્યાયને અહીં અનુભૂતિને પર્યાય કહે છે, એને શુદ્ધનય કહે છે.

મુમુક્ષુ :- શુદ્ધ થઈ ન હોય એને શુદ્ધનય કહેતા જ નથી.

ઉત્તર :- અહીં તો પર્યાયને શુદ્ધનય કહેશે. ૧૪મી ગાથા.

મુમુક્ષુ :- કૌંસમાં.

ઉત્તર :- કૌંસમાં નહિ મૂળ પાઠમાં. એઈ..! ... આત્માની અનુભૂતિ તે શુદ્ધનય છે અને અનુભૂતિ તે આત્મા જ છે. પાઠ—ટીકા છે. ત્રણ બોલ છે. સમજાણું? કૌંસમાં તો ખુલાસો કર્યો છે. ટીકામાં મૂળ વસ્તુ છે. શું કહ્યું? આ તો અપૂર્વ વાત છે, ભાઈ! એ કાંઈ એકલી ધારણા કે એકલા શબ્દોથી કહેવાય એથી કાંઈ એ વસ્તુ પમાય એવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ જે એક સમયમાં શુદ્ધ ચૈતન્યઘન. દ્રવ્યસ્વભાવ આવ્યુંને જુઓ, આત્મસ્વભાવ કહ્યુંને એમાં? આત્મસ્વભાવ એમ કહ્યું છે. ત્રિકાળ વસ્તુ છે. એ '**प्रकाशयन्**' એવા ત્રિકાળ ભગવાન આત્મસ્વભાવને જે નય અનુભવે, પ્રકાશે એને અહીંયાં શુદ્ધનય અને ધર્મ કહે છે. આવી વાત છે, બાપુ! સમજાણું કાંઈ? એ આત્મા કષાયની મંદતાના પરિણામની ક્રિયાથી પણ જણાય એવો નથી. તેમ એકલા શાસ્ત્રજ્ઞાનમાં અભ્યાસથી પણ એ જણાય એવો નથી. એવી વાત છે. અંતર્મુખ દૃષ્ટિ આપતાં આખો આત્મસ્વભાવ પરિપૂર્ણ છે એમ જે અનુભવમાં આવે એને અહીંયાં અનુભૂતિ અથવા એને શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધનય...**' એમ આવ્યુંને? '**આત્માના સ્વભાવને...**' એટલે ત્રિકાળી આત્માના સ્વભાવને '**પ્રગટ કરતો...**' એમ. પર્યાયમાં અનુભવતો '**ઉદયરૂપ થાય છે.**' સમજાણું કાંઈ? એટલું તો ભાઈ પહેલું એણે નય શું અને નયનો વિષય શું વસ્તુ છે? અરે! એણે કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. અંદર રાગ અને સ્વભાવની એકતા... ખરેખર તો એ રાગ છે શુભાશુભ એ દુઃખ છે અને ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. એ આનંદ અને દુઃખની એકતાબુદ્ધિ છે એનું નામ મિથ્યાત્વ છે, એનું નામ સંસાર છે. સમજાણું કાંઈ? એ ગ્રંથિ જે દુઃખના પરિણામની અને ત્રિકાળી આનંદસ્વભાવની એકતાપણાની જે દૃષ્ટિ એ મિથ્યાત્વ છે, એ સંસાર છે, એ જન્મ-મરણને ઉત્પન્ન કરનારી ગાંઠ છે. એને શુદ્ધનય ભિન્ન બતાવે છે. સમજાણું

કાંઈ? આ તો પ્રથમ વાત છે ભાઈ, આ તો ઝીણી વાત (છે). લોકોને બહારથી બહુ ગોઠે છેને. આ વ્રત પાળીએ, પૂજા કરીએ, ભક્તિ કરીએ, જાત્રા કરીએ ને એમાંથી ધર્મ પામી જઈએ એ વાતનું સ્વરૂપ નથી ભગવાનના ઘરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો બધી વિકલ્પની જાળું રાગ છે.

શુદ્ધ સમ્યગ્જ્ઞાન ધર્મની પ્રથમ દશા, અપૂર્વ ધર્મ છે, ભાઈ! વીતરાગ કહે ઈ. એવી વાત વીતરાગ સિવાય ક્યાંય હોતી નથી. રાગની એકતાને તોડવું એ વીતરાગભાવમાં જ હોય છે. એટલે શું કહ્યું? કે જે આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવસ્વરૂપી છે એને શુદ્ધનયે એટલે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાન આવા આત્માને અનુભવે છે. કહો, શેઠ! આવી વાત છે. માર્ગ આવો છે, ભાઈ! આત્મામાં એ ચીજ જ આ છે. બીજું શું થાય? આ કોઈ વાદવિવાદનો વિષય નથી. આ શાસ્ત્રમાં આમ લખ્યું, આ બધું લખ્યું. ભાઈ! પણ તને જાણવાને માટે બધી વાત લખી.

તું કોણ છો અંદર? ખરેખર સાચું તત્ત્વ સત્ય સ્વરૂપ શું છે તારું? એનો જે ત્રિકાળી સ્વભાવ એ એનું સત્ય સ્વરૂપ છે. એ સ્વભાવની અંદર આત્માની સાથે એની પર્યાયની એકતા થવી એનું નામ શુદ્ધનયે આત્માને પ્રકાશ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એણે કોઈ દિ' કર્યું નથી એટલે એને લાગે. વાતું કરી છે શાસ્ત્રની. સમજાય છે? અને રાગની મંદતાની પણ ક્રિયાઓ ચરણાનુયોગને પ્રમાણે અનંત વાર કરી છે. પણ આ જ્યાં બેની એકતામાં ઘા મારવો જોઈએ અથવા ત્રિકાળી સ્વભાવ સન્મુખ થવું જોઈએ. ઘા તો એમાં પડે પછી આમ થાય એટલે. સમજાણું કાંઈ? એવું એણે કોઈ દિ' કર્યું નથી. ચાર ગતિમાં એમને એમ રખડ્યા કરે છે.

કહે છે, અહો..! **'શુદ્ધનય...'** પવિત્ર જ્ઞાનનો ભાગ એ આત્માના સ્વભાવને બતાવે છે, અનુભવાવે છે કે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનનો પુંજ છે. એમ સમ્યક્ શ્રુતજ્ઞાન સ્વભાવ સન્મુખ ઢળ્યું એ આવા આત્માને પ્રકાશે છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગ માર્ગની શૈલી બીજી આખી જગતથી જુદી છે. સમજાણું કાંઈ? જગતે માન્યો છે ધર્મ એમ સ્વરૂપ વીતરાગનું નથી. કારણ કે જગતે ક્રિયા રાગની મંદતાની અને કાં શાસ્ત્રના ભણતરની (માની છે), એ પણ એ જાતનો રાગ મંદનું જ્ઞાન છે. બાર અંગને વિકલ્પ કહ્યું છે. બાર અંગનું જ્ઞાન તો વિકલ્પ છે. આહા..! ગજબ વાત છે! વીતરાગ માર્ગ એ... ધર્મી જીવ પર નિમિત્તથી ઉદાસીન થઈ, ખસી, વિકલ્પથી ખસી અને એક સમયની પર્યાયની એકતાબુદ્ધિ—એક સમયની પર્યાય એ હું એમાંથી ખસી, ત્રિકાળ આત્મસ્વભાવ તે હું એવી અંતરના દૃષ્ટિના અનુભવમાં આવવું એને અહીંયાં આત્મા પ્રગટ શુદ્ધનય કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?'** આત્મા વસ્તુ એનો સ્વભાવ. સ્વ-કાયમી

અસલી .. જેનું. સમજાણું કાંઈ? આ સીસમનું લાકડું નથી થાતું? સીસમના લાકડાનો અંદર મધ્યનો સાર બહુ કઠણ હોય છે. ચીકણો. સાર કહેવાય છે. એવો સાર કેળના સ્તંભમાં ન હોય. આ કેળ કેળ. પોલે પોલા. કાંઈ વચમાં સાર નીકળે એવું હશે આમાં? પાંદડા છોલ્યા કરો તો નીકળે પોલંપોલા. સમજાણું કાંઈ? કેળ નહિ? શેઠ! કેળના પાંદડા હોય છેને. આ દાળ-બાળમાં નથી નાખતા કેળ? આહા..હા..! એમ આ પુણ્યના પરિણામ અને એક સમયની પર્યાય પોલંપોલા છે કહે છે. એમાં કાંઈ નવો સાર નીકળે એવી ચીજ એમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આત્મસ્વભાવને પ્રગટ કરે છે. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે જ્ઞાન પર તરફ વળેલું છે એ જ્ઞાનને અંતર વાળતા, એ વળેલું કાંઈ અંતર ન વળે, એવો એ આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છે એવો પર્યાયમાં પ્રગટ અનુભવમાં આવે છે. એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે, એને સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ માટે સમકિત છે, નવ તત્ત્વને માનીએ માટે (સમકિત છે) એ વાતમાં માલ કાંઈ નથી. થોથેથોથાં પોલંપોલા. સમજાણું કાંઈ?

ભગવાન આત્માનો સ્વભાવ કીધો છેને? રસકંદ એનો સ્વભાવ ધ્રુવ એના ઉપર દૃષ્ટિ આપતા આખો આત્મા શુદ્ધ છે એમ પર્યાયમાં, અનુભવમાં આવે છે. એને સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા કહેવામાં આવે છે. એણે સંસારની એકતાની ગાંઠ તોડી નાખી છે અને એ મોક્ષના પંથે વળ્યો છે. આહા..હા..! આવું છે, ભગવાન! શું થાય? એવી ચર્ચા અને વાદવિવાદે વાત ચડી ગઈ છેને કે જેને અંતરમાં વળવું એ ઠીક છે અને આ નહિ એ વાત બેસવી કઠણ પડે છે. સમજાણું કાંઈ?

કેવો છે આત્મસ્વભાવ? '**परभावभिन्नम्**'. અસ્તિપણે આવો છે. પ્રગટ શુદ્ધ કરે એમ. હવે છે કેવો નાસ્તિથી? કે આ શરીર, વાણી, કર્મ આદિથી એ ચીજ ભિન્ન છે. ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિએ જે સ્વભાવ પ્રગટ થાય એ આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે, ભગવાનની વાણી પણ પરદ્રવ્ય છે. એનાથી પણ જીવને અંતરમાં લાભ થાય એ ચીજ નથી. પંડિતજી! આહા..હા..! પરદ્રવ્યથી ભિન્ન '**પરદ્રવ્યના ભાવો...**' પરવસ્તુના ગુણ અને પર્યાયો, એનાથી પણ આ ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? '**તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો—**' ભાષા જુઓ, એની પર્યાયમાં કર્મના નિમિત્તના સંબંધમાં નૈમિત્તિક દશા એનામાં થાય છે, પણ છે નિમિત્તના સંબંધવાળી, સ્વભાવના સંબંધવાળી નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, માન, માયા, ભાવ એ બધા નિમિત્તના સંબંધે નૈમિત્તિક એની પર્યાયમાં ઉત્પન્ન થતાં (ભાવ છે) એથી એને કહ્યું કે એ (છે) પોતાના, પર નિમિત્તથી થતાં પોતાના. '**પરદ્રવ્યના નિમિત્તથી થતા...**'

નિમિત્તથી થતાંનો અર્થ તે સ્વભાવના આશ્રયે થયા નથી. '**પોતાના વિભાવો—**' છે. એ પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા, ભગવાનનું નામ સ્મરણ એ બધા વિભાવભાવ છે, વિભાવ છે, વિકાર છે. એવા પરવસ્તુથી જુદો ભગવાન છે એવો. પરદ્રવ્યના ભાવોથી જુદો, પરદ્રવ્યના ગુણ-પર્યાયથી જુદો અને પરદ્રવ્યના નિમિત્તથી થતી એની દશામાં નૈમિત્તિક પુણ્ય અને પાપના વિકારી ભાવો એનાથી '**પરભાવોથી ભિન્ન...**' આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન આવા આત્માને અનુભવમાં લ્યે છે. પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન. કહો, પ્રાણભાઈ! આ પકડવું કઠણ પડે. આહા..હા..!

તમે કાલે કહ્યું હતું. ખબર છે? પહેલું તમે કહ્યું હતું એકવાર કે અહીં તીર્થધામ થાશે. ખબર છે? તે દિ' કાંઈ નહોતું. પછી પાછા ઢીલાં ક્યાં પડી ગયા પાછા? એણે કહ્યું હતું પહેલુંવહેલું હોં! આ હજી કાંઈ નહોતું. હીરાભાઈના મકાનમાં રહેતા ખબર છે? આ મકાનનું તો થવાનું જ નહોતું. અહીં તીર્થધામ થશે. ... એટલે કે તરવાનો ઉપાય આત્મામાં છે એમ અહીંયાં થાશે એમ કહે છે. એવો બળવંત છે. એના જેવો બળિયો કોઈ નથી. આહા..હા..! અનંત બળનો ધણી પ્રભુ. પોતાના અંતરમાં એટલું એનું બળ છે કે એક સમયની મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાયને એક સમયમાં ભિન્ન કરીને અનુભવે એવી તાકાત છે. સમજાણું કાંઈ? એવો બળવંત પ્રભુ (છે). કહે છે કે કેવી છે એ ચીજ?

પરદ્રવ્યથી નહિ, પરદ્રવ્યના ભાવથી નહિ અને પરદ્રવ્યના નિમિત્તથી થતા વિકલ્પો જે પુણ્ય-પાપના એનાથી પણ ચીજ તો જુદી છે. એમ સમ્યગ્જ્ઞાન, સાચું જ્ઞાન આવા આત્માને અનુભવમાં લ્યે છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે. એઈ..! .. ગયા જાત્રામાં. જાત્રા ... આહા..હા..! અરે! એ બધા રૂપિયા-બુપિયા ધૂળ તો અનંત વાર આવી અને ગઈ. આબરૂ પણ અનંત વાર આવી અને ગઈ અંધારા પટ્ટ. આ ચૈતન્યપ્રભુ આવી ચીજ છે એ એને સાંભળવાને પણ રુચિથી મળી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે સમ્યગ્દર્શન કેમ થાય? હજી ધર્મની પહેલી દશા. શ્રાવક તો પછી કહેવાય. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. સમજાણું કાંઈ? કોથળીમાં કરિયાતા ભર્યા અને માથે લખે સાકર એટલે કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? માથે નામ લખે કે અમે શ્રાવક અને સાધુ, અંદરમાં રાગની એકતાબુદ્ધિ, એ તો ઝેર ભર્યું છે. આહા..હા..! આકરું કામ ભારે ભાઈ! સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ મહાવ્રતનો હોય, દયા, દાનનો હોય, વ્રતનો હોય, પૂજાનો હોય, નામ ભગવાનનું નમો અરિહંતાણં એ પણ એક વિકલ્પ છે, રાગ છે અંદર. એ રાગ ને આત્માના સ્વભાવની એકતા, એનાથી લાભ માને એ મિથ્યાત્વની મોટી ગાંઠ છે. એને વીતરાગ સ્વભાવ રુચતો નથી, એને રાગભાવ રુચે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પરભાવથી ભિન્ન બતાવે છે. સમ્યગ્જ્ઞાનનો ભાગ જે સ્વભાવ તરફનો

ઢળીને અનુભવે છે એ પરભાવથી ભિન્ન અનુભવે છે. એમાં વિકલ્પના રાગસહિત આત્માને અનુભવે છે એ ચીજ ન હોય. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો વ્યવહાર કહેને વ્યવહાર? એ વ્યવહારને સાથે લઈને અનુભવે એમ નહિ એમ કહે છે. શેઠ! ભગવાનની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધો વિકલ્પ છે, ભગવાન! તને ખબર નથી. એ રાગ છે. એ રાગથી પણ ભિન્ન બતાવે છે અહીં. રાગને લઈને આત્માનો અનુભવ થશે એમ નહિ. સમજાણું કાંઈ? અપૂર્વ વાત છે. પૂર્વે કોઈ દિ' એણે કર્યું નથી. જે કર્યું એ કર્યું છે અનાદિનું એનું એ કરે છે. (આનો) અભ્યાસ નથી.

કહે છે, એ '**પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો—**' દેખો! એ ભગવાનની વાણીથી અને ભગવાનથી પણ પર આત્મા ભિન્ન છે એમ બતાવે છે. આહા..હા..! માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા..! વીતરાગ માર્ગ તો આવો છે. વીતરાગ માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય કે રાગભાવથી ઉત્પન્ન થાય? કહે છે કે અંતરનું સ્વરૂપ આત્માનો ભાવ એટલે સ્વભાવ ત્રિકાળી. એને આમ અંતર વલણ થયું ત્યાં આવો શુદ્ધ આત્મા છે અને પરથી ભિન્ન છે એમ એને અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ અને એને સમકિતી કહીએ અને એને જૈનની શરૂઆત જૈનધર્મની થઈ એમ કહીએ એને. સમજાણું કાંઈ? જ્યાં સુધી પરભાવથી ભિન્ન કીધોને? રાગ-રાગ. વિકલ્પ ઉઠે છે એનાથી લાભ માને ત્યાં સુધી જૈન નથી. એ જૈન નામ ધરાવનાર છે, અંતર ભાવજૈન નથી. આહા..હા..!

'**પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો—**' ભાષા કેવી લીધી પાછી? નિમિત્તથી થયા છે, થયા છે પોતાથી, પણ નિમિત્તના સંબંધે થયેલા છે. એવા જે વિભાવ એનાથી ભિન્ન પ્રભુ છે. એનાથી ભગવાન આત્મા મહાસ્વભાવની સત્તા (ભિન્ન છે). સવારમાં આવ્યું હતું કે નહિ? નિજ સ્વભાવ સત્તામાત્ર છે. આહા..હા..! આચાર્યોએ શબ્દોની શૈલી કરીને નિજ સ્વભાવ સત્તા. ભગવાન આત્મા પોતાના અનંત આનંદ આદિ નિજ સ્વભાવની સત્તામાત્ર વસ્તુ છે. એ પરથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ એના સિવાય આ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પરમેશ્વર આમ પોકારે છે. ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ત્રણલોકના નાથનો આ અવાજ છે. મહાવદિહેમાં પરમાત્મા બિરાજે છે એનો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

કહે છે, પરભાવથી તો ભિન્ન પ્રભુ છે. કેવો છે વળી? '**આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે—સમસ્ત લોકાલોકને જાણનાર છે—એમ પ્રગટ કરે છે;...**' એની શક્તિ તો પૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકને જાણે એમ એ શક્તિને બતાવે છે. અલ્પજ્ઞપણે રહેવું એ પણ એ બતાવતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ,

સર્વદર્શી સ્વભાવ ત્રિકાળ પડ્યો છે એને આ નય બતાવે છે એટલે એનાથી એને પૂર્ણ જ્ઞાનને જાણનાર, પૂર્ણને જાણવાવાળો, પૂર્ણ દેખવાવાળો હું છું એમ એ નય બતાવે છે. સમજાણું કાંઈ? '(કારણ કે **જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે,...**' એટલે શું? કે અપૂર્ણ જ્ઞાનાદિ પર્યાય છે એમાં તો કર્મના નિમિત્તના સંબંધને લઈને અપૂર્ણ છે, પણ પૂર્ણ એનો સ્વભાવ જેવો પૂર્ણ છે એવો પર્યાયમાં પૂર્ણ થશે એમ એ શુદ્ધનય બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગાથા તે...

'**સમસ્ત લોકાલોકને જાણનાર છે—**' શક્તિ હોં! અને પ્રગટ થવાની પણ એવી જ એની તાકાત છે એમ કહે છે. સમજાણું કાંઈ? અપૂર્ણપણે રહેવું એનો એ સ્વભાવ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધનયનું સમ્યગ્જ્ઞાન અંતર આવા સ્વભાવને જાણે છે કે આ સ્વભાવ તો પરિપૂર્ણ જાણે. લોકાલોક ને અલોક, ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાત સ્વતઃથી છે. અને એ પ્રગટ પણ થશે અને એ જાણવાની તાકાતવાળું તત્ત્વ છે એમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી ચીજને કબુલે છે. સમજાણું કાંઈ? ઓલી વાર્તા કથા હોય તો સમજાય લ્યો! એક રાજા હતો, પછી એક રાણી હતી, એ રિસાણી.. એના ઘરે થાતું હોય એવી વાત. આ તો આત્મા રિસાણો છે અજ્ઞાનમાં એને મનાવ એમ કહે છે. આહા..હા..! અરેરે! તારી જાતમાં મોટા નિધાન ભર્યા છે ભગવાન!

એવો ભગવાન આત્મા... કહે છે કે શુદ્ધનય, આત્માનો સ્વભાવ સંપૂર્ણ છે અને એ સંપૂર્ણ પર્યાયમાં પ્રગટ થાય એવી તાકાતવાળો છે એમ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગવાળો તો નથી, પણ અપૂર્ણ પર્યાય રહે એવો એનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અપૂર્ણ જ્ઞાન રહે એવો એનો સ્વભાવ નથી. એ તો પરિપૂર્ણ જાણનાર છે શક્તિ અને પરિપૂર્ણ જાણવાની પર્યાયપણે પ્રગટશે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો જન્મ-જરા-મરણના દુઃખોના પ્રવાહમાં પડ્યો છે એને અંત લાવવો હોય એની વાત છે, ભાઈ! કાંઈ પુણ્ય કરીએ ને પછી સ્વર્ગમાં જઈએ ને પછી ધૂળ પૈસા મળે કે ઈન્દ્રાણી મળે એ બધા ઝેરના પ્યાલા છે બધા. આહા..હા..! પુણ્ય કરીને પછી પૈસા મળે, પછી બાયડી મળે, છોકરા થાય. એના તરફનો રાગ તો ઝેરના પ્યાલા છે, બાપા! આહા..હા..! જેને અમૃતના પ્યાલા પીવા હોય અને ઝેરના પ્યાલા છોડવા હોય એની આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધનય...**' કર્મના નિમિત્તથી કાંઈ અપૂર્ણ દશા જે છે એને આ શુદ્ધનય ગૌણ કરી દે છે અને મૂળ તો ત્રિકાળ સ્વભાવને જાણવું અને ત્રિકાળ ત્રણ લોકને જાણવું એવી પર્યાયમાં એવા સ્વભાવવાળો છે, એવી પર્યાય પ્રગટ કરે એવા સ્વભાવવાળો છે એમ શુદ્ધનય પ્રકાશે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શન થતાં આમ એને થાય છે એમ કહે છે. '**વળી**

**તે, આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત...**' છે. આત્મસ્વભાવ વસ્તુ જે છે એની આદિ કેવી? એ તો છે, છે ને છે, અનાદિથી છે. સમજાણું કાંઈ? આત્મા અને એનો સ્વભાવ જ્ઞાન, આનંદ આદિ એ તો અનાદિ છે. પહેલો સ્વભાવ નહોતો અને નવો થયો એમ છે સ્વભાવ? પર્યાયમાં નવો થાય એ જુદી વાત છે, પણ સ્વભાવ તો અનાદિ છે એમને એમ. ભગવાન આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, પૂર્ણ આનંદ સ્વભાવ, પૂર્ણ પરમેશ્વર સ્વભાવ એ તો અનાદિનો છે કહે છે. એની આદિ નથી. વસ્તુ છે એને આદિ હોય? એનો કોઈ કર્તા છે? આત્માના કર્તા કોઈ ઈશ્વર માને એમ છે કોઈ? કર્તા કોણ હોય? આહા..હા..! જે અનાદિ ચીજ છે એને કરે કોણ? અને નથી એને કરે કોણ? છે એને કરે કોણ? સમજાણું કાંઈ? કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી. આહા..હા..! કેટલાક કહે છેને આ આત્મા છેને. પણ પહેલો તો કોઈ એનો ઉત્પન્ન કરનારો હશેને. આહા..હા..!

અમારે કુંવરજીભાઈએ એવો પ્રશ્ન કર્યો હતો. આ બિચારા રળવામાં મરી ગયા ઘૂંચાઈને. આવો પ્રશ્ન કર્યો હતો લ્યો. આમ જૈન સ્થાનકવાસી તરીકે. એ બધા ભેગા રહેલા દુકાનમાં કેટલો કાળ. ઘણા વખતે પૂછ્યું હતું હીરાભાઈના મકાનમાં. મહારાજ! કોઈ આત્માનો ઈશ્વર કર્તા હશે કે નહિ? અરે! પણ આ શું કહ્યું તમે? સાવ ગાંડા. પ્રાણભાઈ! વસ્તુ છે એનો કર્તા કોણ હોય? આહા..હા..! સત્ છે... સત્ છે... સત્ છે એની આદિ શી? સત્ છે એનો કર્તા કોણ? સત્ છે એનો નાશ ક્યાં? સત્ છે તે અવિનાશી ત્રિકાળ છે. આહા..હા..! જૈનમાં રહ્યા પણ કાંઈ ભાન ન મળે. રળવામાં એ વસ્તુને લઈને દેખાયને બહાર. આહા..હા..! દસ, વીસ હજાર, પચ્ચીસ હજાર રળે .. આ તો પહેલાની વાત છે. પોપટભાઈ! આહા..હા..! એ મને પૂછયું પાછું. મેં કીધું, આ શું તમે કરો છો? તમે .. કાંઈ એટલી ખબર નથી? આવા માણસો હોય... આહા..હા..! છેને વસ્તુ? અસ્તિ છેને? સત્તા છેને? સત્ છેને? સત્ છે એને આદિ શી? સત્ છે એનો નાશ શો? એ તો આદિ અંત રહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો આ શુદ્ધનય એને બતાવે છે એમ કહે છે.

'**આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે).**' જુઓ, સહજ ભાવ સત્ત્વ, તત્ત્વ. સત્ આત્મા એનો સ્વભાવ એનું સત્ત્વ એવો પૂર્ણ આદિ અંત વિનાનો પારિણામિકભાવને તે શુદ્ધનય પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? અરે..! આવી ધર્મ કથા કેવી? આ જૈન વીતરાગ ધર્મની હશે આવી કથા? ભાઈ! વીતરાગ ધર્મ જ આવો છે બાપા, તને ખબર નથી. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ જગતથી તદ્દન જુદી જાતનો છે. આહા..હા..! સંપ્રદાયમાં મળે નહિ સાંભળવો, એટલે એને એમ લાગે કે આ તે જૈનધર્મની વાત હશે આ? કે વેદાંતની? આહા..હા..!

ભગવાનજીભાઈ! ... મંદિર કે મંદિરની પૂજા, ભક્તિ કરવી, મંદિરો કરવા, પૈસા ખર્ચવા, જાત્રા કરવાની કહેવું એવું તો કાંઈ આવ્યું નહિ આમાં. એને આ નય પ્રગટ કરે છે એવું તો આવ્યું નહિ. એ તો શુભભાવ હોય છે ત્યારે એવી વાતને કહેવામાં આવે છે, પણ શુભભાવ એ કાંઈ ધર્મ નથી. તેમ એ શુભભાવ ધર્મનું કારણ પણ નથી. પોપટભાઈ! એમ છે. ઢોકળા ખાય લસણના અને પરંપરાએ એનો ઓડકાર આવે કસ્તુરીનો. આ ઢોકળા નથી થાતા? ઢોકળા સમજો છો તમે? ચોખાના ઢોકળા નથી થતા? તમારે શું કહે છે? અમારે કાઠિયાવાડમાં ચોખાના ઢોકળા કરે લોકો. પછી એના ઉપર લસણનો મસાલો છાંટે. લસણ-લસણ. ઓડકાર આવ્યો કસ્તુરીનો. લસણ ખાધું અને કસ્તુરીનો ઓડકાર આવ્યો, એમ રાગ કરતાં-કરતાં મોક્ષનો ભાવ આવે. (એમ ન હોય)

મુમુક્ષુ :- પરંપરાએ...

ઉત્તર :- પરંપરાએ આવે પછી થોડી થોડી.. આહા..હા..! ભાઈ! માર્ગ જુદો છે હોં! એકલા શુભભાવમાં તો પોતે અનર્થનું કારણ છે. ઝીણી વાત છે, બાપુ! વીતરાગભાવ .. હોં! .. અરે! રાગનો કણ પણ જ્યાં શાંતિને છેદે છે. એ અમૃતના સાગરને હલાવી નાખે છે રાગ. ઝેરરૂપે પરિણમે છે, ભાઈ! પણ આ જગતની મીઠાશ બહારની અને એ પુણ્યની મીઠાશ છોડવા દેતું નથી એને. પુણ્યના ફળ પૈસા, હજીરા મોટા બંગલા, આઠ-દસ લાખના બંગલા હોય અને એમાં બાયડી કાંઈક રૂપાળી હોય, એમાં છોકરા છ-સાત થયા હોય લાંબા મોટા. બબ્બે લાખ, પાંચ પાંચ લાખ પેદા કરતા હોય મહિને. જુઓ, એ મીઠાશ તમારે ઝેરની. ઝેરના મીણા ચડ્યા હોય. લ્યો, આ પણ બરાબર કહે છે. તેં ક્યાં હજી ધંધો કર્યો છે કે તને ખબર છે?

મુમુક્ષુ :- ધંધો કરવો પણ નથી.

ઉત્તર :- એઈ..! પૈસા તો જેને આવ્યા હોય પૈસા એને રસની ખબર પડે. પૈસા જેની પાસે ન આવ્યા હોય એને શું એને ખબર પડે કે આમાં...? આહા..હા..!

શુદ્ધ ભગવાન આત્માનું અંતરનું સમ્યગ્જ્ઞાન, શુદ્ધ આદિ-અંત રહિત એવા આત્મસ્વભાવને પ્રગટ કરે છે એટલે પરિણામિક સ્વભાવભાવ, ત્રિકાળ સ્વભાવભાવને તે સમ્યગ્જ્ઞાન જણાવે છે આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, છેલ્લામાં નાખ્યું જોયું? પારિણામિકભાવને તે પ્રગટ કરે છે. સમજાણું? '**વળી તે,...**' '**एकम्**' '**આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી)...**' એટલે? એની પર્યાયમાં ભેદ પડે છેને? કે આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ને, એ બધા ભેદભાવોથી ભિન્ન. આહા..હા..! '**એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર—પ્રગટ કરે છે,...**' એકાકાર સ્વરૂપ અખંડ અભેદ ચિદાનંદ છું એમ એ શુદ્ધ સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે છે. આહા..હા..! વસ્તુ જે છે અંદર પરમાત્મા પોતે જ પરમાત્મા છે.

પરમેશ્વર જ આત્મા છે. પણ કેમ બેસે? પામરને... સમજાણું કાંઈ? એક બીડી જ્યાં સરખાય આવે ત્યાં આહા..હા..! બે નામે બોલાવે ત્યાં ખુશી-ખુશી થઈ જાય. આહા..હા..! પન્નાલાલભાઈ! એમ જ્યાં કહે ત્યાં આહા..હા..! ભાઈસાહેબ! ત્યાં તો ફુલાઈને બેવડો થઈ જાય. અરે! સાંભળને હવે તારો ભાઈસાહેબ. એને આવો આત્મા કયે માપે, કયે ગજે મપાય? સમજાણું કાંઈ? પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં જાણીને આવો આત્મા કહ્યો છે. આથી ઓછો, અધિક અને વિપરીત માને એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**'આત્મ સ્વભાવને એક—સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર—પ્રગટ કરે છે,...'** જ્યાં આ દ્રવ્ય અને આ પર્યાય એવા ભેદ પણ ત્યાં નથી. આ વેદાંત અદ્વૈત કહે છે એ નહિ હોં! આહા..હા..! એ તો બધા આત્મા થઈને એક કહે છે. એમ નથી. આ તો આત્મા પોતે અંદર એક સ્વરૂપે ભેદભાવ વિનાનો બતાવે છે. પર્યાયનો ભેદ પણ દૃષ્ટિના વિષયમાં નથી. આવું સમજવું કઠણ પડેને એટલે હલાવી દીધા બીજે માર્ગે. રાજી રાજી થઈ જાય અંદર. અમે ધર્મના કરનારા, ધર્મની ભક્તિ કરનારા. હજી ધર્મનું ભાન નથી ને હું કરનાર ક્યાંથી આવ્યો? માર્ગ તો આ છે, પ્રભુ! કઠણ પડે, સહેલો પડે, મહાપુરુષાર્થથી મળે પણ વસ્તુ તો આ છે. એ વિના બીજું કાંઈ કરવા જાશે, ખોઈ બેસશે જિંદગી. દુઃખી છે. આહા..હા..!

એક સ્વરૂપ પ્રગટ કરે છે એમ કહે છે. પોતાનો સ્વભાવ એકરૂપ સામાન્ય. ધ્રુવ, પરમસ્વભાવભાવ, ભેદ વિનાનો ભાવ, અભેદને બતાવે છે. આહા..હા..! અરે! ભેદ શું ને અભેદ શું? આત્મા વસ્તુ છે એમાં ગુણ અનંત છે અને એની પર્યાય હાલત-દશા એ બધા ભેદભાવને આ નય બતાવતી નથી. એક અભેદ સ્વરૂપ અખંડ આનંદ. સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય એક અખંડ અભેદ આત્મા (છે) એમ એ શુદ્ધનય બતાવે છે. એક એક ગાથામાં કેટલું ભર્યું છે જુઓને! ઓહો..હો..!

**'અને...' 'विलीनसङ्कल्प-विकल्प-जालं' 'જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે...'** નાશ થઈ ગયા છે. વસ્તુ અખંડ આનંદરૂપે જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવી, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં ત્યાં સંકલ્પ-વિકલ્પો છે જ નહિ. સમસ્ત કેમ લીધા? કોઈ કહે કે ભાઈ બુદ્ધિપૂર્વકનો નાશ થાય અને અબુદ્ધિપૂર્વક રહે. એમ નથી. સમજાણું કાંઈ? વસ્તુ જ્યાં એકરૂપ ચૈતન્યદળ આનંદનું ધામ, એકરૂપનો સ્વભાવ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં તો કહે છે કે સૂક્ષ્મ અને સ્થૂળ બધા સંકલ્પ-વિકલ્પનો જ્યાં એકતાનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એક એક બોલ આકરો પડે એવું છે. આકરો વિષય પણ ઘરનો છે. એના ઘરમાં આવું છે, ભાઈ! છે એવું બતાવે છે એમ કહે છે. સમ્યગ્જ્ઞાન છે એવું પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? એનો અર્થ કરે છે.

**'સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહ...'** સમ્યક્જ્ઞાનમાં આત્માને લક્ષમાં, ધ્યેયમાં લેતા, પર્યાય વર્તમાન એને દ્રવ્યમાં એકતા કરતાં બધા વિકલ્પ અને સંકલ્પોનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? હવે એનો અર્થ—સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા. '(**દ્રવ્યકર્મ,...**' આઠ કર્મ છેને અંદર? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મ. 'એ મારા' એવો સંકલ્પ કરવો એ મિથ્યાત્વનો સંકલ્પ છે. સમજાણું કાંઈ? દ્રવ્યકર્મ, આઠ કર્મ જડ. '**ભાવકર્મ,...**' શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ એ ભાવકર્મ.

વિહુયરયમલા આવે છે લોગસ્સમાં. અર્થ-બર્થ જો કાંઈ હરામ આવડે તો. હાંકે રાખે. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા. અર્થ-બર્થની કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ? વિહુયરયમલા આવે છેને? લોગસ્સમાં આવે છે, છેલ્લું પૂરું થઈને. વિહુયરયમલા. રય એટલે રજ. એ આઠ દ્રવ્યકર્મ. અને મળ એટલે પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ. એ વિહુય નામ હે પરમાત્મા! આપે બેય ટાળ્યા છે. પોપટભાઈ! ક્યાં એવી પણ નવરાશ અર્થને સમજવાની, ભાવ તો એક કોર રહ્યો. હાંકે રાખે. લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે... એવં મએ અભિથુઆ,...

કીધું નહોતું એકવાર? દશા-વિશાને તકરાર હતી. દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળીને તકરાર હતી. પછી એક ડોશી હતી. બેસેને ઘડિયાળું લઈને. ઓલી રેતીની. તે દિ' એવું હતુંને. ક્યાં ત્યાં ઘડિયાળ? .. બધી ડોશીયું કરતી અમારા ઘર પાસે હતું. એક ... એ કરતી બેસીને. જોયું છે નાની ઉંમરમાં હોં! આઠ-દશ વર્ષની. પછી એ લોગસ્સ બોલ્યો. વિશાની સાથે તકરાર દશાને. એટલે વિહુયરયમળાનો અર્થ કર્યો કે વિશા રોઈ મળ્યા. આ કહે, આ શું? આ લોગસ્સમાં વિશા રોઈ મળ્યા ક્યાંથી આવ્યું? આપણી તકરાર આમાં ક્યાંથી આવી? દશા-વિશા બેને વાંધા. ઓલી ડોશી દશાશ્રીમાળી હતી. દશાશ્રીમાળી સમજ્યા? નાત અમારી. નાત હોય છે. રામજીભાઈ દશાશ્રીમાળી કહેવાય, આ વિશાશ્રીમાળી કહેવાય. વાણિયાની નાત છે. તમારે પણ છેને. ઘાસીવાલ, ફલાણાવાલ. હોય-હોય. ગોત્ર હોય છે. ભાઈ શ્રીમાળી હતા, બનારસીદાસ. બનારસીદાસ શ્રીમાળી હતા.

અહીં કહે છે... એ શ્રીમાળી બીજી વાત. દશાશ્રીમાળી વિશાશ્રીમાળી.. અહીંયા અમારે દશાશ્રીમાળીની ઝાઝા, વિશાશ્રીમાળી થોડા. આ બધા દશાશ્રીમાળી, આ વિશાશ્રીમાળી. ..ભાઈ. એ બેને તકરાર થઈ એટલે દશાશ્રીમાળીની ડોશી બોલી લોગસ્સમાં વિશા રોઈ મળ્યા. એલા પણ આ શું? પહેલા જો તો ખરા અંદર અર્થ શું છે આ? અહીં અર્થની અમને કાંઈ ખબર ન મળે, અમે તો હાંકે રાખ્યે ગાડું. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા. વિહુય એટલે ટાળ્યા છે. વિ હુય—વિશેષે હુઈ. જેમ પંખી ખંખેરેને આમ ધૂળ લાગી હોય તો. એમ ભગવાન આપે વિહુય—ટાળ્યા છે—ખંખેરી નાખ્યા. શું? રયમળા? રય એટલે રજ—કર્મ, આઠ કર્મ એ

આ દ્રવ્યકર્મ અને ભાવકર્મ એટલે મેલ. રયમલા. એ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના પરિણામ એ મેલ છે, એ ભાવકર્મ છે. સમજાણું કાંઈ? એને પોતાના માનવા એનું નામ મિથ્યાત્વ છે.

'**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ...**' આ શરીર. આ શરીર, વાણી એ બધા નોકર્મ કહેવાય. '**આદિ પુદ્ગલદ્રવ્યોમાં...**' પુદ્ગલની દ્રવ્ય ચીજમાં પોતાની કલ્પના કરવી એટલે એ હું છું, એ મારા છે એમ કલ્પના કરવી એને મિથ્યાત્વરૂપી સંકલ્પ કહે છે. સંકલ્પ નામ મિથ્યાત્વ એને કહે છે. આહા..હા..! એઈ..! આ વખતે ત્યાં હોય તો ખબર પડે કે નહિ? પૈસા મારા, હું રળી શકું છું. એઈ..! ભીખાભાઈ! જડ કર્મ જ્ઞાનાવરણીય આદિ રજ ઝીણી ધૂળ છે અંદર. જેવી આ ધૂળ છે જાડી આ એવી અંદર એક રજકણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એવા આઠ ઝીણા રજકણ છે. ભગવાન કેવળી એને દ્રવ્યકર્મ કહે છે અને અંદર પુણ્ય-પાપના ભાવ સંકલ્પ-વિકલ્પ થાય એને ભાવકર્મ કહે છે. એ ભાવ અને દ્રવ્યકર્મ મારા છે, એ હું છું, એમાં હું છું, એ મારામાં છે, એવી માન્યતાને ભગવાન સંકલ્પરૂપી મિથ્યાત્વ કહે છે. આહા..હા..! બહુ પુરુષાર્થ કરવો પડે હોં, એ કાંઈ સાધારણ વાત નથી. અને નોકર્મ—શરીર, વાણી એમાં પોતાની કલ્પના કરવી કે એ હું છું, એ મારામાં છે. એને સંકલ્પ કહે છે. સંકલ્પ એ મિથ્યાત્વ છે. મિથ્યાદર્શન શલ્ય મહાપાપ. જે પોતાના નથી, પોતામાં નથી એને પોતાના માનવા એ મિથ્યાત્વરૂપી સંકલ્પ અનંત જન્મનો અંકુરો છે. આહા..હા..! અરે..! જેને કાને પણ આ વાત પડતી નથી એને વિચારવાનો અવસર પણ ક્યાંથી હોય? અરેરે..! એમને એમ જિંદગી પશુની પેઠે ચાલી જાય છે. જે પરથી ભિન્ન કરવો જોઈએ, વિવેક કરવો જોઈએ એને ઠેકાણે પરને પોતાના માનવા (એ તો મિથ્યાત્વ છે). પણ પૈસા એની પાસે હોય એ તો એના કહેવાય કે નહિ? કોના કહેવાય?

મુમુક્ષુ :- આપ તો પુદ્ગલના કહો છો.

ઉત્તર :- પુદ્ગલદ્રવ્યના અહીં કહી કીધા. પ્રાણભાઈ! શું કહ્યું આ રૂપિયા છે તમારી પાસે એનું? કોના છે ઈ? જડના.

મુમુક્ષુ :- છોકરાના.

ઉત્તર :- છોકરાના પણ નહિ.

મુમુક્ષુ :- કોના? સાહેબ!

ઉત્તર :- જડના, અજીવના.

મુમુક્ષુ :- અને એને માન્યા કે મારા.

ઉત્તર : એ જીવ અજીવને માને તો મિથ્યાત્વ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને સમજાયને અક્ષરે અક્ષર. એવા લાકડા ગરી ગયા છેને. આહા..હા..! આમાં છેને જુઓ અંદર. આ દ્રવ્યકર્મ. આ નોકર્મ શું હશે?

મુમુક્ષુ :- એ ગમે તે હોય પણ એમાં પૈસા ક્યાં...

ઉત્તર :- એ પૈસા, બાયડી, છોકરા, બધા નોકર્મ છે. બધું બધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નોકર્મ. ગોમ્મટસારમાં આવે છે. નોકર્મ આવે છે. આહા..હા..! શરીર આદિ. આદિમાં બધું (આવી ગયું).

**'આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં...'** જેટલા પુદ્‌ગલો પરમાણુ.. આહા..હા..! દાળ, ભાત, શાક, પકવાન એ બધા જડ છે. આહા..હા..! એમાં પોતાની કલ્પના કરવી. શું કીધું? પરદ્રવ્યોમાં પોતાનું અસ્તિત્વ માનવું કે એમાં હું છું, એ મારામાં છે એ ભાવને ભગવાન મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વ કહે છે. આહા..હા..! **'અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થવો...'** એ જરી ઝીણી વાત છે. આમ ભિન્ન-ભિન્ન જ્ઞેય જણાયને, તો મારું જ્ઞાન પણ જાણે ભિન્ન-ભિન્ન થઈ ગયું, એ અનંતાનુબંધીનો વિકલ્પ છે. એ જરી ઝીણી વાત છે. જ્ઞેયો ભિન્ન-ભિન્ન છેને? જ્ઞાનમાં આમ જણાયને ભિન્ન-ભિન્ન-ભિન્ન. એટલે જાણે જ્ઞાનમાં પણ ભિન્નતા થઈ ગઈ, ખંડતા થઈ ગઈ. એમ જે કલ્પના થાય એને વિકલ્પ અનંતાનુબંધીનો વિકલ્પ કહે છે. અનંત સંસારને વધારનારો વિકલ્પ કહે છે. **'આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.'** લ્યો! પરથી ભિન્ન, સંકલ્પ વિકલ્પથી ભિન્ન એવો ભગવાન આત્મા સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં શુદ્ધનયથી આમ પ્રગટ થાય છે. એને આત્મા કહેવામાં આવે છે. લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૦, સોમવાર, તા. ૧૦-૦૧-૧૯૭૨
## કળશ-૧૦, ગાથા-૧૪, પ્રવચન-૬૬

... કાલ લેવાણો છેને ઈ. કહે છે કે આત્માનો સર્વજ્ઞે દીઠો એવો પૂર્ણ સ્વભાવ એવો અનુભવમાં એને શુદ્ધનયથી આવે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અથવા તેને ધર્મી ત્યારે કહેવામાં આવે

છે. એ વસ્તુ જે પૂર્ણ વીતરાગ પરમાત્માએ જોઈ છે અને એવી છે. પૂર્ણ શુદ્ધ આનંદઘન, એવા આત્મામાં સંકલ્પ-વિકલ્પ છોડીને એનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન અથવા સમ્યગ્જ્ઞાન અથવા એને આત્મા છે એવી પ્રાપ્તિ દશામાં થઈ. આહા..હા..! કહો, પંડિતજી! ભારે આવો ધર્મ ભાઈ! આ દુનિયાએ તો કંઈકના કંઈક ચડાવી દીધા છે. કહે છે. છેને?

**'જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે...'** છેલ્લા શબ્દો છે ૩૭ પાને. ૩૭, ૩ અને ૭. **'જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો...'** એ વિલય નામ નાશ થઈ ગયા છે. એવો આત્મા અંતરમાં છે એવો દશામાં, ભાનમાં, અનુભવમાં પ્રગટ થાય છે એને આત્માનું જ્ઞાન અને આત્માની શ્રદ્ધા કહેવામાં આવે છે. એ વિના બધે થોથે થોથા છે. હવે એનો અર્થ. **'(દ્રવ્યકર્મ,...'** જડ કર્મ છેને આઠ? જ્ઞાનાવરણીય આદિ જડ કર્મ અંદર સૂક્ષ્મ રજકણ. એ જડ કર્મ એ મારા છે એવી માન્યતાને મિથ્યાત્વનો સંકલ્પ કહે છે.

મુમુક્ષુ :- જીવના કર્મ.

ઉત્તર :- જીવના કર્મ તો નિમિત્તથી કથન છે. જીવના કર્મ જ નથી. કર્મના કર્મ અને જીવનો જીવ. સમજાણું કાંઈ?

સંકલ્પ એટલે શું? સંકલ્પ એટલે મિથ્યાત્વ. મહા અનંત સંસારનું કારણ એવો મિથ્યાત્વભાવ. જે કસાઈખાનાના પાપ કરતાં પણ અનંતગણું પાપ એ મિથ્યાત્વનું છે. એ મિથ્યાત્વ એટલે અહીંયાં સંકલ્પ વિકલ્પ છે. એટલે કે સંકલ્પ એટલે શું? કે જે આ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યથી ભિન્ન, આઠ કર્મના રજકણો જે જડ છે એ મારા, એ મારા છે એવી કલ્પના, એને અહીંયાં સંકલ્પ અને એને મિથ્યાત્વ અનંત સંસારમાં રઝળનારો મિથ્યાત્વભાવ કહે છે. કેમકે એ નથી એમાં અને એ માને એ સત્યને અસત્ય માને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ જ મોટી ભૂલ છે.

ઉત્તર :- આ જ મોટી ભૂલ અનાદિથી. એણે સાંભળી નથી, ખ્યાલમાં આવી નથી. સાંભળી જ નથી. સાંભળી તો એને કહેવામાં આવે છે કે એને જચી જાય. આહા..હા..! વાત તો મુદ્દાની રકમ છે. ઓલા ચારે કોર ચમત્કાર, ફલાણા ને ઢીંકણા બતાવે છેને. એમાં ભગવાનનો ચમત્કાર છે ફલાણે ઠેકાણે, ઢીંકણે આમ છે. એ બધી કપોળકલ્પિત વાતું છે. ચૈતન્યચમત્કાર, જેના એક ક્ષણમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છતાં પણ એથી અનંતગુણો હોય તો જાણે એવો ચૈતન્યચમત્કાર સ્વભાવ એ હું છું એમ માન્યતા છોડી દઈને એ જડ કર્મના પરમાણુઓ જે છે એ મારા છે એમ પોતાની કલ્પના કરે એને સંકલ્પ અને મિથ્યાત્વ અને મહા અનંતગુણું સત્યને અસત્ય માનવા જેટલું મહાપાપ છે. કહો, સમજાણું આમાં? એક વાત.

બીજી વાત '**ભાવકર્મ,...**' આત્માની પર્યાયમાં જે પુણ્ય અને પાપના ભાવ થાય શુભ કે અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, કરુણા, કોમળતા આદિના જે ભાવ શુભરાગ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ એવા જે ભાવ થાય એ પાપ. એ પુણ્ય અને પાપ બેયને અહીંયાં ભાવકર્મ કહે છે. સમજાણું કાંઈ? એ ભાવકર્મ મારા એવી જે સંકલ્પ દશા એને મિથ્યાત્વનું મહાપાપ કહે છે. સમજાય છે કાંઈ? દ્રવ્યકર્મ એટલે જડ, ભાવકર્મ એટલે પુણ્ય-પાપની કલ્પના. એ તો કાલે કહ્યું હતું જરી. લોગસ્સમાં એમાં આવે છે. આવડતું હોય તોને. લોગસ્સમાં આવે છે. વિહુયરયમલા પહિણજરમરણા આવે છેને? કોને અર્થની ખબર છે? હાંકે રાખે ગાડા. લોગસ્સ ઉજ્જોઅગરે ધમ્મ તિત્થયરે જિણે... સામાયિકમાં નામ. સામાયિક તો કરી હશે પહેલા? નામ. પાટે બેઠા હશો કે નહિ પહેલા? વાંચતો હતો ત્યાં તમારે, નહિ? અમદાવાદમાં. એવું સાંભળ્યું હતું. પહેલા ત્યાં, પછી ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે અંદરમાં ચૈતન્ય આનંદકંદ પ્રભુ એની વર્તમાન દશામાં પુરુષાર્થની હીનતા અને કમજોરીને લઈને જે પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ થાય એને અહીંયાં ભાવકર્મ કહે છે. એ ભાવકર્મ એ મારા એવી જે કલ્પના એને અહીંયાં સંકલ્પ અને મિથ્યાત્વ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિમાં આવું સત્ય સ્વરૂપ આવ્યું છે. સમજાણું કાંઈ? કે એ ભાવકર્મ જે છે એ પુદ્ગલ દ્રવ્ય છે બધા જડ, ખરેખર તો. આહા..હા..! આત્માનો સ્વભાવ નથી, આત્માની જાત નથી. એ કર્મ જડ છે એના સંગે ઉત્પન્ન થયેલો ભાવ એ બધો અચેતન છે. એમાં હું છું, આ મારા છે એવું પોતાનું શુદ્ધ અસ્તિત્વને પોતાનું છોડી દઈને આ મારા એવી માન્યતા એને અહીંયાં સંકલ્પ અને મિથ્યાત્વ કહે છે. આહા..હા..! હવે પૈસા અને શરીર તો ક્યાંય રહી ગયા. આ બરાબર કહે છે, શેઠ! કહો, સમજાણું આમાં? આમાં સમજાણું આ કીધું એમાં? એમ. માન્યું એમાં નહિ. આ શું કહેવાણું છે? આહા..હા..!

અરેરે! એને કાંઈ ખબર નથી. હું તે કોણ છું? સર્વજ્ઞ તીર્થંકરદેવે જેને આત્મા કહ્યો, એ આત્મા કર્મરૂપે નથી અને એ આત્મા પુણ્ય-પાપના રાગના વાસના વિકલ્પરૂપે પણ નથી. સમજાણું કાંઈ? એમાં પોતાની કલ્પના કરવી. કારણ કે અસ્તિત્વ જે શુદ્ધ ચૈતન્ય છે એ દૃષ્ટિમાં આવ્યું નહિ, લીધું નહિ, પુરુષાર્થથી એ વાતને અંતર અંગીકાર કરી નહિ, એથી એનું અસ્તિત્વ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ એ હું અને કર્મ હું એવી પરમાં કલ્પના પોતાની (થાય) એને ભગવાન વિપરીત પરિણામવાળો મિથ્યાત્વભાવ કહે છે. કે જે મિથ્યાત્વભાવ અનંત સંસારના ઉત્પન્ન કરવાના બીજડા છે. સમજાણું કાંઈ? '(**દ્રવ્યકર્મ,...**' કૌંસમાં છેને. '**ભાવકર્મ, નોકર્મ...**' એટલે આ શરીર, આ વાણી એ નોકર્મ કહેવાય.

મુમુક્ષુ :- પૈસા?

ઉત્તર :- ઈ હવે આવશે. '**નોકર્મ આદિ...**' પૈસા, સ્ત્રીનું શરીર આદિ એનો આત્મા પરનો એ બધા મારા છે. '**આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં...**' છેને? એ પરદ્રવ્ય છે. '**આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં...**' એ પુદ્‌ગલ એટલે કે આખા રજકણો આદિ કોઈપણ ચીજ. .. આબરૂ, કીર્તિ, એના વખાણ થાય કે આ મારા છે. એમાં પોતાપણાની બુદ્ધિ (થાય) એને અહીંયાં ભગવાન સંકલ્પ કહે છે. છે? '**પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...**' એ સંકલ્પ એટલે મિથ્યાત્વ—વિપરીત માન્યતા, સત્યનો અનાદર અને અસત્યને પોતાનું માનવું. કહો, શેઠ! માર્ગ પણ ભારે ભાઈ! સમજાણું કાંઈ?

એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં. એ નોકર્મમાં પૈસો બધું આવી જાય, મકાન, આબરૂ. સમજાણું કાંઈ? ચોપડા એ બધું નોકર્મમાં આવે છે. ઑડિટર હતા કે શું હતા? ચોપડા તપાસનારા. ઑડિટર. ચોપડા, ઘડિયાળું, આ વકિલાતના ચોપડા, આ સંસ્કૃતના ચોપડા પ્રોફેસર ... નોકર્મ છે. આ બંગલા, બગીચા, ફૂલઝાડ પાંચ-પાંચ, દસ-દસ લાખના. .. ત્યાં વચ્ચે બેઠો હોય ખુરશી નાખીને, સાંજનું ટાણું હોય, છોકરાના લગન હોય બે-પાંચ લાખ ખરચવા હોય અને ખુશિયારીમાં બેઠો હોય, જાણે કે આ બધા મારા છે. ભગવાન કહે છે કે એ તારા નથી અને તારા માને છે એ તારી કલ્પના સંકલ્પ અને મિથ્યાત્વની છે. આ તો પ્રથમની વાત ચાલે છે હોં! આહા..હા..! કોઈ કહે કે વળી ઊંચા દરજ્જાની વાતું છે. પહેલા પહેલા મિથ્યાત્વની વાત આ તો છે. અનાદિથી આમ માની રહ્યો છે અને એમ કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ જડ કર્મ, ભાવકર્મ, પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ એ ભાવકર્મ કહેવાય. કેમકે એ રાગ છે. એ રાગ છે એમાં ચૈતન્યની જાત નથી. તેથી તે અચેતન છે અને એ અચતેનમાં પોતાની કલ્પના કરવી (કે) આ મારા છે, અથવા એ મને લાભ કરશે. મારા હોય એ લાભ કરેને? એટલે રાગાદિ મારા આત્માને ધર્મનો લાભ આપશે એવી જે કલ્પના એને અહીંયાં સંકલ્પ અને મિથ્યાત્વ કહે છે. જે મિથ્યાત્વ કષાઈખાનાના પાપ કરતા પણ અનંતગણું પાપ છે. સમજાણું કાંઈ?

આખું સત્યને અસત્ય માને અને અસત્યને સત્ય માને. મોટો અનાદર કરે છે. જૂઠી ચીજ છે એને પોતાની માને છે. આહા..હા..! સત્‌સ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ તીર્થંકરે જે પ્રગટ કર્યો પર્યાયમાં, એવો દરેકનો આત્મા અંદરમાં છે. એવા આત્માના સત્ સ્વરૂપને, સત્યતાને ન સ્વીકારતા એનાથી વિરુદ્ધ ભાવને પોતામાં સ્વીકાર કરવો (કે) એ મારા છે, હું એનો છું એવી જે સંકલ્પદશા એને મિથ્યાત્વ દશા, પાખંડ દશા, અધર્મ દશા, મહાપાપ કહેવામાં આવે છે. નવનીતભાઈ! અરે.. ભગવાન! આ તો કાલે આપણે ચાલ્યું હતું. પણ

આ નહોતા એટલે જરી સાંભળે.

પાછા શબ્દો શું છે? સમસ્ત શબ્દ છે. પાઠમાં છેને? '**विलीनसङ्कल्प-विकल्प-जालं**' બધું. બધા નાશ થઈ જાય. એ સંકલ્પ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. અંતરની દૃષ્ટિમાં, અંતર સ્વરૂપની દૃષ્ટિ કરતાં ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો એવો આત્મા અંતરમાં દૃષ્ટિમાં આવતા એને આ સંકલ્પ અને વિકલ્પનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ, ભાઈ! હજી તો માંડ માંડ દુકાનના ધંધેથી પાપમાંથી પાછો વળીને પુણ્યમાં ન આવે હજી. એને કહે કે તારું પુણ્ય એ પાપ છે. એઈ..! એ પુણ્યને મારા માનવા એ મિથ્યાત્વનું પાપ છે. આહા..હા..! અને એ પુણ્યના ફળ તરીકે જે આ શરીર સુંદર મળે, પૈસા મળે, ધૂળધમાહા મોટા બંગલા એ મારા એવી જે માન્યતા એ સંકલ્પ-મિથ્યાત્વ છે. સ્વરૂપ સત્યનો સ્વીકારનો અનાદરનો સંહાર છે, અનાદરથી એનો સંહાર કરે છે. આ હું નહિ, આ હું. કહો, સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! ધર્મ ચીજ કાંઈ એવી નથી કે ઝટ દઈને બહારથી આવી જાય. અંદરમાં ધર્મ સ્વભાવ પ્રગટવો. વસ્તુનો સ્વભાવ તે અંતર જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળી એવો ધર્મ, એવો ધર્મીનો ધર્મ એની સામું અંતર જોતા, એનો વસ્તુ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેતાં જે દૃષ્ટિ પ્રગટ થાય તે સંકલ્પ-વિકલ્પને નાશ કરીને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સંકલ્પ કહે છે.

'**અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો...**' આ તો એથી સૂક્ષ્મ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર પ્રભુ છે. એમાં જ્ઞેયો આ જગતની ચીજો જેટલી શરીર, વાણી, પૈસો આદિ બધું, એ ભિન્ન... ભિન્ન... ભિન્ન જ્ઞાનમાં ભાસતાં જાણે જ્ઞાનમાં જ ભિન્નતા થઈ ગઈ હોય, ભિન્ન-ભિન્ન જણાવા યોગ્ય જ્ઞેયમાં જાણે મારા જ્ઞાનમાં જ ખંડ પડી ગયો હોય એમ ભાસ થવો એને અનંતાનુબંધીનો વિકલ્પ કહે છે. અનંત સંસારનો અનુબંધ કરાવનાર પરંપરા અનંત સંસાર પ્રાપ્ત થાય અથવા એ અનંત એવો જે મિથ્યાત્વ એની સાથે આવો જે કષાય એને અનંતાનુબંધી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જાણવાની ચીજો જગતની ભિન્ન છે અને ભિન્ન છે તો થઈ, પણ અનેકતા જણાતાં જાણે જ્ઞાનમાં અનેકપણું ખંડ થઈ ગયો, એમાં દોરાઈ ગયો જાણે ખંડમાં, એમ જ્ઞાનમાં ખંડપણે ભાસન થવું એને અનંત સંસારનું કારણ એવો જે ક્રોધ, માન, માયા, લોભ એને અહીંયાં વિકલ્પ કહે છે. સમજાણું કાંઈ? સાંભળ્યું ન હોય કોઈ દિ'. ઓલા અહીં ચમત્કાર બતાવે છે, ઓલા અહીં બતાવે છે, ઓલા અહીં બતાવે છે. ધૂળમાં જ્યાં ત્યાં ગરી ગયો. આ રાગને વિકલ્પને પોતાના માને ત્યાં સુધી ભ્રમણા અજ્ઞાનમાં છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞેયોના ભેદથી...**' વસ્તુ સામે છે પર અનંત એની ભિન્ન-ભિન્નતાના ભાસથી જાણે

જ્ઞાનમાં ખંડ થઈ ગયો, હું એમાં દોરાઈ ગયો ભેગો, એમ જે જ્ઞાનમાં અનેકતા રૂપે ભેદ ભાસવો એને વિકલ્પ કહે છે. આહા..હા..! કહો, પ્રાણભાઈ! લ્યો આ વાત છે આવી. ભારે આકરું ભાઈ! લોકોને સત્ય સાંભળવા મળ્યું નથી. કાં તો ઓલા ફલાણા સાંઈબાબા આવા છે, કાં તો રજનીશ આવો છે, કાં તો આ ઢીંકણા આવા છે. જ્યાં ત્યાં બિચારા બહારમાં પુણ્યના ફળરૂપે કાંઈક મળે અમને, ભ્રમણામાં ભાંગીને ભુક્કો કરી નાખ્યો આત્માનો.

અહીં તો બીજી વાત એથી લીધી. જૈન સંપ્રદાયમાં આવીને પણ જેણે કર્મ અને નોકર્મ અને ભાવકર્મ લક્ષમાં લીધા છે, એને પોતાના માને છે... આહા..હા..! એણે અજીવને જીવ માન્યો. એવી વિપરીત માન્યતા સત્યનું ખૂન કરનાર મહાહિંસા મિથ્યાત્વભાવમાં થાય છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એવા સંકલ્પ-વિકલ્પોનો જેમાં ચૈતન્ય ભગવાનસ્વરૂપે પૂર્ણાનંદ પ્રભુ (છે) એવી અંતર દૃષ્ટિ કરતાં તેનો નાશ થઈ જાય છે. એને અહીંયાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. ભારે ધર્મ ભાઈ! સમજાણું કાંઈ? છે?

**'આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.'** ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ પૂર છે એ તો. પાણીનું જેમ પૂર હોય એમ ચૈતન્યના પ્રકાશનું પૂર આત્મા. એવા ચૈતન્યના પૂરને અંતર દૃષ્ટિએ અનુભવતાં, એનો આશ્રય કરતાં, જે વસ્તુ પૂર્ણ આનંદ છે એમ પ્રતીતમાં આવે ત્યારે એને આવા સંકલ્પ-વિકલ્પનો વ્યય નામ નાશ થઈ જાય છે અને સંકલ્પ-વિકલ્પરહિત સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. પછી સમ્યગ્દર્શન અને જ્ઞાને જે વિષયને દૃષ્ટિમાં લીધો છે એમાં લીનતા થવી એને ચારિત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ? આ દર્શન, જ્ઞાન અને ચારિત્રની વ્યાખ્યા છે. લ્યો એ વાત થોડી કાલની વધારે કરી. આ નહોતાને કાલે બધા. આવું સ્વરૂપ છે, બાપુ! ભાઈ! તને ખબર નથી. તને ખબર નથી માટે સાચું ખોટું થઈ જાય અને ખોટું સાચું થઈ જાય એમ કાંઈ બને? એમ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પ ખોટા છે તારી અપેક્ષાએ. શરીર જૂઠું છે, અસત્ય છે. પૈસા, લક્ષ્મી, બાયડી, છોકરા એ તારી ચીજની અપેક્ષાએ એ બધું અસત્ય અવસ્તુ છે. એ અવસ્તુને હું છું એ વસ્તુ માન એનું નામ ભગવાન મિથ્યાદર્શન શલ્ય કહે છે. મિથ્યાત્વનું મહાશલ્ય છે કે જે આત્માની શાંતિને લૂંટી નાખે છે. આહા..હા..! કહો, શેઠ! ભારે આવું! પૈસાવાળા માટે કાંઈ ધર્મ બીજો ન હોય?

મુમુક્ષુ :- પૈસા તો દાન કરે એ એનો ધર્મ.

ઉત્તર :- દાનમાં ધૂળેય ધર્મ નથી એ તો કહ્યું હતું પહેલું, નહિ? ૮૧ની સાલ નહિ? ૮૧માં ... ૮૧. કેટલા થયા? ૨૮ ને ૧૯. ૪૭. શેઠ હતાને? મણિયાર મોહનલાલ. ..નો બાપ. તે દિ' આ ૬૦ હજારનું મકાન કરાવેલુંને? .. એણે કાંઈક ૪૦-૫૦ હજાર આપ્યા હતા કાંઈક તે દિ' પાઠશાળામાં. આ તો ૮૧ની વાત છે. સંવત્ ૧૯૮૧. વ્યાખ્યાનમાં આવતા.

દરબાર પણ આવતા લીંબડી દરબાર. ... આવ્યા હતા. બીજે દિ' કહે મારે આવવું છે. અમારે તો ટાઈમ થઈ ગયો. દરબાર આવે કે ન આવે, અમે તો કોઈને માટે રોકાતા નથી. પહેલા કેમ ન આવ્યા? હવે પાછળથી આવ્યા હવે મારે કાલે આવવું છે. દરબાર મોટા હોય તો એના ઘરના, અમારે શું છે? શું નામ એનું? દાદભા. મોટું નામ દૌલતસિંહ. દસ લાખનો તાલુકો. વ્યાખ્યાનમાં આવ્યા. એક દિ' સાંભળ્યું. મારે કાલે આવવું છે. મેં શેઠને કીધું. આપણે લાલચંદ શેઠ. અમારે કાલે રહેવું નથી. અમારા દિવસ થઈ ગયા છે. ઉઠી ગયા વહેલા, બહાર ગયા. .. ઓલા છેને બે ગાઉ. .. સીધો રસ્તો, .. વડગામનો તો ઓલી કોર રહ્યો. આ તો તમારે વઢવાણ. સડક ઉપર હું બેઠો હતો બે જણા. એમાં શેઠ આવ્યા મોહનલાલ. મહારાજ! ૮૧ની વાત છે. આ પૈસાવાળાનો કાંઈ ધર્મમાં અધિકાર ખરો? આમ પૂછ્યું. કારણ કે બધું વ્યાખ્યાનમાં આવેલું. પૈસા એટલે શું પણ? એ તો ધૂળ છે, જડ છે. એને લઈને શું આત્માને ધર્મ થાય છે? એને દેતા એને ધર્મ થાય છે? એઈ..! શેઠ! હજી એ પૈસા મારા છે અને હું દઉં છું એ માન્યતા જ મિથ્યાત્વ, અજ્ઞાન મોટું છે. એ સંકલ્પ છે. મોહનભાઈ હતા. ત્રણ હતાને. ઉગ્રસેન, કેશવલાલ અને ઈ. પૈસાવાળા એ હતા તે દિ' ડગરી. લિંબડીમાં ડગરીવાળા. આ નાનો, મોહન. મહારાજ! એકલા બેઠા હતા અમે જંગલમાં સડક ઉપર. પછી .. થાય ત્યારે ગામમાં નીકળીએ. તરત ન જઈએ. ત્યાં પછી બેઠા. ઘોડાગાડીમાં આવ્યા અને બેઠા. રસ્તામાં જંગલમાં હોં! મહારાજ! આ પૈસાવાળાનો કાંઈ ધર્મમાં અધિકાર ખરો? મેં કીધું, ધૂળનોય અધિકાર નથી. પૈસાવાળા એટલે શું? પૈસાવાળા.. પૈસાવાળો? વાળો વળગ્યો છે એને. બાયડીવાળો, પૈસાવાળો, છોકરાવાળો, આબરૂવાળો, કેટલા વાળા એને? પૈસા-ફૈસાવાળાનો ધર્મમાં અધિકાર નથી. શેઠ! ઓલાને લાગ્યું ખરું જરીક. કીધું, અહીં તો આમ છે બાપુ. અહીં કોઈ પૈસાવાળા માટે ધર્મ થાય, પૈસા આપે પાંચ-દસ લાખ એટલે ધર્મ થઈ જાય અને એને લઈને ધર્મ ચાલે, ગરીબોને લઈને ન ચાલે એ વાત બિલકુલ જૂઠી છે. પૈસા તો માને બધા તમારા જેવા .. દસ હજાર આવ્યા, અગિયાર હજાર આપ્યા. લ્યો શેઠ! અગિયાર હજાર કરજો સાગર જતા જતા. ખબર છેને તે દિ'? તમે બેઠા હતા. કઈ સાલ? ૧૩-૧૩. ૧૫ વર્ષ થયા. શેઠ ૩ હજાર બોલ્યા. શેઠ! જતા જતા અગિયાર હજાર કરજો. મેં કીધું ઠીક આ. .. બોલ્યા. ઝાઝા માણસમાં કહે તો પછી કરવું પડે થોડું. એમાં કાંઈ છે નહિ ધૂળમાં. ધૂળ મારી છે એ અહીં આવ્યું નોકર્મમાં. એ લક્ષ્મી મારી છે અને હું આપું છું એ માન્યતા સંકલ્પ અને મિથ્યાત્વનું ઘર છે.

મુમુક્ષુ :- આમ કહશો તો કોઈ આપશે નહિ.

ઉત્તર :- કોણ આપતું હતું કે આપશે નહિ? કોણે આપ્યા છે કે નહિ આપે? જે ટાણે જે પરમાણુ જ્યાં જવાના તે જવાના છે અને રહેવાના ત્યાં રહેવાના છે. કોઈના દીધા લીધા

જાય એ વાતમાં કાંઈ માલ નથી. શેઠ! આ શેઠ તો બહુ દાન આપનારા છે. ધૂળેય નથી. એ અજીવ ચીજ છે. એ અજીવ મારી, એ જ અહીંયાં (કહે છે), જુઓ!

એ '**પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...**' મિથ્યાત્વભાવ છે, મહાપાપ છે, પાખંડ છે અને અધર્મ છે. એ.. પોપટભાઈ! તેથી પૈસા બહુ ન ખર્ચવા એમ? રાખવાનો ભાવ એ લોભ છે અને કંઈ પણ દાન, દયા આદિમાં દેવામાં રાગની મંદતાનો પુણ્યભાવ છે, પણ એ પુણ્યભાવ એ બંધનનું કારણ છે. એનાથી કલ્યાણ થશે આત્માને એ વાતમાં એકેય દોકડો સાચો નથી. પૈસાવાળાને ધર્મ થાય તો ગરીબને રોવું પડે. ગરીબને ગોતવું પડે કે પૈસા કરો ભેગા. ધૂળેય નથી. આહા..હા..! એઈ..! ભીખાભાઈ! આકરું ભારે આ. ભગવાનનો માર્ગ વીતરાગમાર્ગ છે આ તો પ્રભુ! વીતરાગમાર્ગમાં રાગ અને પરથી લાભ થાય એ વીતરાગમાર્ગમાં હોય નહિ. પુણ્યથી અને પરથી લાભ થાય એ વીતરાગમાર્ગમાં ન હોય. અજ્ઞાનીએ માનેલા માર્ગમાં હોય અજ્ઞાનીએ કલ્પનાનો. સમજાણું કાંઈ?

કહે છે... એને કહ્યું. પછી બેઠા થોડું .. ત્યાંથી ગામમાં જવાના હતા. પૈસાવાળાનો ધર્મમાં બિલકુલ અધિકાર નથી. પૈસાવાળા એટલે શું? પૈસા કોની ચીજ છે? અજીવ જડ છે. જડવાળા તમે અને તમે પૈસા ખર્ચો એટલે ધર્મશાળા થાય ને પાઠશાળા થાય, વરઘોડા સારા નીકળે એમ? એ તો પરની ચીજ છે. સહેજે નીકળવું હોય તો એને કારણે નીકળે છે, તમારા પૈસાને લઈને નીકળે છે? કેમ હશે? ...ભાઈ! આહા..હા..! આકરું લાગે એવું છે. અંદરથી આમ મીઠાશ વેદી હોયને. જાણે કાંઈક અમે ધર્મના ટેકા છીએ. ગરીબ માણસ શું કરી શકે? અમે કરીએ. સાંભળને હવે. તું ગરીબ નથી અને પૈસાવાળો તું નથી. સમજાણું કાંઈ? તું તો આત્મા આનંદકંદનો નાથ જ્ઞાયકસ્વરૂપ છો. એવા જ્ઞાયકને પરચીજનો દેવા-લેવાવાળો માનવો એ મહા મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. કહો, શેઠ! આહા..હા..!

'**આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.**' એવા સંકલ્પ-વિકલ્પો... એ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ છે, અંતરમાં જતા આનંદસ્વરૂપના સ્પર્શમાં જેવી પ્રગટ દશા શુદ્ધ અને આનંદ છે એવી પર્યાયમાં પ્રગટ થાય એને અહીંયાં શુદ્ધનયે આત્માને પ્રગટ કર્યો એમ બતાવવામાં આવે છે. આહા..હા..! વાત જ હજી પકડવામાં આવે નહિ, એ ક્યારે સમજે અને ક્યારે પકડે અને ક્યારે થાય? આહા..હા..! જિંદગીયું ચાલી જાય છે એમને એમ.

## ગાથા-૧૪

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।
यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यकं नियतम्।
अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि।।१४।।

या खल्वबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैव; इत्यात्मैक एव प्रद्योतते। कथं यथोदितस्यात्मनोऽनुभूतिरिति चेब्दस्पृष्टत्वादीनामभूतार्थत्वात्। तथा हि--यथा खलु बिसिनीपत्रस्य सलिलनिमग्नस्य सलिलस्पृष्टयत्वपर्यायेणानुभूयमानतायां सलिलस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः सलिकास्पृश्यं बिसिनीपत्रस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनोऽनादिबद्धस्य बद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः पुद्गलास्पृश्यमानत्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च मृत्तिकायाः करककरीकर्करीकपालादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेकं मृत्तिकास्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो नारकादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेकमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च वारिधेर्वृद्धिहानिपर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितं वारिधिस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो वृद्धिहानिपर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा च कांचनस्य स्निग्धपीतगुरुत्वादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्तविशेषं कांचनस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो ज्ञानदर्शनादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्तविशेषमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

यथा चापां सप्तार्चिःप्रत्ययौष्ण्यसमाहितत्व-पर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं

भूतार्थमप्येकान्ततः शीतमप्स्वभावमुपेत्यानुभूयमानतायाम-भूतार्थम्, तथात्मनः कर्मप्रत्ययमोहसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्येकान्ततः स्वयं बोधं जीवस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :-

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

શ્લોકાર્થ :- [यः] જે નય [आत्मानम्] આત્માને [अबद्धस्पृष्टम्] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત [अनन्यकं] અન્યપણા રહિત, [नियतम्] ચળાચળતા રહિત, [अविशेषम्] વિશેષ રહિત, [असंयुक्तं] અન્યના સંયોગ સહિત એવા પાંચ ભાવરૂપ [पश्यति] દેખે છે [तं] તેને, હે શિષ્ય! તું [शुद्धनयं] શુદ્ધનય [विजानीहि] જાણ.

ટીકા :- નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી.) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? તેનું સમાધાન :- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ આવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવથી સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથીબંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મ-સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (-સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ

પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા-બીજાપણારૂપ) અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ-તત્પણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતાં સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

ભાવાર્થ :- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે : (૧) અનાદિ કાળથી કર્મપુદ્ગલનાં સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે, (૨) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે, (૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી, (૪) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ,

દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે. આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે. એ દૃષ્ટિ(અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો, અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે બીજા નયને-તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને-ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમને સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે પરંતુ શુદ્ધનયની

દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે; તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્મા પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે. તેનો ઉત્તર :- દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

હવે એ ગાથામાં કહે છે. ૧૪મી ગાથા. છે ૧૪?

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।

નીચે હરિગીત છે, નીચે એનું હરિગીત.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

એ શબ્દનો જ અનન્ય છે. જે આ શબ્દ છેને મૂળ? એનો અમારે પંડિતજીએ અર્થ

કર્યો છે હરિગીતમાં. ગુજરાતીમાં બનાવ્યું છે. આ પંડિતજી છે અમારે જુઓ, આ હિંમતભાઈ. ઓળખો કે નહિ? મોહનભાઈ! કોણ જાણે સગાના સગા પણ વયા જાય છે પૈસા થાય ત્યાં. ઓળખીતા વયા જાય છે. વાત સાચી. પૈસા હોય તો સામું જોવે લોકો. ગરીબની સામું જોતા હશે કોઈ? અહીંયાં કહ્યું હતું નહિ? ઘણા વર્ષની વાત છે. ... પૈસાવાળા છેને આ દામોદર પૈસાવાળા ગણાય. એટલામાં કોઈ પૈસાવાળા નહિ. ૧૦ લાખ. ૪૦ હજારની ઊપજ હતી. દામનગર છે. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. દામોદર શેઠ હતા. અમારે એ ક્ષેત્ર હતું સંપ્રદાયનું, ત્યાં મળ્યા હતા. ઘરે ગામ છે ૧૦ વીઘાનું. ... ઘરે ગામ. તે દિ' ૧૦ હજારનું એક ગામ ઘરે. અને આરબો ઘરે... શું કહેવાય તમારે? મોટો દરબાર. આપણા વાણિયા દશાશ્રીમાળી. પછી છોકરો હતો ... હુશિયાર હતો. છ મહિને પરણીને મરી ગયો. મોટા દસ લાખ રૂપિયાની મુડી તે દિ' ૬૦ વર્ષ પહેલાં હોં! અને ૪૦ હજારની ઊપજ. એ છોકરો ભણતો હતો. તે દિ' હોં ૭૩-૭૩. ૭૫માં તો પરણીને મરી ગયો. છ મહિનામાં. ૭૫. પછી એણે કહ્યું એના બાપાને કાગળ લખીને કે બાપા! બાપુજી! ઈ ત્રણ ભાઈઓ. ત્રણ ભાઈ ભેગા. બાપુજી! જુઓ! તમે આ ફીનો ખર્ચ આપો છો પુસ્તકનો ખર્ચ મહિનાનો આપો છો. એને કાંઈક પાંચ-પચ્ચીસ રૂપિયા ખિસ્સા ખર્ચ આપતા હશે. પોતે લખ્યું. છોકરો બહુ હુશિયાર હતો. છ મહિનામાં તો પરણીને મરી ગયો. બાપુજી! મહિનાના ૨૦૦ ખર્ચના જોશે. અમે ગરીબને ઘરે નથી અવતર્યા. એમ લખ્યું હતું. ૧૬-૧૭ વર્ષની ઉંમર હતી. કાકાને ન પાલવે તો તમારે નામે લખીને મોકલો. મહિને ૨૦૦ તો ખાસ ખિસ્સાના જોશે. ફીના, પુસ્તકના, ખાવાના, ખોરાકના જુદા. પાછી એમાં દલીલ લખી. ૨૦૦ રૂપિયા મહિને ખિસ્સાના ખર્ચ જોશે. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. .. ૭૫માં મરી ગયો. વૈશાખમાં લગન થયા હતા. આસો મહિનામાં ગુજરી ગયો. પછી કહે, બાપુજી! એ વખતે તો પૈસા હતા રોકડા. આ નહોતી તમારી નોટું. રોકડા. કલદાર લખ્યું. દલીલમાં લખ્યું ઓલા ૨૦૦ લેવા માટે. જુઓ, બાપુજી જ્યારે પૈસા આવે છેને આપણે ઘરે ૫૦-૫૦ કોથળીમાં. છ-સાત કોથળી આવે હજાર રૂપિયાની. હજાર-હજારની. ત્યારે એ લોકો મજૂરની સાથે ન મૂકાવે અંદરમાં. ઘરના માણસ લઈ અને અંદરમાં ક્યાં મૂકે ઓલાને ખબર ન પડે. ત્યારે બધા છોકરાને બોલાવે, ઘરના માણસને બોલાવે. બહારથી ઉપાડી અને અંદર પેટીમાં ક્યાંય નાખે. કારણ કે એકલી થેલીયું જ હતી સોનાની કે રૂપાની. દસ લાખની મૂડી હતી એટલે છૂટા બે-ત્રણ-ચાર લાખ તો પડ્યા જ હોય રોકડમાં. બબ્બે લાખ તો ધીરતા દરબારને. છોકરાએ લખ્યું કે બાપુજી! જ્યારે પૈસા આવે છે, ત્યારે કેડ અમારી તૂટે છે હોં! શું કીધું શેઠજી? એ વખતે અંદરમાં રૂપિયા જે બહાર પડ્યા હોય ૫૦ કોથળી ગાડામાં આવે ત્યારે અંદરમાં લેવા માટે અમારે જવું પડે છે. તમે મજૂરને નથી રાખતા. કેમકે મજૂરને ખબર પડે. એ વખતે કેડ તૂટે છે અમારી. .. છોકરો એવો ડાહ્યો

હતો. માટે ૨૦૦ રૂપિયા ખર્ચના ખિસ્સાના બધા ખર્ચ કાઢીને મોકલવા પડશે. કાકાને ઠીક ન પડે તો લખજો ખાતે તમારે. એવી વાત લખી, લ્યો. સમજાણું કાંઈ? આ તો મારે બધું જોવામાં આવ્યું હોયને. અપાસરાની સામે એનું મકાન, શેઠનું, દામોદર શેઠનું. મોકલતા પછી શું કરે? એ વખતના હોં ૨૦૦. તમારે તો અત્યારે સોળ ગણા, વીસ ગણા થયા. અત્યારે ૨૦ લાખ હોય કે ૨૫ લાખ હોય તો પૂર્વના એક લાખ. પૂર્વના એક લાખ અને અત્યારના તમારે ૨૫ લાખ બે સરખા. ૨૦ ગણા ભાવ થઈ ગયા, પૈસો થઈ ગયો કિંમતે ઘટીને. પૈસાની કિંમત ઘટી ગઈ. અહીં બીજું કહેવું હતું કે ઓલા પૈસા અંદર મૂકવા જઈએ ત્યારે અમે મૂકવા જઈએ છીએ. તમને માણસનો વિશ્વાસ નથી. મોકલજો હોં! એય..!

એમ અહીં કહે છે કે... આહા..હા..! અરે! પોતાના ઘરે જ્યાં પડાવ થાય અંદરમાં... સમજાય છે? ત્યાં અનંત પુરુષાર્થથી અંદર પ્રવેશ કરે છે. અબદ્ધસ્પૃષ્ટ આત્મા પરથી ભિન્ન નિરાળો આનંદસ્વરૂપ છે એમાં કોઈની અસર અને પરના પ્રવેશનો એમાં અવસર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પનો જ્યાં પ્રવેશ નથી. આહા..હા..! એવી મારી ચીજ છે એ આત્મામાં સમ્યગ્દર્શન થતાં શુદ્ધનય એને પ્રગટ કરીને બતાવે છે. આહા..હા..!

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

ઓલી કોર ટીકા. ટીકા છેને? ૧૪મી ગાથાની ટીકા. આ માલ માલની વાતું છે અહીં તો. આહા..હા..! '**નિશ્ચયથી...**' નિશ્ચયથી એટલે ખરેખર, સાચેસાચ '**અબદ્ધ-અસ્પૃષ્ટ...**' ભગવાન આત્મા અંદર કર્મ અને રાગથી બંધાયેલો નથી. એ કર્મને, રાગને સ્પર્શ્યો નથી. આહા..હા..! એવા આત્માને જે અંદર જોવે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આમાં અબદ્ધસ્પૃષ્ટમાં નય, પ્રમાણ બધું આવી ગયું એમાં. ભાઈ! એમ કહે નય, પ્રમાણ ત્યાં આવ્યા હતા. આમાં કેમ નથી નય, પ્રમાણ? બધું આવી ગયું આમાં. આહા..હા..! વ્યવહારે કર્મના અને રાગના સંબંધમાં વ્યવહારનયે જાણવામાં છે, પણ નિશ્ચયથી ભગવાન આત્મા પૂર્ણાનંદ રસકંદ એ કર્મ અને કર્મના સંબંધથી અથવા કર્મ સાથે ... કર્મ થવાને લાયક. કર્મ થયેલા અને કર્મ થવાને લાયક એવા રજકણો અને કર્મથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! એવા આત્માને અંદર જોવો, એવા આત્માને અંદર જાણવો, એવા આત્માનો અંદર અનુભવ કરવો આ એને ભગવાન અંદર સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. એણે આ આત્માને સત્ય તરીકે સ્વીકાર્યો ત્યારે કહેવાય. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જે કોઈ આત્માને નિશ્ચયથી એટલે ખરેખર, વાસ્તવિક રીતે '**અબદ્ધ-અસ્પૃષ્ટ,...**' કર્મથી નથી બંધાયેલો, કર્મના સ્પર્શમાં નથી આવ્યો, એવા આત્માને જોવે. એક વાત. બીજી. '**અનન્ય...**' એક ભગવાનને અનેરી-અનેરી દશાથી ન જોતાં, એકરૂપ ત્રિકાળ છે એમ જે

જોવે એને સમ્યગ્જ્ઞાન થાય. સમજાણું કાંઈ? ભારે વાતું! અનેરી-અનેરી આ નારકી ને મનુષ્ય ને દેવ એ નહિ. એ તો અનન્ય, અનેરો-અનેરો નહિ. એકરૂપ ત્રિકાળ જ્ઞાનનો કંદ પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ એકરૂપ છે એવી જે દૃષ્ટિ કરે, એ જે નય આને બતાવે એણે આત્માને બરાબર જાણ્યો, માન્યો કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! હજી તો મગજમાં પેસવી કઠણ પડે. સાંભળેલું નહિ, અભ્યાસ નહિ. બધું બહારના કડાકૂટા સાંભળ્યા હોય. શેઠ!

'**નિયત,...**' ભગવાન આત્માને પર્યાયમાં અનિયતપણું અનેક પ્રકારનું છે ઓછાવત્તાપણું એ ન જોતા એકરૂપ ત્રિકાળ નિશ્ચય છે એમ જે જોવે અને આત્મા એવો છે. નિયત નિશ્ચયથી આત્મા ભેદ વિનાની પર્યાયના ભેદ વિનાનો એકાકાર છે. અરે અરે! એવો આત્મા સત્યરૂપે છે, એને જે નિયતપણે જોવે એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું છે? સુજાનમલજી! શ્વાસ નીકળી જાય એવું છે.

મુમુક્ષુ :- આપને ત્યાં મોઘું છે, અમારે ત્યાં તો બહુ સસ્તો છે.

ઉત્તર :- ત્યાં સમકિત બહુ સહેલું છે તમારા વાડામાં. આહા..હા..! ભાઈ! વાણિયા હોયને. ઓલા શાકભાજી વેચાયને? શાકભાજી. પછી વેચાઈ ગયું હોય, મણ, બે મણ લાવ્યા હોય બિચારા ગામડામાંથી. દસ-દસ મણ ખપી ગયું હોય, પણ દશ શેર રહ્યું હોય. ઓલો વાણિયો હોય કંજૂસ, ઓલાને દસ શેર લઈ ન જવું હોય ગામડામાં. બહારથી લાવ્યા હોય વેચવા. દશ મણ ખપી ગયું, અધમણ રહ્યું હોય. હોય ચુવાવાળું, કાણાવાળું. ચુવા સમજાય છે? જીવાત ... હોય અંદર. વાણિયો આવે. જુઓ ભાઈ, આઠ આના શેર વેંચ્યું છે અત્યાર સુધી. શેઠ! આ તમને બે આને શેર આપવું છે. દસ શેર ઉપાડીને ક્યાં જાવું અમારે ગામડામાં? ચુવો છે એકાદ, એ બતાવે, કહે. ચુવો સમજાણું? ભીંડાનું શાક હોય .. અંદર કાણું હોય જીવાતનું. એટલે આ તમને.. અમારે ઉપાડીને ક્યાં જવું. ઓલો કંજૂસ, થોડું મળે.. લીધું દસ શેર. ઘરે જ્યાં જાય ત્યાં ચુવાને જોવે ત્યાં બધે આખો ચુવો. એક કટકો પણ સાચો ન હોય. આ સોંઘુ મળ્યું. આ સોંઘુ વાણિયો લાવ્યો. આમ જ્યાં જોવે તો ચુવો ત્યાં નહિ આમ સળંગ હતો ઠેઠ. આખી દૂધીમાં. હાય.. હાય... આ સોંઘે લેવા ગયા ત્યાં આ થયું. પૈસા ગયા અને મફતનું.. એ વખતે શાક... એમ સોંઘે સમકિત અને સોંઘે ધર્મ મનાવનારા આ ચુવાવાળા શાક આપનારા છે બધા. આહા..હા..!

અહીં તો ભગવાન તીર્થંકરદેવ પરમાત્માની વાણીમાં આવ્યું એવું સંતો જગતને જાહેર કરે છે. ભાઈ! પરમાત્મા તો આમ કહે છે. અંદર અવિશેષ. ભગવાન આત્મા, આ જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે એવા જે વિશેષ પ્રકારો એ દૃષ્ટિ ન કરતાં અવિશેષ, એકરૂપ સામાન્ય, એકરૂપ સામાન્ય ભેદ વિનાની ચીજ એની દૃષ્ટિ કરતા એ સત્‌નો સ્વીકાર થાય છે. વિશેષનો સ્વીકાર કરતાં એકનું સ્વરૂપ આવતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અવિશેષ. અવિશેષ

એટલે વિશેષ નહિ, વિશેષ નહિ એટલે સામાન્ય. એટલે કે આત્મા આ જ્ઞાન છે ને દર્શન છે ને આનંદ છે એવા ગુણભેદ એ નહિ. ભેદની દૃષ્ટિ કરતાં તો રાગ થાય છે. ભેદની દૃષ્ટિ કરતાં તો વિકલ્પ ઉઠે અને પુણ્ય થાય છે અને બંધન થાય છે. એ ભેદની દૃષ્ટિ છોડી એકરૂપ સામાન્ય સ્વરૂપ વિશેષ રહિત છે એવી આત્માની દૃષ્ટિ કરવી એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોંઘા આપનારા મળશે તો આ બધું જાશે સડીને. સુજાનમલજી! તમારે શું સાદડી છેને સાદડી? નાની સાદડી અને મોટી સાદડી, બે છે નહિ? આહા..હા..! ખબર છે. ... આહા..હા..!

કહે છે, પ્રભુ એમ કહે છે, સંતો એમ જગતને જાહેર કરે છે, ભાઈ! તારી ચીજ છેને એકરૂપ વસ્તુ, ગુણ અને ગુણીનો ભેદ પણ જ્યાં નહિ. કારણ કે ભેદ કરવા જાઈશ ત્યાં રાગ થશે અને વિકલ્પ ઉઠશે અને પુણ્યબંધ થશે. એમાં બંધાઈ જશે આત્મા. હવે તારે અબંધ પરિણામ પ્રગટ કરવા હોય, સમ્યગ્દર્શન એટલે અબંધ પરિણામ, એ પરિણામનો આશ્રય ત્રિકાળી સામાન્ય ઉપર જાય તો તેને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? ભારે વાતું આવી.

**'અવિશેષ અને અસંયુક્ત—'** એમાં પુણ્ય-પાપના આકુળતાની સહિતતા નથી. એ તો રહિત છે ભગવાન. પુણ્ય-પાપના ભાવ છેને શુભ-અશુભ એ કષાય છે, આકુળતા છે, એ આકુળતાસહિત આત્મા નથી, આકુળતાથી રહિત છે. સમજાણું કાંઈ? એના બધા દાખલા આપશે. અહીં તો હજી ટૂંકો અર્થ ચાલે છે. **'એવા આત્માની...'** કેવા આત્માની? જે ખરેખર અબદ્ધસ્પૃષ્ટ છે, બંધાયેલો, સ્પર્શાયેલો નથી, એકરૂપ છે, નિયત નામ નિશ્ચયરૂપ છે, સામાન્યરૂપ છે, આકુળતારહિત છે. આહા..હા..! એવા અનંત પામીને મોક્ષ ગયા છે હોં! એમ લાગે કે આવું મોંઘું! આઠ વર્ષની બાળિકા સમકિત પામે ત્યારે આમ પામે છે. ભગવાન તો કહે છે કે દેડકો સમકિત પામે ત્યારે આમ પામે છે. દેડકો-દેડકો, મંડુક. આત્મા છેને. અસંખ્ય પશુઓ સમકિતી અઢી દ્વીપ બહાર છે. સમજાણું કાંઈ? એ આવો આત્મા અંદર જાણે છે. વર્તમાન પર્યાય રાગ, આકુળતા, ભેદદૃષ્ટિ છોડીને એકાકાર અભેદ દૃષ્ટિમાં આત્મા આવતા એને આવા આત્માની જે અનુભૂતિ, એવા આત્માનો જે અનુભવ તે શુદ્ધનય છે. જુઓ, અહીંયાં તો નયથી નાખ્યું શુદ્ધનયથી. શુદ્ધનય છેને ઈ. એને શુદ્ધનય કીધી. આહા..હા..!

અંતર્મુખમાં પ્રભુ ચૈતન્ય પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એકરૂપ અભેદ સામાન્ય, દ્રવ્યસ્વભાવ જે એકરૂપ છે એવા આત્માને જે અનુભવે છે એને અનુભવવું એ પર્યાય છે, આત્મા આવો ત્રિકાળી સામાન્ય અબદ્ધસ્પૃષ્ટ વગેરે એને જે અનુભવે એ પર્યાય થઈ. પર્યાય શું હશે? એની દશા વર્તમાન. ત્રિકાળી જે આવો ભગવાન પરના સંબંધ અને ક્લેશના પૂર્ણ સંબંધ વિનાનો એવો પ્રભુ આત્મા એની જે અનુભૂતિ, એવા આત્માને અનુસરીને અંતરમાં દશાનું થવું એને અહીંયાં શુદ્ધનય કહે છે. અનુભૂતિ તે શુદ્ધનય છે એમ કહ્યું છે અહીં. પર્યાય. આહા..હા..!

એ.. ચેતનજી! અહીં તો અનુભૂતિને શુદ્ધનય કીધી. ... છે અભેદ.

મુમુક્ષુ :- એને તો આત્મા કહેશે.

ઉત્તર :- એ તો કહેશેને અભેદથી. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા વસ્તુ તરીકે પરના સંબંધ ને સંગ વિનાની ચીજ, એકરૂપ સામાન્ય નામ ભેદ વિનાની ચીજ અને પુણ્ય-પાપના વિકલ્પો જે આકુળતા છે એ વિનાની ચીજ અનાકુળ ત્રિકાળ, એનો અંતરમાં અનુભવ કરવો એને અહીંયાં શુદ્ધનય, એને સમ્યગ્દર્શન, એને અનુભૂતિ આત્મા છે તેવું એના જ્ઞાનમાં આવ્યું. એને ધર્મની શરૂઆત થઈ એમ કહેવામાં આવે છે. આવી વાતું. સમજાણું કાંઈ? નહિતર બધું થોથે થોથાં છે. આહા..હા..! છે? પંડિતજી! સંસ્કૃતમાં છે જુઓ. સંસ્કૃતમાં એમ છે. '**चात्मनोऽनुभूतिः स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैव**' સંસ્કૃત છે ઉપર. ઉપર સંસ્કૃત છે તદ્દન. એની ટીકા સંસ્કૃતમાં છેને. હજાર વર્ષ પહેલાં થયેલી છે ટીકા. ગાથા બે હજાર વર્ષ પહેલાં થયેલી છે. એનો અભિપ્રાય અનાદિથી થયેલો છે. આહા..હા..! શું કહ્યું સમજાણું?

બદ્ધસ્પૃષ્ટ છે, પણ પર્યાયની સાથે સંબંધ છે, દ્રવ્યની સાથે સંબંધ નથી. પર્યાયમાં કર્મમાં નિમિત્ત અને નૈમિત્તિક છે એ વ્યવહાર છે. એની દૃષ્ટિ છોડ. એ તો અનાદિથી છે. અબદ્ધસ્પૃષ્ટ છે, એકરૂપ છે, નિશ્ચય છે અને અનેરો અનેરો નથી. સામાન્ય છે. અગ્નિથી જેમ પાણીમાં ઉષ્ણતા થાય. પાણીનો મૂળ સ્વભાવ તો ઉષ્ણતારહિત છે. ઠંડો. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંબંધે થતો પુણ્ય અને પાપનો, દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો ભાવ એ બધો પાણીમાં જેમ ઉષ્ણતા છે એમ આત્મામાં એ આકુળતા છે. આહા..હા..! એ આકુળતા વિનાની ચીજ જે છે એનો અનુભવ કરવો એનું નામ શુદ્ધનય અનુભૂતિ અને તેને આત્મા કહેવામાં આવે છે. એ આત્મા હતો તે થયો. આત્મા હતો એવો થયો. સમજાણું કાંઈ? માણસ નથી કહેતા? જ્યારે કોઈ એવો માણસ ક્રોધ (કરે ત્યારે કહે), આજ તું તારા રૂપમાં આવ્યો છો. ક્રોધ કરે બહુ ત્યારે. એમ આત્માનું રૂપ શુદ્ધ ચૈતન્યઘન અંદર છે કેવળી તીર્થંકરે કહેલું, એવી ચીજના અંતર અનુભવમાં આવે ત્યારે આત્મા આત્મારૂપે થયો કહેવાય. પુણ્ય-પાપપણે થયો એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને એ અનુભૂતિ આત્મા જ છે;...**' ત્રણે લઈ લીધું. પાઠમાં છે હોં! આત્માની અનુભૂતિ એ શુદ્ધનય અને એ અનુભૂતિ તે આત્મા છે. એ અનુભૂતિની પર્યાય તે અભેદ થઈ માટે આત્મા છે. આ અભેદ ને... ભાષા જ જુદી જાતની. ઓલું તો એમ કહે કે વ્રત પાળો, ભગવાનની ભક્તિ કરો, નામ સ્મરણ કરો. ઝટ સમજાય. એ તો સમજીને બેઠો અનાદિનો એમાં નવું શું છે? સાંભળને. એ..! ...ભાઈ! ઓલો રામ... રામ... રામ... રામ... (કરે), આ વળી અરિહંત... અરિહંત... કરે. એ તો જડની ક્રિયા આમ આમ થાય છે. અંદર વિકલ્પ હોય શુભ એ તો રાગ છે. એ રાગસહિત આત્માને માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! એના

રહિત આત્માનો અનુભવ થવો એને પરમાત્મા તીર્થંકરદેવ આત્મા કહે છે. જેવો હતો તેવો થયો પરિણમીને ત્યારે એને આત્મા કહેવામાં આવે છે. નહિતર આત્મા હતો નહિ. અંતર તો હતો પણ રાગમાં એકલો માનતો ત્યાં આત્મા નહોતો. આને આત્મા કહેવામાં આવે છે, એને ધર્મ પણ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે